રૂપેરી રાજહંસ



ધનશંકર હીરાશંકર ત્રીપાઠી.

गुजरात विद्यापीठ ग्रंथालय
[गुजराती कॉपीराइट विभाग]

अनुक्रमांक ૧૪૭૩૧ वर्गांक

पुस्तकनुं नाम રૂપેરી રાજહંસ

विषय ૮ - : ૨

રૂપેરી રાજહંસ.

લેખક:

ધનશંકર હીરાશંકર ત્રિપાઠી,
આંબલીની પોળ, રાયપુર,
અમદાવાદ,

પ્રકાશક:

માધવલાલ હરીલાલ વકીલ.
ધનાસુતારની પોળ. કાલુપુર,
અમદાવાદ.

કિં. રૂ. ૧-૮-૦.
ટપાલ ખર્ચ અલગ.

આવૃત્તિ ૧ લી. પ્રત ૫૦૦.

ગુજરાત વિદ્યાપીઠ ગ્રંથાલય
અમદાવાદ
ગુજરાતી કૉપીરાઈટ-સંગ્રહ
૨૪૫૩૧

આ પુસ્તક ધી ગુજરાત પ્રિન્ટીંગ પ્રેસમાં શાહ સોમાભાઈ મંગળદાસે છાપ્યું; ઠે. પાંચકુવા, અમદાવાદ; અને માધવલાલ હરીલાલ વકીલે, ઠે. ફુધનાસુતારની પોળ, કાળુપુર, અમદાવાદમાંથી પ્રસિદ્ધ કર્યું.

[આ પુસ્તકના કાપીરાઇટના સઘળા હક્ક લેખકે સ્વાધીન રાખ્યા છે.]

સંવત ૧૯૮૫. ઇ. સ. ૧૯૨૯.

અર્પણ પત્રિકા.

મારા પિતા



સ્વર્ગસ્થ
હરિલાલ મયારામ વકીલ

જેમના કરકમળમાં હું શિશુઅવસ્થામાં રમ્યો હતો, જેમણે મારૂં સર્વ પ્રિય કરવામાં લાડકોડથી કશું બાકી રાખ્યું નહતું, જેમણે નીતિધર્મસંસ્કાર મારા હૃદયમાં પાડ્યા, તેમના

—: અમર આત્માને :—

॥ પિતૃદેવો ભવ ॥

એ શાસ્ત્રાજ્ઞા માથે ચઢાવી, આ એક સુન્દર ગ્રંથ કે જે મારા દ્વારા પ્રકાશિત થાય છે, તે અર્પણ કરી તેમનો આશિર્વાદ સ્વર્ગમાંથી મેળવવા, અને યત્કિંચિત પિતૃઋણ ફેડવા યત્ન કરૂં છું

માધવલાલ હરિલાલ વકીલ.

અનુક્રમણિકા.

પરિચ્છેદ.		પૃષ્ઠ.	પરિચ્છેદ.		પૃષ્ઠ.
૧	રાજવીનું રહસ્ય	૧	૧૯	નિર્દોષનો તારણહાર	૮૨
૨	એ હરિફ !	૭	૨૦	રાવબહાદુરનો મેળાપ	૮૫
૩	અંધકારમાં અનેરા અનુભવ	૧૨	૨૧	રાવબહાદુરની હકીકત	૯૧
૪	' રૂપેરી રાજહંસ ' આગની આફતમાં	૧૫	૨૨	હંસમાંનો કાગળ	૯૪
૫	ભાઇ બહેન	૧૮	૨૩	નં. ૧૨૮ ની મહેનત	૯૯
૬	એ મોટર કોની ?	૨૫	૨૪	" ધૂળપર લીંપણ ! "	૧૦૩
૭	ઉપરાઉપરી નિરાશા !	૨૯	૨૫	બુરખાધારી કોણ ?	૧૦૬
૮	અગ્નિ–સંસ્કાર	૩૪	૨૬	એક કાર્ય પતવ્યું	૧૧૦
૯	એ કોણ ?	૩૬	૨૭	અંધારી રાતે ધરપકડ	૧૧૨
૧૦	વીરબાળા ગુમ !	૩૮	૨૮	ફરીથી કુન્દનપૂરમાં	૧૧૫
૧૧	રૂ. ૧૦૦૦ નું ઇનામ	૪૦	૨૯	વિધિએ ' આબરૂ ' ઢાંકી	૧૧૭
૧૨	કોરો કાગળ !	૪૭	૩૦	રાજકુમારની શોધમાં	૧૧૯
૧૩	તે રોકાયો શાથી ?	૫૨	૩૧	જગપ્રતાપનું બાળપણ	૧૨૧
૧૪	વીંટીનો ફરી ઉપયોગ	૫૮	૩૨	ભોંયરામાં સપડાયો !	૧૨૩
૧૫	ખુનીની તપાસ	૬૫	૩૩	પ્રપંચીઓની ધરપકડ !	૧૨૫
૧૬	હરિફોનો ફરી મેળાપ	૬૯	૩૪	ધટસ્ફોટ !	૧૨૮
૧૭	ધંધાદારી હરિફ	૭૫	૩૫	તુટેલી સાંકળના અંકોડા	૧૩૧
૧૮	અપૂર્વ હિમ્મત	૭૭	૩૬	છેવટ	૧૩૪

સૂચના:—પૃષ્ઠ ૯૮ માં પહેલા કોલમમાં ૨૯ મી લીંટીમાં " ડાબી બાજુના ' છપાયલું છે તેને બદલે ' જમણી બાજુના ' એમ સુધારીને વાંચવા વિનતિ છે.

ત્રિપાઠી ધનશંકરની કૃતિઓ.

1. ચોખેરવાલી (ભા. ૧–૨)
2. ડૂબતું વહાણુ
3. સ્વદેશ (નિબંધો)
4. ટાગોરની ટુંકી વાતો (ભા. ૧)
5. વાર્તાવૃક્ષ
6. અલક–કિશોરી
7. સત્તરમી સદીનું ફ્રાન્સ (ભા. ૧)
8. દિવાની કે શાણી ! (ભા. ૧–૨)
9. સુમનચંચય (કાવ્યો)
10. પ્રબોધકુમાર
11. સંસારબંધન
12. દિવ્યજ્યોતિ
13. અનુપમ–ઉષા
14. લક્ષ્મી અથવા જન્મભૂમિની જયગર્જના
15. સોરઠના સિતારા
16. રૂપેરી રાજહંસ

ગુજરાતી પંચના અંકોમાં છુટક છપાયલી.

(પુસ્તકાકારે પ્રકટ નહીં થયેલી)

1. અબળા કે પ્રબળા ?
2. કમલનન્દિની
3. વિમલ ઉષા
4. કપાલકુંડલા
5. ભેદી કુમારિકા
6. શૂરો અને સતી

પ્રસ્તાવના

પુસ્તકના અને ખાસ કરીને ડિટેકટીવ વાર્તાના શોખીન વાંચકો ભાગ્યેજ પ્રસ્તાવના વાંચવા થોભે છે. એમને એની એટલી પડી જ નથી હોતી. માથાને પાઘડી જોઇએ, એ નિયમે પુસ્તકને પ્રસ્તાવના જોઇતી હશે એમ ધારી કંઇક લખીશ.

મારા સ્નેહી મિત્ર ભાઇ ધનશંકર ત્રિપાઠી ગુજરાતના એક પત્રકાર છે; 'ગુજરાતી પંચ' ના તંત્રીખાતા સાથેનો એમનો સંબંધ સર્વવિદિત છે. એક પત્રકાર એક સારો વાર્તાલેખક થઇ ન શકે એવી માન્યતા ધરાવનારાઓમાંનો હું એક છું. રા. કનૈયાલાલ મુનશીએ પત્રકારિત્વ છોડયું અને એક સફળ નવલકથાકાર થયા. ત્યારે બીજા અનેક પત્રકારોએ નિષ્ફળ નવલકથાઓ લખી મારા જેવાઓની માન્યતાને પુષ્ટિ આપી. દરેકમાં અપવાદ હોય છે, તેમ રા. ધનશંકર ત્રિપાઠી એક સારા અપવાદ તરીકે ગુજરાતી સાહિત્યાકાશમાં ચમકી રહ્યા છે. 'ગુજરાતી પંચ' ના તંત્રીખાતામાં રહીને એમણે ડૉ. રવીન્દ્રનાથ ટાગોરની અનેક વાર્તાઓના સુંદર ને સરળ અનુવાદો કર્યા, કેટલાંક હૃદયંગમ કાવ્યો લખ્યાં અને બીજી સાહિત્યપ્રવૃત્તિ પણ ચાલુ રાખી. એનું એ પરિણામ આવ્યું કે આજે તેઓ એક પત્રકાર હોવા છતાંયે એક સરસ ડિટેકટીવ નવલકથા–'રૂપેરી રાજહંસ'–ગુજરાતી વાંચકો સમક્ષ રજુ કરે છે.

'રૂપેરી રાજહંસ' ડિટેકટીવ નવલકથા છે. ભેદભરમોથી ભરપુર અને કૈં કલ્પના ઉત્તેજાય, પોષાય, અકસ્માતો આવે કે થાય, રોમાંચક કિસ્સાઓ ઉપર કિસ્સાઓ બન્યેજ જાય, કૈંક અદ્ભુત ઘટનાઓ થયાં કરે; એવું એવું વાંચવું આપણા આમવર્ગને વધુ ગમે છે. અને એ બધામાં વાર્તાનું મધ્યબિંદુ તમે ગમે તેટલીવાર નકારો તો પણ 'પ્રેમલા પ્રેમલી'નું હોવુંજ જોઇએ. એક સાહિત્યકારે સફળ વાર્તાનાં લક્ષણમાં કહ્યું છે કે કોઈ પણ રીતે ૨૦૦ લીટી પુરી થાય તે પહેલાં સ્ત્રીપાત્રનું નિરૂપણ થવુંજ જોઇએ. 'રૂપેરી રાજહંસ' માં એ લક્ષણ યોગ્ય રીતે સચવાયું છે એમ તો કહી શકાય. સત્યનારાયણની કથામાં, રામાયણ ને મહાભારતમાં પણ એ લક્ષણ ઘણે અંશે સચવાયું છે.

આપણે ત્યાંની ડિટેકટીવ વાર્તાની બાલ્યાવસ્થામાં અરેબીયન નાઇટસ, લીકોક, અને શેરલોક હોમ્સની અસરો વધુ પ્રમાણમાં જોવામાં આવે છે. ત્યાર પછી આવી નવલકથાઓના પૂર ઓછાં થાય છે અને ઐતિહાસિક નવલકથાઓમા જનતા રસ લેવા માંડે છે. પણ તે ક્ષણિક. 'ગુજરાતી પંચ' અને બીજા સામાહિક પત્રોની ભેટો આ વાતની સાક્ષી પુરી શકશે. એ વાર્તાઓ જનતા રસભેર વાંચે છે; ફરી ફરીને વાંચે છે; પણ એ રસનો જુવાળ ઉતરી જતાં 'નીલમ અને માણેક' જેવી સામાજિક ને રોમાંચક કથામાં એ રસ લેવા માંડે છે. પણ જનતાને જોઇએ છે તેવું સાહિત્ય મળતું નથી. આખરે પોલિસ કોર્ટોના કિસ્સાઓ, બીભત્સ ચોપડી ચોપાન્યાનાં થોથાંઓમાં જનતા રસ લેતી થાય છે. 'રૂપેરી રાજહંસ' હાલ વાંચકોની એવી બદલાએલી, ફેરવવા યોગ્ય રુચિને ફેરવવા શક્તિમાન થશે અને શિષ્ટ નવલકથાઓ તરફ વાંચકોની રુચિ પુનઃ ખીલવશે એવી આશા રહે છે. જનતા હલકા સાહિત્ય તરફ વળે છે એનું એક એ પણ કારણ છે કે લેખકોને હવે સાક્ષર થવાની આકાંક્ષા થવા માંડી છે. તેઓ એમનું સાહિત્ય વાંચનાર તરફ લક્ષ આપ્યા વિના પોતાના ભાવો ને ભાવનાને અનુરૂપ સાહિત્ય સરજવા માંડે છે. જનતા આ શરતમાં ઉતરી શકતી નથી. એની રસપિપાસા વણછીપી રહેતી હોવાથી તે પોતાનો માર્ગ ઉપર જણાવ્યું તેમ હલકા સાહિત્ય તરફ વળી શોધે છે. રા. ધનશંકર ત્રિપાઠી સાક્ષર થવાના રોગથી દૂર રહ્યા છે તેથી તેઓ જનતાને જોઇએ તેવી સુંદર ડિટેકટીવ નવલકથા આપી શકયા છે.

આજે ગુજરાતના જીવન અને સાહિત્યમાં નવીન આંદોલનો થઇ રહ્યાં છે. નવજીવન આવે છે, રસવૃત્તિ બદલાય છે, નવીન આદર્શો રચાય છે ને કલ્પના ઉત્તેજાય છે. એને નવગુજરાત રચવાની આકાંક્ષા પ્રગટે છે. ગુજરાતના ઇતિહાસમાં એના રડયાં ખડયાં ને ઝાંખાં ઝાંખાં સ્મરણોમાં તે ગૌરવ લેવા માંડે છે. ગુજરાતના સાંસ્કારિક વ્યક્તિત્વની તેને ઝાંખી થાય છે, તેની અસ્મિતા પાછળ તે ગાંડો બને છે. ગુજરાતી જીવન અને સાહિત્યમાંજ તેને હવે રસ પડે છે.

ભાઈ ધનશંકર ત્રિપાઠીની સાહિત્યભક્તિ આ નવીન ભાવનાથી બની થએલી છે. એ જનતા માટે લખે છે; પણ નવીન આદર્શોથી રંગાએલી કલમે. એમનો ડિટેકટીવ દીનેન્દ્ર ગુજરાતી છે. નવીન જીવનના યુદ્ધમાં એકલે હાથે અડગ નિશ્ચયવૃત્તિથી ખેલનાર ખેલાડી છે. જાલિમસિંહને ખરાબ ચિતર્યો છે; પણ તેમાંયે કલા છે. વીરબાળામાં નવગુજરાતણ–રજપુતાણીનો આદર્શ કેંક અંશે જોઈ શકાશે. નવ-ગુજરાતણ સમાન હક્કો ભોગવતી, પુરુષો સાથે ઉભી રહી જીવનયુદ્ધ લડવામાં સહાયક ને સખા બની રહે છે.

રજવાડાની ખટપટોમાં તે બહુજ ઉતર્યા નથી. પણ જેવી અત્યારે છે તેવીનો કેંક ખ્યાલ સારી રીતે આપ્યો છે. અને અત્યારના ભારતમાં કેળવણી ને સંસ્કારને પરિણામે જે એક વિદેશી અને હીંદી સંસારનો મિત્રસ્વભાવ જોવામા આવે છે તેનો પણ કેંક અંશે પરિચય આપ્યો છે.

આપણા કેટલાક યુવાનો વિલાયતમાં જઇ ત્યાંની પ્રજાના સદ્ગુણો ગ્રહણ કરી આપણી પ્રજાની ઉન્નતિ સધાય તેમ કરવાને બદલે, જેમ દરેક પરાધીન પ્રજાના નસીબમાં હોય છે તેમ ત્યાં જઇ ત્યાંના દોષો ગ્રહણ કરી સ્વદેશ પાછા ફરે છે ત્યારે પરાશ્રયી થઈ જાય છે. ત્યાંની સંપત્તિ જોઇ તેમને અકળામણ થાય છે. અને તે સંપત્તિ ભોગ વગેરે પ્રમાણિક મહેનતથી મેળવવાને બદલે કોઇ પણ પ્રકારે મેળવવા પ્રયત્ન કરે છે. વસ્તુતઃ પોતાના જીવનને કિસ્સાઓ અને ચાલબાજીઓની હારમાળા બનાવી મુકે છે. અને તેનું સુંદર ને સચોટ ચિત્ર રા. ભાઇ ધનશંકર ત્રિપાઠી જાલિમસિંહ દ્વારા પુરૂં પાડે છે.

‘ રૂપેરી રાજહંસ ’ માં સ્ત્રીપાત્રનું નિરૂપણ કરેલું છે; પણ ‘ પ્રેમલા પ્રેમલી ’ નું એ મધ્યબિંદુ નથી. એમાં ભેદભરમો અને રોમાંચક પ્રસંગો આવે છે પણ માત્ર કલ્પનાશીલજ તે નથી. દરેક માણસને તે વાત શકય લાગે તેવી રીતે કહેવામાં આવી છે. આ રીતે આ નવલકથા અત્યાર સુધીની પ્રચલિત ડિટેકટીવ નવલકથા કરતાં જુદી પડે છે; અને મને તો આમાં નવીન વાર્તાશૈલીનું બીજ જણાય છે.

આ આખીયે નવલકથા સરસ રીતે કહેવામાં આવી છે એટલે વાંચવું શરૂ કર્યા પછી એમાં વાંચક એકતાન થઇ શકે એ એનું બીજું લક્ષણ છે. હું પોતે માનું છું કે આ બે લક્ષણોથી ભાઇ ધનશંકર ત્રિપાઠી સફળ ડિટેકટીવ નવલકથાકાર તરીકે અવશ્ય સુંદર સ્થાનના અધિકારી થયા છે.

પ્રસ્તાવનામાં આથી વિશેષ હું શું કહી શકું ? મારી ખાત્રી છે કે વાર્તાનો દરેક રસિયો વાંચક પોતપોતાની પ્રસ્તાવના ઉપજાવી કાઢશે એટલે આટલેથી મારી પ્રસ્તાવના પુરી કરતાં રા. ભાઇ ધનશંકર ત્રિપાઠીના આવા સુંદર ને સફળ પ્રયાસ બદલ અભિનંદન આપીશ.

મુંબાઈ. }
૨૯: ૪: ૨૯ }

આભાર દર્શન.

પરમ કૃપાળુ શ્રી ઇષ્ટદેવની કૃપાથી "રૂપેરી રાજહંસ" પુસ્તકાકારે ગુજરાતી સાહિત્યરસિક વાચકવૃન્દ સમક્ષ મૂકતાં મને આનન્દ થાય છે. 'ગુજરાતી પંચ' માં આ વાર્તા છૂટક પ્રસિદ્ધ થતી હતી ત્યારે ઘણાઓએ મને તે પુસ્તકાકારે રજુ કરવા ફરમાશ કરેલી. તે ફરમાશને હું તાબે થયો છું.

ગુજરાતી પંચના મારા મુરબ્બી વડીલતુલ્ય માયાળુ શેઠશ્રી સોમાલાલભાઈની શિરચ્છત્ર હેઠી મોટી છાંય નીચની મારી લગભગ ૧૨ વર્ષની નોકરી પછી એમનીજ ઉદાર કૃપા વડે હું આ પુસ્તક આ રીતે રજુ કરી શકું છું.

એમાં સોના સાથે સુગંધનો મેળ મળ્યો છે. તે મેળ એ કે શ્રી. સાદીકે પોતાની અનેક રોકાણો છતાં ઝીણવટથી આ વાર્તા તપાસીને તેની પ્રસ્તાવના લખી આપી છે.

ગુજરાતી સાહિત્યમાં શિષ્ટ હળવું નિર્દોષ રમુજી અને રસભર્યું વાચન પ્રસારતા બહોળો ફેલાવો પામેલા સચિત્ર 'બે ઘડી મોજ' સાપ્તાહિકના સહતંત્રી તરીકે આજ શ્રી. સાદીક કોઇથી અપરિચિત નથી. એમની જાણીતી સાહિત્યસેવા વિષે હું કાંઇ લખું એ આ પુસ્તકમાં અઘટિત કહેવાય; પણ એમનો જે એક વિશિષ્ટ ગુણ મને ગમ્યો છે, તેનો ઉલ્લેખ કર્યા વિના હું રહી શકતો નથી. તે એ કે કોમી ભેદના સંકુચિત વર્તુલમાં રહ્યા સિવાય તેઓ જનસેવામાં ધન્યજીવન માને છે. રાષ્ટ્રની પ્રગતિ અને ધ્યેયસાધનામાં પોતાનો આવો અનુપમ ફાળો આપનાર ભાઈશ્રી સાદીકનો આ પુસ્તક માટેનો અભિપ્રાય તેમની પ્રસ્તાવના રૂપે મને મળી શકયો છે, એ માટે હું તેમનો અંતઃકરણપૂર્વક આભારી છું.

આ વાર્તા સંબંધે મારે ખાસ એટલુંજ કહેવાનું છે કે–તેમાંની કોઇ વ્યક્તિ સાચી તરીકે ગણી લેવાની નથી. કોઇને લક્ષમાં રાખીને કોઇના પરત્વે આ વાર્તા લખાઈ નથી.

તા. ૨–૫–૨૯
અમદાવાદ.

ધનશંકર હીરાશંકર ત્રિપાઠી.

નીચે ધ્યાન આપવાથી તમોને ૧૦૦ ટકાનો લાભ થશે.

પાંચ રૂપીઆમાં

૧: વર્ષ એકના બાવન અઠવાડીઆ સુધી "બે ઘડી મોજ" અઠવાડીક.

૨: રૂ. ૧ ની કીંમતનો 'બે ઘડી મોજ'નો ૨૦૦ પૃષ્ટનો અનેક ચિત્રો ને વિવિધ વાનગી સાથેનો દીવાળી અંક.

૩: 'બે ઘડી મોજ'નો સચિત્ર રસમય લેખોનો ખાસ ૯૬ અંક કીંમત આના ૭.

૪: બે ઘડી મોજના દરેક ગ્રાહકને સચિત્ર નવલકથાનું ૩૫૦ પૃષ્ટ ઉપરનું રૂ. ૩॥ ની કીંમતનું પુસ્તક.

૫: પાંચ રૂપીઆના નજીવા લવાજમમાં ચાર રૂપીઆ અને દશ આનાની દેખીતી ભેટો ઉપરાંત ૧ વર્ષ બે ઘડી મોજ અઠવાડીક. આવી યોજના ને આટલી બધી કીંમતી ભેટો બે ઘડી મોજ સિવાય કોઇ પણ પત્ર એક વર્ષ દરમીઆન આપતું નથી. બે ઘડી મોજનો ગંજાવર ફેલાવો હોવાથીજ આ લાભ અમો આપી શકીએ છીએ.

દરેક ગુજરાતી વાંચનારે મંગાવવુંજ જોઇએ.

લોકપ્રિય સચિત્ર સાપ્તાહિક પત્ર

"બે ઘડી મોજ"

૧૦૦, મહેન્દ્ર મેનશન, એસ્પ્લેનેડ રોડ, કોટ—મુંબાઇ.

ધી ગુજરાત પ્રિન્ટિંગ પ્રેસ.

દરેક જાતનું છાપવાનું કામ તાકીદે તૈયાર થાય છે.

અંગ્રેજી, ગુજરાતી અને સંસ્કૃત

નવા ટાઈપમાં

સઘળું કામ થતું હોવાથી ગ્રાહકોને દરેક રીતે સંતોષ મળી શકે છે.

તાકીદે અને મુકરર કરેલે વખતે કામ કરી આપવા માથે લઈએ છીએ.

પ્રુફ વાંચવાની કડાકુટ ગ્રાહકોને કરવી પડશે નહીં.

—:વધુ વિગત માટે જાતે મળ્યાથી ખુલાસો થશે:—

રીચીરોડ, પાંચકુવા—**અમદાવાદ.**

---

૨૯ વર્ષનું જુનું અને અને જાણીતું

દર રવિવારે અમદાવાદમાં પ્રકટ થતું ૪૦ થી ૪૪ પાનાનું

અઠવાડીક

ગુજરાતી પંચ

જેમાં દર અઠવાડીએ એક ચાલુ વાર્તા આવે છે;

જેમાં રાષ્ટ્રીય, કેળવણીવિષયક, ધાર્મિક, સાહિત્યવિષયક ઇત્યાદિ વિષયો ચર્ચવામાં આવે છે;

અને જેમાં દેશવિદેશની તમામ ખબરો આપવામાં આવે છે.

ઉપરાંત વાર્ષિક ભેટ તરીકે ગ્રાહકોને લગભગ ૨૫૦ પાનાનું સુન્દર પુસ્તક આપવામાં આવે છે.

—વાર્ષિક લવાજમ—

સ્થાનિક રૂ. ૩-૦-૦.	હિન્દુસ્થાન બહારના રૂ. ૫-૮-૦.
દેશાવરના રૂ. ૪-૦-૦.	છુટક નકલ (તેજ દિવસે) રૂ. ૦-૧-૦.

સમાજની સેવા ચિત્રપટદ્વારા થઈ શકે છે.

જો પ્રજાને નીતિ, ધર્મ, સ્વદેશસેવા અને પિતૃભક્તિના અજબ ભાવનાભર્યાં આદર્શ ચિત્રપટો બતાવવામાં આવે તો જરૂર દેશની આશાભરી પ્રજા પાસેથી આપણે સારી આશા રાખી શકીએ. આ સૂત્રને અનુસરીને

આજકાલ વર્ષો થયાં અમદાવાદમાં આદર પામેલું

સિનેમા ડી ફ્રાન્સ

દર અઠવાડીએ

લોકસમૂહને પ્રિય થઇ પડે તેવાં જુદી જુદી જાતની ફીલ્મ કંપનીઓનાં નીતિમય ચિત્રપટો રજુ કરવામાં કંઇ પણ કચાશ રાખતું નથી, તે પ્રજા સારી પેઠે જાણે છે અને તેથીજ દર અઠવાડીએ હમારે ત્યાં હાઇકલાસ ફેમીલીઝ ઉપરાંત મધ્યમ વર્ગ સારી સંખ્યામાં ચિત્રપટો જોવા આવે છે.

ઉમદા મેનેજમેંટ, પિકચરોનું સુંદર સિલેકશન, પ્રેક્ષકવર્ગની સગવડ અને માન મોભો સાચવી વિનય અને વિવેકભર્યું અમારા સ્ટાફનું વર્તન—આ અમારૂં લક્ષબિન્દુ છે.

અમારે ત્યાં

લોકપ્રિય શ્રીકૃષ્ણ ફીલ્મ કંપની—ગુજરાત સ્ટુડીઓ-કળાપ્રિય શારદા ફીલ્મ કંપની—મહારાષ્ટ્ર ફીલ્મ કંપની—સૌરાષ્ટ્ર ફીલ્મ કંપની—વિગેરે દેશી કંપનીઓમાં અગ્રગણ્ય ગણાતી ફીલ્મ કંપનીઓની ફીલ્મો બતાવવામાં આવે છે.

પ્રજાનું આગેવાન
પિકચર પેલેસ.
ટે. નં. ૮૮

સિનેમા ડી ફ્રાન્સ.

રીચીરોડ—અમદાવાદ.

મોરનાં ઈંડાંને ચિત્રામણ શાં?



તેવી જ રીતે અમો પોતે અમારાં પીક્ચરોનાં વખાણ ન કરતાં તમોને અમારા નીચલા પીક્ચરોની બુકીંગ આપી ખાત્રી કરવા કહીએ છીએ.

—વિકટોરીઆ ફાતમા ફીલ્મ કાં.માં તૈયાર થયેલાં ચિત્રો—

ચંદ્રાવલી

તથા

હિરરાંજા

તૈયાર છે ! ઇન્દીરા ફીલ્મ કું. કૃત બુકીંગ આપો !



ફલકનુમા યાને સૌન્દર્ય જવાળા

જેમાં **માસ્તર ફરીદુન** તથા **મીસ એસ્થર રીકસ** (જેણે ગ્રેટ ઇસ્ટર્ન પીકચર કોરપોરેશનના ચિત્રપટ અનારકલીમાં પાર્ટ કર્યો છે, તેણે મુખ્ય ભુમીકા ભજવી છે.)

વિકટોરીયા ફાતમા, જગતાપ પીકચર્સ, ઇન્દારા તથા લીટલ ફીલમ કાં.નાં ચિત્રપટો માટે આજે જ લખોઃ—

મેસર્સ એહમદ અલી એન્ડ કું.

ગ્રાન્ટ રોડ,—મુંબાઇ નં. ૭.

થોડા સમયમાં દેખાવ દેશે

મીલન દીનાર

ઉર્ફે

પ્રેમની કસોટી.



ઉપલા ચિત્રપટમાં સીનેમાની સુન્દરીઓ મીસ સુલતાના તથા મીસ જુબેદાએ કમાલભર્યો રંગ ભજવ્યો છે તથા જાનીબાબુ તથા યાકુબે પોતાનો પુરતો હિસ્સો આપ્યો છે.



આ ઉપરાંત

જગતાપ

પીકચરની

જયભવાની
નરકેશરી
ચમકતી ચંદા

સોનેરી ટોળી

જેમાં મુખ્ય કામ **મીસ ઝુબેદા** કરે છે.

—લીટલ ફીલમ કું કૃત—

મુંબઈનો મવાલી
THE BLACK GUARD.

—:બુકીંગ માટે જરૂર આજે જ લખો:—

મેસર્સ એહમદ અલી એન્ડ કું.

ગ્રાન્ટ રોડ,—મુંબઇ નં. ૭.

અમદાવાદની સિનેમાશોખીન આલમની પસંદગી મેળવી ચુકેલું

રીચીરોડ ફુવારા સામે જુની મુંબાઈ બેંક પાસે આવેલું

વિકટર સિનેમા

શા માટે આજે સૌને મોઢે રમેલું છે?

કારણ કે

દિલચસ્પ, રોમાંચક, બોધક અને મશહુર એક્ટરોનાં સામટા બળથી લાખો રૂપીઆના ખર્ચે ઉતારેલી નામાંકિત ફિલ્મો તેમાં

દર અઠવાડીએ બતાવવામાં આવે છે.

જગતની નામના મેળવી ચૂકેલી એક પણ ફિલ્મ એવી નહી હોય કે જે ખાસ પસંદગી કરીને **વિકટર સિનેમામાં** બતાવવામાં આવતી નહીં હોય.

નામચીન દેશી ફિલ્મ કંપનીઓની અતિ વખણાયલી ફિલ્મો બતાવતું

અને

સમી સાંજને છેડે દિલ બહેલાવવાનું જાણીતું મથક

અમદાવાદમાં

રેલવે સ્ટેશન પાસે આવેલું

એમ્પ્રેસ સિનેમા છે.

તેની મેનેજમેન્ટ **વિકટર સિનેમાના** માલીક તરફથી કરવામાં આવે છે કે, જેમાં પ્રજાને શું પસંદ પડશે અને શું નહીં તેની પૂરેપૂરી અને અનુભવી સમજદારી પછીજ દર અઠવાડીએ અક્કેક ફિલ્મ બતાવવામાં આવે છે.

નવી યોજના ! **અદ્‌ભુત આકર્ષણ !** **અદ્વિતીય કાર્ય !**

અખંડભૂમંડલાચાર્ય, શ્રીભગવદ્દનાનલાવતાર જગતના તારણહાર પ્રભુ શ્રીવલ્લભાચાર્યજી મહાપ્રભુજીના

દિવ્ય સિદ્ધાંતોની નિડરપણે ચર્ચા કરતું

અદ્વિતીય માસિક

શુદ્ધાદ્વૈત.

ત્રણ ત્રણ રંગનાં આકર્ષક ચિત્રો !

વાર્ષિક લવાજમ (ટપાલ ખર્ચ સાથે) **માત્ર બે રૂપીઆ.**

શુદ્ધાદ્વૈત વેદાંતનાં તત્ત્વો સરલ અને અસરકારક ભાષામાં જાણવાં હોય, ઉત્તમોત્તમ રહસ્યથી ભરપૂર સાંપ્રદાયિક સંસ્કૃત ગ્રંથરત્નોનું સ્વરૂપ સરલ ગુજરાતી ભાષામાં જાણવાની મરજી થતી હોય, એકડેએકથી અભ્યાસ શરૂ કરીને તે ઠેઠ મહાન સિદ્ધાંત ગ્રંથો સુધી પહોંચવાની ઇચ્છા ઉદ્‌ભવતી હોય, શ્રીગોકુલેશપ્રભુ, શ્રીહરિરાયમહાપ્રભુ આદિ મહાનુભાવોનાં વચનામૃતોનું પાન કરવા તલસી રહ્યા હો તો એકદમ આ માસિકના ગ્રાહક બનો. દરેક અંકમાં એક સુંદર સાંપ્રદાયિક વાર્તા આવે છે. દર માસે વ્રતોત્સવો તથા તેની ભાવના પણ આવે છે. સેવાપ્રકાર પણ છપાય છે. ટૂંકમાં આવું માસિક સંપ્રદાયમાં પહેલુંજ છે, એમ સમજી લેશોજી.

વસંતરામ હરિકૃષ્ણ શાસ્ત્રી.

૧૭૮૪, રાજા મહેતાની પોળ—**અમદાવાદ.**

લકવો.

લકવો.—અડધા શરીરને થાય છે, તેથી **તે બાજુનો હાથ અને પગ રહી જાય છે** (જુઠું થાય છે) **અને તે બાજુનું મોં વાંકુ થાય છે. તેથી ચોખ્ખું બોલાતું નથી.** વિગેરે.

હજારો રૂપીઆ ખર્ચ થતાં પણ સારૂં થતું નથી.

તેવા લકવાના રોગની વનસ્પતિની દવા મારી પાસે છે.

તે દવાથી સેંકડો દરદીઓ સારા થયા છે. સર્ટીફીકેટો મળ્યાં છે.

છોટુભાઈ જીવાભાઈ

ઠે. શાહપુર ચકલા પાસે.—**અમદાવાદ.**

સારા સિનેમા એ નીતિની નિશાળ છે.

ઉછરતી વયનાં તમારાં બાળકો તથા કુટુંબીઓને ચાલુ જમાનાની ઝેરી અસર-માંથી બચાવવા, દુનિયાના છક્કાપંજામાંથી દૂર રાખવા, ગુણવાન બનાવવા સારા શિક્ષણની ખાસ જરૂર છે અને તે શિક્ષણ ચિત્રપટદ્વારા મળી શકે છે.

નીતિમય અને સામાજીક ફિલ્મો અમારા

ધી નોવેલ્ટી સિનેમામાં બતાવવામાં આવે છે.

કોહીનુર, ઇંપીરીઅલ, જગદીશ ફીલ્મ કંપની-ઓનાં ઉત્તમ ચિત્રપટો અમારે ત્યાં બતાવીએ છીએ.

પ્રજાનું માન સાચવનારો કેળવાયલો સ્ટાફ.

આનંદ
સુખ સગવડ
અને
આરામનું ધામ
નોવેલ્ટી
સિનેમા છે.

શ્રીમંત, મધ્યમ અને ગરીબોને અનુકુળ પડતા લોકપ્રિય ભાવ એ જ અમારી લોકપ્રિયતાનું મુખ્ય કારણ છે.

આંખને ઝાંખ આપી હજા ન પહોંચાડે તેવી સ્વચ્છ ફોટોગ્રાફીવાળી સુન્દર ફીલ્મો

અનુભવી માલેકોની જાતિ દેખરેખ નીચે ભારે ખર્ચોના ભોગે દેશી બોધપ્રદ ફીલ્મો દર અઠવાડીએ બતાવવામાં આવે છે.

યાદ રાખજો કે
કુટુંબોને જોવાલાયક દેશી ફીલ્મોનું સુન્દર ધામ
તો

ધી નોવેલ્ટી સિનેમા જ છે.

ઘીકાંટા રોડ—અમદાવાદ.

રૂપેરી રાજહંસ.

પરિચ્છેદ ૧.

રાજવીનું રહસ્ય.

"શું હવે કાંઇજ આશા નથી ?"

"ના, મહારાજ. અસત્ય કહી આપશ્રીને આ ઘડીએ છેતરવા, એ પરમાત્માના દરબારનો ગુન્હોજ ગણાય. કદાચ આજની રાત આપ કાઢી શકો; પણ તેથી વધારે તો નહીંજ. એટલો વખત આપનું જીવન ટકાવવા હું મારાથી બનતું કરીશ."

મોતને બિછાને સુતેલો માણસ કમ્પ્યો. તેણે આંખો મીચી દીધી. "ઓ પ્રભૂ ! હે હરિ !" એવો ધીમા સ્વરનો ગણગણાટ તેના મુખમાંથી સંભળાયો.

હજી તો તે ખીલતી જુવાનીમાં છે. તેને ફક્ત ૪૨ વર્ષ થયાં છે. હજી તો હમણાંજ તેણે ચોપાસની કીર્તિના મંગલનાદ સાંભળ્યા છે; અભિનન્દનની વૃષ્ટિ હજી તો હાલ જ તેના ઉપર શરૂ થઇ છે; અને એટલામાં શું તેના જીવવાની આશા નથી ? !

ગુજરાતના પહાડી અને ભીલ પ્રદેશનો તે રાજવી છે. લગભગ ૨૫ હજારની વસ્તીના કુન્દનપૂર રાજ્યનો તે શાસનકર્ત્તા છે. બ્રિટિશ સરકારને જર્મનો સાથે જે યુદ્ધ થયું, તે યુદ્ધમાં આ કુન્દનપૂરનો નૃપતિ રણવીરસિંહ પોતાના થોડાક પણ બહાદૂર પહાડી સૈનિકો સાથે ગયો હતો અને ફ્રાન્સમાં જે જીત હિન્દી લશ્કરની મદદથી, બહાદૂરીથી અને જીવસટોસટ જહેમતથી બ્રિટિશ સરકારે મેળવી હતી, તેમાં તેણે જાતે ભાગ લીધો હતો. તે જ્યારે એ યૂરોપીય યાદવાસ્થળીમાંથી પાછો ફર્યો ત્યારે બ્રિટિશ સરકાર તરફથી તેને ઘણોજ ધન્યવાદ અપાયો હતો. યુદ્ધમાં તેણે આપેલી સહાયને પ્રતાપે હજી તો હમણાંજ છ મહિના ઉપર તેને 'સર' નો ખિતાબ બ્રિટિશ સરકારે આપ્યો હતો, અને એકજ અઠવાડીઆની વાત ઉપર પોલિટિકલ એજંટે તેના હાથમાં એક ખરીતો મૂક્યો હતો, જેમાં સરકાર તરફથી લેવાતી ખંડણીની રકમ ઓછી કરવામાં આવ્યાના શુભ સમાચાર લખેલા હતા.

સર રણવીરસિંહની પ્રજાએ, તેના મિત્ર રાજવીઓએ અને અન્ય શુભેચ્છકોએ તેને આ માટે અભિનન્દન આપ્યાં હતાં. પણ હા ! ક્રૂર કાળનું તેડું તેને આવી ચૂક્યું છે ! કાળા યમદૂતો ઘોર નાદથી તેને હાંક મારી રહ્યા છે ! અને હવે તેને જગતયાત્રા પૂરી કરીને, સકળ સંપતિ અને સર્વકીર્તિ, જેમનાં તેમ, અહીંજ પડતાં મૂકીને જવું પડશે !

રણવીરસિંહને ઘોડેસ્વારીનો ઘણો શૉખ હતો. તેના પ્રિય અશ્વ "વિક્રમ" ઉપર તે સ્વાર થઇને ઘણીવાર એકલો પોતાના રાજ્યમાંથી બહાર નીકળી પડતો અને માઇલોના માઇલો સુધી જંગલમાં, પહાડી ટેકરીઓ ઉપર, નદીની ખીણો આગળ અને બસ જ્યાં દિલ ચાહે ત્યાં અશ્વને છોડી મૂકતો. કુદરતની લીલા નિહાળતો અથવા ભાવી યશસંપત્તિની સ્વપ્ન–તરંગાવલિઓ રચતો તે ઘોડા ઉપર બેઠેલોજ રહેતો.

આજ પ્રાતઃકાલમાં હજી તો રવિકિરણો પણ દેખાયાં નહતાં તે વખતે રણવીરસિંહ પોતાની હમેશની રીત મુજબ એકલો નીકળી પડયો હતો. 'વિક્રમ'ની પીઠ ર સ્વાર થયેલો તે લગભગ ૨૦ માઇલ સુધી પોતાના રાજ્યથી દૂર જઇ ચઢયો હતો. એક ટેકરી પર તેનો ઘોડો જઈ પહોંચ્યો, ત્યારે તે ટેકરી ઉપરથી એક બીજી ટેકરી ઉપર જવા માટે તેણે ઘોડાને છલંગ ભરાવી; પણ

દુર્ભાગ્યે 'વિક્રમ'નો પગ લપસ્યો અને પોતાના રાજવી માલિક સહિત નીચે ઢોળાવમાં તે ગબડી પડયો ! માલિક નીચે અને 'વિક્રમ' તેની ઉપર ! રણવીરસિંહની આ સ્થિતિમાં તેના માથામાં એક પથ્થરની અણીઆળી ધાર પેસી ગઈ અને તે બેશુદ્ધ રહ્યો. આશરે એકાદ કલાક તે આમ પડયો રહ્યો હશે, તેવામાં એક બે જંગલી ભીલોના જોવામાં તે આવ્યો અને તેઓએ તેને ઉઠાવીને પોતાની ઝુંપડીમાં આણ્યો. તેઓએ પોતાના રાજવીને ઓળખ્યો; તેની બનતી સારવાર કરી અને એક પડછંદ કાયાના જુવાનને કુન્દનપૂર તરફ મોકલીને રાજ્યના ડાક્ટર તથા દિવાનને બોલાવ્યા. તેઓ મોટરમાં બેસીને તાબડતોબ આવ્યા. ડાક્ટરે રણવીરસિંહના ઘાની ચિકિત્સા કરી. અહીંથી આ રાજવીને હવે રાજ્યમાં લઇ જવાય તેવી સ્થિતિ નથી. તે અવશ્ય મરણ પામશે. દિવાનને તેણે આ અભિપ્રાય જણાવ્યો પણ રાજાને પોતાને મોઢે તે ન કહ્યો. રાજાએ ડાક્ટરને સત્ય કહી દેવા ખૂબ આગ્રહ કર્યો. દર્દીને આઘાત થાય તેથી ડાક્ટરે આનાકાની કરી. પણ રાજાએ તેને તેનાં પ્રિયજનનાં, તેના સંતાનના અને તેના ધર્મના આકરા સોગંદ દીધા.

લાચારીથી ડાક્ટરને રાજાને મોઢે જાહેર કરવું પડયું કે:

" કદાચ આજની રાત આપ કાઢી શકો."

અને એ સાંભળતાં તેના ઉપર ભારે અસર થઇ. જાણે શતસહસ્ર વીંછીઓએ તેને ડંશ દીધા હોય એવું તેને દુઃખ થયું, પણ તે છતાં માત્ર કંપવા સિવાય બીજી કાંઈ લાગણી બહારથી ન બતાવીને તે હરિનામસ્મરણ કરતો આંખો મીચીને પડી રહ્યો. જ્યારે તેણે આંખ ઉઘાડી ત્યારે તેણે દિવાન કૃષ્ણશંકર અને ડાક્ટરને પોતાના બિછાના પાસે ઉભેલા જોયા.

દિવાને કહ્યું: " કૃપાળુ, જાલિમસિંહજીને મુંબાઇ તાર કરી દીધો છે. બીજા કોઇને બોલાવવાની આજ્ઞા છે ?"

કાળની નિમંત્રણપત્રિકા પ્રાપ્ત કરી ચૂકેલો આ રાજવી પલભર દિવાન સામે ટગર ટગર જોઇ રહ્યો અને બોલ્યો: " હા. એકદમ દીનેન્દ્રરાયને તાર કરીને બોલાવો."

દિવાન અને ડાક્ટર, બન્ને આ નામ સાંભળીને ચોંક્યા ! રાજેન્દ્ર સંપૂર્ણ ભાનથી બોલતા હશે કે કેમ, એની તેમને સમજ પડી નહીં. બન્ને એક બીજા સામે આશ્ચર્યથી જોઇ રહ્યા.

" સાંભળ્યું? હું મરણ પામું તે પહેલાં મારે મહાસમર્થ દીનેન્દ્રરાયને મળવું જ જોઇએ. 'સ્પેશીઅલ' જોડાવીને પણ તે આપણા ખર્ચે અહીં એકદમ આવવો જોઇએ."

હવે દિવાનથી અહીં થોભાય તેમ નહતું.

" મહારાજની જેવી આજ્ઞા " એમ કહીને તે બહાર નીકળ્યો. દિવાનની સાથે તેના હાથ નીચેનો એક શિરસ્તેદાર પણ આવેલો હતો.

ઝુંપડી બહાર આવીને દિવાને શિરસ્તેદારને કહ્યું: " નંદનાથ, વળી પાછાં દીનેન્દ્રરાયનાં દર્શનનો લાભ આપણને હવે મળશે !"

" કેમ, સાહેબ ? શું કાંઈ કાવતરૂં જણાયું છે ?"

" એ તો મહારાજા સાહેબ જાણે ! પણ હમણાંજ તે નામદારે મને બે વાર આગ્રહ કરીને ફરમાવ્યું કે, 'સ્પેશીઅલ' મારફત પણ તે અહીં આવી પહોંચે એવો તાર કરો."

" એમ ? જરૂર કોઇ ભેદી બાબતનો પત્તો શોધવાનો હશે." નંદનાથે કહ્યું: " સાહેબ, એકજ મહિના ઉપર આપણને તેનો કેવો સુન્દર પરિચય થયો હતો ? મહારાજા સાહેબના ખાનગી ખજાનામાંથી પાંચ લાખનું ઝવેરાત ગુમ થયું ત્યારે તેની શોધ માટે આજ બુદ્ધિશાળી પુરૂષને બોલાવવામાં આવતાં તેણે કેવી ખુબીથી બધું પાછું મેળવી આપ્યું હતું ? મહારાજા સાહેબને તેથીજ તેના ઉપર શ્રદ્ધા બેઠી લાગે છે."

"વારૂ એ બધું પછી. પહેલાં તમે હું કહું તેમ કરો. મને હાલ તુર્ત તો લખવાનાં સાહિત્ય આપો. હું તારનો ખરડો લખી આપું."

નંદનાથે પોતાના ખિસ્સામાંથી એક નોંધપોથી કાઢી અને 'ઇન્ડીપેન્ડન્ટ પેન' સાથે તે દિવાનના હાથમાં મૂકી. દિવાને તાર લખી કાઢ્યો અને નંદનાથને ફરમાવ્યું: " પૂર ઝડપથી મોટર હંકારીને તમે કુન્દનપૂર સ્ટેશને પહોંચી જાઓ. બિલકુલ વખત ગુમાવ્યા વિના 'અરજંટ' તાર કરી દો. તેના જવાબના પૈસા પણ ભરજો. સ્ટેશને તમે ખાસ આ મોટર સાથે થોભી જજો અને એક બીજી મોટર અહીં મોકલી આપજો."

નંદનાથ મોટરમાં બેસીને રવાના થયો.

સવારના દશ વાગ્યાને શુમારે મુંબાઇમાં ચોપાટી ઉપરના એક બંગલામાં દીનેન્દ્રરાયના હાથમાં નીચેનો તારનો સંદેશો મૂકવામાં આવ્યો:—

" કુન્દનપુરના મહારાજા સાર રણવીરસિંહજીને પ્રાણઘાતક અકસ્માત નડયો છે. એક ભીલની ઝુંપડીમાં તેઓશ્રી મોતને બિછાને પડયા છે. આગ્રહપૂર્વક તમને મળવા ફરમાવે છે. કૃપા કરીને ઝટ આવો. બધાં કામ પડતાં મૂકો. એક પણ મિનિટ ન ગુમાવશો. 'સ્પેશીઅલ' ટ્રેન જોડાવવાની જરૂર હોય તો તેમ પણ ગોઠવણ કરશો. કુન્દનપૂર સ્ટેશને મોટર તૈયાર છે. જવાબ આપશો—દિવાન કૃષ્ણશંકર."

દીનેન્દ્રરાયે પોતાના ખિસ્સામાંથી ઘડીઆળ કાઢયું. " દશમાં ત્રણ મિનિટ કમ !"

તે પોતાની ખુરશી ઉપરથી ઉઠયો. પલભર અહીં તહીં ફરતાં તે સ્વગત બોલ્યો: "દશ ને પાંત્રીસે મને ટ્રેન મળી શકશે. 'સ્પેશીઅલ'ની જરૂર નથી."

તેણે જવાબ લખી કાઢયો અને તારવાળાનેજ તે પાછો આપી, એકદમ તે મોકલી આપવા જણાવ્યું. પોતાના નોકરને બોલાવી સ્ફુર્તિથી તેણે પ્રવાસની તૈયારી કરી લીધી. દશને દશ મિનિટે તે પોતાની ચામડાની 'બૅગ' સાથે પોતાના બંગલા બહાર નીકળ્યો; એક ભાડુતી મોટરમાં બેઠો; બારોબાર સ્ટેશને જઈ પહોંચ્યો અને દશને પાંત્રીસે ઉપડવાની ટ્રેનમાં પહેલા વર્ગના ડબ્બામાં તે "ઈવનિંગ ન્યુઝ" પત્ર વાંચતો નિરાંતે બેઠો.

એકાદ બે ખબરો તે વાંચી રહ્યો એટલામાં તેના ડબ્બાનું બારણું ઉઘડયું અને ટીકટ કલેકટરનો અવાજ સંભળાયો:

"ઝટ બેસી જાઓ. એકજ મિનિટમાં ટ્રેન ઉપડશે."

વર્ત્તમાનપત્રમાંથી હીનેન્દ્રરાયે ડોકીઉં બહાર કાઢયું. એક બાંધી દડીનો પણ સોહામણો, ખાખી લશ્કરી ઢબના પોષાકવાળો આશરે ૩૦ વર્ષની વયનો એક યુવક ટીકટ-કલેકટરની પાછળ ઉભો હતો. ઝટ બેસી જવા તેને કહેવામાં આવ્યું તોપણ તેણે બિલકુલ ગભરાયા વિના જ ખિસ્સામાંથી એક ચાંદીની નાની ડબ્બી કાઢી; તેમાંથી એક 'સિગાર' કાઢી; ડબ્બી ખિસ્સામાં મૂકી દીધી; વળી એક દીવાસળીની પેટી કાઢી અને દીવાસળીથી 'સિગાર' સળગાવીને તે નિરાંતે ઉભો ઉભો તેમાંથી ધુમાડા કાઢવા લાગ્યો.

ગાર્ડની સિસોટી વાગી; ટ્રેન ચાલવા માંડી. સોહામણો યુવક હવે ટ્રેનની પગથીપર ચઢયો અને બેસી ગયો. બારણું બંધ કરવાની તસ્દી તેણે ન લીધી. ચાલતી ટ્રેને એક પોર્ટરે તે બંધ કર્યું.

હીનેન્દ્રરાય બાંડી નજરે આ બધું જોઇ રહ્યા અને જાણે તેનું ધ્યાન તે તરફ ન હોય તેમ વર્ત્તમાનપત્ર વાંચવા લાગ્યા.

જે ડબ્બામાં હીનેન્દ્રરાય બેઠો હતો તેમાં ફક્ત આ સોહામણા યુવક સિવાય બીજો કોઈ ઉતારૂ નહતો. દૂરના ખૂણાની બારી નજદીકની બેઠકમાં બેસતાં પેલો યુવક ગણગણવા લાગ્યો:

"ડિટેક્ટિવ સાહેબની સ્વારી પણ સેવકની સાથે જ છે ને શું? મોટા પુરુષોને યે દુઃખ જ હોય છે ને?!"

હીનેન્દ્રરાયે વર્ત્તમાનપત્ર મોં આગળથી જરાક દૂર કરીને પૂછયું: "મહાશય, તમે મને કાંઇ કહ્યું?"

"માનવંતા ડિટેક્ટિવ સાહેબ!" તે યુવકે જવાબ દીધો: "એકલા બરબડવાની મારી ટેવથી હું આપની શાન્તિમાં ભંગ કરવાનો ગુન્હેગાર બન્યો હોઉં તો માફ કરશો. પણ હવે ઠેઠ કુન્દનપૂર પહોંચતાં સુધી હું ફરીથી એવો ગુન્હો નહીં કરૂં એની ખાત્રી આપું છું."

યુવક પોતાની આંખો મટમટાવતો તેના તરફ જોઇ રહ્યો.

હીનેન્દ્ર ચોંકયો. આ કોઇ અજાણ્યો ટાળી યુવક કેવી રીતે રીતે જાણી શકયો કે, પોતે કુન્દનપૂર જાય છે? તારની વાત તેણે કોઇને કરી નહતી.

"તમે કેવી રીતે જાણ્યું કે, હું કુન્દનપૂર જાઉં છું?" તેણે પૂછ્યું.

અજાણ્યો યુવક ખડખડાટ હસવા લાગ્યો—એટલે સુધી કે, એક નાના બાળકની માફક હસતાં હસતાં તેણે પોતાના હાથપગ ઉંચા નીચા કરી નાખ્યા!

"સાહેબ, હું કાંઇ ડિટેક્ટિવનો ડિટેક્ટિવ નથી! ફક્ત એક સાદી રીતે જ મેં આપની ખાનગી વાત જાણી. આપની 'બૅગ' તરફ જરા દૃષ્ટિપાત કરવા તસ્દી લ્યો."

હીનેન્દ્રરાયે પોતાની 'બૅગ' તરફ જોયું. ખરેજ, તેના ઉપર 'લેબલ' ચોંટેલું હતું: "કુન્દનપૂર." નોકરે પાકીટને 'લેબલ' ચોઢયું હશે; તે તરફ અગાઉ તેનું ધ્યાન ગયું નહતું. આવી નજીવી બાબતમાં પણ અજાણ્યાએ પોતાને બનાવી કાઢયો, એથી સ્વાભાવિક રીતે હીનેન્દ્રરાયને જરાક ગુસ્સો ઉપજ્યો. તેણે એકદમ 'લેબલ' ઉખાડી નાંખ્યું અને બારી બહાર ફેંકી દીધું. બસ. આ અજાણ્યા સાથેની વાત ખલાસ થઇ હોય, એમ આ પ્રમાણે બતાવીને તેણે પાછું વર્ત્તમાનપત્ર વાંચવા માંડયું.

પણ અજાણ્યો યુવક સ્વગત-પ્રલાપમાં દુરાગ્રહી જ જણાયો!

"મહારાજા સાહેબને માટે હરકોઇને કુદરતી રીતે દિલગીરી ઉપજ્યા વિના રહે તેમ નથી." તે પોતાની મેળે જ બોલવા લાગ્યો: "કેવી યશસ્વી કારકીર્દી! કેવો પ્રજાપ્રિય નરેશ! કેવો બહાદુર લડવૈયો! પણ ખરેજ, હવે તો તે સ્વપ્ન! તેઓશ્રી બચી શકે એવી બિલકુલ આશા નથી."

હીનેન્દ્રરાયે હવે ખૂબ ચીઢાઇને વર્ત્તમાનપત્ર દૂર ફેંકી દીધું અને તે અજાણ્યાનું બારિક અવલોકન કરવા માંડયું. તે પોતાના હાથ મસળતો હતો અને હીનેન્દ્રરાય તરફ જોયા વિનાજ બરબડાટ કર્યા કરતો હતો.

"કિયા મહાપુરુષ સાથે મને વાતચીતનું આ માન મળે છે, વારૂ?" હીનેન્દ્રરાયે કરડાકીમાં કડક સ્વરે પૂછયું.

અજાણ્યા યુવકે પોતાના ખાખી કોટના ખિસ્સાનું બટન ખોલ્યું અને તેમાથી એક પાકીટ કાઢી, તે પાકીટ-માંથી એક કાર્ડ કાઢયું. તે જરાક ખુમારીથી ઉભો થયો અને એજ ઢબે ચાલીને હીનેન્દ્રરાય પાસે આવ્યો. તેણે લશ્કરી ઢબે સલામ કરીને તેના હાથમાં એક કાર્ડ મૂકયું. કાર્ડ વાંચતાં હીનેન્દ્રરાય ચોંકયો.

"હં. હવે મને સમજાયું." હીનેન્દ્રરાયે નમ્ર સ્વરે કહેવા માંડયું: "પહેલાં તો હું એમ સમજ્યો હતો કે, જે બાબતમાં તમને કાંઇ લાગતુંવળગતું નથી, તેમાં તમે નકામું માથું ઘાલો છો; પણ મારી ભૂલ હવે મને સમજાય છે. જાલિમસિંહજી, મહારાજાશ્રીના નાનાભાઈ તરીકે એમના સંબંધમાં તમે લાગણી ધરાવો, એ સ્વાભાવિક છે."

"માત્ર નાના ભાઈ નહીં. હવે તો ગાદીવારસ જ હું છું." જાલિમસિંહે જવાબ દીધો. તે હીનેન્દ્રરાયની સામે

બેઠો અને કહેવા લાગ્યો: "ત્રણ વર્ષથી હું ઇંગ્લાંડ હતો. ના. શહેનશાહના હિંદી હજુરીઆઓની ટુકડીમાં અને અમલદારી ઓધ્ધો મળેલો છે. જર્મન લડાઇ વખતે મારા વડીલ બંધુ મહારાજાશ્રી રણવીરસિંહજી સાથે હું રણક્ષેત્રમાં ગયો હતો. ત્યારપછી મહારાજાશ્રીએ કરી આપેલી ગોઠવણથી હું હાલના ઓદ્ધા ઉપર છું. છ માસની રજા લઈને માત્ર પાંચ જ દિવસ ઉપર હું હિંદમાં પાછો આવ્યો. એક દોઢ માસ મુંબાઇમાં જ ગાળવાનો મારો વિચાર હતો. તેવામાં મહારાજાશ્રીને પ્રાણઘાતક અકસ્માત નડયાના સમાચાર મળ્યા. હવે આ વિશાળ રાજસંપત્તિ મને એકલાને જ મળશે."

"એમ શી રીતે કહી શકાય? છેલ્લા શ્વાસોશ્વાસમાંથી પણ આળસ મરડીને માણસ ટટ્ટાર થઈ ગયાના દાખલા કયાં નથી? તમારા ભાઇ—"

"હવે જરૂર મરણ પામશે અથવા મરણ પામ્યા પણ હશે!" આંખમાંથી કાંઇક તેજસ્વિતાના કીરણ ફેંકતો તે બોલ્યો: "દિવાનના તારમાં મને ચોખ્ખું જણાવવામાં આવ્યું છે કે, ઝટ આવો; નહીંતર મુલાકાત થવા નહીં પામે."

"હં. ત્યારે તમને પણ તારથી ખબર અપાઇ લાગે છે." હીનેન્દ્રરાયે કહ્યું.

"ડિટેક્ટિવ સાહેબ, મારૂં ઉજ્જવલ ભાવી મને આ બાજુ ખેંચી લાવ્યું તો દિવાનનો તાર પણ કેમ ન મળે?" તેણે અવાઝમાં કોમળતા લાવીને પૂછ્યું: "પણ સાહેબ, મને સમજ પડતી નથી કે, આપની સેવા શા કારણસર એ લોકોએ માગી છે?"

"હું એ સંબંધી કાંઇજ જાણતો નથી."

"મહારાજાની પોતાની જ ઇચ્છાથી આપને બોલાવવામાં આવ્યા છે?" જાલિમસિંહે પૂછ્યું.

"લાગે છે તો એવું જ. તારમાં તેમની જ ઇચ્છાની ચોખ્ખી વાત લખેલી છે." હીનેન્દ્રરાયે જવાબ આપ્યો.

"ઠીક છે. ત્યાં ગયા પછી વાત." એમ કહીને ડિટેક્ટિવવાળું વર્તમાન લઇને તે વાંચવા લાગ્યો.

ટ્રેનમાં આ સંબંધમાં પછી કાંઇ વધુ વાતચીત થઇ નહીં; પણ બીજી પ્રકીર્ણ વાતો ઉપરથી હીનેન્દ્રરાયને લાગ્યું કે, આ જાલિમસિંહ બહુજ ચાલાક, ચોકલો અને તે ઉપરાંત મહત્વાકાંક્ષી યુવક છે. તેનું જ્ઞાન ઘણી બાબતોમાં વિશાળ અને વળી છેલ્લામાં છેલ્લી માહિતીઓથી ભરપૂર હોય, એમ તેને જણાયું. તેને ખાસ શોખ વશીકરણ વિદ્યાનો હતો. તે 'હિપ્નોટિઝમ' કરી જાણતો હતો. વિજ્ઞાનની શોધખોળોમાં અને ખાસ કરીને પાશ્ચાત્યો જે સંહારક ઢબની શોધો કરે છે, તેમાં તે રસ ધરાવતો માલુમ પડતો હતો. પોતાના વિષે આ બધું એ યુવકે ડિટેક્ટિવને ઉત્સાહભેર કહી સંભળાવ્યું–કદાચ તેમાં પોતાની પ્રતિભા પાડવાનો તેનો અંતરનો ઈરાદો હોય! પણ ડિટેક્ટિવ ઉપર તેની કાંઇ અસર થઇ નહીં. માત્ર એ બાબતો મગજમાં રાખી, ડિટેક્ટિવે મોટે ભાગે શ્રોતા તરીકે જ ભાગ ભજવ્યો. ફક્ત કોઇવાર અહીંતહીં છુટક નાના સવાલો તે કરતો રહ્યો.

સાંજના લગભગ સાડાસાતને શુમારે તેઓ કુન્દનપૂર સ્ટેશને પહોંચ્યા. દિવાનનો શિરસ્તેદાર નંદનાથ તેઓના સત્કાર માટે તૈયાર જ હતો. બન્ને જણને મોટરમાં બેસાડીને તે મહારાજાના માંદગીના સ્થળે લઇ ગયો.

ઝુંપડા બહાર દિવાન ઉભેલો હતો. ઉપરાંત રાજ્યમાંથી ઘણા અમલદારો, સૈનિકો તેમજ લોકો પણ આવી પહોંચ્યા હતા. સૌ બહારના ભાગમાં શાંતિથી બેઠા હતા.

મોટરમાંથી ડિટેક્ટિવની પહેલાં જાલિમસિંહ ઉતર્યો અને દિવાન પાસે જઇ પૂછવા લાગ્યો: "કેમ, ભાઇની તબિયત કેવી છે?"

"અજબ પમાડે એવી સરસ છે, નામદાર. તેઓશ્રી એટલા બધા ઉત્સાહથી વાત કરે છે કે, ડાકટર આભા બની ગયા છે. ખાસ કરીને ડિટેક્ટિવ સાહેબના આગમનની તેઓ ખૂબ રાહ જોઇ રહ્યા છે. ડાકટર એમ માને છે કે, કાંઈક રહસ્ય ખોલવા માટે જ મહારાજાશ્રીનું મન આવું જાગૃત બની ગયું છે."

"બેશક, એમજ હશે; પણ દિવાન, પહેલાં તો હું જ તેમને મળવા જઇશ. તમને કાંઇ વાંધો નથી ને?"

"એવું શું બોલો છો, નામદાર? આપને ના પાડનાર હું કોણ?"

ધસારાબંધ તે ઝુંપડીમાં પેઠો. પણ થોડીક જ વારમાં તે પાછો આવ્યો અને ડિટેક્ટિવને કહેવા લાગ્યો: "સાહેબ, અત્યારે તો આપનાં મૂલ વધેલાં છે! માળા જ આપના નામની જપાય છે! આ ગાદીવારસની અત્યારે કાંઇ કિંમત જણાતી નથી! માટે આપશ્રી પહેલા પધારો."

તેનું આ વ્યંગ અસ્થાને હતું. દિવાનને પણ તેમ લાગ્યું. ડિટેક્ટિવ કાંઇ જ ન બોલતાં જાલિમસિંહની સાથે અંદર ગયો. દિવાન અને શિરસ્તેદાર પણ અંદર ગયા.

જેવો હીનેન્દ્રરાય મહારાજાની પથારી પાસે ગયા કે, તરતજ મહારાજાએ પ્રેમપૂર્વક તેનો હાથ ઝાલીને કહ્યું: "આવો, તમે ઠીક વખતસર આવી પહોંચ્યા. મને ખાસ આનંદ તો એ થાય છે કે, મારી ઈચ્છાને તમે તાબડતોબ, માન આપ્યું. મારી આખી જીંદગીમાં આટલી બધી આતુરતાથી મેં કોઇની રાહ જોઈ નહતી; એટલું જ નહીં પણ આટલી જલ્દીથી એ આતુરતા કોઈ જ પ્રસંગે સફળ થઈ નહતી. વારૂ; પણ હવે મારે વખત ગુમાવવો જોઇએ નહીં. મારા વિશ્વાસુ અને અનુભવી ડાકટર મને ખબર આપે છે કે, હું બે ઘડીનો મહેમાન છું. અને પોતાને પણ કાળ ભગવાનના પગલા સંભળાતાં લાગે છે. કહેવાનું ઘણું છે; વખત ટૂંકો છે. હું દુનિયા છોડી જાઉં તે પહેલાં,

ઓ બુદ્ધિમાન મહાપુરુષ ! મારૂં કહેવું એકાન્તમાં સાંભળો હવે અને—"

ડાકટરે 'એકાન્ત' શબ્દ ઉપરથી ચેતી જઇ પ્રશ્ન કર્યો: "નામદાર, અમે સૌ અહીંથી બહાર જઇએ ?"

મહારાજાએ સંમતિ દર્શાવવા હા પાડી. જાલિમસિંહે પૂછ્યું: "હું પણ જાઉં ? ડિટેક્ટિવને તમારે મારાથી તો ભાગ્યેજ કાંઈ ખાનગી કહેવાનું હશે !"

મહારાજાએ પોતાની નજર તેના તરફ ઢાળી અને દયાભર્યા સ્વરે કહ્યું:

"તારી ઇચ્છા હોય તો તું ભલે રહે."

મહારાજાના બિછાના આગળ ફક્ત બેજ જણ રહ્યા. એક બાજુ ડિટેક્ટિવ અને બીજી બાજુ જાલિમસિંહ. એકાન્ત જોઇ સર રણવીરસિંહે કહેવા માંડ્યું:

"૨૦ વર્ષ ઉપર મારી ભર જુવાનીમાં મેં એક એવું કામ કર્યું હતું કે, જે માટે આજની પ્રજા મને 'બાયલો' કહીને સંબોધે તો આશ્ચર્ય જેવું નથી. તે એક મોટું પાપ હતું; મારા જીવનમાં એક લાંછન હતું; દુનિયાની નજરે હું ધિક્કારપાત્ર થાઉં એવું કલંક હતું. મોતને શરણે થતા પહેલાં એનું વળતર હું વાળી આપવા માગું છું અને તેથી મિ. દીનેન્દ્રરાય, મેં તમને બોલાવ્યા છે. રાજા તરીકેના જીવનમાં આજ લગી મારો એકકે દોષ જાહેરમાં આવ્યો નથી. જગતની દૃષ્ટિમાં હું એક બહાદુર, નીતિમાન્ અને કુશળ રાજેન્દ્ર તરીકે પંકાયો છું અને મારી એ ખ્યાતિ સંભાળભરી રીતે મેં ટકાવી રાખી છે. પણ મારૂં ૨૦ વર્ષ ઉપરનું એકજ પાપ-પહેલું અને છેલ્લું પાપ-આજ મારા હૃદયને વલોવી નાંખે છે; દાહ દે છે. મારા દેહને દાહ દેવાતા પહેલાં જલી જતું મારૂં હૃદય દુનિયામાં સૌથી પહેલી વાર અત્યારે હું તમારી આગળ ખોલી બતાવું છું. પણ તે પહેલાં હું તમારી પાસેથી એ જાણવા માગું છું કે, એ લાંછન લોવામાં અને જેને ન્યાય આપવો ઘટે છે, તેને ન્યાય આપવામાં તમે મને અંતઃકરણપૂર્વક મદદ કરશો ?"

"મારામાં વિશ્વાસ મૂકનારનો હું કદી દ્રોહ કરતો નથી. હું આપને અંતઃકરણથી મદદ કરીશ."

"વચન આપો."

રાજાએ પોતાનો હાથ લાંબો કર્યો અને ડિટેક્ટિવે મરતા જીવને આશ્વાસન આપવાની પોતાની ફરજ સમજીને તેની હથેલીમાં પોતાનો હાથ મૂક્યો.

"હા...શ. હવે મને નિરાંત થઇ. ડિટેક્ટિવ સાહેબ, સાંભળો—"

થોડીવાર શ્વાસ લેવા થોભીને રાજેન્દ્રે કહ્યું: "મારો પુત્ર અને ગાદીવારસ શોધી આપવામાં હું તમારી મદદ માગું છું !"

"પુત્ર અને ગાદીવારસ" આ શબ્દો સાંભળતાં જાલિમસિંહના મગજમાં ઝણઝણાટ થઇ રહ્યો. ક્રોધથી રાતો પીળો થતો અને બત્રીસે દાંત કચકચાવતો તે તુચ્છકાર ભર્યા તીણા સાદે રાજાને પૂછવા લાગ્યો: "તમારો પુત્ર ? ! અને તમારો ગાદી વારસ ! ! કેવી અક્કલ વિનાની અને ગાંડી વાત ! તમારે કાંઇજ સંતાન નથી. હું તમારો નાનો ભાઈ—જાલિમસિંહ—જ તમારો એકલો ગાદી વારસ છું."

મહારાજાએ તેના તરફ એકવાર ફરીથી દયાભરી નજર નાંખી કહ્યું: "વહાલા જાલિમ, તને ક્રોધ ઉપજે, એ કુદરતી છે. આટઆટલાં વર્ષથી તને, મારી આખી પ્રજાને અને બ્રિટિશ સરકારને પણ મેં એમજ માનવા દીધું છે કે, તું જાલિમસિંહજ મારો ગાદીવારસ છે. જગતને મેં એમ માનવા દીધું છે કે, હું મહાભારતના ભીષ્મપિતામહ જેવો બ્રહ્મચારી છું. આજ સુધીમાં કંઇ નહીં તો સેંકડો રાજકુમારીઓના પિતાઓ તરફથી મને વિનતિઓ થઈ ચૂકી છે કે, મારે તેમની પુત્રીઓનાં પાણી ગ્રહણ કરવા કૃપા કરવી. દરેકે દરેકનાં શ્રીફળ મેં પાછાં ઠેલ્યાં છે; અને જીવનભર હું કુંવારોજ રહેવાનો છું એમ જાહેર કરેલું છે. પણ તેનો એક ભારે ભેદ છે. ખરી વાત એ છે કે, બરાબર મારી ૨૨ વર્ષની ઉંમરે મેં ગાંધર્વ-લગ્ન કરેલું છે. એ લગ્ન પછી બીજે વર્ષે મારી એ ગુપ્ત રાણીએ મારા યૂવરાજને જન્મ આપેલો છે; અને મને અત્યાર સુધીની માહિતી મુજબ, એ યૂવરાજ જીવે છે-હયાત છે."

તે ઘડીભર ચૂપ રહ્યો અને શ્વાસ લઇને કહેવા લાગ્યો: "ડિટેક્ટિવ સાહેબ, સાંભળજો. મેં કહ્યું તેમ, મારૂં લગ્ન ગાંધર્વ-લગ્ન હતું. પણ બ્રિટિશ સરકારના કાયદા મુજબ હતું. એ લગ્ન મુંબાઇમાં મેં અમુક ઉપનામ ધારણ કરીને કરેલું હતું. મારી પત્નીએ બાળકને જન્મ આપ્યા પછી તરતજ પોતાનો દેહ છોડી દીધો. મરણ થતા સુધી તેને ખબર નહતી, કે હું તેનો પતિ કુન્દનપૂરનો રાજવી છું અને જન્મ લેનાર બાળક ગાદીવારસ છે. મારી પત્નીની તહેનાતમાં મારા રાજ્યની એક વિશ્વાસુ અને વફાદાર ખવાસણ હતી. તેણે પણ મારી આજ્ઞાથી મારો પરિચય મારી પત્નીને નહીં આપીને મારો તેના ઉપરનો વિશ્વાસ દૃઢ કર્યો હતો. એ વફાદાર દાસીને મેં પાંચ હજાર રૂપીઆ આપીને બાળક સોંપી દીધું હતું. બાળકને લઈને તે ખવાસણ તે પછી પોતાને વતન જતી રહી હતી.

"પાંચ વર્ષ ઉપર મને તે ખવાસણે ખબર આપી કે, એક રાજા વિલાયત જવાના છે તેમની સાથે તેમની બે રાણીઓની એક દાસી તરીકે ઘણા સારા પગારથી હું જાઉં છું. પુત્ર સલામત છે; તંદુરસ્ત છે; સુખી છે. એટલુંજ નહીં પણ એક રાણીને તે ઘણો ગમી ગયો છે. તે રાણી તેને પોતાના પુત્રની પેઠે લાડ લડાવે છે; જેથી તેની લગારે ચિંતા કરશો નહીં.

"બસ. એ સમય પછી મારા પુત્રની કશીજ ખબર મને મળી નથી. આજ મારો આત્મા કકળી ઉઠયો. મારી હીચકારી વર્ત્તણૂક માટે મને આજ તિરસ્કાર આવી ગયો.

વર્ષો પહેલાં જાહેર રીતે મેં મારા પુત્રનો સ્વીકાર કર્યો હોત તો ઘણું સારૂં થાત, એમ મને લાગ્યું. પણ હજીયે મરતા પહેલાં હું આ એકરાર કરૂં છું; તેથી મિ. દીનેન્દ્રરાય, તમે મારૂં પાપ ધોઇ શકશો. હું તો કદાચ હવે થોડીક પળોમાં મરણ પામીશ. પણ મારા મરણ બાદ મારા ખરા પુત્રને શોધીને તેનેજ મારી ગાદીએ આપ બેસાડી શકશો. કહો, સાફ સાફ કહી દો કે, તમે તેમ કરશો ? ”

“મારામાં વિશ્વાસ મૂકનારનો હું કદી દ્રોહ કરતો નથી.” ડિટેક્ટિવે જે વાક્ય રણવીરસિંહને અગાઉ કહ્યું હતું તેજ ફરીથી બીજીવાર કહ્યું: “જે કામ હું માથે લઉં છું તે પ્રાણ જતાં પણ પડતું મૂકતો નથી. મહારાજા સાહેબ, એ વાતમાં બેફીકર રહેશો કે, આપની ખવાસણ પાસેથી આપના પુત્રને મેળવીને હું જરૂર તેને આપની ગાદીએ બેસાડીશ.”

જાલિમસિંહ ફાટી આંખે ડિટેક્ટિવ સામે જોઈ રહ્યો. ડિટેક્ટિવની તેના તરફ નજર ગઇ પરંતુ તેની દરકાર ન કરતાં તેણે મહારાજાને કહેવા માંડયું: “પણ મને કેટલીક વિશેષ માહિતીઓ આપે આપવી જોઈશે. કહો નામદાર ! આપે કિયું નામ ધારણ કરીને લગ્ન કર્યાં હતાં ? કિયા બ્રિટિશ કાયદા અનુસાર એ લગ્ન કર્યાં હતાં ? એની સત્તાવાર નોંધ કયા સત્તાધિકારી પાસેથી મળી શકશે ? લગ્નની તારીખ જો યાદ હોય તો તે અથવા તો મહિનો અને સાલ, તેમજ આપનાં મર્હુમ માનવંત રાણીનું નામ, ખવાસણનું નામ, યૂવરાજનું જો કાંઇ ઉપનામ હોય તો તે—આ બધી હકીકત આપ મને કહો; એટલે તરતજ હું સરકારી અમલદારોની મદદ લઈને આ આખુંયે કાર્ય નિર્વિઘ્ને પાર પાડું.”

મહારાજા સામેજ જોઇને અને જાલિમસિંહ તરફ લગીરે દૃષ્ટિપાત કર્યા વિના દીનેન્દ્રરાય આ સવાલો પૂછવામાં રોકાયો હતો. તે દરમ્યાન જાલિમસિંહ શું કરતો હતો ? મહારાજાના ખાટલા પાસે એક ટેબલ ઉપર દવાની શીશી તથા કાચનો એક ગ્લાસ પડેલાં તેણે જોયાં. સ્ફૂર્તિથી તે વાંકો વળ્યો. એજ સ્થિતિમાં શીશીમાંથી દવાનો એક ભાગ તેણે ગ્લાસમાં રેડયો અને ગ્લાસમાંનો પ્રવાહી તે ખૂબ હલાવવા લાગ્યો

મહારાજાએ ડિટેક્ટિવને જવાબ આપવા માટે જરાક બળ કરીને ઉધરસ ખાધી; એટલે જાલિમસિંહે દવાનો ગ્લાસ મહારાજાના મોં આગળ ધરીને કહ્યું: “ભાઇ, તમે થાકી ગયા છો. થોડી વાર આરામ લઈ સ્વસ્થ થાઓ અને દવા પીને વધારે સ્ફુર્તિ મેળવ્યા બાદ ડિટેક્ટિવ સાહેબ જે વિગતો માગે છે, તે બેલાશક કહો.”

મહારાજાના મોં ઉપર ફિક્કું સ્મિત જણાયું.

“તારી લાગણી માટે આભારી છું.” મહારાજાએ કહ્યું “તને નવા ગાદીવારસની હયાતીથી કદાચ દુઃખ થશે; પણ મને ક્ષમા કરજે-”

“તમે મારી ચિન્તા ન કરશો.” નમ્ર સ્વરે જાલિમસિંહે જવાબ દીધો: “મારે માટે તમે તમારાથી બનતું કર્યું છે.”

મહારાજાએ બિછાનામાં સુતે સુતે માથું ઉંચું કર્યું. જાલિમસિંહ ખાટલામાં બેઠો અને તેને એક હાથે પાછળથી ટેકો આપી બીજા હાથે દવા પાઇ દીધી. એકજ ઘુંટડે રણવીરસિંહ દવા પી ગયો. પણ જેવું તેણે ઉશીકા પર માથું મૂક્યું કે તરતજ તેની પ્રકૃતિમાં વિકૃતિ થઇ ગઇ. તેનો ચહેરો કાળો શાહી જેવો થઇ ગયો. આંખો ખેંચાઇ ગઇ. મોઢામાં ફીણ આવ્યાં. પેટમાં આંકડી આવી હોય અને શરીરની તમામ રગો ખેંચાઇ જતી હોય તેમ તે અમળાઈ જવા લાગ્યો.

“અરે ! આ શું ? !” ગભરાટ અને આશ્ચર્યથી બૂમ મારીને દીનેન્દ્રરાયે જાલમસિંહને પોતાના હાથથી ધક્કો મારીને દૂર કાઢયો અને પોતે ખાટલામાં બેસીને મહારાજાનું માથું પોતાના હાથમાં ઝાલી રહ્યો. જાલમસિંહને હડસેલો વાગવાથી તે ખાટલામાંથી ગબડી પડયો. તેના હાથમાંથી ગ્લાસ પડી ગયો. જાલિમસિંહે સ્ફુર્તિથી ઉઠીને લોઢાની નાળ અને ખીલા જડેલાં પોતાનાં બૂટથી તે ગ્લાસ છૂંદી નાંખ્યો.

“તમે મહારાજાને શું પાયું ?” ગુસ્સાથી કડક અવાજે દીનેન્દ્રરાયે જાલિમસિંહને પૂછ્યું.

“દવા.” જાલમસિંહે જવાબ દીધો.

મહારાજાએ આ વખતે ડિટેક્ટિવના કાન આગળ પોતાનું મોં રાખીને અચકાતા સાદે કહેવા માંડયું:

“મારાં લગ્નની સાબિતી—”

મહારાજાના શરીરમાં પાછો અમળાટ થયો. ડોળા ફાટી ગયા.

“મારા મહેલમાં જાઓ—”

અવાજ તદ્દન ક્ષીણ થઇ ગયો. મોઢામાં ફીણ આવ્યું. મોઢું ડિટેક્ટિવના માથામાં અથડાયું અને જાણે ખૂબ બળપૂર્વક આખરી અવાજ નીકળતો હોય તેમ ભયંકર પણ બહુજ ધીમો સ્વર ડિટેક્ટિવના કાનમાં અથડાયો:

“રૂપેરી રાજહંસ ! ”

બસ. એ છેલ્લા શબ્દો કહીને મહારાજા પથારીમાં પડી ગયા. છેલ્લા શ્વાસોશ્વાસ અને છેલ્લા આંચકા સમેત તેઓ જડવત્ બની ગયા. મહારાજાનો આત્મા દેહપિંજર છોડી ગયો.

પરિચ્છેદ ૨.

બે હરિફ !

મૃત મહારાજાના ખાટલાની એક બાજુએ એક અને બીજી બાજુએ બીજો એમ બે હરિફ ઉભેલા છે. અર્થસૂચક ચૂપકીદીથી બન્ને જણ પરસ્પર તીક્ષ્ણ નજરથી જોઇ રહ્યા છે. બન્નેના મનમાં વિચારોનું યુદ્ધ ચાલી રહ્યું છે. બન્નેના મનમાં એક બીજા માટે તિરસ્કારની લાગણી ઉપજી ચૂકી છે.

એકાદ ક્ષણ સુધી તે બન્નેમાંથી કોઇએ હોઠમાથી એક પણ શબ્દ બહાર કાઢયો નહીં. પણ આખરે ડિટેક્‌ટિવે ચૂપકીદી તોડી અને ગુસ્સાથી જાલિમસિંહને પૂછ્યું:

"તમે તેમને ઝેર આપ્યું કે?"

"શું દવામાં ઝેર આપ્યું?!" ડિટેકટિવ તરફ હોઠ પીસીને દાંતીઆં કરતાં જાલમસિંહે સવાલ કર્યો.

"બેશક. હું મહારાજા સાથે વાતમાં રોકાયા હતો તે વખતે મારી નજર ચૂકવીને તમે દવામાં ઝેર નાંખ્યું છે."

"સાબીત કરી આપશો?"

"હા. દવાનો ગ્લાસ કયાં છે?"

"આ રહ્યા જમીન પર તેના ટુકડા!" પોતાના હાથ મસળતાં જાલમસિંહે કહ્યુ: "તમે મને એકદમ હડસેલો માર્યો ત્યારે હું ખાટલામાથી પડી ગયો. તે દરમ્યાન ગ્લાસ મારા હાથમાથી પડી જતા મારો પગ તેના ઉપર પડયો. એ સ્થિતિમાં તો તે ભાગીને ભૂકોજ થઇ જાય ને!"

ગુસ્સા અને નિરાશાથી ડિટેકટિવે પોતાનો હોઠ કરડયો. તેને લાગ્યું કે–હરિફ પાક્કો અને અગમચેતીવાળો મળ્યો! ભૂકો થઇ ગયેલા ગ્લાસમાંથી ઝેરની સાબિતી કેમ મળે? તે બંધ બારણા તરફ ગયો અને તે ઉઘાડવા માટે જ્યાં હાથ લાંબો કરતો હતો ત્યા જાલિમસિંહે તેને ઉદ્દેશીને કહ્યું: "સબૂર! તમે શું કરવા માગો છો?"

"હું ડાકટર, દિવાન વગેરેને હું ખબર આપુ છું કે મહારાજા સ્વર્ગસ્થ થયા છે."

"તમને નથી લાગતું કે, એમ કરવામાં તમે બીજાના હક્ક ઉપર તરાપ મારી તમારી ફરજની હદ ઓળંગો છો?" જાલિમસિંહે ડપકાભર્યો પ્રશ્ન કર્યો અને ઉમેર્યું: "મારા વહાલા વડીલ બંધુના અવસાનની ખબર નવા રાજા તરીકે જાહેર કરવાનો મને એકલાનેજ હક્ક છે. એ શોકજનક હક્ક પણ શું તમે મને નહીં વાપરવા દેવાની ધૃષ્ટતા કરી શકો છો!"

"મારા જુવાન દોસ્ત! તમે કાંઇ નવા રાજા નથી. કુન્દનપૂરની રાજગાદી પર તમારો તલભાર પણ હક્ક નથી. એ હક્ક મર્હુમ નરેન્દ્રના પુત્રનો છે."

"મિ. હીનેન્દ્રરાય, તમારૂં આ બોલવું અજાયબી ભરેલું છે! સખ્ત માંદગીવાળા અને મરણની તદ્દન નજદીક પહોંચેલા એક દર્દીએ સન્નેપાતમાં લવેલા અમુક શબ્દો પર કદી વજન દેવાતું સાંભળ્યું છે ખરૂં? મારા મર્હુમ મોટાભાઇએ એ અર્થ વિનાનો જે પટપટારો કર્યો હતો તે બેશુદ્ધિમાં તેમજ અક્કલ હોશિયારી વિનાની હાલતમાંજ કર્યો હતો."

"નહીં. હું તેમ નથી માનતો."

"પણ સાહેબ, તમે ન માનતા હો, તે કાંઇ ચાલી શકે? મારા ભાઇએ તો ગાંધર્વ–લગ્ન, કોઇ ખવાસણ, એક છોકરો, વિલાયત પારનો રાજા, એવી કેટલીયે ઢંગધડા વિનાની વાતો કહેલી. આજ સુધીના તેમના પવિત્ર જીવનથી બિલકુલ ઉલટા પ્રકારની એ વાતો માની શકાય નહીં એવી હોવાથી તમે કોઇની આગળ તે કહેશો તો બનાવટી હોવાનોજ અભિપ્રાય મળશે! અથવા તમને પોતાને પાગલ કે મર્હુમની બદનક્ષી કરનાર તરીકેજ ધારવામાં આવશે!"

"એ બધા તમારા મગજના તરંગ છે. મર્હુમે મને ખાસ અહીં બોલાવેલો હતો, એ સૌ કોઈ જાણે છે!—"

"એમ તો મનેય બોલાવ્યો હતો, એ સૌ કોઇ જાણે છે!—"

"પણ મને બોલાવીને તેમણે પોતાના ગાદીવારસની અગત્યની ભેદભરેલી ખબર પૂરી પાડી છે. શ્રીમાન્ જાલિમસિંહજી, મારો નિશ્ચય જાણી લ્યો. મર્હુમને મરતી વખતે મેં આપેલું વચન હું પાળવા માગું છું. એમના પુત્રને હું શોધી કાઢીશ; તેનેજ કુન્દનપૂરની ગાદીએ બેસાડીશ."

હવે જાલિમસિંહને ચૂપ થવાનો વારો આવ્યો. તે ખાટલા પાસે ઉભો હતો ત્યાંથી બે ચાર પગલાં અહીં તહીં ફર્યો. અમુક નિશ્ચય કર્યા પછી તે એકાએક ડિટેકટિવની છેક નજદીક આવ્યો; બરાબર તેની સામે ઉભો રહ્યો અને તેના ચહેરા સામે જોઈ પોતાની આંખ તેની સાથે મેળવી કાંઈક બડબડવા લાગ્યો. તેની આંખો ઘડીકમાં ઝીણી તો ઘડીકમાં મોટી બનવા લાગી; જાણે હવામાં બાચકા ભરીને પોતાની તરફ કોઇ અદ્દશ્ય વસ્તુ તે ખેંચતો હોય એમ હાથ ઘડીકમાં દૂર તો ઘડીકમા નજીક કરવા લાગ્યો. તેના આ હાવભાવ જોઈ ડિટેકટિવ હસ્યો.

"તમે નકામી મહેનત કરો છો!" તેણે કહ્યું: "જમાનાનો ખાધેલ આ હીનેન્દ્ર ડિટેકટિવ, વશીકરણ વિદ્યાથી તાબે થાય એમ નથી! 'હિપ્નોટિઝમ' વડે મને તાબે કરનાર આ દુનિયામાં કોઈજ નથી."

આમ કહીને તેણે બારણું જરાક ઉઘાડયું; એટલે જાલિમસિંહે તેનો હાથ પકડી લીધો અને કહ્યું: "મિ. હીનેન્દ્રરાય, આપણે બન્ને ચોખવટ કરી લઇએ તો વધારે

સારૂ. હુ ધારૂ છુ કે, તમે મારા મોટાભાઇની મરણ સમયની વાતચીત આ લોકો આગળ કહેશો અને પછી તેમના પુત્રની તપાસ કરવા જશો. ''

" હા. "

" તમને ખબર છે કે, તેમા તમને કેટલી માથાકુટ પડશે ? કેટલું ખર્ચ થશે ? વળી જેના હાલના હક ઉપર તમે તરાપ મારો છો, તે શું તમને સફળતાથી ફાવવા દેશે કે ? "

" એ બાબતાની ચિંતા કરવાની મને કશીયે હાલ જરૂર લાગતી નથી."

"સાહેબ, એમ અવિચારીપણે બેદરકારી ન બતાવો" જરાક કડક સ્વરે જાલિમસિંહ બોલ્યો: "મને છંછેડવામાં સાર નથી".

"એ તો મેં ક્યારનુંયે જાણી લીધું છે." એવાજ સ્વરે ડિટેક્ટિવે સામો જવાબ દીધો.

"છતાં પણ તમે તમારો નિશ્ચય ફેરવવા ના પાડો છો, એમા મોટું જોખમ ખેડો છો."

"જોખમ ખેડવાનો તો મારો મનોજ છે."

"મારા માર્ગમાં અંતરાય નાંખનાર પર હું કદી દયા બતાવતો નથી.

"તમારી દયા હું માગતો જ નથી."

"તમારે પસ્તાવું પડશે."

"તેની ચિંતા તમે ન કરો."

"ઠીક, જેવી તમારી મરજી ! " ખભા હલાવીને જાલિમસિંહે કહ્યું: " મારો દોષ તમે પાછળથી ન કાઢો, તે સારૂ મારે તમને ચેતવણી આપવી જોઇતી હતી, તે આપી દીધી છે."

"તે માટે આભારી છું." ડિટેક્ટિવે શાન્ત ઢબે નમન કરતાં કહ્યું.

ડિટેક્ટિવની વધતી જતી બેદરકારી આગળ હવે પોતે નિરૂપાય છે, એમ જોઇને જાલિમસિંહે દામને બદલે દામનો ઉપાય યોજ્યો. તેણે મીઠા સ્વરે પૂછ્યું: "વારૂ મિ. દીનેન્દ્રરાય, તમને કેટલાનો 'ચેક' ફાડી આપું ? ચાહે તેટલી રકમ માગી લ્યો."

"તમારી પાસેથી એક પાઇનો પણ ચેક મારે નથી જોઇતો. જ્યારે હુ મર્હુમ મહારાજાના પુત્રને શોધીને ગાદીએ બેસાડીશ ત્યારે મારે જોઇતી રકમનો 'ચેક' તેની પાસેથી મને મળી રહેશે."

જાલિમસિંહને હવે કાંઇજ ઉપાય બાકી રહેલો ન લાગ્યો. આ ડિટેક્ટિવ માટે જેવી લોકવાયકા પોતે સાંભળી હતી તેવોજ તે અડગ છે, મક્કમ છે, જેનું કાંડું ઝાલે છે તેને વફાદાર રહેનારો છે અને નિડર છે, એવી ખાત્રી જાલિમસિંહને થઇ ચૂકી. તે વિચાર-વમળમાં અહીં તહીં પગલાં ભરવા લાગ્યો.

"તમારે જો હવે કાંઇ કહેવાનું ન હોય તો બહારના આને વધુ વખત રાહ જોવરાવવી મને વ્યાજબી લાગતી નથી." ડિટેક્ટિવે કહ્યું.

"પણ...પણ..." જાલિમસિંહ એમ બોલતોજ રહ્યો અને ડિટેક્ટિવે બારણાં ઉઘાડી નાંખ્યાં.

ડાક્ટર, દિવાન અને બીજા અમલદારો તે ઝુંપડામાં દાખલ થયા અને બિછાનાની આસપાસ ઉભા રહ્યા. ડાક્ટરે મહારાજાની ચિકિત્સા કરી અને તેમનામાં જીવ નથી એમ જાહેર કર્યું. સર્વત્ર ખેદની લાગણી પ્રસરી રહી. ડિટેક્ટિવે જાલિમસિંહને ઉદ્દેશીને પૂછ્યું: "તમે કહોછો કે હુ કહું ?"

"શું કહેવાનું છે ?" ચીઢીયા અવાજે જાલિમસિંહે સામો પ્રશ્ન કર્યો.

ડિટેક્ટિવે એક પલકારાં વિચાર કરી લીધો અને ઝુંપડાના બારણા આગળ આવી મોટે અવાજે કહેવા માંડયું: "કુન્દનપૂર રાજ્યના દિવાન સાહેબ, ડાક્ટર સાહેબ અન્ય અમલદારો અને અહીં સર્વ એકઠા મળેલાઓ—"

સૌ બારણા આગળ આવ્યા અને ડિટેક્ટિવ શું કહે છે, તે સાંભળવા આતુર રહ્યા. ડિટેક્ટિવે આગળ કહ્યું:—

"તમે સૌ જાણો છો કે, મર્હુમ મહારાજાશ્રીએ પોતાના અવસાન પૂર્વે મને ખાસ અહીં બોલાવ્યો હતો. તે તે નામદારે દેહ છોડી દેતા પહેલાં મને જે મહત્વની ગંભીર અને ભેદી ખબર કહી છે, તે તમો સૌની સમક્ષ જાહેર કરવાની મારી ફરજ છે. આજથી ૨૨ વર્ષ ઉપર મહારાજા સર રણધીરસિંહજીએ ગાંધર્વ-લગ્ન કર્યાં હતાં. તેમનાં ગુપ્ત રાણી એક વર્ષ પછી એક પુત્ર મૂકીને સ્વર્ગસ્થ થયા હતા. એ પુત્ર હજી હયાત છે. કુન્દનપૂર રાજ્યનો હકદાર ગાદીવારસ હવે એ અનભિજ્ઞ યુવક છે. તેનું વય અત્યારે ૨૧ વર્ષનું હોવું જોઇએ. એ યુવક ક્યાં છે, તે શોધી કાઢવાની જરૂર છે અને મર્હુમ મહારાજાશ્રીની આજ્ઞાથી તેને શોધવા અને કુન્દનપૂરની ગાદીએ બેસાડવા મે પ્રતિજ્ઞા લીધી છે."

બિલ્કુલ વિક્ષેપ પાડયા વિના સહુએ ચૂપકીદીથી ડિટેક્ટિવનો દરેક બોલ સાંભળ્યો. સૌ આશ્ચર્યથી પલભર દિગ્મૂઢ બની ગયા અને જાલિમસિંહ તરફ જોઇ રહ્યા. તે હાથ મસળતો હતો; માથુ ધુણાવતો હતો અને ડપકા ભરી નજરે દીનેન્દ્રરાય તરફ ટગર ટગર જોઇ રહ્યો હતો.

"મને ખેદ થાય છે કે" તે ગંભીર અવાજે બોલ્યો: "આ વાત તમને કહેવાની ડિટેક્ટિવને જરૂર જણાઇ. મારા સદ્દગત પૂજ્ય ભાઇએ આ વાત કહી હતી તેની હું ના પાડતો નથી. પણ તેના ઉપર ગંભીરતાથી વજન મૂકી શકાયજ નહી. આ વાત જ્યારે મારા પૂજ્ય ભાઇએ કહી ત્યારે તેઓ કેવળ બેશુદ્ધિમાં હતા. માણસ જ્યારે મોતના પંઝામાં સપડાય છે ત્યારે તેની છેલ્લી ઘડીઓમાં તેને સન્નેપાત થાય છે, અને કંઈ કંઇ અર્થ વગરના લવારા તે કરે છે. આવી દશામાં સપડાયલા આપણા

મહારાજાશ્રીએ જે કાંઇ કહેલું તે માટે તેઓશ્રીને જોખમદાર ઠરાવી શકાય જ નહીં. તમે કદાચ એમ માનશો કે, હું સ્વાર્થની દૃષ્ટિથી આમ કહું છું. પણ હું એવો હલકો નથી. હું તો સંજોગોનું વાતાવરણ ખુલ્લું કરું છું. અર્થ વિનાના બીજા ઘણાક લવારા મારા પૂજ્ય ભાઇએ કર્યા હતા. તેમાંના એક વિષે તમેજ કયાસ કરી શકો તે માટે તે જણાવું છું. જાણે તેઓશ્રી કોઇ તરંગી કવિતાના પ્રદેશમાં વિહરતા હોય એમ 'રૂડેરી રાજહંસી' એવો એક લવારો—"

"'રૂડેરી રાજહંસી' નહીં; પણ 'રૂપેરી રાજહંસ'!" ડિટેક્ટિવે અધવચ્ચ કહ્યું.

"'રૂપેરી રાજહંસ!' એમ તે હો; પણ કવિતા કરનારાઓ બોલે છે, તેવાજ એ શબ્દો હતા. એવા અર્થ વગરના શબ્દો પર ડાહ્યા માણસોથી વજન મૂકી શકાય જ નહીં."

જાલિમસિંહ ચાલાકીથી વાતની ગંભીરતા ફેરવવા માગતો હતો, એ જોઇને ડિટેક્ટિવને દુઃખ થયું. જાલિમસિંહે સ્વાર્થદૃષ્ટિનો વહેમ તેની જાત પર નહીં લાવવા કહ્યું પણ ડિટેક્ટિવને ચોખ્ખું ભાસ્યું કે, કેવળ સ્વાર્થ વિના આમાં બીજું કાંઇ જ નથી. પોતાને બદલે બીજો કોઇ ગાદીએ બેસે, એ જાલિમસિંહથી ખમી શકાતું નથી એ તો હવે નક્કી જ છે પણ તેને એમ સહેલાઇથી ગાદી પચાવી પાડતો અટકાવ્યા સિવાય છૂટકો જ નથી. ડિટેક્ટિવે આ વિચારથી કહેવા માંડ્યું:—

"સદ્‌ગત મહારાજાશ્રી આટલાજ શબ્દો બોલ્યા ન હતા; પરંતુ અર્થ બેસાડી શકાય અને યોગ્ય અમલ કરી શકાય એવાં છૂટાં છૂટાં કુલ્લ ત્રણ વાક્યો બોલ્યા હતા. 'રૂપેરી રાજહંસ' એ એકલા શબ્દોથી કદાચ કાંઇ ભળતો અર્થ કરવામાં આવે, એ કુદરતી છે; પણ જાલિમસિંહજીએ તમો સૌને બીજા શબ્દો કહ્યા નથી. તે હું કહું છું. મહારાજાએ કહેલું કે: "મારા લગ્નની સાબિતી...... મારા મહેલમાં જાઓ...રૂપેરી રાજહંસ!" આ ઉપરથી હું એમ અનુમાન કરું છું કે, તે નામદારનાં લગ્નની જે સાબિતીઓ મેં તે નામદાર પાસે માગી હતી તે સાબિતીઓને અને 'રૂપેરી રાજહંસ'ને કાંઇક પણ સંબંધ છે; અને એ 'રૂપેરી રાજહંસ'ને તે નામદારના મહેલ સાથે કાંઇક પણ ભેદી સંબંધ છે. વાક્યો જોકે ભેદભરેલાં છે અને હાલ તુર્ત મેં કહ્યો તે ઉપરાંત બીજો કોઇ વધુ સાર તે ઉપરથી નીપજાવી શકાય તેમ નથી, તોપણ મહારાજાશ્રીના મહેલમાં તપાસ કર્યા બાદ હું ઘણોક ભેદ ખોલી શકીશ."

"મહેરબાન ડિટેક્ટિવ સાહેબ" દિવાન કૃષ્ણશંકરે કહ્યું: "મર્હુમ મહારાજાના રાજ્યના મુખ્ય અમલદાર તરીકે, મારી ફરજ છે કે, આપને તે નામદારની આજ્ઞાના અમલમાં જેટલી જોઇએ તેટલી સગવડો કરી આપવી. તે સહિત શ્રીમાન્ જાલિમસિંહજી પણ તે નામદારના નાના ભાઈ હોવાથી તેમને સંતોષ આપવો રહ્યો. આ સંબંધમા કુન્દનપૂર ગયા બાદ ત્યા ઘટતી મસલત કરી આપ બન્ને જે નિર્ણય કરશો તેને તાબે થવા હું તૈયાર છું. દરમ્યાન મહારાજાશ્રીના શબની દહનક્રિયા માટે તે નામદારના મોભા મુજબ તૈયારીઓ કરવી, એ આપણું સૌથી પહેલું કામ છે."

"બેશક, એજ બાબત અત્યારે તો મુખ્ય છે." જાલિમસિંહ બોલ્યો: "એને લગતી તૈયારીઓ શરૂ કરો અને બીજી બાબતમાં, દિવાન, તમારું કહેલું ખરું છે. એની તમે કશીજ ચિંતા કરશો નહીં. હુ ને ડિટેક્ટિવ માંહોમાંહે સમજી લઇશું."

જાલિમસિંહે આસપાસ ઉભેલા અન્ય અમલદારો તરફ નજર નાંખી.

સેનાપતિ દુર્મદસિંહ અને મહારાજાનો ખાનગી મંત્રી શાર્દુલરાય તેની બાજુમાં ઉભેલા હતા. બન્ને સહિત તે વાતચીતમાં રોકાયો. દરમ્યાન ડિટેક્ટિવ શું કરે છે, તે બાડી નજરે તેણે તપાસ્યા કર્યું.

ડિટેક્ટિવ દિવાનના શબ્દોમાં રહેલું મુત્સદ્દીપણું વિચારતો હતો. દિવાને પોતાને તમામ સગવડો, મર્હુમ મહારાજાની આજ્ઞા મુજબ, આપવા કહી. જાલિમસિંહને તેણે "ગાદીવારસ" તરીકે ન ઓળખાવ્યો. ફક્ત "મહારાજાના ભાઇ તરીકે" જણાવી તેને 'સંતોષ આપવા' કહ્યું. આ શબ્દો કોઇ બીજાનું ધ્યાન ન ખેંચે; પણ હાલની પરિસ્થિતિમાં ડિટેક્ટિવને દિવાનનું અંતઃકરણ કેવું છે, તે જાણવામાં મદદરૂપ થઇ પડયા. દિવાન સત્યનો પક્ષકાર રહેશે; અને ખાસ કરીને મર્હુમ મહારાજાની આજ્ઞા પાળશે, એમ ડિટેક્ટિવને લાગ્યું.

ડિટેક્ટિવે દિવાનને બીજાઓથી સહેજ દૂર લઇ જઇને કહ્યું: "તમે ધારો છો તેમ આ બાબતમાં સમજુતિ થવા બિલકુલ સંભવ નથી."

"સાહેબ, જાલિમસિંહજી કહે છે ને કે તેમને પોતાનો આમાં કાંઇ સ્વાર્થ નથી?"

"પક્ષકારના શબ્દોમાં વિશ્વાસ રાખી શકાય?"

"ત્યારે આપ શું સૂચવો છો?"

"મારે પોલિટિકલ એજંટને મળવું પડશે. તમારે શું કરવું એને લગતો રીતસર હુકમ હું તેમની મારફત અપાવીશ. દરમ્યાન જો મને અહીંથી છૂટો કરો —"

"આપને જવું હોય તો આપ જઈ શકશો."

"આભાર થયો. પણ હું પહેલાં મહારાજાશ્રીના મહેલમાં જવા માગું છું. મહેલથી પરિચિત કોઇ અમલદારની મદદ મને આપો તો હું ત્યાં જઇ 'રૂપેરી રાજહંસ'ની તપાસ કરું"

"એ 'રૂપેરી રાજહંસ' શું તે મારા ખ્યાલમા આવતું નથી."

"તેથીજ મહેલથી પરિચિત અમલદારની હું મદદ માગું છું."

દિવાને થોડીકવાર વિચાર કરીને કહ્યું: "મહારાજાશ્રીના ખાનગી મંત્રી **શાર્દૂલરાયને** હું આપની સાથે મોકલું. આપને આ બાબતમા તે કદાચ માહિતી આપશે."

દિવાને **શાર્દૂલરાયને** બોલાવીને ડિટેક્ટિવની સાથે જવા ફરમાવ્યું.

"પણ સાહેબ, મને તો **જાલિમસિંહજી** મહારાજે બીજું કામ સોંપ્યું છે!" **શાર્દૂલરાયે** કહ્યું.

"પણ તે **કુન્દનપૂરનું** જ છેને ?"

"નહીંજ. મને મહારાજાશ્રીનાં બહેન સાહેબાને અને બનેવીશ્રી **કૌંતલપૂરનરેશ રૂદ્રસિંહજીને** અત્યારે ને અત્યારે બોલાવી લાવવા ફરમાન થયું છે."

"તમે 'રૂપેરી રાજહંસ' વિષે કાંઇ જાણો છો?" ડિટેક્ટિવે **શાર્દૂલરાયને** સવાલ કર્યો.

"ના જી."

"કદી મહારાજાએ એ વિષે તમારી આગળ કાંઈ કહેલું ખરૂ ?"

"નહીં જી. કદી પણ નહીં."

"બીજા કોઇએ ?"

"ના. 'રૂપેરી રાજહંસ' એ શબ્દો મે તો આપના કહેવાથી આજ સાંભળ્યા!"

તે મોટરમાં બેસીને ઝડપથી ચાલ્યા ગયા.

દિવાન ચિંતાતુર મુખે ડિટેક્ટિવ સામે જોઇ રહ્યો. ડિટેક્ટિવે તેને કહ્યું: "તમે લગીરે ગૂંચવાશો નહીં. એકાદ પરચુરણ હજુરીઆને મારી સાથે મોકલશો તો ચાલશે ફક્ત તે મહેલથી વાકેફ હોવો જોઈએ."

આસપાસ નજર કરીને દિવાને કહ્યું: "હજુરીઆઓ કોઇ આવેલા જણાતા નથી. પણ એક બીજી વ્યવસ્થા કરી આપું. મારા શિરસ્તેદાર **નંદનાથને** હું આપની સાથે મોકલું—"

એટલામાં **જાલિમસિંહ** તેઓની પાસે આવી બોલ્યો: "દિવાન સાહેબ, **શાર્દૂલરાયને** મેં **કૌંતલપૂર** મોકલ્યો તો ખરો; પણ મારી તેમાં ભૂલ થઈ. **રૂદ્રસિંહજી** તો **અજયગઢના** મહારાજાને ત્યાં લગ્ન-પ્રસંગે ગયા છે, એમ હમણાંજ મને સાંભર્યું! **અજયગઢ** બહુ બહુ તો અહીંથી ૩૦ માઇલ થતું હશે; તેથી હું જાતે જ એક મોટરમા જઈને તેમને બોલાવી લાવું છું. અગ્નિ-સંસ્કાર વખતે તેમની હાજરી હોવીજ જોઇએ. નહીંતર મારા કુળનું ખોટું દેખાય."

"આપને ગયા વિના ચાલે તેમ નથી !"

"નહીં. હું તમને કે સેનાપતિને મોકલત પણ તમારે અહીં બધી વ્યવસ્થા કરવા રોકાવાની જરૂર છે. હું તાબડતોબ પાછો ફરૂં છું." **જાલિમસિંહ** આમ કહી થોડેક દૂર એક મોટર ઉભી હતી તે તરફ જવા લાગ્યો.

"એક મોટર તો મારે અહીં જોઇશે." દિવાને **જાલિમસિંહને** કહ્યું.

"કેમ ?"

"ડિટેક્ટિવ સાહેબને ઉતાવળ હોવાથી તેમાં જવું છે."

જાલિમસિંહે જાણે ને સાંભળ્યું ન હોય તેમ ચાલવા માંડયું.

ડિટેક્ટિવના ખ્યાલમા એક વાત આવી ગઇ. તેણે દિવાનને કહ્યું. "તમારી પાસે અહીં બે મોટરો હતી. બન્ને ગઇ. એનો ભેદ તમે સમજ્યા ?"

"ભેદ ?"

"હા. હું **કુન્દનપૂર** વહેલો જવા ન પામું એ એનો ભેદ છે. તેથી જ આ **કૌંતલપૂર** અને **અજયગઢના** બહાનાં ફુટી નીકળ્યાં છે! પણ ચિંતા નહી." ડિટેક્ટિવ બોલ્યો: "પેલી એક ઘોડાગાડીમા હું જઇશ. એ કોની છે ?"

"સેનાપતિજીની."

"હું અને **નંદનાથ** તેમાં જઇએ તો વાંધો નથી ને?"

"બિલકુલ નહીં."

ડિટેક્ટિવ ઘોડાગાડી તરફ જવા લાગ્યો.

સેનાપતિએ તેની પાસે આવી ખબર આપી કે, **જાલિમસિંહ** મહારાજ જતા પહેલાં તમને મળવા માગે છે.

ડિટેક્ટિવે ત્યાં ઉભે ઉભે જોયું તો **જાલિમસિંહ** હજી ગયા નહતો; પણ મોટરમાથી હાથ લાંબો કરીને તેના તરફ એક સફેદ રૂમાલ હલાવતો હતો. તે મોટર નજદીક ગયો. દરમ્યાન સેનાપતિ ગાડીવાન સાથે કાંઇક વાત કરવા લાગ્યો, એ તેના લક્ષ બહાર રહ્યું નહીં.

જાલિમસિંહની મોટર આગળ ડિટેક્ટિવ પહોંચતા **જાલિમસિંહે** હસતાં હસતાં કહ્યું: "આપ **કુન્દનપૂર** જવાની ધમાલમાં પડયા લાગો છો. ખરૂં ને ?"

ડિટેક્ટિવે જવાબ ન આપ્યો.

જાલિમસિંહે કહ્યું: "ભલે જાઓ, હું મોટાભાઇના શબના અગ્નિ-સંસ્કાર પછી ત્યાં આવું છું. અને દિવાને આપણને બેને સમજુતિ પર આવવા કહ્યું છે તે મુજબ હું ખુશી દિલથી આપની સાથે ત્યાં સમાધાન કરવા માગું છું—"

"સમાધાન માંડી વાળો" ડિટેક્ટિવે અધવચ કહ્યું.

"ના. ફરીથી છેલ્લો યત્ન કરીશ." જાલિમસિંહે જવાબ દીધોઃ "મહેલમાં આપ મારી રાહ જોશો. દરમ્યાન આપણે મિત્રો તરીકે છૂટા પડીએ છીએ."

જાલિમસિંહે પોતાનો હાથ લાંબો કર્યો. ડિટેક્ટિવ કાંઇ હીલચાલ ન કરતાં ચૂપકીદી ધારણ કરીને ઉભો રહ્યો.

"શું આપ શિષ્ટાચાર દર્શાવવા પણ હાથ નહીં મિલાવો ? એટલું બધું મેં આપનું શું અંગત નુકશાન કર્યું છે કે આમ વિનયવિવેકની રીતોમાંથી પણ આપ મારો બહિષ્કાર કરો છો ?" જાલિમસિંહે પૂછ્યું.

"એથી કાંઇ વિશેષ અર્થ સરે એમ છે ?"

"હા. એટલોજ કે, મારે ને આપને અંગત કાંઇ વેર નથી એવું આશ્વાસન હું તે પરથી લઇ શકીશ. અને આપ પણ એ ખાત્રી રાખજો કે, મને તેવું વેર નથી."

સેનાપતિ આ વખતે ત્યાં આવી પહોંચ્યો. છેલ્લું વાક્ય સાંભળીને તેણે ટાપશી પૂરીઃ "હા. મહારાજશ્રી ખરૂં કહે છે. એમને આપની પર કાંઇજ અંગત રોષ નથી"

"માટેજ હુ હાથ મિલાવવા તેમને વિનતિ કરૂં છું; પણ તેમાયે તેઓ મારા તરફ શકની નજરે જુએ છે !" જાલિમસિંહે ફરિઆદ કરતી ઢબે સેનાપતિને કહ્યું.

"ના જી. તેઓ એવા નથી." સેનાપતિએ જાલિમસિંહની સિફારશ કરી.

"એમ ! આપના કહેવાથી હું ખાત્રી કરૂં છું." એમ કહી ડિટેક્ટિવે પોતાનો જમણો હાથ જાલિમસિંહ સાથે મિલાવ્યો.

"હું એવો નથી એની હવે આપને જરૂર ખાત્રી થશે." એમ કહેતાં ડિટેક્ટિવનો હાથ જાલિમસિંહે જોરથી દબાવીને હલાવ્યો.

જાણે કોઇ ઝેરી જનાવરે દંશ દીધો હોય એમ ડિટેક્ટિવના હાથમાં સખ્ત ઝણઝણાટી સહિત દુઃખ થવા લાગ્યું. તેણે પોતાનો હાથ જાલિમસિંહના હાથમાંથી બળપૂર્વક છટકાવી લીધો. પોતાની હથેલીના પાછલા ભાગમાં તેણે એક ઝીણું ચાંદું પડેલું જોયું. તેમાંથી લોહી નીકળતું હતું. ડિટેક્ટિવે તે ભાગ બીજા હાથથી દબાવ્યો અને પોતાના મોંમાં નાંખી ચૂસવા માંડયો. એક બે ક્ષણ સુધી ચૂસીને તેણે લોહીનો એક કોગળો પોતાના મોંમાંથી બહાર કાઢયો.

"શું થયું ? ! શું થયું ? !" જાલિમસિંહ અને સેનાપતિ બન્ને એક સાથે પૂછવા લાગ્યા.

"કાંઇજ નહીં !" ડિટેક્ટિવે શાન્ત સ્વરે જવાબ દીધોઃ "હવેથી કોઈની સાથે તમે હાથ મિલાવો ત્યારે તમારી વીંટી આંગળીએથી ઉતારી નાંખજો, સમજ્યા ?"

"કેમ, એ વીંટી શું ગંદી દેખાય છે વારૂ ?"

"નહીંજી, એમાં ઝેર છે ! એ ઝેર કેવો છે, એનો ખ્યાલ એને અડકનારને જ આવે ! તમે તમારી જાત ઉપર તેનો પ્રયોગ કરી જુઓને ?"

"હાઃ હાઃ સાહેબ ! આપ બડા રમુજી છો ! વારુ. હવે હું રજા લઈશ" એમ કહી જાલિમસિંહ અટ્ટહાસ્ય કરતો મોટરમાં વદાય થયો.

સેનાપતિએ ડિટેક્ટિવને પ્રશ્નોપર પ્રશ્નો કરીને પૂછવા માંડયું કે, આપે મોંમાંથી લોહીનો કોગળો કેમ કાઢયો અને તે પછી આપ બે વચ્ચે શી સંદિગ્ધ વાતો ચાલી તે કહો પણ ડિટેક્ટિવે તેને એકપણ શબ્દ દ્વારા ઉત્તર દીધો નહીં.

અહીં જેટલા "જાલિમસિંહ મહારાજ" તરીકે જાલિમસિંહને સંબોધે છે, તે તેના મળતીઆ છે એમ ડિટેક્ટિવે પોતાના મનમાં નક્કી કર્યું અને તે મળતીઆઓ સાથે નિરર્થક સંવાદ કરવાની જરૂર તેણે વિચારી નહીં.

વખત ગુમાવવાની જરૂર ન હોવાથી તે સેનાપતિની ગાડીમાં બેસીને નંદનાથ શિરસ્તેદાર સાથે કુન્દનપૂરને રસ્તે વદાય થયો.

નંદનાથે ગાડીમાં પૂછ્યુંઃ "સાહેબ, મને દિવાન સાહેબે સૂચના આપી છે કે, આપની જે ઇચ્છા હોય તે મુજબ મારે દરેક સગવડ કરવી; તેથી જે કાંઇ ફરમાશ હોય તે બેધારક કહી દેજો. જાલિમસિંહજીની પરવા મારે કરવાની નથી."

ડિટેક્ટિવને નંદનાથ પોતાનો પક્ષકાર લાગ્યો.

"દિવાન સાહેબ મારા માટે શું માને છે ?" તેણે પૂછ્યું.

"મારે સ્હેજ વાત થઇ તે ઉપરથી મને લાગ્યું કે, આપ ફત્તેહમંદ નીવડો એવું તેઓ સાહેબ ઈચ્છે છે. તેમને આપની શક્તિમાં વિશ્વાસ છે. સાહેબ, હું પણ અંગત અભિપ્રાય એવો ધરાવું છું કે, આખરી વિજય આપનો છે."

ડિટેક્ટિવે ટોકું ધુણાવતાં કહ્યુ : "તમે વધારે પડતા વિશ્વાસુ બની ગયા છો. સંજોગો ઘણા વિપરીત છે. પહેલી મુશ્કેલી તો 'રૂપેરી રાજહંસ' ની છે. એ શબ્દોનો અર્થ શો છે, તેજ સમજાતું નથી."

"સાહેબ, તે હું જાણું છું. મહેલમાં જતાં વેંત આપને "રૂપેરી રાજહંસ" આગળ લઈ જઇશ."

"એમ ? ત્યારે તો મારા પ્રાણ લેવાના પ્રપંચનો બદલો મેં ઠીક રીતે આપ્યો ગણાશે."

"આપના પ્રાણ લેવાનો પ્રપંચ ?"

ડિટેક્ટિવે કહ્યુંઃ "હા. જાલિમસિંહ જે વીંટી પહેરે છે, તેમાં છુપું કાતિલ ઝેર રાખે છે. મારી સાથે હાથ મેળવવાને બહાને તેણે મારા હાથમાં ઝેર દાખલ કર્યું

હતું. કોઇ છુપી ચાંપ તે વીંટીને હોવી જોઇએ અથવા તેમાંના હીરામાં કાંઇક કરામત હોવી જોઇએ કે જે દબાય એટલે ઝેર નીકળે. પણ મેં મૂળથી જ ચોંકેલા રહીને મારો હાથ છટકાવી નાંખ્યો અને ઝેરવાળું લોહી ચૂસીને તેનો કોગળો કરી નાંખ્યો. આ ભયંકર પ્રયોગ નિષ્ફળ જતાં તે અટ્ટહાસ્ય કરીને રવાને થયો છે.”

ગીચ્ચ ઝાડીઓ વચ્ચેથી ઘોડાગાડી પૂરપાટ દોડી જતી હતી. ગાડીવાને તે એકાએક થોભાવી અને તેમાંથી ઉતરી પડીને તે ઘોડાનો સામાન બરોબર કરવા લાગ્યો.

ડિટેક્ટિવે તેને પૂછ્યું: “શું છે ? ગાડી કેમ થોભાવી ?”

ગાડીવાને જવાબ દીધો: “સાહેબ, એક પટો તુટી ગયો છે. તે બરાબર કરી લઉં છું.”

તેઓ તેના તરફ જોઇ રહ્યા. તેવામાં ઝાડીઓમાંથી રિવોલ્વરનો એક ધડાકો સંભળાયો અને ગાડીની બેઠકના પાટીઆમાં એક ગોળી અથડાઇ !

પારચ્છેદ ૩.

અંધકારમાં અનેરા અનુભવ !

ગાડીવાન શું કરે છે, એ ડિટેક્ટિવ જોઈ રહ્યો હતો. તેણે જોઈ લીધું હતું કે, કોઇ પટો તુટી ગયો નહતો પણ ગાડીવાન પોતે એક પટો છોડીને તે તુટી ગયો હોવાનો ઢોંગ કરતો હતો ! ગાડીની બેઠકના પાટીઆને બંદુકની ગોળી અથડાઈ એટલે ડિટેક્ટિવ પોતાની ‘બેગ’ સાથે ગાડીમાંથી કુદકો મારીને બહાર પડયો. તેણે નંદનાથને કહ્યું:

“કુદીને મારી પાછળ આવી જાઓ.”

જો નંદનાથ ગાડીમાંથી ન ઉતરે તો વખત છે ને એકાદ ગોળી તેને વાગી બેસે તેથી ડિટેક્ટિવે તેને ઉપર મુજબ ચેતવ્યો.

ગાડીમાંથી ઉતરીને ડિટેક્ટિવે પોતાની ‘બેગ’માંથી એક રિવોલ્વર કાઢી અને ગાડીવાનના લમણા આગળ ધરીને કહ્યું:

“પટાને કડી લગાવી દે; નહીંતર ઠાર મુઓ સમજજે.”

ઝાડીમાંથી આ વખતે ‘સ ન્ ન્ ન્’ કરતી ગોળી છુટી અને ઘોડાની ગરદનને જરાક અડકીને પસાર થઇ. ગાડીવાને રિવોલ્વરની નળીના ભયથી પટાને કડીમાં બરાબર ભેરવી દીધો. તેજ વખતે ગોળીના સહેજ સ્પર્શથી ઘોડો ભડકયો; અને નાસવા માંડયો. ડિટેક્ટિવે ગાડીવાનને એક લાત મારીને જમીનપર ગબડાવી દીધો અને કુદકો મારીને તે ગાડીની કોચબોક્ષ ઉપર બેસી ગયો. ઘોડાની લગામ પોતાના હાથમાં લઇને તેણે ખૂબ જોર કરીને ખેંચી અને દોડતા ઘોડાને થોભાવ્યો. તેણે બૂમ મારી: “નંદનાથ, ઝટપથી બેગ સાથે દોડી આવો ગાડીમા બેસી જાવ.”

ઝાડીમાંથી એ વખતે ફરીથી ગોળીબાર થયા. ઘોડો ચમકતોજ રહ્યો. ડિટેક્ટિવે બહુ ખબરદારીથી લગામ પકડી રાખી હતી; પણ ઘોડાની કુદાકુદ વધવા માંડી. પાછલા પગ તે ગાડીને મારવા લાગ્યો. હવે જો નંદનાથ ઝટ ન આવે તો આ ઘોડો કાબૂમાં નહીં રહે એમ ડિટેક્ટિવને લાગ્યું. તેણે ફરીથી બૂમ મારી: “નંદનાથ, આવી જાઓ” પણ તેનો જવાબ ગોળીબારમાં મળ્યો !

ડિટેક્ટિવ ગૂંચવાયો. શું નંદનાથને બદમાશોએ પકડયો હશે, એવી તેને શંકા થઇ. તેણે હિમ્મત રાખીને ઘોડાની લગામ ‘કોચબોક્ષ’ આગળના પાટીઆ ઉપરના લોઢાના સળીઆમાં મજબુત બાંધી દીધી અને ગાડીનું એક બાજુનું ફાનસ હાથમાં લીધું. પાછળ ફરી રસ્તામાં જ્યાં તેણે ફાનસનો પ્રકાશ પાડયો ત્યાં નંદનાથ સાથે એક માણસ ઝપાઝપી કરતો હતો તેણે નંદનાથને છોડી દીધો અને દોડીને એકદમ તે ઝાડીઓમાં પેસી ગયો. એ વખતે ઝાડીઓમાંથી બે ત્રણ ગોળીબાર થયા. એક ગોળીથી નંદનાથની ટોપી ઉડી ગઇ. એક ગોળી ડિટેક્ટિવની ગાડી ઉભી હતી ત્યાં ફરીથી આવીને ગાડીના પાટીઆને અથડાઈ. નંદનાથ દોડી આવ્યો; ગાડીપર ચઢયો; એટલે ડિટેક્ટિવે ઘોડાની લગામ ઢીલી કરી; ત્યાં તો અકળાયલા ઘોડાએ પૂર વેગે દોડવા માંડયું.

ગોળીબારના અવાજો ઝાડીમાંથી ચાલુ રહ્યા. ડિટેક્ટિવ કે નંદનાથને ચાલતી ગાડીએ કશી ઇજા થઇ નહીં.

ચોપાસ અંધકારનું સામ્રાજ્ય હતું. ગાડીનાં બે બાજુના બે ફાનસનું અજવાળું રસ્તો કેવો છે તે જાણવા માર્ગ-દર્શક થઇ પડતું હતું.

ડિટેક્ટિવે નંદનાથને પૂછ્યું: “શું હતું ? તમને કેમ વાર થઇ ?”

"સાહેબ, હું દોડતો હતો ત્યાં કોઇકે પાછળથી મારો હાથ ઝાલ્યો અને પીઠમાં એક ગુમ્બો લગાવ્યો. તેની સાથે મારે ઝપાઝપી થતી હતી ત્યાં આગે ફાનસ દેખાડયુ કે, તે નાઠો."

"કોણ હશે એ ?"

"મારૂં ધારવું છે કે, ગાડીવાન જ હશે. અંધારામાં તે મને મારતો હતો પણ જ્યાં દીવો દેખાયો કે, પોતે ઓળખાઈ જશે, એ બીકથી તે નાઠો હોવો જોઇએ."

ડિટેક્ટિવ તેના અભિપ્રાય સાથે સંમત થયો અને ઘોડાને કાબુમાં રાખવા ઉપર ધ્યાન આપવા મંડયો.

તેઓ લગીર દૂર ગયા એટલે ડિટેક્ટિવે પોતાની રિવોલ્વર નંદનાથને આપીને કહ્યું. "સાવધ રહેજો. ભય ટળ્યો એમ માનવાનું નથી."

"મને રિવોલ્વર ફોડતા નથી આવડતી." નંદનાથે કહ્યું.

"કાંઇ ચિંતા નહીં. ફક્ત તમારા અંગુઠાથી તેનો ઘોડો દાબજો એટલે બસ. હજી પાંચ કારતુસ તેમાં છે. દરેક બાર વખતે એકેકો નીકળશે."

"આપની પાસે બીજી રિવોલ્વર છે ?"

"હા. મારી પાસે સાથે લાગા ત્રણ બારની રિવોલ્વર છે."

બન્ને જણ આ મુજબ, હવે પાછીના આચિંતા હુમલા માટે તૈયાર થઈ રહ્યા. ડિટેક્ટિવે પોતાની બેગમાંથી ત્રણ નળીની રિવોલ્વર કાઢીને પોતાના હાથમા રાખી.

ડિટેક્ટિવને ઝાડીમાંથી છુટેલી ગોળીઓ વિષે વિચાર કરતાં એક બાબતની નવાઇ લાગ્યા કરતી હતી. તે એ કે, બદમાશોએ બહાર આવીને ગાડી ઉપર હુમલો શા માટે ન કર્યો ?

નંદનાથ સાથે ઝપાઝપી કરનાર ગાડીવાન નાઠો એ ઉપરથી ડિટેક્ટિવને ખાત્રી થઇ કે, જે લોકો ઝાડીઓમાંથી ગોળીઓ છોડતા હતા તેઓને નંદનાથ કદાચ ઓળખી જાય, એ બ્હીકથી તેઓ બહાર આવ્યા હશે નહીં.

ડિટેક્ટિવ સારી રીતે ગાડી હાંકી જાણતો હોય, એમ નંદનાથને લાગ્યું, કારણ તે વાતચીત કરતો હતો તે દરમ્યાન પણ ગાડી લગીરે આડી અવળી દિશામાં ન જતાં સીધેજ માર્ગે જતી હતી અને ઘોડાની ઝડપ વધતી જતી હતી. બદમાશો હજી પિછો લીધા વિના રહેવાના નથી. એવી પાકી શંકા ડિટેક્ટિવને હોવી જોઇએ એમ નંદનાથને લાગ્યું.

અધવચ બે રસ્તા ફંટાયા. નંદનાથને ડિટેક્ટિવે પૂછ્યું: "કઈ તરફ ?"

"જમણી તરફ," નંદનાથે જવાબ દીધો અને ગાડી તે બાજુ ચાલી.

આશરે ૦। કલાક સુધી માર્ગ કાપ્યો હશે એટલામાં ડિટેક્ટિવની શંકા સાચી પડી. ગાડીનાં ફાનસના અજવાળામાં જણાયું કે, રસ્તામાં બુરખાધારી ચાર આકાર માર્ગ રોકીને ઉભા છે ! તેઓની બિલ્કુલ દરકાર કર્યા વિના ડિટેક્ટિવે ઘોડાની ઝડપ વધારી. તેઓ ઉભા હતા ત્યાં ગાડી આવી; પણ તેઓ ખસ્યા નહી.

"ખબરદાર !" એક પહાડી અવાજ સંભળાયો.

"કોણ છો ?" ડિટેક્ટિવે પૂછ્યું.

"બહારવટીઆ."

"માર્ગમાંથી હટી જાઓ; નહીંતર ઠાર થશો."

તેણે રિવોલ્વરમાથી હવામાં ગોળીબાર કર્યા. બદમાશો ખસી ગયા. ઘોડો ચમકીને કુદ્યો અને પૂર વેગે નાસવા લાગ્યો.

"નંદનાથ, સાવધાન !" એમ મોટેથી ડિટેક્ટિવે બૂમ પાડી કહ્યું: "ગાડીના વચલા ભાગમાં નીચા વળીને બેસી જાવ."

એ ચેતવણી ખરેજ વખતસરની હતી; કેમકે બદમાશોએ ગાડીની પાછળ દોડતાં દોડતાં ગોળીબાર શરૂ કર્યા. ડિટેક્ટિવ પોતે 'કોચબોક્ષ' અને આગળના પાટીઆની વચમાં બેસી ગયો. ત્યાથી તેણે પાછલી બાજુએ બદમાશો સામે ફરીથી ગોળીઓ છોડી.

"ઓહ્" એવો એક ચિત્કાર સંભળાયો. એકાદ બદમાશ ખર્યો, એમ ડિટેક્ટિવને લાગ્યું. સામેથી થોડાક વધુ ગોળીબાર થયા પણ નંદનાથ ગાડીના વચલા ભાગમાં છુપાઇ ગયો હોવાથી અને ડિટેક્ટિવને 'કોચબોક્ષ' ની ઓથ હોવાથી એકે ગોળી વાગી નહીં. ગાડી પહેલાંની માફક ઝડપથી જતી હતી. બદમાશો તેની ઝડપને પહોંચી શકયા નહીં. તેઓના ગોળીબાર બંધ પડયા અને પાછળ દોડવું પણ બંધ પડયું. પોતાની 'બૅગ' માંથી નાની વીજળીની બત્તી કાઢીને ડિટેક્ટિવે તેઓની સ્થિતિ તપાસવા માટે પાછળ પ્રકાશ ફેંક્યો. બત્તી ઉંચી જાતની હતી. તેનો પ્રકાશ દૂર સુધી જઇ શકતો હતો. ડિટેક્ટિવે જોયું કે, બે બુરખાધારીઓ એક જગ્યાએ ઉભા રહેલા છે; એક બેસી પડેલા છે અને એક કેટલેક દૂર જમીન પર લાંબો થઈને પડેલો છે.

પ્રકાશ બંધ પાડી એક છેવટની ચેતવણી તરીકે ફરીથી હવામાં ગોળીબાર કરીને ડિટેક્ટિવ સ્વસ્થતાથી કોચ બોક્ષ પર બેસી ગયો. તેને નંદનાથે કહ્યું: "મારૂં માનવું છે કે, હવે ભય દૂર થયો છે."

"ઇશ્વર જાણે હજી શું થશે ને શું નહીં ?" એમ કહેતાં ડિટેક્ટિવે પૂછ્યું: "પણ, આપણે ખરે રસ્તે છીએ ને ?"

"હા જી. રસ્તો તો કુન્દનપૂરનો જ છે."

"હજી તે કેટલું દૂર હશે ?"

"મને લાગે છે કે, હજી પોણા ભાગનો રસ્તો બાકી હશે."

"કાંઈ ચિંતા નહીં." એમ કહી ડિટેક્ટિવે ગાડી રીતસર ચલાવવા માંડી.

પોતાના કાંડા ઉપરનું ઘડીઆળ ગાડીના ફાનસના પ્રકાશ આગળ ધરીને ડિટેક્ટિવે જોયું તો, સહાડા નવમાં પાંચ મિનિટ કમ હતી.

લગભગ પંદર સોળ માઇલનો રસ્તો બાકી હોય તો ત્રણેક કલાકમાં પહોંચી જવાશે એમ તેણે અનુમાન કર્યું.

તેણે નંદનાથને પૂછ્યું: "શું આ પ્રદેશમાં બહારવટીઆ છે?"

"ના રે, સાહેબ, બહારવટીઆ કેવા? બહારવટીઆ હોય તો ફક્ત ચાર જ હોય?"

"ત્યારે તો નક્કી, એ જાલિમસિંહ તરફના માણસો હોવા જોઇએ–" તે આગળ બોલવા જતો હતો એટલામાં ગાડીનું એક પૈડું ગાડીથી અલગ થઈ ગયું અને દોડતા ઘોડા સાથે ગાડી ઘસડાવા લાગી.

પાછળ જોઇ ડિટેક્ટિવે નંદનાથને કહ્યું: "બેઠકનું બીજી બાજુનું પાટીઉં જોરથી પકડીને બેસો. હું ગાડી થોભાવું છું."

ડિટેક્ટિવે બળ કરીને લગામ ખેંચી; ઘોડા એકદમ તો થોભ્યો નહીં; પણ કેટલેક દૂર દોડયા બાદ થોભ્યો.

ડિટેક્ટિવ અને નંદનાથ ગાડીમાંથી નીચે ઉતરી ગયા. સૌથી પહેલાં ડિટેક્ટિવે ઘોડાને થાબડીને શાન્ત કર્યો. અને તે બાદ પોતાની વીજળીની બત્તીની મદદથી તપાસ કરી તો જણાયું કે, ખીલો નીકળી ગયો છે અને તેથી પૈડું પણ ઉતરી પડયું છે!

તેને યાદ આવ્યું કે, પોતે જાલિમસિંહની મોટર પાસે જતો હતો તે વખતે સેનાપતિ અને ગાડીવાન કાંઇક વાતચીત કરતા હતા. એ વાતચીત આ કાવત્રાની જ હોવી જોઇએ, એ તેના ખ્યાલમાં આવી ગયું.

"નંદનાથ, આ કાવત્રું અગાઉથી થયું હતું."

"એમ?"

"હા. તમારા સેનાપતિજીએ ગાડીવાન પાસેથી અગાઉથી જ ખીલો ઢીલો કરાવી રાખ્યો હતો. આપણી ગાડી પૂરપાટ દોડતી હોવાથી આખરે એ ખીલો નીકળી ગયો."

"ત્યારે આપણે ઇશ્વરનો આભાર માનવાનો કે, એ વખત બદમાશોના પંજામાં આપણે સપડાયા ત્યારે આ પૈડું નીકળી ગયું નહીં."

"બેશક," એમ કહી ડિટેક્ટિવ પોતાની બત્તી સાથે જે રસ્તેથી તેઓ આવ્યા હતા, તે રસ્તે પાછો જવા લાગ્યો.

નંદનાથ વિચારમાં પડયો કે, તે પાછો કેમ ગયો? બત્તીના પ્રકાશમાં તેણે જોયું કે, ડિટેક્ટિવ એક જગ્યાએ ઉભો રહ્યો. જ્યાં ગાડીનું પૈડું પડયું હતું, ત્યાં તે વાંકો વળ્યો અને પોતાની ખાંધ ઉપર તે પૈડું ચઢાવીને તે ગાડી તરફ આવવા લાગ્યો.

નંદનાથ તેને મદદ કરવા દોડયો. ડિટેક્ટિવે તેને જોઇને કહ્યું: "કોઈ જાતની ચિંતા ન કરશો. પૈડું કાંઇ ખૂબ ભારે નથી."

ગાડી પાસે પૈડું લાવીને ડિટેક્ટિવે કોચબોક્ષમાં તપાસ કરી તો કશાં સાધન તેમાં ન જણાયાં. ગાડીમાં બેસવાની બેઠકની ગાદી નીચેનું પાટીઉં તેણે ઉપાડી જોયું, તો તે પણ તદ્દન ખાલી જણાયું. ગાડીમાંનાં બીજાં પોલાં ભંડારીઆં પણ તેણે જોયાં. લોઢાનો એક ઝીણો વાળો સરખોએ તેમા ન હતો!

"અહો! કાવત્રું તો જબરૂં કરવામાં આવ્યું છે. સમારકામ માટેના તમામ ઓજારો અગાઉથી જ કાઢી લેવાયલાં લાગે છે!

"હવે શું કરીશું સાહેબ!"

"નંદનાથ, ગાડીનું સમારકામ નહીં થઈ શકે પણ ઘોડાને તો કાંઇ સમારકામ કરવાનું નથી ને? સેનાપતિનું એ ઉમદા પ્રાણી ડિટેક્ટિવનું મદદગાર થશે જ."

"શું આપ ઘોડેસ્વારી કરીને કુન્દનપૂર જશો?"

"હું એકલો જ નહીં. તમે પણ" એમ કહીને ડિટેક્ટિવ ઘોડાની પીઠ ઉપરનો ગાડીનો સામાન દૂર કરવા લાગ્યો.

"આપણે બે એક ઘોડા પર બેસીશું?"

"હા. એ સિવાય બીજો કોઇ જ રસ્તો નથી."

"સાહેબ, હું ચાલીને પાછો જઇશ, અને આપ એકલા જેમ બને તેમ વહેલા પહોંચી જાઓ."

"નહીં. હું મોડો થયો છું એ નક્કી છે. મારો સાધનસંપન્ન હરિફ મને આમ સાધનવિમુખ બનાવીને ક્યારનોએ કુન્દનપૂર પહોંચી ગયો હોવો જોઇએ."

ડિટેક્ટિવ વાત કરતો હતો પણ તે સાથે તેના હાથ તો કામજ કરતા હતા. તેણે ઘોડાને ગાડીથી છૂટો કર્યો. ફાલતુ સામાન બધો દૂર ફેંકી દીધો. ફક્ત એક જીન તેના પર રાખ્યું અને 'કોચબોક્ષ' ઉપરની એક ગાદી ઉઠાવી સામાનમાના એક પટાથી તે ઘોડાની પીઠ ઉપર તંગ કરી અને નંદનાથને કહ્યું: "ચાલો, આનાકાની ન કરો. મારી પાછળ સ્વાર થઈ જાઓ."

તેણે નંદનાથને ઘોડાપર બેસવામાં મદદ કરી અને તે બાદ પોતાની બૅગમાં રિવોલ્વરો વગેરે મૂકી દઇને તે પણ ઘોડા પર ચઢી બેઠો. ઘોડેસ્વારી માટે રીતસર કશાં જ સાધનો આ ઘોડેસ્વારો પાસે નહતાં. નાની લગામને બદલે ગાડી હાંકવાની મોટી લગામથી તેઓને નિભાવવું પડયું! પગ ધાલવાને પેંગડા નહતાં તેથી પગ લબડતા રાખવા પડયા! ડિટેક્ટિવ પોતે તો આ બધું નિભાવી જ લે પણ નંદનાથ કે જે ઘોડેસ્વારીથી વાકેફ ન હતો તેને પણ તે નિભાવી લીધા સિવાય છૂટકો નહતો.

"પેલી વાંચનમાળામાંના પાઠની પેઠે એક ઘોડા ઉપર બે જણની સ્વારીમાં ઠીક મઝા પડશે! અને આ અંધારી રાતે આપણને દેખનાર કોણ છે? એટલે મશ્કરી થવાની બીક ના રાખશો!" એમ હસીને કહેતાં ડિટેક્ટિવે ઘોડાને થાબડીને કુન્દનપૂરને રસ્તે ચલાવ્યો.

પરિચ્છેદ ૪.

‘ રૂપેરી રાજહંસ ’ આગની આફતમાં !

જે વખતે મુસાફરીનાં તમામ સાધનો વિનાનો બનેલો ડિટેક્ટિવ નંદનાથ સાથે એક ઘોડા ઉપર બેસીને મુસાફરી કરતો હતો તે વખતે કુન્દનપૂરના સિમાડા નજદીક એક મોટર ઉભેલી હતી. આ તેજ મોટર હતી, જેમાં બેસીને જાલિમસિંહ અજયગઢ જવાનું બહાનું કાઢીને ઉપડી ગયો હતો. તે અજયગઢ નહીં જાય પણ કુન્દનપૂર જશે, એમ ડિટેક્ટિવે ટીકા કરી હતી અને તે સાચી પડી હતી.

જાલિમસિંહ લગભગ સહાડા નવને શુમારે કુન્દનપૂર નજદીક આવી પહોંચ્યો. હજી તો એક બાજુ મર્હુમ મહારાજાનું શબ અગ્નિ–સંસ્કાર વિના પડયું છે ત્યાં બીજી બાજુપોતે જાલિમસિંહ તરીકે ખુલ્લા વેશથી કુન્દનપૂર જાય તો નાહક કોઇની ચિકિત્સા વૃત્તિ ઉશ્કેરાય. વળી તેને જે કામ કરવાનું હતું તે કોઇ પણ વ્રાહ્મિનને અથવા તો મહેલમાંના કોઇને જાણ ન થાય, એવી રીતે કરવાનું હતું. એટલે સિમાડામાં મોટર થોભાવીને તેણે મોટર હાંકનારનાં કપડાં ફેરબદલ કર્યાં; અને તે પછી નિરાંતે તે મહેલ તરફ જવા લાગ્યો.

કુન્દનપૂર–નરેશનો રાજમહેલ શહેરને બીજે છેડે આવલો હતો. શહેરથી ખાસ અલગ નહીં તેમ શહેરની વચ્ચોવચ્ચ નહીં; એવા સ્થાનમાં તે હતો. એ એક ભવ્ય મહેલ હતો. તેની આસપાસના રસ્તાઓ પાકી સડકના બનાવેલા હતા. અને તેમની બન્ને બાજુઓએ થોડે થોડે અંતરે મોટા ઝાડોના જૂથ શોભતાં હતાં. મહેલ અને શહેર વચ્ચેના રસ્તામાં એક તળાવ આવતું હતું, જેમાં બારે માસ પાણી રહેતું. મૂળ તો પહાડી પ્રદેશ એટલે ટેકરાડુંગરાઓ કુન્દનપૂરની ચોતરફ જોવામાં આવતા; પણ તેમા ઝાડ અને તેમની ઘટાઓ જ્યાં જ્યાં હતી ત્યાંનો ભાગ રમ્ય લાગતો હતો.

મોટર હાંકનારના વેષમાં જાલિમસિંહ પગપાળો કુન્દનપૂર શહેરમાં થઇને રાજમહેલ તરફ જવા લાગ્યો; તે વખતે ચન્દ્રમાના અજવાળાં થવાની તૈયારી હોવાથી થોડીક વારમાં મહેલ પાસે પહોંચતી વખતે કુદરતી પ્રકાશ મળી રહેશે એમ જાલિમસિંહે ધાર્યું. પણ શહેરમાં પહોંચતાં તેણે આશ્ચર્યચકિત કરનારાં બે દશ્ય જોયાં. શહેરની આખીયે વસ્તી જે તરફ પોતે જતો હતો, તે તરફ જતી હતી ! અને ચન્દ્રના રૂપેરી પ્રકાશને બદલે સોનેરી પ્રકાશથી આકાશ અને કુન્દનપૂરનાં મકાનો છવાઇ ગયાં હતાં ! !

“ આમ કેમ ?” જાલિમસિંહ બરબડયો: “ નક્કી, કોઇ જગ્યાએ મોટી આગ લાગી હોવી જોઇએ. ”

તેણે રસ્તે જનારાઓમાંના એકને પૂછયું:

“ આ બધા લોકો કયાં જાય છે ?”

“ આગ જોવા ”

“ આગ કયાં લાગી છે ?”

“ રાજાના મહેલમાં ! ”

જાણે બંદૂકની એક ગોળી વાગી હોય તેમ જાલિમસિંહ ચમકયો: “ રાજમહેલમાં આગ ! વિધાતા કોપ્યો છે કે શું ? ! ”

તે ડાચું વિકાસીને આગ તરફ જોવા લાગ્યો. આભને અડે એટલા ઉંચા ભડકા થઇ રહ્યા હતા. “ આગ લાગવાનું કારણ શું ? ” તેણે પોતાની સાથે ચાલનાર માણસને પૂછયું.

“ એ તો ભઈ શા’બ તમારા જેટલું જ હું જાણું છું. અમે બધા અમારા ફળીઆમાં બેઠા’તા ત્યાં સાંભળ્યું કે, રાજાનો મહેલ સળગી ઉઠયો ! આ બેઠા’તા ત્યાંથી ઉઠયા અને હવે જઇએ છીએ જોવા.” એમ કહી, તે માણસ પોતાના સાથીદારો જેઓ આગળ દોડતા દોડતા જતા હતા, તેમના ભેગો ભળી ગયો.

એ વખતે એક અમલદારની ગાડી આગવાળા સ્થળ તરફ દોડતી જતી જાલિમસિંહે જોઇ. તેણે પલકમાં નિશ્ચય કરી લીધો કે, હવે છુપા રહેવું નકામું છે. રાજમહેલમાં તેણે હરકોઈ ઉપાયે જલદી પહોંચી જવું જોઇએ. રસ્તા વચ્ચે ઉભા રહીને હાથ ઉંચા કરીને ગાડીવાનને તેણે “સબૂર” એવી હાંક મારી. મહારાજાના મોટરવાળાનો પોષાક જોઇ ગાડીવાને તે ગાડી થોભાવી. જાલિમસિંહ ગાડીમાં ચઢી બેઠો. ગાડી ફરીથી ચાલી. જે અમલદાર તેમાં બેઠો હતો તેને જાલિમસિંહે પૂછયું “ રાજમહેલ તરફ જાઓ છો ને ? મારે ત્યાંજ જવું છે. તમે મને ઓળખો છો કે ? ”

અમલદાર વિચારમાં પડી ગયો કે, આ કોણ હશે ? જાલિમસિંહે કહેવા માંડયું: “ મહારાજાના નાનાભાઈને ઓળખો છો ? ”

“ હા……હા……કૃપાળુ ” આભો બનેલો અમલદાર તેના તરફ જોતો જોતો ત્રુટક સ્વરે બોલવા લાગ્યો: “ આપ જ…જાલિમસિંહ મહારાજ…લાગો છો. ” તેણે તરતજ પોતાની જગ્યાએથી ઉઠીને સામેની બેઠકમા સ્થાન લીધું.

“ હું જ જાલિમસિંહ છું. આગ શાથી લાગી ?”

“ નામદાર, ચોક્કસ ખબર મળી નથી પણ રસોડામાંથી આગ લાગી એમ કહેવાય છે.”

“ ગાડીવાનને હુકમ કરો કે, ઘોડાને પૂરપાટ દોડાવી મૂકે.”

અમલદારે ગાડીવાનને તે મુજબ કહી દીધું અને ઘોડો સપાટાબંધ દોડવા લાગ્યો. સામાન્ય રીતે જ્યારે કોઇ મોટા માણસ સાથે એકાદ નાના માણસનો મેળાપ થાય છે, ત્યારે મોટો માણસ જેટલા પ્રશ્ન પૂછે, તેટલાનો જ જવાબ આપવાનો શિરસ્તો હોય છે અને આ તો રાજવંશી પુરૂષ એટલે એની સાથે આ નાનો અમલદાર

પોતાની લુલીબાઇ વધુ શી રીતે હલાવી શકે ? તે બિચારો ઓસંગાતો ઓસંગાતો ગાડીમાં બેસી રહ્યો.

"તમે અહીં શા હોદ્દા ઉપર છો ?"

"જી મહારાજ, હું તિજોરી ખાતાનો ઉપરી છું."

"એમ ? હું અત્યારની તમારી સેવા નહીં ભૂલું. થોડાકજ વખતમાં તમે સૌ જાણશો કે, આ રાજ્ય ઉપર માત્ર રાજમહેલની આ આગની આફત આવી નથી પણ રાજ્યનો સૂર્ય અસ્ત પામ્યો છે."

તિજોરી ખાતાનો ઉપરી અમલદાર જાણે પોતાના માથા ઉપર વિજળી પડી હોય તેમ ચમક્યો. જાલિમસિંહે કહ્યું: "ખુલ્લા શબ્દોમાં કહું તો, મહારાજશ્રી સ્વર્ગસ્થ–"

એ વખતે મહેલ નજદીક તેઓ આવી પહોંચ્યા એટલે ઉપલું વાક્ય પૂરું કરવાની લગીરે દરકાર ન કરતાં જાલિમસિંહ છલંગ મારીને ગાડીમાંથી ઉતરી પડ્યો. જાલિમસિંહે જોયું કે–મહેલ ચોપાસથી સળગી રહ્યો છે. આગ અસાધારણ હતી. લોકોની ઠઠ ત્યાં જામેલી હતી. આગ બુઝાવવાના બે બંબાઓ કામે લાગેલા હતા. મહેલ ઉપર ચઢવા માટે ચોતરફ બંબાખાતાની નિસરણીઓ મૂકવામાં આવી હતી. પાણીની શુંઢો વડે બંબાખાતાના કેટલાક માણસો આગ હોલવતા હતા; કેટલાક મહેલમાંથી જે કાંઇ કીંમતી સરસામાન હાથ લાગે તે બહાર કાઢતા હતા. લશ્કર ખાતાના સૈનિકો તથા રાજ્યના પોલિસ ખાતાના સિપાઇઓ બંદોબસ્ત જાળવીને લોકોને આગથી દૂર રાખતા હતા અને બંબા ખાતાના માણસોને પણ મદદ આપતા હતા.

લોકોની ભારે ગીર્દી ભેદીને મહેલ પાસે પહોંચવું, એ સહજ વાત નથી એમ જાલિમસિંહને લાગ્યું. તે ખભા અને કોણીઓ માણસોને મારીને આગળ જવા કોશિષ કરવા લાગ્યો પણ તેનું કાંઇ વળ્યું નહીં.

તે વિચારવા લાગ્યો કે, ગીર્દીમાથી કેમ આગળ જઉં ! ત્યાં તેનું ખિસ્સું જરાક ખેંચાયું. પાછળ નજર કરતા એક માણસ તે ઉપર કાતર મૂકવા જતો હતો ! જાલિમસિંહે તેને એક લાત મારીને કહ્યું: "આ આગ વખતે તમને ખિસ્સાકાતરૂઓને તમારો ધંધો ચલાવવો સુઝે છે ?" તે માણસ તેની લાતથી જરાક દૂર ગબડી પડયો પણ તરત પાછો ઉઠીને દોડી ગયો અને ગીર્દીમા ભળી ગયો. એટલામાં પાછળથી એક મોટો ધાટો સંભળાયો: "દૂર હટો, જાલિમસિંહ મહારાજને માગ કરી આપો." જાલિમસિંહે પાછું વાળીને જોયું તો તે તિજોરી ખાતાનો ઉપરી અમલદાર હતો. તે અમલદારની બૂમોનું ફળ તત્કાળ મળ્યું લોકોએ માર્ગ કરી આપ્યો અને જાલિમસિંહ તે અમલદાર સહિત ગીર્દીમાથી બહાર નીકળ્યો. તિજોરી ખાતાના ઉપરી અમલદારે આગળ જઇને પોલિસના એક સિપાઇને ખબર આપી કે, "મારી પાછળ આવે છે, તે જાલિમસિંહ મહારાજ છે." એટલે તે સિપાઇએ નમીને તેને સલામ કરી.

"આગ ખાતાના ઉપરી પાસે મને લઈ જા" જાલિમસિંહે સિપાઇને હુકમ કર્યો. સિપાઈ આગળ અને જાલિમસિંહ પાછળ, એમ ચાલવા લાગ્યા. મહેલનાં પગથીઆં ઉપર આગ ખાતાનો ઉપરી ઉભો હતો અને માણસોને જરૂરી હુકમો આપતો હતો. સિપાઇએ તેને જાલિમસિંહનો પરિચય આપતાં જ તેને જાલિમસિંહે પૂછ્યું: "તમે મહારાજા સાહેબના પુસ્તકાલયમાંથી બધી વસ્તુઓ કાઢી શકયા છો કે ?"

"હા નામદાર, ઘણાંક પુસ્તકો, ચિત્રો, ફુલ મૂકવાનાં ચાંદીનાં કુંડાં, કેટલાક ચાંદી સોનાનાં પૂતળાં વગેરે બચાવી શકાયા છે ?"

"એ બધું ક્યાં છે ?"

"પધારો મહારાજ, મારી સાથે. હું બતાવું." એમ કહીને તે તેને મહેલથી થોડેક દૂર એક ખુલ્લી જગ્યામાં પોલિસ સિપાઇઓના ચોકી પહેરામા મૂકાયલી એ વસ્તુઓ આગળ લઇ ગયો. જાલિમસિંહે તે વસ્તુઓનું નિરીક્ષણ કર્યું પણ તેને જે જોઈતું હતું તે તેમાં નહોતું, એટલે તેણે આગ ખાતાના ઉપરીને કહ્યું: "આ સિવાય બીજી કોઇ વસ્તુઓ ત્યા રહી છે ખરી કે ?"

"જે કાઇ રહી હશે તે હવે તો બળીને જરૂર ખાખ થઇ ગઈ હશે. માણસોથી બન્યુ તેટલું બહાર કાઢવામાં આવ્યું અને જ્યારે આગ બહુજ પ્રસરી ત્યારે તે યત્ન પડતો મૂકાયો."

"વારૂ. ચીજો બહાર લાવનારા કોણ કોણ હતા ?"

"મારા ખાતાના માણસો ઉપરાત મહારાજા સાહેબના એક બે હજુરીઆ પણ કેટલીક ચીજો ઉઠાવતા હતા."

"એમ ? મહારાજાશ્રીના બધા હજુરીઆઓને એકઠા કરો."

જાલિમસિંહને વિચાર આવ્યો કે–જે ચીજ મારે જોઈતી હતી, તે જો મહેલમાં બળી ગઇ હોય તો તો કાંઇ ઉદ્વેગ કરવા જેવું નથી. પણ કોઇ હજુરીઆને હાથ ગઇ હશે તો અનર્થ થશે. તેણે હજુરીઆઓને એકઠા કરવા કહ્યું તે વખતે તિજોરી ખાતાના ઉપરી અમલદાર સહિત નાયબદિવાન અને બીજા કેટલાક અમલદારો ત્યાં આવી લાગ્યા. જાલિમસિંહને તેઓને જોઇને ખૂબ ચીઢ ચઢી. જે વખતે પોતાને અમુક વસ્તુ વિષે ખાનગી તપાસ ચલાવવી છે અને જે વખતે તે પોતે અહીં ન હોવો જોઇએ, તે વખતે તેની અનિચ્છાએ તેને વધુને વધુ પ્રકાશમાં આવવું પડે છે !

નાયબદિવાને તેની પાસે આવીને જ્યાં તેને સલામ કરી કે તેણે રૂઆબથી પૂછ્યું: "મહારાજાશ્રીના હજુરીઆઓ ક્યા છે ? એકદમ તમામને મારી પાસે અહીં હાજર કરો."

દોડાદોડી થઈ રહી. સિપાઇઓને મોકલીને હજુરીઆઓ ને એકઠા કરવામા આવ્યા.

જાલિમસિંહે પૂછ્યું: “તમે બધાજ આવ્યા કે તમારા-માંનો કોઇ બાકી રહ્યો છે?”

એક જણે કહ્યું: “બાપજી, હરભમ એકલો બાકી છે.”

“તે કેમ નથી આવ્યો?”

“તે તો ઇસ્પીતાલમાં છે!”

“ત્યાં કેમ ગયો છે!”

“એ આગમાં સખત દાઝી ગયો છે. ચોપડીઓવાળા મોટા ઓરડામાંથી એક ચીજ બચાવવા માટે તે આગના ભડકાઓમાં આંધળીઆ કરીને પડયો'તો.”

જાલિમસિંહ આ હજુરીઆને બીજા બધાઓથી દૂર લઇ ગયો અને પૂછવા લાગ્યો: “હરભમ શી ચીજ બચાવવા આગમાં કુદી પડયો હતો?”

“વાત જાણે એમ બની'તી, બાપજી કે, જ્યારે આગ ખૂબ પસરી ગઈ ત્યારે એકદમ હરભમને કાંઈક યાદ આવ્યું તેણે અમને કહ્યું કે–ચોપડીઓવાળા ઓરડામા રૂપાનો એક હંસ છે તે જીવના જોખમે પણ બચાવવો જોઇએ. એ બચાવીશું તો મહારાજ સાહેબ બહુજ ખુશી થશે–”

“હં. પછી? ઝટ ટૂંકમાં વાત પતાવી દે.”

“પછી તો... પછી તો...એ પોતેજ મહેલપર દોડયો. ચારે પાસથી ભડકા સળગતા હતા. આ બંબાખાતાવાળા-ઓએ એને ના પાડી કે, અંદર ન જા; પણ એણે તો ના માન્યું તે, બાપજી, ના માન્યુ—”

“વારૂ; પણ પછી? લાંબી પરડ ના કર; ટૂંકમાં કહે.”

“હરભમ ગાંડા જેવો અંદર પેઠો એટલે હું એને ઘેર એની બૈરીને ખબર કરવા ગયો'તો કે, આ મૂર્ખાને એ સમજાવે તો ઠીક. પછી તો હું તેની બૈરી સાથે આવ્યો ત્યારે તે ખૂબ દાઝી ગયેલો હતો એટલે નાયબદિવાન સાહેબે એને ઇસ્પીતાલમા મોકલ્યો ને એની બૈરી એની સાથે ગઈ.”

“પણ અક્કલના ઓથમીર! હંસનું શું થયું તે તો કહે?”

“તે તો, બાપજી, હું નથી જાણતો.”

લાંબી લાંબી વાત કરીને આખરે તો “ખોદ્યો ડુંગર ને કાઢયો ઉંદર” એવુંજ આ માણસે કહ્યું; તેથી જાલિમ-સિંહને તેના ઉપર ચીઢ ચઢી. તેને એક તમાચો લગાવી દઈને તે નાયબ દિવાન પાસે આવ્યો અને બોલ્યો: “એકદમ મને એક મોટર આપો.”

મોટર મંગાવવામાં આવી. તેમાં બેસીને જાલિમસિંહે હાંકનારને હુકમ કર્યો: “હોસ્પિટલ.”

નાયબ દિવાને બ્હીતે બ્હીતે પૂછ્યું: “મહારાજા સાહેબની વાત સાચી છે, નામદાર?”

“હા. તેઓશ્રી સ્વર્ગસ્થ થયા છે.”

જાલિમસિંહની મોટર હોસ્પિટલ આગળ જઇને ઉભી રહી. તે અંદર પેઠો. ડાક્ટર હરભમની સારવાર કરતો હતો.

જાલિમસિંહે ડાક્ટરને પોતાની ઓળખાણ આપી પાંચ મિનિટ હરભમ સાથે પોતાને એકાંત આપવા જણાવ્યું, ડાક્ટર બહાર ગયો. એટલે જાલિમસિંહે હરભમને પૂછ્યું:

“તારૂં નામ હરભમ કે?”

“હા, નામદાર”

“રૂપાના હંસની ચોરી તેં શા માટે કરી છે?”

“ચોરી? શું બોલો છો, અન્નદાતા? એ ચોરી નહોતી પણ મહારાજા સાહેબની મોટામાં મોટી સેવા હતી.”

“સેવા શી રીતે?”

“મહારાજા સાહેબ મને હમેશાં કહેતા કે, હરભમ, આ હંસ મને બહુ વહાલો છે. તે ચોરાઈ જાય નહીં તે માટે તેનું જીવ કરતાં પણ વધુ જતન કરવાનું છે; હો? બસ આથીજ મેં આગ વખતે મારા જીવના જોખમે તે બચાવ્યો.”

“પણ મૂરખ, એવી રૂપાની ચીજ મેળવવા માટે આવું સાહસ ખેડાય? જો, તું કેટલો બધો દાઝી ગયો છે?”

“નામદાર, એ રૂપાની ચીજ પણ નથી—”

“શું હંસ રૂપાનો નથી?”

“ના. એ હંસ કેમ લેવાયો તે તમે વિલાયત હતા એટલે ક્યાંથી જાણો? પંદર દહાડા ઉપર એક બ્રાહ્મણ કાશીએથી આવ્યો અને મહારાજાના ચરણમાં તેણે પિત્તળનો એ હંસ મૂકયો. તેમાં કારીગરી એ હતી કે, તેની ચાંચ દાબે એટલે ગળામાં એક બાકોરૂં પડે. એમાં પછી કાંઇ દાગીનો કે ઝવેરાત રાખવું હોય તો રાખી શકાય—

“હં પછી?—”

“મહારાજા સાહેબને એ હંસ ગમી ગયો. વળી તેના ઉપરનું કોતરકામ પણ તેમણે ઘણું વખાણ્યું. હંસ પોતાની પાસે રાખીને એમણે પોતાના ગળામાંથી ઝવેરાતનો એક હાર એ બ્રાહ્મણને ભેટ આપ્યો. પછી એક સોની મહાજનને બોલાવીને મહારાજા સાહેબે એ હંસને રૂપાથી રસાવ્યો અને એ પછી પોતે હમેશાં જે ખુરશીમાં બેસીને વાંચતા તેની ઉપર દિવાલમાં એક ખાસ અભરાઇ ઉપર એ હંસ મૂકાવ્યો હતો. તે નામદાર રોજ મને કહેતા કે, મારા પોતાના જીવ કરતાં હું એની કીંમત વધારે ગણું છું. આથીજ મેં તે બચાવવાનું જોખમ ખેડયું.”

"હં. હં. ત્યારે તો તેં ઠીક કર્યું. એ બદલ મહારાજા સાહેબ તો તને હવે પછી બક્ષિસ આપશે પણ મારે ય આપવીજ જોઈએ." એમ કહી, તેના હાથમાં તેણે રૂા. ૧૦૦ ની ચલણી નોટો મૂકી અને પૂછ્યું: "વારુ. હવે કહે જોઈએ. એ હંસ ક્યાં છે?"

"મેં મારી બૈરીને આપ્યો છે. કોઈ ન જાણે એવી જગ્યાએ સંતાડી આવવા કહીને હમણાંજ તેને અહીંથી મોકલી છે."

"એ પાછી અહીં આવશે ખરી કે?"

તે જવાબ આપે એટલામાં તો એક સ્ત્રી તે ઓરડામાં દાખલ થઇ. તેને જોઇને હરખમે કહ્યું: "આ આવી! હવે આપ એને પૂછો કે, હંસ ક્યાં છે?"

પરિચ્છેદ ૫.

ભાઇ બહેન.

તે સ્ત્રીએ ઘુંઘટો તાણ્યો હતો. તેનું મોં દેખાતું નહતું!

જાલિમસિંહે તે સ્ત્રીને પૂછ્યું: "હંસ ક્યાં છે?"

"હંસ કેનો અને વાત શી?" તે સ્ત્રીએ સામો પ્રશ્ન કર્યો.

હરખમે તેને કહ્યું: "એમને કહેવામાં હરકત નથી. એ મહારાજા સાહેબના ભાઇ થાય છે. આજ સુધી વિલાયત રહેતા હતા."

"માત્ર ભાઇ નહીં. હવે તો મહારાજાજ હું છું."

હરખમ ચોંક્યો અને બોલ્યો: "એમ કેમ બોલો છો?"

"મહારાજા સાહેબને અકસ્માત થયો હતો એ તું જાણે છે ને?"

હરખમે હા પાડી.

"એમાથી તે ન બચ્યા. આઠ વાગે તેમણે દેહ છોડયો."

"હંસની વાત તમે ક્યાંથી જાણી?" તે સ્ત્રીએ જાલિમસિંહને પૂછ્યું.

"મહારાજાએ પોતે કહી હતી."

"બીજુંજ કાંઈ નહીં એને હંસની વાત શા માટે કહી?"

"એની તારે શી પંચાત? ચોરી કરીને વળી પાછી દાદાગિરી કરે છે! બતાવી દે ઝટ. હંસ ક્યાં મૂકી આવી?"

"એનું તમે શું કરશો, એ કહો તો બતાવું."

જાલિમસિંહને તે સ્ત્રીની પૂછપરછ ગમી નહીં. તેણે ક્રોધથી હરખમને કહ્યું: "આને સમજાવ. મારી બાબતમાં વચ્ચે ન આવે. નહીંતર તમને બન્નેને હું કેદમાં પૂરી દઇશ."

"તો ત્યાં મફતીઆ ખીચડો ખાશું ને આનંદ કરશું!"

"સખત મજુરી કરતાં ત્યાં શરીરનાં હાડકાં પાંસળાં નીકળી આવશે!"

"તોપણ હંસ નહી બતાવું."

આ સ્ત્રીની આવી હઠનું કારણ જાલિમસિંહ સમજી શક્યો નહીં. છેલ્લી ચેતવણી તરીકે તેણે હરખમને કહ્યું: "આને સમજાવે છે કે નહીં?"

"બાપજી, હું શું કરૂં? જુઓને, એ કોણ જાણે કેમ અત્યારે માનતી નથી!" તેણે તે સ્ત્રીને કહ્યું: "આલી દેને? તારા બાપનું શું જાય છે? આપણને બક્ષિસના રૂા. ૧૦૦ મળ્યા છે."

"૧૦૦ રૂપીઆ? એક પિત્તળના હંસ માટે એટલી બધી રકમ? નક્કી, એમાં કાંઇ ભેદ છે"

હરખમે કહ્યું: "રાજા લોકો તો નાની વસ્તુમાંયે એવડી મોટી રકમ બક્ષિસ આલે એમા શી નવાઇ? ભેદ શેનો હોય? અને હોય તોયે આપણે શું? આલી દે."

"ના. હું નહીં આલું. મને કહો કે, હંસની તમારે શા માટે જરૂર છે?"

જાલિમસિંહે હવે શો ઇલાજ લઇને આ સ્ત્રી પાસેથી હંસની બાતમી મેળવવી એનો વિચાર કરવા માંડયો. 'હંસ આપીશ તો ૧૦૦ ને બદલે ૫૦૦ રૂપીઆ આપીશ."

"ઓહો! ૧૦૦ ના ૫૦૦ થઇ ગયા?! ૫૦૦ શું-૫૦૦૦ આલશો તોયે નહીં આલું?"

જાલિમસિંહે પોતાના ખિસ્સામાંથી રિવોલ્વર કાઢી અને તે સ્ત્રી સામે ધરીને કહ્યું: "ચાલ, હવે બતાવે છે કે? નહીંતર યાદ રાખજે-વગર મોતે મરી જઈશ."

તે સ્ત્રીએ મોટેથી હસીને જવાબ દીધો: "સાચી વફાદારીનો તમને જરાકે ખ્યાલ નથી. ખોટી બહીકથી અમે ના બહીએ. અમારી ચામડી ઉતરડી નાખો તોયે તે સજા વટને ખાતર સહન કરીએ. મને મારી નાખશો તો તમે હંસની ખબર મેળવ્યા વિના રહેશો. એમાં મને શું નુકશાન છે?"

જાલિમસિંહ ખરેખર મુંઝાયો. આ સ્ત્રીની વાત ખરી હતી. તેને મારી નાંખે તો હંસની ખબર ન મળે એ ચોક્કસ હતું. તે બબડયો: "આ તો કોઈ જબરી બાઈ છે!" તેણે તેને કહ્યું: "બોલ ત્યારે શી શરતે તે આપીશ?"

"શરત? શરત મોંઢેથી નહીં ચાલે. લખી આપવી પડશે."

"હા. હા. તું જે કહેશે તે લખી આપીશ."

"તો જુઓ આ કાગળમાં સહી કરી આપો."

જાલિમસિંહે કાગળ હાથમાં લીધો અને વાંચ્યો. "મને રૂપેરી રાજહંસ આપવામાં આવે તે બદલ કુન્દનપૂરની ગાદી ઉપરથી હું મારો હક્ક ઉઠાવું છું અને મર્હુમ મહારાજના ગુમ થયેલા ગાદી વારસને તે આપવા બંધાઉં છું."

આ વાંચીને જાલિમસિંહ ચમક્યો. શું આ બાઇ હંસમાની વિગતથી વાકેફ થઇ ગઈ છે!

"સહી કરી આપો છો કે?" તે સ્ત્રીએ પૂછ્યું. તેના અવાજમાં આ વખતે ફરક પડયો."

"તું રાજહંસની હકીકતથી વાકેફ છે?"

"રજે રજ વાકેફ છું અને તેથીજ આ લખતમાં સહી માગું છું."

"તેં શી રીતે તે હકીકત જાણી?"

"એ કહેવા હું બંધાયલી નથી. સહી આપો છે કે કેમ?"

"તું ખવાસણ નથી. આટલી બધી ચાલાકી ખવાસણમાં નહોય. બોલ, તું કોણ છે?"

"સહી કરી આપવી નહોય તો હું આ ચાલી." તે સ્ત્રીએ આમ કહી ચાલવા માંડયું. જાલિમસિંહ તેની પાછળ ગયો અને દોડીને તેનો માર્ગ રોકીને ઉભો રહ્યો. "નહીં જવા દઉં? તું કોણ છે એ જણાવ."

તે સ્ત્રીએ મોટેથી બૂમ મારી "મેરૂ"

એક ખવાસ બહારથી ત્યાં આવી પહોંચ્યો.

"જાલિમસિંહ ભાઇને કહે કે, હું કોણ છું." તેના અવાજમાં હવે તો ખુલ્લો ફરક પડી ગયો.

મેરૂએ જાલિમસિંહને કહ્યું: "આપ નામદારે આપનાં બહેન વીરબાળાને પણ ના ઓળખ્યા?"

"બહેન અહીં ક્યાથી!"

"વધુ વિગત જાણવી હોય તો તારા મહેલમાં આવ હું ત્યાં જાઉં છું." એમ કહી તે સ્ત્રી મેરૂ ખવાસ સાથે ત્યાંથી વદાય થઇ.

ન માની શકાય એવા આ બનાવ બન્યો. કૈતલપૂર નરેશ રૂદ્રસિંહને પરણાવેલી તેની બહેન વીરબાળા, કૈતલપૂર હશે, એમ તે માનતો હતો. તેને બદલે તે અહીં ક્યાથી? એટલુંજ નહીં પણ રૂપેરી રાજહંસમાં જે હકીકત હોવી જોઇએ, તેનાથી તે વાકેફગાર શી રીતે બની? નક્કી, હંસ તેના હાથમા આવ્યો હોવો જોઇએ અને તે ખોલીને તેણે તેમાથી મર્હુમ મહારાજાનાં ગુપ્ત લગ્ન અને તેમના ગાદીવારસની હકીકતની સાબિતી વાચી હોવી જોઇએ. તે હરખમ તરફ વળી પૂછવા લાગ્યો: "તારી સ્ત્રી હંસ છુપાવવા ગઈ છે, એમ તેં મને જુઠુંજ કહ્યું હતું કે?"

"મારા જીવના સમ જો ખોટું બોલ્યો હોઉં તો!"

"ત્યારે હંસ મારી બહેનના હાથમા કયાથી ગયો?"

"બાપજી, મારૂં એમ ધારવું છે કે, મહારાજાની વહાલામા વહાલી ચીજની સલામતી આપનાં રાણી પાસે ઠીક રહેશે એમ ધારીને મારી બૈરી આપના મહેલમાં પહોંચી હશે. ત્યાં બહેન સાહેબ આજ સાંજેજ સાત વાગે આવેલાં છે તેમણે તે જોઇને લીધો હશે. હંસની કારીગરીની વા મારી બૈરી જાણે છે. એટલે તેણે તેમને કહી હશે."

"પણ અહીં ખવાસણના વેષમાં તે કેમ આવી?"

"એ તો, બાપજી, હું શું જાણું?"

મહારાજાની બહેન આજ સાંજેજ સાત વાગે અચાનક અહીં આવી, એ ખબર જાલિમસિંહને અથવા તો મહારાજના મૃત્યુને સ્થળે જઇ પહોચેલા રાજ્યના અમલદારોમાંના કોઇને નહતી. જાલિમસિંહ ઇંગ્લાંડથી આવી થોડાક દહાડા મુંબઇ રહ્યો હતો અને ત્યા તેને મહારાજની માંદગીનો તાર મળતાં બારોબાર તે ભીલની ઝુંપડી, કે જ્યાં મહારાજ હતા ત્યાં ગયા હતો. રાજ્યના કેટલાક મુખ્ય અમલદારો લગભગ સહવારનાજ તે સ્થળે પહોચ્યા હતા; એટલે તેઓ પણ વીરબાળાના આગમનથી વાકેફગાર નહતા. ફક્ત કુન્દનપૂરમાં રહેલા અમલદારો એ વાત જાણતા હતા. પણ એ સંબંધી કોઈની સાથે જાલિમસિંહને કાંઇ વાતચીત થઇ નહતી.

"મહારાજા મરણ પામ્યા એ હકીકત હમણાંજ મેં જાહેર કરી ને મહેલમા પણ કેલાસ આ... ... અને ...-

હકની ખાતર બહેને હંસ ખોલતાં તેમાંથી આ હકીકત જાણી હશે. બનવા જોગ છે કે, હરભમને વધુ વિગતો પૂછવા તે અહીં આવી હોય" મનમાં ને મનમાં આમ કહીને જાલિમસિંહ ત્યાંથી પોતાને મહેલે જવા રવાના થયો.

જાલિમસિંહ દવાખાનામાંથી ગયા બાદ હરભમ ખવાસ ત્યાં બનેલી ઘટના ઉપર વિચાર કરવા લાગ્યો. જાલિમસિંહનું પોતાની (હરભમની) પાસે હંસ માટે આવવું, મહારાજાનાં મરણના સમાચાર આપવા, તે બાદ રૂ. ૧૦૦ આપવા, એટલામાં ખવાસણના વેષમાં વીરબાળાનું આવવું, એક કાગળ આપી તેમાં સહી કરવા કહેવું, જાલિમસિંહે હંસમાંની વિગતથી તે વાકેફ છે કે શું, એવો સવાલ કરવો, તેણે હા પાડવી; સહી માટે તે બે વચ્ચે રકઝક થવી બહેન તરીકે તેણે ખુલ્લા પડવું અને પોતાને (હરભમને) જાલિમસિંહે સવાલો પૂછી મહેલમાં જવું—આ બધું હરભમને ઘણું ગૂંચવણભરેલું લાગ્યું. એક હંસને કારણે જાલિમસિંહ આટલી બધી ધાંધળ કેમ કરી રહ્યો છે, એ તેને ભારે અજાયબીની બાબત લાગી. નક્કી, હંસમાં કાંઇક ભેદ છે અને તે પણ મહૂંમ મહારાજા જેઓ વારંવાર હંસ પોતાને વહાલો છે એમ કહેતા, તેમના હિતને નુકશાનકારક છે, એમ હરભમના મનમાં ઠસી ગયું!

તે આ વિચારોમાં હતો એ વખતે ડાકટર ત્યાં આવ્યો, આ ડાકટર અત્યારે દવાખાનામાં દર્દીઓની સારવારમાં હતો પણ તેનો ઓધ્ધો મદદનિશ ડાકટરનો હતો. મુખ્ય ડાકટર ભીલપ્રદેશમાં મહૂંમ મહારાજા પાસે ગયો હતો. આ મદદનિશ ડાકટરે એમ. બી. બી. એસ. ની પદવી મેળવેલી હતી. અગાઉ તે મુખ્ય ડાકટર હતો પણ તેની ખ્યાતિ 'લાંચીઆ' તરીકે પડી ગયેલી હોવાથી તેમજ દર્દીઓને તે અકારો લાગતો હોવાથી તેનો ઓદ્ધો ઉતારી પાડવામાં આવેલો હતો. જાલિમસિંહે જ્યારે હરભમ સાથે ખાનગી વાતચીત કરવા માંડી હતી ત્યારે આ ડાકટરે પાસેના ખંડમાં છુપાઇ રહીને તે બધી સાંભળી હતી: રૂા. ૧૦૦ની નોટો જાલિમસિંહે હરભમને આપી, તે પણ તેણે જોઇ હતી. એ રૂપીઆ ઉપર એની દાઢ ડળકી હતી. જાલિમસિંહની બહેને જ્યારે દવાખાનાના ચોગાનમાં મેરૂ ખવાસ સાથે પગ મૂક્યો ત્યારે આ ડાકટર જે ખંડમાં હતો તેની બારીમાંથી બહાર કુદકો મારીને નીકળી પડયો હતો. ડાકટરે પૂછપરછ કરવાથી વીરબાળાએ તેને પોતાની ઓળખાણ આપી હતી અને તે ઉપરથી તેણે હરભમ અને જાલિમસિંહ વચ્ચે થયેલી હંસની વાત તેને કહી દીધી હતી. વીરબાળાએ તેની પાસેથી એક કાગળ અને 'ઈન્ડીપેન્ડેન્ટ પેન' મેળવી તે ઉપર જાલિમસિંહ માટેની શરત લખી કાઢી હતી અને તે બાદ તે જાલિમસિંહ પાસે આવી હતી. ડાકટર તે પછી પાછો છુપાઇ ગયો હતો. જાલિમસિંહ ગયો એટલે હરભમ પાસેથી નોટો પડાવી લેવા તે તેના ઓરડામાં આવ્યો હતો.

આવતાં વેંત તેણે હરભમને દમ ભરાવવા માંડયો: "મેં તને કોઇની સાથે વાત કરવા ના પાડી હતી, છતાં આટલી બધી વાર તેં પેલા લોકો સાથે વાતચીત કેમ કરી?"

"પણ તેમાં થઇ શું ગયું?"

"થઇ ગયું શું? તારૂં દર્દ વધી જશે અને હવે તું મરી જઇશ! દર્દી લોકોને ના પાડીએ છીએ તોયે વાતની ટેવ જતી નથી!"

"કાલ મરતો હોઉં તો ભલે આજ મરૂં. ડાકટર સાયબ, મને અહીંથી જવાની રજા આલો."

"પાગલ થઇ ગયો છે કે શું? રૂપીઆ મળ્યા એટલે નાસી જવું છે ખરૂં કે?"

"રૂપીઆ શેના ભઇ સાય.?"

"જુઠું બોલે છે, બદમાશ? ૧૦૦ રૂપીઆની નોટો તને મળી છે. ડાકટરની સારવાર બદલ એમાંથી ૭૫ ની નોટો આપી દે."

'મોટા માણસ થઇને આવી દાનત રાખો છો, બાપજી?"

"ચૂપ. વધારે ડહાપણ કરીશ તો મહિનાઓના મહિના સુધી અહીં રહેવું પડશે."

"પણ મને નોટો નથી મળી!"

"નથી મળી, એમ કે? ચાલ, તારી ઝડતી લઉં." ડાકટરે એમ કહીને તેની પથારી ખંખોળવા માંડી. ઉશીકા નીચેજ નોટો પડેલી હતી. તેણે તે લઇ લીધી અને પૂછ્યું: "આ શું નીકળ્યું?"

હરભમે અકળાઇને કહ્યું: "બાપજી, મારા જેવા ગરીબની કમાણીપર આ તરાપ!"

ડાકટર તેનું બોલવું સાંભળ્યા વિના દીવાના પ્રકાશ આગળ નોટો લઇ જઇને ગણવા લાગ્યો. એક નોટ જરાક ડાઘા વાળી હતી. તેણે તે એકલી નોટ વધારે બારિકાઇથી તપાસવા માંડી અને એમ કરતાં તે ચોંક્યો. તેને કાંઇક શક પડયો એટલે પોતાના ખિસ્સામાંથી એક નોટ કાઢીને તેની સાથે તે મેળવવા માંડી. તે વધારે ચોંક્યો. બધી નોટો, પોતાની નોટ સાથે મેળવી જોઈ અને એકદમ ત્રાડી ઉઠયો: "અરે, ખવાસડા, આ તો બધી બનાવટી નોટો છે!"

"હેં?! બનાવટી છે?"

"તદ્દન બનાવટી! આ નોટોમાં સરકારી નોટો જેવો 'વૉટર માર્ક' જ નથી! 'ડીઝાઇન'માં પણ કેટલીક ખામી તરવરી આવે છે! તારા જેવા ભોટ લોકો તે ન સમજી શકે! લે, તારી નોટો હવે ફાવે ત્યાં સુધી ચાટયા કર! તારો જાલિમસિંહ બાપુ તને આબાદ બનાવી ગયો!!"

બનાવટી નોટો હુરમમના શરીરપર ફેંકીને ડાક્ટર ત્યાંથી ચાલ્યો ગયો. હુરમમ બબુચક બની ગયો ! " શું જાલિમસિંહે મને છેતર્યો ? જો નોટો સાચી હોય તો આ લાંચીઓ ડાક્ટર લીધા વિના જાયજ નહીં માટે નક્કી, તે બનાવટીજ હશે !" તેને જાલિમસિંહ પર ગુસ્સો ચઢયો. તેના દિલમાં એક તો હંસને લગતી ખટક હતી અને તેમાં આ બીજી વધી. તે જાલિમસિંહનો વેરી બન્યો. " મને ખોટી નોટો આપનાર એ ઉજળા બદમાશને હું બરાબર સ્વાદ ચખાડીશ " એમ મનમાં ગાંઠ વાળીને તે પથારીમાથી ઉઠયો.

તે ખભામાં, મોંયે અને કમ્મર ઉપરનાં પાંસળાંમા દાઝી ગયો હતો; પણ તેના પગ સાબૂત હતા. પગમાં એટલો બધો દાઝયો નહોતો કે જેથી ચાલી શકાય નહીં. મજકુર ઓરડામાં તે આમ તેમ ચાલવા લાગ્યો. એને લાગ્યું કે, ચાલતાં ચાલતાં બીજી જગ્યાઓએ દર્દ થાય છે ખરૂં; પણ તેની દરકાર નહીં કરીને તે દવાખાના બહાર નીકળ્યો અને જાલિમસિંહનું વેર લેવાની વૃત્તિથી તે દર્દ સહન કરીને પણ જાલિમસિંહના મહેલ તરફ જવા લાગ્યો.

રાજમહેલની આગ આ વખતે કાબૂમાં આવી ગઇ હતી. લોકોનાં ટોળા હવે આગ હોલનારને બદલે મહારાજાના મરણ માટે શોક કરતા ટોળાંમાં ફેરવાઇ ગયાં હતાં. જ્યાં જુઓ ત્યાં શોકનું સામ્રાજ્ય ફરી વળ્યું હતું.

જાલિમસિંહનો મહેલ મહારાજાના રાજમહેલથી ૧૦૦ વારને અંતરે આવેલો હતો અને દવાખાનું ત્યાંથી ૨૦૦ વારને અંતરે આવેલું હતું. હુરમમ જાલિમસિંહના મહેલમાં પહોચે તે દરમ્યાન જાલિમસિંહને તેના મહેલમાં પહોચતાં હંસ હાથ લાગ્યો કે નહીં, તે જોઇએ.

જાલિમસિંહની મોટર તેના મહેલ નજદીક આવી ત્યારે ત્યાં મહેલના ચોગાનમાં ભાયાતો, અન્ય સંબંધીઓ વગેરે એકઠાં થયેલા તેના જોવામા આવ્યાં. તેની જાતિનો સ્ત્રી-સમુદાય પણ ત્યાં એકત્ર થયેલો દીઠામાં આવ્યો.

તે મોટરમાથી ઉતર્યો એટલે એક વૃદ્ધ ભાયાત તેની પાસે આવ્યો અને બોલ્યો: " ઘણું જીવો બાપુ, અગ્નિ-સંસ્કાર થઇ ગયો ? "

"એ બાબત કહેવાની હાલ તુર્ત મને ફુરસદ નથી."

"બાપુ, જો અગ્નિ-સંસ્કાર ના થયો હોય તો તે પહેલાં રાજગાદીના નવા રાજા તરીકે આપની આણ વર્ત્તાવી દો, એમ મારૂં કહેવું છે "

રાજા તરીકે આણ વર્ત્તાવવાની વાતનો ઉલ્લેખ થતાં જાલિમસિંહ ઠંડો પડયો અને પૂછવા લાગ્યો: "એમ થઇ શકે ખરૂં ? "

"બાપુ, આપણા ક્ષત્રિયોનો એ અસલવારાનો રિવાજ છે કે, જ્યારે એક રાજા પુત્ર વિનાની હાલતમા સ્વર્ગવાસી થાય ત્યારે નવા મહારાજાની આણ ફર્યા વિના કૈલાસવાસી મહારાજાના શબને અગ્નિ સંસ્કાર ન થઈ શકે."

"એમ ? તમે ચોક્કસ ખાત્રી આપો છો કે, આ રિવાજ છે ?"

"બાપુ, બીજા ભાયાતોને પૂછો અને બીજાં રાજ્યોના ઇતિહાસ પણ તપાસો. મારી ઉમ્મરમાં મને આવો એક દાખલો ગાયકવાડી રાજ્યમાં બન્યાનું યાદ છે."

"શું કહો છો ? કેટલાં વર્ષ ઉપરની વાત છે !"

વૃદ્ધ ભાયાતે પોતાની યાદ તાજી કરીને કહ્યું: "૧૮૭૦ ની સાલની વાત છે. વડોદરાના ખંડેરાવ મહારાજ જ્યારે એ સાલમાં મરણ પામ્યા ત્યારે તેમના સેનાપતિ લિંબાજી રાવ ઢોળે જેઓ કામચલાઉ દિવાન હતા, તેમણે મહારાજા પડયાના સમાચાર રેસિડેન્ટ સાહેબને જાહેર કરી નિવેદન કર્યું હતું કે, " નવા મહારાજાની આણ ફર્યા સિવાય કૈલાસવાસી મહારાજના શબને અગ્નિ સંસ્કાર કરી શકાય નહીં." એથી રેસિડેન્ટ સાહેબ કર્નલ બાર સાહેબે મલ્હારરાવ મહારાજને પાદરેથી માનપૂર્વક બોલાવી મંગાવી તેમના નામની દુવાઇ ફેરવી હતી. અને તે પછી અગ્નિ-સંસ્કાર થયો હતો."*

જાલિમસિંહ આ સાંભળીને વિચારમાં પડી ગયો. "શું મારાથી એમ બની શકે ? અહો ! જો મારી દુવાઇ ફેરવી દઉં તો પછી મગદૂર કોની છે કે– ? પણ સબૂર, રેસિડેન્ટે મલ્હારરાવને બોલાવ્યા, એમ આ ભાયાતે કહ્યું, એટલે પોલિટિકલ એજંટની પરવાનગી વિના જો હું મારી આણ વર્ત્તાવું તો નાહક તેની ખફગી વહોરી લઉં. અને પછી પણ પેલો યમદૂત ડિટેક્ટિવ અને પેલો હવે પછી ફુટી નીકળનાર વારસ–એમની તો પંચાત ઉભીજ રહેવાની ! ત્યારે શું કરૂં ?"

ભાયાતે તેને વિચારમાં પડી ગયેલો જોઇને પૂછયું: "બાપું, શા વિચાર કરો છો ? હુકમ આપો. ધન્ય ઘડીને ધન્ય દહાડો, આ કુન્દનપૂરની પ્રજાનો કે, મરનાર મહારાજાના જેવાજ આપ પ્રતાપી રાજવી અમારે માથે મોજૂદ છો."

"ભાઇ, આમ આણ વર્ત્તાવવી, એ બચ્ચાંનાં ખેલ નથી. માથે પોલિટિકલ એજંટ જેવા જબરા અમલદારનો ભય લટકેલો છે. એમની પરવાનગી વિના—"

"બાપુ, એ સાહેબની પરવાનગી લઇ આવીએ. પછી કાંઇ ? કાંપનો રસ્તો ક્યા દૂર છે ? આ મોટર મારી મૂકી કે, અર્ધા કલાકમાં ત્યા ? "

જાલિમસિંહની આંખમાં તેજ દેખાયું. નવી સ્ફુર્ત્તિથી તેના રોમાંચ ઉભા થઇ ગયા. તે સ્વગત બોલ્યો: "બરાબર, હુંજ પહેલો પહોચીને પરવાનગી લઉં. "

---

*આ સાચી ઐતિહાસિક બિના છે. જુઓ " ભારતવર્ષના દેશી રાજ્ય " પૃષ્ઠ ૨૫૮.

મહેલમાંથી એ વખતે સ્ત્રી-મંડળના રાજીયા ગવાતા સંભળાયા. જાલિમસિંહને તેની બહેન યાદ આવી. હંસ યાદ આવ્યો. "હં. હંસને હાથ કરી, પલકમાં સાબિતીનો નાશ કરી લઉં, અને પછી તરતજ પહોંચું સાહેબ પાસે!"

તેણે ભાયાતોને કહ્યું: "પાંચેક મિનિટ થોભી જાઓ. હું મહેલની અંદર જઇ મારી બહેનને મળીને તરતજ પાછો ફરૂં છું અને તમને મારી આણ વર્તાવવાનો હુકમ આપી દઉં છું.' તે ફલંગો ભરતો મહેલનાં પગથીઆં ચઢવા લાગ્યો.

વચમાંજ એક દાસીએ આવી ઓવારણાં લઈ તેને કહ્યું: "આપના દિવાનખાનામાં બહેનબા આપની રાહ જોતાં બેઠાં છે."

જાલિમસિંહ પોતાના દિવાનખાનામાં ગયો. વીરબાળા અંદર એક ખુરશીમાં બેઠી હતી.

"બહેન, આ તારી રીત છે: રાણીવાસ છોડીને તું એક નોકરડીના વેશમાં દવાખાનામા આવી, એથી તેં આપણા કુળને લાંછન લગાડ્યું નથી?" જાલિમસિંહે જતા વેંત પ્રશ્નો પૂછ્યા.

વીરબાળાએ હસીને જવાબ દીધો: "જરા તારા પોતાના પોષાક તરફ નજર નાખ્યા પછી વાત કર! તારા મોટરવાળાનો પોષાક પહેરીને આ વખતે તું અહીં લોકની ગીર્દીમાં રખડયો-અમલદારોને મળ્યો-ખવાસને લાંચ આપવા તૈયાર થયો-એ બધું રાજવંશના કુટુંબીને છાજે છે કે?"

"અમારી પુરૂષોની વાત જુદી છે. જરૂરને ખાતર વેશ પલટો કરવો પડે."

"તો અમો ક્ષત્રિયાણીઓની વાત પણ તેવીજ સમજ. અને ના જાણતો હોઉં તો જાણજે કે, શિર સાટે પણ ક્ષત્રિયાણીઓ ટેક નથી તજતી."

"આ ટેક ને વટની બધી વાત તું હરઘડી શા સારૂ કરે છે? તું દવાખાનામાં પણ તેમ બોલી હતી!"

"તારી દાનતથી હું અણવાકેફ નથી તેથી એમ બોલું છું."

"મારી દાનત અને તારી ટેકને શું લાગે વળગે?"

"મારો ટેક એ મારા મર્હુમ ભાઇના પુત્રનેજ ગાદી મળે એ છે અને તારી દાનત તારે પોતાને ગાદી પચાવી પાડવાની છે!"

"ના. ના. એ તારી ખોટી ભ્રમણા છે."

"તો પછી હંસ માટે આટલી બધી મહેનત તું શું કામ કરી રહી છે?"

"એટલાજ માટે કે, તે કોઈ કાવતું માણસના હાથમાં જાય નહીં અને ખરા હક્કદારને બદલે બનાવટી છોકરાને ગોઠવી દેવાની ગેરવી કોઈ કરી શકે નહીં."

"આ તું સાચું કહે છે?"

"હા. તદ્દન સાચું કહું છું."

"તો, વહાલા ભાઇ, મેં જે ચિઠ્ઠી તને આપી હતી તેમાં તેં સહી કેમ ન કરી આપી?"

"ક્ષત્રિયનું વચન બસ છે."

તેની બહેન ડોકું ધુણાવવા લાગી અને બોલી: "મને એ વચનમાં વિશ્વાસ નથી."

"તો તારે આ બાબતમાં વચ્ચે આવવા જરૂર નથી. હંસ મને આપી દે."

"હંસ તો ઉડી ગયો!"

"શું ધાતુનો હંસ ઉડી ગયો?! મને મૂરખ બનાવવા જેવી વાત કરે છે કે શું?"

"તારે જે ધારવું હોય તે ધાર. સહી વિના હંસ નહીં મળે!"

"તારી મગદૂર શું કે તું નહીં આપે. હું આખો મહેલ ખૂંદી વળું છું અને તેં ક્યાં મૂક્યો છે તે તપાસી જોઉં છું." આમ કહીને તે જમણી બાજુના અંદરના ખંડમાં ગયો. વીરબાળા તરતજ તેની પાછળ ગઇ અને જતાં વેતજ ખંડમાં આમ તેમ જોયા બાદ તે બોલી ઉઠી:

"જાલિમ, જાલિમ, હંસ ક્યાં ગયો?"

"એટલે? જે સવાલ હું તને પૂછું છું તે તું મને કેમ પૂછે છે?"

તે ખંડમાં વચ્ચોવચ્ચ પડેલા ગોળ મેજ આગળ જઇ વીરબાળા બોલી:

"મેં હંસ આ મેજ પર મૂક્યો હતો. એ પછી આ ખંડમાં કોઈ આવ્યું નથી એ હું ક્યારની જોયા કરૂં છું-"

"તો તે જાય ક્યાં?" જાલિમસિંહે પગપછાડીને પૂછ્યું.

"સવાલો પૂછવામાં વખત ના ગુમાવ. હું સોગંદપૂર્વક કહું છું કે-મેં તે અહીં મૂક્યો હતો. નક્કી કોઈક તે લઇ ગયું હશે. આગલી બાજુએથી કોઇ લઈ ગયું નથી. જરૂર પાછલી બાજુએથી આવીને લઇ ગયું હશે."

જાલિમસિંહ મહેલની પાછલી બાજુની બારી આગળ ગયો. એ બાજુએ લોકની અવરજવર મુદ્દલે નહોતી. મહેલની બારી આગળ તેના જોવામાં કોઇ માણસ ન આવ્યો પણ ચાંદનીનો પ્રકાશ પડતો હોવાથી તેણે જોયું કે-માથે મોંયે અને શરીરે સફેદ ચાદરથી વીંટળાયલી એક આકૃતિ દૂરના ભાગમાં નાસી જતી હતી! જાલિમ-સિંહે તેની બહેનને તે આકૃતિ બતાવીને કહ્યું: "જરૂર પેલો કોઇક બદમાશ હંસ લઇ જાય છે!"

જાલિમસિંહે પોતાની રિવોલ્વર બહાર કાઢી તે આકૃતિ તરફ તાકી. તેની બહેને તેનો હાથ ઝાલીને કહ્યું:

" નહીં. અહીં પિસ્તોલના ધડાકાભડાકા ન કરીશ. એથી અહીં એકઠી થયેલી પ્રજામાં ગભરાટ ફેલાઇ જશે અને કદાચ તારો બાર નકામો જશે તો બદમાશ ચેતી જશે. માટે માણસોની મદદ લઇને જા અને ઓચિંતોજ તેને ઘેરી લે.

" અરે, માણસોની શી જરૂર છે? હું એકલોજ એને પહોંચી વળીશ." એમ કહી જાલમસિંહે એક દોરડું મંગાવ્યું; તે બારીએ બાંધ્યું; તેની મારફત તે બારી વાટેથી નીચે ઉતર્યો અને તે આકૃતિની પાછળ દોડવા લાગ્યો.

દોડતાં દોડતાં જાલિમસિંહને વિચાર આવ્યો કે, રૂપાની ચીજ ધારીને કોઇક ચોરે આ ચોરી કરી હોવી જોઇએ. આગ જેવા મળેલી ગીર્દીમાં જેમ એક ખિસ્સા-કાતરૂ મારૂં ખિસ્સું કાપવા આવ્યો હતો તેમ આ કોઇક ચોર એકાન્તનો લાભ લઇને હંસ ચોરી ગયો હશે.

સફેદ આકૃતિ સીધી માર્ગે જતી નહોતી. ઝાડીઝાડવા-ઓમા ભરાતી અને પાછી બહાર નીકળી આગળ માર્ગ કાપતી. જાલિમસિંહ એક હાથમાં રિવોલ્વર સાથે તેની પૂંઠે દોડતો હતો. એ આકૃતિને અને તેને ૫૦ વારનું અંતર રહ્યું ત્યાં જાલિમસિંહે રિવોલ્વરમાથી ગોળી છોડી. એજ વખતે તે આકૃતિ એક ઝાડીમાં પેસી જવાથી બાર ખાલી ગયો. જાલિમસિંહ નિરાશ ન થતા વધારે વેગથી તે ઝાડી તરફ દોડયો. જ્યારે તે ઝાડી આગળ આવ્યો ત્યારે તેના જોવામા આવ્યું કે, આશરે ૨૦ વારને અંતરે તે આકૃતિ દોડતી દોડતી જાય છે. પણ અંતર થોડું રહેવાથી જાલિમસિંહને લાગ્યું કે, ચોર થાકી ગયો હોવો જોઇએ. હવે તે ફરી વાર ગોળી જાય નહીં તે માટે જાલિમસિંહે પોતે ખુલ્લી રીતે તેની પૂંઠ પકડી નહીં પણ તે ન જુએ એવી રીતે ઝાડીઓને ઓથે રહીનેજ જવા માંડયું.

ચોર પોતાની પાછળ પડનારથી સાવધ હોય એમ જણાતું હતું; કારણ તે સીધો ચાલતો નહોતો; એક સરખી ગતિથી પણ દોડતો નહતો. ઘડીકમાં ઝડપથી દોડે; ઘડી-કમા ધીમો પડે; વળી ઝાડીમાં છુપાઇ જાય; અને ઘડીક જમણી બાજુ ચાલી ડાબી બાજુ દોડે—આમ તેની ગતિના પલટાથી તેના તરફ ફરીથી તમંચો તાકવો જાલમસિંહને ફાવ્યો નહીં; પણ તેણે એક બીજુંજ લક્ષ્ય રાખ્યું. છુપાઈને ઝડપથી તેની નજદીક પહોંચી જઇને તેના ઉપર પાછળથીજ એકાએક હુમલો કરવો જોઈએ. આ વિચારથી તેણે મોટાં મોટાં પગલાંથી ઝાડીઓને ઓથે છુપાતા રહીને ચોર અને પોતાની વચ્ચેનું અંતર ઓછું કરવા માંડયું.

જે તળાવ શહેર અને રાજમહેલ વચ્ચે આવેલું હતું તેનો પટ રાજમહેલની પાછલી બાજુએ લગભગ ૦ાા માઈલ સુધી વિસ્તરેલો હતો. જાલિમસિંહ અને ચોર બન્ને હજી ૦ાા માઇલના વિસ્તારની અંદર હતા. ચોરે અચાનક પોતાનો માર્ગ બદલ્યો. તે દોડતો દોડતો તળાવની કિનાર આગળ પહોંચ્યો. તળાવને આરા બાંધેલા નહતા. કોરી જમીન અને તળાવના પાણીની વચમાં કાદવવાળો આશરે સાત આઠ ફીટનો ભાગ હતો. કોરી જમીનમાંથી ચોરે તે કાદવવાળા ભાગમાં ઝંપલાવ્યું. પણ અચાનક તે અટકી ગયો. તેના પગ કાદવમાં ખૂંપી ગયા. હાથ આમ તેમ વીંઝીને કાદવમાથી બળપૂર્વક પગ કાઢવા તે મથ્યો.

જાલિમસિંહે આ સ્થિતિ ઝાડીમાંથી જોઇ. તેની અને ચોરની વચ્ચે બહુ અંતર નહોતું. જાલિમસિંહ તેને પકડવા દોડયો. તેનાં પગલાં ચોરે સાંભળ્યાં હોય એમ જણાયું. તેણે સફેદ ચાદર પોતાના શરીર ઉપરથી કાઢી નાખી એટલે જાલિમસિંહે ખુલ્લું જોઈ લીધું કે—તેની બગલમાં હંસ હતો! ચોરે ખૂબ બળ કરીને કાદવમાંથી એક પગ બહાર કાઢયો અને જાલિમસિંહ તરફ તે ફર્યો. જાલિમસિંહ એ વખતે કાદવથી શરૂ થતી જમીન આગળ આવી પહોંચ્યો. ચાદનીના ઉજાસમા તેણે ચોરનું મોં જોઇ લીધું; અને ઓળખીને બૂમ મારી: " કોણ હુરમત?! બદમાશ, મારી બક્ષિસ લઇને પણ આ દગો!"

ચોરે કહ્યુ: " દગો તો તમે કર્યો છે! બનાવટી નોટો મને આલી'તી ને?"

જાલિમસિંહે રિવોલ્વર તેના તરફ તાકીને કહ્યું: " ગરબડ મૂકી દે. હંસ આપી દે ઝટ. નહીંતર તમંચો ફોડું છું."

હુરમતે બગલમાંથી હંસ કાઢીને એક હાથથી તે પોતાની પાછળ તળાવના પાણી તરફ ફેંકીને કહ્યું: " જાઓ, લઇ આવો."

" નાદાન! આવી લુચ્ચાઇ!" દાંત પીસીને જાલિમ-સિંહે ગુસ્સામાં કહ્યું. કાદવની અંદર જઇને હંસ લીધા વિના છૂટકો નથી એમ ધારીને જાલિમસિંહ કોરી જમી-નમા બેસી ગયો. તમંચો જમીન ઉપર મૂકીને તે પોતાના 'હોલ-બૂટ' કાઢવા લાગ્યો. દરમ્યાન હુરમતે ખૂબ બળ કરીને કાદવમાથી પોતાના પગ કાઢવા માંડયા અને કોરી જમીન તરફ જ્યા જાલિમસિંહ બેઠો હતો ત્યાં આવવા યત્ન કર્યો. તેની મહેનત કાંઇક સફળ થઈ. ખરડાયલા પગે તે કોરી જમીન આગળ આવ્યો કે તરતજ જાલિમ-સિંહ પોતાના બૂટ કાઢી રહ્યો હોવાથી ઉભો થઇ ગયો. હુરમત તેની લગોલગ આવી પહોંચ્યો. પોતાના હાથ-માંની ચાદર તેણે એકદમ જાલિમસિંહના માથા ઉપર લપેટી દીધી અને તેને ધક્કો મારીને જમીન ઉપર પાડી નાખીને તે તેના પર ચઢી બેઠો. તમંચો હજુ જમીન પર જ પડયો હતો. હુરમતની નજર તેના તરફ ગઇ. તેણે તે હાથમાં લઇ લીધો.

જાલિમસિંહનું મોં, માથું અને શરીરનો અડધો ભાગ ચાદરથી વીંટાયલાં હતાં પણ તેના પગ છૂટા હતા. તેણે

પોતાના શરીર ઉપર બેઠેલા હરભમને પાછો નાંખવા માટે પોતાના પગ પાછળથી ઉંચા કર્યા અને હરભમની ગરદનમાં ચૂડ ભરાવવા કોશિષ કરવા માંડી. હરભમ તેની કોશિષ કળી જઇને જાલિમસિંહની છાતી ઉપર આગળ સરક્યો. તેણે અવળા હાથે જાલિમસિંહના પગમાં તમંચાનો કુંદો માર્યો. જાલિમસિંહે પગ નીચા કરી દીધા. ગુંગળાયલો અવાજ આવ્યો: "તારૂં સત્યાના–" પણ હરભમે જાલિમસિંહની ગરદન પર પોતાનો હાથ દાબીને કહ્યું: "કેમ, કેવી ગમ્મત પડે છે, બાપુ?"

એ વખતે રાજમહેલના ટાવરમાં બારના ટકોરા પડયા અને એક મોટર દૂરથી આવતી હોય એવો અવાજ સંભળાયો. હરભમે વિચાર કર્યો કે, રાજનો કોઈક અમલદાર આવતો હશે તો પંચાત થશે તેથી તેણે જરાકે આના કાની વિના તમંચાનો કુંદો ચાદરમાં વિંટાયલા જાલિમસિંહના માથા પર માર્યો.

"ઓહ" એવો અવાજ જાલિમસિંહે કર્યો અને થોડાક સળવળાટ બાદ તે શાન્ત થઇ ગયો. હરભમ હવે તેના શરીર ઉપરથી ઉઠયો. તેણે જોયું કે, જાલિમસિંહ લગીરે હાલતો નથી. મોટર નજદીક ને નજદીક આવતી હોય એમ જણાયું. કાદવમાં પડેલો હંસ લેવા જતાં પાછા પગ તેમાં ખૂંપી જાય તો ઝટ બહાર નીકળતા ઢીલ થાય અને કદાચ મોટરમાં આવી પહોંચનાર પોતાને જોઇ જાય તેથી હંસ લેવા તે થોભ્યો નહીં.

એકદમ કોરી જમીન ઉપર થઇ, સડક પર જઇ, સામેની એક ઝાડીમાં તે છુપાઇ ગયો.

થોડીવારે એક મોટર આવતી જણાઈ. તે રાજમહેલ તરફ જતી હતી. જે ઝાડીમાં હરભમ છુપાયલો હતો તેની સામેજ બીજી બાજુએ ચાદરમાં વીંટળાયલો જાલિમસિંહ તળાવની કિનાર આગળ પડયો હતો. ચાંદનીનો પ્રકાશ હોવાથી મોટર જ્યારે ત્યાંથી પસાર થઇ ત્યારે તેમાંથી કોઇકે સવાલ કર્યો: "નંદનાથ, પેલું શું પડયું છે?"

મોટર ધીમી પડી. જેને સવાલ પૂછાયો હતો તેણે જવાબ દીધો: "ડિટેકિટવ સાહેબ, કોઇ માણસ લાગે છે!"

"આ સ્થિતિમાં કેમ? આપણે તપાસ કરીએ."

મોટર ઉભી રહી. હરભમ ઝાડીમાંથી જોવા લાગ્યો. તે નંદનાથને ઓળખતો હતો અને નંદનાથે પોતાની સાથેનાને "ડિટેકિટવ સાહેબ" એમ કહીને સંબોધ્યાથી હરભમને લાગ્યું કે, આ કોઇ પોલિસ અમલદાર હશે.

મોટરમાંથી ઉતરેલા બે જણ તળાવની કિનાર આગળ ગયા. ત્યાં પડેલા માણસના શરીરપરથી નંદનાથે ચાદર હટાવી લીધી અને આશ્ચર્ય સમેત તે પોકારી ઉઠયો: "અરે, આ તો જાલિમસિંહજી છે!"

"હેં?! અહીં ક્યાંથી?!"

હરભમે ઝાડીમાંથી જોયું કે, જેને નંદનાથે 'ડિટેકિટવ સાહેબ' કહ્યો હતો તે જમીનપર અઢુકડો બેસી ગયો. જાલિમસિંહના શરીર ઉપરના કોટનાં બટન તેણે ખોલી નાંખ્યાં અને નીચા નમીને હૃદય આગળ કાન ધર્યો. એ બાદ તેણે નંદનાથને કહ્યું: "હૃદયના ધબકારા તો સંભળાય છે; પણ ઘણા ધીમા છે. એટલે બેશુદ્ધિ સિવાય બીજું કાંઇ નથી. પણ...અરે, જુઓ, તેના માથામાંથી લોહી નીકળે છે!"

"કોઇકે ત્યાં ફટકો મારેલો લાગે છે!"

"શાથી આમ બન્યું હશે?"

"ઈશ્વર જાણે"

"પણ આપણે તેને એકદમ મહેલમાં લઇ જઈ શુદ્ધિમાં લાવવો જોઇએ."

"હા. એ આપણી ફરજ છે. ચાલો, સાહેબ, એમને ઉચકી લઇએ."

તેઓ બન્નેએ જાલિમસિંહને ઉંચક્યો અને મોટરમાં નાંખીને મોટર રાજમહેલ તરફ ચલાવી મૂકી.

જે હંસ માટે આ સઘળી ધમાધમ હતી તે હંસ કાદવમાં એક બાજુ પડયો હતો, એ નંદનાથ અને ડિટેકિટવના જાણ્યામાં આવ્યું નહીં. જાલિમસિંહ તરફજ તેમનું ધ્યાન રોકાવાને લીધે આસપાસ બીજે ક્યાંય નજર નાંખવાનો તેઓને અવકાશ ન મળ્યો કે હંસનો કાંઈ ખ્યાલ પણ ન આવ્યો.

મોટર ગઈ એટલે હરભમ ઝાડીમાંથી બહાર નીકળ્યો, અને કાદવમાંથી હંસ કાઢી લેવા માટે તળાવ તરફ જવા લાગ્યો. એ વખતે તેના જોવામાં આવ્યું કે, દૂરથી કોઇકે તળાવમાં ભૂસકો માર્યો. થોડીવારે એક માણસ તરતો જણાયો. હરભમ જે દિશામાં જતો હતો તે દિશાની જ સામેની સીધમાં તે માણસ તરતો આવતો હતો. હરભમે હંસ લેવા કોરી જમીનમાંથી કાદવમાં પગ મૂક્યો ત્યાંતો પાણીમાંથી હાથ લાંબો કરીને પેલા તરતા માણસે કાદવમાં જરાક જ દૂર પડેલા હંસને ઉઠાવી લીધો અને પાણીમાં ડૂબકી મારી તે તરતો તરતો પાછો ચાલ્યો ગયો!

ફક્ત સાત–આઠ ફીટને અંતરેથી હરભમના દેખતાં જ હંસ છટકી ગયો!

પરિચ્છેદ ૬.

એ મોટર કોની ?

ત્રીજા પરિચ્છેદમાં ભીલ પ્રદેશમાંથી કુન્દનપૂર તરફ આવતાં ડિટેક્ટિવ હીનેન્દ્રરાય અને દિવાનના શિરેસ્તેદાર નંદનાથને શી શી મુશ્કેલીઓ પડી હતી, એ વાચકવૃન્દ જાણે છે. અનેક મુશ્કેલીઓ વટાવીને આખરે એક ઘોડા ઉપર તે બે જણ સ્વારી કરતા કુન્દનપૂર જતા હતા. આશરે દશ વાગ્યાનો શુમાર થયો ત્યારે ચંદ્રમાનાં અજવાળાં થયાં અને રસ્તો સાફ સાફ સુઝવા લાગ્યો; પરંતુ નંદનાથને ઘોડેસ્વારીની ટેવ નહોવાથી તેમજ આ ઘોડા ઉપર પૂરતો સામાન પણ ન હોવાથી તેને કેડોમાં દુઃખ થવા લાગ્યું. પગ લટકતા રહ્યા હોવાથી તેમાં ઝંઝણી ચઢી. એટલે તેણે હીનેન્દ્રરાયને વિનતિ કરી કે, " મારાથી તો આ ઘોડા ઉપર નહીં બેસાય ! "

થોડો વખત તેને આસાયેશ આપવા માટે ડિટેક્ટિવ તેની સાથે ઘોડા ઉપરથી ઉતર્યો અને બન્ને જણ રસ્તામાંજ બેઠા. હીનેન્દ્રરાયને નંદનાથે બહુ બહુ કહ્યું કે, 'આપ એકલા જલ્દીથી જઈ પહોંચો;' પણ તેણે માન્યું નહી. વાતોને લીધે શ્રમ અને દુઃખ ભૂલી જવાય, એ હેતુથી ડિટેક્ટિવે તેને 'રૂપેરી રાજહંસ' સંબંધી હકીકત પૂછી.

નંદનાથે કહેવા માંડયું: "મહારાજા સાહેબને કૌતુકવાળી ઘણી ચીજો ખરીદવાનો શોખ હતો એટલે આ રાજહંસની ખરીદી માટે કોઇને કાંઈ ખબર ન પડે, એ સ્વાભાવિક છે. મને પણ તે વિષે કાંઇ ખબર પડી ન હોત; પણ એક વખત એવું બન્યું કે, દિવાન સાહેબ તરફથી એક અગત્યનો સંદેશો લઇને મારે મહારાજા સાહેબના ખાનગી આવાસમાં જવું પડયું હતું. તેઓ નામદાર પુસ્તકાલયમાં એક આરામ ખુરશી ઉપર વિરાજેલા હતા અને નજદીકમાં તે નામદારનો ખાનગી મંત્રી શાર્દુલરાય ઉભેલો હતો. તે નામદારના ખાસ હજુરીઆ હરલાલે એ વખતે ખુરશી ઉપરની અભરાઇ ઉપરથી એક હંસ ઉઠાવીને મહારાજાની સામે પડેલી એક ત્રિપાઇ ઉપર મૂક્યો; એ મારા જોવામાં આવ્યો. મહારાજા સાહેબે તે વખતે શાર્દુલરાયને હુકમ આપ્યો કે, "મારા ખાનગી ખર્ચમાં આ 'રૂપેરી રાજહંસ' માટે રૂા. ૧૨૦૦ ઉધારજો. એક બ્રાહ્મણ પાસેથી આપણે તે લીધેલો છે અને તેને રૂપાથી રસાવ્યો છે." 'રૂપેરી રાજહંસ' એટલે શું, એ હું આ ઉપરથી જાણું છું."

"એમ ? ત્યારે એ કોઇ તળાવ કે સરોવરમાંનો રૂપેરી ડોક કે રૂપેરી પાંખોવાળો જીવતો રાજહંસ નથી !!"

" ના. ના. કેવળ ધાતુની બનાવટનો છે."

" પણ એમાં એક બાબત જાણવાની રહી. મહારાજા એ કહેલું કે, 'મારા લગ્નની સાબિતી' એટલે શું ? "

" મને એ સંબંધમાં તો કાંઇ માહિતી નથી પણ અનુમાનથી--"

" મારે તો સાચી હકીકતો જોઇએ છે. "

" તે તો, ડિટેક્ટિવ સાહેબ, મારા જાણવા મુજબ, મેં આપને કહી. "

" એ પણ હાલ તુર્ત પૂરતી છે. આપણે જઇને સૌથી પ્રથમ પુસ્તકાલયમાં જવાનું. ત્યાં આરામખુરશી ઉપરની અભરાઇ ઉપરથી રૂપાથી રસેલો રાજહંસ લેવાનો. એનું શું કરવું તે માટે યોગ્ય વખતે વિચાર કરીશું. દરમ્યાન, એક બાબત પૂછવાની કે, રાજહંસની ખરીદીની આ હકીકત, રાજ્યમાંનાં કેટલાં માણસો જાણે છે ? "

" મારા ધારવા મુજબ, હું શાર્દુલરાય અને હરલાલ—એ સિવાય બીજા કોઇને તે ખરીદી સંબંધી કશી માહિતી નહીં હોય અથવા કશું કુતુહલ ઉપજવા કારણ પણ નથી; કેમકે એવી તો ઘણીએ વસ્તુઓની ખરીદીઓ મહારાજા તરફથી થવી ચાલુ હોવાથી તેના વિષે કાંઇ ખાસ ચર્ચા રાજ્યમાં થતી નથી. "

" ત્યારે શાર્દુલરાય આ હંસની વાત જાણે છે, એ ચોક્કસ છે ને ? "

" હા. એને તો હિસાબમાં લખવાની આજ્ઞા મળી હોવાથી તે જાણેજ. "

ડિટેક્ટિવ પોતાની જગ્યાએથી ઉઠયો અને રસ્તામાં આમ તેમ ફરવા લાગ્યો. બાદ તે બોલ્યો: "નંદનાથ, જાલિમસિંહને 'રાજહંસ' ક્યાં છે, એની માહિતી શાર્દુલરાયે આપી દીધી હોવી જોઇએ. અત્યારે તો એણે જરૂર રાજમહેલમાં પુસ્તકાલયમાં પહોચીને હંસ પોતાને હસ્તક કરી લીધો હોવો જોઇએ. પણ એ હંસ હાથમાં આવે તેથી 'લગ્નની સાબિતી' શી મળે ? "

" સાહેબ, એ હંસ પોલો હોય અને તેમાં—"

ડિટેક્ટિવ, નંદનાથ તરફ જોઇ રહ્યો અને બોલ્યો: " તમે અમારા ધંધાને લાયક છો, નંદનાથ ! તમારા જેવુંજ અનુમાન મેં કર્યું છે અથવા એમ પણ હોય કે, એ હંસમાં એકાદ ચાવી હોય અને તે ચાવી વતી કોઇ બંધ છુપી જગ્યાએથી લગ્નની સાબિતીઓનાં કાગળીઆ લેવાનાં હોય—"

"એ પણ સભવિત છે. પરંતુ મારૂં ધારવું છે કે, મહારાજાનો મુખ્ય હજુરીઓ જુરસમ આપણને એ સંબંધી વિગતો પૂરી પાડી શકશે."

તે પોતાનું વાક્ય પૂરૂં કરી રહ્યો તે વખતે દૂરથી મોટરો આવતી હોય એવો અવાજ સંભળાવાથી ડિટેક્ટિવ બોલ્યો "નંદનાથ, સાવધાન!"

તેણે રસ્તાને છેડે એક ઝાડીમાં ઘોડાને દોરવ્યો અને પોતે તેમાં છુપાઇ ગયો. નંદનાથ પણ તેની પાછળ જઇ છુપાઇ ગયો.

થોડીક ક્ષણો વીત્યા પછી એક મોટર ત્યાંથી પસાર થઇ. ડિટેક્ટિવે તેમાં કોણ બેઠેલું હતું તે જોઇ લીધું અને નંદનાથને પૂછ્યું: "એમાં કોણ હતું?"

"શાર્દુલરાય અને તેની સાથે બીજા થોડાક રજપૂતો જેવા માણસો."

"બરાબર. કૌંતલપુરના રિસાલાના માણસો હોવા જોઇએ."

એટલામાં એક બીજી મોટર ત્યાંથી પસાર થઇ. ડિટેક્ટિવ હવે બહાર આવી રસ્તા વચ્ચોવચ્ચ ઉભો રહ્યો.

એટલામાં એક ત્રીજી મોટર આવતી જણાઇ. ડિટેક્ટિવે તેની બાજુએ મોં રાખીને "સબૂર, સબૂર," એવી બુમો જોશભેર પાડવા માંડી. મોટર ધીમી પડી અને તે જ્યાં ઉભો હતો ત્યાં આવી થોભી ગઇ. તેમાં બેઠેલાઓમાંના એકને ઉદ્દેશીને ડિટેક્ટિવે કહ્યું: "હું બ્રિટિશ રાજ્યનો ડિટેક્ટિવ હીનેન્દ્રરાય છું–" એમ કહી તેણે પોતાના કોટની અંદરનો ડિટેક્ટિવ તરીકેનો બિલ્લો તેને દેખાડ્યો.

"એમ? આપનું નામ અમે સારી પેઠે જાણીએ છીએ. આપ અહીં ક્યાંથી?"

"મને મર્હુમ મહારાજા સર રણવીરસિંહે એક અગત્યના કામે બોલાવ્યો હતો. મને મોટરની તાકીદે જરૂર છે અને કુંદનપુર જવું છે."

"આપને અમારે જોઇતી મદદ આપવી જ જોઇએ. હજી અમારી એક મોટર પાછળ છે–"

એટલામાં તો એક ચોથી મોટર ત્યાં આવી પહોંચી અને આ મોટરની પાછળ થોભી ગઇ. પેલા માણસે કહ્યું: "આપ એ મોટર લઇ જાઓ." એમાંના માણસોને તેણે તાકીદે પોતાની મોટરમાં આવી જવા કહ્યું. તેઓ ઉતરી આવ્યા અને મોટરમાં ગોઠવાઇ ગયા. ડિટેક્ટિવે કહ્યું:

"મોટર હાંકનારને પણ આપની સાથે લઇ લ્યો."

"ત્યારે આપની મોટર કોણ હાંકશે?"

"સેવક પોતે એ ધંધામાંયે કાબેલ છે!"

"ઓહો!" એમ કહી તેણે મોટર હાંકનારને પણ પોતાની મોટરમાં બોલાવી લીધો.

ડિટેક્ટિવે પૂછ્યું: "આપનો પરિચય?"

"હું–કૌંતલપૂરના મહારાજાશ્રીનો એ. ડી. કાં. જગપ્રતાપ છું. હમણાંજ અમને ખબર આપવામાં આવી કે, શ્રીમાન્ કુન્દનપૂરનરેશ સર રણવીરસિંહ સદ્ગત થયા છે. એટલે અમે સૌ નીકળી પડયા. મારી આગળની જે મોટર ગઈ તેમાં અમારા મહારાજા સાહેબ અને યૂવરાજ કુમાર હતા."

"પણ સર રણવીરસિંહનાં બહેન કેમ ન આવ્યાં?"

"તે નામદાર અચાનક આજ સાંજે કુન્દનપૂર ગયાં છે."

"એમ? વારૂ. શ્રીમાન જગપ્રતાપસિંહજી, તમે મને અત્યારે આપેલી મદદ માટે હું તમારો ઋણી છું."

"સાહેબ, મારી ફરજ ઉપરાંત મેં કાંઈજ વધુ કર્યું નથી. આ સિવાય પણ બીજી કોઇ મદદની જરૂર હોય તો કહો."

"નહીં. બીજી મદદની જરૂર નથી."

"અત્યારે નહીં; પણ કદાચ ભવિષ્યમાં જરૂર પડે તો આ જગપ્રતાપ આપને દરેક મદદ આપશે, એની ખાત્રી રાખજો."

"આભાર" એમ કહી ડિટેક્ટિવ નંદનાથ સાથે મોટરમા બેઠા. તેઓનો મોટર કુન્દનપૂર તરફ ચાલી અને કૌંતલપૂરનરેશના એ. ડી. કાં. ની મોટર ભીલપ્રદેશ તરફ ચાલી.

એ પછી મોટર પૂરજોશથી હંકારીને ટૂંકે રસ્તેથી ડિટેક્ટિવ અને નંદનાથ કુન્દનપૂરના રાજમહેલની પાછલી બાજુએ આવી પહોંચ્યા અને ત્યા તળાવ આગળ શું બન્યું, તે વાચકવૃન્દને વિદિત છે.

ડિટેક્ટિવની મોટર જ્યારે જાલિમસિંહના મહેલ આગળ આવી ત્યારે જાલિમસિંહના મહેલથી ૧૦૦ વાર દૂર આવેલા રાજમહેલની ભસ્મીભૂત સ્થિતિ નિહાળી ડિટેક્ટિવ અને નંદનાથ બન્ને ચમકયા.

"શું આ વળી કાંઇ કાવતરૂં હશે?" ડિટેક્ટિવ બરબડયો. તેને અચાનક રાજહંસ યાદ આવ્યો. "એમાંની સાબિતી બાળી નાખવા માટે જાલિમસિંહે તો આ આગ નહીં લગાડાવી હોય?" એવો તર્ક તેને ઉત્પન્ન થયો.

મોટર જાલિમસિંહના મહેલની આગલી બાજુએ વાળી, લોકોની ગીર્દી વચ્ચેથી દરવાજા આગળ લાવી, ઉભી રાખવામાં આવી.

હજુરીઆઓની મદદથી જાલિમસિંહને મહેલમાં લઇ જઇને બિછાનાપર સુવાડવામાં આવ્યો. દાક્તરને બોલાવવાની અને ગરમ પાણી કરવાની વરદી અપાઇ. તે દરમ્યાન ડિટેક્ટિવે હજુરીઆઓને રાજમહેલમાં લાગેલી આગ વિષે પૂછપરછ કરી. જે જવાબો જાલિમસિંહને મળ્યા હતા, તેજ ડિટેક્ટિવને મળ્યા પણ જાલિમસિંહના

સવાલો કરતાં એક વિશેષ સવાલ ડિટેક્ટિવનો હતો અને તે "આગ શી રીતે લાગી" એ હતો. તેને કહેવામાં આવ્યું કે: "મર્હૂમ મહારાજા સાહેબને અકસ્માત થયાના સમાચાર અહીં ફરી વળ્યા ત્યારે રાજ્યના બ્રાહ્મણોને રાજપુરોહિત મારફત એકઠા કરીને મૃત્યુંજયના જાપ જપાવરાવ્યા હતા કે જેથી મહારાજા ઉપરની આફત ટળે. સાંજને છેડે બ્રાહ્મણોને ભોજન કરાવવાનું હતું. એ બ્રહ્મભોજનની જે રસોઈ રાજમહેલના વિશાળ રસોડામાં થતી હતી તેમાં એવો બનાવ બન્યો કે, એક બ્રાહ્મણે થોડાંક લાકડાં હોલવવાના હેતુથી એક ખૂણામાં મૂક્યાં અને તે સ્વભાવે લાતોડીઓ હોવાથી વાતોએ વળગ્યો જે ખૂણામા લાકડાં મૂકેલાં તેની ઉપરજ એક દાદર હતો. વાત કરતાં કરતાં રસોઇઆઓમા કાંઇક તકરાર જામી અને તેઓ તો વાદવિવાદમા તલ્લીન થઇ ગયા. તે દરમ્યાન દાદર સળગ્યો. એક જણનું ધ્યાન તે તરફ ગયું એટલે તેણે એક ડબ્બો પાસે પડયો હતો તેમાં પાણી છે એમ ધારીને તે ડબ્બામાંનો પ્રવાહી સળગતા અગ્નિ ઉપર છાંટયો. કમનસિબે તે ડબ્બામાં તેલ હતું એટલે તો આગ વધી! "હો હો" થઇ રહી. આગ બુઝાવવા કોશિષો થાય તે પહેલાં તો દાદર આખો સળગી ગયો. આગ એ પછી પ્રસરી જતા આખો મહેલ સળગી ઉઠયો."

જાલિમસિંહનો આમાં કાંઈ દગો નથી, એમ આ ઉપરથી ડિટેક્ટિવે આશ્વાસન લીધું. પણ હરભમ હંસ લઇ ગયો, તે પછી તેનું શું થયું, એ જાણવાનું તેને બાકી રહ્યું. એટલામા ડાકટર આવી પહોંચ્યો. આ તેજ ડાકટર હતો, જેણે દવાખાનામા હરભમની અને જાલિમસિંહની વચ્ચેની વાત તેમજ જાલિમસિંહ અને વીરબાળાની વચ્ચેની વાત છુપાઇને સાંભળી હતી અને જેણે હરભમને અપાયલી રૂા. ૧૦૦ ની નોટો બનાવટી હોવાનું જાહેર કર્યું હતું.

ડાક્ટરે જાલિમસિંહનો જખમ ગરમ પાણીથી ધોઈ નાંખ્યો અને તે ઉપર મલમપટ્ટો લગાવી દીધો. તે બાદ તેને શુદ્ધિમાં લાવવાની દવા તેણે સુંઘાડી. પરિણામે તે સચેત બન્યો. ડિટેક્ટિવ એ વખતે હજુરીઆઓના ટોળાની છેક પાછળ જઇને ઉભો રહ્યો.

જાલિમસિંહે શુદ્ધિમાં આવતા સૌથી પહેલોજ એ પ્રશ્ન કર્યો કે: "હરભમ ક્યાં ગયો?"

ડાકટરે તરતજ જવાબ દીધો: "સાહેબ, એ દવાખાનામાંથી નાસી ગયો છે!"

"એ તો હું જાણું છું. પણ પછી કયાં ગયો?"

"આપે એને ભૂલમાં રૂા. ૧૦૦ ની બનાવટી નોટો આપી તેથી તે બદલાવવા આપની પાસે આવવાનું કહેતો ગયો છે—"

ડિટેક્ટિવ આ વાતચીત આતુરતાથી સાંભળવા લાગ્યો.

"તમે કેવા મૂરખ માણસ છો?" જાલિમસિંહે ગુસ્સામાં ત્રાડ નાંખીને કહ્યું: "મારે ને એને મેળાપ જ ક્યારે થયો છે? જાઓ, અહીંથી તમે ચાલ્યા જાઓ. નકામી લવ લવ ના કરો."

"સાહેબ, એમ આપ મને ધમકાવી નાંખો, એ ઠીક નહીં. દવાખાનામાં તેની સાથે આપની મુલાકાત થઇ, એના તો મેં રીતસર નોંધ અમારા દફતરે કરી છે—"

"ભલા માણસ! આ બધું તમને કોણ પૂછે છે? ચાલ્યા જાવ, તમારે રસ્તે!"

"સાહેબ, આપને શુદ્ધિમા લાવ્યાનો આ શિરપાવ!—"

જાલિમસિંહ તેના ઉપર ખૂબ ગુસ્સે થયો અને દાંત પીસીને તેની સામે મુક્કો ઉગામવા લાગ્યો.

ડાકટરે કહ્યું: "મારા દર્દી તરીકે, હું આપને સલાહ આપુ છું કે, લાગણીઓ ઉશ્કેરવાથી આપનું દર્દ ઉથલો ખાશે!"

ડિટેક્ટિવને આ ડાકટરના શબ્દે શબ્દમાં રમુજ પડી. તે સમજી ગયો કે, જાલિમસિંહના કોઇક પણ ઘોટાળાથી આ ડાકટર વાકેફ છે અને તેથી દાઝે પેટે તે તેને આમ બનાવે છે!

જાલિમસિંહે તેની આગળ ઉભેલા હજુરીઆઓને હુકમ કર્યો: "આ વલવલીઆ ડાકટરને એકદમ ધક્કા મારીને બહાર કાઢો."

"સબૂર" એમ બોલતો ડિટેક્ટિવ હજુરીઆઓના ટોળાની પાછળથી બહાર આવ્યો.

"તમે ?!—અહીં ક્યાંથી?" જાલિમસિંહે ડિટેક્ટિવને જોતાંજ ચોંકીને અધવચ્ચ પ્રશ્ન કર્યો.

ડિટેક્ટિવ એ વખતે જાલિમસિંહને નમન કરીને કહ્યું: "શ્રીમાન્ જાલિમસિંહજી, આપ શુદ્ધિમાં આવ્યા તે માટે મુબારકબાદી આપું છું. મને કોઇકે એવી ખબર આપી કે, આપ તળાવની પાળ ઉપર જખમી હાલતમાં બેશુદ્ધ પડયા છો; એટલે હું એકદમ મોટરમા આવ્યો—"

"મોટરમાં!"

"હા જી. રસ્તામાં ઘણા અકસ્માતો થયા હતા. પણ જેને રામનું રખવાળું હોય તેને શું થાય? હું અને નંદનાથ બન્ને સહિસલામત આવ્યા!—"

"અને આપ નામદારને અમેજ અહીં મહેલમાં લાવી આપની સારવાર માટે ડાકટરને બોલાવ્યા" નંદનાથે ખબર આપી.

"ડાકટરે સારો શ્રમ લઇને આપને શુદ્ધિમાં આણ્યા છે. તેમની સલાહને આપે અનુસરવું જોઇએ. તેમનું ઘટતું માન જાળવવું જોઇએ." ડિટેક્ટિવે ઉમેર્યું.

જાલિમસિંહ, ડિટેક્ટિવ અને નંદનાથ સામે જોઇ રહ્યો. તેના દિલમાં તરંગ ઉઠયા: "શું આ બન્નેને કોઇની મોટરની મદદ મળી? શું તેઓના હાથમાં હંસ આવ્યો હશે?"

ડિટેક્ટિવે તેને કહ્યું: "આપ સહેજ સ્વસ્થ થાઓ એટલે આપણે બન્ને એકઠા મળીને હંસની શોધ કરીએ."

જાલિમસિંહે સ્મિત કર્યું અને કહ્યું: "ત્યારે તમારા હાથમાં હજી સુધી તે આવ્યા નથી! એમ ને?"

"તેમ આપનાયે હાથમાં નથી આવ્યો એ ખુલ્લું છે! હું ધારું છું કે, હરબમને આપે યાદ કર્યો તે બાબતને આપની બેશુદ્ધિ સાથે અને એ હંસ સાથે કાંઇક લાગે વળગે છે!"

જાલિમસિંહે જવાબ દીધો નહીં. હંસની તમામ હકીકતથી ડિટેક્ટિવ વાકેફ થઇ ગયા છે, એવી તેને મજબૂત ખાત્રી થઈ.

"શ્રીમાન જાલિમસિંહજી," ડિટેક્ટિવે કહ્યું: "આ રાજ્યના ગાદી વારસના હિતમાં મારે આપને કહેવું જોઇએ કે, હંસ કોની પાસે છે તે કૃપા કરીને મને જણાવો."

જાલિમસિંહ ખડખડાટ હસવા લાગ્યો. બિછાનામાંથી તે ઉઠયો અને હજુરીઆઓ તરફ જોઇને બોલ્યો: "બસ, હવે તમે લોકો અહીંથી જતા રહો. તમારું કામ નથી." તેઓ ગયા એટલે ડિટેક્ટિવ તરફ જોઇ તેણે દાંત પીસીને કહ્યું: "યમદૂત, મારો કેડો હવે મૂકી દે, તો વધારે સારૂ!"

"હવે હસવાની મારી વારી આવી!" એમ કહી ડિટેક્ટિવે હસવા માંડયું. પગ પછાડીને જાલિમસિંહ જોડેના ખંડમાં જવા તૈયાર થયો. એટલામાં તો તે ખંડનું બારણું ઉઘડયું અને એક દાસી હાંફળી ફાંફળી આવીને પૂછવા લાગી: "ડાકટર સાહેબ અહીં છે?"

ડાકટરે પૂછ્યું: "કેમ ?"

"બહેનબા આપને બોલાવે છે."

ડાકટર તરતજ તે દાસી સાથે ગયો; એટલે દાસીએ તે ખંડનું બારણું વાસી દીધું. અંદરથી સાંકળ વાસવામાં આવતી હોય, એવો અવાજ પણ સંભળાયો.

"આનો અર્થ શો?" ડિટેક્ટિવે નંદનાથને પ્રશ્ન કર્યો.

"સમજાતું નથી." નંદનાથે જવાબ દીધો.

જાલિમસિંહ આ વખતે તે ખંડના બારણાની કળના કાણામાંથી જોવા લાગ્યો. ડિટેક્ટિવ અને નંદનાથ જ્યાં ઉભા હતા, ત્યાંજ ઉભા રહ્યા. થોડીવારે બારણાની કળ આગળથી જાલિમસિંહ ખસી ગયો. બારણું ઉઘડયું અને ડાકટર પાછો ફર્યો. તેણે ડિટેક્ટિવને કહ્યું: "સાહેબ, મારી સાથે આપ પણ આવો. મર્હુમ મહારાજાનાં બહેનશ્રી આપને મળવા ઇચ્છે છે."

ડિટેક્ટિવ બારણામાંથી જતો હતો તે વખતે જાલિ-મસિંહે ટીકા કરી: "ક્ષેમકુશળ વહેલા પાછા પધારજો!"

"આપ ચિંતા ન કરશો, મહેરબાન!" ડિટેક્ટિવે જવાબ વાળ્યો.

એણે અંદર આવવા કેમ યત્ન કર્યો નહીં અને ઉલટું કરડાકીભરેલી ટીકા કેમ કરી, એથી ડિટેક્ટિવને આશ્ચર્ય થયું.

પણ હજી તેને વિશેષ આશ્ચર્ય થવાનું બાકી હતું એનો ખ્યાલ ડિટેક્ટિવને અત્યારે ન આવ્યો. એ વધુ આશ્ચર્ય શું?



પરિચ્છેદ ૭.

ઉપરાઉપરી નિરાશા !

" There is a great distance between the cup and the lip!"

ભાવાર્થ: " મ્હાના પ્યાલા અને હોઠ વચ્ચે ઘણું અંતર હોય છે !"

ડિટેક્ટિવ તે ખંડમાં પેઠો ત્યારે તેણે જોયું કે, એક માણસ જમીન પર લોહી લુહાણ હાલતમાં પડયો હતો અને તેની પાસેજ એક ખુરશીમાં એક સ્ત્રી મોંપર ઘુંઘટ નાંખીને બેઠી હતી. ડિટેક્ટિવને જોતા તે ઉઠીને ઉભી થઇ અને બોલી: "પધારો. મિ. હીનેન્દ્રરાય, હંસ સંબંધે મારે આપને કેટલીક હકીકત કહેવાની છે." તે એક બારી આગળ જઇને ત્યાં પડેલી ખુરશીમાં બેઠી. ડિટેક્ટિવ તેની પાસે પડેલી ખુરશીમાં બેઠો. ડાક્ટર લોહીલુહાણ થયેલા માણસની સારવારમા રોકાયો. દાસી ડાક્ટરની મદદમાં રહી.

" ડિટેક્ટિવ સાહેબ, " તે સ્ત્રીએ કહ્યું: " મારે ભાગ્યેજ આપને ઓળખાણ આપવી પડશે કે, હું સ્વર્ગસ્થ નરેન્દ્રની બહેન થાઉં છું."

"એથી હું વાકેફ છું. આ લોહીલુહાણ થયેલી વ્યક્તિ કોણ છે?"

" તે મારો એક નોકર છે."

" તે શાથી લોહીલુહાણ થયા?"

" હંસ લેવા જતાં!"

"હંસ તેના હાથમાં આવ્યા?"

"આવ્યો અને ગયો! જેમ મારા હાથમાંયે આવ્યો અને ગયો તેમ!"

" તમારા હાથમાં તે આવ્યો હતો ? "

" હા. હુરભમ ખવાસની વહુ કોઇ વિશ્વાસપાત્ર જગ્યાએ તે છુપાવવા આ મહેલમાં આવી હતી. તેણે મને અહીં દીઠી. તેથી વાત કરી, હંસ બતાવ્યો. તેમાં અમુક કરામત હતી. મેં તે ખોલ્યો—'

" એમ ! ખોલ્યો પણ ખરો ? છતાં તે અત્યારે તમારી પાસે કેમ નથી ? "

" મારી સહેજ ગફલતનું એ પરિણામ છે. જોડેના ખંડમાં કોઈ નહોતું એટલે એક મેજ ઉપર તે મૂકીને કુટવા આવેલા સ્ત્રી-મંડળમાં હું ભળી. દરમ્યાન કોઈક ચોર પાછલી બારીએથી આવ્યો અને લઇ ગયો—"

" પણ તમે તો કહ્યું ને કે, આ લોહીલુહાણ થયેલા તમારા નોકરના હાથમાં તે આવ્યો હતો ? "

" તે એમ બન્યું કે, ચોર લઈ ગયો ત્યારે જાલિમ-તેની પૂંઠે પડયો. મેં આ નોકરને તે બન્નેની પૂંઠ લેવા મોકલ્યો. તેને તાકીદ આપી કે,—"

અહીં તેનો સ્વર જરાક ધીમો થયો. આમ તેમ જોઈને તે પુનઃ બોલી: "—જાલિમના હાથમાં જો હંસ આવ્યો હોય તો લઇ લેજો. જાલિમની પાછળ તે ગયો. જાલિમને ચોર સાથે તળાવ આગળ ઝપાઝપી થતાં જાલિમ બેશુદ્ધ થયો. હંસ તળાવના કાદવમાં પડયો. તે લેવાનો એનો વિચાર હતો ત્યાં તમારી મોટર આવી. મોટર આવતાં આ છુપાઈ ગયો. તમે મોટરમાં નાંખીને જાલિમને આ બાજુ લાવ્યા. એટલે ચોર કાદવમાંથી હંસ લેવા ગયો. એજ વખતે આ નોકરે બીજી દિશામાં તળાવમાં ભૂસકો મારી હંસ લઇ લીધો ! ચોર ખસીયાણો પડી ગયો !—

" તમે આ બધું કેવી રીતે જાણ્યું ? "

" હું બારીએ ઉભા ઉભા દૂર્બિનથી એ બધી ધમાલ જોતી હતી."

" વારૂ. પછી શું થયું ?

"મેં એ ચોરને ઓળખ્યો. તે હુરભમ ખવાસજ હતો!"

ડિટેક્ટિવે સહેજ આશ્ચર્ય બતાવ્યા પછી પૂછ્યું: " વારૂ. પછી ? શું હુરભમે આની ઉપર હુમલો કર્યો ? "

" તમે શાથી જાણ્યું ? "

" માત્ર કલ્પનાથી. "

" એમાં જરાક ફરક છે. હુરભમે આ માણસની પાછળ દોડી તેના પર હુમલો કર્યો. તેની પાસે એક મોટું ચપ્પુ હતું. આ માણસને જખમો થયા. તે બેની લઢવાડ ચાલતી હતી ત્યાં રસ્તેથી પસાર થતો કોઇ મવાલી હંસ ઉડાવી ગયો ! "

" એની કાંઈ ઓળખાણ પડી છે ? "

" ના. "

ડિટેક્ટિવ ગંભીર બનીને વિચાર કરવા લાગ્યો. પછી તેણે પૂછ્યું: " તમે કહ્યું કે, તમે હંસ ખોલ્યો હતો. ત્યારે તો તેમાંની વિગત—"

" હા. હું વિગતથી વાકેફ થઈ છું. "

"તે વાંચ્યા નહોય તો મને તે કહેશો ?"

"એકજ શરતે."

"શી શરત ?"

"જુઓ આ કાગળ–" વીરબાળાએ જે પત્ર જાલિમસિંહને આપ્યો હતો તે તેને બતાવ્યો.

"વારૂ. મારે શું કરવાનું છે એ કાગળનું ?"

"તમે મને લખી આપો કે, જે ગાદીવારસ જડશે તેનેજ કુન્દનપૂરની ગાદી અપાવવામા હું મદદ કરીશ અને જાલિમસિંહને લગીરે મદદ નહીં કરૂં."

ડિટેક્ટિવ મૂછમાં હસ્યો અને બોલ્યો: "મહુંમ મહારાજાના મોતને બિછાને મેં આ જાતનીજ પ્રતિજ્ઞા લીધી છે. મારી પ્રતિજ્ઞાથી ચળવાની મને શી જરૂર ?"

"શું તમને મહારાજાએ એ માટેજ બોલાવ્યા હતા?"

"હા. મેં તેમને વચન આપ્યું છે કે, તેમના ભાવી વારસને હું શોધી આપીશ. તેઓશ્રી મને વિગત કહેતા હતા ત્યા અચાનક તેમનો દેહ પડયો ! હુ બીજુ ગમે તે કરૂં; પણ મરનારનો દ્રોહ તો નજ કરૂં."

"આ સાંભળીને મને તમારામા વિશ્વાસ ઉપજે છે." પત્ર ખિસ્સામા મૂકી દઇને તે બોલી: "તમે વિગત નથી જાણતા ખરૂંને ? તો હું તમને તે કહેવા તૈયાર–"

આ વાકય અધૂરૂં બોલીને વીરબાળા એકાએક ચૂપ બની ગઈ. તેણે ડોક ખુરશીને અઢેલવાની પાછલી બાજુએ નાંખી દીધી; તેના હાથ જમીન તરફ લબડયા અને જાણે બેશુદ્ધ બની ગઈ હોય એવાં ચિહ્ન જણાયાં !

ડિટેક્ટિવે તેની આ હાલત જોઈને પૂછયું: "તમને શું થાય છે ?"

કાંઇ જવાબ મળ્યો નહીં ! ડિટેક્ટિવે આમ તેમ નજર કરી. વીરબાળાનું મોઢું જે દિવાલ સામે હતું તે તરફ ડિટેક્ટિવની નજર ગઈ. તેમાં એક જાળીઉં હતું. જાળીઆમાં લોઢાના શળીઆ જડેલા હતા. એ જાળીઆના શળીઆ વચ્ચે તેણે બે ચમકતી આંખો જોઇ ! તે ચમક્યો !

તેને કાંઈક સમજાયું હોય તેમ પોતાની ખુરશી ઉપરથી સફાળો ઉઠીને તે જોડેના ખંડમાં જવાના બારણા તરફ દોડયો. એ બારણાને તેણે જોરથી લાત મારી. તે ઉઘડયું નહીં !

ડિટેક્ટિવ નિરાશ થયો. જાળી આગળ આવી મુઠ્ઠી ઉગામીને તે બરબડયો: "હું સમજ્યો. હું આ વિગતથી વાકેફ ન થાઉં તે માટે આ અબળા પર "હિપ્નોટિઝમ" કરવામાં આવ્યું છે !"

ડિટેક્ટિવનું દોડવું, બારણા પર લાત મારવી અને બરબડવું, એ બધું ડાક્ટરના સાંભળવામાં આવ્યું. તેણે પૂછયું: "શું છે સાહેબ ? હિપ્નોટિઝમ કોના પર કરવામાં આવ્યું છે ?"

ડિટેક્ટિવે ખુરશીમાં ભૂત જેવી હાલતમાં બેઠેલી વીરબાળા તરફ આંગળી કરી. ડાકટર તેની પાસે ગયો અને તેને તપાસીને ડિટેક્ટિવના અભિપ્રાયને પુષ્ટિ આપી. જે દાસી ડાક્ટરની મદદમાં હતી, તે આ વખતે વીરબાળાને આવી હાલતમાં જોઇને "ઓ મા રે !" એમ બોલીને નાસી ગઈ !

લોહીલુહાણ થયેલો નોકર પણ તેને મલમપટ્ટા કરી લેવાયાથી ચાલતો થયો.

"ડાકટર, આની દવા—

"નથી હોતી સાહેબ ! જેણે આકર્ષણ કર્યું હોય તેનું ધ્યાન બીજી દિશામાં દોરવામા આવે અથવા તો આ બાઇને અહીંથી દૂર લઇ જવામા આવે, તો આકર્ષણનાં આંદોલનોમા અંતરાય પડે. આંદોલનોની પ્રબળતા તેથી ઘટીને આકર્ષિત વ્યક્તિ શુદ્ધિમા આવે—"

"બરાબર," ડિટેક્ટિવે કહ્યું. તેણે પલભર વિચાર કરી જોયા પછી કહ્યું: "ડાકટર, મને મદદ ન કરો ? હું જે મોટરમાં અહીં આવ્યો છું, તે મોટર બરાબર આ બારી નીચે લાવીને હું ઉભી રાખું છું. તમને બૂમ મારૂં એટલે આ સન્નારીને અધ્ધર ઉઠાવીને નીચે મોટરમાં ફેંકશો ? હું તેમને કોઈ જાતની ઈજા ન થાય એવી રીતે ઝીલી લઇશ."

"શું કહો છો, સાહેબ ? ! એમ બની શકશે ?"

"એમાં લગીરે સંદેહ ન રાખશો. મારાં કાંડાં બાવડાં મજબુત છે. હું આવી બાબતોમાં ટેવાયલો છું. ઘણીજ સફાઇથી હું મારા બન્ને હાથમાં તેમને ઝીલી લઇશ, એ જોઇને તમે હેરત થશો."

"પણ સાહેબ, એમ કરવા કરતા આગ બુઝાવનારાઓની દોરડાની જાળીમા તેમને ઝીલાવરાવો તો ?"

ડિટેક્ટિવ ડાકટર સામે જોઈ રહ્યો. ડિટેક્ટિવને પોતાનાં કાંડાં બાવડાંમાં જેટલો વિશ્વાસ હોય તેટલો આ ડાકટરને ન હોય, એ સ્વભાવિક હતું; છતાં ડાકટરે કરેલી સૂચના ખોટી નહતી; તેથી ડિટેક્ટિવે જવાબ દીધો: "વારૂ, જો બંબાવાળાઓ હોય છે તો તમારી સૂચના મુજબ વીતશે. પણ આટલામાં કયાંયે નહીં હોય તો વખત ગુમાવવા કરતાં મેં કહ્યું તેમ વર્ત્તવામાં આનાકાની ન કરશો."

એમ કહી, આ ખંડના જે બારણાને ડિટેક્ટિવે લાત મારી હતી તેને પોતાની બાજુથી સાંકળી વાસી દઇને ડિટેક્ટિવ તરત જ તે ખંડના બીજા બારણામાંથી બહાર જવા તૈયાર થયો; ત્યાં ડાક્ટરે પૂછયું.

"પણ સાહેબ ! તમે તેમનું શું કરશો ?"

"હું એમને કૌતલપૂર–એમના પતિને ત્યાં લઇ જઇશ"

ડોકટરને આ જવાબથી સંતોષ થયેલો જણાયો કારણ તેણે બીજો કોઇ વધુ સવાલ ડિટેક્ટિવને પૂછયો નહીં.

ડિટેક્ટિવ તે ખંડમાંથી બહાર નીકળ્યો ત્યાં તો પાસેના ખંડમાંથી બૂમ સંભળાઇ: " મદદ ! મદદ ! ! ઓ ડાક્ટર ! જલ્દી આવો ! મદદ ! મદદ ! "

ડાક્ટર ગભરાયો. હાંફળો હાંફળો તે આમ તેમ જોવા લાગ્યો. ફરી બૂમ પડી: "બાઘા જેવા શું જુઓ છો ? આ જોડેના ખંડમાં આવો. જલ્દી; જલ્દી...ઇ...ઇ..."

ડાક્ટરે ખંડો વચ્ચેના બારણાની પોતાની તરફની સાંકળ ખોલી દીધી અને બારણાં ઉઘાડી નાંખ્યાં. ધબ્બ દઇને તે બીજા ખંડના ઉંબરા પર પડી ગયો.

કોઇકે તે પડેલા ડાક્ટરને લાત મારી, ખંડની અંદર પગથીજ ધકેલી દીધો અને બારણા પુનઃ વાસી દઈ સાંકળ ચઢાવી દીધી ! ડાક્ટર બીજા ખડમાં રહી ગયો !

આ વ્યક્તિ કોણ ?

તેણે વીરબાળાની ખુરશી પાસે જઇ તેનો ઘુંઘટ ખોલી નાખ્યો અને પોતાની આંખો ખૂબ ભયંકર બનાવીને વીરબાળાની આંખો સાથે મેળવી કહ્યું: " સાંભળ હું કહું તેમ તારે કરવુંજ પડશે. કહે, હંસ ખોલીને તેમાંથી તેં રણવીરસિંહનાં ગુપ્ત લગ્નની નોંધમાં શું વાંચ્યું ? બોલ, ઝટ બોલ, શું વાંચ્યું ?'

વીરબાળાએ બોલવા માંડયું:

" હું કુન્દનપૂરનો મહારાજા રણ.........

એટલામાં એ ઓરડાના ખુલ્લા બારણાંમાં સ્ત્રીઓનું એક ટોળું દેખાયું. આગળ પેલી દાસી હતી અને " હાય ! હાય ! જુઓ બાસાહેબ ! જુઓ " એમ હ્હેકા કરતી જણાતી હતી.

પણ સ્ત્રીઓ તે ખંડના ઉંબરામાંજ થભી ગઇ; કારણ એક પુરૂષ વીરબાળાની ખુરશી નજદીક ઉભો હતો.

દાસીથી બોલી જવાયું: "જાલિમસિંહ મહારાજ !"

સ્ત્રીઓમાંથી જેને ઉદ્દેશીને દાસી 'બાસાહેબ' કહેતી હતી તે સ્ત્રીએ ધીમે પગલે ખંડમા જાલિમસિંહ તરફ જવા માંડયું.

" કેમ ? શું છે ?" જાલિમસિંહે તેને ંતદને કહ્યું.

" નણંદને શું થયું છે ? આ રૂધી હાંફળી ફાંફળી કહેવા આવી એટલે અમે સૌ અહીં આવ્યાં--"

જાલિમસિંહનું મોં ઉતરી ગયું. એ તેની પત્ની હતી. તે આડું જોઇને ધીમેથી બોલ્યો: " હા, જુઓને, કોણ જાણે શું થઇ ગયું છે ?"

" બાપુ, ડાક્ટર સાહેબ અહીં હતા ને ? એટલીવારમાં ક્યાં ગયા ?" દાસીએ જાલિમસિંહને મોટે અવાજે પૂછ્યું.

પાસેના ખંડમાંથી જવાબ મળ્યો: " એ અહીં છું. રૂધી, ઓ રૂધી ! બારણાની સાંકળ ખોલ !"

દાસી આશ્ચર્યચકિત થતી બારણા નજદીક ગઇ. તેણે સાંકળ ખોલી નાંખી. ડાક્ટર ઉંબરામાં આવીને ઉભો.

જાલિમસિંહે હોઠ કરડયા. તેની યોજના પડી ભાંગી. સ્ત્રી મંડળ એક બાજુ બારણામાં ઉભું છે. બીજા બારણામાંથી ડાક્ટર પણ આવી લાગ્યો છે. તેની નજદીક તેની પત્ની તથા દાસી ઉભાં છે. હવે તેની વિદ્યા અજમાવવી નિરર્થક ! ગુસ્સે થવું કે ધાંધલ કરવી એ પણ નિરર્થક ! દીવેલ પીધું હોય, એવું મોં કરીને જાલિમસિંહ સ્ત્રી મંડળવાળા બારણા તરફ ગયો. સ્ત્રી મંડળે તેને જવાનો માર્ગ કરી આપ્યો. તે પાછું જોયા વિનાજ મહેલનાં પગથીઆ ઉતરીને બહાર પડયો !

તેના જવા બાદ બારી નીચેથી બૂમ પડી: " ડાક્ટર ! ડાક્ટર ! "

ડાક્ટરે ડિટેક્ટિવનો સાદ પરખ્યો. તે બારી નજદીક દોડી ગયો અને કહ્યું: " સાહેબ, ભય દૂર થયો છે. હિપ્નોટિઝમ કરનાર પસાર ! ઉપર આવો. જાલિમસિંહ મહારાજનાં પત્ની અને સ્ત્રીઓ બહેન બાની સારવાર માટે આવી લાગ્યાં છે. "

ડાક્ટરે જોયું કે ડિટેક્ટિવ એક પહેલવાનની માફક મોટરમા ઉભો હતો.

ડિટેક્ટિવને ડાક્ટરે મહેલની બારીમાંથી ખબર આપી તેથી ડિટેક્ટિવને નિરાશા ઉપજી કે, વીરબાળાની સેવા બજાવવાની એક સુન્દર તક હાથમાંથી ગઈ ! પણ જાલિમસિંહ બહાર નીકળ્યો છે, એ જાણીને તેણે આશ્વાસન લીધું કે, ચન્દ્ર હાલ તુર્ત તો રાહુથી ગ્રસ્ત થતો અટક્યો છે !

તેણે મોટર મહેલના આગલ્યા ભાગ તરફ વાળી. નંદનાથ તેને શોધતોજ તે વખતે ત્યાં મળ્યો. ડિટેક્ટિવે નંદનાથને કહ્યું: "કોઇ હજુરીઆ મારફત મહેલની અંદરથી આપણને ખબર મળી શકશે ?"

"આપ જાતેજ અંદર જાઓને ? શો વાંધો છે ?"

"અંદર સ્ત્રી–મંડળ એકઠું થઇ ગયું છે. તેમાયે વળી જાલિમસિંહની પત્ની છે. એટલે હું અંદર જતાં જાલિમસિંહ કાંઇક નિરર્થક ધાંધળ મચાવે, એ બનવાજોગ છે. તેને એવી તક મારે શા સારૂ આપવી ?"

નંદનાથ આમ તેમ જોવા લાગ્યો. તેણે નાયબ દિવાનને જોયો એટલે સૂચવ્યું: "આપ નાયબ–દિવાનને મળી આ સંબંધમાં પૂરતી સગવડ કરાવી શકશો."

"ચાલો, તેની સાથે મારો પરિચય કરાવો."

નંદનાથ ડિટેક્ટિવને નાયબ–દિવાન પાસે લઈ ગયો. તેણે તેને કહ્યું: "સાહેબ, ડિટેક્ટિવ મિ. દીનેન્દ્રરાય આપને મળવા માગે છે."

ડિટેક્ટિવ દીનેન્દ્રરાયના નામથી કુન્દનપૂરનો કોઇજ અમલદાર અણવાકેફ નહતો. રાજ્યના ઝવેરાતની મોટી

ચોરી થઇ હતી તે વખતે આ જ દીનેન્દ્રરાયે બાહોશીથી તે પકડી પાડી હતી. આથી રાજ્યના અમલદારોને તેના નામ પ્રત્યે અત્યંત પૂજ્ય બુદ્ધિ હતી. નાયબ–દિવાનને નંદનાથનું કથન સાંભળી આનંદ ઉપજ્યો કે, બાહોશ ડિટેક્ટિવ પોતાને મળવા આવ્યો છે. તેણે નંદનાથની પાસે ઉભેલા ડિટેક્ટિવ તરફ પોતાનો હાથ સ્મિત સહિત લંબાવતાં કહ્યું: "આપને મળતા મને આનંદ થાય છે કહો આપની શી ફરમાશ છે ?"

"મારે એ જાણવું છે કે, મહારાજાના બહેન શ્રીમતી વીરબાળાની તબિયત મહેલમાં હાલમા કેવી છે ?—

"કેમ ? તેમને શું થયું છે ?"

"આપ એની વિગત પછીથી જાણશો. મને તાકીદે તેમના અત્યારના સમાચાર જોઇએ છે. તેઓ મને પોતાને મળવા માગે છે કે કેમ એ પણ જાણવું છે. માટે એક હજુરીઆને મોકલીને જલદી તપાસ કરાવો."

નાયબદિવાને તેની માગણીનો અમલ કર્યો. ડિટેક્ટિવ સાથે તે મહારાજાના અવસાન–સમયની વાતચીતમાં રોકાયો એટલામાં એક લશ્કરી ઘોડેસ્વાર તેઓ નજદીક આવી પહોંચ્યો. ઘોડા પરથી ઉતરી, લશ્કરી ઢબે સલામ કરી તેણે એક લાંબું પરબીડીઉં નાયબ–દીવાનના હથમાં આપ્યું.

નાયબ–દિવાને તે પત્રના પરબીડીઆ ઉપરનું સરનામું વાંચ્યું. તે ઉપર એક બાજુએ મોકલનારની સહી વાંચી, સ્હેજ વિસ્મયનાં ચિહ્ન બતાવ્યા અને ઘોડેસ્વારને પૂછ્યું: "જમાદાર, દિવાન સાહેબ તો અહીં નથી."

"સાહેબ, તેથીજ મે આપને આ કાગળ આપ્યા છે. મને તાકીદ છે કે, આ કાગળનો તાગડતોબ જવાબ લઈ આવવો."

"વારૂ" એમ કહીને નાયબ–દિવાન પત્ર વાંચવામાં રોકાયો. ડિટેક્ટિવ નંદનાથ સાથે વાતોમાં ભળ્યો.

જાલિમસિંહ આ વખતે પેલો વૃદ્ધ ભાયાત જેણે તેને મહેલમાં જતા પહેલાં આણ વર્તાવવાની સૂચના કરી હતી, તેની સાથે ત્યાં આવી પહોચ્યો. ડિટેક્ટિવે તેને જોઇને કહ્યું: "આપણે ફરીથી મળ્યા ! હવે આપની આંખોને કેમ છે ?"

"મારી આંખોને ? આહ ! મારી આખોને તો કાંઈજ થયું નથી !"

"એમ ? મારા મનમાં કે, એમાંથી તેજ વહી જતું હતું તે સ્ત્રી–મંડળને જોતાં ક્ષીણ તો થયું નથી ને ?"

"હા: હા:" જાલિમસિંહે અટ્ટહાસ્ય કરતાં જવાબ દીધો: "આપ બહુ રમુજી છો, ડિટેક્ટિવ સાહેબ !"

નાયબ–દિવાન એ વખતે ઘોડેસ્વારને જવાબ લખી આપતો હતો. જાલિમસિંહે નાયબદિવાનને પૂછ્યું: "શું છે ? આ ઘોડેસ્વાર કોણ છે !"

"એ ઘોડેસ્વાર રેસિડેન્સિમાંથી આવ્યો છે." નાયબ–દિવાનને જવાબ દેતાં કહ્યું: "પોલિટિકલ એજંટ સાહેબના સેક્રેટરીએ રાજમહેલમાં લાગેલી આગની ખબર પૂછાવી છે. તે લખે છે કે: "હું અમારા બંગલા આગળ ફરતો હતો તે વખતે અચાનક તમારા શહેરમાં મોટા ભડકા જોયા. એ ભડકા શેના છે ? શું કુન્દનપૂરમાં મોટી આગ લાગી છે ? આ તરફની કાંઇ મદદ જોઇતી હોય તો તાબડતોબ જવાબ આપશો."

"તમે એનો શો જવાબ લખો છો ?" જાલિમસિંહે પૂછ્યું.

નાયબ–દિવાનને જાલિમસિંહની આ બધી પંચાત ગમી નહીં. પણ તેણે ટૂંકમાં પતવ્યું: "હું એ જવાબ આપને વંચાવું છું."

જવાબ લખાઈ રહેતાં તેણે વાંચ્યો. તેમાં શરૂઆતમાં સેક્રેટરીએ બતાવેલી દિલસોજીભરેલી લાગણી માટે તેનો આભાર માનનારા શબ્દો લખીને નાયબ દિવાને ખબર આપી હતી કે, રાજમહેલમાં અકસ્માત આગ લાગી હતી. હવે તો તે કાબુમાં આવી છે પણ નુકશાન ઘણું થયું છે. મદદની હવે જરૂર નથી. તેણે તેમા છેવટે ઉમેર્યું હતું કે, દિવાન સાહેબ અત્યારે અહીં નથી; કારણ કે મહારાજા સર રણવીરસિંહજી ભીલ–પ્રદેશમાં ગુજરી જવાથી તેઓને ત્યાં જવું પડયું છે. આપનો પત્ર અગત્યનો હોવાનું સ્વારના કહેવાથી જાણી મેં તે ફોડયો છે અને આ ઉત્તર આપ્યો છે.

મહારાજાના મરણની બાબતનો ઉલ્લેખ આ પત્રમાં થયેલો જાણી જાલિમસિંહને એકાએક વિચાર સુઝી આવ્યો કે, હુંજ પોલિટિકલ એજંટ પાસે જવાબ દેવાને બહાને પહોંચી જાઉં અને સાથે સાથે મારી આણ વર્તાવવાનો હુકમ લખાવી લાવું તો કેવું સારૂં ? નાયબ–દિવાન સ્વારના હાથમા જવાબ આપતો હતો તેને રોકીને જાલિમસિંહે કહ્યું: "સબૂર, આ પત્રનો જવાબ હું જાતેજ સાહેબને આપવા જઇશ."

"કૃપાળુ, રિવાજ તો એવો છે કે," નાયબ–દિવાને કહેવા માડયું "આવા શોકમય સમયે ઘણું ખરૂં રાજકુટુંબ પાસે શોક દર્શાવવા સાહેબ પોતે પધારે."

"પણ એમને તસ્દી આપવાની આપણે શી જરૂર ?"

"એમાં તસ્દીનો સવાલ નથી. શિષ્ટાચારની રીતે એજ ઠીક દેખાય કે, મરનારના કુટુંબીઓ શોકમાં હોય ત્યારે દિલાસો દેવા બહારનાઓજ તેમને ત્યાં આવે. કાંઇ કુટુંબીઓ તેઓ પાસે ન જાય. વળી—"

"પણ મારી મરજી જાને જવાની છે !"

"તો ભલે; આપની મરજીની આડે આવવા મારી બિલ્કુલ ઈચ્છા નથી; પણ—"

"પણ......શું ?"

" હું એમ કહેવા જતો હતો કે, સાહેબ ઘણું ખરૂં અહીં નથી—"

"અહીં નથી?! શા ઉપરથી એમ કહો છો?"

"ત્રણ દિવસ ઉપર અમુક બાબતમાં અમારી પાસેથી માહિતીઓ મંગાવવામાં આવી હતી. એ માહિતીઓ મેળવ્યા પછી સાહેબને મુંબાઇ જવાનું હતું. ઘણું ખરૂં તે પછી તેઓ ગયા છે."

"તો એની ચોક્કસ માહિતી આ ઘોડેસ્વારને પૂછવાથી મળશે."

"હું એજ કહેવા જતો હતો, કૃપાળુ."

નાયબદિવાને ઘોડેસ્વારને પ્રશ્ન કરી જોયો અને જવાબ તેની ધારણા મુજબ મેળવ્યો: પોલિટિકલ એજંટ ત્રણ દિવસથી મુંબાઇ ગયેલા છે અને આવતી કાલે રાતના પાછા ફરનાર છે.

આ જવાબ સાંભળતાં નાયબ-દિવાનના મોં ઉપર પોતાના વિજય માટે હર્ષની લાગણી દેખાઇ અને જાલિમસિંહના મોં ઉપર ખેદ અને નિરાશાની લાગણી જણાઇ! જાલિમસિંહની બધી આશાઓ પડી ભાંગી! પત્રનો જવાબ જાતે આપવા જવાનુ જાલિમસિંહને માંડી વાળવું પડ્યું. ઘોડે સ્વારનેજ તે જવાબ સાથે પાછો વદાય કરવાની ફરજ પડી!

આજની રાત દરમ્યાન અગ્નિ-સંસ્કાર થતાં પહેલાં પોતાની આણ વર્ત્તાવવાની જાલિમસિંહના દિલમાં આતુરતા હતી. એ આતુરતા પૂરી પડે એવો કોઇ સંજોગ હજી સુધી તેના લાભમાં જણાયો નથી. હંસનો નાશ કરવા તે ગયો તો હંસ ચોરાઇ ગયો. ચોરની પાછળ તે પડયો તો ઘાયલ થયો. ઘાયલ થયા પછી તેની બહેન તરફથી વિગત જાણવા માટે તે તત્પર થયો ત્યાં અંતઃપુર સ્ત્રી-મંડળથી ઉભરાઇ ગયું! ત્યાંથી બહાર નીકળી પોલિટિકલ એજંટને મળવા જવા ધાર્યું તો ખબર મળી કે, તેઓ મુંબાઇ ગયા છે!

"શું વિધિ મારી સામે કામ કરી રહી છે?" જાલિમસિંહ સ્વગત બરબડયો: "પણ ચિન્તા નહી; હું વિધિની સામે થઇશ."

આ વખતે પેલા વૃદ્ધ સાચાતે પ્રશ્ન કર્યો: "બાપુ, કાંઇ હુકમ?"

"છટ્" જાલિમસિંહે ક્રોધમાં જવાબ દીધો: "કાંઇજ હુકમ નથી."

તે પોતાની મોટર નજદીક ગયો અને તેમાં બેસીને મોટર મહેલના પાછલ્યા રસ્તા તરફ હાંકી મૂકી.

જે હજુરીઆને અંતઃપુરમાં મોકલવામાં આવ્યો હતો તે, તથા ડાકટર ડિટેક્ટિવ પાસે આવી પહોંચ્યા. ડાકટરે જણાવ્યું કે: "શ્રીમતી વીરબાળાની તબિયત હવે તદ્દન સ્વસ્થ છે. પણ તેઓ હવે ઉંઘી જવા માગે છે. આવતી કાલે સહવારે તેઓ તમને મળવા બોલાવશે, એમ કહેવા મને તેમણે ફરમાવ્યું છે."

ડિટેક્ટિવે પણ આરામ લેવાની પોતાની ઇચ્છા દર્શાવી. તે ઉપરથી નંદનાથ ડિટેક્ટિવને રાજમહેમાન-મંદિરે લઈ ગયો. ત્યાં એક સુંદર ફર્નિચરવાળા ઓરડામાં તેને ઉતારો અપાયો. પલંગપર બેસતાં ડિટેક્ટિવે નંદનાથને જણાવ્યું "નંદનાથ, હવે તો હું નિરાંતે અહીં ઉંઘવા ધારૂં છું. જે કાંઈ કરવું હશે તે સહવારે થઇ પડશે."

નંદનાથ વદાય થયો.

ધીરે ધીરે મહેલ આગળથી લોકોની મેદની પણ આ વેળા વિખરાઇ અને આશરે દોઢ વાગ્યાને શુમારે કુન્દનપુરમાં હમેશના જેવી શાંતિ પ્રસરી રહી.

પરિચ્છેદ ૮.

અગ્નિ-સંસ્કાર.

મનુષ્ય ધારે છે શું અને વિધિ કરે છે શું ? જાલિમસિંહ ક્યાં ગયો, તે કોઇના જાણવામાં નથી. વીરબાળા સ્વસ્થતાથી તેના અંતઃપુરમાં સુતી છે. ડિટેક્ટિવ રાજ મહેમાન મંદિરમાં સુતો છે. એ દરમ્યાન ભીલ-પ્રદેશમાં એક ઘટના એવી બની ગઇ કે જેનો સ્વપ્ને પણ જાલિમસિંહને ખ્યાલ નહતો.

કોંતલપૂર-નરેશ અને તેમનો રિસાલો જ્યારે ભીલ-પ્રદેશમાં પહોંચ્યો ત્યારે લગભગ રાત્રિના સાડાદશ અને અગીઆર વચ્ચેનો સમય થયો હતો.

તેઓએ ત્યાં પહોંચતાં જોયું કે, દિવાન વગેરે અમલદારો તેમની રાહ જુએ છે અને ભીલોનાં બે હજાર માણસોનું ટોળું મહારાજાના શબને અગ્નિ-દાહનું છેવટનું માન આપવા બેસી રહ્યું છે. જે ઝુંપડીમાં મહારાજાના શબને રાખવામાં આવ્યું હતું ત્યાં જઈ કોંતલપૂર-નરેશે પોતાના મૃત સાળાનાં અંતિમ દર્શન કર્યાં. મૃત્યુનું કારણ વગેરે સંબધી દિવાનને તેમણે પૂરપરછ કરી અને વાતમાંથી વાત નીકળતાં ડિટેક્ટિવને મહારાજાએ બોલાવ્યાના સમાચાર, છેવટનો કહેલો સંદેશો, તે સંબંધમાં જાલિમસિંહ અને ડિટેક્ટિવ બન્નેના હેરફેર અભિપ્રાય ઈત્યાદિથી તેઓને વાકેફ કરવામાં આવ્યા.

કોંતલપૂર-નરેશનું મુખ એ સાંભળીને વધુ ગંભીર બની ગયું. એમણે પૂછ્યુંઃ "જાલિમસિંહ ક્યાં છે ?"

"તેઓ આપને તેડવા અજયગઢ ગયા છે."

"અજયગઢ ! મેં અજયગઢમાં પગ પણ મૂક્યો નથી. એ વાત તેમને કોણે કહી કે, હું ત્યાં છું ?"

"એ તો તેઓશ્રી જાણે."

"ડિટેક્ટિવ ક્યાં છે ?"

"તેઓ રાજમહેલમાં "રૂપેરી રાજહંસ"ની તપાસ માટે ગયા છે."

"એમની ગેરહાજરી માફ થઇ શકે તેવી છે; પણ જાલિમસિંહજી અજયગઢનું નામ દઇને ક્યાં ગયા હશે ?"

તેને વિચાર આવ્યો કે, જાલિમસિંહને ગાદીવારસ તરીકે મૃત મહારાજાએ ન સ્વીકાર્યાથી તે કદાચ ગુસ્સે થઇને ચાલ્યો ગયો હોય ! કદાચ 'રૂપેરી રાજહંસ' હાથ કરી લેવા પણ કુન્દનપૂર ગયો હોય ! અજયગઢ જવાનું કાંઇજ કારણ નથી. અજયગઢને અમારી સાથે કાંઇજ સગપણ કે મૈત્રિ સંબંધ પણ નથી.

કોંતલપૂર-નરેશને લાગ્યું કે, જો જાલિમસિંહની રાહ જોતાં બેસીશું તો રાતની રાત અહીંજ વીતી જશે અને જાલિમસિંહના કોઈ તરંગ કે ફાંટાને ખાતર મારે આ માટે અહીં રાત ગુમાવવી ?

પોતાના રિસાલા સાથે પોતાનો રાજપુરોહિત પણ આવ્યો હતો તેને બોલાવીને તેણે અમુક બાબતમાં તેની સલાહ લીધી અને પછી દિવાન કૃષ્ણશંકરને કહ્યું: "આપણે અર્ધા કલાક સુધી જાલિમસિંહજીની રાહ જોઇશું. જો તે દરમ્યાન તેઓ પાછા નહીં ફરે તો અગ્નિ-સંસ્કારની ક્રિયા કરીશું."

"એ કાર્ય કોણ કરશે ?"

"કોણ કેમ ? મારા રાજપુરોહિત. એક શુદ્ધ બ્રાહ્મણને હાથે મહારાજાના શબનો અગ્નિ-દાહ થાય, એ મને તો, સદ્‌ગતના સુસંસ્કાર લાગે છે. રાજપુરોહિત કહે છે કે, આવાં ધર્મકાર્ય કરનાર બ્રાહ્મણને અનંત પુન્યફલ મળે છે. પોતે આ ધર્મકાર્ય માટે રાજી છે; તો હવે આપણે સમય ગુમાવવો જોઈએ નહીં. આ બધા ભીલ લોકને આપણે ક્યાં સુધી બેસાડી મૂકીશું ? અને આપણે પોતે પણ અગવડ વેઠીને અહીં નકામા ક્યાંસુધી બેસી રહીશું ?"

દિવાન વિચારમાં પડયો.

કોંતલપૂર-નરેશ, તેની ગૂંચવણ કળી જઇને બોલ્યાઃ "જોકે જાલિમસિંહને આથી કદાચ ગુસ્સો ચઢશે; પણ તમેજ વિચારો કે, આપણને પે ગુસ્સો ચઢે, એવું તેણે નથી કર્યું ? અત્યારે તે શા માટે અહીંથી ગેરહાજર રહ્યા છે ? અજયગઢ જવાની તેને મુદ્દલે જરૂર નહતી. છતાં તે ગુસ્સે થશે તો પાછળથી એને સમજાવી લેવાશે."

સેનાપતિ અને શાર્દુલરાય, માંહોમાંહે મસલત કરવા લાગ્યા. તેઓને ખટપટનો એક વિષય મળ્યો. કોંતલપૂર નરેશનો પુરોહિત અગ્નિસંસ્કાર કરે એમાં દિવાન સંમતિ આપે તેથી જાલિમસિંહ અવશ્ય ચીઢાવાનો અને એ ચીઢાશે તો દિવાનને બરતરફ કરવાથી શાર્દુલરાયને તક મળશે અને એ રીતે નવીન રાજાના શાસનકાલમાં પોતાનું જોર જામશે. આમ બેત રચીને એ બન્નેએ 'હા માં હા' મેળવી.

આખરે સર્વનો એ અભિપ્રાય થયો કે, અર્ધો કલાક થોભીને અગ્નિસંસ્કાર કરવો. દિવાને, ચંદનનાં લાકડાંની ચિતા ખડકવાનો હુકમ ભીલોને આપી દીધો. તેઓ એ

કાર્યમા રોકાયા તે દરમ્યાન કાંતલપૂર નરેશે વિશેષ સૂચના કરી કે, "આ સ્થળે જ્યાં આ પ્રતાપી નરેશનો અગ્નિ–સંસ્કાર થશે ત્યાં એક 'વિરામ–મંદિર' એમના નામથી ઉભું કરવું એવો મારો અભિપ્રાય છે. એ મંદિરનું ખર્ચ આ પુન્યશ્લોક નૃપતિની યાદમાં હું મારા તરફથી આપીશ. આ આ વિરામમંદિરનો એક ભાગ આ ભીલ–પ્રદેશના લોકોનાં બાળકોને શિક્ષણકાર્ય આપનારી શાળા તરીકે અને બીજો ભાગ હોસ્પિટલ તરીકે વાપરવો."

દિવાને આ યોજના પસંદ કરી અને તે એક ઉચિત સ્મારક હોવાનો અભિપ્રાય આપ્યો. સેનાપતિ અને શાર્દુલરાયે એક બીજા તરફ આંખો મટમટાવી 'હા માં હા' મેળવવા પોતાનાં પાંચશેરીઆં હલાવ્યાં!

અર્ધો કલાક વીત્યો. જ્યારે કુન્દનપૂરમાં રાજમહેલ પાસેના તળાવ નજદીક હરભમ અને જાલિમસિંહ વચ્ચે રાજહંસ લેવા માટે દોડાદોડી ચાલતી હતી ત્યારે અહીં ભીલ–પ્રદેશમાં મૃત મહારાજાના અગ્નિ-સંસ્કારની ક્રિયા શરૂ થઇ. કાંતલપુર–નરેશે તમામ ભીલોને ઉદ્દેશીને એક ભાષણ કર્યું અને જણાવ્યું કે, "તમારા જેવી ભોળી અને વફાદાર પ્રજા વચ્ચે મરવું એ પરમ ભાગ્યની વાત છે. તમે સૌ છેક સહવારથી ખડે પગે અહીં હાજર રહ્યા છો; તમારાં બાળબચ્ચાં અને સ્ત્રીઆદિની દરકાર કર્યા વિના તમે કેવળ તમારા આ રાજવી જેમને તમારી ભૂમિમા અકસ્માત નડયો, તેમને માટે આતુરતાથી લાગણી દર્શાવી રહ્યાં છો. એને લીધે જ તમારી હાજરી વચ્ચે તમારી ભૂમિમાં તેમના શબનો અગ્નિ–સંસ્કાર કરવા અમે ઠરાવ્યું છે. એ રાજવીની દયાલુતા સુપ્રસિદ્ધ હતી. પ્રજાપ્રેમ જગજાહેર હતો. બહાદૂરીમાં એ અજોડ હતા. આવા જે નૃપાલનો દેહ આ ભૂમિમાં પડયો છે, તેમનું સ્મારક અહીં જ કરવું એમ મેં ઠરાવ્યું છે અને તેથી આ અગ્નિ–સંસ્કારને સ્થળેજ એક મંદિર ઉભું કરવામાં આવશે. તેમાં તમારાં બાળબચ્ચાંને મફત શિક્ષણ અપાશે; તેમજ તમારામાથી જેઓ માંદા પડશે તેમની મફત સારવાર થશે. વળી આ મંદિરનો એક લાભ અહીં આવનાર મુસાફરોને પણ એ મળશે કે, કદાપિ કોઇને ફરીથી આવો અકસ્માત નડશે, તો ઝટ તેની દવા પાછળ ધ્યાન આપી શકાશે. મને ખાત્રી છે કે, આ સ્મારક તમને સૌને રૂચશે અને મરનાર મહાન નૃપતિનો આત્મા એથી સંતુષ્ટ થઈ તમો સર્વ પર પોતાના આશીર્વાદ વરસાવશે."

ભલા, ભોળા ભીલોને કાંતલપૂર–નરેશનું આ ભાષણ રૂચ્યું અને તેઓ મરનારનાં ગુણગાન સાથે આ રાજવીનાં પણ ગુણગાન કરવા લાગ્યા.

એ ભાષણ પછી પોતાના રાજપુરોહિતને સંબોધીને કાંતલપુર–નરેશે કહ્યું: "મારા રાજપુરોહિતજી, તમારૂં ભાગ્ય છે કે, તમારે હાથે આજ એક મહાન નૃપતિના દેહને અગ્નિસંસ્કાર દેવાય છે. એ પુણ્યશાલી રાજવીના પણ હું એ પુન્ય માનું છું કે ક્ષત્રિય દેહને તેમનાથી ઉચ્ચ કોટિના બ્રાહ્મણને હાથે અગ્નિસંસ્કાર મળે છે."

એ ભાષણ પછી રાજપુરોહિતે વિધિપૂર્વક અગ્નિસંસ્કાર કર્યો. એક પાસ કુન્દનપૂરના તળાવ ઉપર જાલિમસિંહના માથામાં હરભમે તમંચાનો કુંદો મારવો અને બીજી પાસ ભીલ-પ્રદેશમાં મહારાજાના શબને પુરોહિતે અગ્નિનો સ્પર્શ કરાવવો, એ બન્ને કાર્ય એકજ સમયે થયાં.

વાચકવૃન્દ! વિધિની એમાં શી સંકલના હશે? જાલિમસિંહને અગ્નિસંસ્કાર પહેલાં પોતાની આણ પ્રવર્તાવવાની ઈચ્છા હતી. વિધિએ એવા સંજોગ લાવી મેળવ્યા કે, તેની ઇચ્છા પૂરી થવા ન પામી! શું વિધિ જાલિમસિંહનાં પાપકૃત્યનું વેર લેતી હતી?

અગ્નિ સંસ્કાર થયા પછી ભીલોનાં ટોળાંઓને સમજાવીને તેઓને ઘેર મોકલવામાં આવ્યાં અને શબનું સંપૂર્ણ દહન થઇ રહે ત્યાં સુધી સૌ રાહ જોતા બેઠા. લગભગ ૩ વાગ્યે એ કાર્ય સંપૂર્ણ થઇ ગયું ત્યાં સુધીમાં જાલિમસિંહ આ પ્રદેશમાં ન આવ્યો તે ન જ આવ્યો!



પરિચ્છેદ ૯.

એ કોણ ?

પાછલી રાત્રિના લગભગ ચાર વાગ્યાને શુમારે મર્હુમ મહારાજાનાં અસ્થિ સહિત, ભીલ–પ્રદેશમાંથી કુન્દનપૂરના અમલદારો તેમજ કૌંતલપૂર નરેશ અને તેમના રિસાલાના સર્વ માણસો મોટરોમાં બેસીને કુન્દનપૂર આવી પહોંચ્યા.

કૌંતલપૂરના રિસાલાના માણસોને રાજમહેમાન મંદિરમાં ઉતારો અપાયો. તેઓ ઉતારાને સ્થળે જતાં રાજમહેલમાં લાગેલી આગ સંબંધી વાતચીત કરતા હતા, એટલે એ સ્થળની શાંતિમાં સ્હેજ ભંગ પડયો. ડિટેક્ટિવ આથી જાગી ઉઠયો. તે પોતાના ખંડ બહાર આવ્યો. તેણે વાતચીત કરતા માણસોમાં કૌંતલપૂર–નરેશના એ. ડી. કાં જગપ્રતાપને જોયો. બન્ને જાણુ વાલોએ વળગ્યા. જગપ્રતાપે તેને ભીલ–પ્રદેશમાં રાજપુરોહિત દ્વારા મહારાજાના મૃત દેહને અગ્નિ–દાહ દેવાની વાત કહી, જાલિમસિંહની ત્યાંની ગેરહાજરી માટે આશ્ચર્ય બતાવ્યું. અને ડિટેક્ટિવે તેને રાજમહેલની આગને લગતી હકીકત કહી. એ બાદ ડિટેક્ટિવ પોતાના ખંડમાં પાછો ગયો અને જગપ્રતાપ તેની પાસેના જ ખંડમાં સુવા ગયો.

ડિટેક્ટિવને હવે ઉંઘ ન આવી. જાલિમસિંહ ક્યાં ગયો હશે, એના વિચારોને વમળે તે ચઢયો. તેને દહેશત લાગી કે, કદાચિત વીરબાળાને ઉંઘમાં સતાવવાના હેતુથી તો તે રાજમહેલની આસપાસ છુપાઇ રહ્યો નહીં હોય ? અથવા તે શું કોઈ નવી બેતબાજીમાં પ્રવૃત્ત થયો હશે ? અનેક પ્રકારના વિચારોમાં આશરે પોણો કલાક વહી ગયો તેનું તેને ભાન રહ્યું નહીં. તે બિછાનામાં આળોટતો પડયો રહ્યો. એવામાં તેના ખંડમાં કાંઇક ખડખડાટ થયો. ડિટેક્ટિવનો નિયમ હતો, કે ખડખડાટ થાય ત્યારે બીજાઓની માફક ઝટ ડોક ઉંચી કરીને આમતેમ તે જોતો નહીં. તે બિછાનામાં પડી રહ્યો અને અર્ધમીંચેલી આંખે જોવા લાગ્યો કે, શું છે ? તેના કાન સાવધ હતા. તેણે જોયું કે, ખંડની ડાબી બાજુની ખુલ્લી બારીમાંથી એક કાળા બુરખાવાળી :આકૃતિ તે ખંડમાં કુદી પડી ! તેની પાછળ એવી ચાર આકૃતિઓ આવી. બહુજ ધીમાં પગલાંથી તે આકૃતિઓ તેના તરફ આવવા લાગી.

સમય કટોકટ હતો. ડિટેક્ટિવને સહસા ખ્યાલ આવ્યો કે, આ જાલિમસિંહના જ માણસો હોવા જોઇએ અને તેઓ જરૂર મારું ખૂન કરવા આવ્યા છે. ચાર આકૃતિઓ તેના પલંગની ચારે બાજુએ ગોઠવાઇ ગઇ અને પાંચમી આકૃતિએ ડિટેક્ટિવના શરીરપર નીચા વળી તેને મારવા ખંજર ઉગામ્યું !

વાચકવૃન્દ ! શું ડિટેક્ટિવ, આ પાંચ આકૃતિઓને હાથે મરણ પામશે ?

પણ ના; ડિટેક્ટિવ એમ પોતાનો પ્રાણ ખોવા રાજી નહતો. તેણે એક અજબ હિમ્મત વાપરી. જે પલંગમાં તે સુતો હતો તેની નીચેના ચાર પાયાને ગરગડીઓ હતી એથી સુતી વખતેજ તે માહિતગાર થઇ ગયો હતો. પોતાના પગ તેણે પલંગમાં ઉંચા કર્યા. તેજ સાથે જે બાજુએ તેનું માથું હતું તે બાજુએ પોતાના શરીરનું તમામ વજન નાંખી દીધું; જેથી પગવાળી બાજુએથી પલંગ ઉંચો થયો અને માથાવાળી બાજુએથી ગરગડીઓને લીધે ખસીને નીચો થયો. તેમ થતાંજ "પકડો, પકડો, એકદમ પકડો" એવી બૂમ મારતો ડિટેક્ટિવ ગુલાંટ ખાઇને પલંગથી દૂર થઈ ગયો. પલંગ પાછો જમીન પર પછડાયો. તે દરમ્યાન ડિટેક્ટિવે પોતાની રિવોલ્વર સંભાળી લીધી અને જમીનમાં એક ખાલી ગોળી બાર કર્યો.

આંખના પલકારામાં આ બધું અચાનક બન્યું એથી હલ્લો લાવનારાઓ પ્રથમ તો આભા બનીને દૂર હટી ગયા અને તેમને ડિટેક્ટિવને પૂરો કરવાની તક મળી નહીં પણ ડિટેક્ટિવ પલંગમાંથી બહાર પડયો એટલે કાળા બુરખાવાળી આકૃતિઓમાંની એક પોતાની પાસેથી તમંચો કાઢયો. તમંચો ફોડવા માટે જ્યાં તેણે હાથ લંબાવ્યો કે, ખંડનાં બારણાં બહારની બાજુએથી જોરથી ખખડયાં. તે સાથેજ માણસોનાં પગલાં સંભળાયાં; ઘાંટા ઘાંટ પણ સંભળાઇ. "રૂપસિંહ, તમે આ બારણાં તોડી નાંખો, હું બીજી બાજુએ તપાસું છું" " ડિટેક્ટિવ સાહેબ, આવી પહોંચ્યું છું "

બારણાંને લાત લાત ચાલુ થઇ. માણસોની દોડાદોડ વધી. ડિટેક્ટિવે બૂમ મારી, " જગપ્રતાપ, ડાબી બાજુની બારીમાંથી આવો. "

જે બુરખાધારીએ તમંચો ફોડવા હાથ લંબાવ્યો હતો તેણે આ સાંભળીને ડિટેક્ટિવ તરફ તમંચો ફોડયો અને તમંચો ફોડીને ત્યાં નહીં થોભતાં બારીવાટે કુદકો મારીને ખંડ બહાર પડતું મૂક્યું.

તેના તમંચામાંથી છુટેલી ગોળી ડિટેક્ટિવને વાગે તે પહેલાં તો તે એકદમ નીચો વળી ગયો એટલે તે નકામી ગઇ. ડિટેક્ટિવને કશી ઇજા ન થઇ.

બીજા બુરખાધારીઓ, પહેલા નાસી જનારનું અનુકરણ કરવા તત્પર થતા હતા. તેઓ તમંચાઓ બુરખામાંથી

બહાર કાઢતા હતા. ત્યાં તો બારીમાં જગપ્રતાપે તમંચા સાથે દેખા દીધી અને બૂમ પાડી: "ખબરદાર !"

બુરખાધારીઓના હાથ જ્યાંના ત્યાં રહી ગયા. તેઓથી પોતાના તમંચા બહાર કાઢી શકાયા નહીં. ડિટેક્ટિવ હવે પોતાની રિવોલ્વરમાંથી જમીન પર ખાલી બાર કરીને બારી તરફ આવ્યો. જગપ્રતાપ તથા તે–બન્નેએ પોતાના તમંચા બુરખાધારીઓ તરફ ધરી રાખ્યા. ડિટેક્ટિવે બૂમ મારી: "હાથ ઉંચા કરો. એક 'લાઈન' માં ઉભા રહો."

લાચાર બનેલાઓને તેમ કર્યા વિના છુટકો ન રહ્યો. તેઓએ હાથ ઉંચા કર્યા; તેઓ એક હરોળમાં ઉભા રહ્યા. ડિટેક્ટિવે અને જગપ્રતાપે પોતાના હાથમાં તાકેલા તમંચા રાખીને તેઓ તરફ પગલાં ભરવા માંડયાં. જરીક કોઈ હાલે કે તરતજ આ બન્ને પોતાના તમંચા તેઓ તરફ ધરી ફોડવા તૈયારી કરતા કે જેથી હાલનારને સ્થિર થવું પડતું.

એટલામાં જગપ્રતાપના સાથીદારો રૂપસિંહ વગેરેએ બારણું તોડવા માટે કરવા માંડેલા પ્રહારો ખૂબ વધી ગયા. તે જોઇને જગપ્રતાપે પોતાનો તમંચો પકડાયલાઓ તરફ તાકેલોજ રાખીને બારણા નજદીક જઈ તેની સાંકળ ખોલી નાંખી. બહારનાઓ અંદર આવ્યા. દશ બાર જણનું એ ધાડું હતું.

જગપ્રતાપે તેઓને ઇશારો કરતાંજ તમામ બુરખા ધારીઓને તેઓએ પકડી લીધા; તેમની પાસેનાં હથિયારો છીનવી લીધાં.

"પેલા નાઠેલાનું શું ?" હવે ડિટેક્ટિવે જગપ્રતાપને પ્રશ્ન કર્યો.

"મારા સાથીદારો તેની પાછળ પડયા છે." જગપ્રતાપે જવાબ દીધો.

"ત્યારે હવે આમનાં મુખારવિંદ—"

જગપ્રતાપે અધવચ્ચ કહ્યું: "ઉફ્ ડાંચાં—"

ડિટેક્ટિવે સ્મિત કરી કહ્યું: "તપાસીએ"

એ વ્યક્તિઓના બુરખા ખોલવામાં આવ્યા અને એમાં એક પરિચિત વ્યક્તિને જોઇને ડિટેક્ટિવ આશ્ચર્યચકિત થયો. પણ હસીને એ વ્યક્તિને તેણે નમન કર્યું અને જગપ્રતાપને પૂછયું: "આ શ્રીમાનને આપ ઓળખો છો ?"

"એમને ન ઓળખું એ બને ખરૂં કે? વંદન છે. સંરક્ષક કહાવતા પુરૂપસિંહ—"

"વ્યાઘ્ર !" ડિટેક્ટિવે અધવચ્ચ ઉમેર્યું.

"હા. હું ભૂલ્યો. સિંહ ત્રાડ પાડીને ચેતવણી આપીને સામી તરાપ મારે; પણ વાઘ તો છાનેમાને પાછળથી આવીને હુમલો કરે !"

જેને કહેશીને આ વાકયો કહેવાતાં હવાં તે પોતાનું મોં નીચુંજ ધાલી ઉભો રહ્યો હતો.

એ કોણ હતો ?

ડિટેક્ટિવ અને જગપ્રતાપથી પરિચિત એ માણસ કોણ હતો ?

ડિટેક્ટિવ તેને કહેશીને કાંઇ કહેવા જતો હતો ત્યાં જગપ્રતાપના ત્રણ સાથીદારો આવી લાગ્યા. તેઓને એમને એમ આવેલા જોઇને જગપ્રતાપે પૂછયું: "કેમ, શિકાર છટકી ગયો ?"

"આબાદ છટકી ગયો !" એક જણે જવાબ દીધો "અમે તેની પાછળ દોડયા ત્યારે ઝાંપો કુદાવીને તે નાઠો. અમે પણ ઝાંપો કુદીને બહાર નીકળ્યા ત્યાં તો નજીક જ એક સાઇકલ પડી હતી તે ઉપર બેસીને તે પસાર થઇ ગયો !"

ડિટેક્ટિવે આ સાંભળીને પૂછયું: "પોતાની જાતને બચાવી આ પોતાના તાબેદારોને ફસાવનાર એ મહાન વ્યક્તિ કોણ એ આપના ખ્યાલમાં આવ્યું ?"

"હા. કુન્દનપૂરના શ્રીમાન સેનાપતિજી અહીં સપડાયલા છે, તે જોતાં, હવે મને સમજાય છે કે, એ નાસી જનાર—"

"નામ ન દેશો. નામ દીધા વિના દોઢસો માઈલ જઇ શકાય. અને નામ દીધાથી ૦। માઇલ પણ જઇ શકાય નહીં !"

ડિટેક્ટિવ હવે સેનાપતિને ખભે હાથ મૂકીને બોલ્યો: "કહો, શ્રીમાન, મને ઘોડાગાડી આપીને આપે મારા ઉપર ઉપકાર કર્યો છે. તેના બદલામાં હું આપને એમને એમ જવા દઉં કે ઘોડાગાડીમાંથી સમારકામનાં બધાં ઓજારો અકસ્માત વેળા કામ ન લાગે એ હેતુથી ગુમ કરાવેલાં તે બદલ તેમજ મારા માર્ગમાં ખિલ્લીઓ ભરાવ્યા બદલ અને છેવટે આપે જાતે–કોઇક નાસી જનાર વ્યક્તિ સહિત અહીં પધારવા તસ્દી લઇ મારો પ્રાણ લેવા યત્ન કર્યો તે બદલ આપને સખ્ત ચોકી પહેરામાં રાખું ?"

સેનાપતિથી એક શબ્દ સુદ્ધાંત ઉચ્ચારી શકાયો નહીં. એ શો જવાબ આપે ?

ડિટેક્ટિવ શું કરવું તેના વિચારમાં આમ તેમ ફરવા લાગ્યો. અચાનક બારી પાસે એક રૂમાલ પડેલો તેના જોવામાં આવ્યો. તેણે તે ઉઠાવી લીધો. તે એક ઉમદા રેશમી રૂમાલ જણાયો. તેણે તે આમ તેમ તપાસ્યો; તો કિનાર ઉપર રેશમી દોરાથી નામ ભરેલું જણાયું. એ નામ વાંચીને તે હસ્યો અને સ્ફુર્તિથી સેનાપતિ નજીક આવીને બોલ્યો: "મેં આપને માટે નિર્ણય કરી લીધો છે. જાઓ, શ્રીમાન, આપને હું માનભેર છુટા કરૂં છું."

"હા. હાં. આ શું કરો છો ?" જગપ્રતાપે પૂછ્યું.

"વીરપુરુષ, તમારા જેવા ક્ષત્રિયની અંને સહાય છે તો પછી હું બ્રાહ્મણ થઇને ક્ષત્રિયના જેવી ઉદારતા શા માટે ન બતાવું?"

"પણ આ તો ગુન્હેગાર છે. ગુન્હેગારને મુક્ત કરવામાં ઉદારતા નથી."

"પણ ખરો ગુન્હેગાર તો આ રૂમાલવાળો છે. જુઓ, એનાપરનું નામ તમારી આંખથી વાંચી મનમાંજ રાખો."

જગપ્રતાપે તે નામ વાંચ્યું; તે ચોંક્યો અને રૂમાલ ડિટેક્ટિવના હાથમાં પાછો આપતાં બોલ્યો: "ડિટેક્ટિવ સાહેબ, તમારી આંખ જબરી ચપળ છે! આખરે નાસી જનારને અહીં રહ્યે રહ્યે તમે પકડયો ખરો!"

"કહો ત્યારે" ડિટેક્ટિવે હસીને પૂછયું "આ બહાદૂર સેનાપતિજીને છોડી મૂકવામાં હવે આપની સંમતિ છે ને?"

"આપની ગત હું ન સમજું."

"મારો નિર્ણય મેં કહી દીધો છે" સેનાપતિ તરફ ફરીને તેને ઉદ્દેશીને ડિટેક્ટિવે કહ્યું: "હવે આપ પધારો અને આપના સરદાર શ્રીમાનને કહેજો કે, એમણે પોતાની નિશાની અહીં મૂકી જઇને મને આભારી કર્યો છે. વળી કહેજો કે, ડિટેક્ટિવ હીનેન્દ્ર ધડ સાથે લઢે છે; ઢાળ પાંખડા સાથે નહીં. ડિટેક્ટિવ હીનેન્દ્ર સામે મોંયે લઢે છે; પૂંઠેથી ઘા કરતો નથી."

જગપ્રતાપથી સહસા બોલી જવાયું: "વીરોચિત સંદેશો!"

જગપ્રતાપના માણસોએ તમામ બુરખાધારીઓને છોડી મૂક્યા અને તેઓ સર્વે એક પણ શબ્દ બોલ્યા વિના ત્યાંથી નીચે મોંયે ચાલતા થયા.

પરિચ્છેદ ૧૦.

વીરબાળા ગુમ!

સેનાપતિને અને તેની સાથેના માણસોને છોડી મૂક્યા પછી ડિટેક્ટિવ અને જગપ્રતાપ ઉંઘ્યા નહીં. પ્હો ફાટયો હતો. સહેજ ઝળઝળીઉં થયું હતું. પણ હજી નહીં જેવું અંધારૂં હતું. આશરે પાંચ વાગ્યાનો શુમાર થયો હશે. આ બે જણ હુમલા કરનારાઓ સંબંધી વાતોમાં પ્રવૃત્ત હતા. સેનાપતિ પર આ પ્રસંગ પછી જબરી અસર થશે અને તે જાલિમસિંહનો સાથ છોડી દેશે, એમ ડિટેક્ટિવ કહેતો હતો પણ જગપ્રતાપ એવી દલીલ કરતો હતો કે, ના, તે વેર લેશે. જાલિમસિંહની ઓથ તે છોડી દેશે નહીં. બન્ને પોતપોતાની માન્યતામાં અડગ હતા. તેઓની માન્યતાઓનું સમાધાન થયું નહીં એટલે તેમણે વિષય બદલ્યો અને જગપ્રતાપે ડિટેક્ટિવ પાસેથી તેના બીજા કિસ્સાઓનાં કામકાજનો અહેવાલ સાંભળવા ઇચ્છા દર્શાવી. કંઇને કંઇ કિસ્સાઓમાં આ વિખ્યાત ડિટેક્ટિવે ભાગ લીધેલો હોવાથી તે ફરીથી તાજા કરીને કહેવામાં તેને રસ પડયો.

આશરે એકાદ કલાક એમાં વીત્યો હશે, ત્યાં પગ પાસે અણચિંતવ્યો એક બોંબ ગોળો ફુટયો હોય, એવી એક ચોંકાવનારી ખબર તેઓએ સાંભળી. એક હજુરીઓ દોડતો દોડતો રાજમહેમાન-મંદિરના દરવાજામાં પ્રવેશ્યો અને ડિટેક્ટિવ અને જગપ્રતાપને કહેવા લાગ્યો: "ગજબ થયો! બહેનબા વીરબાળા ગુમ થયાં છે!"

જગપ્રતાપ પોતાની તલવાર પર હાથ નાંખી ઓચિંતો ઉભો થઇ ગયો અને બોલ્યો: "હેં, શું? અમારાં મહારાણી ગુમ?"

ડિટેક્ટિવ તરફ જગપ્રતાપે જોયું તો તે શાન્ત પણ ગંભીર વદને બેઠેલો જણાયો. એણે પૂછયું: "સાહેબ, શું બેસી રહ્યા છો? ચાલો, આપણે એમને શોધી કાઢીએ."

પોતાના હાથથી જગપ્રતાપને શાન્ત થવા ઇશારત કરતાં ડિટેક્ટિવે હજુરીઆને પૂછયું: "મહેલની આસપાસ પોલિસનો પહેરો હતો કે?"

"હા જી. પહેરેગીરો કહે છે કે, અત્યાર સુધીમાં મહેલ બહાર કોઇ નીકળ્યું જ નથી; કે અંદર કોઈ ગયું જ નથી."

"વારૂ" ડિટેક્ટિવે કહ્યું: "મહેલમાં તમે લોકોએ સર્વત્ર તપાસ કરી જોઈ? એકેક એક છુપી જગ્યા કે એકેક એક ઓજનનાં મોં તપાસી જોયાં?"

"એ તો, સાહેબ, જોવાજેવી બધી જગ્યાઓએ અમે તપાસ કરી. હમણાં મને મહારાજા સાહેબે હુકમ કર્યો કે, ડિટેક્ટિવ અને જગપ્રતાપને આ ખબર આપી અહીં બોલાવી લાવ."

ડિટેક્ટિવ ઉભા થયા અને પોતાનાં બહાર જવાના કપડાં પહેરી લઇ, સ્વરક્ષણના સાધન પાસે રાખી, તેણે જગપ્રતાપ સહિત ચાલવા માંડયું.

જગપ્રતાપે પૂછ્યું: "સાહેબ, આ કામ એજ ટોળીનું હોય એમ આપ માનો છો?"

"સંજોગો તો કે એવા છે; પણ પહેરેગીરો કહે છે તે જોતાં એકદમ હું એ અભિપ્રાય ન આપું. તમારાં મહારાણીશ્રીની પ્રકૃતિ સાહસિક અને દીર્ઘદૃષ્ટિવાળી છે, એમ હું તેમની સાથેની થોડીકજ વાર્તચીત ઉપરથી જાણી શક્યો છું, એટલે તેઓ પોતાની મેળે ગુમ થયાં છે કે તેમને કોઇએ ગુમ કર્યાં છે, એ મને શંકાની વાત લાગે છે."

"પોતાની મેળે શા માટે ગુમ થાય?"

"ગુમ થયાની જગ્યા તપાસ્યા પછી હું ખુલાસાથી વાત કરીશ."

જગપ્રતાપ આ મુદ્દા ઉપર મનન કરવા લાગ્યો. પણ એ વાત તેના માન્યામાં ન આવી કે, વીરબાળા પોતાની મેળે ગુમ થઈ હોય. જાલિમસિંહેજ તેને ગુમ કરી છે, એવો તેને પાકો વહેમ રહ્યો.

તેઓ મહેલમાં પહોંચ્યા તો ત્યાં ખૂબ ઉશ્કેરણી ફેલાયલી જણાઇ. સૌ કોઇ ચિંતાતુર મુખે અહીંતહીં શોધખોળ ચલાવી રહ્યાં હતાં. તેઓ રૂદ્રસિંહજી પાસે ગયા. વીરબાળા જે ખંડમાં સુતી હતી, તેમાં એક ખુરશી ઉપર તેઓ આકળવિકળ મુખમુદ્રાથી બેઠેલા હતા. આ બન્નેએ તે ખંડમાં પ્રવેશ કર્યો એટલે તેમણે કહ્યું: "મિ. દીનેન્દ્રરાય, આ વળી નવું કૌતુક જુઓ ને? સંરક્ષકો હોવા છતાં, મહેલમાં પુષ્કળ માણસો હોવા છતાં, એના ગુમ થવાનો ભેદ શો હશે?"

ડિટેક્ટિવે જવાબ દીધો: "લેશ પણ ચિન્તા ન કરો, મહારાજાશ્રી! ગુમ થયેલાંનો પત્તો મેળવવા કોશિષ કરવી, એ તો મારો ધંધો છે. આ દાખલામાં એકને બદલે બેની તપાસ કરવી પડશે."

તે સીધોજ વીરબાળાના પલંગ આગળ ગયો. બારિક નજરે તેણે પલંગનું અવલોકન કર્યું. ખિસ્સામાંથી તેણે ઝીણી વસ્તુઓ મોટી દેખાય એવો કાચ કાઢ્યો અને તે પોતાની આંખ આગળ ધરીને પલંગની નીચે, આસપાસ તેમજ જરા દૂરના ભાગ સુધી નિરીક્ષણ કર્યું. એ બાદ તેણે મહારાજાને પ્રશ્ન કર્યો: "સૌથી પહેલી ખબર આપને ક્યારે પડી કે, પોતે ગુમ થયાં છે?"

"અમે ભીલ-પ્રદેશમાંથી આવ્યા ત્યારે હું તેને મળ્યો હતો. અમો વચ્ચે સહેજસાજ એકબીજાની કુશળતાને લગતી વાતચીત થઇ હતી. તે પછી હું તેનાથી છુટો પડી, બીજા ખંડમાં સુવા ગયો હતો. જરાકજ વાર પહેલાં એક દાસીએ કોલાહલ મચાવી મૂક્યો કે, તે ગુમ થઇ છે. હું સફાળો જાગૃત થઈને અહીં આવ્યો."

"આપે એ વખતે અહીં શું જોયું?"

"એનો પલંગ ખાલી હતો; અને મહેલની સર્વ દાસીઓ તથા નોકરો અહીં એકઠાં થયેલાં હતાં."

"આ ખંડમાંની વસ્તુઓ અત્યારે જે સ્થિતિમાં છે, એટલે કે જેમ વ્યવસ્થિત રીતે પડી છે, તેમજ પડેલી હતી?"

"હા."

"બારી બારણાં?"

"બધાંજ ખુલ્લાં હતાં."

"પહેલી ખબર આપનાર દાસી સાથે મારે વાત કરવી છે."

એ દાસીને બોલાવવામાં આવી. ડિટેક્ટિવે તેને પૂછ્યું: "તારૂં નામ શું?"

"ચંદા."

"તું કુન્દનપૂરની છે કે કોંતલપૂરની?"

"હું કોંતલપૂરની છું."

"મહારાણી વીરબાળાની સેવામાં કેટલા વર્ષથી દાસી તરીકે રહે છે?"

"લગભગ આઠ વર્ષથી રહું છું."

"કાલ રાત્રે તું ક્યાં સુતી હતી?"

"અહીંની બધી દાસીઓ સાથે"

"મહારાણીને તેં છેલ્લાં ક્યારે જોયાં હતાં?"

"જ્યારે એ બેભાન થઇ ગયાં ત્યાર પછી એમની પાસે થોડોક વખત હું રહી હતી. તે સુતાં તે પછી હું ગઇ હતી."

"તું ગઇ ત્યારે આ ખંડની બારીઓ ખુલ્લી રાખી હતી કે?"

"ના. બધી નહોતી રાખી. ફક્ત પલંગ પાસેની બારી એમના કહેવાથી ખુલ્લી રાખી હતી."

ડિટેક્ટિવે રૂદ્રસિંહ તરફ જોઇને પૂછ્યું: "આપને એક બે પ્રશ્ન પૂછવાના છે. અવિનય રૂપે ન ગણો તો પૂછું."

રૂદ્રસિંહે જવાબ આપવા હા પાડયાથી ડિટેક્ટિવે પૂછ્યું: "આપ જ્યારે મહારાણીશ્રી સાથે વાતચીત કરવા આવ્યા ત્યારે આ ખંડનાં બારણાં કોણે ઉઘાડયાં હતાં?"

"એ પોતેજ અમારા આવવાની ખબર જાણી બહાર આવી હતી."

"એ પછી આપ આ ખંડમાં આવ્યા હતા. ખરૂં ને?"

"હા. હું પહેલી વખત આવ્યો ત્યારે દાસી કહે છે તે મુજબજ એક બારી ખુલ્લી હતી અને બીજી બધી બંધ હતી."

દાસીને ડિટેક્ટિવે પૂછ્યું: "તું બીજી દાસીઓ સાથે સુતી હતી ત્યાંથી તેં કેવી રીતે જાણ્યું કે, મહારાણી ગુમ થયાં છે?"

જાણે દાસી ગુન્હેગાર હોય એવી રીતે આ સવાલ પૂછાયો હતો. દાસી તેથી અકળાઇ ગઈ અને બોલી: "ત્યાં સુતે સુતે મેં ન્હોતું જાણ્યું કે, મહારાણી ગુમ થયાં છે"

" ત્યારે કેવી રીતે જાણ્યું ? "

" સામાન્ય રીતે મહારાણીને મળસ્કામાં પાંચ–સાડા પાંચ વાગે ઉઠવાની ટેવ છે. તેઓ હમેશાં વહેલાં ઉઠી, નહાઇ, પૂજાપાત્રીમાં વખત ગાળે છે. તે ઉપરથી નિયમ પ્રમાણે હું એમને જગાડવા માટે આવી હતી ત્યારે મેં જોયું કે, પથારીમાં તેઓ નથી. "

" તું આવી ત્યારે આ ખંડનાં બારણાં કોણે ઉઘાડયાં હતાં ? "

" બારણાં અમસ્થાં જ વાસેલાં હતાં. મેં બહારથી મહારાણીશ્રીને બે ત્રણ બૂમ મારી અને તે ન બોલ્યાં એટલે ખખડાવવા ગઈ ત્યાં તો ઉઘડી ગયાં !"

" પછી ? "

" પછી હું અંદર આવી. પલંગમાં મેં તેમને ન જોયાં એટલે બે ત્રણ વધુ હાંક મારી. એ ન બોલ્યાં એટલે હું ગભરાઇ. બીજી દાસીઓને મેં ખબર કરી અને સૌ તે પછી જુદી જુદી જગ્યાઓ જોઇ વળ્યાં પણ ક્યાંયે તે દીઠામાં આવ્યાં નહીં."

" આ ખંડની બારીઓ કોણે ખોલી નાંખી ?"

" તે તો અમે બધાં તપાસ કરતાં હતાં તે વખતે ખોલી નાંખી હતી. "

ડિટેક્ટિવ હવે જગપ્રતાપ તરફ ફર્યો અને બોલ્યો "મારે તમને એક કામ સોંપવાનું છે. જેટલા નોકરો અહીં છે તે બધાની મદદ લઈ મહેલના ખૂણે ખૂણા તેમજ જેટલી છુપી જગ્યાઓ જેઓના જાણવામાં હોય તેઓની પાસેથી જાણીને તે શોધી વળો. ઉપરાંત જેટલી દાસીઓ અહીં છે તેઓના ચહેરા જાલિમસિંહજીનાં પત્નીશ્રી ખાસ જુએ, એવી વ્યવસ્થા કરો."

જગપ્રતાપે પૂછ્યું: " પણ એથી શું વળશે ? "

"કાંઇ નહીં વળે તો ફિકર નહીં; પણ અહીં ક્યાંયે તેઓ છુપાયાં નથી એટલી ખાત્રી આપણને થશે. "

"પણ બહારનો કોઇ તેઓશ્રીને ઉપાડી ગયો હશે તેનું શું ?"

" બહાર કોઈજ ગયું નથી એમ પોલિસ કહે છે, તે ધ્યાનમાં રાખવાનું છે; છતાં પણ તમારે બહાર ઘોડેસ્વારોને મોકલીને તપાસ કરાવવી હોય તો કરાવો. પણ તે ફોકટ નીવડશે."

" ત્યારે આપ શું માનો છો ? "

" અહીંની વસ્તુઓનું મેં જે અવલોકન કરી જોયું " ડિટેક્ટિવે કહેવા માંડ્યું: " તે ઉપરથી મેં પ્રથમ જણાવેલા અનુમાનને હું વળગી રહું છું. અવલોકનમાં કોઇ પણ રીતે બળાત્કારે તેમને ઉઠાવી જવાયાં હોય એવાં નિશાન જણાતાં નથી. જો કોઈ તેમને ઉપાડી જવા આવ્યા હોય તો તેઓ સાથે મહારાણીને જરૂર કાંઇક પણ હાથોહાથ ખેંચતાણ થઇ હોય. તેમ થાય તો આ પથારી ચુંથાયલી હોય; જમીનના ગાલીચામાં કાંઇક પણ ઘસારા પડયા હોય; પલંગપાસેની ખુલ્લી બારીમાં પણ કાંઈક લસરકા જેવું યે હોય. ખેંચતાણ દરમ્યાન કાંઇક વસ્તુ પડી ગઈ હોય અથવા કાંઇક પણ ભાંગ ફોડ થઇ હોય. આ ખંડમાંની ચીજો પણ ઉથલપાથલ થઇ હોય.:એવી કાંઇજ નિશાની અહીં નથી. કોઇ પણ પ્રકારની ઝપાઝપી અહીં થયેલી હોય, એમ જણાતું નથી. વળી, રુદ્રસિંહજી મહારાજ અહીં આવ્યા તે પહેલાં એટલે કે, મહારાણી વીરબાળા બેભાન થયા પછી સુવા ગયાં અને હું રાજમહેમાન મંદિરે સુવા ગયો તે દરમ્યાન પણ આ બનાવ બન્યો નથી કેમકે રુદ્રસિંહજી મહારાજ સાથે તો તેમણે વાતચીત કરી છે. એટલે આ બનાવ ૪॥ અને ૫॥ વચ્ચે બન્યો છે. એ બધો વખત બદમાશોને આપણી સાથે ઝપાઝપી થતી હતી. મુખ્ય શખ્સ ૫ વાગ્યાને શુમારે નાઠો હશે. નાસીને તે અહીં એકલો આવ્યો હોય તો પલંગની બારી આગળ આવે પણ બારી ઉપરથી કોઇ આવ્યાનાં કાંઈ નિશાન નથી એટલે એ મુખ્ય શખ્સને મહારાણીશ્રીને ઉઠાવી જવાનો લાગ મળ્યો હોવો જોઇએ નહીં. બહારથી દાખલ થનારને બહારના પોલિસો જરૂર પકડી લે તેમ બન્યું નથી. આ બધાં કારણો ઉપરથી અને દાસીના કહેવા પ્રમાણે બારણાને અંદરથી સાંકળ ન હતી એટલે મહારાણીશ્રીએ જાતે તે ઉઘાડી હોય અને પોતાની મેળે આ ખંડમાંથી તે ગયાં હોય, એ, મને તો, તદ્દન સંભવિત લાગે છે. "

" પણ એમ જવાનું કારણ શું ?" રુદ્રસિંહે અકળાઇને પૂછ્યું.

"જાલિમસિંહના ' હિપ્નોટિઝમ ' ની સતામણીમાંથી છૂટકવા અને રાજહંસની જે વિગત પોતે જાણે છે, તેની તપાસ છુપી રીતે કરવા. "

" પણ એમાં તમારા જેવાની મદદ લેવાની સુન્દર તક તેને મળી છે, તેનો ઉપયોગ કરવા તેણે કેમ પસંદ નહીં કર્યું હોય ?"

" એ તેઓશ્રી જાણે. "

" ત્યારે હું " જગપ્રતાપે કહ્યું: " આસપાસ ઘોડેસ્વારો મોકલી તપાસ કરાવું છું અને તે ઉપરાંત ડિટેક્ટિવ સાહેબ કહે છે તેમ, અહીંના ખૂણેખૂણાની અને છુપી જગ્યાઓની બારીક તપાસ કરું છું. "

" ભલે. એ તપાસનું પરિણામ આવે" ડિટેક્ટીવે કહ્યું: " તે દરમ્યાન હું આ ખંડમાંજ એકલો હજી કેટલુંક નિરીક્ષણ કરવા માગું છું. "

"હું તમને કોઇ રીતે મદદગાર થઇ શકું તેમ છું ?" જગપ્રતાપના જવા પછી રૂદ્રસિંહે ડિટેક્ટિવને પૂછયું.

ડિટેક્ટિવને તેનું ચિત્ત પણ આ બાબતમાં રોકાયલું રાખવાની જરૂર જણાઈ. તેણે તેની એક મદદ માગી. "આપના ખાસ એક બે વિશ્વાસુ માણસોને કૌંતલપુર મોકલો અને તપાસ કરાવો કે, મહારાણીશ્રી ત્યાં તો ગયાં નથી ?"

"બરાબર." રૂદ્રસિંહે કહ્યું: "તમારો ખ્યાલ પણ ઠીક છે. હમણાંજ એ જણને મોકલું છું."

ડિટેક્ટિવને કૌંતલપુરની તપાસનું શુભ પરિણામ આવવા આશા નહતી. છતાં આ કામ તેણે મહારાજાને સોંપવા ખાતર જ સોંપ્યું. મહારાજા ત્યાંથી વદાય થયા. ડિટેક્ટિવ એકલો પડયો. તેણે તે ખંડનું અવલોકન શરૂ કર્યું. સૌથી પહેલાં તેણે બારણાની અંદરની સાંકળ તપાસી. તે તદ્દન સાબૂત જણાઇ. અર્થાત્ એ સાંકળ કોઇએ મરડી નાખી નહતી. અથવા તો તેનો નકુચો કાઢી લીધો નહતો. એ પછી તે પલંગ પાસેની બારી જે આખી રાત ખુલ્લી રહેલી જણાવાઇ હતી તે તરફ ગયો અને આંખ આગળ કાચ રાખી તેનું બારિક અવલોકન કરવામાં રોકાયો.

પરિચ્છેદ ૧૧.

રૂ. ૧૦૦૦ નું ઇનામ.

કુન્દનપુરના મર્હુમ મહારાજાની બહેન વીરબાળા જે ખંડમાંથી ગુમ થઈ હતી તે ખંડમાં લગભગ બે કલાક સુધી ડીટેક્ટિવ હીનેન્દ્રરાયે ખૂબ તપાસ કરી જોઇ કે, કયાંયે તે ખંડમાં છુપાવવાનું સ્થાન છે? અથવા તો વીરબાળાને ઉઠાવી જવાઇ હોય એવાં કાંઈ ચિન્હ જણાય છે? પણ તે કેવળ હતાશ થયો.

થાકીને માથું ખંજવાળતો તે ઉભો રહ્યો. તેને પાકો વહેમ પેસી ગયો કે, વીરબાળા પોતાની જાતેજ આ ખંડમાંથી ચાલી ગઇ છે અને મહેલમાં બીજે કોઈ સ્થળે અથવા તો વેષાન્તર કરીને છુપાઇ રહી છે. તેણે તે ખંડમાં તપાસ કરવી પડતી મૂકી અને હવે જગપ્રતાપ શા ખબર લાવે છે, તેની વાટ જોતો રહ્યો.

અર્ધો કલાક સુધી તે એમને એમ ઉભો રહ્યો, જે દરમ્યાન તેના મનમાં અનેક વિચાર તરંગો ઉઠયા અને શમ્યા. વીરબાળાના ગુમ થવા સાથે તત્કાળમાં મહારાજાનાં છુપાં લગ્નને લગતી તેમજ ભાવી ગાદી વારસને લગતી તમામ માહિતી જાણવાનું સાધન જતું રહ્યું છે. અને રાજ્યમાં હવે કોઇજ વ્યક્તિ એવી નથી કે જે ઉપલી બાબતમાં માહિતીઓ ધરાવતી હોય. કેવળ 'રૂપેરી રાજહંસ' ઉપર જ આધાર રહ્યો છે. એ "રૂપેરી રાજહંસ" પણ ગુમ થયો છે અને તે લઇ જનાર કોણ હતો, એ એ પણ જાણવામાં નથી. કાંતો વીરબાળા હાથ આવે અથવા તો 'રૂપેરી રાજહંસ' મળે તોજ આ મુદ્દામાં વધુ પ્રકાશ ફેંકાય.

"જેવું કુન્દનપૂરનું ભાવી !" તે બબડયો: "હજી કદાચ કાંઇને કાંઇ અવનવા રંગ મારે જોવાના હશે અને ખૂબ પરસેવો ઉતારવાનો હશે !"

તે આમ બોલી રહ્યો તે તખતે તેનીજ માફક ઢીલે મોંયે જગપ્રતાપ તે ખંડમાં આવીને એક ખુરશી ઉપર બેસી ગયો. તેનું મોં જ કહી આપતું હતું કે, તે કાંઈ પત્તો મેળવી શકયો નથી; એટલે ડિટેક્ટિવે તેને એક પણ પ્રશ્ન ન પૂછતાં તેના મોં તરફ જોયા કર્યું.

અકળાયલા જગપ્રતાપે પૂછયું: "મારી સામે શું જુઓ છો, સાહેબ ?"

"હું એ જોઉં છું કે," ડિટેક્ટિવે ફિક્કું હાસ્ય કરતાં કહ્યું: "તમારા મોં ઉપર મારા મોંનું પ્રતિબિંબ કેવું સરસ પડે છે ?"

"સાહેબ. મારી તો પ્રતિજ્ઞા છે કે, અમારાં મહારાણીશ્રીને હું શોધ્યા વિના જંપીશ નહીં. મહેલના ખૂણે ખૂણા શોધી વળ્યો. ત્રણ ભોંયરાં જોઈ આવ્યો; બે છુપા રસ્તાઓ જોઇ આવ્યો–"

"સબૂર" ડિટેક્ટિવે કહ્યું: "રસ્તાઓ કયાં નીકળે છે ?"

"એક રસ્તો શહેરમાં એક એકાન્ત મહેલમાં નીકળે છે અને બીજો રસ્તો જંગલમાં નીકળે છે. બન્ને જગ્યાએ આસપાસ ખૂબ તપાસ કરી પણ કેવળ નિરાશ થયો ! ઓવર્જનાં મોઢાં ઓવર્જ પાસે તપાસાવ્યાં પણ તેમાંયે કાંઇ આશાનાં કિરણ દેખાયાં નહીં. હવે શું કરવું સાહેબ?"

"અકળાવું નહીં; અને શાન્તિ રાખવી" ડિટેક્ટિવે જવાબ દીધો: "જુઓ, હું તમને એક નવીન કામ સોપું છું. હું એક જાહેરનામું લખી આપું છું. તે લઇને તમે દિવાન સાહેબ પાસે જાઓ. એ જાહેરનામાની નકલો આ શહેરમાં તેઓ ચોઢાવે એમ કહો અને ઉપરાંત તેવી મતલબનો એક જાહેર ઢંઢેરો ફેરવે, એમ પણ કહો. આટલું કર્યા પછી આ બાબતને લગતી આપણી તપાસ હાલ તુર્ત અહીં બંધ પડશે."

"એમ તે કઇ ચાલે, સાહેબ?"

"તો જ્યાં જ્યાં તમને દોડધામ કરવી વાજબી લાગે ત્યાં કર્યા કરજો! હું તો રાજમહેમાન–મંદિરમાં ફરીથી પાછો જઇને જાહેરનામાની કે ઢંઢેરાની શી અસર થાય છે તે, આઠ દીવસ સુધી જોતો થોભીશ."

બુદ્ધિવાન માણસો સાથે નિરર્થક માથાફોડી કરવી નહીં એમ ધારીને હવે જગપ્રતાપ ઠંડો પડ્યો. એટલે ડિટેક્ટિવે જાહેરનામું લખી કાઢ્યું. જગપ્રતાપ તે લઇને દિવાનના ઘર તરફ ગયો અને ડિટેક્ટિવને હવે આ મહેલમાં રોકાવાની જરૂર નહીં લાગવાથી તે પણ રાજમહેમાન–મંદિરે ગયો.

એક કલાક પછી કુન્દનપૂરમાં ઠેર ઠેર નીચેનાં જાહેરનામાં ચોઢાઇ ગયાં:–

"રૂા. ૧૦૦૦ ઈનામ.

કુન્દનપૂરના નેક નામદાર મર્હુમ મહારાણાશ્રી સર રણવરસિંહજીનાં બહેન વીરબાળા ગુમ થયા છે.

તેમજ મર્હુમ મહારાણાશ્રીનો રૂપાથી રસેલો ધાતુની બનાવટનો અને જુના ઉમદા કોતર કામવાળી કારીગરીનો એક હંસ ગુમ થયો છે.

આ બન્નેનો પત્તો જે કોઇ લાવી આપશે તેને રૂા. ૧૦૦૦ નું ઇનામ આપવામાં આવશે. બેમાથી એકના પત્તો લાવનારને અર્ધું ઈનામ રૂ. ૫૦૦ આપવામાં આવશે. બન્નેનો લગતી શોધની કાંઈ માહિતી આપનારને તેનાથી અર્ધું ઇનામ રૂા. ૨૫૦ આપવામાં આવશે અને બન્નેમાથી એકાદ સંબંધી માહિતી આપનારને તેથી અર્ધું ઇનામ રૂા. ૧૨૫ આપવામાં આવશે. માહિતગારે નીચે સહી કરનારને રૂબરૂ મળવું:–દીનેન્દ્રરાય–રાજમહેમાન–મંદિર–કુન્દનપૂર."

આ જાહેરનામાની મતલબનો ઢંઢેરો પણ શહેરમાં તમામ લત્તાઓમાં પીટવામાં આવ્યો.

આ ઢંઢેરો પીટાતો હતો તે વખતે સેનાપતિના મકાનમાં વાતચીત કરતી બે વ્યક્તિઓ પણ તે ઢંઢેરો સાંભળીને આશ્ચર્યચકિત થઇ. તેમને જોનાર સહસા કહી શકે કે, તે અન્ય કોઇજ નહીં પણ સેનાપતિ અને જાલિમસિંહ હતા. સેનાપતિને ડિટેક્ટિવે મળસ્કામાં માનભંગ કરીને છોડી મૂક્યો તે પછી તે પોતાને ઘેર આવ્યો હતો અને પોતે ખુલ્લો પડી ગયો તે માટે તે અફસોસ કરતો હતો. એટલામાં સાઈકલ પર બેસીને જાલિમસિંહ તેને ત્યાં આવ્યો હતો. સેનાપતિ તેને જેઇને અકળાઇ ઉઠ્યો હતો અને પોતે હવે આ માનભંગ પછી આવા કામમાં હાથ નાખનાર નથી એમ કહેતો હતો; પણ જાલિમસિંહ તેને ભવિષ્યની અનેક મોટી મોટી આશાઓનાં સ્વપ્ન દાખવીને ફોસલાવતો હતો કે, "આવી તો લાખ્ખો નિરાશા મળે તોયે શું થઇ ગયું?" સેનાપતિનું દીલ માનતું નહતું અને તે હવે તો આ રાજ્ય છોડી જશે, એમ કહેતો હતો. બન્ને જણ વચ્ચે આ સંબંધમાં રકઝક ચાલતાં સાડા ત્રણ કલાક વીતી ગયા હતા. અને છતાંયે જાલિમસિંહ સેનાપતિનું હતાશ દિલ પલ્ટાવી શક્યો નહતો. દરમ્યાન તેઓએ ઉપલો ઢંઢેરો સાંભળ્યો એટલે તેઓ બન્ને આશ્ચર્ય પામ્યા.

જાલિમસિંહે કહ્યું: "શું વીરબાળા ગુમ?! ત્યારે તો મારી આશાઓનો એક મોટો કિલ્લો તુટી પડ્યો!"

સેનાપતિને જાલિમસિંહની નિરાશાથી એક પ્રકારનો આનંદ થયો અને સાડા ત્રણ કલાક પછી પહેલીજ વાર તે ફિક્કું હસીને બોલ્યો: "વિધિના ગેબી ફટકા દગાખોરોને આવા પડે છે, નામદાર!"

જાલિમસિંહને આ ટાંણો ગુસ્સો ઉપજાવનારો થઇ પડ્યો. પણ તે મતલબી હતો. તેને સેનાપતિની મદદની જરૂર હતી. એટલે તેણે ગમ ખાઇને જવાબ વાળ્યો:

"એમ કાંઇ હું ગભરાઇ જાઉં એવો નથી. વિધિ બિધિમા હું માનતોજ નથી. અને જુઓ, આ ઢંઢેરામાં પણ આશાના કિરણો છે."

"શા આશાનાં કિરણ છે?" સેનાપતિએ ચિકિત્સાને ખાતર પૂછ્યું.

"રૂપેરી રાજહંસનો પત્તો નથી એટલે પેલા યમદૂતને પણ કશી વિગતો જાણવાનું સાધન નથી. એની નિરાશા એ મારૂ આશાનું કિરણ. જેટલાં કામમાં તે પાછો પડે તેટલાં કામમાં મારી ફત્તેહ!"

"પણ કેવી રીતે? ફત્તેહ કહે કાંઇ ફત્તેહ થઇ ગઇ? તેની પાસે જેમ હંસ નથી તેમ તમારી પાસે પણ નથી. તે જેમ વિગત જાણતો નથી તેમ તમે પણ જાણતા નથી. તે થાક્યો છે અને તમે—

"અમે થાકેલા નથી. અમે તો હરદમ નવી નવી યુક્તિઓ કરતાજ રહેવાના અને જ્યાં તેની ગફલત ત્યાં અમારો પગપેસારો કરવાના!"

કંટાળીને કટાણું મોઢું કરીને સેનાપતિ બોલ્યો: "તમે તો, નામદાર, ફક્ત જીભના જોરવાળા છો! કાંઈ પણ ઇરાદામાં અત્યાર સુધીમાં તમે ફાવ્યા ખરા? દરેકમાં તમારી હાર

થયેલી મેં તો જોઇ અને જ્યારે મારી બદનામી એના હાથે થઇ ત્યારે તો મને પકકી ખાત્રી થઇ ગઇ કે, એને પરમાત્માની ગેબી સહાય છે. માટે હવે એની સામે પડવું નહીં."

"છટ્ !" જાલિમસિંહ મૂછો આમળતો તે ઓરડામાં અહીં તહીં મોટાં મોટાં પગલાં ભરતો બોલ્યો: "આપણે એવા ગેબી વહેમોના ભોગ થઇ શકીએ તેમ નથી." તે સેનાપતિની નજદીક સ્ફુર્તિથી આવીને ધીમે સ્વરે બોલ્યો: "ઢંઢેરામાં માહિતી આપનારને રાજમહેમાન મંદિરમાં ડિટેકિટવને મળવાનું છે. એ તમે સાંભળ્યું કે ?"

"હા. એ તો એમજ હોય તો ? એમાં નવું શું છે ?"

"નવું નથી પણ એમાં મારી આશાનું કિરણ છે."

કંટાળીને સેનાપતિએ પોતાના હાથ પોતાના બન્ને પગ ઉપર પછાડી મોઢામાંથી સિસ્કારો છોડયો.

"તમે જાણો છો કે !" જાલિમે કહ્યું: "આઠ દિવસની આ મુદત દરમ્યાન જેટલા એને મળવા રાજમહેમાન--મંદિરે જશે તેટલા તેને શું કહી આવશે તે હું જાણી લઈશ અને જે કાંઈ નવી બાતમી કોઇ આપશે તો તે ઉપર હું મારાં પગલાંની ઇમારત ચણીશ."

"એને ખાનગી વાતો કહેવામાં આવશે તે આપ શી રીતે જાણી જશો ?" સેનાપતિએ પૂછયું

જાલિમસિંહ મૂછો આમળતો આમળતો ગર્વથી સ્મિત કરતો રહ્યો. સેનાપતિએ કહ્યું: "આપ ગમે તે રીતે જાણો; પણ આપણા રાહ હવે ન્યારા છે, એ મારે કહી દેવું જોઇએ. નેકી નીતિ અને ધર્મને માર્ગે જવાની આપની સર્વ ફરમાશ હુ બજા લાવીશ પણ અનીતિ અને અધર્મમાં સામેલ નહીં થાઉં. બહેતર છે કે, તેના કરતાં મારી નોકરી આજ ખતમ થાય."

જાલિમસિંહ હજી પણ હસતો જ રહ્યો. સેનાપતિએ ગાઢાઇને કહ્યું: "મને લાગે છે કે, આપ કદાચ તેના ઓરડાની આસપાસ છુપાઇ રહેશો અથવા કદાચ તેના ઓરડામા છુપાઇ રહેશો. પણ હું આપને ચેતવણી આપુ છું કે, એમ કરતા નિરર્થક આપ ગંભીર સાહસ ખેડશો. તે ચોકેલો રહે છે. તે ચાલાક છે. તે ભરેલી રિવોલ્વરો પાસે ને પાસે રાખે છે અને આ દાખલામાં તો પહેરેગીરો અને પેલો આપના બનેવીશ્રીનો એ. ડી. કાં. તેની સહાયે રહેશે. હું તો આ સ્થિતિમાં આ સાહસ ન ખેડું અને નાહકનો જાન ગુમાવી બેસવો પસંદ ન કરૂં."

"પોચા અંતઃકરણના લશ્કરી મર્દ ! જો તમારી સલાહ મુજબ હું ચાલું તો મારે આપઘાત કરીને જ મારી જીંદગીનો અંત આણવો જોઈએ. પણ તેમ કરૂં તો મને રાજ ન મળે ! મારે તો રાજ મેળવવું છે એટલે હજી જીવવું જોઇએ. જીવીશ-યમદૂતને પાછો પાડીશ-દાળડાગાંના ભૂત પેઠે હવે પછી જે ગાદી વારસ ઉભો થશે તેને પણ દૂર કરીશ અને રાજ લઇશ. સમજ્યા ?"

તેણે ભયંકર અટ્ટહાસ્ય કર્યું. તે પુનઃ મૂછોને અમળાટ દેતો તે ખંડમાં અહીં તહીં ફરવા લાગ્યો.

સેનાપતિએ જાલિમસિંહની બેફિકરાઇ જોઇ કહ્યું: "મહારાજ, એણે આપને કહાવેલો સંદેશ આપ વીસરી જાઓ છો. તેણે શું કહેવરાવ્યું છે ? તે કદી પીઠ પાછળ ઘા કરતો નથી. એ સંદેશાએ આપના પર અસર ન કરી હોય તો ભલે પણ મારા ઉપરતો અસર કરી છે."

"એટલે ? શું હવે તમે પક્ષફેર કરવા માગો છો ?" જાલિમસિંહે પૂછયું.

"બેશક. પોતાની જાત પર હુમલો કરવા માટે તે કોઇની સામે પગલાં લેશે નહીં તો હું જરૂર તેની સહાયે ઉભો રહીશ. કારણ એના હૃદયની ઉદારતાનો મારે બદલો વાળવો જોઇએ."

"સેનાપતિ ! સેનાપતિ ! વિચાર કરો. તમે કોની આગળ આ શબ્દો બોલો છો !"

"હવે મને કોઇજ બીજો વિચાર આવે તેમ નથી. એ ડિટેકિટવ એક મહાન પુરુષ છે અને હું તેની ચરણરજ છું."

"ઠીક, હું જોઉં છું કે, તમે તમારા વિચારો કેવી રીતે અમલમાં મૂકો છો ?" એમ કહી તેણે પોતાના ખિસ્સામાંથી એક બનાવટી દાઢી મૂછ કાઢયાં; પોતાના મો ઉપર તે પહેરી લઈને ત્યાંથી ગુસ્સામાં તે બહાર નીકળ્યો અને સાઇકલ પર બેસીને પસાર થઈ ગયો.

આ બાજુ ડિટેકિટવ જાહેરનામા અને ઢંઢેરા પછી રાજમહેમાન મંદિરમા રાહ જોતો થોભ્યો કે, તેની કાંઇ અસર થાય છે કે કેમ ?

બે દિવસ—ત્રણ દિવસ અને ચાર દિવસ વહી ગયા પણ કોઈજ માણસ તેની પાસે આવ્યો નહીં.

વચ્ચે વચ્ચે જગપ્રતાપ તેની પાસે આવી જતો અને પૂછપરછ કરતો. કાંતલપૂરનરેશ પણ કોઈ કોઇ વાર શહેર બહાર ફરવા જતાં જતા અધવચ્ચ ડિટેકિટવના ખંડમા ડોકાઉં કરી જતા અને પોતાની પત્ની માટે અતિશય ચિન્તા દાખવતા.

કાંતલપૂર ગયેલાં માણસો ત્યાંથી નિરાશ થઇને પાછાં ફર્યા.

પાંચમા દિવસે એક મેલાઘેલા પોષાકનો મિયાભાઇ "ડિટેક્ટિવ સહાબ કહા હે ?" એમ રાજમહેમાન–મંદિરના દરવાનને પૂછતો જણાયો. ડિટેકિટવ તે વખતે પોતાના ખંડની બારી આગળ ઉભો હતો. તેના સામે આંગળી કરી, દરવાને તે માણસને કહ્યું: "જાઓ, એ ઉભા તેજ ડિટેકિટવ સાહેબ."

ત્યાં ડિટેક્ટિવ પાસે આવી તેને સલામ કરી. ડિટેક્ટિવે તેને બંડમાં બોલાવી એક ખુરશી પર બેસાડયો અને પૂછયું: "કહો, કેમ આવવું થયું ?"

"ઈનામ માટે આવ્યો છું સાહેબ."

"તમે શો ધંધો કરો છો ? તમારૂં નામ શું ?"

"હુ જુનો સામાન વેચવાનો ધંધો કરૂં છું. મારૂં નામ આ શહેરમા મશહુર છે. ખુદાબક્ષને એક બચ્ચું પણ ઓળખે છે."

"તમે પૂરૂં ઇનામ લેવા આવ્યા છો ?"

"નહીં સાહેબ. ફક્ત રૂ. સવાસો."

"તમે જુના સામાનના વેપારી છો એટલે હંસ સંબંધી કાંઇ બાતમી આપવા આવ્યા હશો; અને ઇનામનો ૮ મો ભાગ કહો છો એટલે હંસ તમારી પાસે નથી."

"આપનું કહેવું બરાબર છે, સાહેબ."

"હંસ કયાં છે વારૂ ?"

"મુંબાઈમાં."

ડિટેક્ટિવ ચોકયો અને બારિકાઇથી તે માણસ તરફ જોવા લાગ્યો.

"જો તમે હંસ મારી પાસે લાવ્યા હોત" ડિટેક્ટિવે કહ્યું: "તો તમારી પાસે તે કયાંથી અને કેમ આવ્યો, એ વિષે કાંઇજ સવાલ ન કરતાં હું તમારા હાથમાં રૂ. ૫૦૦ મૂકી દેત. પણ તમે સમજી શકશો કે, તમારી બાબત જુદી છે. માત્ર તમે મને એક શહેરનું નામ આપો તે ઉપરથી તમને કાંઇ મળે? કોની પાસે એ હંસ છે, તે પણ તમારે જણાવવું પડશે."

તે હસ્યો અને બોલ્યો: "સાહેબ, મારે હરામનાં નાણાં જોઇતાં નથી. હું એક ઇનામદાર વેપારી છું એ અહીંના હરકોઇ અમલદારને પણ પૂછવાથી આપ જાણી શકશો. હુ તમને સાબિતીઓ આપું છું કે, હંસ કેવો છે અને કોની પાસે છે. મારા હાથમાં કેમ આવ્યો તે પણ હું કહું."

"જો એ વિગતો મને સાચી લાગશે તો તમને એ રૂપીઆ બેલાશક આપીશ."

"બરાબર આજથી પાંચમે દિવસે સહવારે મારી પાસે એક મવાલી તે હંસ લાવ્યો હતો—"

"મહેલમાં આગ લાગી તે દહાડે ?"

"ના. તેને બીજે દહાડે."

"ઠીક તમારી આગળ તે માણસ હંસ લાવ્યો પછી તે કેવી રીતે ઉડી ગયો ? પાંખો ફફડાવીને ?"

"તે જીવતો હંસ નહોતો, સાહેબ."

"હં. હં. હું ભૂલ્યો" ડિટેક્ટિવે કહ્યું. "મારી મતલબ એ છે કે, તમારી આગળ હંસ આવ્યા પછી પાછો જતો કેમ રહ્યો ?"

"તે હું આપને વિગતવાર કહું છું." ખુદાબક્ષે જવાબ દીધો: "વાત જાણે એમ બની હતી કે, મારે ને તે માણસને બે મુદ્દામાં તકરાર થઇ. પ્રથમ તકરાર તેની કીંમત સંબંધી થઇ. તે કહે કે, હંસ નરદમ રૂપાનો છે. માટે રૂા. ૨૫ થી ૩૦ આપો. મેં કહ્યું કે, તે રૂપાથી રસેલો છે પણ અંદર પિત્તળ છે માટે ચાર આને શેરના ભાવથી જોખીને લઉં અને જે કિંમત થાય તે આપું. એ જ્યારે પાછો લઇ જવા મંડયો ત્યારે મેં તેને જરાક દબડાવ્યો કે, રાત કમાઈનો છે ને વળી રૂપીઆનો લોભ શેનો કરે છે ? એ કહે, ચોરીનો માલ નથી. તળાવની કિનાર આગળ એક જગ્યાએ પડયો હતો; જો કે બે આદમી ત્યાં લઢતા હતા. પણ તે તો ગમે તે બીજા કારણ સર લઢતા હોય. રસ્તામાં પડેલો હતો તે હું લાવ્યો છું. નાણાંની મને જરૂર છે. માટે કદાપિ પાંચ ઓછા પણ છેવટે રૂા. ૨૫ આપો તો આપી દઉં. મેં ના પાડી. આખા ગામમાં હુ એકલોજ જુનો સામાન ખરીદનાર વેપારી છું એટલે પાછો તે મારી પાસે આવશેજ એમ ધારીને હું નિરાંતે બેસી રહ્યો. તે દિવસે બપોરે મેં તમારો ઢંઢેરો સાંભળ્યો.

હું તે બાદ તે મવાલીની તપાસ કરવા ગયો. એવા ઓનાં રહેઠાણથી હું જાણીતો છું. મારી તપાસમા હું નિરાશ થયો; કેમકે તે માણસ તેને ઘેર ન હતો. બાદ ગઇ કાલે સહવારે અચાનક તે માણસને મેં રસ્તામાં જોયો. મેં તેને ઉભો રાખીને હંસની પૂછપરછ કરી તો તે હસવા લાગ્યો અને બોલ્યો, હંસ કેવો ને વાત કેવી ? પોલિસ કને પકડાવવાની દમદાટી દેતાં પણ તે તો હસતોજ રહ્યો. મે તેને ફોસલાવવાની કોશિષ કરી અને તેમાં હું ફાવ્યો. ઇનામની વાત તેને મેં કરી એટલે એ નિરાશ થઇ ગયો. તેણે કહ્યું: મેં રૂા. ૩૦ માટે રૂા. ૫૦૦ ખોયા! પણ હવે લાચાર ! એ મારા હાથમાં પાછો આવે એમ નથી. મેં પૂછયું: "કારણ ?" તેણે જવાબ દીધો: "હું તો તે વેચી આવ્યો !" મેં પૂછયું: "કયાં ?" ફરીથી તેણે આનાકાની કરી. પણ તેને દારૂપીવા એક રૂપીઓ આપ્યાથી મેં એટલું જાણી લીધું કે: "તે મુંબઇ જઇને હંસ વેચી આવ્યો છે."

"કોને ત્યાં ?" ડિટેક્ટિવે પૂછયું.

"ઉસ્માન નામના એક જુના સામાન વેચનાર વેપારીને ચોર બજારમાં."

"એ નામ તે મવાલીએ તમને આપ્યું ?"

"હા. પણ હું આપની પાસે માત્ર એટલા ઉપરથીજ ઇનામ લેવા આવ્યો નથી. ઉસ્માન નામનો મારો એક દોસ્ત મુંબાઇમાં મારા જેવોજ જુના સામાનનો વેપારી છે. તેણે આ માણસ પાસેથી એ હંસ ખરીદી લીધો છે, એ હું આપને ચોક્કસ કહું છું"

"તેણેજ ખરીદ્યો છે, એમ શા ઉપરથી તમે કહી શકો છો?"

"મારા ઉપર તેનો તાર આવ્યો છે."

ડિટેક્ટિવના મોં ઉપર હર્ષની રેખાઓ ફુટી. તેણે પૂછ્યું: "એ તાર બતાવશો?"

"બતાવું. પણ ઇનામનું શું?"

ડિટેક્ટિવ હસ્યો. તેણે કહ્યું: "જુઓ મિસ્ટર ખુદાબક્ષ, માલ જાણે ચોરીનો છે એ તો તમેય કબૂલ કરશો ને?"

"એ ખરૂં." તેણે કહ્યું "પણ ઇમાનદારીથી હું ખબર આપવા આવ્યો છું તો તેનો બદલો કાંઇજ નહીં? સમજો કે, હું ચૂપ રહ્યો હોત. તો આપ આ જરૂરી ખબર આજ ને આજ જ મેળવી શકત?"

"ઠીક. હંસ મારા હાથમાં આવતાં તમને ઇનામ આપીશ."

"નહીં, સાહેબ. પૂરા નહીં તો થોડાક રૂપીઆ પણ મને અત્યારે મળવા જોઈએ."

માત્ર રૂપીઆની રકઝકને ખાતર હાથ આવેલી બાજી છટકવા દેવી ઠીક નહીં, એમ ધારી ડિટેક્ટિવે કહ્યું: "મને હજી તમારે થોડીક વિગતો આપવી પડશે. થોડીક જાતિ મદદ આપવી પડશે અને તે ઉપરાંત એક બે વચન આપવાં પડશે."

"એ બધું કબૂલ છે."

"તો હું તમને હાલ તુર્ત ૫૦ રૂપીઆ આપીશ. ચાલો, તાર બતાવો."

ખુદાબક્ષે પોતાના ખિસ્સામાથી તાર કાઢ્યો. તેમાં તેને પૂછવામાં આવ્યું હતુ કે, "એક માણસ તમારા ગામમાથી જુની કારીગરીનો પિત્તળનો પણ રૂપાથી રસેલો એક હંસ અહીં વેચી ગયો છે. તેણે તો તે પ્રમાણિકપણાથી મેળવેલો કહ્યો હતો. પણ મને તે ચોરીનો માલ લાગે છે. સાચી વિગત શું છે? કોઇનો ગુમ થયેલો છે અથવા ચોરાયલો છે? તમારે ત્યાં તમને ન વેચતાં તે અહી વેચવા કેમ આવ્યો? ખુલાસો જલદી આપો. ઉસ્માન એહમદ."

"જોયું?" ડિટેક્ટિવે પૂછ્યું: "ખરીદનારને પણ તે ચોરીનો માલ હોવાનો શક ગયો છે. વારૂ. હવે તમારી પાસેથી હું જે વિગતો જાણવા માગું છું તે આ છે. આ ઉસ્માન એહમદનું પૂરેપૂરૂં શરનામું મને આપો.

"ચોર બજાર. ત્રીજી ગલી, દુકાન નં. ૪૫૦૮."

"વારૂ. તમારે તેને એક તાર કરવાનો કે, હંસ કોઇને પણ ન આપશો અને કોઇપણ જાતની નાણાંની લાલચથી લોભાશો નહીં. તમને સારો બદલો મળશે."

"કબૂલ છે. તે મારો દોસ્ત છે. એટલે મારે કહેવું માનશે અને તે ઉપરાંત આપ બદલો આપશો, એટલે એને ગેરલાભ નથી."

"ઠીક, તમારે મારી સાથે મુંબાઈ આવવું પડશે. આ કામ રાજ્યનું છે અને જો હંસ મેળવવામાં, મિ. ખુદાબક્ષ, તમે મને વખતસર જાતિમદદ આપશો, તો ફક્ત તમારા સવાસો રૂપીઆજ નહીં પણ બીજોયે કેટલોક સારો લાભ રાજ્ય તરફથી તમને થશે."

ખુદાબક્ષ મુંબાઇ જવા કબૂલ કર્યું. "હવે એક છેલ્લી બાબત અને તે ખાસ અગત્યની" ડિટેક્ટિવે કહ્યું: "આ બિના તમે અત્યાર અગાઉ કોઇને કહી છે?"

"નહીં જી."

"એક હરફ પણ નહીં?"

"મારે શું કરવા કહેવી પડે? સોગદ પર કહેવા તૈયાર છું કે, મેં કોઇને કહી નથી અને કહીશ પણ નહીં."

"મિ. ખુદાબક્ષ, તમારી ઇમાનદારી પર હું વિશ્વાસ રાખું છું. તમારા રૂા. ૫૦ લ્યો. અને તમારે ઘેર જઇ મુંબઈ આવવાની તૈયારી કરી એક કલાકમાં પાછા ફરો. આપણે તાબડતોબ અહીંથી ઉપડી જઇશું. તમે મારી સાથે આવો છો એટલે ભાડાની કે મુંબઇ રહીએ તે દરમ્યાન ખાવાપીવા રહેવાની કશીજ ચિન્તા તમે ન કરશો."

"આપની મહેરબાની સાહેબ" એમ કહી રૂા. ૫૦ ની ડિટેક્ટિવે આપેલી ચલણી નોટો લઇ ખુદાબક્ષ ત્યાંથી ચાલતો થયો.

ખુદાબક્ષ બહાર નીકળ્યો એટલે રાજમહેમાન મંદિરની સામેના એક મકાનમાંથી સફેદ દાઢી મૂછવાળો એક વૃદ્ધ માણસ બહાર પડ્યો અને ખુદાબક્ષની પાછળ તેણે જવા માંડ્યું.

ખુદાબક્ષ એક ગલીમાં પેઠા એટલે આ વૃદ્ધ માણસ જરાક ઝડપથી ચાલીને તેની નજદીક જઈ પહોચ્યો. તેણે પાછળથી તેના ખભા ઉપર હાથ મૂક્યો.

ખુદાબક્ષ ચમકીને પાછું જોયું. વૃદ્ધ હસ્યો અને બોલ્યો: "મિયાંસા'બ, જરા બે મિનિટ થોભશો?"

"કેમ શું છે?" ખુદાબક્ષે પૂછ્યું.

"તમે પેલા ડિટેક્ટિવ પાસેથી જઇ આવ્યા ને?"

"નહીં." એમ કહીને ખુદાબક્ષ આગળજ ચાલવા માંડ્યું.

વૃદ્ધે તેની પાછળ પડીને તેનું કાંડું પકડ્યું અને કહ્યું: "પણ ભલા આદમી? એની પાસે ગયા હતો એમ પૂછ્યું એના જવાબમાં નાંહક જુઠું શું કરવા બોલે છે?"

"જા, જા, પાગલ. જુઠું ને વગર જુઠું કહેનાર તું કોણ? માની લે કે, ગયો હતો. પણ તેમા તારા બાપનું શું ગયુ?"

" એમાં ચીઢાઇ શું કરવા જાય છે? તને કાંઈ લાભ થાય એટલા માટે પૂછપરછ કરૂં છું." તેણે એક નોટ ખુદાબક્ષ તરફ ધરીને કહ્યું: " જો, આ નોટ કેટલા રૂપીઆની છે?"

ખુદાબક્ષે તે નોટ જોઇ અને કહ્યુ: " રૂા. ૧૦૦ ની છે."

" જા, એ લઇ જા. તને બક્ષિસ આપુ છું."

એ વૃદ્ધ તરફ ખુદાબક્ષે શક લાવીને ટગર ટગર જોયું અને જ્યાં તે બન્નેથી આંખો મળી કે તરતજ તે વૃદ્ધે ખુદાબક્ષનું કાંડું જોરશાથી પકડીને હુકમ કરતા અવાજે કહ્યું: " બરાબર મારી સામે જોઇ રહે."

ખુદાબક્ષ આનાકાની કરે તે પહેલાં તો તે વૃદ્ધની આંખો ખૂબ પહોળી થઇ; તેમાથી તેણે વિચિત્ર તેજ ખુદાબક્ષની આખ ઉપર ફેંક્યું; કાંઇક બડબડાટ કર્યો અને થોડાકજવારમાં ખુદાબક્ષ શુદ્ધબુદ્ધ જેવા બની ગયો. વૃદ્ધે હવે તીવ્ર અવાજે તેને પૂછ્યું: " કહે, હંસ વિષે તે ડિટેક્ટિવને શી માહિતી આપી?"

ખુદાબક્ષે ડિટેક્ટિવને જે હકીકત કહી હતી તે તમામ તેને કહી બતાવી.

" બસ." તે વૃદ્ધે કહ્યું: " હવે આ ગલીમાથી ચાલ્યો જા, બરાબર ત્રીસમું પગલું તું ભરીશ એટલે જાગૃત થઇશ; અને મારા મેળાપની વાત તું ભૂલી જઇશ."

સ્વપ્નમા પડેલા માણસની માફક ખુદાબક્ષ સહેજ લથડીઆં ખાતો ચાલ્યો ગયો. વૃદ્ધ ઝડપથી તે ગલીમાથી પાછો ફર્યો અને ગણગણ્યો: " જનાબ ડિટેક્ટિવ સા'બ! જાલિમના પ્રભાવને તમે નહીં પહોચો. તમે જ્યાં જશો ત્યાં તમારી આગળજ હું રહીશ! તમે ગાડીમાં જશો તો હું મોટરમાં જઈશ. તમે મોટરમાં તો હું રેલમાં; તમે રેલમાં તો હું એરોપ્લેનમાં! સમજો કે, હુ તમારો પાકો અને કટ્ટો દુશ્મન છું."

વાચકની જાણ માટે અત્રે જણાવીશું કે, આ જાલિમ-સિંહજ હતો. ડિટેક્ટિવને મળવા આવનારાઓની વિગતથી વાકેફ થવા માટે તેણે સેનાપતિ આગળ ખોટી બડાઈ મારી નહતી. "હિપ્નોટિઝમ" વિદ્યાના જ્ઞાન ઉપર તે મુસ્તાક હતો. તેણે રાજમહેમાન–મંદિરની બરાબર સામેના મકાનમાં પાંચ દિવસ સુધી રાહ જોઇ હતી. જેટલા અજાણ્યા ઓ ડિટેક્ટિવ પાસે આવે તેઓ પાસેથી તે "હિપ્નોટિઝમ" વડેજ વિગત જાણી લેવા ધારતો હતો. સૌથી પહેલો અજાણ્યો પાચ દિવસે આ ખુદાબક્ષ આવ્યો હતો. અને તેની પાસેથી તેણે "હિપ્નોટિઝમ"ના પ્રભાવથી ઉસ્માન એહમદને લગતી બધી વિગત, આ પ્રકરણમાં આપણે જોયું તેમ, જાણી લીધી.

હવે તે શું કરશે? હંસ તે મેળવશે કે ડિટેક્ટિવ?



પરિચ્છેદ ૧૨.

કોરો કાગળ !

કુન્દનપૂર રેલ્વે સ્ટેશનેથી મુંબાઇ જવાની ગાડી અગીઆર ને પાંચ મિનીટે ઉપડે છે. એ ગાડીમાં બેસનારા ઉતારૂઓની ટિકેટસ સ્ટેશન ઉપર થવા માંડી છે. બરાબર અગીઆરના ટકોરા થતાં ટ્રેન આવી પહોંચી. તેજ વખતે એક મોટરગાડી પણ શહેરમાંથી આવીને સ્ટેશન બહાર ઉભી રહી. એમાંથી એક 'બેગ' સાથે ઇંગ્લીશ પોષાકવાળો એક યુવક ઉતર્યો અને મોટર હાંકનારને પાછા જવા રજા આપી, 'પ્લેટફોર્મ' માં દાખલ થઈ, ટિકેટ ઓફીસમાં જઇ, તેણે ટિકેટ આપનારને પૂછ્યું: " મુંબાઈ જવા માટે અહીંથી કેટલા ઉતારૂઓ બેઠા ? "

જવાબ મળ્યો: " એક પણ નહીં. "

મોં પર સહેજ પણ ભાવ બતાવ્યા વિના તેણે મુંબાઇની ટિકેટ લીધી અને ઝાંપા આગળ આવી ટિકેટ કલેક્ટરને પૂછ્યું: " મુંબાઇ જવાના પોલિસ-પાસ બતાવી કોઇ આ ટ્રેનમાં બેઠું છે કે ? "

જવાબ મળ્યો: " નહી સાહેબ. "

યુવક ટ્રેનના બીજા વર્ગના એક ડબ્બા આગળ ગયો. તેમાં આમ તેમ જોયું. એક પણ ઉતારૂ તેમાં જોવામાં આવ્યો નહીં. બીજા વર્ગનો તે એકજ ડબ્બો ટ્રેનને જોડેલો હતો. તે સ્વગત બરબડયો: " જનાબની સ્વારી આવી પહોંચી નથી. એમ કેમ ? "

તે આતુરતાથી પ્લેટફોર્મના ઝાંપા તરફ અને ત્યાંથી દૂર જ્યાં સુધી નજર જાય ત્યાંસુધી જોઇ રહ્યો. ટ્રેનની સિસોટી વાગી. ટ્રેન ચાલી. યુવક બારણું ઉઘાડી બીજા વર્ગના ડબ્બામાં બેસી ગયો.

ખિસ્સામાંથી 'સિગારેટ' કાઢી, તે સળગાવી, તેના ધૂમાડા તરફ જોતો જોતો તે પુન: સ્વગત બોલ્યો: " આમ કેમ ? જરૂર તે કોઇક બીજા જરૂરી કામસર રોકાઇ ગયો લાગે છે ! એ તો ઘણું સારૂં ! પહેલો હું જઇ પહોંચીશ અને તે પછી જ એ ધુમાડામાં બાચકા ભરવા આવશે ! આવીને શું કરશે ? નવી વાત જાણશે અને પછી રોશે ! હ: હ: હ: " તેણે અટ્ટહાસ્ય કર્યું. ટ્રેને મારેલી સિસોટીમાં એ દબાઇ ગયું.

વાચક ! આ યુવકને ઓળખ્યો ? ભાગ્યેજ તેની ઓળખાણ કરાવવી પડશે ! તે જાલિમસિંહ છે. ગત પરિચ્છેદમાં વૃદ્ધના વેષાંતરમાં તેણે ખુદાબક્ષ પાસેથી વશીકરણ વિદ્યા મારફત ડિટેક્ટિવ સાથે તેને થયેલી વાતચીત જાણી લીધા પછી, કુન્દનપૂરથી મુંબાઇ જવા ઉપડતી સૌથી પહેલી ગાડીમાં તે બેઠો છે. તે ઉસ્માન એહમદનું શરનામું જાણે છે. 'રૂપેરી રાજહંસ' તેને ત્યાં છે; એમ પણ તે જાણે છે. સ્ટેશનપર તેણે કરેલી પૂછપરછ ડિટેક્ટિવ દીનેન્દ્રરાય માટે હતી. આતુરતાથી રાહ પણ તેણે તેના માટે જોઇ હતી. સ્વગત ઉદ્ગારો પણ તેના માટેજ કાઢયા હતા.

ડિટેક્ટિવ આ ગાડીમાં નથી, એ આશ્વાસન તેને ઓછું ખુશાલી પેદા કરનારૂં નથી. પોતે તેનાથી પહેલો મુંબાઇ પહોચશે અને હંસ હાથ કરી લેશે, એ વિચાર તેના હૃદયની હર્ષની લાગણીઓને ઓછો ઉછાળી મૂકતો નથી.

ડિટેક્ટિવ આ ગાડીમાં નથી જઇ શકયો, એ ખરૂં છે. શા માટે, એ હવે પછી જોઈશું. દરમ્યાન મુંબાઈ પહોંચીને જાલિમસિંહ શું કરે છે, એ તપાસીએ.

રાતના આઠમાં પચીસ મિનિટ ઓછી હતી ત્યારે ગ્રાંટરોડ સ્ટેશને ટ્રેન પહોંચી અને તેમાંથી ઉતારૂઓ બહાર પડયા. જે ડબ્બામાં કુન્દનપૂર સ્ટેશને જાલિમસિંહ બેઠો હતો, તે ડબ્બામાંથી એક માણસ 'બેગ' સાથે તો બહાર પડયો; પણ તે ઈંગ્લિશ પોષાકમાં નહતો. ધોતીઉં, લોંગકોટ અને હંગેરીઅન ટોપીના પોષાકમાં સજ્જ થયેલો એક દેશી યુવક હતો. તેણે આંખપર ભુરાં ચશ્માં પહેરેલાં હતાં. એ જાલિમસિંહ જ હતો.

પ્લેટફોર્મના ઝાંપામાં થઇ તે બહાર નીકળ્યો અને એક ભાડુતી મોટર પાસે જઇ "ચોર બજાર, ત્રીજી ગલી" એવી વરદી હાંકનારને આપીને તેમાં બેઠો.

આઠ મિનિટના અરસામાં તે મજકુર સ્થળે પહોંચ્યો; અને દુકાનોના નંબર વાંચતો વાંચતો ૪૫૦૮ નંબરની દુકાન આગળ થોભ્યો. તે એક નાની સરખી દુકાન હતી. પણ તેમાં લાકડાંનાં ફર્નીચર, કાચનો સામાન, કપડાંનું એક કબાટ, નેતરનો સામાન વગેરે ઠીચોઠીચ ભરેલાં હતાં. વિજળીનો એક દીવો દુકાનમાં પ્રકાશ ફેલાવી રહ્યો હતો. એક માણસ દુકાન બહાર એક નેતરની ખુરશીમાં બેઠો હતો.

" ઉસ્માન એહમદ તમે કે ? " દેશી પોષાકવાળા યુવક જાલિમસિંહે પૂછ્યું.

" નહીં. જી. કેમ હશે ? "

"આ દુકાન તો તેમનીજ છે ને?"

"ઉસ્માન એહમદ અહીં બે છે. એક શરબતવાળા અને બીજા કચ્છી. તમે કોને માટે પૂછો છો?"

"૪૫૦૮ નંબરની દુકાનના માલેક જે હોય તેમને માટે."

"હં. ત્યારે તો આ જ દુકાન. અમે 'કચ્છી' કહેવાઇએ છીએ. પણ શેઠ તો ગઈ કાલના સુરત ગયા છે. તમે કોઈ જરૂરી કામે આવ્યા છો?"

"ગઇ કાલના સુરત ગયા છે? ક્યારે આવશે?"

"આવતી કાલે સહવારે. પણ તમારે કામ શું છે, એ તો કહો?"

જાલિમસિંહે એક બીજી નેતરની ખુરશી તેની નજદીક ખસેડીને તેમાં બેસતાં કહ્યું. "જો દોસ્ત, કામ તો એક અગત્યની ચીજ ખરીદવાનું છે. બહુજ સાવચેતીથી કરવા જોગ છે. તું તે કરી આપે, તો તેમાં ખૂબ નાણાં ખાટી જાય તેમ છે."

"વારૂ. પણ છે શું?"

"એ કહું તે પહેલાં થોડાક સવાલો પૂછવાના છે. પહેલો સવાલ. આજ બહારગામથી તારા શેઠ ઉપર તાર આવેલા?"

તે માણસ જાલિમસિંહના ચહેરા તરફ ઘડીભર જોઇ રહ્યો. ખિસ્સામાંથી પાકીટ કાઢી તેમાંથી રૂા. ૧૦ની એક નોટ લઇને જાલિમસિંહે તેના હાથમા મૂકતાં કહ્યું: "દરેક સવાલના જવાબ દીઠ દશ રૂપીઆ તને બક્ષિસ. ચાલ, વખત નહીં ગુમાવ."

નોટ ખિસ્સામાં મૂકી તે માણસે જવાબ દીધો: "તાર બે આવ્યા છે. એક બપોરે આવેલો અને એક હમણાંજ અર્ધા કલાક ઉપર આવેલો."

"એ તારમાં શું લખેલું છે, એ તારા ધ્યાનમા છે ને?"

જવાબ આપતા પહેલાં કાંઇ માગણી કરતો હોય, એવી ઢબે તે માણસે પોતાનો હાથ ચતો રાખી આંગળાં હલાવ્યાં. જાલિમસિંહ હસ્યો: "હં, આ બીજો સવાલ છે એટલે તેના જવાબની 'ફી' મારે તને આપવી જોઇએ!" એમ કહી તેણે બીજી એક નોટ તેના હાથમાં મૂકી.

"એ તાર મેં વાચ્યા નથી." ઠંડે પેટે તે માણસે જવાબ દીધો.

"ઠીક. આજથી પાંચ–છ દિવસ ઉપર એક મવાલી તમારે ત્યાં એક હંસ વેચી ગયો હતો, તે મારે જોઇએ છે."

પેલા માણસે કહ્યું: "ભલા આદમી, વાત એમ છે ત્યારે નકામા રૂપીઆ તમે સવાલો કરીને ફેંકી દીધાને? હંસ બતાવવામાં મને શો વાંધો હોય?"

તે દુકાનની અંદર ગયો અને કપડામાં વીંટેલી એક ચીજ લઇ આવ્યો.

જાલિમસિંહ આતુરતાથી તેના તરફ જોઇ રહ્યો. તે માણસે કપડું હટાવ્યું. સૌથી પહેલીવાર જાલિમસિંહે વિજળીની બત્તીના પ્રકાશમાં રૂપેરી રાજહંસ જોયો.

તે એક ફુટ લાંબો અને અર્ધો ફુટ પહોળો હતો. તેની પાંખો ઉપર અને ગરદન ઉપર સુન્દર નકસી કામ હતું.

"આ હંસ મારે ખરીદવો છે." જાલિમસિંહે કહ્યું.

"તેની કિંમત તમે આપી શકશો? બહુ ભારે છે. આને માટે તો મને શેઠ ખાસ હુકમ આપી ગયા છે."

"એની કિંમત કાંઇ હાથી ઘોડા તો નહીં હોય? જે લેવું હોય તે કહી દે એટલે પાર આવે."

"એક હજારમાં એક રાતી બદામ પણ ઓછી નહીં."

"એટલા બધા? રૂપાની ચીજની એટલી મોટી કિંમત ન હોય."

"માટીની ચીજ હોય તો પણ શું? મારે તો એટલા લેવા છે. બોલો, પાલવે છે?"

જાલિમસિંહે હંસ હાથમાં લીધો. આમ તેમ તપાસી જોયો. બે હાથ વચ્ચે રાખીને હલાવી જોયો. પોતાની આંગળીમાંની વીંટીથી ટકોરા મારી જોયા. હંસ તેને પોલો લાગ્યો. દુકાનદારને તેણે કહ્યું: "કબૂલ છે. ગણી લે તારા હજાર."

તેણે પાકીટમાંથી નોટો કાઢી. સો–સોના દશ ટુકડા તેણે તે માણસના હાથમાં મૂક્યા અને હંસ પોતાની 'બૅગ' માં મુકવા માંડયો. પેલા માણસે પૂછ્યું: "જરા તમારૂં શરનામું લખાવતા જાઓ."

"ખુશીથી. મારૂં નામ પ્રથમરાય બ્રહ્મણરાય ફરનાલીવાળા, ઠેકાણું ચોપાટી ડિટેક્ટિવ દીનેન્દ્રરાયના ઘર પાસેનો બંગલો–મુંબાઈ."

"બહુ અઘરૂં નામ છે. જરા એકે એક હરફ બોલીને લખાવોને મિસ્ટર! અમારે તો પાછાં પોલિસનાં લફરાં વળગેલાં હોય ને? પૂછવા આવે તો તમારૂં નામ ધરવા કામ લાગે."

જાલિમસિંહે દરેક અક્ષર ભાર મૂકીને એકે એક બોલીને લખાવ્યો અને એ કામ પૂરૂં થતાં તે ત્યાં થોભ્યો નહીં. એક વાઘ માર્યો હોય, એવી ખુશાલીથી હંસ હાથમાં લઇને તે ગલીની બહાર નીકળીને એક ભાડુતી મોટરમાં બેસીને 'સરદાર ગૃહ' માં ગયો. એક ઓરડીનું તે રાતનું ભાડું આપી, પોતાને સ્વાધીન કરી લીધી. બંધ બારણે તેણે હંસ ખોલવાનું કામ શરૂ કર્યું. 'બૅગ' માંથી એક નાની છીણી અને નાની હથોડી બહાર કાઢીને તેણે

તે વતી હંસનાં બે પડ ખુલ્લાં કર્યાં. એક કાગળ તેમાંથી બહાર સરી પડયો. આંખોમાં હર્ષની લાગણીના ચમકારા સહિત તેણે તે ઉઠાવી લીધો અને તે ખોલતાંજ તેને ભારે અજાયબી થઇ. આંખોમાંનો હર્ષ ક્રોધમાં પલટાયો અને કાગળનો ડુચો કરી તેણે તે જમીનપર પછાડયો.

"કોરો કાગળ !" તે બબડયો: "શું દુકાનદારે મારી મશ્કરી કરી ? જો એમ હોય તો, એ પણ જાણશે કે, એને મળેલી નોટોમાંની એક પણ સાચી હોય તો એના બાપનાજ સોગંદ ! શું ડિટેક્ટિવે મને બનાવ્યો ? ના, ના, એ તો અહીં આવ્યો છે જ કયાં ?"

તેણે ફરીથી તેજ કાગળનો ડુચો જમીન પરથી ઉઠાવ્યો. તે ફરીથી ખુલ્લો કર્યો. દીવાના પ્રકાશમાં આમ તેમ તે ઉથલાવી જોયો. નાક આગળ ધરી તે સુંઘી જોયો. ખિસ્સામાંથી દીવાસળીનું બાક્સ કાઢયું. એક દીવાસળી સળગાવી, તે કાગળ ઉપર જરાક દૂર આમ તેમ ધરી રાખી બીજી સળગાવી—ત્રીજી સળગાવી એમ પાંચ છ સળગાવીને તેણે પુનઃ પુનઃ એજ ક્રિયા ચાલુ રાખી, કાગળ બારિકાઇથી જોયો.

"છટ્ ! આ તો મને કોઇકે મૂરખ બનાવ્યો !" તે ગુસ્સામાં બરબડયો: "છુપી શાહીમાં કાગળ ઉપર કાંઇ લખેલું જણાતું નથી ! શું ખરેજ કોરો કાગળ આ હંસમાં હશે ? કે પછી હંસ બનાવટી હશે ?" આમ તેમ મોટાં પગલાં ભરતો ફરતો ફરતો તે બરબડવા લાગ્યો: "પ્રથમ ગ્રહણ કરનાર" એ અર્થમાં દુકાનદારને મેં આપેલું મારૂં નામ આખરે સાર્થક ન જ કર્યું ! યમદૂત ડિટેક્ટિવ, તારા પહેલાં હું આ ભેદ ખોલી ન શક્યો ! ! મારી દોડધામ નકામી ગઇ ! ! ! હવે ? શું બાજી હાથથી ગઈ ?"

ક્રોધ, નિરાશા, આશ્ચર્ય અને ઉદ્વેગની લાગણીઓથી ઘેરાયલો જાલિમસિંહ એક ખુરશીપર બેસી ગયો અને પોતાનું માથું બે હાથ વચ્ચે દાબીને ખૂબ વિચારમાં નિમગ્ન થઇ ગયો.

કેટલીકવાર સુધી જાલિમસિંહ એનેએ સ્થિતિમા બેસી રહ્યો. હંસ બનાવટી હશે કે એમાંથી ખરો કાગળ કોઇએ કાઢી લઇને કોરો કાગળ મૂકયો હશે, એ બાબતમાં તે કાંઇજ નિર્ણય કરી શક્યો નહીં. તેને લાગ્યું કે, હવે અત્યારે દુકાનદારને ત્યાં જવું નકામું છે કેમકે સુન્દર કમાણી કર્યા પછી તે દુકાન બંધ કરીને ઘેરજ ચાલ્યો ગયો હોવો જોઇએ. તેનું ઘર તે જાણતો નહતો. હવે તેણે કઈ રીતે પોતાની ગૂંચ ઉકેલવી ? અને કરવું શું, કે જેથી મુદ્દાનો કાગળ હાથ આવે ? તેને આ એકાન્ત ઓરડી હવે કંટાળો ઉપજાવનારી લાગી. મુંબાઇ જેવું પચરંગી શહેર રાત્રિના ભાગમાં અનેક પ્રકારે દિલ બહેલાવનારી મોજમજાહો પૂરી પાડે છે. તેણે બહાર ફરવા જવા નિશ્ચય કર્યો અને ઓરડી બહાર નીકળી તેને તાળું દઇ, શહેરમાં ફરવા નીકળી પડયો.

એજ રાત્રે આશરે ૧ વાગ્યાને શુમારે મુંબાઇ તરફ જતી ટ્રેનમા સુરતથી એક મિયાંભાઇ બીજા વર્ગના ડબ્બામા બેઠો. જે ડબ્બામાં તે ચઢયો તેમા નીચેની બેઠકમા સુતેલા એક બીજા મિયાંભાઇને જોઇને તે ચમક્યો. તે ઉંઘતા માણસનું મો ખુલ્લું હતું. ટ્રેનમાં ચઢનારે તે ધારી ધારીને જોયું અને તે બાદ તેનો પગ હલાવીને તેણે બૂમો મારી: "ખુદાબક્ષ ! ખુદાબક્ષ !"

આંખો ચોળતો તે જાગ્યો અને બોલ્યો: "કોણ, ઉસ્માન ? હું તારે ત્યાં જઉં છું અને તું અહીં રખડે છે!"

"અરે, યાર ! હું તો બડી મુંઝવણમાં આવી પડયો છું."

ઉપરની બેઠકમાંથી એ વખતે એક માણસ જાગી ઉઠયો અને બન્નેની વાતચીત સાંભળી તે નીચે આવ્યો.

ખુદાબક્ષે તેને કહ્યું: "ડિટેક્ટિવ સા'બ, આ મારો દોસ્ત ઉસ્માન ?"

"જેને તમે તાર કર્યો છે તેજ ?" ડિટેક્ટિવે પૂછ્યું:

"તેજ. કેવો લ્હેરી લાલા છે ? આપણને એ અહીં ન મળ્યો હોત તો મુંબાઈમાં જઇને આપણે ચાટ બનીને પાછા આવત ને ?"

"કઇક જરૂરી કામેજ તે આ તરફ નીકળી પડયા હોવા જોઇએ."

"હા, સાહેબ" ઉસ્માને જવાબ દીધો: "એવીજ બાબત છે." ખુદાબક્ષને તેણે ઇશારતથી પૂછ્યું કે, આ કોણ છે ?

ખુદાબક્ષે કહ્યું: "એ પણ તારા જેવા જ મારા દોસ્ત છે. આપણા લાભમાં છે અને એમના એક કામમાં આપણે મદદ કરીશું તો પુષ્કળ નાણા ખાટીશું."

"હ. પણ દોસ્ત, તુ તારની વાત કરે છે તે શું ? તેં મને તાર ક્યારે કર્યો છે ?"

ડિટેક્ટિવને લાગ્યું કે, કાંઈક નવી ગૂંચ ઉભી થઈ છે. તે ડબ્બાની બીજી બેઠકોમાં ઉતારૂઓ હતા, એટલે હંસને લગતી વાત અહીં છેડવી કે કેમ, એ વિષે ડિટેક્ટિવે વિચાર કરી જોયો. એ બાબત જેમ બને તેમ જલ્દીથી જાણવી ઠીક, એમ ધારી તેણે ખુદાબક્ષને કહ્યુ: "પેલી બાબતમાં બહુજ ધીમેથી આપણે એમની સાથે વાત કરીએ; કારણ—" તેણે ઈશારાથી બીજા ઉતારૂઓ આ ડબ્બામાં છે, એમ બતાવ્યું.

ખુદાબક્ષે ઉસ્માનને પોતાની અને ડિટેક્ટિવની વચ્ચે બેસાડી પૂછ્યું: "તું સુરત ક્યારનો આવ્યો હતો ?"

"ગઈ કાલનો."

"ત્યારે તો મારા બે તાર તને મુંબાઈમાં નહીં મળ્યા હોય ?"

"ના. મેં તને જે બાબતનો તાર કર્યો હતો, તેના સબંધમાં એક મોટી પંચાત ઉભી થઇ એટલે મારે ગઇ કાલે સુરત આવવું પડ્યું અને જેવો ખાલી હાથે આવ્યા તેવાજ પાછા જઈએ છું!"

"આપણે જરાક ખુલાસાથી પણ બહુ ધીમે સાદે વાત કરીએ" ડિટેક્ટિવે કહ્યું: "તમે કહો જોઇએ. એમને તમે તાર કર્યા પછી શું બન્યું?"

ઉસ્માન, ખુદાબક્ષ સામે ચૂપચાપ જોઇ રહ્યો. તેની ગુંઝવણ સમજી જઇને ખુદાબક્ષે કહ્યું: "દોસ્ત, તદ્દન બેફિકર થઈને જાણે મારી સાથે વાત કરતો હોય તેમ એમની સાથે વાત કર. એ હંસની બાબતમાં પૂછે છે; અને એમાં, મેં તને હમણાંજ કહ્યું તેમ, મારે કે તારે કાંઇજ બીવા જેવું નથી. મને કે તને તેઓ જેલમાં નહીં મોકલે, સમજ્યો? એક બચ્ચા મિસાલ છુટથી સાચેસાચી વાત કરીશ તો મને અને તને બેઉને ઉલ્ટો લાભ થશે, સમજ્યો?"

ઉસ્માનની ચિંતા હવે દૂર થઈ. તેણે કહ્યું: "મેં ખુદાબક્ષને પરમ દિવસે તાર કર્યા હતો. ખરૂંને?"

ખુદાબક્ષે હા પાડી.

ઉસ્માને કહ્યું: "એજ દિવસે સહવારમાં એક હિંદુ ગૃહસ્થ મારે ત્યાં કેટલોક માલ ખરીદવા આવ્યા. તેમણે દુકાનમાનો માલ જોતા જોતાં એ હંસ જોયો અને પછી પુછ્યું: 'આ વેચવાનો છે કે?' મેં હા પાડી. તેમણે તે હાથમાં લઇને તપાસ્યો અને મને પૂછ્યું: 'આ તારી પાસે ક્યાંથી આવ્યો? આ તો ચોરીનો માલ છે.' મારા પેટમા ફાળ પડી. પણ મેં હિમ્મતથી કહ્યું: "ચોરીનો માલ નથી. તમારા જેવાજ એક ખાનદાનનું બધું ફર્નીચર મે ખરીદી લીધું તેમાં તે આવ્યો છે." તેણે એક નોટબુક કાઢી અને તેમાં ટપકાવેલી એક નોંધ મને વંચાવી, જેમાં, ખુદાબક્ષ, તારા ગામમાથી એ હંસ ગુમ થયાની અને તે માટે રૂા. ૫૦૦ નું ઇનામ આપવાની એક ડિટેક્ટિવની જાહેર ખબરનો ઉતારો હતો—"

"એ જાહેર ખબર આ જ ડિટેક્ટિવ સા'બે બહાર પાડી હતી." ખુદાબક્ષે કહ્યું.

ઉસ્માને આગળ ચલાવ્યું: "મને એણે જાહેર ખબર વંચાવી એટલે મેં તેને કહ્યું: 'તમે ટાઢા પહોરની ગપ હાંકતા હો, એમ લાગે છે!' તેણે કહ્યું: "રેલ્વે સ્ટેશન ઉપર આ જાહેર ખબર ચોઢેલી છે. છતાંયે ખાતરી ન થતી હોય તો પોલિસ ગેટપર ચાલ એટલે બધી ખરી હકીકત તને માલુમ પડશે.' બેશક, એ તો વાયડી પડે એવી વાત હતી. આથી મે તે હિંદુ ગૃહસ્થને કહ્યું: "જ્યાંથી મને આ મળ્યો છે ત્યાં હું તારથી પૂછાવી જોઉં અને જો માલ ચોરીનો હશે તો હું ખરા માલેકને સ્વાધીન કરી દેવા તૈયાર છું." તેણે એ રસ્તો પસંદ કર્યો. અને તે ઉપરથી મેં તને તાર કર્યો. પણ તે આદમીને આ હંસ ગમી ગયો તેથી તેણે મને કહ્યું: "આ હંસ નહીં પણ બરાબર આની જ નકલનો એક બીજો હંસ આજને આજ બનાવી આપે એવો કોઇ કારીગર તારી જાણમાં છે?" મેં હા પાડી. તેણે કારીગરને બોલાવવા કહ્યું. એ મુજબ મેં મારા માણસને મોકલીને એક મારા ઓળખીતા કારીગરને બોલાવ્યો. તેઓ બે વચ્ચે સાટું ઠર્યું. મને પણ પાંચ–દશ રૂપીઆ દલાલીના મળશે, એમ એ હિંદુ ગૃહસ્થે વચન આપ્યું અને પોતાના શરનામાનું કાર્ડ આપીને તે વખતે તે ચાલ્યો ગયો. કારીગરને નકલ બનાવવા મેં હંસ આપ્યો. સાંજ પડી એટલે તે હિંદુ ગૃહસ્થ પાછો આવ્યો. મને પૂછ્યું: "તાર કરી દીધો?" મેં હા પાડી. 'કાંઇ જવાબ?' તેણે પૂછ્યું. 'જવાબ તો નથી આવ્યો. પણ કાલ સોરો જરૂર આવશે' એમ મેં સધિયારો આપ્યો. નકલી હંસ તે સાંજે વાયદા મુજબ તૈયાર થઈ શક્યો નહતો. તે ગૃહસ્થે પોતાને ઘણીજ ઉતાવળે બહારગામ જવાનું હોવાથી રાતો રાત બેસીને પણ હંસ તૈયાર કરવા કારીગરને જણાવ્યું અને હવે એ વાયદામાં ભૂલ થાય નહીં એવી તાકીદ કરી ગઇ કાલે સહવારે હંસ આપવો ઠર્યો."

ઉસ્માન. અહીં કાંઇક સંભારી કાઢતો હોય તેમ થોડીવાર થોભ્યો. અને પછી બોલ્યો: "હં. પછી ગઇ કાલે સવારના દશેક વાગ્યાને શુમારે એક ગરબડ ગોટો વળી ગયો! વાત એમ બની કે, મારી નાની છોડી બિમાર હતી એટલે હું તેની દવા લેવા દવાખાને ગયો હતો તેથી દુકાન મારા માણસે ઉઘાડી હતી. કારીગર વાયદા મુજબ અસલ અને નકલ બન્ને હંસ લઇને તે વખતે મારી દુકાને ગયો હતો. તેને એક જગ્યાએ ઉઘરાણીનો વાયદો હતો તેથી જવું હતું. એટલે માણસને સમજ પાડીને ગયો હતો કે, વરદી આપનાર આવે તેની પાસેથી રોકડાં નાણાં લઇને અમુક હંસ આપી દેવો અને અમુક અહી રાખી મેલવો. કારીગર ગયો તે બાદ ૦ કલાકે પેલો હિંદુ ગૃહસ્થ આવ્યો. મારા માણસે તેને થોભવા કહ્યું; પણ પોતાને તાબડતોબ બહારગામ ચાલ્યા જવું હોવાથી એક મિનિટ પણ રોકાવાય એવું નથી, એમ તેણે જણાવ્યાથી મારા માણસે રોકડાં નાણાં લઇ એક હંસ આપી દીધો અને બીજો રાખી મેલ્યો.

"હું પોણાઅગીઆરને શુમારે દુકાને આવ્યો. કારીગર પણ તેજ વખતે આવી લાગ્યો અને મારા માણસને હંસ વિષે પૂછપરછ કરી. તેણે તે આપી દીધાની અને રૂપીઆ લઇ લીધા હોવાની વાત કહી. મારો માણસ તેને રૂપીઆ ગણી આપતો હતો, તે દરમ્યાન મેં મારા માણસને પૂછ્યું: "હંસ નકલીજ આપ્યો છે ને? અસલ તો નથી આપ્યો ને?" માણસે જવાબ દીધો: "નકલીજ આપ્યો છે." કારીગરે કહ્યું: "અસલ આપ્યો છે કે નકલ તે હું તરતજ પારખી આપીશ; કેમકે નકલપર મેં મારૂં નામ કોતર્યું છે." સહેજ જાણવા ખાતર મેં કબાટમાંથી હંસ બહાર કાઢ્યો એટલે તે તપાસીને તરતજ કારીગર બૂમ

મારી ઉઠયો: "ભૂલ થઇ છે!" હું ચોંકયો! "શું આ ગધ્ધાએ અસલ હંસ આપી દીધો?" કારીગરે કહ્યુ: "હા. જુઓ, આની ઉપર મારૂં નામ ચોખ્ખું દેખાય છે." "હત્તારીની!" મેં મારા માણસને પાંચ છ ધબ્બા લગાવી દીધા. પણ એ દરમ્યાન મને સાંભર્યું કે, એ ગૃહસ્થના શરનામાનું કાર્ડ મારી પાસે છે. એ કાર્ડ મારા ગજવામાંથી મેં કાઢયું. અને મારી બાજુનો દુકાનદાર અંગ્રેજી ભણેલો હતો તેને વંચાવ્યું. તે ઉપરથી જણાયું કે, તે સુરતનો છે. મેં શરનામું ગુજરાતીમાં લખી લીધું અને નક્કી કર્યું કે, સુરત જઇને અસલ હંસ લઇ આવવો. કારણ તે ચોરીનો માલ હોય તો નાંહક ભવિષ્યમાં પંચાત ઉભી થાય. મેં ટાઇમ જોયો તો અગીઆરમાં ૧૦ મિનિટ કમ હતી. ૧૧ વાગે સુરત જતી ટ્રેન ઉપડતી હતી. હુ બારોબાર સ્ટેશને ગયો. અને ગાડી ઉપડવાની તૈયારી હતી તે વખતે તેમાં બેસી ગયો. પણ સુરતમાં મારૂં કાંઇ વળ્યું નહીં અને 'ધોયેલ મૂળા' જેવો હું અત્યારે ત્યાંથી પાછો ફરૂં છું!"

"એમ કેમ ભલા?" ખુદાબક્ષે કહ્યુ.

"એ ગૃહસ્થ તો આબુ ગયા છે, એમ મને ખબર મળી!"

ડિટેક્ટિવ અને ખુદાબક્ષ બન્ને આ સાંભળીને ગુંચાયા. ડિટેક્ટિવે ઉસ્માન પાસેથી સુરતી ગૃહસ્થના શરનામાનું કાર્ડ માગ્યું. એ કાર્ડમાં ડિટેક્ટિવે નીચે મુજબ શરનામું વાંચ્યું: "રાવબહાદુર મણિધરપ્રસાદ અમીધરપ્રસાદ મજમુંદાર, હવાડીઆ ચકલા, સુરત."

ડિટેક્ટિવે ઉસ્માનને પૂછયું:

"તમને કયારે ખબર મળી કે, તેઓ આબુ ગયા છે?"

"કાલે સાંજેજ હું પહોચ્યો ત્યારે"

"તો પછી તમે આજ મુંબાઇ પાછા કેમ ફર્યા? કાલે ને કાલે કેમ પાછા ન ફર્યા?"

"રાતના પછી મારો એક દોસ્ત મળ્યો. તેની સાથે "ખાન્દાને જમાના"નો ખેલ જોવા ગયો અને એ દોસ્તે આજ આગ્રહ કરીને રાખ્યો તે માંડ અત્યારે છુટો કર્યો."

"ત્યારે કાંઇ ખાસ કામે નહીં રોકાયલા?"

"નહીંજી. એ હિંદુ ગૃહસ્થ ના મળ્યો પછી હું શું કરૂં? મેં તો એ વાતજ મારા દિલમાંથી પછી હટાવી દીધી હતી; તે આ ખુદાબક્ષનો હમણાં ભેટો થયો ત્યારે સાંભરી!"

"સાહેબ" ખુદાબક્ષે કહ્યું: "મારા દોસ્તો બધાયે મારા જેવાજ નફ્ફરા અને લહેરીલાલા છે!"

"વારૂ. તમારી સાથે નકલી હંસ તમે લઈ ગયેલા લાગતા નથી; કારણ તમારી પાસે કાંઇજ સામાન નથી." ડિટેક્ટિવે ઉસ્માનને પૂછયું.

"મુંબાઇથી ઉપડતાં ટ્રેનનો ટાઇમ થવા આવેલો એટલે માત્ર સુરત પહોંચવું એજ ખ્યાલ મારા મનમાં હતો. સારૂં થયું કે, મારી સાથે મે હંસ ન રાખ્યો. નાંહકનો બોજો થઇ પડત!" ઉસ્માને જવાબ દીધો.

"ત્યારે હવે આપણે રાવબહાદુરનું આબુનું શરનામું મેળવવું પડશે." ડિટેક્ટિવે કહ્યું.

"એ કાંઇ આપણે નથી જાણતા, સાહેબ." ઉસ્માને જવાબ દીધો.

ડિટેક્ટિવે કહ્યુ: "ચિન્તા નહી. તમે નિરાતે સુઇ જાઓ. હવેની ચિન્તા બધી મારે માથે!"

ખુદાબક્ષે ડિટેક્ટિવની સૂચનાથી પોતાની સુવાની જગ્યા બદલી. ઉપરના એક પાટીઆ ઉપર તે અને સામેના પાટીઆ ઉપર ઉસ્માન, એમ તેઓ સુતા. ડિટેક્ટિવ નીચેની બેઠક ઉપર બારી પાસે બેઠો.

ચાંદની ચમકી રહી છે. દોડતી ટ્રેનમાં પવનની લહરીઓ આવે છે. ડબ્બામાં બીજા બધા ઉતારૂઓ સુતા છે. ફક્ત ડિટેક્ટિવ જાગતો બેઠો છે. તેનું દિલ પોકારી રહ્યું છે. "રૂપેરી રાજહંસ! કયાં હશે, હે રૂપેરી રાજહંસ!"



પરિચ્છેદ ૧૩.

તે રોકાયો શાથી ?

ડિટેક્ટિવને મુંબઈ જતી ટ્રેનમાં રૂપેરી રાજહંસના વિચારોમાં મસ્ત થયેલો મૂકીને આપણે તેને કુન્દનપૂરથી મોડા ટ્રેન ઉપરતું પડ્યું તે તપાસીએ.

પરિચ્છેદ ૧૧ માં આપણે જોયું છે કે, તેણે ખુદાબક્ષને એક કલાકમાં પાછા ફરવા માટે રજા આપી હતી. તે પોતે એ દરમ્યાન પ્રવાસની તૈયારીમાં રોકાયો. દરમ્યાન કુન્દનપૂરની રાજગાદી સંબંધમાં પોતાની ગેરહાજરીમાં જાલિમસિંહ બ્રિટિશ સત્તાને આડું અવળું સમજાવીને રાજગાદીએ ચઢી બેસે નહીં, તે માટે અગાઉથી કાયદાસર કાંઇક પગલાં લઈ મૂકવાં જોઇએ, એ હેતુથી તેણે પોતાની સહી સાથેનો એક એકરાર લખી કાઢ્યો, જેમાં તેણે ભીલ-પ્રદેશમાં પોતાને મર્હુમ મહારાજા સર રણવીરસિંહે તાબડતોબ કેમ બોલાવ્યો હતો અને તેમના મોતના બિછાના ઉપરથી છુપાં લગ્નની અને એક ગાદી વારસ હોવાની શી વાત કહી હતી તેમજ રૂપેરી રાજહંસમાં લગ્નની સાબિતીઓ હોવાની કહેલી વાત રજેરજ રજૂ કરીને સરકારને વિનતિ કરી કે હું હાલમાં 'રૂપેરી રાજહંસ' મેળવવા તપાસ કરૂં છું અને તે મળી આવે, એવા સંયોગો છે. તો તે દરમ્યાન જાલિમસિંહનો કુન્દનપૂરની ગાદી ઉપરનો હક્ક નહીં સ્વીકારતાં ભાવી રાજપુત્રનો પત્તો મળે ત્યાં સુધી થોભી જવું.

આ એકરાર દિવાનને સોંપવાનો વિચાર રાખી તે ખુદાબક્ષના આવવાની રાહ જોતો બેઠો. એટલામાં દિવાન તરફથી એક ઘોડેસ્વારે આવીને તેને ખબર આપી કે, એક અગત્યના કામે આપને દિવાન સાહેબ રાજમહેલમાં બોલાવે છે.

ડિટેક્ટિવે રાજમહેમાન મંદિરના કારકુનને ખુદાબક્ષ આવતાં તેને બેસાડવા કહી રાજમહેલ તરફ પ્રયાણ કર્યું. ત્યાં જતાં તેને માલુમ પડ્યું કે, પોલિટિકલ એજંટ આવી પહોંચેલા છે. તેને આનંદ થયો કે, જે વ્યવસ્થા તે પોતે કરવા માગે છે, તેનો ખ્યાલ સાહેબને રૂબરૂમાં જ આપી શકાશે.

ડિટેક્ટિવે જોયું કે, મહેલના દિવાનખાનામાં પોલિટિકલ એજંટ પાસે કૈતલપૂર-નરેશ રૂદ્રસિંહજી તથા જગપ્રતાપ પણ બેઠા છે અને દિવાન તથા તેનો શિરસ્તેદાર નંદનાથ પણ હાજર છે. જાલિમસિંહ ત્યાં હાજર નહતો, તેથી તેને અંદરખાનેથી ખુશાલી થઇ.

પોલિટિકલ એજંટને રૂદ્રસિંહે તમામ હકીકતથી વાકેફ કર્યો હતો. અને તેમના કહેવામાં જે કાંઇ ત્રુટિઓ હતી તે દિવાને પૂરી કરી હતી. એ સાંભળ્યા બાદ પોલિટિકલ એજંટે ડિટેક્ટિવને બોલાવ્યો હતો.

તેણે શિષ્ટાચાર પ્રમાણે સલામ કર્યા પછી પોલિટિકલ એજંટે તેને સૌથી પહેલો સવાલ એ કર્યો કે, " તમે જ દીનેન્દ્રરાય છો, એની મારે સાબિતી જોઇએ છે. "

ડિટેક્ટિવે કહ્યું: " મારી અંગત ઓળખાણ તો દિવાન અને તેના શિરસ્તેદાર પણ આપી શકશે કેમકે હું અગાઉ આ રાજ્યમાં ઝવેરાતની ચોરીને લગતા એક મુકર્દમામાં આવ્યો હતો. એ સિવાય બીજા સત્તાવાર પુરાવા પણ હું પોતે આપીશ. "

દિવાને અને નંદનાથે તેનેજ દીનેન્દ્રરાય તરીકે જણાવ્યા બાદ દીનેન્દ્રરાયે પોતાનો ડિટેક્ટિવ તરીકેનો રૂપાનો બિલ્લો સાહેબના હાથમાં મૂક્યો અને પોતાના ખિસ્સામાંથી મુંબાઇના પોલિસ કમિશનરનું પ્રમાણપત્ર અને પોતાનો ફોટો તથા તેનું વર્ણન કરતો એક પત્ર જેની નીચે પણ પોલિસ કમીશનરની સહી હતી તે સાહેબના હાથમાં મૂક્યા.

આ પુરાવા જોઇને સાહેબે ડિટેક્ટિવને પૂછ્યું " તમે મારે બંગલે અત્યાર અગાઉ એક વાર આવી ગયા હતા કે ? "

ડિટેક્ટિવે ના પાડી અને તેના કારણ તરીકે આગ વખતે કેંપમાંથી આવેલા ઘોડેસ્વારે સાહેબ મુંબાઈ ગયા હોવાની જાહેર કરેલી હકીકત જણાવી પોતાનું આવવું નિરર્થક થઇ પડત એમ કહ્યું.

સાહેબે વધુ આશ્ચર્ય બતાવીને પૂછ્યું: "ત્યારે મારી ગેરહાજરીમાં મારા સેક્રેટરી પાસે આવીને એક Effidevit એકરાર–ડિટેક્ટિવ દીનેન્દ્રરાયે કર્યો છે તે શી રીતે થયો ?"

ડિટેક્ટિવે કહ્યું: "મેં હજી સુધી એકરાર કર્યોજ નથી. કોઈ વેષધારીએ કર્યો હશે. હું આપને બંગલે આવ્યોજ નથી. મારે જે એકરાર કરવાનો છે, તે હજી તો મારી પાસે છે."

તેણે પોતાના ખિસ્સામાંથી તે બહાર કાઢી સાહેબના હાથમાં મૂક્યા. તે વાંચીને સાહેબે કહ્યું: "અહીં મને જે હકીકત કહેવામાં આવી તેને મળતો આ એકરાર છે. પરંતુ તે અગાઉ મારા સેક્રેટરીને અપાયલો એકરાર બીજી બાજુનો હક્ક જણાવનારો છે."

" તો તે બનાવટીજ છે." ડિટેક્ટિવે જણાવ્યું.

સાહેબે પોતાની પાસેથી તે એકરાર કાઢયો અને કહ્યું: "તમારાં પ્રમાણપત્રો ઇત્યાદિ ઉપરથી તમેજ હીનેન્દ્રરાય છો, એની મને ખાત્રી થાય છે. મારા સેક્રેટરીને એકરાર આપનારને મેં જોયો નથી પણ તમે મને રૂબરૂમાં તમારો એકરાર આપો છો તો તેજ હું પ્રમાણ રૂપે ગણી લઉં છું અને પહેલા એકરારનું શું કરવું તેનો હવે પછી વિચાર કરીશ."

ડિટેક્ટિવે કહ્યું: "આપની પરવાનગી હોય તો તે એકરાર હું જોઉં."

સાહેબે તેના હાથમાં તે મૂકયો. તે અંગ્રેજીમાં હતો તેમાં ટાઇપ રાઇટિંગના અક્ષરો હતા. માત્ર 'હીનેન્દ્રરાય' સહી હસ્તાક્ષરમાં હતી. એ એકરારમાં જણાવેલું કે, "મર્હુમ મહારાજાએ મને બોલાવ્યો હતો અને સન્નેપાતમાં કેટલાક લવારા કરી કોઈ છુપાં લગ્ન, ગાદીવારસ ઇત્યાદિ કહ્યું હતું. પરંતુ જાલિમસિંહ, મર્હુમ મહારાજાના નાનાભાઇ તે વખતે ત્યાં ઉભા હતા, તેમણે મર્હુમને યાદ આપી હતી કે, ગાદીવારસ તો પોતેજ છે ત્યારે તેમણે તે કબુલ કર્યું હતું. જેથી ગાદી ઉપર જાલિમસિંહનો એકલાનોજ હક્ક સાબીત થયો છે. બીજા કોઇનો રાજગાદી પર હક્ક નથી. મને મહારાજાએ શા માટે બોલાવ્યો હતો, તે સમજાતું નથી. તેઓ મને કાંઇ નવી વાત કહ્યા વિના સ્વર્ગસ્થ થયા છે અને જે કાંઇ કહ્યુ છે તે માત્ર સન્નેપાતમા કહ્યુ હોવાથી તે વજન મૂકવા જોગ નથી. મારૂં કામ પૂરૂં થાય છે. એટલે જાલિમસિંહ રાજગાદીના વારસ છે, એટલું નામદાર પોલિટિકલ એજંટ સાહેબના લક્ષમાં લાવી હું મુંબાઇ પાછો જાઉં છું. હીનેન્દ્રરાય."

ડિટેક્ટિવે આ ઉલટીજ હકીકત એકરારમા જોઇ અને તે સાથે ટાઇપરાઈટીંગથી તે એકરાર લખેલો હોવા ઉપરાંત પોતાની સહીમાં સહેજ મળતાપણું પરંતુ કેટલોક ખુલ્લો તફાવત નિહાળી સાહેબના લક્ષમાં ફરીથી એ વાત રજૂ કરી કે: "આ એકરાર સામા પક્ષનું કાવતરૂં છે. તેમાં મારી સહીમાં કેટલોક તફાવત છે. એજ પુરવાર કરે છે કે, આ એકરાર બનાવટી છે." તેણે પોતાની સહીનો તફાવત સાહેબ આગળ સાબીત કરી આપ્યો. અને વિશેષ નિવેદન કર્યું કે: "આ એકરાર માટે રાજ્યની ખાનગી ખાતાની ઓફિસનું ટાઇપ રાઇટર વપરાયું છે. મારા અક્ષરના કાગળોની ફાઈલનો પણ ઉપયોગ બનાવટી સહી માટે થયો છે. હું અહીં બેઠે બેઠે ખુલ્લું જોઇ શકું છું કે, આ કામમાં રાજ્યનો કિંવા નોકર સામેલ છે."

દિવાને પૂછ્યું: "અમારા કોઇ કારકુનનો આમાં હાથ હોય એમ તમે માનો છો ?"

"કારકુન નહીં—એક ઓહેદેદાર."

"એનું નામ તમે દઇ શકશો ?"

"શાર્દૂલરાય-મહારાજાનો ખાનગી મંત્રી."

પોલીટિકલ એજંટની પરવાનગીથી તાબડતોબ ચંદ્રનાથને મોકલીને શાર્દૂલરાયને કાંઇ પણ શક ન પડે એવી રીતે બોલાવી લાવવા દિવાને રવાને કર્યો. તે આવે તે દરમ્યાન ડિટેક્ટિવે સાહેબને જણાવ્યું કે: "આવાં તો કેટલાંયે નાનાં નાનાં કાવત્રા અત્યાર સુધીમાં થઇ ગયેલાં છે. એની સંકલના માત્ર એકજ છે અને તે રૂપેરી રાજહંસ. એ વસ્તુ મેળવવા માટે જ બધી મહેનત—પ્રમાણિક કે અપ્રમાણિક—સામા પક્ષે કરી છે. પણ હજી સુધી તેને ફત્તેહ મળી નથી અને હું કાઇક ફત્તેહને કિનારે ઉભો છું."

સાહેબના પૂછવાથી તેણે હવે પોતે મુંબાઇ જનાર છે અને ત્યાં ઉસ્માન પાસેથી રૂપેરી રાજહંસ મેળવનાર છે, એ વિષેની અને રૂપેરી રાજહંસની અત્યાર સુધીમાં શી શી હાલત થઇ હતી, તેની તમામ હકીકત કહી.

સાહેબને તે ઉપરથી ચોક્કસ ખાત્રી થઈ કે, ખરો ડિટેક્ટિવ તો આ જ છે. ઉપરાંત સામા પક્ષના પ્રયત્નોમાં અપ્રમાણિકપણું ઘણુંજ છે, એની યે સાહેબને ખાત્રી થઇ. ડિટેક્ટિવે એક બારિક બાબત ઉપર સાહેબનું ધ્યાન દોર્યું: "બનાવટી એકરારમા રૂપેરી રાજહંસનો કાંઇજ ઉલ્લેખ નથી, એ હું આપના લક્ષમાં લાવું છું. એનું કારણ ખુલ્લું છે. સામો પક્ષ એ હંસનો નાશ કરી દેવા માગે છે. જાણે એ હંસનું અસ્તિત્વજ ન હતું એવો તેનો ઇરાદો છે. પણ હું તેજ હંસને મારા પુરાવાનો મુખ્ય પાયો ગણું છું. એ હંસનો તે પક્ષ નાશ કરે તે પહેલાં મારે તે મેળવી લેવો જોઇએ અને એટલા માટેજ મેં વીરબાળાના ગુમ થવાની બાબતને હાલમાં ગૌણ ગણી છે. જો કે, મુંબઇ જઇને આવ્યા પછી હું તે ઉપર વધારે લક્ષ આપીશ."

પોલિટિકલ એજંટે વીરબાળા માટે ડિટેક્ટિવનું શું અનુમાન છે, એમ પૂછતાં તેણે જણાવ્યું કે, "તેઓ જ્યાં હશે ત્યાં સુખી હશે એમ હું માનુ છું. તેઓ પોતાની ઇચ્છાથીજ ગુમ થયાં હોવાં જોઇએ અને એનું ખાસ કારણ જાલિમસિંહનું ધ્યાન પોતાની તરફથી ખસેડી દેવાનું તેમજ તે પોતાની ઉપર "હિપ્નોટિઝમ" કરતો અટકે તે હોવું જોઇએ, વળી હું માનું છું કે ગાદીવારસ કોણ છે, તે રૂપેરી હંસમાંની હકીકત વાંચ્યાથી વીરબાળા જાણતાં હોવાથી કદાચ તેની શોધ માટે પણ ગુપ્તવેશમાં મહેનત કરતાં હશે. ટૂંકમાં આ ઉપરથી હું નામદાર પોલિટિકલ એજંટ સાહેબને એટલુંજ કહેવા માગુ છું કે, હાલ તુર્ત આપ નામદારની ઇચ્છા હોય તો કોઇક આપના ઓફિસરને આ રાજ્યનુ વહીવટી તંત્ર—એડમિનિસ્ટ્રેટર તરીકે—સોંપો; અથવા તો દિવાન સાહેબ અને એક કાઉન્સિલ બનાવીને તેને વહીવટનુ કામ સોંપો. પરંતુ જાલિમસિંહને તો નહીંજ."

સાહેબે ડિટેક્ટિવને આશ્વાસન આપ્યું કે: "હું કાયદાની રાહે જે યોગ્ય હશે તેજ કરીશ. એની તમે ચિન્તા

કરશો નહીં. દરમ્યાન ખરો વારસ પૂરેપૂરા પુરાવાઓ સહિત રજુ કરવો, એક તમારૂં કામ છે. જો તેવો કોઇ જુવાન નહીં મળી આવે અથવા રૂપેરી રાજહંસનો નાશ થશે તો પછી મારે જાલિમસિંહનોજ હક્ક તે ઉપર ગણવો પડશે. ”

“ બેશક ” ડિટેક્ટિવે કહ્યું: “ જો અમારા હાથ તદ્દન હેઠા પડે તો જાલિમસિંહને ગાદી મળે, એ ખુલ્લુંજ છે. પણ મને ખાત્રી છે કે, સાબિતીઓ સહિતજ ગાદી-વારસ બહાર આવશે. ”

“ આપણે દરેક પવિત્ર આશાઓ રાખીએ, એ કુદરતી છે.” સાહેબે ટીકા કરી.

એ વખતે નંદનાથ આવી પહોંચ્યો. તેની સાથે શાર્દુલરાય નહતો. તેણે જાહેર કર્યું કે, “ મને તપાસ કરતાં એમ માલુમ પડ્યું છે કે શાર્દુલરાય અહીં નથી. પાંચ છ દિવસથી તે ક્યાંક ચાલ્યો ગયો છે ! ”

“ અપરાધી હૃદયનો આ પુરાવો, સાહેબ.” ડિટેક્ટિવે પોલિટિકલ એજંટને કહ્યું.

“ તમારો શક કદાચ ખરો પડે. પણ એ બાબતની સંપૂર્ણ તપાસ થાય તે પછી. દરમ્યાન, મિ. હીનેન્દ્રરાય, હું તમને હવે નહીં રોકું. દિવાન આ બાબતની પૂરી તપાસ કરશે અને અહીંના પોલીસ ખાતાની પણ મદદ લેશે.”

પોલિટિકલ એજંટે તે બાદ ત્યાંથી વદાય લીધી. અને ડિટેક્ટિવ રાજ મહેમાન મંદિરે પાછા આવ્યા. ખુદાબક્ષ તેની રાહ જોતો ત્યાં બેઠો હતો.

ડિટેક્ટિવ પાછો ફર્યો ત્યારે બપોરનો ૧ વાગ્યો હતો. મુંબાઈ જવાની ગાડી રાતે ઉપડતી હોવાથી તેઓએ તે ગાડીમાં જવાનું ઠરાવ્યું અને પાંચ-છ કલાક ફાજલ હોવાથી ડિટેક્ટિવે શાર્દુલરાયની તપાસ તરફ પોતાનું લક્ષ દોર્યું,

શાર્દુલરાયની તપાસ ડિટેક્ટિવે કેવી રીતે કરી ? એમાથી કાંઇ મહત્વના ભેદ તે શોધી શક્યા કે કેમ ?

તાત્કાલિકમાં તેની તપાસ તેને કોઈ રીતે લાભદાયક નીવડી નહીં, એ નીચેની વિગત વાંચતાં જણાશે.

શાર્દુલરાય ગુમ થયો, તેને લગતી તપાસ ડિટેક્ટિવને ફરજીઆત કરવાની ન હતી પરંતુ વખત ફાજલ હોવાથી સ્વેચ્છાથી તેણે તે તપાસ પાછળ ગાળ્યો.

શાર્દુલરાયનો મિત્ર આ રાજ્યનો સેનાપતિ છે; તેથી તેની પાસે પ્રથમ જવું એવું તેણે નક્કી કર્યું. રાજમહેમાન-મંદિરના કારકુનને ફરીથી ખુદાબક્ષની સોંપણી કરતાં તેણે સેનાપતિનું મકાન ક્યાં આવ્યું એ વિષે પૂછપરછ કરી. તેના મકાનની એંધાણી તેને મળી તે ઉપરાંત તેણે એ પણ જાણ્યું કે, કુન્દનપૂરનો પોલિસ કમિશનર બિમાર થઇ જવાથી બે દિવસથીજ ત્રણ માસની રજા ઉપર ગયો છે, તે દરમ્યાન કામચલાઉ પોલિસ કમિશનરનો ‘ચાર્જ’ સેનાપતિ પાસે છે.

આ હકીકત જાણીને તેને નિરાશા ઉપજી. સેનાપતિ, પોલિસ કમિશનર હશે તો તો ઉલ્ટો તે શાર્દુલરાયના ઘોટાળામાં શાગીર્દ જ થશે અથવા થયો હશે, એમ ડિટેક્ટિવને લાગ્યું. તોપણ તેને મળવામાં હરકત નથી એમ નક્કી કરી તે તેને ત્યા ગયો.

સેનાપતિએ તેને આવકાર આપ્યો અને કહ્યું: “ આપ શાર્દુલરાય સંબંધી પૂછપરછ કરવા આવ્યા લાગો છો. એ સંબંધમાં સત્તાવાર તપાસનું ફરમાન મને હમણાંજ દિવાન સાહેબ તરફથી મળ્યું છે. પણ એને લગતી તપાસ મેં પાંચ દિવસથી શરૂ કરી દીધી છે—”

“ પાંચ દિવસથી ! ”

“ હા. ડિટેક્ટિવ સાહેબ, તમે મને તે રાત્રે છોડી મૂક્યો તે પછી હું એક પલટાયલો માણસ બની ગયો છું-”

“ મને એ બાબત સાથે અત્યારે કાંઈ લાગતું વળગતું નથી—”

“ આપ મારૂં કહેવું સાંભળશો તો હુ અગત્યની એવી ખબર આપને આપી શકીશ કે, જે આપને ઉપ-યોગી થઇ પડશે માટે હું જે કહું તે મને કહેવા દો. ”

“ વારૂ; આગળ ચલાવો. ”

“ મારે મારા સાફ હૃદયની પ્રતીતિ આપને આપવી છે. જે કાંઇ બની ગયું તેમાંના મૂળ માણસ સાથે; મારે મતભેદ પડ્યો છે.” સેનાપતિએ એમ જણાવી જાલિમ-સિંહનું રાજમહેમાન મંદિરમાથી નાસી જવા બાદ પોતાને ઘેર આવવું; તેની સાથે પોતાને થયેલી તકરાર; તેમાં પોતે ડિટેક્ટિવનો પક્ષ કરવો અને જાલિમસિંહે વિરોધ કરવો તેમજ કોઇપણ પ્રકારે રાજહંસ હાથ કરવા અને રાજ પણ હાથ કરવા દૃઢ નિશ્ચય જાહેર કરવો અને છેવટે ગુસ્સે થઇ દાઢી મૂછ પહેરી ચાલ્યા જવું, એ બધી હકીકત કહી.

ડિટેક્ટિવને આ સાંભળીને લગાર નવાઈ ઉપજી નહીં. તેણે સેનાપતિને કહ્યું: “ જો તમે કહો છો તે સત્યજ હોય તો, મારી ધારણા પ્રમાણે બન્યું છે. તમારા ઉપર ધુત્કારાની સારી અસર થવાની આશા જ મેં રાખી હતી. ”

“ એમ ? ” સેનાપતિએ પૂછ્યું: “ સાહેબ, હુ જે હકીકત હવે પછી કહીશ તેમા આપ જોશો કે, આપ લગારે છેતરાતા નથી. હવે આપણે શાર્દુલરાયના મુદ્દા ઉપર આવીએ. ”

“ પહેલાં મને કહો કે, એ ગુમ ક્યારે થયો ? ”

“ એ બધું હું આપને કહીશ પણ સંકલનાની ખાતર મને મારી રીતે કહેવા દો. તમે મને મળસ્કામાં લગભગ પાા ને શુમારે છૂટો કર્યો હતો. એ પછી હું મારે ઘેર આવ્યો હતો. લગભગ ૪ કલાક સુધી જાલિમસિંહ મારી પાસ રહ્યો અને પછી ગુસ્સે થઇ ચાલ્યો ગયો. બપોરના

લગભગ ૧૨ વાગ્યાને શુમારે મને એક ચીઠ્ઠી મળી. એ ચીઠ્ઠી શાર્દુલરાય તરફથી હતી. તેમાં જણાવેલું હતું કે, "જાલિમસિંહજી સાથે ચીખલ ગામની ધર્મશાળામાં આવીને મને મળો. બહુજ તાકીદનું કામ છે."

"એ ચીઠ્ઠી મળ્યા પછી તમે શું કર્યું ?" ડિટેક્ટિવે પૂછવું.

સેનાપતિએ જણાવ્યું: "જાલિમસિંહ તો ખોટાં દાઢી મૂછ પહેરીને અને વળી મારી સાથે મતભેદથી ગયેલો હોવાથી મેં તેને શોધવાની પંચાત કરી નહીં; પણ શાર્દુલરાય શા માટે બોલાવે છે, તે જાણવાની મને જરૂર લાગી. હું જાતે આ શહેર છોડું અને વખતે મારી જરૂર કોઇ કામ પ્રસંગ પડે તો પંચાત ઉભી થાય એટલે મદદનિશ સેનાપતિને મેં ત્યાં મોકલ્યો. તે બે કલાક પછી પાછો આવ્યો અને કહેવા લાગ્યો કે, જાલિમસિંહ વિના બીજા કોઇને તે કશી વાત કહેવા માગતો નથી માટે જાલિમસિંહ સાથે તેની પાસે જાઓ. તેણે આપને માટે એક સંદિગ્ધ સંદેશો કહેવરાવ્યો છે કે, જે વસ્તુ તરફ અત્યારે સૌનું ધ્યાન ખેંચાયું છે, તે વસ્તુ વિના જરૂરી હકીકત મળી શકે તેમ છે—"

ડિટેક્ટિવે સેનાપતિને પૂછ્યું: "એ સંદેશાનું રહસ્ય તમારા ખ્યાલમાં આવ્યું હતું ?"

"હા. મને તરતજ સમજાયું કે, શાર્દુલરાયને મહારાજાનાં છુપાં લગ્નની અને ભાવી ગાદીવારસની હકીકત જાણવાનું કાંઈક બીજું સાધન ચીખલ ગામમાંથી મળ્યું હશે—"

"બસ ? એટલોજ ખ્યાલ આવ્યો ? એથી વિશેષ કાંઇ નહીં ?"

"તાત્કાલિક એથી વિશેષ નહીં. મેં જાતે ચીખલ જવું દુરસ્ત ધાર્યું. જાલિમસિંહનો મારે પત્તો મેળવવો નહતો અને મને તેની પરવા પણ નહતી. હું એક મોટરમાં બેસીને ૦ા કલાકમાં તે ગામમાં પહોંચ્યો. ધર્મશાળામાં શાર્દુલરાય એક ઓરડી બહાર બેઠો હતો. તેણે મને પૂછ્યું 'જાલિમસિંહ મહારાજ ક્યાં છે ?" મેં જવાબ દીધો: 'તેઓને પોલિટિકલ એજંટ પાસે જવું પડયું છે.' તેણે પૂછ્યું: "સાહેબ આવી પહોંચ્યા ? તેઓ તો પાંચ છ દિવસ પછી આવનાર છે ને ?" મેં કહ્યું: 'સાહેબ અચાનક આવી પહોંચ્યા છે અને જાલિમસિંહજી પોતાનો કેસ તેમની આગળ રજૂ કરવા પહોંચી ગયા છે.' તે જરાક વિચારમાં પડી ગયો. તેને ફોસલાવવા માટે મેં યુક્તિ બંધ વાત શરૂ કરી: "શાર્દુલરાય, જાલિમસિંહ મહારાજ અગ્નિ સંસ્કાર સંબંધમાં ખૂબ વાંધો ઉઠાવનાર છે અને દિવાન કૃષ્ણશંકરને બરતરફ કરવાનીજ હઠ સાહેબ પાસે લેનાર છે. પછી આપણો પક્ષ ફાવશે. તેણે પૂછ્યું: "પણ સાહેબ રાજહંસની અને વળી વીરબાળા ગુમ થયાને લગતી વાત જાણશે તો જાલિમસિંહ મહારાજનો હક કાયમ નહીં કરે ને ?" મેં કહ્યું: "એ તો જાણશેજને ? આજ સહવારેજ એનો જાહેર ઢંઢેરો શહેરમાં ફરી ચુક્યો છે." તેણે પૂછ્યું: "ઢંઢેરો કોણે કાઢયો ?" તેના આ સવાલે મને ચકિત કર્યો. મેં તેને પૂછ્યું: "ઢંઢેરો તમે નથી સાંભળ્યો ?"

તે કહે "ના." મને શંકા પડી કે, જો ઢંઢેરાની વાત તે જાણતો નથી તો વીરબાળા ગુમ થવાની બિના તેણે શી રીતે જાણી ? મેં તેને પૂછ્યું: "તમે અહીં કાલ મળસ્કામાંજ આવ્યા હશો તેથી ઢંઢેરાની વાત નહીં જાણતા હો.' તેણે કહ્યું: હા. ગામમાં કોઇ જાગ્રત થયેલું નહતું ત્યારનો હું એક અગત્યના કામે અહીં આવ્યો છું, એટલે શી રીતે જાણું ? મેં તેને ઢંઢેરાની અને ઇનામની વાત કહી. એટલે તેણે કહ્યું: "હવે તમે એક કામ કરો. એકદમ કેંપમાં જાઓ અને જાલિમસિંહ મહારાજને બોલાવી લાવો." મેં પૂછ્યું: "પણ એ ત્યાંથી તરત અહીંજ આવશે એમાં અધીરા શા માટે થાઓ છો ?" તે બોલ્યો: 'અધીરા થવા જેવુંજ છે.' મેં કહ્યું: 'તો તો તમેજ હવે જાઓ. મારી મોટર તૈયાર છે. હું ત્યાં લગી અહીં બેસીશ.' તેણે કહ્યું: "હું તમને શું કહું ? મારી ગૂંચવણ એવી છે કે, મારાથી અહીંથી એક મિનિટ પણ દૂર ન ખસાય." તેની નજર આ વખતે પેલી ઓરડી તરફ ગઈ. મેં જોયું કે, ઓરડીને તાળું દીધેલું હતું. "તમારા પગ જકડાઇ ગયા હશે ખરૂંને ?" મેં રમુજમાં ટીકા કરી. પછી મેં એને પૂછ્યું: 'પણ મિ. શાર્દુલરાય, તમે ઢંઢેરાની વાત જાણતા નથી તો પછી વીરબાળા ગુમ થવાની વાત કેવી રીતે જાણી ગયા ?' હસતાં હસતાં જ મેં તેને કહ્યું: "માનો ન માનો, પણ આ બહાદૂરી ભરેલા કામમાં તમારો કાંઇક મોટો હિસ્સો છે ! અને જાલિમસિંહને ઝટપટ બોલાવવા ઇચ્છો છો તેનું કારણ પણ એજ બાબત હશે !" તે કહે: 'ના રે ના, મારી બહાદુરી વળી એમાં શી ? વીરબાળા ગુમ થવાની વાત તો આખું ગામ જાણે છે. મને એક ગામડીઆએ જ તે વાત કહી ને ?" મેં કહ્યું: "શું કરવા જુઠું બોલો છો મિસ્ટર ! મેં અને જાલિમસિંહે જ કુન્દનપૂરમાં બેઠે બેઠે એ વાત ઢંઢેરો પીટાયો ત્યારે જાણી તો આ ગામના ગામડીઆ વળી તે પહેલાં કેવી રીતે જાણે ?" તે હસવા લાગ્યો. મેં કહ્યું: "મિસ્ટર, તમે હવે દિવાન થવાના એટલે અમારા કરતાં મોટા ઓધ્ધેદાર બનવાના. તેથી અમને તમારી ખટપટોથી વાકેફ કરવામાં નાનમ સમજતા હશો; ખરૂંને ? પણ જો, જો, પોલિસ કે લશ્કરની મદદ તમારે કોઈ અણીને વખતે જોઈતી હશે ત્યારે નહીં આપું—પછી તમારા જાલિમસિંહ મહારાજ તમને બધું બંધાવી દેશે તે અમે જોઈશું." તે વિચારમાં પડી ગયો. જે વાત જાલિમસિંહની રૂબરૂ જ કહેવાની તે હઠ કરતો હતો, તે મને એકલાને કહેવી કે નહીં, એનો વિચાર તે

કરતો હોય એમ મેં અનુમાન કર્યું. લગભગ ૦| કલાક સુધી તે વિચારમાં બેસી રહ્યો એટલે મેં તેને કહ્યું: "મિસ્ટર, નાહક વખત શું કરવા ગુમાવો છો? જે કહેવું હોય તે કહી દો ને? એટલે તેનો રસ્તો કરી શકાય. જાલિમસિંહ મહારાજના હિત વિરૂદ્ધ તો આપણે કાંઇ કરનાર નથી ને?" તેણે કહ્યુ: "તમે સોગંદ લ્યો કે, હું તમને જે કહું તેમાં તમે વિરોધ નહીં કરો." મેં કહ્યુ: "અમે ક્ષત્રિયો કદી સોગંદ લેતા નથી. અમારૂ વેણ જ સોગંદ બરાબર છે. માટે જે કહેવું હોય તે કહો." તેણે કહ્યુ: "જાઓ નથી કહેતો. તમારાથી થાય તે કરી લ્યો." મને તેના સામા થવાથી હસવું આવ્યું. એને ખબર ન હતી કે, એ તો કુન્દનપૂરનો સામાન્ય નોકર હતો અને હું રાજ્યની સેના તેમજ પોલિસ ખાતાનો ઉપરી હતો! મેં તેને કહ્યુ: "મારાથી જે થાય તે હું કરીશ ત્યારે તમારૂં કશુ જોર મારી પાસે નહીં ચાલે અને તમને કોઈ બચાવી શકશે નહીં." તે બોલ્યો: "મને બચાવનાર જાલિમસિંહ મહારાજના હાથ ઘણા લાંબા છે." મને એથી ગુસ્સો ચઢયો એટલે તેના બન્ને હાથ પકડીને મેં કહ્યુ: "તમારા પોતાના હાથ તો લાંબા નથી ને? જાલિમસિંહજી મહારાજના હાથની વાત પછી—" મેં તરતજ તેને હાથકડી પહેરાવી દીધી અને કહ્યુ:

"મારા સવાલનો જવાબ દો. વીરબાળા ગુમ થવાની વાત તમે ક્યાંથી જાણી?"

મારો પ્રતાપ તેણે જોયો. તેને ભાન આવ્યું કે, મારી સાથે રકઝક કરવામાં તેણે મોટી ભૂલ કરી. તેણે વાત ફેરવી નાંખી: "ઢંઢેરો સાંભળીને કોઇ ગામડીઓ આવ્યો હશે તેની પાસેથી જાણી."

મેં પૂછયું: "પણ તમારે અહીં મળસ્કામાં કેમ આવવું પડયું? શું તમે રાજ્યનો કાંઇ ગુન્હો કર્યો છે?"

તેણે કહ્યું: "હું ખાનગી મંત્રી છુ"

"જેના તમે ખાનગી મંત્રી હતા તે તો ગુજરી ગયા. હવે તમારે એ જગ્યા મેળવવા પહેલાં તમારી ચાલચલગતનો ખુલાસો આપવો પડશે."

"તો ચાલો, જેની પાસે મને લઇ જવો હોય તેની પાસે લઈ જાઓ. હું તૈયાર છું. હું યોગ્ય સત્તા આગળ ખુલાસો કરીશ. હું તમારા કેદી તરીકે આવવા તૈયાર છું."

મેં હસીને કહ્યું: "જોયો મિ. શાર્દુલરાય, આ અમારો પ્રતાપ?!" મેં તેની હાથકડી કાઢી નાંખી અને કહ્યું: "હું તો તમારી મશ્કરી કરતો હતો. જાલિમસિંહ મહારાજ આવે ત્યાર પછી તમારે જે કાંઈ કહેવું હોય તે કહેજો. તે દરમ્યાન આપણે નિરાંતે અહીં બેસીએ અને બીજી વાતો કરીએ."

મેં જ્યારે એને આમ કહ્યું, ત્યારે તે બોલ્યો: "તમારાથી મારે કશું છુપાવવાનું નથી. વાત જાણે એમ છે કે, વીરબાળા અહીં કેદ છે!"

મારા પગ આગળ એક બોંબ પડયો હોય તેમ હું ચોંક્યો! મેં કહ્યુ: "શી મશ્કરી કરો છો?" તેણે કહ્યુ: "મશ્કરી નથી. સાચીજ વાત છે." મેં પૂછયું: તમે એમને શા માટે કેદ કર્યાં? તેણે જવાબ દીધો: "માત્ર જાલિમસિંહ મહારાજને ખુશ કરવા."

મેં કહ્યુ: "પણ તમે જબરા! અમારા જેવાથી જે કામ થયું નહીં તે તમે શી રીતે કર્યું! જરા વિગત તો કહો?"

તેણે મને બધી વિગત કહી અને ખરેજ એ ચોંકાવનારી વિગત હતી.

ડિટેક્ટિવે અત્રે સેનાપતિને પૂછયું: "એ વિગત પછી કહેજો. પણ વીરબાળા ક્યાં છે તે પહેલાં કહો?"

સેનાપતિએ કહ્યુ: "એજ એક ભારે તાજુબી છે! વીરબાળા મારે હાથ નથી આવ્યાં!"

ડિટેક્ટિવે અજાયબ થતાં પૂછયું: "તેણે તમને કહ્યું ને કે, વીરબાળા અહીં કેદ છે. તો તમે તેણે કેદ પકડયાની વિગત જાણ્યા પછી વીરબાળાને જોયાં હશેને?"

"એ સબંધમા તેજ મૂરખ બન્યો!"

"શી રીતે?"

"જે ઓરડી સામે તે વારવાર જોતો હતો, તે ઓરડી તેણે ખોલી અને એક પેટી પાસે મને લઇ ગયો. એ પેટી જ્યાં અમે ઉઘાડી કે તેમાંથી વીરબાળાની એક દાસી નીકળી!! અમે તો બન્ને તેથી ચકિત થઇ ગયા. દાસીનું મોઢું બાંધેલું હતું તે ખોલ્યું ત્યારે શાર્દુલરાયને તે ગાળો ભાડવા લાગી અને નાહક પોતાને કેદ પકડી એમ જણાવ્યું."

"મને સમજ ન પડી કે કેવી રીતે આ ઘોટાળો થયો?"

"એ માટે શાર્દુલરાયે કેદ પકડયાની વિગત આપે જાણવી જરૂરી છે."

"એમ? તો ટૂંકમાં કહો."

સેનાપતિએ કહ્યુ: "શાર્દુલરાય, હું અને કુંતલપૂરના મહારાજાનો રિસાલો ૪ વાગે ભીલ-પ્રદેશમાંથી કુન્દનપૂર આવ્યા ત્યારપછી રાજમહેલ આગળથી હું અને શાર્દુલરાય છુટા પડતા હતા. એ વખતે અચાનક જાલિમસિંહ અમને મળ્યો. અને તેણે વીરબાળા ઉપર હિપ્નોટિઝમ કર્યાની અને તેમાં, ડિટેક્ટિવ સાહેબ, આપે જે ભાગ ભજવ્યો હતો તેની તેમજ પોતે તેમાં નિષ્ફળ થયો, તેની બધી વાત અમને કરી અને અમારી સાથે એવો બેત રચ્યો કે, આપના ઉપર અમારે છુરખાધારી વેશે

હુમલો કરવો. શાર્દૂલરાય તો જાતનો બ્રાહ્મણ એટલે એની હિમ્મત આમાં ન ચાલે, એથી મહારાજે તેને બીજું કામ સોંપ્યું. એક અરજી પોલિટિકલ એજંટને ડિટેક્ટિવને નામે કરવા જણાવ્યું અને તેમાં શું લખવું તે સમજ પાડી. એ અરજીમાં ડિટેક્ટિવના જેવીજ સહી કરવા અને ટાઈપ રાઈટરથી અરજી કરવા સુચવ્યું. એ કામ સોંપ્યા બાદ અમે જુદા પડયા. શાર્દૂલરાય તે પછી પોતાને ઘેર ગયો અને તેના કહેવા મુજબ તેણે એક ટાઇપરાઇટર તેને ત્યાં હતું તે વડે અરજી તૈયાર કરી અને 'દીનેન્દ્રરાય' એવી બનાવટી સહી પોતાને હાથે કરી."

ડિટેક્ટિવે સેનાપતિને પૂછ્યું: "એમને એમ ફાંકીઆં કરીને સહી નથી કરી. લગભગ આબેહુબ કરી છે. એ માટે તેને મારા કાગળો જોવા પડયા હશે."

"તે તો તે જાણે. તેણે મને એટલું કહ્યું કે, બનાવટી સહી કરી અને કાગળ તૈયાર રાખી તે પોતાના ઘરની બારી આગળ ઉભો હતો. તેવામાં તેના ઘરની સામે એક ગોળ ફરતો વિસામો આવેલો છે તે વિસામા ઉપરનો એક પથ્થર ખુલતો હોય એમ તેના જોવામાં આવ્યું. તેણે છુપાઇને તે તરફ જોયા કર્યું. તો એક સ્ત્રી–આકાર નીકળ્યો. તે પછી એક બીજો સ્ત્રી–આકાર નીકળ્યો. બન્ને જણે પથ્થર ઢાંકી દીધો. તેઓ ત્યાં ઉભે ઉભે કાંઇ સંતલસ કરવા લાગ્યાં. એટલે શાર્દૂલરાયે પોતાના ઘરમાથી બહાર આવી તેઓ પાસે જઈ બૂમ મારી: "ખબરદાર, કોણ છો? શું કરો છો?" આ સાંભળીને એક સ્ત્રી દોડી ગઇ અને એક ઉભી રહી. શાર્દૂલરાયે તેને પૂછ્યું: "કોણ છું તું? બોલ!"

તે સ્ત્રીએ કહ્યું: "પહેલાં તમે કહો કે કોણ છો? પછી હું કહું."

શાર્દૂલરાયે પોતાનો પરિચય આપ્યો એટલે તેણે કહ્યું: "અહો! તમે ઠીક મળી ગયા. હું રૂદ્રસિંહજીની પત્ની વીરબાળા છું. પેલી મારી દાસીને તમે નાંહક ગભરાવીને નસાડી મૂકી."

શાર્દૂલરાયે જ્યારે જાણ્યું કે આ વીરબાળા જ છે ત્યારે કહ્યું: "આપ ક્યાં જતાં હતાં? આવી રીતે રાજકુટુંબનાં સન્નારીથી રાત્રે બહાર નીકળાય?"

વીરબાળાએ કહ્યું: "હું ભયની મારી નાસી જઉં છું. મને કોઈ પણ રીતે તમે બચાવો. તમને ન્યાલ કરીશ."

શાર્દૂલરાયને લાગ્યું કે, ઠીક લાગ છે. તેથી તે વીરબાળાને પોતાના ઘરમાં લઇ ગયો. બાદ તે સ્ત્રીએ કહ્યું: 'કોઇપણ રીતે તમે મને આ શહેરમાંથી બહાર કાઢી કોઈ સુરક્ષિત સ્થળે લઇ જાઓ' શાર્દૂલરાયને તે પછી તે સ્ત્રીએ પેટીની યુક્તિ બતાવી. અને શાર્દૂલરાયની પોતાની ઘોડાગાડી તો હતીજ. લગભગ છ વાગ્યાને શુમારે શાર્દૂલરાય પોતાની ઘોડાગાડીમાં બેસીને નીકળી પડયો. કુન્દનપૂરના મોટા દરવાજા આગળથી તે ન ગયા પણ જ્યાં આગળથી કોઇને ખાસ શક ન પડે એવી જગાએથી તે શહેર બહાર ગયા."

સેનાપતિએ આગળ કહેવા માંડયું: "શાર્દૂલરાય કહે છે કે, વીરબાળાના કહેવાથીજ તેણે એ માર્ગ લીધો અને પછી ચોખલની ધર્મશાળામાં ગયા બાદ શાર્દૂલરાયની મતિ પલટાઇ ગઈ. તેણે વીરબાળાને મોઢે ડૂચો દીધો અને તેને બાંધીને પેટીમાં પૂરી દીધી અને ઓરડીને તાળું માર્યું. એ બાદ તેણે મારે ત્યાં સંદેશો મોકલ્યો હતો. તેણે આ બધી વિગત કહ્યા પછી જ્યારે અમે ઓરડી ઉઘાડી ત્યારેજ તાજુબ થયા અને વીરબાળાને બદલે તેની દાસી નીકળી!!"

ડિટેક્ટિવે કહ્યું: "પછી તમે શું કર્યું?"

સેનાપતિએ કહ્યું: "અમે તે દાસીને શહેરમાં પાછી લાવવાનો વિચાર કરતા હતા. ત્યાં તો તે દડબડ દડબડ દોડી ગઈ! શાર્દૂલરાય તેની પૂંઠે પડયો. હું ત્યાં જ રોકાઇ રહ્યો. શાર્દૂલરાય લગભગ અર્ધા કલાકે એકલો પાછો ફર્યો અને બોલ્યો: "એ હાથથી ગઇ! ગલી ગુંચીઓમાં ગોણે મને દોડાવ્યો અને પછી હાથ ન આવી!" તેણે તે દાસીને શોધી કાઢવા માટે ત્યાંજ રોકાવા જણાવ્યું. કોઈકના ઘરમાં પેઠી હશે, ત્યાંથી ગામના લોકોની મદદથી શોધી કાઢવા ધારીને તે રોકાયો અને હું શહેરમાં પાછો આવ્યો. એ બાદ આજ સુધીમાં શાર્દૂલરાયની કાંઈ ખબર મેં જાણી નથી."

ડિટેક્ટિવે પૂછ્યું: "તમે તેની તપાસ ફરીથી તે ગામમાં કરાવી હતી?"

સેનાપતિએ કહ્યું: "હા. પણ મારો મદદનિશ સેનાપતિજ તપાસ માટે ગયો હતો, જેને ખબર મળી કે, શાર્દૂલરાય તો ત્યાંથી તેજ દિવસે ચાલ્યો ગયો છે. ક્યા ગયો, એ કોઇના જાણવામાં નથી."

"અને દાસી?"

"મને એની શોધ કરવામાં રસ રહ્યો નહીં, એટલે મે તે બાબત પડતી મૂકી."

"સેનાપતિજી" ડિટેક્ટિવે પૂછ્યું: "તમે મને આ ખબર વહેલી કેમ ન આપી?"

"એનું કારણ એટલુંજ કે, હું આપને આ બધું કહેવા આવું તો જે કેટલીક જાલિમસિંહને લગતી બાબતોમાં મેં ભાગ લીધો છે, તે મારે આપને કહેવી પડે અને હું આપને ચાલી ચલાવીને કહેવા આવ્યો હોઉં એટલે ઉલ્ટો આપનો શક મારા ઉપર વધે અને મારે નાંહક વધુ તકલીફમાં ઉતરવું પડે. તેના કરતાં હું ચૂપકીદી ધારણ કરી રહ્યો હતો. વળી વીરબાળાનો પત્તો તો આમાં મળ્યો નહીં; એટલે આપને કહેવા આવવું શા કામનું? મને કાંઇ ઇનામ લેવાની લાલચજ નહતી."

"પણ હવે આપને આ બાબતમાં તજવીજ કરવી પડશે."

"હવે તો જ્યારે એ ફરજ મારે માથે નાંખવામાં આવી છે ત્યારે મારે કોઇની પાસે કાંઈ કહેવા જવાનું રહેતું નથી. હું હવે બરોબર તપાસ ચલાવીશ અને જ્યાંથી અધૂરો તાર તૂટયો છે ત્યાંથી તેનો બીજો છેડો મેળવવા મહેનત લઈશ."

"ત્યારે, સેનાપતિજી" ડિટેક્ટિવે કહ્યું: "હું આ બાબતમાંથી નિવૃત્ત થાઉં છું. મારે આજ રાતના મુંબઈ જવાનું છે એટલે એકલે હાથે તમે તપાસ ચલાવો; વીરબાળાનો પત્તો મેળવી આપો. અને ગુમ થયેલા શાર્દૂલરાયને પણ શોધી કાઢો."

"મેં કહ્યું ને કે, એ કામ મને સોંપાયાં એટલે મારે તે કરવાં જ પડશે અને ખાત્રી રાખજો, મિ. હીનેન્દ્રરાય, કે, હું મર્હુમ મહારાજા પ્રત્યેની વફાદારીથી જ આ કામની તપાસ ખરા હૃદયથી કરીશ."

ડિટેક્ટિવ, સેનાપતિને પ્રોત્સાહનના થોડાક વધુ શબ્દો કહી, રાજ મહેમાન મંદિરે પાછો ફર્યો અને ત્યાંથી રાતના ૮॥ વાગે ઉપડતી ટ્રેનમાં બેસીને તે ખુદાબક્ષ સહિત મુંબાઇ જવા ઉપડયો.

કુન્દનપૂરથી તેને કેમ મોડા ઉપડવું પડયું તેનાં કારણો ઉપર મુજબ હતાં.

પરિચ્છેદ ૧૪.

વીંટીનો ફરી ઉપયોગ.

મુંબાઇમાં "સરદાર ગૃહ" માંથી રાતના ૧૦ વાગ્યાને શુમારે જાલિમસિંહ રાજહંસમાં કોરો કાગળ જોઇ નિરાશ થઇ શહેરમા લટાર મારવા નીકળી પડયો હતા, એ વાચકવૃન્દને વિદિત છે. તેના મનમાં માત્ર પોતાની નિરાશાનો જ ખ્યાલ નહતો; પણ ડિટેક્ટિવનો યે ખ્યાલ હતો. આ હંસ સંબંધમાં પોતાને કોઇકે મૂર્ખ બનાવ્યો પણ ડિટેક્ટિવનું શું થયું હશે? તે કુન્દનપૂરથી આ તરફ આવ્યો હશે કે નહીં? તેને ખરો હંસ મળ્યો હશે કે નહીં? ઇત્યાદિ વિચારો પણ તેના મનમાં ઉઠતા હતા. સાથે સાથે 'બાજી આખરે હાથથી ગઇ' એવી પણ નિરાશા તેને થતી હતી. તે મોટા રસ્તાઓમાંથી શૂન્યમનસ્ક સ્થિતિમાં પસાર થતો હતો પણ લોકની અવરજવર તેને કંટાળા ભરેલી લાગી. તેથી તે દરિયા તરફને રસ્તે જવા લાગ્યો. કેટલાક રસ્તાઓ વિશાળ હોવા છતાં લગભગ ઉજ્જડ જેવા જણાયા. થોડીવારે કોઇ મોટરગાડી પસાર થાય અથવા તો એક બે માણસો તેને સામા મળે. આવી એકાન્ત હાલત તેને પસંદ પડી. કયાં જવું અથવા શા માટે જવું, એવું તો તેના મનમાં હતું જ નહીં એટલે પગ જ્યાં લઇ જાય ત્યાં તે જતો હતો.

એવામાં સામેથી "પોલિસ! પોલિસ! પકડો, ચોર! ચોર!" એવા અવાજ સંભળાયા. તેની નજર એ અવાજ કરનાર તરફ ગઇ. તો બે માણસો દોડતા જણાયા. તેમાંનો એક માણસ ખૂબ વેગથી પોતાની તરફ દોડતો આવતો હતો અને બીજો માણસ ઉપર કહેલી બૂમો પાડતો તેની પાછળ દોડતો આવતો હતો. આગળનો માણસ 'ચોર' હોવો જોઇએ, એમ ધારીને તે તેને અટકાવવા માટે તેની સામે દોડયો. પણ તે કોઇક ચાલાક માણસ જણાયો. તેણે એક આડા ફંટાતા રસ્તા ઉપર દોડવા માંડયું. જાલિમસિંહ તેની પાછળ દોડયો અને જે બીજો માણસ 'ચોર'ની પાછળ દોડતો હતો, તે પણ તેની પાછળ બૂમો પાડતો દોડયો. ચોરે માત્ર એકજ રસ્તો ન લીધો. જેમ બને તેમ આ પાછળ પડનારાઓને છક્કડ ખવરાવવાના હેતુથી તે અહીંથી તહીં અને આડોઅવળો જવા લાગ્યો; જેનું પરિણામ આખરે એ આવ્યું કે, જાલિમસિંહની નજરમાં તે રહ્યો નહીં. તેણે તેને શોધવાનું કામ પડતું મૂક્યું અને દોડવું બંધ રાખ્યું. તેની પાછળનો માણસ તો તેની લગોલગજ દોડતો હતો. જાલિમસિંહ થંભી ગયો એટલે તે પણ થાકેલી હાલતમાં સુસ્કારા છોડતો થભી ગયો. જાલિમસિંહ બબડયો: "એક પણ પોલિસ આ તરફ જણાતો નથી, એ કેટલું બધું અંધેર!"

"મિસ્ટર, તમને ભારે તકલીફ પડી" તે માણસે જાલિમસિંહને કહ્યું અને એ સાથેજ બેની નજર એક થતાં, તે માણસ વધુ બોલતો અટકી ગયો. જાલિમસિંહે દીવાના પ્રકાશમાં તેને ઓળખ્યો અને એકદમ આવેશમાં તેનો હાથ પકડીને કહ્યું: "અલ્યા, તું અહીં? તું તો ઉસ્માન એહમદનો માણસ છે! મને છેતરનારો, મારી સાથે ઠગાઇ કરનારો! તને ઠીક નતીજો મળ્યો!"

"મેં તમને ક્યારે છેતર્યા છે? મિસ્ટર! તમારી સાથે મે રીતસર રાજીખુશીનો સોદો કર્યો હતો."

"બદમાશ, તને હવે હું નહીં છોડું." જાલિમસિંહે પોતાના ખિસ્સામાંથી એક રિવોલ્વર કાઢી તેના સામે ધરીને કહ્યું: "ચાલ, સીધેસીધો મારી સાથે ચાલ અને તારો જીવ બચાવવો હોય તો હું પૂછું તેના જવાબ આપ."

એકાન્ત રસ્તો અને રિવોલ્વરની દમદાટી–એ બે કારણોને લીધે આ માણસ જાલિમસિંહને તાબે થયો. સહેજ આડી ફંટાતી એક એકાન્ત ગલીમાં તેને લઇ જઇને જાલિમસિંહે પૂછ્યું: "પહેલાં કહે. તારૂં શું ચોરાઈ ગયું?"

"તમે આપેલી નોટો બધી ચોરાઇ ગઇ!" તેણે જવાબ દીધો.

જાલિમસંહ હસ્યો અને બોલ્યો: "જોયું, હરામનાં નાણાં તેં લીધાં તેનું એ પરિણામ! તું શું કરતો હતો કે જેથી આ ચોરી થઇ?"

"હું દરિયા કિનારે ફરવા આવ્યો હતો. એક બાંક ઉપર બેસીને હું ગાયન ગાતો હતો. તે વખતે મારી પાછળથી કાંઈક ઘસારો થયો અને મારો કોટ જરાક ખેંચાયો એટલે હું ચમક્યો. જોઉં છું તો એક માણસ મારી પાછળ હસતો હસતો ઉભો હતો. તેણે કહ્યું:"દોસ્ત તું બહુ સારૂં ગાય છે, હોકે? ગભરાયા વિના ગાયા કર. મને ખૂબ મઝા પડે છે." મેં તેને પૂછ્યું: "પણ મારો કોટ તેં શું કરવા ખેંચ્યો?" તે બોલ્યો: "શું કરવા ખેંચ્યો તે તારી મેળે જ જોઈ લે ને? મને શું પૂછે છે?" કોટ જ્યાં આગળથી ખેંચાયો હતો, ત્યાં નજર કરી હું હાથ ફેરવવા લાગ્યો કે તરત જ એ માણસ દોટ મૂકીને નાઠો. મારો હાથ કોટનાં નીચેના ખિસ્સા તરફ ગયો અને નજર પણ તે તરફ ગઇ તો મને માલુમ પડ્યું કે, ખિસ્સું કપાયલું છે અને પાકીટ નથી!! હવે મને સમજાયું કે, આ તો કોઇ ખિસ્સાકાતરૂ હતો! તેણે મારૂં ખિસ્સું કાપી પાકીટ કાઢી લીધું અને મને વાતે વળગાડી, નજર ચૂકવી તે નાઠો. હું એકદમ તેની પછાડી દોડ્યો 'ચોર' 'ચોર' બૂમો મારવા લાગ્યો. અધવચ્ચ તમારો મેળાપ થયો અને તે પછીની હકીકત તમે જાણો છો."

"ત્યારે તારી પાસે હવે એક પાઇ પણ રહી નથી. ખરૂં ને?"

"એમજ છે. પાકીટમાં જ બધું હતું અને તે તો ગઠીઓ લઇ ગયો!"

"મેં તને જે નોટો આપી હતી તેમાંની એકકે તેં વટાવી હતી કે?"

"હા. એક દશની વટાવી હતી."

પોતે આપેલી બનાવટી નોટોમાંની એકનો ખુરદો વગર શકે થયો એમ જાણી જાલિમસિંહ મૂછમાં હસ્યો અને એ બાદ ગંભીર બની જઇને બોલ્યો: "હવે હંસની વાત કર. જો સાંભળ, એ સંબંધમાં સાચી વાત નહીં કરે, તો આ પીસ્તોલ ફોડી તારૂં ખૂન કરીશ. કહે, આ એકજ હંસ તારી દુકાનમાં હતો કે બીજો કોઇ હતો?"

એ માણસે કંઇ જવાબ દીધો નહી એટલે જાલિમસિંહે તેના કપાળ આગળ રિવોલ્વર ધરી અને કહ્યું: "બોલ, નહીંતર પિસ્તોલનો ઘોડો દાબું એટલીજ વાર છે. પલકમા તું હતો નહતો થઈ જઇશ."

"બીજો હંસ હતો." તેણે જવાબ દીધો.

જાલિમસિંહે સવાલો ઉપર સવાલો કરીને સાચો હંસ કેમ મળ્યો અને બીજો કેમ બનાવવામાં આવ્યો તેની હકીકત જાણી લીધી, કે જે વિષે પરિચ્છેદ ૧૨ માં વિગત આવી ગઇ છે. એ વિગતમાં અને આ માણસે જાલિમસિંહને કહેલી વિગતમાં તફાવત ફક્ત એટલો રહ્યો કે, સુરતવાળા જે રાવબહાદુરનું નામ ઉસ્માન જાણતો હતો, તે આ માણસને યાદ નહતું. જાલિમસિંહને એ નામ તેણે ન કહ્યું ત્યારે પહેલાં તો આ માણસ ખંધાઇ કરે છે એમ તેને લાગ્યું પણ જ્યારે તેને એટલાજ ખાતર મારી નાંખવાની ખૂબ ધમકી જાલિમસિંહે આપી ત્યારે તેણે ઇશ્વરના સોગંદ લઇ પોતે સાચેજ તે નામ જાણતો નથી એમ જણાવ્યાથી જાલિમસિંહે તે મુદ્દો પડતો મૂક્યો.

જે વિગત જાલિમસિંહે જાણી તે ઉપરથી તેને એક બાબતમાં નિરાંત વળી કે, ડિટેક્ટિવના હાથમાં હજી સુધી એકકે હંસ આવ્યો નથી. ઉસ્માન કે ડિટેક્ટિવ અહીં આવી પહોંચે તે પહેલાં જાલિમસિંહને નીચેની બાબતોમાં વધુ વિગત જાણવી હતી. અસલી હંસ ખોલવામાં આવ્યો હતો કે કેમ? નકલી હંસમાં કોરો કાગળ કોણે અને શા માટે મૂક્યો હતો? અસલી અને નકલીમાં કોઇ જાતનો સહેજ પણ ફરક હતો કે કેમ? અને સુરતવાળા રાવબહાદુરનું નામ શું? જે કારીગરને નકલી હંસ બનાવવાનું કામ ઉસ્માને સોંપ્યું હતું તેની મુલાકાત લીધાથી કદાચ આ વિગતો જાણવાની મળે અને જો એ જાણવામાં આવે તો પછી રાવબહાદુર પાસે પહોંચીને ખરો હંસ બેલાશક મેળવી શકાશે, એમ જાલિમસિંહને લાગ્યું. આથી તેણે કારીગરનું શરનામું માગ્યું. ઉસ્માનના માણસે તેને તે આપ્યું, જે નીચે મુજબ હતું: "પંચાળ શામજી દામજી, સ્વરૂપચંદનો માળો, બીજે માળ, ખોલી નં. ૮૫, પાયધુની."

આ શરનામું જાણ્યા પછી આ માણસની તેને કાંઇ જરૂર લાગી નહીં. તેનું શું કરવું? જાલિમસિંહ પોતાના માર્ગમાંના કાંટા એકદમ દૂર કરી દેવાની પ્રકૃતિનો હતો અને એ માટે હરકોઈ પ્રકારના ઉપાયો લેતાં તે ખચકાતો

નહીં, એ અગાઉનાં તેના અનેક કામ ઉપરથી વાચકવૃન્દ જાણે છે. પોતે આ શરનામું મેળવી શામજીને ત્યાં જાય અને આ માણસ છૂટો રહે તો તેની જીભનો વિશ્વાસ નહીં. કદાચ ઉસ્માન મુંબઈમાં આવી લાગે અને તે પછી તેનો માણસ તેની પાસે આ બાબતની ચાડી ખાય, વળી તેના રૂપીઆનું પાછોટ ગોઠવાયાની વાત કહે, અને એને લીધે આ ‘ કેસ ’ પોલિસને સોંપાય, અથવા તો ડીટેક્ટિવ દીનેન્દ્રરાય જાણી જાય કે, જાલિમસિંહ અહીં આવીને આ મુજબની ખટપટ કરી રહ્યો છે તો માર્ગમાં વધુ મુશ્કેલીઓ ઉભી કરે-આ બધી પંચાત ઉભી થાય તેના કરતાં આ કાંટોજ માર્ગમાંથી ઉખાડી નાંખવો બહેતર છે. આમ નક્કી કરીને તેણે પોતાની રિવોલ્વર ખિસ્સામાં મૂકી દીધી અને હસીને તે માણસને કહ્યું: “ લે, ભાઇ, તેં મને ઘણી ઉપયોગી વિગતો પૂરી પાડી છે. તે માટે હું તારો આભાર માનું છું. એ બદલ મારે તને કાંઇક આપવું જોઇએ. તારા ઉપકારનો બદલો હું વાળી શકું તેમ નથી. પણ ફુલ નહીં ને ફુલની પાંખડી આપું છું. ”

તેણે તેના હાથમાં દશની નોટ મૂકી. તે માણસે અસંતોષ દર્શાવ્યો: “ બસ ! આટલુંજ ? ઘણી ઉપયોગી થઇ પડે એવી વિગતો તમને આપી છતાં આટલું જ. ”

જાલિમસિંહ પોતાના હાથની આંગળી ઉપરની વીંટી સાથે રમત કરતો અને વીંટી ઘડીકમાં આગળ તો ઘડીકમાં પાછળ એમ ફેરવતો બોલ્યો: “ વધારે શું જોઇએ છે ? તને કેટલાથી સંતોષ થશે ?”

“ ઓછામાં ઓછા સો રૂપીઆ તો તમારે આપવા જોઇએ શેઠજી ! તમારા જેવા પૈસાદારો અમને નહીં આપે તો કોણ આપશે ?”

“ એમ કે ?” જાલિમસિંહે કહ્યું: “ દોસ્ત, તારી એ માગણી ગેરવ્યાજબી તો નથી, ચાલ. તારો હાથ લાવ મારી પાસે રોકડા રૂપીઆ કે નોટો હવે નથી પણ મારી આ વીંટી લગભગ એટલાજ રૂપીઆની છે તે તને પહેરાવી દઉં. ”

તે માણસે પોતાનો હાથ લાંબો કર્યો અને તે સાથેજ જાલિમસિંહે કાતિલ ઝેરવાળી પોતાની વીંટી તેના હાથની ટચલી સાથે એવી જોસથી દાબી કે, પલકમાં “ ઓહ ” એવા પોકાર સહિત તે માણસ ઉછળીને જમીનપર પટકાઈ પડયો. એક મિનિટ સુધી જાલિમસિંહ તેના તરફ ભયંકર નજરે જોઇ રહ્યો; જે દરમ્યાન તે માણસે થોડીકવાર અમળાટથી હાથપગ પછાડા માર્યા; તેના મોંમાંથી ફીણ બહાર આવ્યું; તેની આંખોના ડોળા ફાટી ગયા; તેનો શ્વાસોશ્વાસ બંધ થઇ ગયો; જડ લાકડાની માફક તે ચત્તોપાટ પડી રહ્યો. “ બસ. ખલાસ ! એક વધુ કાંટો કાયમને માટે દૂર !” એમ સ્વગત બબડીને મરણ પામેલા માણસના શરીરને ત્યાં મૂકી જાલિમસિંહ ત્યાંથી જતો રહ્યો.

વાચકવૃન્દને માહિત છે કે, જાલિમસિંહે પોતાની આ વીંટીનો ઉપયોગ લાલ-પ્રદેશમાં એક વાર ડિટેક્ટિવ પર કર્યો હતો. પણ ડિટેક્ટિવ તો અગાઉથી ચેતેલો હોવાથી જ્યાંથી તે વીંટીમાંનું ઝેર તેના શરીરમાં દાખલ થતું હતું તે ભાગ ચુસી લઇને ઝેરવાળા લોહીના કોગળા કરી નાંખ્યા હતા અને એ રીતે તેણે પોતાનો જીવ બચાવ્યો હતો; પણ ઉસ્માનનો બિચારો નોકર આ નાગ જેવા ગુણવાળા મૂગા કાળને કયાંથી ઓળખે ? એના ઝપાટામાં આવતા નિર્દોષો પણ કચડાય તો એને જરીકે ‘ અરે ’ થતી નહીં, એ આ બિચારો માણસ કયાંથી જાણે ? પરિણામે, જાલિમની વીંટીનો ફરી ઉપયોગ સફલ થયો અને એક નિર્દોષ જીવ અકાળે પરલોકમાં ગયો.

શું આવાં પગલાં તેને આખરી ફત્તેહ અપાવશે ?

શું આવાં કૃત્યોથી તેને પ્રજા સંરક્ષક ભૂપાલ-પદ મળશે ? જગતમાં ઘણું ખરૂં એમજ બનતું કયાં જોવામાં નથી આવતું ? ધર્મીને ત્યાં ધાડ અને પાપીને ત્યાં પોબાર થતા હોવાનાં અનેક જીવન્ત દૃષ્ટાંત આ જગતમાં કયાં નથી મળતાં ?

આપણે જોતા રહીશું કે, ઇશ્વર કોને યારી અપાવે છે ?

મુંબાઈના દરિયાકિનારા આગળની એક એકાન્ત ગલીમાંથી કાળું કૃત્ય કરીને જાલિમસિંહે પોતાની ગતિ પાયધુની તરફ લંબાવી. સરિયામ રસ્તા ઉપર આવી પહોંચી એક ભાડુતી ગાડીમાં બેસીને, તે, ઉસ્માનના માણસે આપેલા શરનામા મુજબ કારીગર શામજી જ્યાં રહેતો હતો ત્યાં ગયો.

પાયધુની ઉપર સ્વરૂપચંદના માળામાં બીજે માળ નંબર ૮૫ની ખોલી આગળ જતાં તે અર્ધ ઉઘાડી જોઈ જાલિમસિંહને આનંદ થયો; કારણકે રાત્રિના ૧૧ વાગે શામજી જો સુઇ ગયા હશે તો તેને જગાડવામાં વિટંબણા પડશે, એમ તેનું માનવું હતું. તેણે અર્ધ ઉઘાડાં બારણાં ખુલ્લાં કર્યાં તો જણાયું કે, એક આધેડ વયનો માણસ એક દીવા આગળ બેસીને ચાંદીના ‘ કાસ્કેટ ’ જેવા જણાતા એક ભૂંગળા ઉપર કોતરકામ કરતો હતો. બારણું ઉઘડતાં જ તેણે જાલિમસિંહને જોઇને પૂછ્યું: “ કેમ, કોનું કામ છે, મિસ્ટર ?”

“ પંચાલ શામજીભાઇ તમારૂં નામ કે ? ” કૃત્રિમ મૃદુસ્વરે જાલિમસિંહે પૂછ્યું: “ જરાક ધંધાદારી તકલીફ તમને આપું તો માફ કરશો ?”

મૃદુસ્વર અને પ્રશ્નો કરવામાં રહેલા વિનયને લીધે તેમજ કોઇ ખાનદાન હિન્દુના જેવો જાલિમસિંહનો પોશાક જોઈ, શામજીએ તેને જવાબ દીધો: “ હા. મારૂંજ નામ શામજી. પધારો, મહેરબાન, શો હુકમ છે ?”

જાલિમસિંહ તેની ખોલીમાં પેઠો. શામજી કુટુંબી માણસ હોય એમ તેને ન જણાયું. તે કેવળ ધંધાદારીજ

રચ્યો પચ્યો રહેનાર માણસ જણાયો; કેમકે તેના ઓજારો તેમજ ઘણીક બીજી કામધંધાને લગતી વસ્તુઓ ત્યાં વેરાયલી પડી હતી. જે ભૂંગળું તેના હાથમાં હતું તેવાં બે ત્રણ અર્ધ તૈયાર ભૂંગળાં, ચાંદીનાં કોતરકામવાળાં કેટલાંક રમકડાં, ચોપડીના ઘાટની પણ કોતરકામવાળી ડબ્બીઓ, અને એવીજ બીજી નકસીકામની કારીગરી પ્રતીત કરતી વસ્તુઓ, કોઇક અર્ધી તૈયાર અને કોઇક લગભગ તૈયાર હાલતમાં પડી હતી. સહેજ નજર નાખીને જાલિમસિંહે આ અવલોકન કરી લીધું અને તે બાદ કહ્યું: "શામજીભાઇ, તમે રાતના ખૂબ ઉજાગરા કરતા લાગો છો, તેમાંજ તમારા ખ્યાતિ દૂર દેશાવર સુધી પહોંચી છે!"

"ભાઇસાહેબ, ધંધો છોડી દેવાય છે કાંઈ? અને ખ્યાતિ તો તમારા જેવા કદરદાન ઘરાકોની મહેરબાનીને લીધે મળે-અમે તો વૈતરા લોક! વૈતરૂં કરી છુટીએ!"

"પણ વૈતરામાંયે ફેર હોય છે. 'હીરો ઘોઘે જઇ આવ્યો' એવાંયે વૈતરાં કોઇ કરે છે. એક આટાગા બહુ કામ કરી આવનાર પેલા નોકરની વાત તમે જાણતા હશો! તેના શેઠ માંદા હતા ત્યારે વૈદને બોલાવવા તેને મોકલ્યો એટલે શેઠને સ્મશાન લઇ જવા ડાઘુઓનેય બોલાવતો આવ્યો અને શબ બાંધવાનો સામાન પણ લેતો આવ્યો! આવાંયે વૈતરા હોય છે. પણ તમારા જેવા કારીગરો થોડું કરે અને ઘણી ખ્યાતિ પામે એનું નામ તે ખરી બાહોશી છે."

શામજીએ મંદમંદ હસીને આ ઘરાક શા માટે આવ્યો છે, તે જાણવા પૂછ્યું: "કહો, શેઠજી, હવે તમારી ફરમાશની વાત કરો."

"હું એજ વાત કરૂં છું. તેથીજ મેં તમને કામ કામ વચ્ચેનો ફરક કહી બતાવ્યો. કેટલાક કામ કરીને મરી જાય પણ તેમા જશ ન મળે અને કેટલાક આળસીને વળતે પાંચ મિનિટમાં એકાદ કામ કરી આપીને જન્મારાના જશ લઇ જાય. તમે આ બીજી ઢબના આસામી છો."

"ના. મિસ્ટર, હું યે એવોજ વતરો છું, જેને જન્મારામાં કદી જશ મળ્યા નથી."

એ વખતે બહારના પવનના સુસવાટાથી દીવો હોલવાઇ જવાની તૈયારીમાં હતો, તે જોઇને જાલિમસિંહે કહ્યું: "હું આ બારણાં જરાક બંધ કરી દઉં? નહીં તો પવનથી દીવો હોલવાઈ જશે." તે બારણાં બંધ કરવા ઉઠયો અને શામજીએ તેમાં વાંધો લીધો નહીં. જાલિમસિંહે બારણાં બંધ કરી પાછા આવી શામજીને કહ્યું: "તમારે મને થોડીક માહિતી આપવાની છે. ફક્ત પાંચ મિનિટનું કામ છે; પણ તેમાં તમને દામ ઘણા મળશે."

"કઇ બાબતની માહિતી તમારે જોઇએ છે, શેઠજી?" શામજીએ પૂછ્યું.

"બે દિવસ ઉપર તમારે ત્યાં એક હંસ આવ્યો હતો તે વિષેની."

"એમાં શું પૂછવાનું છે?"

"તમે એક હંસ ઉપરથી બીજો હંસ બનાવ્યો હતો ખરૂં કે?"

શામજીએ હા પાડયાથી જાલિમસિંહે પૂછ્યું: "એ કહેશો કે, તમે જે હંસની નકલ બનાવી હતી, તે હંસમાં કોઈ છુપો સંચ હતો?"

"ના. ભાઈ સાહેબ, એવું કાંઇ નહોતું."

"કાંઈ નહોતું! એ હંસ નક્કુર હતો?"

"હા. તદ્દન નક્કુર હતો."

"તમે જે નકલી હંસ બનાવ્યો હતો, તે પણ નક્કુર બનાવ્યો હતો?"

"હા. એ પણ નક્કુર બનાવ્યો હતો."

"શામજીભાઇ, તમે સાચું નથી બોલતા."

"મારા દીકરાના સમ, જો જુઠું બોલતો હોઉં તો."

જાલિમસિંહ હવે સમજી ગયો કે, આ માણસ નરાતાલ જુઠો છે. કલાવી ફોસલાવીને એની સાથે વાત કરવી નકામી છે. તરતજ તેણે દમદાટીનો પોતાનો પ્રયોગ અજમાવવા નક્કી કર્યું. ઝટપથી બારણાંને સાંકળ વાસી દઇ, ખિસ્સામાંથી રિવોલ્વર કાઢી, શામજી સામે ધરી, તેણે કહ્યું: "જુઠા, મને છેતરવા માગે છે? 'લાતોના દેવ વાતોથી ન માને' તેમ તને મનાવવા આ રિવોલ્વર સિવાય બીજો રસ્તો નથી. જો, જરાક પણ બૂમ પાડીશ તો, સમજજે કે, આમાંથી ગોળી છોડી તારો પ્રાણ લઇશ."

"પણ શું કરવા, મહેરબાન! મારો કાંઇ ગુન્હો?"

"ગુન્હો! જુઠી વાત કરવાનો. તેં નકલી હંસ નક્કુર નથી બનાવ્યો. તે પોલો બનાવ્યો હતો. શા માટે જુઠ્ઠું બોલ્યો? ચોરીના માલની નકલ કરીને તે અપ્રામાણિકપણું કર્યું એટલુંજ નહીં પણ કેટલાક બદમાશોને તેં પ્રપંચ કરવાના રસ્તા સાફ કરી આપ્યા. તારો ગુન્હો સાધારણ નથી. ચલાવ, મારે તને પોલિસ ઓફિસે લઈ જવો પડશે."

"તમે શું કહો છો, એની મને સમજ પડતી નથી. મહેરબાન, તમે છો કોણ?"

"હું પોલિસ ખાતાનો માણસ છું. એ હંસવડે જેઓએ મોટું કાવતરૂં કર્યું તેમાં તું આટલોયે મદદગાર થયો, માટે તને પકડવા આવ્યો છું. ચલાવ, સીધો સીધો ઉભો થઇ જા અને જન્મારા સુધી કેદમાં સડવા મારી સાથે ચાલ."

શામજી ગભરાઇ ગયો, અને જાલિમસિંહને પગે પડતો વિનતિ કરવા લાગ્યો: "મેં તો રીતસર કામ કરી આપ્યું છે. મને ન લઇ જશો. મને કોઇ કાવતરાની ખબર નહોતી."

"તારો વિશ્વાસ હવે મને ન આવે. તું પોલો નકલી હંસ બનાવીને નકરું બનાવ્યાનું જુઠું બોલ્યો, એ ઉપર થીજ તું કેવો કાવતરાખોર છે, એ સાબીત થઇ ગયું. હવે તો તને પોલિસ ઓફિસે લઇ જઇ, તારૂં શરીર ખુલ્લું કરી ચાબકાના એવા તો માર મારવા પડશે કે, જુઠું બોલવાનાં ફળ કેવાં મળે છે, એ તને બરોબર સમજાય."

કારીગર વળી પાછો વિનતિઓ ઉપર વિનતિઓ કરવા લાગ્યો અને સાચી નિગત કહેવા પોતે તૈયાર છે, એમ બોલ્યો. જાલિમસિંહે તેને પૂછ્યું: "કહે ત્યારે અસલ હંસમાં કંઇ કરામત હતી?"

"તમારી આ પિસ્તોલ ખિસ્સામાં મેલી દો, તો, કહું. મને એની બીક લાગે છે."

"એ તો ખિસ્સામાં ન પડે. મને જે કેટલીક સાચી બાતમીઓ મળી છે, તે મુજબ તું નહીં કહે, તો મને જરૂર લાગતાં હું તને ઠાર કરવાનો. અમારા સાહેબનો એવો ચોખ્ખો હુકમ છે. ચાલ, બોલી દે, અસલમાં કોઇ છુપો સંચ કે કોઇ કરામત હતી?"

"હા. તેની ચાંચ દબાય એટલે તેના ગળામાં એક બાકોરૂં પડતું હતું."

"તેં એ કેવી રીતે જાણ્યું હતું?"

"હું મારા હાથમાં એ હંસ લઇને તેની બરોબરના નકલી હંસ માટે ચાંચ બનાવવાનું માપ લેતો હતો તે વખતે મારા હાથના ભારથી અસલ હંસની ચાંચ મારાથી દબાઈ ગઇ હતી. પછી તેના ગળામાં બાકોરૂં પડયું અને તે ઉપરથી મેં જાણ્યું કે, તે પોલો છે. એટલે મેં નકલ હંસ પણ પોલો બનાવ્યો."

"એ અસલ હંસ પોલો જોઇને તેની અંદર તે નજર નાંખી ન હતી?"

"મારે શું કરવા તેમ કરવું પડે!"

"વળી પાછો વચકયો, કમજાત?" જાલિમસિંહે રિવોલ્વર તેની છાતી સરસી લઇ જઇને કહ્યું: "જરાક કહ્યું, એટલે જાણે ખલાસ? પણ મૂરખ, તેં શું શું કર્યું તે હું પહેલેથીજ જાણીને અહીં આવ્યો છું. બોલ, તેં એ પોલાણમાં નજર નહોતી નાખી? એમાં કાંઇ જોયું નહોતું? બોલ, નહીં તો એક પલકારામાં હતો નહતો થઇ જઈશ."

"તમે બધું જાણો છો, તો પછી, મને શું કરવા પૂછો છો?"

"સરકારની સામે ગુન્હો કરીને પાછો શાહ થવા જાય છે? પોલિસ ખાતું બધું જાણતું હોય છે છતાં ગુન્હેગારો પાસેથી એકરાર શા માટે કરાવે છે એનું તને ભાન નથી? ચલાવ, બોલી દે, તેં હંસમાં પોલાણ જોઇને શું કર્યું?"

"મેં એમાં એક કાગળ જોયો." શામજીએ કહ્યું: 'હું એ કાગળ બહાર કાઢવાની તૈયારીમાં હતો, એટલામાં સુરતવાળા શેઠ આવ્યા. હું એમને જોઇને અજબ થયો–"

"રાવબહાદુર મણિધરપ્રસાદ અમીધરપ્રસાદ ને?"

"હા: તમે બધુંજ જાણો છો, મહેરબાન," શામજીએ ફિક્કુ હસીને કહ્યું: "તો હવે હું સીધી રીતે બધી વાત કહીશ. મહેરબાની કરીને તમે નિરાંતે તે સાંભળો અને આ પિસ્તોલ આઘી મૂકી દો."

"હું શું કરૂં છું એ તરફ ધ્યાન આપવાની તારે જરૂર નથી. તારી વાત તું બરાબર સાચે સાચી કહી દે. જો, મને જરૂર જણાશે તો હું તારા ઉપર દયા કરી તને બચાવી લઈશ."

"એમ! જો, જો, મહેરબાન, એ વાત ભૂલી ન જાવ" શામજીએ કહ્યું; અને આગળ કહેવા માંડયું:"એ રાવબહાદૂરે મને અસલ હંસમાંથી કાગળ કાઢતો જોઈ કહ્યું: 'હું તારી પાછળ તારૂં ઘર જોવા આવ્યો એ નિરર્થક થઇ પડયું નથી' મેં તેને પૂછ્યું: "પણ મહેરબાન, મારે ત્યાં આવી રીતે અચાનક આપે આવવાની શી જરૂર?" તેણે જવાબ દીધો: "આજ સાંજનો વાયદો હતો છતાં તેં હંસ બનાવી આપ્યો નહીં અને મને બહારગામ જવાની ઉતાવળ છે એટલે ઉસ્માનને ત્યાંથી તું નીકળ્યો એટલે છુપી રીતે હું તારી પાછળ આવી તારૂં ઘર જોઈ ગયો અને રાતોરાત બેસીને તું કામ કરવાનો હતો એટલે બે ત્રણ કલાક થોભીને અહીં આવ્યો. હું ધારતો હતો કે અસલ હંસમાં કાંઈક પણ ભેદ હશે. હવે તેમાંથી તું કાગળ કાઢે છે, તે ઉપરથી મારૂં અનુમાન ખરૂં પડયું." તેણે આમ કહીને મને રૂા. ૨૦૦ આપ્યા અને કાગળ પોતાને હસ્તક લઈ લીધો. એ કાગળ તેણે વાંચ્યો અને પછી તેને કાંઇક નિરાશા થઇ હોય તેમ મને કહ્યુ: "મેં નકામા રૂા. ૨૦૦ નાંખી દીધા! આમાં તો કંઇ માલ બળ્યો નથી!" મને તો રૂ. ૨૦૦ મળેલા એટલે મારે શું કરવા લપછપ કરવી પડે? એને નિરાશા ઉપજી તો એ માથું કુટે એમ ધારીને હું મારી મેળે ચૂપ રહ્યો. એ બાદ તેણે મને કહ્યું કે, તું નકલ હંસ બનાવે તેમાં આ અસલ હંસના જેવી કરામત બનાવવાની જરૂર નથી. ફક્ત એટલુંજ કરજે કે, તે આની માફક પોલો બનાવજે; પણ તે સાથે તેમાં એક કોરો કાગળ મૂકી દેજે.' મને એમ કરવામાં વાંધો નહતો એટલે મેં હા પાડી. એ પછી તેણે મને કહ્યુ કે, 'કાલે હંસ દશ વાગ્યા પહેલાં તૈયાર કરીને ઉસ્માનની દુકાને તે બન્ને તું મૂકી આવજે અને જો હું ત્યાં આવ્યો નહોઉં તો તું બોલીશ નહીં. હું આ હંસ લઇ જઉં. તે વખતે તું હાજર નહોય એમ હું ઇચ્છું છું.' મેં પૂછ્યું: "એવું કરવાની શી જરૂર?" તેણે જવાબ દીધો: "એ બધી પંચાત તું ન કર. જોઇએ તો થોડાક રૂપીઆ વધુ લે. પણ હું કહું તેમ કર." મેં ૫૦ રૂપીઆ માગ્યા અને તેણે

આપ્યા. એ પછી મેં તેના કહેવા મુજબ નકલ હંસમાં કોરો કાગળ નાંખી તે પોલો બનાવ્યો અને ઉસ્માનની દુકાને બીજે દીવસે આપીને થોડીવાર હું ચાલ્યો ગયો. તે દરમ્યાન તે આવીને અસલ હંસ ઉઠાવી ગયો. મારૂં ધારવું હતું કે, તે આવુંજ કોઇ કાંવતરૂં કરવા માટે મને ગેરહાજર રાખવા માગતો હતો. મને તો એણે ભરપટ્ટે નાણાં આપેલાં એટલે મારી સાથેની મસલતની વાત મેં કોઈને કરી નહીં પણ થોડીવારે પાછા આવી ઉસ્માનનું ધ્યાન ખેંચ્યું કે, 'અસલ હંસ આ ન હોય' એ ઉપરથી તે હાલમાં સુરત ગયો છે અને નકલ હંસ તેની દુકાનમાં છે."

જાલિમસિંહે પૂછ્યું: "તને ખાત્રી છે કે, નકલ હંસ ઉસ્માનની દુકાનમાં છે?"

"હા. ચોક્કસ. તે પોતાની સાથે સુરત નથી લઈ ગયો."

"તે સુરત ગયો તે વખતે તેની પાસે તું ગયો હતો કે?"

"હા. હું તો ફક્ત અર્ધો પોણો કલાક જ ગેરહાજર રહી પાછો ફર્યો હતો. મેં ઉસ્માનનું ધ્યાન નકલી હંસ તરફ ખેંચ્યું એટલે મારી રૂબરૂ જ તેણે સુરત જવાનો ઠરાવ કર્યો અને સ્ટેશને ગયો."

"એ ગયો તે વખતે નકલી હંસ સાથે લઇ જવા તેં તેને કેમ કહ્યું નહીં?"

"એ ટીચાય કે ધક્કા ખાય તેમાં મારૂં શું જવાનું હતું."

"નહીં. તું અહીંજ જુઠું બોલે છે. સુરતવાળા રાવબહાદુરે એ બાબતમાં તારી સાથે કાંઇક પણ વધુ સંતલસ કરી હોવી જોઇએ. જે કાગળ અસલ હંસમાંથી રાવબહાદુરે કાઢયો, તે વાંચીને તેને નિરાશા થઇ, એમ પણ તું જુઠું બોલ્યો છે. જરૂર, તેં પણ કાગળ વાંચ્યો હશે. બોલ, ખરૂં શું છે? તારે તેની સાથે વધુ સંતલસ શી થઈ હતી?"

શામજી ખરેખર રાવબહાદુર મણિધરપ્રસાદના હાથમાં ગયેલા હંસમાંના કાગળની વિગત જાણતો ન હતો. તેણે તેની સાથે કોઈ પ્રકારની સંતલસ પણ કરી નહતી. હંસમાંથી તે કાગળ કાઢતો હતો ત્યારે રાવબહાદુરે આવી પહોંચીને તે લઇ લીધો હતો અને તે વાંચી નિરાશાના ઉદગાર કાઢી તેને ૨૦૦ રૂપીઆ આપ્યા હતા.

આ વસ્તુસ્થિતિમાં જ્યારે જાલિમસિંહે તેને પૂછ્યું કે, તેં રાવબહાદુર સાથે શી સંતલસ કરી હતી તે કહે ત્યારે તે મુંઝાઈ ગયો. "હું કોઇજ સંતલસમાં ભાગીદાર થયો નથી મેં રૂપીઆ લીધા સિવાય બીજો કોઇજ ગુન્હો કર્યો નથી" એમ તેણે અકળાયલા અંતરથી કહ્યા કર્યું. તેના અવાજમાંનું દયામણાપણું તેમજ તેના મોં ઉપર સચ્ચાઈનાં ચિહ્ન જોઈને જાલિમસિંહને પણ લાગ્યું કે, ખરેજ તે સાચુ બોલતો હશે પણ તેણે તેને વધુ તાવવા પૂછ્યું: "તારી વ્હાલી વસ્તુના સોગદ ખા કે તેં કાંઇજ સંતલસ નથી કરી, તો હું માનું."

"મારા છોકરાના સોગંદ-જો હું જુઠું બોલતો હોઉ તો."

"તને વળી બૈરીજ કયાં છે કે, છોકરો હોય?"

"મારી બૈરી વર્ષો ઉપર મરી ગઈ છે; પણ મારે છોકરો છે. અહીં ગમે તે પાડોશીને પૂછી જુઓ કે, તે આફ્રિકા ગયેલો છે કે નહીં?"

"તે આફ્રિકા ગયેલો છે? ત્યારે તો મોટી ઉમ્મરનો હશે. અને વળી તેના કાગળો પણ આવતા હશે. ચાલ છેલ્લી ખાત્રી તરીકે તેનો એકાદ તાજો કાગળ બતાવ એટલે મારી શંકા દૂર થાય."

શામજીએ કહ્યું: "મારો દીકરો ૨૬ વર્ષનો છે. અને તેનો આવેલો છેલ્લો કાગળ હું તમને જરૂર બતાવી શકીશ." તેણે નજદીક પડેલી એક પેટી ઉઘાડી તેમાંના કાગળો ફેંદી એક કાગળ બહાર કાઢયો. અને જાલિમસિંહના હાથમાં મૂકયો. એ વાંચીને તેની શંકા ખરેજ દૂર થઇ.

હવે આ માણસ પાસેથી તેને ખાસ કાંઈ જાણવાનું બાકી રહ્યું નહતું તેથી તેણે કહ્યું: "વારૂ, આ બધી હકીકત હાલ તુર્ત ધ્યાનમાં લઇને હું તને પોલિસ ચોકી પર લઇ જતો નથી; પણ જ્યારે જરૂર પડશે ત્યારે તો તને ત્યાં બોલાવવા આવવું પડશે. તેં સાચી વિગતો આપી તે માટે તારો આભાર માનું છું."

તેણે રિવોલ્વર ખિસ્સામાં મૂકી દીધી અને બારણાની સાંકળ ઉઘાડવા તૈયાર થતો હતો તેવામાં બહારથી તેના ઉપર ટકોરા પડતા સંભળાયા.

જાલિમસિંહ ચમકયો. તેણે ખિસ્સામાં હાથ નાંખી ખિસ્સામાંજ રિવોલ્વર પકડી શામજી સામે ધરી તેને ધીમેથી કહ્યું: "અંદરથીજ પૂછ-કોણ છે?"

શામજીએ પ્રશ્ન કર્યો. જવાબ મળ્યો: "ભૈયાજી. તુમ્હારે વહાં જો મિજબાન આયા હય વો આજકી રાત ઈધર ડેરનેકા હય કી પીછે જાને કા હય?"

જાલિમસિંહ હવે સમજ્યો કે, આ તો સ્વરૂપચંદની ચાલીનો રખવાળ ભૈયો હતો. મુંબાઇ જેવા શહેરમાં જ્યાં ખાનદાન કુટુંબો વસે છે ત્યાં ઘણું ખરૂં રાતના ચોકી માટે ભૈયાઓ રખાય છે. સ્વરૂપચંદની ચાલી માટે પણ તેવો ભૈયો રખાયલો હતો. જાલિમસિંહ જ્યારે ચાલીમાં દાખલ થવા આવ્યો હતો ત્યારે ભૈયાએ તેને અજાણ્યા તરીકે રોકયો હતો પણ તેણે જણાવ્યું હતું કે, હું શામજીનો મહેમાન છું તેથી તેણે તેને દાખલ થવા દીધો હતો. જાલિમસિંહ ખરેખર તેનો મહેમાન છે કે કોઈ ચરીફ-બદમાશ છે, એ જાણવા માટે ભૈયો તેની પાછળ પાછળ

દાદરા ચઢયો હતો અને જ્યારે નં. ૮૫ ની ઓરડીમાં તેણે તેને દાખલ થયેલા જોયો ત્યારેજ તે પાછો ફર્યો હતો. એ પછી લગભગ અર્ધો કલાક વીત્યો ત્યારે લૈયો અત્યારે ફરીથી પાછો આવ્યો હતો અને ચોકસાઇ કરવા માગતો હતો કે, આ અજાણ્યો માણસ રાત અહીં ગાળવા માગે છે કે પાછો જનાર છે?

જાલિમસિંહે શામજી મારફત લૈયાને જવાબ અપાવ્યો કેઃ "**મહેમાન હમણાંજ** પાછા જાય છે." બાદ **શામજીએ** બારણું ઉઘાડયું અને **જાલિમસિંહ** ત્યાંથી રવાના થયો. લૈયો **શામજીને** કેટલાક પ્રશ્નો કરવા રોકાયો પણ **જાલિમસિંહને તે સંબંધી** કાંઇ દહેશત ન **ઉપજી; કારણ** કે **પોલિસ ખાતાના માણસ** તરીકે તેણે **શામજીને** પોતાનો પરિચય આપ્યો હતો અને હજી તો જરૂર પડશે ત્યારે **ફરીથી** આવીશ એમ દમદાટી પણ દીધેલી હતી; **જેથી શામજી** લૈયાને ઉઠા ભણાવીને સ્વસ્થ બનાવશે **એવી જાલિમસિંહને** ખાત્રી હતી.

આજ રાતના **હવે જાલિમસિંહને** કાંઇ કામ કરવાનું જરૂરનું ન લાગ્યાથી તે 'સરદાર ગૃહ'માં પાછો આવી પ્રાતઃકાળે શું કરવું તેના બેત ઘડવામાં રોકાઇ ગયો.

વાચકવૃન્દ જાણે છે કે, એજ રાત્રે ડિટેક્ટિવ **હીનેન્દ્રરાય**, ખુદાબક્ષ અને ઉસ્માન સુરતથી મુંબઇ જતી ટ્રેનમાં મુસાફરી કરતા હતા. ડિટેક્ટિવ ટ્રેનમાં જાગતો બેઠો હતો અને બીજા બન્ને ઉંઘી ગયા હતા. એક બાજુ ડિટેક્ટિવના મનમાં રાવ બહાદુર અને રૂપેરી રાજહંસ વિષે વિચારો ચાલતા હતા ત્યારે બીજી બાજુ **જાલિમસિંહના** મનમાં પણ તેજ વિચારો ચાલતા હતા. બન્ને હરિફોના દિલમાં એકજ માણસને લગતા અને એકજ બાબતને લગતા વિચારો એકજ રાગે ચાલુ હતા. તેમાં તફાવત એટલો હતો કે, રાવ બહાદુર સુરતમાં નથી પણ આંહી આવ્યા છે, એ હકીકત ડિટેક્ટિવ વધારામાં જાણતો હતો, અને **જાલિમસિંહે** પોતે શા ઘોટાળા મુંબઇમાં કર્યા છે, તે **જાલિમસિંહ** વધારામાં જાણતો હતો.

સહવારના આઠ વાગ્યાને શુમારે જ્યારે ટ્રેન ગ્રાંટરોડ **સ્ટેશને** આવી પહોંચી ત્યારે આ ત્રિપુટી **સ્ટેશન બહાર** નીકળી એક ગાડીમાં બેસી ચોર બજારમાં **ઉસ્માનની** દુકાને ગઈ. તરતજ તેઓની પાછળ એક બીજી ગાડીમાં બેસીને એક ફકીર રવાના થયો અને તે ફકીરની ગાડી પાછળ એક ત્રીજી ગાડી પડી.

ચોર બજાર આગળ ઉતરીને ઉસ્માન ખુદાબક્ષ અને ડિટેક્ટિવ સાથે પોતાની **દુકાને** ગયો ત્યારે **દુકાન** બંધ જણાઇ. ઘણું ખરૂં ૮ વાગ્યામાં તેનો માણસ **દુકાન** ઉઘાડતો પણ તેણે આજ ઉઘાડી ન હતી એટલે ઉસ્માન ગુસ્સે થયો. કદાચ હમણાં આવશે એમ ધારીને તેઓ બીજા **દુકાનદારની દુકાન** ઉપર બેઠા. ગાડીમાંથી ઉતરેલો ફકીર એ વખતે એક ગીત લલકારતો **તે દુકાન** આગળ આવી પહોંચ્યો.

એ ફકીરની પાછળ જે ગાડી પડી હતી તેમાંથી સાદા પોષાકમાં ઉતરેલો એક માણસ આવીને ડિટેક્ટિવ **હીનેન્દ્રરાય** સાથે કાંઇક વાત કરવા લાગ્યો. એ વાત દરમ્યાન વચ્ચે વચ્ચે ડિટેક્ટિવની નજર પેલા ફકીર તરફ જવા લાગી.

એ ફકીર કોણ? ત્રીજી ગાડીનો માણસ કોણ? ડિટેક્ટિવને તે એવું શું કહેતો હતો કે જેથી ખુદાની યાદનું ગીત લલકારતા ફકીર મોલા તરફ ડિટેક્ટિવની નજર કરવી પડતી હતી?

પરિચ્છેદ ૧૫.

ખુનીની તપાસ.

ડિટેક્ટિવ સાથે જે માણુસ વાત કરતો હતો તેણે તેને એક ચોંકાવનારી ખબર આપ્યાથી તે ફકીર તરફ જોયા કરતો હતો. તે માણુસ મુંબાઇના છુપી પોલિસખાતાનો હતો. અમુક ખુનના મુકર્દમામાં તે શક પડતા માણુસોની તપાસ કરતો હતો. ડિટેક્ટિવ હીનેન્દ્રરાયની ગાડી સ્ટેશનેથી ચાલ્યા પછી ફકીરને બીજી ભાડુતી ગાડીમાં બેસતો જોઈ અને વળી 'આગલી ગાડીની' પાછળ ચલાવ' એવી વરદી ગાડીવાનને આપતો સાંભળીને તેની હીલચાલની તપાસ માટે છુપી પોલિસનો માણુસ ત્રીજી ગાડીમાં બેસીને તેની પાછળ પડયો હતો.

તેણે જ્યારે ફકીરને ચોરબજારમાં પણ ડિટેક્ટિવની પાછળ જતો જોયો ત્યારે તેનો શક વધ્યો કે, "જરૂર આ ફકીર કોઈ બનાવટી માણુસ છે અને મારી તપાસમાં કંઈ નવું જાણુવાનું મળશે." એમ ધારીને તે ડિટેક્ટિવ પાસે આવ્યો હતો અને સ્ટેશનેથી તેની જે હીલચાલ તેણે જોઇ હતી તે વર્ણવી ફકીર કોઇ વેષધારી લાગે છે કે કેમ એવો સવાલ તેને કર્યો હતો. ડિટેક્ટિવ આ કારણે તે ફકીર તરફ વારંવાર નજર નાંખતો હતો.

પોતાની પાછળ પડનાર ફક્ત એકજ વ્યક્તિ હોય એમ સહસા ડિટેક્ટિવના ખ્યાલમાં આવી ગયું. અને તે એક વ્યક્તિ અન્ય કોઇજ નહીં; પણ જાલિમસિંહજ હોય. શું જાલિમસિંહ અહીં મુંબાઇમાં આવી પહોંચ્યો હશે? બનવાજોગ છે કે, કુન્દનપુરમાં તે ડિટેક્ટિવની હીલચાલ છુપાઇને; તપાસતો હોય અને જે ટ્રેનમાં ડિટેક્ટિવ અને ખુદાબક્ષ ચઢી બેઠા, તેજ ટ્રેનમાં તે ચઢયો હોય અને માર્ગમાં ફકીરનો વેષ પહેરી લઇને ડિટેક્ટિવ શું કરે છે અને શું નહીં તેની તપાસ માટે તેની પાછળ લાગુ રહ્યો હોય આવી કલ્પના ડિટેક્ટિવના દિલમાં ઉત્પન્ન થઇ તેથી તે ફકીરને વધારે ને વધારે નિહાળીને જોવા લાગ્યો.

તેણે છુપી પોલિસના માણુસને પ્રશ્ન કર્યો: "તમે કિયા મુકર્દમાના શકદારોની તપાસ કરો છો? કોઈ તાજો છે કે જુનો?"

"ગઇ કાલ :રાતે થયેલા એક તાજા ખૂનની તપાસ અમે કરીએ છીએ." તે માણુસે જવાબ દીધો.

"ખૂન? ગઈ કાલે રાતે?" ડિટેક્ટિવ મોટેથી બોલ્યો. તેની નજર તે વખતે ફકીર તરફ ગઈ. ફકીરે આતાં આતાં તે દુકાન છોડીને બીજી દુકાન તરફ પગલાં લંબાવ્યાં.

છુપી પોલિસના માણુસે ડિટેક્ટિવને કહ્યું: "સાહેબ, પેલો ફકીર ચાલવા માંડયો."

"તેની લગીરે ચિન્તા ન કરશો. જે ખૂન થયું છે. તેની હકીકત ટૂંકમાં કહો. પછી ફકીરની વાત." ડિટેક્ટિવે જવાબ દીધો.

"બાબત જાણે એમ છે, સાહેબ" છુપી પોલિસના માણુસે કહેવા માંડયું: "કે, નં. ૮૭૦૯ નો સિપાઇ કોલાબા બાજુએ રૌન પર હતો ત્યારે ફરતાં ફરતાં એક ગલીમાં જમીન ઉપર એક માણુસ પડેલો તેણે દીઠો કદાચ કોઇ દારૂડીઓ પડયો હશે; અથવા તો કોઇ ભટકતો મુફલિસ પડયો હશે, એમ ધારીને તે તેની નજદીક ગયો. તેને લાતો મારી, હાંક ઉપર હાંક મારી, તેણે જગાડવા માંડયો, પણ તે જાગ્યો નહીં. તેણે ચોરફાનસ કાઢીને તેના શરીર તરફ અને મોં તરફ નજર કરી. તરતજ તે ચમક્યો. જમીન પર પડેલા માણુસની આંખોના ડોળા ફાટી ગયા હતા. તેના હોઠ પર ફીણ હતું. સિપાઇએ તેની છાતી પર હાથ મૂકી જોયો, તો ધબકારા સંભળાયા નહીં. નાક આગળ હાથ ધર્યો, તો દમ લેવાતો જણાયો નહીં. "નક્કી, કોઇ મરેલો આદમી છે," એમ ધારીને તેણે નજદીકની પોલિસ ચોકીએથી ટેલિફોન કરી "હેડ કવૉર્ટર્સ" માં ખબર કરી. ૨૦ મિનિટને શુમારે બે સારજંટો અને બે પોલિસ–સિપાઇઓ આવી લાગ્યા. નં. ૮૭૦૯ તેઓને ખૂનની જગ્યાએ લઇ ગયો. સારજંટોએ આજુબાજુના આદમીઓને જગાડયા. પૂછપરછ કરતાં તેઓમાંના કોઇને કાઇ ખબર નહીં હોવાનું માલુમ પડયું. ખૂનીએ કાંઇ હથીઆરથી ખુન કરેલું ન જણાયું; કેમકે મરેલા માણુસની આસપાસ કોઇ હથીઆર નહતું; તેમજ તેના શરીર પર કોઇ ઘા જણાતા ન હતા."

"ત્યારે તો સાધારણ સંજોગમાં મોત થયું હશે. ખૂન શા ઉપરથી કહી શકાય?" ડિટેક્ટિવે પ્રશ્ન કર્યો.

"સારજંટોએ પ્રથમ તો એમજ ધાર્યું" છુપી પોલિસખાતાના માણુસે જવાબ દીધો: "પણ તેની સાથેના સિપાઇઓએ આસપાસ ખુનીની કાંઇ એંધાણી મળી આવે છે કેમ તેની તપાસ કરતાં કરતાં એક ઝીણી વસ્તુ શોધી કાઢી—"

"એ વસ્તુ શી હતી?" ડિટેક્ટિવે પૂછયું.

"ગળાના કૉલરની સોનાની એક "પીન"! એ પીન સારજંટોના હાથમાં મૂકવામાં આવી: એટલે તેઓને શક

ઉત્પન્ન થયો કે, જરૂર ખૂન-કેસ છે. આ ઉપરથી બે કામ તેઓને એક સાથે કર્યાં. એક સારજંટ અને એક સિપાઈ આસપાસનાં પગલાંઓની બારિક તપાસમાં રોકાયા. અને બીજો સારજંટ બીજા સિપાઇ સાથે મરનારનાં ખિસ્સાં તપાસવામાં રોકાયો. પગલાં તપાસનારાઓએ મરનારના પગ ખુલ્લા જોઇ, તેના પગલાં અને બીજા પગલાં વચ્ચેનો ફરક શોધ્યો. તેઓને માલુમ પડયું કે તેનાં પગલાંની લગોલગ બુટવાળાં પગલાં ઉપરાઉપરી પડેલાં હતાં. એ બુટવાળા ચિન્હ આસપાસ કયાં કયાં છે, તે તેઓએ જોયું. બરાબર મરનારના પગલાની જોડાજોડ એ બૂટની છાપ દરિયા કિનારા તરફથી ગલી તરફ પડેલી જણાઇ. એટલે મરનાર અને ખુની બેઉ દરિયા કિનારા તરફથી સાથે સાથે આવેલા હોવા જોઇએ, એમ સારજંટની ખાત્રી થઇ જ્યાં મરનાર પડયો હતો, ત્યાથી હવે બીજી દિશામાં તપાસ કરવામા આવી; તો બૂટની છાપ સરિયામ રસ્તા તરફ જતી માલુમ પડી. ખૂની ખૂન કરીને સરિયામ રસ્તે ગયો હોવો જોઇએ, એવું અનુમાન આ ઉપરથી કરવામાં આવ્યું. પગલાં તપાસનારાઓએ કયાં સુધી બુટની છાપ પહોચી છે, તેની તપાસ આગળ ચલાવી; તો સરિયામ રસ્તા ઉપર એક જગ્યાએથી તે બંધ પડી ગયેલી જણાઇ. જ્યાથી છાપબંધ પડી હતી ત્યાથી ગાડીમાં બેસીને ખુની ગયો હોવો જોઇએ, એમ માની લઈ તેઓ પાછા ફર્યા. દરમ્યાન મરનારના ખિસ્સામાથી નીકળેલા કાગળીઆમાંથી ઘણું જાણવાનું મળ્યું. એ કાગળીઆમાથી, ડિટેકિટવ સાહેબ, તમારૂં નામ નીકળ્યું—"

"શું મારૂં નામ મરનારના ખિસ્સામાંથી નીકળ્યું ?" ડિટેકિટવે પૂછયું.

"હા, સાહેબ. આપે ખૂન કર્યું છે, એમ કાંઇ તે ઉપરથી હું કહેવા માગતો નથી" છુપી પોલિસના માણસે હસીને જવાબ દીધો.

"અજબ જેવું ! મારે ને એ મરનારને શો સંબંધ?" ડિટેકિવની નજર આ વખતે ફકીર કયાં છે, તે જોવા માટે રસ્તા તરફ ગઇ. તો તેને માલુમ પડયું કે, ફકીર સામેની દુકાનો આગળ હજી ગીત લલકારતો ખેરાત લઇ રહ્યો છે.

"મારૂં કહેલું આપ સાંભળી લ્યો" છુપી પોલિસના માણસે કહ્યું "મરનારના ખિસ્સામાથી નીકળેલા કાગળમાં લખેલું હતુ કે: 'પ્રથમરાય ચૂહણરાય કરનાલીવાળા, ઠેકાણું ચોપાટી, ડિટેકિટવ હીનેન્દ્રરાયના ઘર પાસેનો બંગલો—મુંબાઇ' આ ઉપરથી આપનું નામ તેના ખિસ્સામાથો નીકળ્યું એમ મેં કહ્યુ"

નામ અને ઠેકાણું સાંભળી ડિટેકિટવ વિચારમાં પડી ગયો. આવો તો કોઈ આસામી પોતાના મકાનની નજીક રહેતો નથી, અને વળી નામ પણ અજબ પ્રકારનું છે, એમ તેને લાગ્યું. ફકીર તરફ એક દૃષ્ટિપાત કરીને ડિટેકિટવે છુપી પોલિસના માણસને પૂછયું: "મારૂં નામ નીકળ્યા પછી શું બન્યું ?"

"મરનારના ખિસ્સામાંથી, સાહેબ, ફક્ત આપના પારોશીનું નામ નીકળ્યું એટલું જ નહીં પણ બે તાર મળ્યા !—"

"હેં ? બે તાર ?!" ડિટેકિટવે પુછયું.

"હા, જી. તે તાર કુન્દનપૂરથી કરેલા હતા. તેમાંના એકમાં લખેલું કે, ડિટેકિટવ હીનેન્દ્રરાય સાથે હું આજ રાતના આવીશ. ખાસ સૂચના કરવાની કે, જે ચીજ તમારી પાસે છે તે કોઇને કોઇ પણ જોખમે કે લાલચે ન આપશો. તમને ઘણોજ લાભ થશે. વધુ રૂબરૂમાં."

"એ તાર શું મરનારના ખિસ્સામાંથી નીકળ્યો ? ત્યારે તો—"

"એ મારો આદમી રમજુ જ હોવો જોઇએ. અરેરે ! શું બિચારાનું ખૂન થયું ? કિયા હેવાને આ કામ કીધું ?" ઉસ્માન બોલ્યો.

"ખૂન થયું તે હવે ન થયું થવાનું છે ? તમારો માણસ કમનસિબ કે, ખૂનીના પંઝામા સપડાઈ ગયો ! પણ એ ખુની મારા ધ્યાનઃબહાર નથી." ડિટેકિટવે કહ્યું.

"એમ ?" છુપી પોલીસના માણસે પૂછયું: "બન્ને સારજંટો જેમણે આ કેસ હાથમાં લીધો છે, તેઓ એમ જ માને છે કે, આપ ખુનીનો પત્તો આપી શકશો. જે બીજો તાર મરનારના ખિસ્સામાંથી નીકળ્યો હતો, તેમાં આપ આજ સહવારે અહીં આવનાર છો, એવું લખાણ હતું. તે ઉપરથી આપના આવવાની રાહ હેડ કવોર્ટર્સ ઉપર જોવાય જ છે. દરમ્યાન હવે જ્યારે અથવચ્ચ આપનો મને ભેટો થઇ ગયો છે, ત્યારે જો આ ફકીરને આ ગુન્હામા કાંઇ લાગતું વળગતું હોય તો હુકમ આપો, એટલી વાર છે."

ડિટેકિટવની નજર એ વખતે ફરીથી રસ્તાપર ગીત લલકારતા ફકીર તરફ ગઇ. તેનું શું કરવું, એનો નિર્ણય તેણે પલકમાં કરી લીધો. છુપી પોલીસના માણસને તેણે કહ્યું: "નેવું ટકા આ ફકીર ખુની છે, એવું મારૂં અનુમાન છે. હું ધારૂં છું તે જો તેજ હોય તો તે એક સાધારણ માણસ નથી. બહુ ચોકેલો માણસ છે. તેથી તેને પકડવામાં કાંઇ યુક્તિ કરવી જોઇશે. એ ફકીરને અહીં બોલાવી ગીત ગાવામા યા બીજી ત્રીજી વાતો કરવામાં હું રોકું છું. તે દરમ્યાન તું અહીંથી એક બાજુએ રસ્તામાં આગળ જઇને ઉભો રહે અને ખુદાબક્ષ બીજી બાજુએ ઉભો રહેશે. જો તે નાસવા યત્ન કરે તો જેની દિશામાં તે જાય તેણે તેને પકડવો."

સૌને આ હીકમત પસંદ પડી. બન્ને જણ બે બાજુએ જવા નીકળી પડયા. ઉસ્માને ફકીરને હાંક મારીને સામેની

દુકાન આગળથી આ દુકાને આવવા જણાવ્યું; એટલે તે ફકીર બોલ્યો: "જહાંસેં આયા વહાં હમ પીછા જાતે નહીં. કુચ્છ દેનેકા હોવે તો ઇધર આઓ."

ડિટેક્ટિવે અને ઉસ્માને તરતજ એને પકડી લેવાના હેતુથી દુકાનમાંથી બહાર નીકળી ફકીર તરફ પ્રયાણ કર્યું. ફકીર ચેતેલો હતો, એટલે તેણે પોતાની જગ્યાએથી આગળ ચાલવા માંડયું. ડિટેક્ટિવે ઉસ્માનને પોતાની પાછળ દોડવા કહી દોટ મૂકી. એટલે ફકીર પણ દોડયો. ડિટેક્ટિવે બૂમ મારી: "સાંઈ મોલા, ઠયર જાઓ. યે ખેરાત દેનેકી હય."

"અયર કીસીકી ખેરાત હમે નહીં ચાહીયે," એમ બોલતાં તેણે દોડવું ચાલુ રાખ્યું.

પણ એની ગતિ રોકનારે સામે હાજર જ હતા. છુપી પોલિસનો માણસ કે જે અગાઉથી રસ્તામાં જઇને ઉભો રહ્યો હતો, તેણે બે ત્રણ દુકાનના માણસોને ચેતાવીને 'પેલો ફકીર વેષધારી છે અને ગુન્હેગાર છે માટે પકડવાનો છે' એમ કહી મૂકયું હતું; જેથી તેઓ તેની મદદે હાજર હતા. ફકીર દોડયો એટલે તેની સામે આ બધા આવ્યા અને તેનો દોડવાનો માર્ગ રોકી રહ્યા. છુપી પોલિસના માણસે તેને કહ્યું: "ખડે રહો" તેણે એકદમ તેની પાસે જઇ તેની દાઢી ખેંચી; અને તે ખેંચતાં વેંત જ નીકળી પડી!

"બદમાશ, બદમાશ" એવો શોરબકોર થઈ રહ્યો. ફકીરે હવે પોતાની હોશિયારી અજમાવી. એકદમ પોતાના ઝભ્ભાની અંદરથી તેણે રિવોલ્વર બહાર કાઢી અને સામે ઉભેલાઓ તરફ ધરી કહ્યું: "ચલાવ, દૂર હટ જાવ. હમકુ જાને દો."

સામે ઉભેલાઓને લાચારીથી ખસી જવું પડ્યું.

સામે ઉભેલાઓ ખસી ગયા એટલે ફકીર આગળ ધસ્યો અને તરતજ પાછા ફરીને પોતાની રિવોલ્વર તેઓ સામે તાકેલી રાખીને બોલ્યો: "પાછા લાઈનબંધ ઉભા રહો."

એનું કહેવું માનવાની ઘણીયે ના મરજી હોવા છતાં તેઓને પોતાના પ્રાણ જવાની બીકે હારદોર ઉભા રહેવું પડયું. પણ એટલામાં પાછળથી ડિટેક્ટિવ અને ઉસ્માન આવી પહોંચ્યા. હારદોર ઉભા રહેલાઓની વચમાં થઇને જ્યાં ડિટેક્ટિવ આગળ વધવા ગયો કે, ઝડપથી ફકીરે પોતાના શરીર ઉપરનો ઝભ્ભો કાઢી નાંખ્યો અને ડિટેક્ટિવના મોં–માથા ઉપર વીંટળાય એવી રીતે ફેંકી જમીન-પર રિવોલ્વરના બાર ઉપર બાર કરતો તે આગળને આગળ દોડયો.

ચોર બજારના બીજા દુકાનદારો, રિવોલ્વરના ઉપરા ઉપરી બાર કરતા અને દોડયા જતા આ માણસને અટકાવવાની લગીરે હિમ્મત કરી શકયા નહીં. છુપી પોલિસનો માણસ અને બીજાઓ તેની પાછળ દોડયા. ડિટેક્ટિવ પોતાના મોં અને માથા ઉપર વીંટળાઈ ગયેલા ઝભ્ભામાંથી મુક્ત થઈને દોડવા લાગ્યો પણ ગુન્હેગાર અને તેઓ વચ્ચેનું અંતર વધી ગયું હતું. જે ખાનદાન હિંદુ જવાનના પોષાકમાં જાલિમસિંહ ઉસ્માનના . માણસ રમજુને મળ્યો હતો, તેજ પોષાક, ફકીરના ઝભ્ભા તળે તેણે પહેરેલો કાયમ હતો. એ દોડતા જતા જાલિમસિંહને ડિટેક્ટિવ ઓળખી ગયો. આગળ જાલિમસિંહ હતો. તેની પાછળ માણસોનું ટોળું હતું અને છેલ્લો ડિટેક્ટિવ હતો.

જાલિમસિંહ ગલી બહાર નીકળ્યો. તેણે પોતાની પાછળ નજર કરી તો માણસોનું ટોળું આશરે ૧૦૦ ફીટને અંતરે દીઠું. રસ્તો સરિયામ હતો. ટ્રામગાડીઓ, મોટરો અને ઘોડાગાડીઓ જતી હતી એટલે વાહનોના અવર જવર વિનાના મહોલ્લામા કે રસ્તામા જેમ સરળતાથી દોડી શકાય તેમ દોડવું મુશ્કેલ હતું. દોડવાને બદલે ઝડપથી અને ચાલાકીથી રસ્તામાંનાં વાહનોની હડફેટમાં ન અવાય, એવી રીતે જાલિમસિંહ ચાલ્યો અને એક ટ્રામગાડીમાં બેસી ગયો. તેની પાછળ પડેલાઓમાથી ફક્ત છુપી પોલિસનો માણસ તેની પૂંઠ પકડી શકયો.

જાલિમસિંહ જે ટ્રામગાડીમાં બેઠો તેની પાછળની એક બીજી ટ્રામગાડીમાં એ માણસે તેની પૂંઠ પકડી.

ડિટેક્ટિવ ગલી બહાર આવ્યો ત્યારે ત્યા ઉભા રહેલાઓએ ટ્રામગાડીઓમાં બેસીને ગયેલા બે જણ સંબંધી વાત તેને કરી. ડિટેક્ટિવે આ સાંભળીને નિસાસો નાંખ્યો. તેણે તેને મદદ કરનારા સૌનો આભાર માની તેમને વદાય કર્યા અને ઉસ્માનને કહ્યું: "હવે એની પાછળ જવું નકામું છે. એક સાવધ ગુન્હેગાર વાહનોના અવર જવરવાળા સરિયામ રસ્તામા કદી ન પકડાય. એક નહીં તો બીજું–એમ વાહનનો આશ્રય લઇને તે છટકે, એમા નવાઇ નથી."

"ત્યારે હવે શું કરીશું?" ઉસ્માને પૂછ્યું.

"આપણે પોલિસ હેડ કવૉર્ટર્સ ઉપર જઇએ. ત્યાં તમારા માણસનુંજ ખૂન થયુ છે કે કેમ તે તપાસીએ."

"બધી હકીકત ઉપરથી તો એનુંજ ખૂન થયું લાગે છે. ખૂની પકડાયો હોત તો હું આવત. હવે નહક રખડપટ્ટી અને અથડામણમા મને શીદને નાખો છો?"

"તમે લગીરે મુંઝાશો નહીં. અર્ધા કલાકમા તમને હું વદાયગિરી અપાવી દઇશ. એ માણસને ઓળખવા માટે તમારી ત્યાં જરૂર ખરી."

ખુદાબક્ષે કહ્યું: "ઉસ્માનભાઇ તમારી સાથે ભલે આવે; પણ મારી શી જરૂર છે?"

આ બે જણ પોલિસ–ચોકીએ આવતાં ડરે, એમાં ડિટેક્ટિવને નવાઇ લાગી નહીં. પોલિસ ખાતા માટે સામાન્ય રીતે આપણા દેશમાં એવી માન્યતા પ્રસરી રહેલી હોય છે કે, "બીજા બધાની દોસ્તી સારી પણ પોલિસની સારી નહી; કેમકે વખત આવ્યે ગુન્હાની બાબતમાં તે

ફિકરીનો હક ખ્યાલમાં ન રાખે." ડિટેક્ટિવે વિચાર્યું કે, હાલના સંજોગો એવા છે કે, જેથી આ લોકને આનાકાની ઉપજે. પોતે હંસના સંબંધમાં તપાસ કરવા નીકળ્યા છે અને હંસ ચોરીનો માલ હતો, એ આ બન્ને જણના લક્ષમાં આવી ગયું છે. પોલિસ-ચોકીએ મરનારને ઓળખાવવા જતા, રખેને ચોરીનો માલ ખરીદવા માટે પોતાને પકડી લેવામાં આવે, એ દહેશત આ બન્નેને ઉપજે તો તે કેવળ સ્વાભાવિક છે. આ દહેશત દૂર કરવા માટે તેણે તેઓને કહ્યુ: "રખેને હું તમને સપડાવી દઉં એવો તમને બીક લાગે છે? જો એમ કરવા મારી ઈચ્છા હોત તો મેં તમને ક્યારનાયે પકડી લીધા હોત. હંસની બાબત પોલિસ-ચોકીએ નીકળશે, એ ખરૂં; પણ; તમને તેમાં કશી આંચ નહીં આવે. અત્યાર સુધી જેમ તમે મારામાં વિશ્વાસ રાખ્યો છે, તેમ હજી પણ ધીરજથી વિશ્વાસ રાખો. એમા તમારૂં હિત છે. વળી જો મારાથી અલગ થઈને તમે નિર્ભય બન્યા એમ માનશો તો તેમાં તમે ભૂલ કરશો. ખૂનીની તપાસ માટે છુપી પોલિસના માણસો છુટયા છે, એ તમે જાણો છો. મરનાર કોણ છે, એની તપાસ માટે પણ તેઓ તમારી પાસે આવવાના; અને તરેહવાર સવાલો તમને પૂછવાના અને ઉલટું તેથી તમને એમજ લાગવાનું કે 'ઉલમાંથી ચૂલમાં પડયા!' એના કરતાં તમે મારી સાથે હશો, તો, હું તમને ખાત્રી આપુ છું કે, તમે કેવળ નિર્ભય છો."

દીનેન્દ્રરાયનું આ કથન તેઓને ગળે ઉતર્યું. બીકની જે લાગણીથી તેઓ આનાકાની કરતા હતા તેમાંથી મુક્ત થઇ તેઓએ તેની સાથે જવા કબૂલ કર્યું. ડિટેક્ટિવે ઉસ્માનને કહ્યું: "પોલિસના મુખ્ય મથકે જવા પહેલાં આપણે એક કામ કરી લઇએ. તમારી દુકાનમાં જે નકલી હંસ છે, તે હું જરાક વખત નિહાળી લઉં."

ઉસ્માને જવાબ દીધો: "રમજુ હમેશાં રાતના દુકાન બંધ કરી મારે ત્યા કુંચી મૂકી જાય અને સહવારે દુકાન ઉઘાડવા માટે લઇ જાય એવો નિયમ મેં મૂળથી રાખેલો છે. તેનું ખૂન રાતના થયેલું છે, એટલે કુંચી મારે ઘેર જ પડી રહી હશે."

ઉસ્માન તેને ઘેર કુંચી લેવા જાય તો વળી પાછો પોતાની ગેરહાજરીમાં કુટુંબીઓના બમાવ્યાથી પોલિસ ચોકીએ આવવાનું માંડી વાળે અને પરિણામે ઉસ્માન ગુંચવણ ભરેલી સ્થિતિમાં સપડાઇ જાય; તેથી ડિટેક્ટિવે નકલી હંસ હાલ તુર્ત જોવાનો વિચાર માંડી વાળ્યો અને બારોબાર હેડ-ક્વોર્ટર્સ પર જવા નક્કી કર્યું.

તેઓ એકાદ ભાડુતી મોટરની રાહ જોવા લાગ્યા. બે ત્રણ મોટરો પસાર થઇ પણ તેમાં ઉતારૂઓ હતા. કેટલીક ઘોડાગાડીઓ ખાલી પસાર થઇ પણ ડિટેક્ટિવે તેમાં બેસવું પસંદ ન કર્યું કારણ કે તેને જલ્દીથી પહોંચવું હતું અને વળી આ લોક. સાથેની ગડભાંગનાં સહેજ ૧૫ થી ૨૦ મિનીટ વીતી ગઇ હતી. પાંચેક મિનીટ વધુ રાહ જોતા એક મોટર આવી પહોંચી. તે મોટરની બારીઓ ઉપર પડદા નાખેલા હતા અને જ્યાં તેઓ ઉભા હતા ત્યાંજ તે મોટર થોભી ગઇ. મોટર થોભતાં વેંતજ તેનું બારણું ઉઘડયું. તેમાંથી બે રિવોલ્વરો વાળા બે હાથ બહાર લાંબા થયા. ડિટેક્ટિવ તરફ તે રિવોલ્વરો ધરવામાં આવી અને પછી મોટરમાંથી અવાજ નીકળ્યો: "ડિટેક્ટિવ સાહેબ, એકદમ અંદર આવી જાઓ: નહીંતર મોતને શરણ થશો."

બનાવ અજાયબી ઉપજાવે એવો હતો. પણ ડિટેક્ટિવે લગીરે અજાયબી ન બતાવતાં મોતને શરણે જવાને બદલે તે દમદાટી આપનારને શરણે જવું પસંદ કર્યું. તે મોટરની અંદર દાખલ થયો; બારણું બંધ કરવામાં આવ્યું અને મોટર ચાલી.

ઉસ્માન અને ખુદાબક્ષ અજાયબીમાં પડયા. "પકડો પકડો" "ચોર ચોર" એવી બુમો તેમણે મારી; પણ બીજી એક મોટર તેજ વખતે ત્યાં આવી પહોંચી અને તેમાંથી બે પઠાણોએ બહાર આવી તેઓને ઉંચકીને મોટરમાં નાખ્યા. તે મોટર પણ ચાલી.

અંધાધુંધી, ધાંધળ અને જુલ્મ પ્રવર્તાવનારા બદમાશો, શાન્ત અને નિર્દોષ વસ્તીને રંજાડનારા બદમાશો, હરકોઈ મોટા શહેરમાં પોલિસના સખ્ત બંદોબસ્ત વચ્ચેથી પણ, ધારે તો, ધોળે દિવસે આવો ત્રાસ ફેલાવે, એમાં નવાઈ નથી. એનું કારણ એ હોય છે કે, બદમાશોએ પોતે તો ગુન્હો કરવા હિમ્મત અને હીકમત બન્ને પ્રથમથીજ એકઠાં કરી રાખેલાં હોય છે.

કાયદો અને વ્યવસ્થા જાળવનારા પોલિસ ખાતાને બદમાશો કરતાં એક બાબતમાં મોટો ગેરલાભ હોય છે. તે એ કે બદમાશો કઇ ઘડીએ શું કરશે; કેવી હીકમત અને હિમ્મતથી કેવાં પગલાં ભરશે, એ પોલીસ ખાતું સામાન્ય રીતે દરેક દાખલામાં અગાઉથી જાણતું હોતું નથી. બદમાશોનું લક્ષ કેવળ પોતાના શિકાર તરફ હોય છે અને પોલિસ ખાતાના માણસોનું લક્ષ સમાજના તમામ માણસોની સામાન્ય સહીસલામતિ તરફ હોય છે. ઉપરાંત સમાજના પ્રત્યેક માણસને તેણે તો પ્રમાણિક જન ધારી લેવાનો હોય છે. તેનાથી એકદમ ગુન્હેગાર તરીકે કોઇનું કાંઇ પકડી શકાતું નથી. પરિણામે એક બનાવ બને તે પછીજ તેને પગલાં લેવાનાં હોય છે. એક બચ્ચુ એક મોટર નીચે ચગદાઇ જવાની તૈયારીમાં હોય તે વેળા પોલિસને તેને બચાવવાનું હોય છે. તેજ વખતે બીજી બાજુ એકાદ ટ્રામમાંથી એક ઉતારૂ પડી જાય; ત્રીજી બાજુ એકાદ બે વાહનો સામસામા અથડાઇ પડે; ચોથી બાજુ એકાદ ખિસ્સા કાતરૂ કોઇ શહેરીનું ખિસ્સું કાપતો હોય અને પાંચમી બાજુ આવો એકાદ સાહસભર્યો કિસ્સો બને. આ તમામ બનાવોમાં પોલિસને ગુન્હેગાર કોણ છે, તેની તપાસ તે બનાવો બનતા હોય તે વખતે તેનું ધ્યાન દોરાતાં અથવા તો તે બન્યા પછી તપાસીને નિર્દોષને રાહત આપવાની હોય છે.

આ મુદ્દા ધ્યાનમાં લેતાં મુંબાઇ શહેરમાં ધોળે દીવસે બે મોટરોમા જે બદમાશી થઈ તેથી અજાયબ થવા જેવું નથી.

પરિચ્છેદ ૧૬.

હરિફોનો ફરી મેળાપ.

જાલિમસિંહ ટ્રામમાં બેઠો તે વખતે પાછળ આવતી ટ્રામ તરફ તેની નજર હતી. તેણે જ્યારે છુપી પોલિસના માણસને પાછળની ટ્રામમાં ચઢતો જોયો ત્યારે તેણે તેને સપડાવવા માટે કાંઇક યુક્તિ કરવાની જરૂર જોઇ. ટ્રામ જરાક દૂર ચાલી; એટલે એક ગલી આગળ થોડાક પઠાણોને માંહોમાંહે વાતો કરતા તેણે ઉભેલા દીઠા. જાલિમસિંહ ટ્રામમાથી ઉતરી ગયો અને પઠાણો પાસે ગયો. છુપી પોલિસનો માણસ પણ બીજી ટ્રામમાંથી ઉતરી પડી જરાક દૂર રહી તેની ચિકિત્સા જોવા લાગ્યો. જાલિમસિંહે પોતાનું ખિસ્સા પાકીટ કાઢી તેમાથી કાંઇક કાગળીઆં તે પઠાણોને આપ્યાં. જરૂર કોઇક કાવતરૂં રચાય છે અને તેના બદલા તરીકે ચલણી નોટો આ મવાલીઓને અપાય છે, એમ છુપી પોલિસના માણસે માની લીધું.

તેણે કાંઇક સિતાબીથી વર્તવાની જરૂર જોઇ. ડિટેક્ટિવને ખબર આપવા જો તે જાય તો બદમાશો કદાચ છટકી જાય અને તેમના કાવતરાની ખબર પડે નહીં. તે પોતાની નજર તેઓ ઉપરથી ખસેડવા માગતો નહતો પરંતુ તે છતાં પોલિસખાતાના વડા મથકે ખબર આપવાની અને પોલિસનાં માણસોની ફોજ બોલાવવાની જરૂર હતી. તેણે કોઈ સંદેશો લઈ જનારને શોધવા તજવીજ કરી પણ પોતાના ખાતાનો કોઇ માણુસ આસપાસ તેને દેખાયો નહીં. રસ્તા ઉપર વાહનોનો વ્યવહાર જાળવતો પોલિસનો સિપાઈ ઉભો હતો પરંતુ તેને તેની ફરજ ઉપરથી ખસેડી શકાય નહીં. તેમ પોતે પણ જો અહીંથી ખસી જાય તો બદમાશો ઉપર નજર રહે નહીં. છુપી પોલિસના માણુસને મુંઝવણુ ઉભી થઇ. પોતાની મુંઝવણુનો તે નિકાલ શોધે તે પહેલાં તો જાલિમસિંહ અને મવાલીઓ ગલીમાંથી બહાર નીકળ્યા અને નજદીકના મોટરસ્ટેંડ આગળ ગયા. તેઓ ભાડુતી મોટરોમાં બેસીને જશે એમ છુપી પોલિસના માણુસે અનુમાન કર્યું. એક યુક્તિ તેને સુઝી. રસ્તા ઉપરના પોલિસ-સિપાઈ પાસે જઈને તે ઉભો રહ્યો અને તેને પોતાનો છુપી પોલિસ તરીકેનો બિલ્લો બતાવી ઓળખાણુ આપી ને સૂચવ્યું કે, અમુક બે ભાડુતી મોટરો હું તને બતાવીશ. તે પસાર થવા પામે નહીં તે માટે તેમને અટકાવવી. સિપાઇએ તેમ કરવા કબુલ કર્યું.

મોટર-સ્ટેંડપરથી બે ભાડુતી મોટરો ચાલવા માંડી. તેઓને આ બે જણુ ઉભા હતા ત્યાંથીજ પસાર થવાનું હતું. ટ્રામો, ગાડીઓ, અને બીજી મોટરો રસ્તાપરથી પસાર થતી હતી. પોલિસના સિપાઈને કઇ બે મોટરો અટકાવવાની હતી, તે છુપી પોલિસના માણુસે જણાવી દીધું. તે બે મોટરો તેની આગળથી પસાર થવા ગઇ એટલે સિપાઇએ હાથ ઉંચો કરીને તેમને થોભવા જણાવ્યું પણ પહેલી મોટરની અંદરથી એક લાઠી બહાર આવી અને તેનો ફટકો તે સિપાઈના માથામાં પડયો. સિપાઇને ચક્કર આવ્યા અને તે પડી ગયો. મોટર ઝડપથી આગળ ચાલી. તેની પાછળની મોટર પણ તેવીજ ઝડપથી ચાલી. છુપી પોલિસના માણુસે જોયું કે, આ તો જબરી હિમ્મતથી કામ લેનારા બદમાશો લાગે છે. પડેલા પોલિસ-સિપાઈની સારવારના કામમાં તે રોકાય તો આ બદમાશો પસાર જ થઈ જાય. એટલે તેણે ફરજ ઉપરના તે પડેલા સિપાઈની દરકાર નહીં કરતાં જે બીજી મોટર પસાર થઇ, તેની પાછળના ફાલતુ 'ટાયર' નો આશરો લીધો. તે સ્ફુર્તિથી તે ટાયરના ગોળ વર્તુલમાં બેસી ગયો.

ગત પરિચ્છેદમાં વાચકોએ જાણ્યું છે તેમ, ડિટેક્ટિવ ને અને ઉસ્માન તથા ખુદાબક્ષને દમદાટીથી લઇ જનાર મોટરો આ બે જ હતી. પોલિસ-સિપાઇને ફટકો જાલિમસિંહની મોટરમાંથીજ મારવામાં આવ્યો હતો. તે બન્ને મોટરો ડિટેક્ટિવ અને તેના સાથીદારોને લઇને ઝડપથી આગળ ને આગળ ચાલી. બીજી મોટરની પાછળના ફાલતુ 'ટાયર'માં બેઠેલા માણુસે આ બધો પ્રકાર જોયો. પોલિસ ફોજની મદદ સિવાય હવે છુટકો નથી એવું તેણે પોતાના મનમાં નક્કી કર્યું. ટાયરની વચ્ચોવચ્ચ બેઠે બેઠે તેણે પોતાનો એક હાથ ટાયરના ગોળ પટામાં ભરવીને બીજે હાથે પોતાના ખિસ્સામાંથી નોટબુક અને પેન્સિલ કાઢયાં અને નોટબુકના કોરા પાનામાં તેણે લખ્યું: "જલ્દીથી એક પોલિસ-ટુકડી બોલાવીને અહીં હાજર રાખો. દશ-બાર બદમાશોને પકડવાના છે. રહેઠાણ જોઇ આવીને ખબર આપું છું. સી. આઇ. ડી. નં. ૧૨૮" પેન્સિલ ખિસ્સામાં મૂકી દઇ તેણે નોટબુકનું તે પાનું ફાડયું અને એક હાથમાં તે ઝાલી રાખ્યું.

મોટરો જાહેર રસ્તા ઉપર વહેવારનો બંદોબસ્ત જાળવતા થોડે થોડે અંતરે ઉભા રહેલા ત્રણ-ચાર સિપાઇઓ આગળથી પસાર થઇ પણ તેઓને કોઈને શક ઉપજવાન

કારણો ન હોવાથી તેમનો અટકાવ તેમણે કર્યો નહીં. એક જગ્યાએ જ્યાં વહેવાર ઓછો હતો ત્યાં બંદોબસ્ત રાખનાર સિપાઇની લગોલગ થઈને મોટરો પસાર થઇ. ટાયરમાંના છુપી પોલિસના માણસે તે સિપાઇના હાથમાં પોતાનો કાગળ મૂકી દીધો. તે સિપાઇ તેની સામે જોવા લાગ્યો. છુપી પોલિસના માણસે નાકે આંગળી અરકાડી અને તે બાદ તેજ આંગળી લાંબી કરી 'ચિઠ્ઠી વાંચ' એવો ઇશારો કર્યો. મોટરો પસાર થઇ ગઇ.

એક ગંદા લત્તામાં એક મકાન આગળ આવીને તે ઉભી રહી; અને તેમાથી બદમાશોએ પ્રથમ ઉતરીને તે પછીથી ડિટેક્ટિવ તેમજ ઉસ્માન અને ખુદાબક્ષને ઉતાર્યા. તેઓ ત્રણેના હાથ તે વખતે બાંધેલા હતા. રસ્તામાં મોટરો ચાલતી હતી તે દરમ્યાન બદમાશોએ આમ કરી લીધું હોવું જોઇએ, એવું છુપી પોલિસનાં માણસે અનુમાન કર્યું. મજકુર મકાનમાં તેઓને લઇ જવાયા. છુપી પોલિસનો માણસ મકાનની બરાબર એંધાણી રાખીને તે લત્તાની બહાર નીકળ્યો; અને જરાક દૂર ઉભો રહ્યો. મોટરો થોડીકજ વારમાં લત્તા બહાર નીકળી; એટલે તેણે તે બન્નેના નંબરો પોતાની નોંધ-પોથીમાં ટપકાવી લીધા. તેણે જોયું કે, મોટરો અત્યારે ખાલી હતી. એ મોટરોના હાંકનારાઓની ખબર ભવિષ્યમાં લેવાનું મુલત્વીને છુપી પોલિસનો માણસ, હવે, તે જગ્યાએ જવા ઉપડ્યો કે જ્યાંના પહેરાવાળા પોલિસ-સિપાઇને તેણે પોલિસ-ફોજની મદદ માટેની ચિઠ્ઠી આપી હતી.

ડિટેક્ટિવ અને તેના સાથીદારોને જે મકાનમાં લઈ જવામાં આવ્યા તે એક સાધારણ પણ ગંદી ચાલી હતી. પહેલા માળના દાદર નજદીકની બે બંધ ઓરડીનાં તાળાં ખોલવામાં આવ્યાં અને એકમાં ડિટેક્ટિવને એકલાને અને બીજીમાં ઉસ્માન અને ખુદાબક્ષને ધકેલવામાં આવ્યા. ડિટેક્ટિવે જોયું કે, જે ઓરડીમાં તેને દાખલ કર્યો તે ૧૬-૧૭ ફીટ લાંબી અને તેટલીજ પહોળી હતી. ફક્ત અકેક ખોલીનીજ આ ચાલી હોય એમ જણાયું; કારણ કે બારણાની સીધમાં જે સામી દીવાલ હતી તેમાં એક મોટી જાળી હતી અને તે જાળીમાંથી બહારનાં ઝાડવાં અને બીજાં મકાનો દેખાતાં હતાં. ખોલીમાં બે ત્રણ પથારીઓ અને થોડાંક પરચુરણ વાસણો પડેલાં હતાં.

ડિટેક્ટિવને એક પથારીમાં બેસાડવામાં આવ્યો અને ત્રણ મવાલીઓ અને ચોથો જાલિમસિંહ એટલા તેની સામે બેઠા. જાલિમસિંહે હસીને પ્રશ્ન કર્યો: "આપણે ફરીથી મળ્યા ! ખરૂંને ? કહો, કેમ છો ? ખુશીમાં તો ખરાને ?"

"જાલિમસિંહ ! મારે તમને ચેતવણી આપી દેવી જોઇએ કે, આ કોઈ દેશી રાજ્ય નથી. ગુન્હાઓની હારમાળાઓ તમે વધારી દીધી છે. નિર્દોષોનાં ખૂન અને તેમની સતાવણીમાં તમે ઘણા આગળ વધી ગયા છો. બ્રિટિશ રાજ્યનું સમર્થ પોલિસ ખાતું હવે ટૂંક વખતમાં તમને પકડી લેશે."

"તેમાં તમે શું કરવા મુંઝાઓ છો ? તમારા પોતાના શા હાલ છે, તે જુવોને ?"

"મારા હાલની મને જરીકે પરવા નથી."

"હું તમને પરવા રાખતાં શીખવીશ. મારાં કામમાં તમે બહુ વખત આડખીલીઓ નાંખી છે. હવે હું એ સહન કરવા માગતો નથી."

"તમે ભૂલકણા છો. ન્યાયના કામમાં તમે મારી વચ્ચે આવ્યા કર્યા છો. જ્યાં તમારો હક્ક નથી ત્યાં તમે ઠસી બેસવા માગો છો. તમે રાજગાદીના લોભને ખાતર જે જે કામ કર્યાં છે તેમાં છેલ્લા એક તદ્દન નિર્દોષના ખૂનથી તો અવધિજ કરી છે."

"આડી અવળી ખોટી લવારી કરવાથી શું વળે તેમ છે ? દીનેન્દ્રરાય, મેં કહ્યું તેમ, તમારા હાલની પરવા રાખવા માટે હું તમને શિક્ષણ આપવા માગું છું. જો તમે મારી આડે નહીં આવવાનું લખાણ કરી આપશો અને રાજહંસ લઇ જનાર સુરતવાળા રાવબહાદુર વિષે માહિતી આપશો, તો હું તમને છુટા કરીશ અને જો તેની ના પાડશો તો જે માર્ગે બીજાઓ ગયા છે તે માર્ગે પંદર મીનીટ પછી તમારે જવું પડશે!"

"સુરતમાં એવો કોઇ ગૃહસ્થ છેજ નહીં. તમને ભમાવવા માટે કોઇકે ખોટું કહ્યું છે. રાજહંસ તો મારા સાથીદારની દુકાનમાં છે !"

"મહેરબાન, તમે મને ઉંધે પાટે ચઢાવવા માગો છો, ખરૂં ને ? દુકાનમાનો નકલી હંસ તો કયારનોયે ઉપડી ગયો ! તેને ખોલવામાં પણ આવ્યો ! તે એક જબરી છેતરપિંડી હતી, એમ ખુલ્લું યે થઈ ગયું ! આપ શ્રીમાનને હવે તેથીજ મે અહીં પધારવા તસ્દી આપેલી છે."

"હું તમને શું કહેવાનો હતો ?"

"રાવબહાદુર કયાં છે ? તમારા સાથીદારો કે તમે તેની પાસે જઇને શું કરી આવ્યા ? ખરો હંસ કયાં છે ? એ બધું તમારે કહેવું પડશે."

"તેમાં તમારી મહેનત નકામી જશે. મારી પાસેથી તમે કશું જાણી શકશો નહીં."

"તમારા પ્રાણ જશે તો પણ ?"

"હા. તમારા જેવાં બાળકો મને મારી ફરજમાં પ્રાણની પરવા કરતાં શીખવાડી શકે તેમ નથી. વર્ષોથી આ ધંધામાં મેં માથું વેગળું રાખીનેજ દરેક કામ માથે લીધું છે. તમે એકલાજ નહીં પણ તમારા તમામ શાગીર્દો મને મારી નાંખવા માગતા હો, તો બેલાશક તેમ કરો; પણ

યાદ રાખજો કે, આ બ્રિટિશ રાજ્ય છે. મધ્યરાત્રીનાં એકાન્ત ખૂનો અહીંનું પોલિસ ખાતું પકડી શકે છે; તો ધોળે દહાડે થતાં ખૂન શોધવામાં અને ખૂનીઓને બરાબર શિક્સ્ત આપવામાં તે પછાત નહીંજ પડે.''

"છટ્! છટ્! એ બધી દમદાટી બીજા કોઇને માટે રાખો! હું તમને પરલોક પહોચાડી દઈશ, એની ખાત્રી રાખજો. મારા માર્ગમાંના નાના કે મોટા તમામ કાંટા હું દૂર કર્યા વિના રહેતો જ નથી."

"તમારી એ પ્રકૃતિથી આ તાબેદાર ક્યાં અજાણ્યો છે? છતાં ફરીથી શેખાઈભરી યાદ દેવડાવવા માટે તમારો આભારી છું."

જાલિમસિંહ ઉભો થયો અને પઠાણોને કહેવા લાગ્યો: "મયેં વો દોનુંકી ઝડતી લે કે પીછા આતા હું." તે ખોલીમાંથી તે બહાર જવા લાગ્યો એટલામાં એક પઠાણે આવીને તેના હાથમાં એક કાર્ડ અને બે પાકીટ, એક હાથ રૂમાલ અને એક મોટું ચપ્પું મૂક્યાં અને કહ્યું: "વો લોકકી પાસસેં યે મિલા!"

"દૂસરા કુચ્છ નહી?"

"નહીં—કુચ્છ નહીં."

"ત્યારે તો હંસ સંબધી તમને લોકને થાપ દેવાઇ છે, એ નક્કી! કાંઇ ચિંતા નહીં" એમ બરબડી, જાલિમસિંહે કાર્ડ વાંચ્યું: "રાવબહાદુર મણિધરપ્રસાદ અમીધરપ્રસાદ મજમુંદાર, હવાડીઆ ચકલા, સુરત." જાલિમસિંહે ડિટેક્ટિવ તરફ વળીને કહ્યું: "કેમ જનાબ? આ શરનામું કોનું નીકળ્યું? તમે એમ માનતા હશો કે, હું આ વિષે કૈં જાણતો નથી, ખરૂં કે? પણ તમારી ભૂલ છે. ગઈ કાલે રાતના ૧૧ વાગ્યે નકલી હંસ બનાવનાર કારીગરને ત્યાંથીજ મેં તે જાણ્યું છે. કેવી રીતે? જુઓ, આવુંજ બીજું કાર્ડ મારા ખિસ્સામાં છે કે નહીં?"

જાલિમસિંહે પોતાના ખિસ્સામાંથી રાવબહાદુરના શરનામાનું કાર્ડ કાઢ્યું અને કહ્યું: "મહેરબાન, તમે મને કશું કહેતા નથી, તોપણ ખબરો આપોઆપ મારી આગળ દોડતી આવે છે, એની ખાત્રી થઈ? કારીગરની મે ગઇ કાલે રાત્રે મુલાકાત લીધી પણ તેને યે મારે આ શરનામું પૂછવું પડ્યું નહતું. આપોઆપ એ શરનામું મારા હાથમા આવી પડ્યું હતું!! કેવી રીતે આવેલું તે જાણો છો?"

"ના, શ્રીમાન્? આપ આકર્ષણવિદ્યા જાણો છો, એથી હું લગીરે માહિત નથી!" ડિટેક્ટિવે હસીને જવાબ દીધો.

"આકર્ષણવિદ્યા હું બધે સ્થળે અજમાવતો નથી. એ કારીગરના બારણામાંજ આ કાર્ડ પડ્યું હતું. હું તેની સાથે વાત કરતો હતો ત્યારે મેં તે જોયું અને દીવો ન હોલવાઇ જાય એવું બહાનું કાઢી બારણાં બંધ કરવા જતાં મેં તે ઉઠાવી લઇ તેમાનું શરનામું જોઇ લીધું હતું. એ ઉપરથી મારી વાતનો બધો મદાર રચીને મેં એટલી બધી વિગતો આપ નામદાર કરતાં વધુ જાણી છે કે, જો હવે આપ લખાણ કરી આપો કે, આડે નહી આવું, તો સહેલાઇથી મારૂં કામ થઈ જાય. આપ તે નહીંજ લખી આપો, તો મોત સિવાય આપને માટે બીજો કોઇ રસ્તો નથી."

"વળી એલફેલ શેખી કરવા લાગ્યા, ખરૂં? જે થાય તે કરી લેજો. પંદરમાંથી પાંચ મિનિટ તો વહી ગઇ હશે!"

"ઠીક. હું તમારા સાથીદારો પાસેથી કાંઇ વિગતો નીકળે છે કે કેમ, તે પૂછી આવ્યા પછી, મારો નિર્ણય અમલમાં મૂકીશ."

પઠાણોને માંહોમાંહે બાકીની વસ્તુઓ અને પાકીટ માંના રૂપીઆ વહેંચી લેવા કહી જાલિમસિંહ ઉસ્માન અને ખુદાબક્ષની ખોલીમાં ગયો.

સમયસૂચકતા, એ દરેક માણસને માટે આવશ્યક અને ઉપયોગી ગુણ છે—ખાસ કરીને ડિટેક્ટિવોને માટે. જો એક ડિટેક્ટિવ એ ગુણ ન ધરાવતો હોય તો કઠણમાં કઠણ મુશ્કિલતમાંથી અને પ્રાણ જવાના અનેક પ્રસંગોમાંથી તે કદી બચવા પામે નહીં અને મનુષ્ય જાતને કચડી નાંખનાર નિર્દોષોનાં જીવન ધૂળધાણી કરનાર દુશ્મન—ગુન્હાને તે કદી દાબી દઈ શકે નહીં. સમયસૂચકતા, એ ડિટેક્ટિવ હીનેન્દ્રરાયનો એક મોટામા મોટો ગુણ હતો, આફતોમાં તે જો કે આશ્ચર્યચકિત થતો પણ મુંઝાતો નહીં. પળભર તેની આશ્ચર્યમગ્ન સ્થિતિ રહેતી અને પછી તે તત્કાળ તે મુશ્કેલીનો પ્રસંગ નિવારવા માટેના બેત શોધતો.

આ પ્રસંગમાં પણ એમજ બન્યું. ડિટેક્ટિવને પંદર મિનિટ પછી મોતને ભેટવા કહી, જાલિમસિંહ, બીજી ઓરડીમાં જ્યાં ઉસ્માન અને ખુદાબક્ષ હતા, ત્યાં ગયો અને તેના ચોકીઆત પઠાણો માંહોમાંહે પોતાની બક્ષિસની ચીજો જોવામાં અને જે નાણાંનું પાકીટ ઉસ્માન પાસેથી મળ્યું હતું તેમાંનાં નાણાં વહેંચી લેવામાં રોકાયા. દરમ્યાન ડિટેક્ટિવ આ ઓરડીમાથી નાસી છૂટવાનો કિયો માર્ગ સરળ થઇ પડશે, એનો વિચાર કરવા મંડયો. જે બારી તે ઓરડીના બારણા સામે પડતી હતી તે ખુલ્લી હતી. તેણે એ બારીનો ઉપયોગ કરવાનો નિશ્ચય કર્યો પણ તેના હાથ તો દોરડાંથી બંધાયલા હતા!

શી રીતે એ બંધ છોડવા? આમ તેમ આડી અવળી અને પાછળ તેણે નજર નાંખી જોઈ. તેની આંખોમાં તરતજ તેજસ્વિતાનો ચમકારો થયો. દોરડાના બંધ તોડવાનું એક સરસ સાધન તેની પાછળ પડ્યું હતું. એક નાની કુહાડી! તે તેની પાછળના ભાગમાં એક ખુણા આગળ પડેલી હતી. જ્યાં તે કુહાડી પડી હતી ત્યાં ડિટેક્ટિવ ધીમે ધીમે સરક્યો. મવાલીઓ તરફ નજર કરી તો તેઓ હજી

માંહોમાંહે પંચાત કરવામાં રોકાયલા જણાયા. ડિટેક્ટિવે પોતાનું મોં જમીન સરસું લઈ જઇને કુહાડીનો હાથો પોતાના મોંમાં લીધો. પોતાની મજબૂત બત્રીશી વચ્ચે તેણે તે સખ્તાઇથી પકડયો અને બાંધેલા હાથ કુહાડીના લોઢાના પાના નજદીક લાવી તેણે દોરડું તે અણીદાર પાના સાથે ઘસવા માંડયું. બે મિનિટ વીતી અને દોરડું તુટયું! બસ હવે તે સિંહ હતો.

દોરડાના ફંદામાંથી છુટા થઇને, તેણે તેજ દોરડું તથા તેજ કુહાડી પોતાની સાથે લઇ ધીમે પગલે બારી તરફ પ્રયાણ કર્યું. બહાર નજર કરતાં તેને ઉતરવાનું એક બીજું સુન્દર સાધન હોવાનું માલુમ પડયું. બારીથી જરાકજ દૂર ટેલીફોનનાં તારનાં દોરડાંનો એક થાંભલો હતો. ટેલીફોનના થાંભલાની ઉપર આડા ચાર–પાંચ ફીટના જે લોઢાના પાટા જડેલા હોય છે અને જેમાંથી તારનાં અનેક દોરડાં પસાર થાય છે તે લોઢાના પાટામાંના એકમાં દોરડાનો ગાળો ભરવી દેવાથી કામ પાર પડશે, એમ નક્કી કરીને તેણે દોરડાનો ગાળો બનાવ્યો અને સ્ફુર્તિથી તે થાંભલા તરફ નાંખ્યો પણ તે નેમ ચૂકયો. હવે તેણે કુહાડી જમીન પર ફેંકી દીધી અને બારી આગળથી ઓરડીના અંદરના ભાગમાં જરાક પાછળ હઠીને, બરાબર નેમ તાકીને, તેણે દોરડું ફેંકયું. ડિટેક્ટિવ આ વેળા ફતેહમંદ નીવડયો. દોરડું લોઢાના પાટામાં ભરાયું. તેણે પોતાના હાથમાંનો દોરડાનો ભાગ પોતાની તરફ ખેંચતા તે દોરડાનો પાટામાંનો બંધ બરાબર મજબૂત થયો.

“ઇન્શાઅલ્લાહ !” એવી બૂમ એ વખતે પાછળથી પડી. અને તે પછી સંભળાયું: “ યે કિસ તરાંહસે છુટા હો ગયા !” એ શબ્દો પેલા મવાલીઓમાંના એકના હતા. તેઓ બક્ષિસની ચીજો વહેચી પરવાર્યા હતા; એટલે તેઓમાંના એકનું ધ્યાન ડિટેક્ટિવ તરફ જતાં તેણે તેને બારી આગળ ઉભેલો જોઇ ઉપલા ઉદ્દગાર કાઢયા હતા. પણ, હનુમાનજી જેમ કુદે તેમ ડિટેક્ટિવ કુદીને બારીમાં અદ્ધર બેઠો અને પછી “હેલ્લે હિસ્સાં” એમ બોલતાં દોરડા વતી તે બહારના ભાગમાં લટકયો. મવાલીઓ બારી આગળ આવ્યા; પણ તેઓ શું કરી શકે ? મુંબાઇ જેવા શહેરમાં ધોળે દિવસે રિવોલ્વરો ફોડી શકાય નહીં ફક્ત તેનાથી દમદાટી દઇ શકાય. એટલે ડિટેક્ટિવની પાછળ રિવોલ્વરો ફોડવાની હિમ્મત મવાલીઓથી થઇ શકી નહીં. પણ એક જણે પોતાના ખિસ્સામાંથી ‘મવાલી–ચપ્પુ’ બહાર કાઢયું અને તેનું પાનું હાથામાથી ખોલીને, નિશાન તાકીને, ડિટેક્ટિવ તરફ ફેંકયું. ડિટેક્ટિવ તો દોરડાથી ઝુલા ખાતો હતો ! ચપ્પુ ફક્ત થાંભલામાં અથડાઇ “ફટિં-ઈઇગ,” અવાજ સહિત નીચે જમીન પર પડયું. આ જોઈ તે નાંખનાર, ગુસ્સે થઇ, ઓરડીમાંથી બહાર નીકળ્યો.

ડિટેક્ટિવે ઝુલા ખાતાં ખાતાં આખરે થાંભલો પકડી લીધો અને દોરડું પોતાના હાથથી છોડી દઇ, જાણે પોતાને મુક્તિ અપાવનાર કોઇ જુનો પરમ મિત્ર પોતાને મળ્યો હોય તેમ થાંભલાને તે બાઝી પડયો. હાથ તે થાંભલાની આસપાસ તેણે વીંટાળ્યા અને પગની ચૂડ તે થાંભલાને તેણે ભરાવી. બસ. હવેનું કામ ઘણું સહેલું હતું. થાંભલા પરથી તેણે પોતાના શરીરને સરકાવ્યું અને પળકમાં તે જમીનપર આવી પહોંચ્યો. જ્યાં તે આવ્યો તે પણ એક ગલીનો રસ્તો હતો. માણસોની સાધારણ અવરજવર ત્યાં હતી. ડિટેક્ટિવે એ રસ્તા પર ઉભા રહી, ઉંચે બારી તરફ જોયું. તેમાં મવાલીઓ ઉભા ઉભા તેને જોતા હતા. છટાબંધ લટક સલામી તેઓને કરી તે પસાર થયો !

જ્યારે મવાલીઓએ જોયું કે, આ તો છટકયો ત્યારે ક્રોધ અને નિરાશાથી ખસીયાણા પડેલા તેઓ જાલિમસિંહ પાસે ગયા.

“ ઇધર કયોં આયે ? ” જાલિમસિંહે પૂછયું.

“ પંછી ચલ બસા ! હમ કયા કરેં ? ” મવાલીઓમાંના એકે બેદરકારીથી જવાબ દીધો.

“ કિસ તરાંહસે ? કયા તુમકો નિંદ આઇ થી ? ” જાલિમસિંહે ગુસ્સાથી અને આશ્ચર્યથી પ્રશ્નો કર્યા.

એક મવાલીએ ડિટેક્ટિવની છટકવાની રીતનું વર્ણન કર્યું. તે ઓરડીની બારીમાંથી જાલિમસિંહે બહાર નજર કરી. ખરેજ ! ટેલીફોનના થાંભલાપર એક દોરડું લટકતું હતું અને ડિટેક્ટિવ ત્યાં નહતો, એમ તેના જોવામાં આવ્યું.

હાથની હથેલીઓ ઘસતો તે સ્વગત બોલ્યો: “ભાકુતી તે ભાકુતી જ ! આ લોકોએ મારી તમામ બાજી ઉંધી વાળી ! ” પણ તે યે ડિટેક્ટિવ જેવો સમયસૂચક હતો. આનું શું પરિણામ આવશે, એનો ખ્યાલ તેણે એકદમ કરી લીધો. ડિટેક્ટિવ છુટયો છે, તો હવે જરૂર પોલિસનાં માણસોની મદદ લઇને અહીં આવી પહોંચશે. આ સ્થાન હવે બિલકુલ સલામત નથી. ઉસ્માન અને ખુદાબક્ષ પાસેથી સુરતવાળા રાવબહાદૂર સંબંધી કાંઈ વધુ વિગતો મેળવવા માટે ડિટેક્ટિવને બાજુની ઓરડીમાં છોડીને પોતે આ ઓરડીમાં આવ્યો, એ એક જબરી ભૂલ થઇ, એમ તેને લાગ્યું. ઉસ્માન અને ખુદાબક્ષ, ડિટેક્ટિવ છુટયો છે એ જાણીને હવે તો માહિતી આપનારો એક પણ અક્ષર નહીં કાઢે અને તેઓ ઉપર જુલ્મ ગુજારી તે માહિતી બહાર કઢાવવા જેટલો અવકાશ નથી ! આમ વિચારી જાલિમસિંહે પોતાના ભાકુતી સાથીદારોને કહ્યું: “ ચલો યહાંસે ડેરા તંબૂ ઉઠાવ ! પુલિસ કી ઘોંસ અબ આ પહોંચેગી ! ”

એક મવાલીએ ઉસ્માન અને ખુદાબક્ષનું શું કરવું છે, એમ ઈશારતથી તેને પૂછયું. જવાબમાં ઇશારતથીજ આંખ મીંચકારીને તે બારી આગળ ગયો અને બારી બંધ કરી દઈ એક મવાલીને કહ્યું: “ ઇધર તાલા લગાઓ ” બાજુની ઓરડીમાં દોડીને એક જણ તાળું લઇ આવ્યો

અને બારીની સાંકળમાં તે લગાવી દીધું. બાદ ઉસ્માન અને ખુદાબક્ષના મોંમાં ડૂચા દઇ તેઓને તે ઓરડીમાંજ રાખી તેઓ બહાર નીકળ્યા અને ઓરડીનું બારણું બહારથી વાસી તેના ઉપર પણ તાળું લગાવી તેઓ ચાલીને દાદરેથી ઉતરવા લાગ્યા.

દાદરેથી ઉતરનારાઓમાં જાલિમસિંહ સૌથી છેલ્લો હતો. બીજા મવાલીઓ દાદર ઉતરી ચૂક્યા હતા અને તે અધવચ્ચ હતો; એટલામાં ડિટેક્ટિવ વાળી ઓરડીમાંથી ડિટેક્ટિવ તરફ ચપ્પુ ફેંકનાર મવાલી કે જે ચપ્પુ ડિટેક્ટિવને નહીં વાગવાથી નિરાશ થઇ તેની પાછળ પડવાના ઇરાદાથી ઓરડી બહાર નીકળી ગયો હતો અને કોઇને ખબર આપ્યા વિના જ ચાલી બહાર ગયો હતો, તે ત્યાં હાંફળો ફાંફળો આવી પહોચ્યો અને બોલ્યો: "પોલિસ!"

સૌના ચહેરા ફિક્કા મારી ગયા. જાલિમસિંહને લાગ્યું કે, કર્યું કારવ્યું હવે બધું ધૂળમાં મળ્યું અને મુંબાઇના કાળી ડગલી વાળાનો પંઝો હવે જરૂર પોતાની ઉપર ઉપડશે! જો એમ થાય તો, કુન્દનપૂરની રાજગાદી કોઇ બીજાને હાથ જશે! રાજહંસ મેળવવાની તમામ ઇચ્છાઓ ફૂલ થઇ જશે! અને કારાગૃહમાં કાયમને માટે સબડવું પડશે અથવા તો ખૂનના તહોમતસર દેહાંતદંડની સજા પામી, આ દૂનિયાને 'છેલ્લી સલામ' કરવી પડશે!

"પણ એમ હિમ્મત હારે, એ તો બીજા—જાલિમ નહીં!" એવું સ્વગત પટપટીને તે દાદર ઉપર ચઢીને ચાલીમાં આવ્યો અને તેને પાછા ગયેલો જોઇને મવાલીઓ પણ દાદરે ચઢવા પાછા ફરીને દોડયા. ત્યા તો "ખબરદાર!" એવો અવાજ પાછળથી સંભળાયો. "હાથ ઉંચા કરો. અને જ્યાં છો ત્યાંજ ઉભા રહો; નહીંતર ગોળીબાર કરીશું." એવી ધમકી પણ તેઓના સાંભળવામા આવી.

ગોળીબારથી ઠાર થવા ખુદ ખૂની પણ ઇચ્છે નહીં તો પછી આ બદમાશો શેના ઇચ્છે? તેઓમાનો પ્રત્યેક જણુ જ્યાં હતો ત્યા થોભી ગયો. તેઓમાંના દરેકે પોતાના બન્ને હાથ ઉંચા કર્યા.

તરતજ પોલિસનાં સંખ્યાબંધ માણુસોએ તેમને ઘેરી લીધા અને દરેક જણુના હાથમા દસ્તકલા પહેરાવી દીધી.

"પણ આમાં મુખ્ય આગેવાન જણાતો નથી, સારજંટ સા'બ!"

આ શબ્દો બોલનાર તેજ છુપી પોલિસનો સિપાઇ નં. ૧૨૮ હતો, જે બદમાશોની મોટરના પાછળના 'ટાયર' માં લપાઇ રહ્યો હતો; જેણે રસ્તામાંના ચોકીઆત પોલિસમેનને પોલિસની મદદ માટે ચિઠ્ઠી આપી હતી અને જે બદમાશોનું આ સ્થળ જોઈ, મોટરોના નંબરો નોંધી, પાછો ગયો હતો. જે પોલિસને તેણે ચિઠ્ઠી આપી હતી તે પોલિસની ચોકીની જગ્યાએ તે પહોચ્યો હતો ત્યારે તેને પોલિસે ખબર આપી હતી કે, "એક મોટર–સાઇકિલસ્ટ સારજંટ થોડીવાર ઉપર અહીંથી પસાર થયો હતો. તેને તારી ચિઠ્ઠી આપી છે. તેણે તે વાંચીને ફરમાવ્યું છે કે, એક ટુકડી હમણાંજ લાવું છું; માટે અહીં થોભજે."

આશરે ૦૧ કલાકના અરસામાં તે પછી ત્રણ "પોલિસ મોટર–વાન" અને સાઇકિલસ્ટ સારજંટ આવી પહોંચ્યા હતા; જેઓને લઇને નં. ૧૨૮ આ સ્થળે તાબડતોબ આવી પહોંચ્યો હતો. તેણે મુખ્ય બદમાશ—એટલે કે જાલિમસિંહને—આ પકડાયલાઓમાં ન જોયો, એટલે તેની ગેરહાજરી વિષે સવાલ કર્યો હતો. તે સાંભળીને સારજંટે હુકમ આપ્યો: "મકાન પર ચલો."

પકડાયલા બદમાશોને લઇને થોડાક પોલિસ–સપાઇઓ મોટર–ગાડી આગળ ગયા અને બાકીના તમામ સાથે નં. ૧૨૮ અને સારજંટ તે ચાલી પર ચઢ્યા.

એ ચાલી ત્રણ માળની હતી. તેમાં બધી મળીને ૨૧ ઓરડીઓ હતી. સાત ભોંય તળીએ, સાત વચલે માળ અને સાત છેલ્લે માળ. એ તમામ ઓરડીઓ ખૂંદી વળવાનો હુકમ સિપાઇઓને મળ્યો. ઘણીક ઓરડીઓને બહારથી તાળાં હતાં અને ઘણીક ખુલ્લી હતી, જેમાં ગરીબ અને કંગાલ મુસલમાનોનો વસવાટ હતો.

વચલા માળની બીજી ઓરડીનું તાળું ખોલવામાં આવતાં તેમાંથી ઉસ્માન અને ખુદાબક્ષ જકડાયલી હાલતમા મળી આવ્યા. એકસો અઠ્ઠાવીસ નંબરના સિપાઇએ તેઓને ડિટેક્ટિવના સાથીદારો તરીકે ઓળખીને તરતજ તેમને બંધનમુક્ત કરાવ્યા.

"ડિટેક્ટિવ સાહેબ ક્યાં છે?" તેણે પૂછ્યું.

"તેઓ સાહેબ તો ચાલાકીથી છુટા થઇ પસાર થઇ ગયા!" ઉસ્માને જવાબ દીધો. સારજંટે એ સાંભળી ડિટેક્ટિવની ચાલાકીની હકીકત જાણવા માગી, જેનું વર્ણન, બદમાશોએ જાલિમસિંહ પાસે કર્યું હતું તે ઉસ્માને સાંભળેલું હોવાથી કર્યું એટલે સારજંટ બોલી ઉઠયો: "વેલ–ડન!"

"પણ મુખ્ય બદમાશ ક્યાં છે?" એકસો અઠ્ઠાવિસમા નંબરે ઉસ્માનને પૂછ્યું.

"તે મવાલીઓ સાથેજ બહાર નીકળ્યો હતો."

"તે બહાર નહોતો. માટે અહીંજ ક્યાંક છુપાયો હશે. અમે ચાંપતી તપાસ કરી તેને પકડી પાડીશું."

તેઓએ દરેક ખોલી તપાસી. ચાલીના દરેક ખૂણા તપાસ્યા પણ જાલિમસિંહ તેઓને હાથ આવ્યો નહીં. અર્ધા–પોણા કલાક સુધી તેઓની તપાસ ચાલુ રહી. દરેક બંધ ઓરડીના તાળા તોડીને તેને ખુલ્લી કરવામા આવી: જે દરેક ઉઘાડી હતી તેમાં વસતાં માણુસોને બારિક પ્રશ્નો ઉપર પ્રશ્નો કરવામાં આવ્યા. તેઓના ઇતિહાસ,

તેમના ધંધા વગેરેની પૂછપરછ કરવામાં આવી પણ તે છતાંયે જાલિમસિંહ તેઓમાંથી મળી આવ્યો નહીં !

બનતી સર્વ તપાસ ચાલીમાં કર્યા પછી તેના પાછલા ભાગની જે ગલીમાં બારીઓ પડતી હતી, તે ગલીમાં સિપાઇઓને મોકલીને તપાસ કરાવવામાં આવી પણ જનાબની સ્વારી હાથ ન આવી તે ન જ આવી ! ત્રણ પોલિસ સિપાઇઓને આ ચાલી બહાર આગલા ભાગમાં અને ત્રણને પાછલી ગલીમાં ખાસ પહેરો સોંપી પકડાયલા મવાલીઓને પોલિસ-ગાડીઓમાં પૂરી સારજંટ "હેડ-ક્વોર્ટર્સ" તરફ ચાલ્યો. ઉસ્માન અને ખુદાબક્ષને પણ તેણે સાથે લીધા નં. ૧૨૮ પણ મોટર-ગાડી માંહેલા સિપાઇઓ ભેગો બેસી ગયો. તે પોતાના મનમાં વિચાર કરવા લાગ્યો: "એ બદમાશ છટક્યો શી રીતે ? અને ગયો ક્યાં ? તે કેમ હાથ આવ્યો નહીં ?"

પોલિસ-હેડ-ક્વૉર્ટર્સ પર આ બધા પહોંચ્યા ત્યારે તેઓના જોવામાં આવ્યું કે, પોલિસ કમિશનર સાથે હીનેન્દ્રરાય ત્યાં વાત કરતો બેઠો છે.

મરનારની લાશ ત્યાં પડી છે. ઉસ્માને ઓળખાણ આપી કે, તે મારો માણસ રમજુ છે.

ઉસ્માનના આવતા પહેલાં મરનાર સંબંધી કેટલીક તપાસ ડિટેક્ટિવે કરી હતી. તેના ખિસ્સાંથી નીકળેલું પ્રથમ-રાયનું શરનામું તથા બે તાર તેણે વાંચ્યા હતા. એ બાદ તેણે એ જાણવા તજવીજ કરી જોઇ હતી કે, ખૂન કિયા હથીઆરથી થયું છે તેમજ જાલિમસિંહે તે કર્યું છે કે બીજા કોઈએ ? અને ખૂન થવાનું કારણ શું ? મરનારના શરીરની તપાસ લેતાં તે ઉપર રિવોલ્વર કે છુરીનો ઘા જણાયો નહીં; પરંતુ તેના હાથની આંગળી ઉપર ઘા હતો અને તેમાંથી નીકળેલા લોહીના ડાઘ ત્યાં જામેલા હતા. તરતજ તે જોઇને ડિટેક્ટિવે કલ્પના કરી લીધી કે, ખૂની જાલિમસિંહજ છે અને તેણે પોતાની ઝેરી વીંટીનો ઉપયોગ આ બિચારા માણસ ઉપર કર્યો છે. પણ શા માટે ? નિર્દોષનું બલિદાન તેણે લીધું શા માટે ? આ ગૂંચનો ઉકેલ તે કરી શક્યો નહીં. બેશક, હંસને લગતી બાબતમાં કાંઇક રકઝક થઇ હોય અને તેથી તેણે તેનું ખૂન કર્યું હોય, એ ડિટેક્ટિવને સંભવિત લાગ્યું.

પોલિસ-કમિશનરે તેને તેનાં અનુમાનો સંબંધમાં પૂછપરછ કરતાં તેણે વીંટીનો પોતાના પર જાલિમસિંહે એકવાર કરવા ધારેલો ઉપયોગ અને તેમાં મળેલી નિષ્ફળતા તેમજ કુન્દનપુરની રાજગાદી માટે હંસને લગતી બાબતની વાત તેને કહેવા માંડી. જ્યારે ઉસ્માન વગેરે હેડ-ક્વૉર્ટર્સ ઉપર આવી પહોંચ્યા ત્યારે ડિટેક્ટિવ પોલિસ-કમિશનરને આ વાત કહેતો હતો.

પકડાનારાઓમાં મુખ્ય શખ્સ નથી, એ જોઇને ડિટેક્ટિવને પણ નિરાશા ઉપજી. તેણે અનુમાન કર્યું કે, જે પાછલી ગલીમાંથી પોતે નાસી આવ્યો તેજ ગલી વાટે જાલિમસિંહ આ બધાની નજર ચૂકવીને નાઠો હોવો જોઇએ.

"ખૂની ક્યાં હશે ? તેને શોધવા માટે મિ. હીનન્દ્રરાય, ખાતાના કેટલા સિપાઈઓની મદદ તમારે જોઇએ ?" પોલિસ કમિશનરે ડિટેક્ટિવને પૂછ્યું.

"એકકેની નહીં, સાહેબ."

"કેમ ?"

"આપ નિશ્ચિંત રહેજો કે, આ ખૂની પાતાળમાં હશે તોપણ તેનો અને મારો મેળાપ થવાનો જ. કારણ અમારૂં બેનું દૃષ્ટિબિન્દુ એકજ છે. તે રાજહંસ મેળવવા મથે છે. હું પણ તેજ મેળવવા મથું છું. મને હાલ તુર્ત કોઇ મદદગારની જરૂર નથી. જ્યારે જરૂર પડશે ત્યારે હું માગણી કરીશ. દરમ્યાન આપ આ ફણગા રૂપ પકડાયલી બદમાશીના ગુન્હેગારોની તપાસનું કામ પતવી ધ્યો."

પોલિસ-કમિશનરને તેનામાં વિશ્વાસ હતો તેથી તેણે તેની ઇચ્છામાં અંતરાય નાંખ્યો નહીં.



પરિચ્છેદ ૧૭.

ધંધાદારી હરીફ!

ડિટેક્ટિવને પોલિસ કમિશનરે જાલિમસિંહને પકડવાના સંબંધમાં એકલે હાથે કામ કરવા દેવાનો નિર્ણય જાહેર કર્યો કે, તરતજ ડિટેક્ટિવે તારનો સંદેશો મોકલવાનું એક ફૉર્મ માગ્યું. તે તેને આપવામાં આવતાં તેણે નીચેનો સંદેશો લખી કાઢ્યોઃ

"પોલિસ ખાતાના મુખ્ય અધિકારી, માઉન્ટ આબુઃ રાવબહાદુર મણિધર પ્રસાદ અમીધર પ્રસાદ નામના એક સુરતી ગૃહસ્થ તાત્કાલિક આબુમાં આવ્યા છે. તેઓને મળો. તપાસ કરો કે, તેમની પાસે રૂપાનો એક હંસ છે? તે હોય તો તેમને ખબર આપો કે, હું જાતે ત્યાં આવું છું માટે મારી સાથે વાતચીત કર્યા સિવાય તે હંસ કોઇપણ જોખમે અને હિસાબે તેઓ બીજા કોઇને આપે નહીં–ડિટેક્ટિવ દીનેન્દ્રરાય."

આ સંદેશો પોલિસ–કમિશનરે વાંચીને કહ્યુંઃ "આ તો આપણા ખાતાના નિવૃત્ત થયેલા ગૃહસ્થ છે!"

"એમ! તેઓ અહીં જ કામ કરતા હતા?" ડિટેક્ટિવે પૂછ્યું.

"નહીં. બહારગામ. તેઓ આસિસ્ટંટ–પોલિસ સુપ્રીન્ટેન્ડેન્ટની પાયરી સુધી પહોંચ્યા પછી હાલ પેન્શન પર છે. તેમણે પોતાની કારકીર્દીમાં ખેડા બોરસદ વગેરે જીલ્લામાંથી બહારવટીઆઓને પકડેલા હતા. તેઓ છેલ્લા ખાનદેશમાં હતા. ત્યાંથી આશરે બે વર્ષ ઉપર તેમણે પેન્શન લીધું છે."

"હવે મને કેટલુંક સમજાય છે કે, હું જે મૂળ બાબતમાં શોધ ચલાવી રહ્યો છું તેમાં આ ગૃહસ્થે કેમ રસ લીધો છે."

ડિટેક્ટિવે અત્રે ઉસ્માન પાસે આ રાવબહાદુર ગયાની અને તેની મારફત નકલી હંસ બનાવરાવ્યાની તેમજ તે બાદ અસલ અને નકલ એ બન્નેનો ઘોટાળો કરી પસાર થઇ ગયાની વાત પોલિસ–કમિશનરને કહી. એ સાંભળીને તે અમલદારે કહ્યુંઃ "ઓહો! ત્યારે તો તમારો ધંધાદારી હરીફ જાગ્યો, એમ લાગે છે! એ રાવબહાદુર હાલમાં કદાચ ડિટેક્ટિવ બની ગયા હશે!"

"તેની કાંઇ ચિન્તા નથી. જે તેમણે ખરેજ આ હંસ સાચી દાનતથી લીધો હશે–"

"એમાં તો મને શંકા લાગતી નથી. તમે હંસ ગુમ થયાનાં જાહેરનામાં કાઢયાં હતાં, એટલે કાંઇ અગત્યની વીગત હંસમાં હોવાનું માની લઇને આ કેસમાં તે પડયા હોય અને કદાચ ડિટેક્ટિવ તરીકેના પોતાના પહેલાજ કેસમાં નામના મેળવવાનો તેમનો હેતુ હોય, એ સંભવિત છે."

ડિટેક્ટિવે કહ્યુંઃ "તેથી હું ઔર ખુશી થઇશ. મને આ બાબતમાં એટલુંજ જાણવાની ખાસ ઇંતેજારી છે કે, એ હંસનો ભેદ શો છે અને એ હંસ વડે જે ગાદીવારસ શોધી શકાય તેમ છે તે કયાં છે! જો એ કામ રાવબહાદુરે પાર પાડયું હશે, તો મારૂં વચન તેમણે પાળ્યું તે માટે હું ઉલ્ટો તેમનો આભાર માનીશ અને એટલાજ માટે હવે આ તારનો સંદેશો તાકીદે આબુ મોકલવાની જરૂર છે. તેમાં હું બીજા શબ્દો ઉમેરૂં છું કે 'તપાસ કરીને ઝટ તારથી જવાબ આપો' એટલે આપોઆપ બધો સ્ફોટ થશે."

બાદ મજકુર સંદેશામાં ઉમેરો કરીને એક પોલિસ–કૉન્સ્ટેબલને તે આપવામાં આવ્યો અને તાકીદના સંદેશા તરીકે રવાના કરવા તેને વરદી અપાઈ.

એ પછી પકડાયલા ત્રણ પઠાણોની ઝડતી લેવાનું અને તેઓને પૂછપરછ કરવાનું કામ પોલિસ–કમિશનરે ચલાવ્યું, જે દરમ્યાન ડિટેક્ટિવ ત્યાં બેસી રહ્યો.

તેઓને જાલિમસિંહનો ભેટો કયાં અને શા સબબે થયો, તેની પૂછપરછ કરવામાં આવતાં તે ઉપરથી માલુમ પડયું કે, પઠાણોને તેણે એક ગલી આગળ વાત કરતા ઉભેલા જોઈને ૨૦૦ રૂપીઆની નોટો આપી હતી અને બે ત્રણ માણસોને પકડવા તથા તેઓ પાસેથી કેટલીક હકીકતો કબૂલ કરાવવા અને તેમના ઉપર સિતમ ગુજારવા કોઇક એકાન્ત જગ્યા જાણવા માગી હતી. પઠાણોએ પોતાનાં રહેઠાણને એવી જગ્યા તરીકે જણાવ્યાથી જાલિમસિંહ તેઓની મદદથી ધોળે દિવસે ધાંધલ મચાવીને ડિટેક્ટિવ વગેરેને ઉઠાવી જઇ શકયો હતો. (આ વિગત પરિચ્છેદ ૧૫ માં આવી ગઇ છે.) નં. ૧૨૮ ના છુપી પોલિસના આદમીએ આ ગુન્હો નજરે જોયો હતો. પઠાણોએ કેવળ નાણાંના લોભથી બદમાશીમાં સામેલગિરી કરી તે માટે પોલિસ–કમિશનરે તેઓને ઠપકો આપ્યો. તેમની પાસેથી જાલિમસિંહ વાળી તેમજ બીજી નોટો અને બીજી જે ચીજો મળી આવી તેની નોંધ એક પોલિસ–કારકુન કરવા લાગ્યો.

પોલિસ ખાતાનો દરેક માણસ જ્યારે એક ગુન્હો પકડાય છે ત્યારે તે ગુન્હાના કોઇ બીજા ફણગાઓ છે કે કેમ તે માટે શંકાખોર નજરેજ દરેક બાબત અને દરેક

સંયોગની તપાસ લે છે. આ સાધારણ પોલિસ-કારકુન પણ એવી શંકાખોર દૃષ્ટિથી દરેક ચીજની નોંધ કરવા લાગ્યો. દરેક ચીજ આમ તેમ કંઈ નહીં તો પાંચ-પંદર વખત તે જોતો રહ્યો. નોટોના નંબર નોંધતાં નોંધતાં તેણે તે નોટો સાચી છે યા બનાવટી એવી શંકાખોર વૃત્તિથી તે તપાસી અને ખરેજ તેની દૃષ્ટિ ફાવી ! તેણે એક નોટમાં "વોટર માર્ક" નહીં હોવાનું શોધી કાઢયું અને તેને પરિણામે તમામ નોટો બરાબર જોઇ. તેમાથી રૂા. ૨૦૦ ની નોટો બનાવટી તરીકે અને બાકીની રૂા. ૮૦ ની નોટો સાચી તરીકે પરતાળી કાઢી.

આ શોધ કરીને પોલિસ-કારકુને ઉત્સાહભેર સાહેબ આગળ તે નોટો રજુ કરીને સાચી સાથે બનાવટીની સરખામણી કરીને તફાવત પુરવાર કરી આપ્યો; જેથી પોલિસ-કમિશનરની ખાત્રી થઇ કે, રૂા. ૨૦૦ ની નોટો બનાવટી છે !

જાલિમસિંહે એટલી રકમની નોટો પઠાણોને આપી હતી, એ વાત પઠાણોએ કબૂલ કરી હતી. તેઓને વધુ પૂછપરછ કરતાં તે વાત તેમણે ફરીથી કબૂલ કરી અને ઉસ્માન તેમજ ખુદાબક્ષના પાકીટોમાંથી બીજી નોટો મળ્યાનું કહ્યું.

ખુદાબક્ષે પોતાની નોટો ૫૦ ની હોવાનું અને ઉસ્માને પોતાની નોટો ૩૦ ની હોવાનું કહ્યું.

વધારામાં ખુદાબક્ષે કહ્યું: "મારી પાસે તો ડિટેક્ટિવે મને આપેલી નોટો જ હતી. બાકીના આઠ-દશ છુટા રૂપીઆ હતા." આ ઉપરથી ડિટેક્ટિવે સાક્ષી પુરી કે, "બનાવટી નોટો બેશક જાલિમસિંહે આપેલી નોટો જ હશે. કારણ ખુદાબક્ષને હું કુન્દનપૂરથી અહીં લાવ્યો ત્યારે રૂ. ૫૦ ની નોટો આપી હતી. અને એ નોટોવાળું પાકીટ આ પઠાણોએ પડાવી લીધું હતું. વળી જાલિમ બનાવટી નોટો વાપરતો હતો, એનો પુરાવો મારી પાસે છે. કુન્દનપૂરમાં તેણે એક ખવાસ નામે હરલમને રૂા. ૧૦૦ ની ખોટી નોટો ઓળવી દીધી હતી !"

"ઓહો ! ત્યારે તો આ ગુન્હેગાર બધી બાબતોમાં પ્રવીણ લાગે છે !" પોલિસ-કમિશનરે આશ્ચર્ય બતાવ્યું.

"એમાં તો કશો શક નથી."

"બનાવટી નોટો પાડવાનું શું અહીં તેનું કારખાનું હશે ?"

"ના, મુંબાઇમા તો નહીંજ હોય."

"ત્યારે ક્યાં હશે ?"

"કદાચ કોઇ સ્થળે તેની પોતાની માલેકીનું કારખાનુંજ નહીં હોય ! આ અનુમાનનાં કારણો છે. ઈંગ્લાંડથી તે અહીં આવી ફક્ત થોડાક દિવસ રહેલો. ત્યાથી કુન્દનપૂર બારોબાર આવેલો. એ પછી તો આ ધડાધડી શરૂ થઈ છે. એટલે હિંદુસ્તાનમાં તેને વસવા આવ્યાને બહુ વખત થયો નથી. ઈગ્લાંડથી આવીને તે મુંબઇ રહ્યો તે વચગાળેના દિવસોમાં બનાવટી નોટોનો કોઇક સફર બિલ્લુ તેના હાથમાં આવ્યો હોવો જોઇએ."

"ત્યારે આ બાબતમાં તપાસ કરવી પડશે."

"એ તપાસ આપ બેલાશક ચલાવો."

પોલિસ-કમિશનરે આ તપાસ માથે લીધી અને એ બાદ પકડાયલા પઠાણોને કાચી જેલમાં મોકલી, મરનારની લાશ કોરોનરની અદાલતમાં મોકલાવી. ઉસ્માન સાથે અદાલતમાં આપવાનું માથે લઇને ડિટેક્ટિવ, તેની અને ખુદાબક્ષની સાથે બહાર નીકળી પડયો.

ઉસ્માનને ઘેર થઈ તેની દુકાનની ચાવી લઇ તેઓ ચોર-બજારમાં ગયા. ઉસ્માને દુકાન ખોલી નકલી હંસ જ્યાં મૂકયો હતો તે જગ્યા જોઇ તો તે આભોજ બન્યો ! હંસ ત્યાં નહતો ! આસપાસ બીજે બધે તપાસ કરી પણ તે હાથજ ન આવ્યો ! (વાચકવૃન્દ જાણે છે કે, એ નકલી હંસ તો જાલિમસિંહને હાથ આવી ચૂકેલો હતો અને સરદાર-ગૃહમાં તે નિરાશ થઇને બહાર નીકળ્યો તે પછીજ તેણે રમજાનું ખૂન કર્યું હતું.)

હંસ ન મળ્યાથી ઉસ્માન નિરાશ થયો. ડિટેક્ટિવે કહ્યું: "જાલિમે પઠાણોના મકાનમાં મને દમદાટી દેતી વખતે નકલી હંસ બનાવનારની મુલાકાત રાતના ૧૧ વાગ્યે લીધાની અને તેની પાસેથી બધી વિગત જાણેલી હોવાની વાત કરી હતી. એટલે આપણે કારીગરની મુલાકાત લઈ આવીએ."

ઉસ્માને જવાબ દીધો: "હા. એ બરાબર છે. શામજીને પૂછવાથી માલુમ પડશે કે, નકલી હંસ કોની પાસે છે ? ચાલો, હું તેને ત્યાં આપને લઇ જાઉં."

ખુદાબક્ષ આ બધી ધકાધકીથી કંટાળ્યો હતો. તેણે કહ્યું: "જો તમે બે મહેરબાનો હવે મને છૂટો કરો તો ઠીક ! હવે આ બાબતમાં મને કાંઇ લાગતું વળગતું રહ્યું નથી અને હું તો કંટાળ્યો છું. રજા આપો તો પાછો કુન્દનપૂર જાઉં."

ડિટેક્ટિવે જવાબ દીધો: "તમે આમાં કંટાળી જાઓ, એ સ્વભાવિક છે. તમારી હવે ખાસ જરૂર નથી. બોલો, તમને હવે કેટલા રૂપીઆ મારે આપવા બાકી રહ્યા ?"

ખુદાબક્ષે જવાબ દીધો: "પોલિસ ઓફિસેથી મારા જે રૂા. ૫૦) પાછા આવે તેજ મારે તમને પાછા આપવાના છે ! તે પર મારો હક નથી. તો વધારાના રૂપીઆ પર ક્યાંથી હોય ?"

"હું બક્ષિસ પાછી લેતો નથી."

"તો તેનો ઉપયોગ આપ ફાવે તેમ કરજો. બાકી, હવે જ્યારે હંસની બરાબર બાતમી તમને કે મને કે ઉસ્માનભાઇને પણ મળી નથી ત્યારે બદલાની આશા અમારે રાખવી ન જોઇએ અને આપનો સ્વભાવ જાણ્યા પછી તો અમારે આપને આંકનું ગોપીચંદન કરીને પણ મદદ કરવી જોઇએ !"

ઉસ્માને તેના કહેવાને ટેકો આપ્યો. ખુદાબક્ષને કુન્દનપુર જવા પરવાનગી આપી ઉસ્માન સહિત ડિટેક્ટિવ કારીગર શામજીને ત્યાં ગયો.

તેની ઓળખાણ ઉસ્માને શામજીને આપી, એટલે તે ગભરાઇ ગયો અને બોલ્યો: "કેટલા પોલિસ ખાતાના માણસો મારે ત્યાં આવે છે ! એક જણ આગળ તો મેં બધું કબૂલ કરી દીધું ! હવે પાછા બીજા ?"

ઉસ્માને તેને ધીમેથી બધી સમજ પાડી અને તેને પરિણામે જાલિમસિંહ વેષધારી પોલિસ હતો, એવી શામજીને ખાત્રી થઇ. પરિણામે તેણે જાલિમની મુલાકાતની અને તેને પોતે શું શું કહ્યું હતું તે વિષેની હકીકત કહી (એ હકીકત પરિચ્છેદ ૧૪ માં આવી ગઇ છે.)

આનું મુખ્ય તારતમ્ય ડિટેક્ટિવે એ કાઢ્યું કે, અસલ રૂપેરી રાજહંસમાં શું છે, તે હકીકત રાવબહાદુર સારી રીતે જાણે છે. અને એ હકીકત પોલિસ કમિશનરે કહેલા કારણસર જાણવા રાવબહાદુર ઇન્તેજાર થયા હોવા જોઇએ. જાલિમસિંહ સંબંધમાં તેણે એ સાર દોર્યો કે, રાવ બહાદુરનું સુરતનું શરનામું તેણે જાણ્યું છે પણ તે આબુ ગયા હોવાની વાત તે જાણતો નથી. નકલી હંસ તેણે શામજી પાસેથી નહીં પણ રમજુ પાસેથી મેળવ્યો હોવો જોઇએ.

બસ. આ તારતમ્ય પછી શામજીને ત્યાંથી તેઓ પાછા ફર્યા અને કોરોનરની અદાલતમાં ગયા ત્યાં રીતસર તપાસ ચાલી. સાક્ષીઓ લેવાયા અને આખરે જ્યુરીએ એવો અભિપ્રાય આપ્યો કે: "મરનારનું મોત ઝેરી વીંટીના પ્રયોગથી નીપજાવવામાં આવ્યું છે. કોઇ નહીં જણાયલા સખશે આ ખૂન નીપજાવ્યું છે. તેને શોધી કાઢવાની પોલિસખાતાને ખાસ તાકીદની ભલામણ કરવામાં આવે છે.'

લાશ એ બાદ ઉસ્માનને સોંપી દેવાઇ અને તે તેને દફનાવવાની વ્યવસ્થામાં પડયો.

પોલિસ કમિશનરે આ કામકાજ પત્યા પછી ડિટેક્ટિવના હાથમાં હસતાં હસતાં તારનો એક સંદેશો મૂકયો. તેમાં નીચેનું લખાણ હતું:

"રાવબહાદુર મણિધરપ્રસાદ અહીં આવ્યાજ નથી. આબુમાં હાલમાં એ નામે બીજો કોઇ માણસ રહેતો નથી—પોલિસ અધિકારી-આબુ."

હાડીઆને મન હસવું અને દેડકાના પ્રાણ જાય, એવી ગત થઇ !

પોલિસકમિશનર હસતો હતો અને ડિટેક્ટિવના વદન ઉપર ચિંતાનું વાતાવરણ હતું !

એકજ સવાલ તેના દિલમાં સર્વોપરિ હતો.

"રાવબહાદુર હંસ લઇને ગયો કયાં ?"

પરિચ્છેદ ૧૮.

અપૂર્વ હિમ્મત.

ગંદા લત્તાની ચાલી ઉપર પોલિસના માણસોએ દરોડો પાડયો, ત્યારે જાલિમસિંહ તેઓને જડયો નહતો.

એ તેઓને હાથ ન આવ્યો એમાં નવાઈ ન હતી. પોલિસનાં માણસો આવે છે, એવી ખબર જ્યારે પઠાણોને અપાઈ ત્યારે તે દાદરની અધવચ્ચ ઉભો હતો. ત્યાંથી સ્ફુર્ત્તિથી તે ઉપર ચઢી ગયો હતો, એ અગાઉ જણાવેલું છે. તેણે શ્વાસ લેવા માટે એક પણ સેકન્ડ ગુમાવી નહીં. તે લાગલોજ તે ચાલીના ત્રીજા માળ ઉપર ગયો અને ત્યાંથી છાપરાપર ચઢયો. તેને ખબર હતી કે, ડિટેક્ટિવ ચાલીની પાછલી ગલીમાંથી પસાર થઈ શકયો હતો. તેણે એ માર્ગે છટકી જવાનો નિશ્ચય કર્યો. આગલી બાજુ અને નીચેના ભાગમાં પોલિસના માણસો તપાસમા રોકાયા હતા. તેઓ આવી પહોંચે તે પહેલાંજ તેણે નીચે ઉતરી પડવાનો એક આધાર શોધી લીધો. ગટરનો ગેસ જવાની એક લાંબી પાઈપ મકાનની ભીંતની સરસી જડેલી હતી અને તે છાપરા ઉપર દોઢેક ફીટ ઉંચા દેખાતી હતી. આ પાઈપના આધારે તે સ્ફુર્ત્તિથી નીચેના ભાગમાં સરકી પડયો અને આડુંઅવળું કે આધું

પાછું નહીં જોતાં વેગથી દોટ મૂકીને તે ગલી બહાર નીકળી ગયો. તે આ મુજબ ગયો ત્યાર પછી પોલિસનાં માણસોએ આમ તેમ જે બાવાં માર્યાં અને તેમાં જે નિરાશા મળી તે કેવળ સ્વાભાવિક હતી. તેઓએ પહેરો વગેરે ગોઠવ્યા પણ શિકાર તો અગાઉથીજ છટકી ગયેલો હોવાથી તેઓની એ બધી કાળજી તદ્દન નકામી નીવડી!

જાલિમસિંહે પહેલો વિચાર હવે સુરત તરફ પગલાં માંડવાનો કર્યો. રાવબહાદુર મણિધરપ્રસાદ પાસે અસલ હંસ છે, તેનું તેમણે શું કર્યું, એ જાતે જાણવાની તેને પહેલી જરૂર જણાઈ. તે રેલ્વે સ્ટેશને ગયો; પણ તેને ખબર મળી કે, સુરત તરફની ગાડી અત્યારે મળી શકે તેમ નથી. રાતના ૯।। વાગે એક ટ્રેન જશે. ત્યારે આટલો બધો વખત ગાળવો ક્યાં અને શું કરવું એની વિમાસણ તેને થઇ. તેને ધાસ્તી હતી કે, પોલિસનાં માણસો પોતાની પાછળ છૂટેલાં હોવાથી હરપળે ફરી પકડાઇ જવાનો સંભવ છે. તેથી તે કપડાંની એક દુકાનમા ગયો અને ત્યાંથી એક ઇંગ્લિશ પોષાક ખરીદીને તેણે પહેરી લીધો. સુરતની ગાડી રાતના જતી હોવાથી ડિટેક્ટિવ તો પોતાની પહેલાં નહીંજ જઇ શકે, એવું તેણે પોતાના મનમાં આશ્વાસન લીધું અને હાલના પોષાકમા મુંબાઇના યુરોપીઅન લત્તામાંજ ફરતા રહીને પોલિસનાં માણસોની દૃષ્ટિએ ન પડવું એમ તેણે ઠરાવ્યું.

કેટલોક વખત એ રીતે ગુમાવ્યા બાદ અચાનક તેને એવો વિચાર સ્ફુર્યો કે, "રાવબહાદુરને તારનો સંદેશો મોકલીને રાજહંસ તેની પાસે છે કે નહીં, તેની ખાત્રી કરી લઉં તો કેવું સારૂં? જો તેની પાસે હોય તો જેટલાં નાણાં તે માગે તેટલાં આપવા કહીને તે હંસ પોતાના સિવાય બીજા કોઇને તે આપે નહીં, એવી તેની સાથે ગોઠવણ કરી લેવી."

આ વિચાર ઉપર મનન કરી જોઇને તે તરતજ વડી તાર ઓફીસે ગયો. કેટલાયે કારકુનો ત્યાં તારના સંદેશા સ્વીકારવા બેઠા હતા. એક કારકુનની ડોકાબારી આગળ જઇ તેણે તારનું ફોર્મ માગ્યું અને ત્યાંજ ઉભે ઉભે તે લખવામાં રોકાયો. એટલામાં તેની શયતાન-વૃત્તિ અજમાવવાની એક તક તેને મળી.

તે રાવબહાદુર ઉપરના સંદેશાના શબ્દો ગોઠવતો હતો તેવામાં એક પોલિસનો સિપાઇ તારનો એક સંદેશો લઇને તેજ કારકુનની ડોકાબારી આગળ આવ્યો. તેણે સંદેશો કારકુનને આપ્યો. શબ્દો ગણતાં ગણતાં કારકુને તે સંદેશામાંનું સરનામું બરાબર નહીં ઉકલવાથી સિપાઇને પૂછ્યું: "મોકલનાર કોણ? હીનોદરરાવ?!" સિપાઇએ જવાબ દીધો: હીનોદરરાવ નહી-હીનેન્દ્રરાય." "હં-હં હીનેન્દ્રરાય" એમ પોતાની ભૂલ સુધારીને તેણે સદેશાના શબ્દોની ગણત્રી કરી પૈસા માગ્યા અને બીજી બધી વિધિમાં તે રોકાયો.

"હીનેન્દ્રરાય" શબ્દ જાલિમસિંહને કાને પડતાં તે ચોંક્યો. "જરૂર તે પણ તારનો સંદેશો રાવબહાદુરને મોકલે છે" એમ તેણે માની લીધું. તેને ચોક્કસ લાગ્યું કે, પોતાનો અને તેનો બન્નેના સંદેશા; એક સાથે અથવા તો પહેલો તેનો અને પછી પોતાનો એમ પણ જો રાવબહાદુરને મળે, તો ડિટેક્ટિવના સંદેશા ઉપર વજન અપાશે અને પોતાની મહેનત ફોકટ જશે! હવે શું કરવું? ડિટેક્ટિવનો સંદેશો જતો અટકે, એવો કોઈ ઉપાય ન લઇ શકાય? "જો આ પોલિસનો સિપાઇ મને તાર ઓફિસ બહાર મળ્યો હોત અને તેની પાસે યમદૂત હીનેન્દ્રનો સંદેશો છે, એવું હું જાણતો હોત તો કેવું સારૂં થાત?" જાલિમસિંહ સ્વગત મનમાંજ એ પ્રશ્ન પૂછતાં, સિપાઇ તરફ અને તાર-કારકુન તરફ વારાફરતી જોવા લાગ્યો.

તારના સંદેશાના પૈસા ચુકવાયા; પહોંચ અપાઇ અને સિપાઈ રવાને થયો. હવે કારકુન તે સંદેશાપર છાપ મારવા અને તાર ઓફિસ તરફથી ફોર્મનાં જે ખાનાં રીતસર કેટલુંક લખીને પુરવાં પડે છે, તે વિધિ કરવામાં રોકાયો. દરમ્યાન જાલિમસિંહે તે કારકુનનું શું કરવું, એનો નિર્ણય કરી લીધો.

તેણે તેને ઉદ્દેશીને કહ્યું: "મિસ્ટર, બીજું ફોર્મ આપો." કારકુને તે આપવા પોતાનો હાથ લબાવ્યો; ત્યાં ડોકાબારીમાંથી તે હાથ પકડીને જાલિમસિંહે ધીમા પણ મક્કમ સ્વરે કહ્યું: "મારી સામે જુઓ."

તેણે કારકુનની આંખ સાથે પોતાની આંખ મિલાવીને તેમાંની પાશવી તેજસ્વિતાનાં આંદલનો તેના ઉપર ફેંક્યાં. "હિપ્નોટિઝમ"નો તેનો એ પ્રયોગ બે મિનિટના અરસામાં સફળ થયો અને કારકુન બબુચકની માફક તેના તરફ જોતો રહ્યો. "હીનેન્દ્રરાયનું ફોર્મ મને આપી દે," એમ જાલિમસિંહે ફરમાવ્યું.

તે કારકુનની પાસે હારોહાર ઘણા કારકુનો બેઠા હતા. તેઓ સર્વ પોતપોતાના કામમાં રોકાયલા હતા. તારના સંદેશા મોકલવા આવનારાઓ પણ ઘણા જણ ત્યાં હતા; પણ તે બધા વચ્ચે આંખ મિલાવીને ખૂબ એકાગ્રતાથી જાલિમે આકર્ષણ વિદ્યાનો પ્રયોગ એવી કલાથી અજમાવ્યો અને કારકુનને પોતાની માનસિક વૃત્તિઓને એવો તાબે કરી લીધો કે, જે વિષે બીજા કોઇને શક ઉપજે નહીં. કારકુને તારનું ફોર્મ લઇને જાલિમસિંહને આપ્યું. તેણે તરતજ તે વાંચી લીધું. આપણા મુખ્ય પોલિસ અધિકારીને રાવબહાદુરના સંબંધમાં હીનેન્દ્રરાયે જે તારનો સંદેશો મોકલ્યો હતો, તેજ તે હતો. જાલિમસિંહે પલકમાં પોતાની શયતાની જાળ વધુ પ્રસારી. તેણે આકર્ષણવિદ્યાથી વશવર્ત બનાવેલા કારકુનને કહ્યું: "બીજા ફોર્મ ઉપર હું લખાવું તેમ લખ." કારકુને ફોર્મ લીધું અને જાલિમસિંહ બોલતો ગયો તેમ યંત્રવત્ લખવા માંડયું: "રાવબહાદુર

અખિલેશ્વરપ્રસાદ અહીં આવ્યાજ નથી. આબુમાં હાલમાં એ નામે બીજો કોઇ માણસ રહેતો નથી—પોલિસ અધિકારી, આબુ.”

જાલિમસિંહે કારકુનને કહ્યું: “સિક્કો લગાવ.” કારકુને સિક્કો લગાવ્યો. તેણે તે બાદ સંદેશાનાં બાકીનાં ખાનાંમાં વખત, સ્થળ, વગેરે રીતસર તેજ કારકુન પાસે લખાવ્યાં અને તે સંદેશો પોતાને સ્વાધીન કરી લીધો. એક કવર અને રસિદનું ફોર્મ પણ તેણે તેની પાસેથી મેળવ્યાં અને એ બાદ “ભૂલી જા, તેં આબુના પોલિસ અધિકારી તરફનો સંદેશો લખ્યોજ નથી. તું એ વિષે કાંઇ જાણતો જ નથી. સમજ્યો ?” આમ કહીને તેણે પોતાની આકર્ષણશક્તિ તેના ઉપરથી પાછી ખેંચી લીધી અને તાર ઓફિસમાંથી તે ચાલતો થયો.

તેના જવા પછી કારકુન થોડીવારે ભાનમાં આવ્યો અને પોતાનું કામ કરવા લાગ્યો. તેનાપર કરેલા પ્રયોગની જાણ તેને રહી નહીં.

જાલિમસિંહ તાર ઓફિસમાંથી નીકળ્યો અને લગભગ બે ત્રણ કલાક ગુમાવીને તે પોલિસ કમિશનરની ઓફિસમાં ગયો. તેણે ત્યાં ‘હીનેન્દ્રરાય’ નામ પોકાર્યું. તેને કહેવામાં આવ્યું કે, તેઓ કોરોનરની અદાલતમાં ગયા છે, ત્યાં જા. વેષધારી તારવાળો કોરોનરની અદાલત આગળ ગયો. પોલિસ-કમિશનર એ વખતે થોડીક મિનિટ માટે અદાલતની બહાર આવીને એક પોલિસ-સિપાઈ સાથે વાત કરતો હતો તેની પાસે જઇને વેષધારી તારવાળાએ પૂછ્યું: “હીનેન્દ્રરાય ઇકડે આહે ? ત્યાચા નાંવાચાં તાર આહે !”

પોલિસ-કમિશનરે તે સંદેશો પોતે લઇ લીધો તે વાંચી પોતાના ખિસ્સામાં મૂક્યો; એટલે તારવાળો ગચ્છંતિ કરી ગયો !

કોરોનરની અદાલતનું કામ પૂરૂં થતાં જે તારનો સંદેશો પોલિસ-કમિશનરે ડિટેક્ટિવના હાથમાં મૂક્યો હતો તે આ જ હતો ! તેને કે ડિટેક્ટિવને જો ખબર હોત કે, આ બનાવટી સંદેશો છે, તો કેવું સારૂં થાત ? તે સંદેશો પોલિસ કમિશનરને હાથોહાથ આપનાર તેજ ખૂની છે જેણે કરેલા ખૂનની લાશની તપાસ અત્યારે કોરોનરની અદાલતમાં થઇ રહી છે, એવું પોલિસ-કમિશનર જાણતો હોત, તો કેવું સારૂં થાત ?

શું ડિટેક્ટિવને એ સંદેશો બનાવટી હોવાની ખબર ન જ પડી ?

તારનો સંદેશો બનાવટી હોવાનો ભેદ સાંજના લગભગ ૭ા વાગ્યાને શુમારે ખુલ્યો, જે વેળા ડિટેક્ટિવ ચોપાટી ખાતે પોતાના ઘરમાં બેઠો હતો. કોરોનરની અદાલતમાંથી સાડા પાંચ વાગ્યાને શુમારે પાછો ફરીને તે એ વિચારમાં રોકાયો હતો, કે હવે કઈ દિશામાં જવું. ટ્રેન રાતના ૯ા વાગે ઉપડતી હતી. તેવામાં, ઉપર કહ્યું તેમ, ૭ા વાગ્યાના અરસામાં નં. ૧૨૮ નો સિપાઇ પોલિસ-કમિશનરને ત્યાંથી તેને ત્યાં આવી પહોંચ્યો. સલામ કરીને તેણે ડિટેક્ટિવના હાથમાં તારનો એક સંદેશો મૂક્યો. એ સંદેશો વાચીને ડિટેક્ટિવ અજબ થયો. તેમાં લખાણ નીચે મુજબ હતું:

“રાવબહાદુર અખિલેશ્વરપ્રસાદ અહીં આબુમાં છે. આપનો સંદેશો તેમને વંચાવ્યો છે. આપનાં દર્શનનો લાભ મળવાથી આનંદ થશે, એમ કહે છે.—પોલિસ અધિકારી આબુ.”

“આ શું ?!” ડિટેક્ટિવ અજાયબ થતાં બોલી ઉઠયો: “પહેલા સંદેશામાં રાવબહાદુર અહીં નથી એમ ખબર અપાઈ અને આ બીજા સંદેશામાં આવી ખબર કેમ અપાઇ ?!”

“પોલિસ કમિશનર સાહેબ પણ એજ ગુંચવણમાં પડયા છે !” સિપાઇએ કહ્યું: “પણ તેઓ સાહેબે આ તાર ઉપર આધાર રાખવા અને આબુ જવા આપને ભલામણ કરી છે.”

“પણ પહેલો સંદેશો આથી ઉલ્ટા પ્રકારનો કેમ આવ્યો ?”

“એનો ખુલાસો આબુના પોલિસ-કમિશનર સાહેબને પૂછીને જ આપ મેળવી શકશો, એમ સાહેબ કહેતા હતા.”

“વારૂ.” એમ જણાવી સિપાઇને વદાય કરી ડિટેક્ટિવે બન્ને સદેશાઓ પોતાના હાથમાં લીધા; અને વિચાર કરવા માંડયો કે, “આ બે સંદેશા ઉલ્ટા-સુલ્ટી આવ્યા છે એટલે બેમાંથી એક બનાવટી હશે, એ ચોક્કસ. જો તેમ હોય તો તે મૂકનાર કોણ ? બેશક, એ બનાવટી સંદેશો મૂકનાર જાલિમ જ હોવો જોઇએ ! જો જાલિમ હોય, તો તે શું આબુ પહોંચી ગયો હશે ? તેણે કેવી રીતે જાણ્યું હશે કે, રાવબહાદુર આબુમા છે ? કારીગર શામજીની તેણે મુલાકાત અહીં લીધી હતી. પણ શામજીને રાવબહાદુર આબુમાં હોવાની ખબર નથી; કારણ કે, ઉસ્માન સુરત ગયો ત્યાર પછી ઉસ્માનને સુરતથી ખબર મળી હતી કે, રાવબહાદુર આબુમાં છે. એટલે શામજી આ હકીકતથી વાકેફ નહોવાથી જાલિમે શામજી પાસેથી તો તે બાતમી નહીં જ મેળવી હોય. ત્યારે ક્યાંથી મેળવી હશે ?”

આ પ્રશ્નનો જવાબ ડિટેક્ટિવ ઉપજાવી શક્યો નહીં. બેમાંથી એક તાર બનાવટી છે, એ તો ચોક્કસ. આબુના પોલિસ-અધિકારી પાસે જતાં તેનો ખુલાસો મેળવી શકાશે, એવો નિર્ણય કરી, તેણે આબુ જવા તૈયારી કરી.

૦ા કલાકમાં તૈયાર થઇને તે પોતાના ઘર બહાર નીકળ્યો. ટ્રેનનો વખત પુષ્કળ ફાજલ હતો તેથી જ્યાંથી ટ્રેન ઉપડતી ત્યાંથી એટલે કોલાબાથી ટ્રેનમાં બેસવા નક્કી કરીને તેણે ભાડુતી મોટર કોલાબા તરફ હંકારાવી.

માર્ગમાં વળી તાર ઓફિસ આગળથી પસાર થતાં તેના પગથીઆં ઉપર તેણે પોલિસ-કમિશનરને તાર ખાતાના વડા સાહેબ સાથે વાત કરતો ઉભેલો દીઠો. ડિટેક્ટિવ પોતાની ગાડી થોભાવીને તેઓ પાસે જઇ પહોંચ્યો.

"તમને બોલાવવા મારા સિપાઇને મેં બે મિનિટ ઉપર જ મોકલ્યો; એટલામાં તમે કેવી રીતે આવી પહોંચ્યા ?" પોલિસ-કમિશનરે પૂછ્યું.

"હું આબુ જાઉં છું. લોલાબાથી ટ્રેનમાં બેસવા જતો હતો તેવામાં તમને મેં જોયા." ડિટેક્ટિવે જવાબ દીધો.

"એજ તમારા આબુ-પ્રકરણની ચર્ચા અહીં ચાલે છે. આબુના પોલિસ-અધિકારીના પરસ્પર-વિરૂદ્ધ બે સંદેશા આવ્યા, તે ઉપરથી હું અહીં તપાસ કરવા અને જરૂર પડે તો તેઓ સાહેબને ખાસ 'શબ્દો' કહેવરાવવી ખુલાસો મેળવવા અહીં આવ્યો. અહીં તપાસ કરતાં મને માલુમ પડે છે કે, જે સંદેશો તમને અહીં પહેલો મળ્યો છે, તે આબુથી આવ્યાની નોંધ જ અહીં નથી! આ ઉપરથી તમને મળેલા તે સંદેશાનો નંબર, તેમાંના અક્ષર વગેરેની તપાસ માટે તે સંદેશો તમારી પાસેથી લેવા મેં મારા સિપાઇને મોકલ્યો છે."

"એ સંદેશો મારી પાસે છે," એમ કહી ડિટેક્ટિવે તે સંદેશો પોતાના ખિસ્સામાંથી કાઢીને આપ્યો.

તેના ઉપર નં. ૫૩૯ હતો. તેઓ બધા ઓફિસમાં ગયા અને નોંધ-પત્રક તપાસતાં ૫૩૯ મો નંબર આજના સંદેશાઓનો ચાલુ નંબર જ નહોતો, એમ માલુમ પડયું! ઉપરાંત આવો સંદેશો અહીં મળ્યાની નકલ જ નહતી!

પોલિસ કમિશનરની સહી પહોંચના ફોર્મ ઉપર તાર-વાળાએ લીધી હતી પણ અહીં તો ફક્ત એકજ સંદેશા સંબંધમાં પોલિસ-કમિશનરની સહી હતી અને તે સંદેશો રાવબહાદુર આબુમા હોવાને લગતો સંદેશો હતો! બીજા કોઇ સંદેશા સંબંધમાં પોલિસ-કમિશનરની સહી હતી જ નહીં!

"બસ. આ બધી બાબતો એ પુરવાર કરવા માટે પૂરતી છે કે, પહેલો સંદેશો બનાવટી છે." પોલિસ-કમિશનરે કહ્યું: "હવે બે કામ બાકી રહ્યાં. બનાવટી સંદેશામાંના અક્ષરો અહીંના કોઈ કલાર્કના છે કે, કેમ તે તપાસવાનું અને આબુના પોલિસ-અધિકારીને ખાસ 'શબ્દો' કહેવરાવી હમણાં ને હમણાં તેમનો જવાબ મંગાવવાનું."

આબુના પોલિસ-અધિકારીને 'શબ્દો' કહેવરાવવાનું કામ તરતજ બજાવવા માટે તારના યંત્ર ઉપર વડો સાહેબ જાતે ગયો.

દરમ્યાન પોલિસ-કમિશનર અને ડિટેક્ટિવ બન્ને જણાએ તમામ કલાર્કોને એકઠા કરીને નં. ૫૩૯ ના સંદેશામાંના અક્ષર કોના હતા, તે જણાવવા કહ્યું.

બિચારા 'હિપ્નોટાઇઝ' થયેલા કલાર્કની કમબખ્તી બેઠી! નં. ૫૩૯ ના સંદેશામાં તેના અક્ષર હતા, એ પુરવાર થયું. બીજા બધાઓએ તે અક્ષર પોતાના હોવાની ના પાડી. તે કલાર્કે તે અક્ષર પોતાના છે, એ કબૂલ કર્યું પણ આવો સંદેશો તેણે ક્યારે લખ્યો અને પોતાના મગજમાંથી કેમ ઉપજાવી શક્યો, એ તેના ખ્યાલમાં આવ્યું નહીં. તે સંદેશો બનાવટી છે, એ જાણીને તો તે બિચારો ગભરાઇ જ ગયો અને પોલિસ-કમિશનરને પગે પડીને કહેવા લાગ્યો કે, "અક્ષર મારા છે, એ ખરૂં; પણ સાહેબ, હું સમજી શકતો નથી કે, મેં એ ક્યારે લખ્યા હશે અને શા માટે લખ્યા હશે? મને આ બાબતમાં નિસ્બત પણ શી હોય? હું એક સાધારણ માણસ છું. મારા જીવનમાં મેં કદી એકે ખરાબ કામ કર્યું નથી."

વસ્તુતઃ આ કલાર્ક એક બચરવાળ ગુજરાતી હતો. તેની ઉમ્મર આશરે ૩૫ વર્ષની હતી. દેખાવમાં તે ગરીબ ગાય જેવો, સુકલકડી અને ભલા માણસ તરીકે જાણીતો હતો. તારખાતામાં નોકરી કરતાં તેને ૧૨ વર્ષ થયાં હતાં. તેની નોકરી દરમ્યાન કદી તેણે કોઇ જાતની ભૂલ કરી હોવાનો રેકર્ડ તેની "સર્વિસ-બુક"માં નહોતો.

આવો એક કલાર્ક જીંદગીભર કાળું કલંક લાગે એવો ભયંકર ગુન્હો કરે, એ બનવાજોગ નહતું; એમ પોલિસ-કમિશનરને લાગ્યું; પણ કાયદા આગળ પોતે લાચાર હતો. સંદેશો બનાવટી ઠરી ચૂકયો હતો અને તેમાંના અક્ષર આ કલાર્કના હતા. બસ. આ પુરાવો જ તે કલાર્કને ગુન્હેગાર ઠરાવનારો હતો. તેને પકડયા સિવાય બીજો શો માર્ગ લઇ શકાય?

કલાર્કની રોકકળ ચાલુ હતી એટલામાં તાર ખાતાના વડા સાહેબે આવી, આબુના પોલિસ-અધિકારીએ આપેલા જવાબની વિગત કહી. તેણે એકજ સંદેશો મોકલ્યો છે. અને તે ૬॥ વાગ્યે મોકલ્યો છે. તેમાં રાવબહાદુર આબુ-માં હોવાની જ વાત લખી છે. એ સિવાય બીજો કોઇ સંદેશો તેણે અગાઉ મોકલ્યો નથી!

આ ઉપરથી પેલા કલાર્કને ગુન્હેગાર ગણવાના દેખીતા પુરાવાની સર્વ સાંકળો મળી રહી. તારખાતાના વડાને દુઃખ થયું કે, પોતાની ઓફિસના એક માણસને માથે આ કલંક આવ્યું! પણ તે બિચારો તો કરગરતી વાણીમાં કહેતો હતો કે, "સાહેબ, હું નિર્દોષ છું. મને આવો ગુન્હો કરવાની શી જરૂર હોય? મારા પર દયા કરો!"

તેના આ કકળાણમાં ડિટેક્ટિવ દીનેન્દ્ર તેની મદદે ચઢયો. કલાર્કની કરગરતી વાણી, તેની નોકરી દરમ્યાનનું જીવન, તેનું દીન મુખ ઈત્યાદિ સર્વ જોઇને તે ક્યારનો વિચાર કરી રહ્યો હતો કે, આ માણસને આવો સંદેશો લખવાની જરૂર શી?

તેનો મૂળ શક હવે જાગૃત થયો. આ કામમાં જરૂર જાલિમનો હાથ હોવો જોઇએ અને જો હોય તો તે કેવી

રીતે ? ક્લાર્ક કહે છે કે, અક્ષર મારા છે પણ ક્યારે મેં લખ્યા તે હું જાણતો નથી. ત્યારે ક્લાર્ક ન જાણતો હોય અને તેના અક્ષર લખાય કેવી રીતે ?

ડિટેક્ટિવ જાલિમની પ્રવૃત્તિથી અને જાલિમની વિદ્યાથી પૂરતો વાકેફ હતો. તેને શંકા ઉપજી કે, જાલિમે કદાચ ‘હિપ્નોટિઝમ’ નો ઉપયોગ આ દાખલામાં કર્યો હોય. પણ તેની સાબિતી શી ? એ સાબિતી મેળવવા તેણે એક ઉપાય યોજ્યો.

પોલિસ-કમિશનરને તેણે વિનતિ કરી કે, થોડોક વખત આ ક્લાર્કને મારી સાથે એકાન્તમાં મોકલો. તેણે પોતાની શંકા તેને કહી. તે સાંભળી પોલિસ-કમિશનરે પૂછ્યું: “ તમે શું કરશો ? ”

“ હું એ નક્કી કરવા માગું છું કે આ ક્લાર્ક ઉપર આકર્ષણવિદ્યા ચાલી શકે છે કે નહીં. ”

“ શું તમે એ વિદ્યા જાણો છો ? ”

“ હા. જી. મારો નિયમ છે કે એ વિદ્યાનો ઉપયોગ સદુપયોગાર્થેજ કરવો. કોઈપણ સંજોગમાં કોઇ ગેરઉપયોગ માટે નહીં. ”

ચિકિત્સાની ખાતર પોલિસ-કમિશનરે ક્લાર્કને ડિટેક્ટિવને સોંપ્યો. અને “ તારો જરૂર હું છુટકારો કરાવીશ. તું નિર્દોષ છે. ” એવું આશ્વાસન તેને આપીને ડિટેક્ટિવ તેને એક ઓરડામાં લઇ ગયો.

પોલિસ-કમિશનર તેઓની પાછળ જઇ ઓરડા બહાર ઉભો રહ્યો.

ક્લાર્કને એક ખુરશી પર બેસાડી ડિટેક્ટિવે આકર્ષણ વિદ્યાનો પ્રયોગ શરૂ કર્યો. તેણે ક્લાર્કને પોતાની સામે જોઈ રહેવા કહ્યું. મનમાં કશીજ બીક નહીં રાખવા આશ્વાસન આપ્યું અને પોતે તેની આંખ સામે બરાબર તાકતો રહીને મક્કમતાથી કાંઇક બરબડતો રહ્યો. આશરે પાંચ મિનિટ વીતી ત્યાં તો ક્લાર્ક ઉપર વિદ્યા પ્રસરી ગઈ. તે બેભાનપણાની પેઠે ડિટેક્ટિવ સામે જોઇ રહ્યો. ‘ હિપ્નોટિઝમ’ની અસરથી માણસ શું કરી શકે છે તેનો દાખલો પોલિસ-કમિશનરને બતાવવા તેણે તે ક્લાર્કને કહ્યું: “ઉઠ, ઉભો થા.”

ક્લાર્ક ઉભો થયો. “ તારે તાર ઓફિસની અગાસી ઉપર જવાનું છે. જા. અગાસી ઉપર જઈ તારા હાથથી તારા પગના અંગુઠા પકડીને ઉભો રહેજે. ” .

ક્લાર્ક ચાલવા માંડયો. પોલિસ-કમિશનર તેની પાછળ ગયો. ડિટેક્ટિવ પોતાનું આકર્ષણ ચાલુ રાખી તેની પાછળ ગયો.

તેણે તથા પોલિસ-કમિશનરે જોયું કે, ક્લાર્કે અગાસીમાં જઇ ફરમાન મુજબ અંગુઠા પકડ્યા છે.

ડિટેક્ટિવે વધુ ફરમાન કર્યું. અગાસીના કઠેરા ઉપર ચઢીને ઉભો રહે અને પછી સીધ્ધો ને સીધ્ધો ચાલવા માંડ.

ક્લાર્ક તે મુજબ ચાલવા માંડયો. ચાલતાં ચાલતાં પૂરી થતી કિનારની છેક લગોલગ તે જઇ પહોંચ્યો અને છતાં તેણે એક પગ લંબાવ્યો. તેણે જો બીજો પગ ઉઠાવ્યો હોત તો જરૂર તે કિનાર ઉપરથી નીચે ૬૦—૭૦ ફીટને અંતરે આવેલા સરિયામ રાજમાર્ગમાં ગબડી પડયો હોત અને જરૂર તેના દેહના ફુરચે ફુરચા ઉડી ગયા હોત; પણ તેમ ન બન્યું !

શાથી ન બન્યું ?



પરિચ્છેદ ૧૯.

નિર્દોષનો તારણહાર.

વડી તાર ઓફિસની અગાસીના કઠેરા ઉપર 'હિપ્નોટિઝમ'ની અસર નીચે તાર ખાતાનો કલાર્ક ચાલે છે અને તે પડી જવાની તૈયારીમાં છે, એટલામાં તેની પાછળ ને પાછળ કઠેરા અરસા ચાલતા પોલિસ-કમિશનરે તેનું કાંડું પકડી તેને પાછળ હઠાડી દીધો. પોલિસ-કમિશનરે તેમ કરવાથી કલાર્ક ગબડી જતો અટકયો તો ખરો; પણ કલાર્કના શરીરમાં તે અમલદારે આગળ ને આગળ પગલાં માંડવાનું એવું તો જોરા જોયું કે જો તેને પોતાના બળથી તે રોકે નહીં તો ફરી પાછો તે ખસે. તે અમલદારે મજબુતાઈથી કલાર્કનો હાથ પકડી તેની ગતિ રોકી રાખી; પણ તે છતાં તેને માલુમ પડયું કે, જે જગ્યાએ તેને ઉભો રાખ્યો હતો ત્યાં તે ચાલતો હોય એવી રીતે પગ આમતેમ તે ઉંચા નીચા કરતો હતો. 'હિપ્નોટિઝમ'નું આકર્ષણ જ્યાં સુધી ખેંચી લેવાય નહીં ત્યાં સુધી તે આમ જ કર્યા કરે, એવી પોલિસ-કમિશનરની ખાત્રી થઇ.

તેણે ડિટેક્ટિવને કહ્યું: "હવે તમારો પ્રભાવ રોકો."

ડિટેક્ટિવે તરતજ કલાર્કને કહ્યું: "કઠેરા ઉપર તારે હવે ચાલવાનું નથી. બેસી જા."

કલાર્ક બેસી ગયો. ડિટેક્ટિવે તેને ફરીથી કહ્યું: "હવે નીચે ઉતરી અગાસીમાં આવ અને મારી સામે બેસી જા. હું શું કરૂં છું તે ધ્યાનમાં રાખ. હું કોનું ચિત્ર દોરૂં છું તે જો. અને એ ચિત્રનો ચહેરો તારા જોવામાં આજે આવ્યો છે કે નહીં, તે સંભારી કાઢ."

કલાર્ક તેના કહેવા મુજબ તેની પાસે આવી બેસી ગયે. ડિટેક્ટિવે પોતાના ખિસ્સામાંથી પેન્સિલ અને એક નોટ-બુક કાઢયા અને એક ચહેરો ચીતરવા માંડયો. કલાર્ક તે ચિત્ર તરફ જોતોજ રહ્યો. પોલિસ-કમિશનર પણ જીજ્ઞાસાથી જોવા લાગ્યો કે, હવે આ ડિટેક્ટિવ કલાર્ક પાસે શું કરાવવા માગે છે?

ત્રણેક મિનિટના અરસામાં એક ચહેરો ડિટેક્ટિવે ચીતર્યો. વાચકને ભાગ્યેજ અહીં કહેવું પડશે કે, એ ચહેરો જાલિમસિંહનો હતો. આ ચિત્ર દોરી રહીને ડિટેક્ટિવે કહ્યું: "નોટ-બુક તારા હાથમાં લઈ, ચિત્ર તરફ ધ્યાનથી જો."

કલાર્કે તે લીધી. "હવે સંભારી કાઢ. આ ચહેરો આજે બપોરે તેં કયાયે જોયો છે? તારી ફરજ ઉપર તું બેઠો છે, એમ સમજ. તાર લેવાનું કામ તું કરે છે, એ ધ્યાનમાં રાખ. આ ચહેરાવાળો માણસ તારી નજદીક આવે છે કે?" એવું વાકય ડિટેક્ટિવે પુનઃ પુનઃ બોલ્યા જ કર્યું.

દશ-પંદર વખત તે વાકય બોલવાને પરિણામે કલાર્કે જવાબ દીધો: "હા."

"આ ચહેરો તું ઓળખે છે. ખરૂં કે?" ડિટેક્ટિવે પૂછ્યું.

"હા." જવાબ મળ્યો.

"વારૂ. તેને બરાબર યાદ રાખ. તે કેવા પોષાકમાં છે?"

"ઈંગ્લિશ પોષાકમાં."

"તે તારી સાથે વાત કરે છે. શી વાત કરે છે તે બોલી જા. બરાબર યાદ કર. તેની વાતચીત બોલવા માંડ."

"તે તારનું ફોર્મ માગે છે. મારો હાથ ઝાલે છે. અને કહે છે: 'મારી સામે જો.' એની આંખમાંથી જાદુ ઝરે છે. એ મારી પાસે લખાવે છે."

"શું લખાવે છે?"

"યાદ નથી આવતું. તે લખાવે છે. હું લખું છું. તેના હુકમ સામે હું થઈ શકતો નથી." કલાર્કે કહ્યું.

"હું સંભારી આપું છું. સાંભળ." ડિટેક્ટિવે કહ્યું: "રાવબહાદુર મણિધરપ્રસાદ અહીં આવ્યાજ નથી. આગુમાં હાલમાં એ નામે બીજો કોઇ માણસ રહેતો નથી-પોલિસ અધિકારી, આબુ."

"હા. એ સંદેશો હું લખું છું."

"પછી? તું શું કરે છે?"

"યાદ નથી આવતું."

"તું તે સંદેશા ઉપર તેના કહેવાથી સિક્કો લગાવે છે. સંભારી કાઢ. તારના ફોર્મનાં ખાનામાં તેના કહેવા મુજબ આંકડા લખે છે. સંભારી કાઢ..."

"હા. હા. હું તેમ કરૂં છું."

"સંદેશો તું તેને પાછો આપે છે."

"હા. હું તેમ કરૂં છું.

"આ ચહેરાવાળો અંગ્રેજી પોષાકનો માણસ ચાલ્યો જાય છે. ખરૂં કે?"

"હા. તે જાય છે."

"આંખો મીંચી દે. અને હવે સુઈ જા." એમ કહી ડિટેક્ટિવે પોતાની વિદ્યા તેના ઉપરથી પાછી ખેંચી લીધી.

પોલિસકમિશ્નરે ડિટેક્ટિવને પૂછ્યું: "તમારા કહેવા મુજબ તેણે 'હા' કહ્યા કરી, એ તો સ્વાભાવિક છે! એમાં વિશેષતા શી?"

"બધું તેણે મારી હા' માં 'હા' મેળવીને નથી કહ્યું. કેટલુંક ખાસ નવું આપણને કહ્યું છે. એ શું તે હું આપને કહું છું. સામાન્યરીતે 'હિપ્નોટિઝમ' દરમ્યાન એક માણસ પાસે જે કામ કરાવવામાં આવે છે તે તેને યાદ રહેતાં જ નથી. જો તે યાદ કરાવવાં હોય તો મેં જે પદ્ધતિ લીધી તે પદ્ધતિથી થઇ શકે છે. જાલિમે તેના ઉપર હિપ્નોટિઝમ કરી ખોટો સંદેશો લખાવ્યો છે એમ મેં નક્કી ગણી લઇ તેનો ચહેરો ચિત્રમાં દોર્યો. આ ચહેરો મેં એટલો બધો ચોખ્ખો દોર્યો છે કે, કલાર્કે જો જાલિમને જોયો હોય તો જરૂર ઓળખી શકે. છતાં કલાર્કને તે સંભારી કાઢતાં મુશ્કેલી નડી, એ આપે જોયું હશે. કારણ એ હતું કે, તે ઈંગ્લીશ પોષાકમાં હતો. તેણે વેષાન્તર કર્યું જ હોવું જોઇએ, એમ કલ્પી લઇને મેં પોષાકનો સવાલ કલાર્કને પૂછ્યો હતો. હિપ્નોટિઝમની અસર નીચે કલાર્ક નહતો ત્યારે આ 'ઇંગ્લિશમેન' તેને મળેલો; એટલે તેણે યાદ કરીને તે મુદ્દાનો જવાબ દીધો. બાદ કલાર્કે જે કહ્યું તે આપે સ્મરણમાં રાખવાનું છે. જાલિમે તેની પાસેથી તારનું ફોર્મ માગ્યું, તેનો હાથ ઝાલ્યો અને 'મારી સામે જો' કહી આંખમાંથી જાદુ છોડયું, એમ કલાર્કે કહ્યું. એટલા વખત સુધી જાલિમના 'હિપ્નોટિઝમ'ની અસર નીચે તે નહતો એ બાબત જો આપ ધ્યાનમાં લેશો તો સમજાશે કે, કલાર્કે બુદ્ધિપૂર્વક જે કાંઇ કરેલું તે બરાબર કહી બતાવ્યું. પણ જ્યાંથી તે જાલિમના હિપ્નોટિઝમની અસર નીચે બેશુદ્ધ બન્યો ત્યાંથી તે કોઇ નવી વાત એમ ને એમ કહી શક્યો નહીં. પરિણામે મેં કેવળ અનુમાન–પરંપરાથી તેને સૂચનાઓ કરીને તેની યાદદાસ્ત તાજી કરી. પરંતુ તેમાંયે તે બધું યાદ લાવી શક્યો નહીં એટલે મેં તેને વધુ ત્રાસ આપ્યો નહીં, તે મારા અનુમાન મુજબની સૂચનાથી જે બોલી ગયો તે બાદ કરો તોપણ તેણે પોતાની મેળે જે બે નવા મુદ્દા કહ્યા તે વજન મૂકવા જોગ છે. એટલે કે, જાલિમ ઇંગ્લિશ પોષાકમાં આવ્યો હતો અને તેણે કલાર્કપર હિપ્નોટિઝમ કર્યું હતું. 'હિપ્નોટિઝમ' ની સ્થિતિમાં કલાર્કે તેના હુકમ મુજબ સહુ કાંઇ કર્યું છે, એની મને તો સો એ સો વસા ખાત્રી થઇ ચૂકી છે. એક શંકા મારા મનમાં જાલિમ વિષે રહી છે તે હું આપને કહું. મણિધરપ્રસાદ આબુમાં છે કે નહીં, એ વાત તેણે આ કલાર્ક પાસેથી 'હિપ્નોટિઝમ' દરમ્યાન જાણી નહીં હોય. એ તેણે કોઈ બીજા સાધનથી જાણી હશે. એ સાધન કિયું, એનો ખ્યાલ મારા મનમાં આવી શકતો નથી."

"તમે આબુ ખાતે તાર મોકલ્યો, તે આ કલાર્ક પાસેથી તેણે મેળવ્યો હોય, એમ ન બની શકે?" પોલિસ–કમિશનરે પૂછ્યું.

"હા. એક સંજોગમાં બની શકે. એ ફોર્મ તે વેળા આ જ કલાર્કની પાસે હોય તો. પણ સબૂર...એ બાબતમાં 'હિપ્નોટિઝમ' વિનાજ અને એક બીજા માણસ પાસેથી આપણે કાંઇક માહિતી મેળવી શકીશું."

"એ માણસ કોણ?"

"જે શિપાઇને મેં આપની ઓફિસેથી તાર કરવા મોકલ્યો હતો, તે! આપ તેને તાબડતોબ બોલાવો. પછી બીજી વાત."

"એ સિપાઇ તો મારી તહેનાતનો માણસ છે અને મારી સાથે અહીંજ આવેલો છે. ચાલો, નીચે જઇને આપણે તેને પૂછપરછ કરીએ."

પોલિસ–કમિશનર અને ડિટેક્ટિવ તરતજ અગાસી ઉપરથી તારઓફિસમાં આવ્યા. તારનો સંદેશો જે સિપાઇને અપાયો હતો તેને બોલાવવામાં આવ્યો. ડિટેક્ટિવે તેને પૂછ્યું: "તું મારો તાર ગ્રાંટરોડ તાર–ઓફિસે કરાવી આવ્યો હતો કે?" જાણી જોઇને ડિટેક્ટિવે આ ઉંધો પ્રશ્ન તેને પૂછ્યો.

સિપાઇએ તેના જવાબમાં કહ્યું: "ના, સાહેબ, આ ઓફિસમા જ આવ્યો હતો."

"ક્યાં આગળ તેં તારનું ફોર્મ આપ્યું હતું?"

સિપાઇએ 'હિપ્નોટાઇઝ' થયેલા કારકુનવાળી ડોકાબારી બતાવી. ડિટેક્ટિવે જાણી જોઇને એક બીજા કારકુન તરફ આંગળી ચીંધીને પૂછ્યું: "આ કારકુનને તેં એ ફોર્મ આપ્યું હતું કે?"

સિપાઇએ તેને જોતાં વેંતજ ના પાડીને કહ્યું: "જે કારકુનને શકદાર તરીકે પકડવામાં આવ્યો છે, તેને મે ફોર્મ આપ્યું હતું."

પોલિસ–કમિશનર તરફ અર્થસૂચક નજર કર્યા પછી ડિટેક્ટિવે તે સિપાઇને પૂછ્યું: "તેં એ ફોર્મ તેને આપ્યું ત્યારે તેની બારી આગળ ખૂબ ગીર્દી હતી કે?"

"ના. સાહેબ. ફક્ત એક અંગ્રેજ ત્યાં ઉભેલો હતો અને બીજું કોઈ તેની બારી આગળ નહોતું તેથી ઝટ કામ પતે એમ ધારીને હું તેની આગળ ગયો હતો."

પુનઃ ડિટેક્ટિવે પોલિસ–કમિશનર તરફ દૃષ્ટિપાત કર્યો અને સિપાઇને પૂછ્યું: "એ અંગ્રેજનું ફોર્મ લીધા પછી એ કારકુને તારૂં ફોર્મ કેમ લીધું હતું?"

"મારૂં ફોર્મ પહેલું લીધું હતું; કારણ કે, અંગ્રેજ તો તેના ફોર્મમાં લખમાજ કરતો હતો."

" એ અંગ્રેજ સાથે તારે શી વાતચીત થઇ હતી ? "

" સાહેબ, મારે ને તેને કાંઇ વાતચીત થઇ નહતી. "

" એ અંગ્રેજ ત.રા તારના ફોર્મમાં શું લખ્યું છે તે જોવા ડોકીઆં કરતો હતો ને ? "

" ના રે, સાહેબ, એ તો એની મેળે નીચું જોઇને લખ્યો જતો હતો. "

" વારૂ. કારકુન સાથે તારે ફોર્મ આપતાં કાંઇ વાતચીત થયેલી કે ? "

" હા, સાહેબ ' આપના નામ સંબંધમાં તેણે મને પૂછેલું કે, 'મૂકનાર કોણ ? દીનોદરરાવ ? ' ત્યારે મેં જવાબ દીધેલો કે, ' દીનોદરરાવ નહીં–દીનેન્દ્રરાય. " કારકુને આપનું ખરૂં નામ બોલીને તે પછી મારી કનેથી પૈસા લઇ પહોંચ આપી હતી. "

" અંગ્રેજ તે વખતે શું કરતો હતો ? "

" એના તરફ મારૂં ધ્યાન ગયું નહતું; પણ ઘણું ખરૂં તો તે હું ગયો ત્યારે પણ લખવામાંજ રોકાયલો હતો."

" વારૂ. હું ગયો ત્યારે એ અંગ્રેજ સિવાય બીજો કોઈ તાર મૂકાવવા તે ડોકાબારી આગળ આવ્યો હતો ?"

" ના. કોઇ જ નહીં. "

" That's it " એમ કહી, ડિટેકિટવે સિપાઇ તરફથી મળેલા જવાબો ઉપરથી પોતાનું અનુમાન પોલિસ–કમિશનરને કહ્યું: "સાહેબ, હવે આ તુટેલી સાંકળના અંકોડા ગંઠાયા. આ સિપાઇ જે વખતે તારનો સંદેશો મોકલવા આવ્યો હશે, તેજ વખતે આપણો વેષધારી અંગ્રેજ આવેલો. અને કલાર્ક તથા સિપાઈ વચ્ચે " દીનેન્દ્રરાય " નામ બબેવાર ઉચ્ચારાયું તે ઉપરથીજ તેણે દીનેન્દ્રરાયનો તાર શી મતલબનો છે, કોના ઉપરનો છે, વગેરે જાણવા માટે કલાર્ક ઉપર હિપ્નોટિઝમ કરવા નકી કરેલું. સિપાઇ કહે છે તે મુજબ, કોઇ બીજો આસામી તે ડોકાબારી આગળ નહોતો ગયો એટલે બરાબર એકાન્તનો લાભ લઈને આપણા વેષધારી અંગ્રેજે 'હિપ્નોટિઝમ' અજમાવ્યું હોવું જોઇએ અને મારો સંદેશો કલાર્ક પાસેથી માગી લઇને તેના જવાબરૂપે બનાવટી સંદેશો તેની પાસેથી લખાવ્યો હોવો જોઈએ. ઉજળા દૂધ જેવી આ બાબત હવે મને સ્પષ્ટ સમજાય છે. બિચારો નિર્દોષ કારકુન ! એક જબરા કાવત્રાબાજના કાવત્રામાં સપડાઈ ગયો ! સાહેબ, એને આપે હવે છોડી મૂકવો જોઇએ. આ સિપાઈની સાક્ષી તેના બચાવમાં લઈ શકાશે. "

પોલિસ–કમિશરે ડિટેક્ટિવનો હાથ પોતાના હાથમાં લઇને કહ્યું: " દીનેન્દ્રરાય, તમારાં અનુમાનો અને આ બનાવમાં તમે લીધેલી મહેનતથી હું ખરેજ છક થઇ ગયો છું. મને પણ હવે તમારી માફક ખુલ્લું સમજાય છે કે, આ કલાર્ક કેવળ નિર્દોષ છે. તમે તેની નિર્દોષતા મારા મનમાં બરાબર રીતે ઠસાવી છે. તેની માનસિક નિર્બળતાનો લાભ મક્કમ મનના બદમાશે લીધો છે અને તેને ગુન્હાનો હથિયાર બનાવ્યો છે. તમે હવે બેલાશક આબુ જાઓ. આ કલાર્કની તથા પોલિસ–સિપાઇની રીતસર હકીકત નોંધી લઈ, તમારા અખ્તરાઓની મને થયેલી ખાત્રીની નોંધ કરી, હું આ કલાર્કને છોડી મૂકીશ. અને તમારા મૂળ ગુન્હેગારના ગુન્હાઓની હાર–માળામાં તેનો આ એક વધારાનો ગુન્હો દાખલ કરીશ. "

" આભાર " એમ કહી ડિટેક્ટિવ વડી તારઓફિસની બહાર નીકળ્યો અને ભાડુતી મોટરમાં બેસી આબુ જવા માટે કોલાબા સ્ટેશને ગયો.

અત્રે એ કહેવું બિનજરૂરી છે કે, અગાસીમાંથી એ બાદ સદહું કલાર્કને પોલિસ–કમિશનરે બોલાવ્યો અને ડિટેકિટવને આપેલા વચન મુજબ ' નિર્દોષ ' તરીકે જાહેર કર્યો ત્યારે આખી તાર–ઓફિસ અને તાર–ખાતાના વડા સાહેબના હોઠ ઉપર દીનેન્દ્રરાયનું નામ ' નિર્દોષના તારણહાર ' તરીકે આભારસહ રમી રહ્યું.

પરિચ્છેદ ૨૦.

રાવબહાદુરનો મેળાપ.

મુંબાઇથી ટ્રેનની બે દિવસની મુસાફરી પછી જે વખતે દીનેન્દ્રરાય આબુ પહોંચ્યો, તે વખતે રાત્રિના ૯ વાગ્યા હતા. તે ત્યાંના પોલિસ અધિકારીને મળ્યો, જેણે તારના સંદેશા સંબંધી તત્કાળ ખરો ખુલાસો કરી દીધો કે, "મેં એકજ સંદેશો તમારા સંદેશાના જવાબમાં મોકલ્યો છે અને તે રાવબહાદુર તમને ખુશીથી મળશે એવો છે." તેણે વધારામાં જણાવ્યું કે, 'હું રાવબહાદુરને મળી આવ્યો છું અને તેઓ કોઈક રાજકુમારની શોધ માટે અહીં રોકાયલા છે. તમે અહીં આવો એટલે પોતાને મુકામે તમને મોકલવા તેમણે મને કહેલું છે. જો તમારી ઇચ્છા હોય તો તમારી સાથે હું આવું; અગર તો રાવબહાદુરને મકાને તમને પહોંચાડવા મારો માણસ મોકલું."

ડિટેક્ટિવે તેને પોતાની સાથે આવવા તસ્દી ન આપી. તે તેના માણસ સાથે રાવબહાદુરને બંગલે જવા નીકળ્યો. માર્ગમાં તેને પોલિસ અધિકારીના શબ્દો ઉપર તર્કવિતર્ક થઈ રહ્યા કે, 'ક્યા રાજકુમારની શોધ માટે રાવબહાદુર અહીં રોકાયલા છે?" ડિટેક્ટિવ સ્વગત પૂછવા લાગ્યો: "ત્યારે શું રાજહંસની વિગત રાવબહાદુરે જાણી હશે અને હવે તે કુન્દનપૂરના ગાદીવારસની તપાસ માટે અહીં રોકાયા હશે?" તેના હૃદયમાં ક્ષણભર નિરાશાની છાયા પ્રસરી; પણ તેણે એ નિરાશા ખંખેરી નાખી એવી આશા ધારણ કરી કે, 'રાજહંસ જો રાવબહાદુરને મળ્યો હોય તો તેથી મારે ઓર ખુશી થવાનું છે. કુન્દનપૂરનો સાચો ગાદીવારસ ગમે તે કોઇ શોધી આપશે તો તેથી જાલિમસિંહ ઉપર કાયદાનો પંજો એકદમ નાંખવાનું મને અનુકૂળ થઈ પડશે." આમ અચાસર્યું આશ્વાસન મેળવીને તે નોકરની સાથે ચાલવા લાગ્યો.

અર્બુદગિરિશિખર પર આવેલા અનેક ભવ્ય બંગલાઓ હારદોર વટાવીને રાવબહાદુર મણિધરપ્રસાદ જે બંગલામાં રહેતો હતો તેના દરવાજા આગળ તેઓ આવી પહોંચ્યા. દરવાન મારફત ડિટેક્ટિવે પોતાનું 'વિઝિટિંગ કાર્ડ' અંદર મોકલાવ્યા બાદ બેએક મિનિટના અરસામાં પ્રૌઢ કાયાનો એક પુરુષ શરીરે એક ઓવર-કોટ અને માથા ઉપર એક ટોપી પહેરીને દરવાજા તરફ આવતો જણાયો. ડિટેક્ટિવ સાથેના માણસે ડિટેક્ટિવને કહ્યું: "એજ રાવબહાદુર પોતે."

એ ગૃહસ્થે દરવાજા પાસે આવતાં વેંત ડિટેક્ટિવને ઉદ્દેશીને કહ્યું: "આપને બહુ વખત રાહ જોવી પડી નથી ને, સાહેબ?"

"ખચિત નહીં" દીનેન્દ્રરાયે જવાબ દીધો.

"એમ કેમ કહેવાય? આપ જેવા મોટા માણસને બે મિનિટ પણ ઉભા રહેવું પડે, એ કેવું ખરાબ!" રાવબહાદુરે કહ્યું: "પણ શું કરું, સાહેબ! યૂરોપના જેવી આપણે ત્યાં વૈજ્ઞાનિક શોધોનો અભાવ છે એટલે દરવાજાપર આવેલા માણસને એકદમ બંગલામાંનાં રહીશોથી વાકેફગાર કરવાનાં કોઇજ યંત્રો મૂકી શકાયાં નથી! તેમજ વળી, આપને શું કહું? મારું પોતાનું આ મકાન નથી. ભાડુતી છે. અને આપણા દેશમાં તો આપ જાણો છો ને? ભાડું પુષ્કળ લેવું પણ રહેનારની સગવડો જાળવવી નહીં, એ સૂત્ર મકાનમાલેકો ખાસ પાળે છે! હું: હું: એનેજ લીધે આપને આટલી બે મિનિટ પણ થોભવું પડયું, માટે માફ કરશો."

"પણ માનવંતા રાવબહાદુર સાહેબ, આ બધી પીંજણમાં વધુ એક મિનિટ તમે પોતે ગુમાવી, એ તમે વિસરી જાઓ છો!" ડિટેક્ટિવે કહ્યું.

"ઓહો! એ તો ખરેજ હું વિસરી ગયો!" એમ કહીને ડિટેક્ટિવનો હાથ ઝાલીને તે તેને બંગલાની અંદર લઇ જવા લાગ્યો.

આ પ્રથમ પ્રસંગ ઉપરથી આ ગૃહસ્થ રમુજી, ટાયલાખોર અને છતાંયે ફિસિયારીમાંથી હાથ નહીં કાઢનારો, એવો હોવાની છાપ ડિટેક્ટિવ ઉપર પડી. બંગલાનાં પગથીઆ સુધી પહોંચતાં પહોંચતાં પણ રાવબહાદુરે ડિટેક્ટિવને મુસાફરીમાં શ્રમ પડયો હોવાની, ખાધાપિધા વિના હેરાનગતિ ભોગવવી પડયાની, ગાડીમાં ઉંઘ નહીં આવી હોવાની વગેરે હાડમારીઓની કલ્પના કરીને તેને એવા નજીવા સવાલો પૂછયા કે જે ઉપરથી આ માણસ કોઇ 'વાયડો' હોવાનું ડિટેક્ટિવે માની લીધું. એણે વિચાર કર્યો કે, જો આની સાથે મારે બહુ વખત રહેવાનું હોય તો ભાગ્યેજ કાંઈ કામકાજ થઈ શકે. માત્ર વાતોના તડાકામાંજ વખત વીતે. તેને શંકા પણ ઉપસ્થિત થઇ કે, આ વાતોડીઓ માણસ ખરેખર વાતોડીઓ હશે કે પછી મને પોતાને મૂરખ બનાવવા માટે તે વાતોની લ્હેરે ચડતો હશે? પોતાની શંકાનો ફેંસલો કરી લેવા માટે ડિટેક્ટિવે તત્કાળ નિર્ણય કર્યો.

જેવા તેઓ દિવાનખાનામા પેઠા એટલે ડિટેક્ટિવે તેને કહ્યું: "તમે જાણો છો કે, હું અમુક અગત્યની ચીજ માટેજ તમારી મુલાકાતે—

"હા. હા. એ તો હું જાણું છું; પણ હવે એમાં ઉતાવળ કર્યાથી શો ફાયદો? પહેલાં તો આપ ન્હાઓ, પછી જમો અને સ્હેજ આરામ લ્યો. પછી નિરાંતે હું આપને એ બાબતમાં બધું કહીશ."

"કામ એજ મારો આરામ છે. જે કામ હાથમાં લીધું તે પૂરૂં ન કરૂં તો મને કશુંજ ચેન પડે નહીં. માટે, તમે પ્રથમ મને રાજહંસ બતાવો. પછીજ બીજી બધી વાત." ડિટેક્ટિવે કહ્યું.

"ત્યારે આપની પ્રકૃતિ કેવળ મારાથી ઉલ્ટા પ્રકારની પ્રકૃતિ છે! હું તો પહેલા ભોજનપક્કી પર જ ધ્યાન આપવાનો; નિદ્રાદેવીની આરાધનામાં લગારે ઢીલ નહીં કરવાનો અને તે પછીજ શાન્તિથી કામકાજ ઉપર ધ્યાન આપવાનો."

" એ તો જેવી જેની પ્રકૃતિ." ડિટેક્ટિવે કહ્યું.

" પણ આપે મારા મહેમાન તરીકે મારી પ્રકૃતિને અનુસરવું જોઇએ." રાવબહાદુરે હસીને પ્રશ્ન કર્યો.

" પ્રકૃતિ ન બદલાય."

" પણ મારે આપને ચેનવણી આપવી જોઇએ કે, કદાચ આપ આપની પ્રકૃતિ મુજબ અહીં કામ લેશો તો જમવાનું અને આરામ ગુમાવી બેસશો."

" એમ કેમ?"

" હં: હં:" હસીને રાવબહાદુર બોલ્યો: " કારણ કે, જે વસ્તુ આપ જોવા માગો છો, તે જોશો, એકવાર–પાંચવાર કે પાંચસો વાર જોશો, તો પણ આપ તે જોયા બાદ ઠંડાગાર બની જશો!"

" અર્થાત મારા 'કેસ' માં વચ્ચે પડીને તમે એવી કાંઇ ગડમથલ કરી મૂકી લાગે છે કે, જેથી હું ફાવું નહીં અને તમામ યશ તમે લઇ જાઓ, ખરૂં ને?"

પુનઃ રાવબહાદુરે હસીને કહ્યું: " જો જો, રખે એવું આળ મારા ઉપર ચઢાવતા! યશ કોને મળશે તે હું કહેતો નથી પણ આપ જેવા અનુભવી ધંધાદારીના 'કેસ' માં મેં ફાંસ મારી કે કાંઈ ગડમથલ કરી, એવું બહોતાન આપે કાયદાની અદાલતમા પુરવાર કરી આપતા પહેલાં મારા ઉપર મૂકવું નહી જોઇએ."

" તો શા માટે તમે મને મૂળ બાબતમાં માહિતી આપતા નથી?"

" એટલાજ માટે કે, આપે આ 'કેસ' હાથમાં લીધો તે પહેલાંથી હું આ બાબતની માહિતી ધરાવું છું." ગંભીરતાથી આમ કરીને રાવબહાદુર મણિધરપ્રસાદ, ડિટેક્ટિવ સામે જોઇ રહ્યો. તેનાં એ વાક્યોએ ડિટેક્ટિવને પલભર અવાક્ બનાવી દીધો.

" આ 'કેસ' ની માહિતી એટલે શેની માહિતી?"

" કુન્દનપૂરના નરેશનાં ગુપ્ત લગ્નની અને તેમનો એક ગાદીવારસ અને હક્કદાર પુત્ર હોવાની."

" મુંબાઇમાં શામજી કારીગરને ત્યાંથી રાજહંસ તમે મેળવ્યો અને ખોલી જોયો, તેને પરિણામે તમે આ જાણતા હો, એ સ્વાભાવિક છે; પણ મારે તમને કહી દેવું જોઇએ કે, જો તમે એ ચોરીનો ખરીદેલો માલ –"

" સબૂર! શામજી કારીગર પાસેથી એ રાજહંસ મેળવ્યા પહેલાં ૨૦ વર્ષથી આ વિગત હું જાણું છું, મહેરબાન—"

" શું, ૨૦ વર્ષથી?!"

" હા જી. માટેજ હું આપને વિનતિ કરૂં છું કે, મારા પર કાંઇ આળ મૂકવાને બદલે આપ મારી પ્રકૃતિ અનુસાર કામ લ્યો. પ્રથમ ઠંડા રહેવું અને પછી ગરમ બનવું એ મારી પ્રકૃતિ છે; અને ગરમ બનીને પછીથી ઠંડાગાર બની જવું એવી આપની પ્રકૃતિ હોવાનું હું કહું તો, ગુસ્સે નહીં થાઓને, સાહેબ?"

ડિટેક્ટિવે આ માણસને 'વાયડો' ધાર્યો હતો તેવોજ તે નીકળ્યો. પણ તે આડા અવળા સવાલોને ન પકડતાં મૂળ સવાલને પકડી રહ્યો. તેણે રાવબહાદુરને પૂછ્યું: "તમે ૨૦ વર્ષથી આ વિગત જાણો છો, એ પુરવાર કરી આપશો?"

" હા જી. એક ગવર્નમેંટ પેન્શનર શું અદ્ધરસદ્ધર ગપ્પાં મારતો હશે એમ આપ માનો છો?

" I see," ડિટેક્ટિવે કહ્યું: " ત્યારે પ્રથમ તો મને તમને આ બાબતમાં અભિનન્દન આપવા દો અને તે પછી મને જાહેર કરી લેવા દો કે, જો તમે આટલોજ મુદ્દો પુરવાર કરી આપશો તો હું આ 'કેસ' માંથી નિવૃત્ત થઈશ."

" એ નહીં ચાલે, સાહેબ." રાવબહાદુરે હસતાં હસતાં કહ્યું: " મારા ઉપર તમે કોઇ આળ મૂકો તે મારે કબૂલ નથી. આપ આ કેસમાંથી નિવૃત્ત થાઓ તેયે મારે કબૂલ નથી. તેમજ મારી પ્રકૃતિ અનુસાર નહીં પણ આપની પ્રકૃતિ અનુસાર આપ વર્તો તેયે મારે કબૂલ નથી!"

રાવબહાદુર આ શબ્દો બોલતી વખતે ડિટેક્ટિવે પ્રત્યે કોઇ ગુસ્સાની દૃષ્ટિથી નહીં પરંતુ કેવળ સ્નેહભરી અને હસતી મુખમુદ્રાથી જોઇ રહ્યો હતો. તે ઉપરથી ડિટેક્ટિવે તેને પૂછ્યું: "ત્યારે તમને પસંદ શું છે?"

" એજ કે, આપ સ્વસ્થ થાઓ અને પછી મારી હકીકત સાંભળો."

" હું સ્વસ્થ જ છું છતાં તમને વિશ્વાસ ન આવતો હોય તો થાક ઉતારવા માટે સ્નાન કરી લેવા હું કબૂલ છું. ભોજનની ના પાડું છું."

"શું આપ એમ માનો છો કે, મારે ત્યાંના ભોજનમાં વિષ ભેળવ્યું હશે ?"

ડિટેક્ટિવે કંટાળાભરેલો દૃષ્ટિપાત તેની સામે નાંખ્યો. રાવબહાદુર હસવા લાગ્યો. અને કહેવા લાગ્યો: "જવાબ આપો, જવાબ, જવાબ આપો."

"ના. વિષની શંકા મને આવીજ નથી. તમે ગવર્નમેંટ ઓફિસર એવું કામ નજ કરો, એની મને ખાત્રી છે. પણ હું રાત્રે કદી ભોજન લેતોજ નથી. કૃપા કરીને એ બાબતની ચર્ચા બંધ કરીને તમે જે કાંઇ આ બાબતમાં જાણો છો, તે કહેવાનો આરંભ કરો, તો વધારે સારૂં."

"આપે દુધ, નાસ્તો કે ફળાદિ પણ લેવાંજ પડશે. એ સિવાય હું કાંઇપણ વાત નહીં કહું. અને ચોકસાઇને ખાતર હું કહીશ કે, જે દુધનો પ્યાલો આપને આપીશ તેમાંથી હું પહેલો પીને આપને ખાત્રી કરી આપીશ કે એમાં વિષ નથી. નાસ્તાની પણ એજ વિધિ થશે."

આ 'વાયડા' માણસનું મન મનવવા માટે ડિટેક્ટિવે આખરે નમતું મૂક્યું, સ્નાનગૃહમાં જઇને તે સ્નાન કરી આવ્યો. દરમ્યાન તેને માટે નાસ્તો વગેરે લાવીને હાજર રખાયાં અને તે ઉપરાંત એક નાની ટ્રંક પણ ત્યાં આગળ હાજર રખાઇ.

રાવબહાદુરે પોતાનો શબ્દ પાળ્યો. ડિટેક્ટિવના દુધના પ્યાલામાંથી તેણે થોડુંક દુધ એક રકાબીમાં ઢાલવીને પીધું. નાસ્તામાંથી પણ થોડોક ભાગ તેણે ચાખ્યો. અને ડિટેક્ટિવને કહ્યું: "સાહેબ, આપ જાણતા ન હો તો જાણજો કે, આપને કદાચ મારી જરૂર નહીં હોય પણ જેમના તરફથી મને રોકવામાં આવ્યો છે, તેમને હજી આપની ઘણી જરૂર છે. અને તેઓએ મને ખાસ આજ્ઞા કરી છે કે, આ કેસમાં મારે આપનીજ સલાહ લઇને કામ કરવું. આ સ્થિતિમાં આપને હું ઝેર આપું એ કદી બને ખરૂં ?"

પુનઃ ડિટેક્ટિવે કંટાળાભરેલો દૃષ્ટિપાત કરીને કહ્યું: "તમે ખોટી શંકા કરો છો. પણ તે વિષે હું કાંઈ કહીશ નહીં. તમે મને હવે આ સંબંધમાં બયાન કહેવા માંડો. તમે કહ્યું કે, ૨૦ વર્ષથી તમે આ વિગતો જાણો છો. તમે કહ્યું કે, તમને કોઇકે રોકેલા છે. આ બધી સંદિગ્ધ વાતો નકામી છે. જેને કામ હોય તેણે ખુલ્લી વાતો કરવી જોઈએ."

"વારૂ. ત્યારે હું શરૂઆત કરૂં છું." એમ કહીને રાવબહાદુરે ટ્રંક ઉઘાડી અને કપડામાં વીંટેલી એક વસ્તુ બહાર કાઢીને કહ્યું: "જુઓ સાહેબ, જેનાં દર્શન માટે આપ ઉત્સુક છો, તે આ "રૂપેરી રાજહંસ" !—

તેણે કપડું ખોલ્યું તો ખરેજ એક ચકચકિત સુન્દર રાજહંસની ધાતુની મૂર્તિ ડિટેક્ટિવના જોવામાં આવી. તેણે રાજહંસ હાથમાં લીધો. તે આશરે દોઢ ફીટ લાંબો હંસ હતો. તેના ઉપર બારીક કોતરકામ હતું. હંસની આકૃતિ એવી તો રમ્ય, મનોહર અને તાદૃશ હતી કે જોનાર બે ઘડી તે જોઇને ખુશ થયા વિના રહેજ નહીં.

ડિટેક્ટિવે તે હાથમાં લઇને આમ તેમ તપાસવા માંડયો. રાવબહાદુરે કહ્યું: "આ અસલ હંસ છે, તેની એક ખાત્રી આપને કરી આપું ? વાંચો, તેની જમણી પાંખની નીચે શું નામ લખેલું છે ?"

ડિટેક્ટિવે વાંચ્યું: "સર રણધીરસિંહ, કુન્દનપૂર."

"આ હંસ પોલો છે, એ તો આપને જરૂર કહેવામાં આવ્યું હશે, ખરૂં ને ?" રાવબહાદુરે પૂછ્યું.

"હા." ડિટેક્ટિવે જવાબ દીધો.

રાવબહાદુરે હંસની ગર્દન આગળની એક ચાંપ દાબીને તેનું મોં ખુલ્લું કર્યું, અને તે પછી કહ્યું: "આમાંથી મેં કાઢેલો મહારાજાશ્રીનો પત્ર, કુન્દનપૂર સ્ટેટના પોલિટિકલ એજંટને મેં મોકલી આપ્યો છે."

ડિટેક્ટિવ ચમકયો !

"સાહેબ, મેં કહ્યું હતું ને કે, આપ ઠંડાગાર બની જશો ? જુઓ, મારૂં કહેલું સાચું પડયું છે !" રાવબહાદુરે તેને વધુ ચમકાવતાં કહ્યું.

"તમે પોલિટિકલ એજંટને તે મોકલ્યો છે, તેની સાબિતી-શી ?" ડિટેક્ટિવે આશ્ચર્ય-મુક્ત બનતાં પૂછ્યું.

"તેમનો પોતાનો જવાબ" એમ કહીને નજદીકના એક મેજમાંથી તેણે એક મોટું પાકીટ આણ્યું અને તે ખોલીને તેમાંથી પોલિટિકલ એજંટનો પત્ર કાઢીને ડિટેક્ટિવના હાથમાં મૂકયો. એ પત્ર સરકારી નોટ પેપર ઉપર લખેલો હતો અને તેની એક બાજુએ સરકારી છાપ હતી. તે ટાઇપ રાઇટરથી લખેલો હતો; પણ તેમાં સહી પોલિટિકલ એજંટના હસ્તાક્ષરથી કરેલી હતી. એ પત્રમાં નીચે મુજબ લખાણ હતું:—

"વ્હાલા સાહેબ, એક અગત્યનો દસ્તાવેજ મોકલીને તમે બ્રિટિશ સરકારની અને કુન્દનપૂર રાજ્યની એક કીંમતી સેવા બજાવી છે. એ સંબંધમાં ઘટતી તજવીજ થશે. દરમ્યાન તમોને જણાવવું જોઇએ કે, ડિટેક્ટિવ મિ. હીનેન્દ્રરાય આ દસ્તાવેજની તપાસમાંજ હોવાથી જો તેમને તમે તેની હકીકતથી વાકેફ કરશો તો કુન્દનપૂરના ગાદીવારસનો પત્તો મેળવવામાં તમને તેમની બુદ્ધિશક્તિનો સારો સહયોગ મળી રહેશે. તમારો શુભેચ્છક, એ. વિંટર્ટન પોલિટિકલ એજંટ."

પોલિટિકલ એજંટનો પત્ર રાવબહાદુરે ડિટેક્ટિવને વંચાવ્યા પછી કાગળીઆંનું જે પાકીટ તે લાવ્યો હતો, તેમાંનાં બીજાં કાગળીઆંમાં પણ ડિટેક્ટિવના હાથમાં મૂકયાં. એ કાગળીઆં વાંચીને હીનેન્દ્રરાયે પૂછ્યું: "આ બધાંની મને શી જરૂર છે ? આ તો તમે તમારી નોકરી દરમ્યાન જે કાંઈ

મહત્વનાં કામો કરેલાં તેને લગતાં પ્રમાણપત્રો છે! તેમજ તમારૂં પેન્શન મંજુર થયું અને તમને લાંબી નોકરી માટે અભિનન્દન અપાયાં તેનાં કાગળીઆં છે! આ મુકર્દમા ને તેમની સાથે શું લાગેવળગે છે?"

વળી પાછો રાવબહાદુર "હં: હં:" કરીને હસ્યો અને બોલ્યો: "સાહેબ, સેવક કોઇ બનાવટી આસામી નથી, એવું પુરવાર કરી આપવા માટે મેં આ તમામ કાગળીઆં આપને બતાવ્યાં છે! વધુ જુઓ. સામે ભીંત ઉપર મુંબાઇના પોલિસ કમિશનર સાહેબે મને આપેલું પ્રમાણપત્ર! વળી—"

એમ કહીને તે પાછો પેલા મેજ આગળ જઈ, તેમાંથી એક નાની સરખી પેટી લઇ આવ્યો, જે ઉઘાડતાં "રાવ બહાદુર" તરીકેનો તેનો ચાંદ તેમાં મૂકેલો ડિટેક્ટિવના જોવામાં આવ્યો. આ ચાંદ રાવબહાદુરે હાથમાં લઈ સફાઇબંધ ઢબે નમન કરતાં ડિટેક્ટિવના હાથમાં મૂક્યો અને કહ્યું: "વર્ષો સુધીની વફાદારી ભરેલી નોકરીનો બ્રિટિશ સરકારે મને આપેલો આ માનભર્યો બદલો. ડિટેક્ટિવ સાહેબ, આપ એવો ખિતાબ મેળવવા ભાગ્યશાળી થાવ, એમ હું ઈચ્છું છું."

"નહીં, મારા મિત્ર, તમેજ 'સર' ના વધુ ખિતાબ આવા આવા મુકર્દમાઓમાં બદમાશોને પકડાવીને મેળવો, એટલે બસ છે. વારૂ. હવે આપણી હકીકત આગળ ચલાવશો?"

"ડિટેક્ટિવ સાહેબ" રાવબહાદુરે પોતાનો ચાંદ પાછો નાનકડી પેટીમાં મૂકી દેતાં દેતાં કહ્યું: "પહેલાં આપ મને કહો કે, આપ મારા વિષે શું ધારો છો?—

"તમે ટૂંકમાં ખુલાસા કરી શકતા નથી!"

"આપનાજ શબ્દો મુજબ, એ તો જેવી જેની પ્રકૃતિ! પણ એથી હું કેટલો સહીસલામત બાજુએ રહું છું, એ આપ કહેતા નથી. હું બનાવટી નથી, એ આપના મનમાં ઠસાવીને તે પછીજ મારી હકીકત મેં આપને નિવેદન કરવા ધારી હતી. હવે સાંભળો—

"પ્રથમ મને કહો, પોલિટિકલ એજંટે તમારા જે પત્રનો જવાબ આપ્યો છે, તેની નકલ—"

"સાહેબ, આપ કેવા ઉતાવળા છો? હું જરૂર આપને તે બતાવીશ જ. મારી પાસે નકલ છે."

"તો તે પહેલાં બતાવો."

"ના. પહેલાં આપે એ જાણવાની જરૂર છે કે, આ કામમાં હું શા માટે પડયો?"

ડિટેક્ટિવને આ વખતે ઘણો કંટાળો આવ્યો. પોતે ટૂંકમાં બધું સમજીને માત્ર શંકાઓ વિષેજ સવાલો કરવા માગતો હતો. આ 'વાયડા' રાવબહાદુરે સીધીભાઇના ડાબા કાન'ની પદ્ધતિ અખત્યાર કરી છે! કરવું શું? એ જેમ બોલે તેમ એને બોલવા દીધા સિવાય હંસમાંની વિગત હાથતુર્ત મળી શકે તેમ નથી, એવું વિચારીને તેણે તેને કહ્યું: "મને ફાવે તે કહો; પણ હંસમાંના કાગળના મુદ્દા ઉપર ઝટ આવી જાઓ તો મારા ઉપર અંગત કૃપા થશે."

આમ કહીને તે નાસ્તો પૂરો કરી રહીને એક બારી પાસેની એક આરામ ખુરશીમાં પગ લાંબા કરીને પડયો.

"હું મારી મેળે આ 'કેસ'માં પડયો નથી." રાવબહાદુરે કહેવા માંડયું. "૨૦ વર્ષ ઉપર પણ મને કહેવામાં આવ્યું હતું અને હાલમાં પણ મને કહેવામાં આવ્યું એટલે હું તેમાં પડયો છું."

"૨૦ વર્ષ ઉપર તમને કોણે શું કહ્યું હતું?"

"મહારાજ રણવીરસિંહે પોતે મને ભીલ-પ્રદેશના ડેપ્યુટી પોલિટિકલ-એજંટ સાહેબ મિ. વિલ્કિન્સનની રૂબરૂ કહ્યું હતું અને હમણાં આ કેસની તપાસ માટે પણ મને એજ સ્વર્ગસ્થ રાજવીના એક સબંધીજને રૂબરૂ કહ્યું છે."

"તમને શું કહેવામાં આવેલું?"

"પહેલાં મને મહારાજશ્રીનાં ગુપ્ત લગ્નમાં હાજરી આપી લગ્નના કરારનામા ઉપર સહી કરવા કહેવામાં આવ્યું હતું. આ વખતે મને એ લગ્નથી ઉત્પન્ન થયેલા વારસને શોધી કાઢવાનું કહેવામાં આવ્યું."

"કૃપા કરીને કહેશો કે, હાલમાં તમને કહેનાર વ્યક્તિ કોણ?"

"બેશક મહારાજશ્રીના ખટપટીઆ નાનાભાઇ તો નજ હોય, એ આપ કલ્પી શકશો."

"હા. શું કૌતલપુર નરેશ?"

"ના. તે નહીં પણ તેમનું અર્ધું અંગ!"

ડિટેક્ટિવ આરામ ખુરશીમાં હવે સ્વસ્થ બેસી શક્યો નહીં. ફલંગ મારીને તેમાંથી કુદીને તે રાવબહાદુર પાસે આવ્યો અને બોલ્યો: "ટાઢા પહોરની શીદને હાંકો છો? સ્વ. મહારાજાનાં બહેન તો ગુમ થયાં છે!"

રાવબહાદુર હસીને બોલ્યો: "આપ પાતાળમાંથી આવ્યા લાગો છો! અથવા પેલી અંગ્રેજી વાર્તામાંના "રિપ વેન વિંકલ" જેવા છો એ ચોક્કસ! કૌતલપુરનાં મહારાણી વીરબાળા તો એ બિરાજે એમના પોતાના રાજ્યના અંતઃપુરમાં! જો આપને તેમાં જવાની પરવાનગી મળે તો જરાક જઇને જોઇ આવો!"

"વારૂ. તમે કહો તો તેમ; પછી કાંઇ? હું મુંબાઈમાં હતો તે દરમ્યાન વીરબાળા જાહેર થયાં હશે!"

"જાહેર નથી થયાં. રાજાઓના અંતઃપુરમાં રહેતી રાણીઓ સંબંધમાં ઓછીજ કાંઇ વિગતો જાહેરમાં મૂકવામાં આવે છે! એ તો ચુપચુપ એમની મેળે ત્યાં જઇને નિવાસ કરી રહ્યાં છે. જગતને ભાગ્યેજ એ વિષે કાંઇ ખબર હશે."

"વારૂ. એમણે રૂબરૂમાં તમને ફરમાવ્યું કે, ગાદીવારસ શોધી આપો ?"

"હા જી."

"ક્યારે અને કેવા સંજોગમાં ?"

"જે રાત્રે કુન્દનપૂરના રાજમહેલમાં આગ લાગી, તે રાત્રે હું કુન્દનપૂર હતો." રાવબહાદુરે કહ્યું: "કુન્દનપૂરના પોલિસ અધિકારી જેઓ રજા ઉપર ગયેલા છે, તેઓ મારા મિત્ર થાય છે. એ ગૃહસ્થ અહીં આબુમાં હવા ફેર માટે આવેલા અને તેમણે મને કહ્યું હતું કે, મારી માંદગીમાંથી હું સાજો થાઉં કે ન થાઉં તોપણ હવે હું કુન્દનપૂર રાજ્યમાં નોકરી કરવા જવા માગતો નથી; માટે જો તે જગ્યા તમારે લેવી હોય તો પ્રયત્નો કરો. આ ઉપરથી હું કુન્દનપૂર ગયો હતો. હું જઇને ત્યાંના દિવાનને મળવા માગતો હતો પણ જે દિવસે હું ત્યાં પહોંચ્યો, તેજ દિવસે મહારાજાને અકસ્માત થયાના અને એને પરિણામે દિવાન ભીલ-પ્રદેશમાં ઉપડી ગયાના સમાચાર જાણીને મારે રોકાઇ રહેવું પડયું. એ રાત્રે રાજમહેલમાં આગ લાગી; અને મહારાજાના અવસાનના સમાચાર શહેરમાં ફરી વળ્યા. તેજ રાત્રિ પૂરી થવાની તૈયારીમાં હતી; તેનો સ્હેજ સાજ અમલ બાકી હતો અને અરૂણું પ્રભાત થવાનાં, નહીં જેવાં આછાં ચિહ્ન શરૂ થયાં હતાં તે વખતે મારો અને માતુશ્રી વીરબાળાનો ભેટો થયો—"

ડિટેક્ટિવે એ રાત્રિના પ્રસંગો સંભારીને અનુમાન કર્યું કે, શાર્દુલરાયના ઘર આગળથી ભોંયરા વાટે બહાર નીકળીને પોતાની દાસીથી છુટી પડેલી વીરબાળાનો અચાનક આ "રાવડા" સજ્જનને મેળાપ થયો હોવો જોઇએ !

"ક્યાં અને કેવી રીતે તમને તેમનો ભેટો થયો ?"

"હું મારા એક સ્નેહીને ત્યાં ઉતર્યો હતો. હું હમેશાં પ્રભાતમાં વહેલો ઉઠું છું. તે મુજબ ઉઠયો અને પ્રાતઃકર્મમાં પ્રવૃત્ત થવાની તૈયારી માટે મેં તેને જગાડયો. જાગીને તે તરતજ બિછાનામાંથી બહાર પડયો. મકાન બહાર જવાના વિચારથી જેવું મારા સ્નેહીએ બારણું ઉઘાડયું અને જેવા અમે બહાર નીકળ્યા કે, તરતજ અમારા બારણાથી ૨૦ ફીટ દૂર એક સ્ત્રીને દોડતી અમે જોઇ. મારા મનમાં કે, તેની પાછળ કોઇ પડયું હશે. પણ તે એકલીજ જણાઈ. તે દોડતી દોડતી અમારા મકાન આગળથી જેવી પસાર થવા ગઇ કે, તરતજ મેં પોલિસ પદ્ધતિથી પડકાર કર્યો: "ખડે રહો ! કૌન હૈ ?"

"રૈયત !" સામો જવાબ મળ્યો અને તે બાઇનું દોડવું ચાલુ રહ્યું. મેં વિચાર કર્યો કે, 'રૈયત' કહેનાર આમ નાસે શા માટે ? પોલિસ-અધિકારીની નોકરી લેવા આવેલો હું, જો આ અચાનક આવી મળેલા પહેલાજ શક પડતા બનાવમાં આંખમિંચામણાં કરું તો જરૂર આ જગ્યાની તક મેં ખોઈ, એ નક્કી ! દિલમાં આમ ઠરાવ કરીને મેં તો તેની પાછળ દોડવા માંડયું અને મોટેથી કહ્યું:

"જો તારા જીવની દરકાર હોય તો ઉભી રહે; નહીં તર પાછળથી ગોળીબાર કરૂં છું."

તરતજ તે વ્યક્તિ ઉભી રહી. મેં કહ્યું: "ચાલ, પોલિસ ચોકી પર."

"રાજકુળની સન્નારી કદી એક અપરાધિની તરીકે પોલિસ-ચોકીએ ગયેલી તમે સાંભળી છે ?" તેણે જવાબ દીધો.

હું એ સાંભળીને ચમકયો; પણ મેં તરતજ તેને સામો ટાંણો માર્યો: "રાજકુળની સન્નારીને મેં કદી આવી રીતે નાસી જતી જોઈ નથી !"

"તો એટલી તમારા અનુભવની ખામી ! મારો પીછો છોડી દો. મને મારે માર્ગે જવા દો" એમ કહી તેણે પોતાની આંગળી ઉપરથી એક રત્ન-મુદ્રા ઉતારીને મારા તરફ ફેંકી અને પુનઃ દોડવા માંડયું. બેશક, કાંઇક ભેદ હોવો જોઇએ, એમ ધારી મેં તેની પાછળજ દોડવું જારી રાખ્યું. તે ઉભી રહી ગઇ અને બોલી: "કેમ, તમે રાજકુટુંબની આબરૂ ઉઘાડી પાડવા જ માગો છો શું ? અહીંની પ્રજા એવી મૂર્ખ ન હોય." મેં તેને કહ્યું: "હું અહીંની પ્રજા નથી. આ રાજ્યમાં પોલિસ-અધિકારીની જગ્યા લેવા આવ્યો છું. એમાં શુભ મુહૂર્તમાં તમને અચાનક દોડતાં જોયાં છે; તો હવે કોઈ પણ ઉપાયે હું તમને જવા દઇશ નહીં. જો તમે કહો છો તેમ, રાજકુળનાં હશો તો હું તમારૂં માન જાળવવા તૈયાર છું; પણ મને વિશ્વાસમાં લ્યો. આ વીંટીની મને જરૂર નથી."

તે થોડી વાર વિચારમાં પડી. વીંટી પાછી લઇને તેણે મને પૂછયું: "જે મકાનમાંથી તમે બહાર નીકળ્યા તેમા ઉતર્યા છો ?" મેં હા પાડી. તેણે કહ્યું: "ચાલો, હું તમારી સાથે આવું છું." તે આગળ થઇ અને હું એની પાછળ ચાલ્યો. અમો બન્ને તે પછી રસ્તામાં ચૂપચાપજ ચાલ્યાં. મકાન આગળ આવતાં મારો સ્નેહી તો અમારી વાટ જોતો જ ઉભેલો જણાયો. તે સ્ત્રીએ તેને કહ્યું: "બિલકુલ અવાજ ન કરશો."

બાદ મકાનની અંદર અમો ગયાં. તેણે અમને બારણાં બંધ કરી દેવા અને અંદરથી સાંકળ ચઢાવી દેવા કહ્યું. તે મુજબ કરવામાં આવ્યા પછી તેણે મને પૂછયું: "તમે કોની ભલામણથી અહીં આવ્યા છો ?" તેની વાતચીત અને રીતભાત પ્રભાવશાળી હતી; જેથી તે રાજકુળની હોય એ વિષે મને શંકા ન રહી; એટલે મેં જવાબ દીધો: "ખુદ આજી પોલિસ-અધિકારીની ભલામણથી હું આવ્યો છું." "એમ ?" તેણે પૂછયું: "બતાવો તેનો ભલામણ-પત્ર. તે વાંચ્યા પછી જો તમે યોગ્ય હશો તો તમને આ જગ્યા અપાવવા હું તજવીજ કરીશું." મેં જવાબ દીધો: "મેં ભલામણ-પત્ર નથી કહ્યો. મેં ભલામણ કહી

છે. મારૂં નામ અને કામ જ એવાં છે કે, મને આ જગ્યા મળે. એનું હું બ્યાન કરૂં તે પછી જો જગ્યા આપનાર આનાકાની કરે તોજ આ રાજ્યના માજી પોલિસ–અધિકારીનો ભલામણ–પત્ર હું મંગાવી આપું."

આ સાંભળીને તે સ્ત્રીએ કહ્યુ: "વારૂ, આપનું નામ કહો અને ટૂંકમાં આપની લાયકાત કહો." મેં જવાબ દીધો: "મારૂં નામ રાવબહાદુર અગ્નિધરપ્રસાદ અમીધરપ્રસાદ. બ્રિટિશ રાજ્યમાં પોલિસ ખાતામાં સફળ નોકરી કરીને હું આ ખિતાબ પામ્યો છું. કેટલાયે બહારવટીઆ મેં પકડયા છે. અહિંના મર્હૂમ મહારાજાશ્રી જાતે મને ઓળખતા હતા; કારણ કે મારી નોકરીનાં શરૂઆતનાં વર્ષો આ પ્રદેશમાં બ્રિટિશ હદમાં નોકરી કરવામાં વહ્યાં હતાં; એટલુંજ નહીં પણ મહારાજાનાં અનેક વિશ્વાસપાત્ર કામોમાં મેં મોટા અધિકારીઓની ફરમાસથી ભાગ લીધેલો છે."

"અહો! ત્યારે તો મને એક એવા સદ્‌ગ્રહસ્થનો ભેટો થયો છે, કે જેના હાથમાં મારી આબરૂ તેમજ આ રાજકુળની આબરૂ તદ્દન સલામત છે."

"આપનો પરિચય?" મેં તેને પૂછયું.

"મર્હૂમ મહારાજાની બહેન અને કૌંતલપુર નરેશની મહારાણી."

તરતજ મારે તેને શિષ્ટાચારની રૂઇએ નમન કરવું પડયું અને તેના પર શક લાવવા માટે માફી માગવી પડી. પણ તેણે કહ્યું: "મારી ઓળખાણ આપ્યા પછી હું તમને કશી છુપી વાતથી માહિતગાર કર્યા વિનાજ અહીંથી જતી રહેત; પણ તમારો પરિચય મેળવ્યા પછી મારૂં કામ તમારા હાથે પાર ઉતારી શકાશે, એમ મને લાગે છે. વારૂ; પણ પહેલાં મને કહો કે, આ રાજ્યના માજી પોલિસ–અધિકારી કયાં છે?"

મેં કહ્યું "આણુમાં છે. તેમણે મને ખબર આપી કે, પોતે હવે નોકરીમાં પાછા જોડાવાના નથી. માટે જો મારી મરજી હોય તો જીવનનાં થોડાંક વર્ષ માટે આ જગ્યા લેવી. આથી હું આ જગ્યા લેવા આવ્યો છું."

થોડોક વખત ચૂપ રહ્યા બાદ તેણે પૂછ્યું: "તમારા ઉપર એક સાચા સદ્‌ગ્રહસ્થ તરીકે હું વિશ્વાસ રાખી શકું?" મેં જવાબ દીધો. "જરૂર જરૂર" તેણે જણાવ્યું: "તેની સાબિતી શી? તમે ઇશ્વરના સોગંદ લઇને કહો કે, જે કાંઇ ખાનગી કામ હું તમને સોંપું તેમાં દગો નહીં કરો." મેં સામો સવાલ કર્યો: પણ કામજ કોઈ ખટપટનું હોય તેમાં અનીતિના બીજ હોય તો મારી ધાર્મિક પ્રતિજ્ઞા શા કામની?"

તેણે જવાબ દીધો: "એવું કામ નથી. કેવળ ધર્મકાર્ય છે. નીતિકાર્ય છે એટલુંજ નહીં પણ જે જગ્યા માટે તમે તલસો છો તે જગ્યાએ ચોક્કસ કાયમ થાઓ અને તે પણ આ રાજ્યની વિરલ સેવા બજાવીને કાયમ થાઓ, એવું એ કામ છે."

તરતજ મેં આનાકાની કર્યા વિના પરમાત્માના સોગંદ લઇને કહ્યું કે, 'જે કામ તમે મને સોંપશો તેમાં હું વિશ્વાસનો ભંગ નહીં કરૂં."

અને એ સાંભળ્યા બાદ તેણે મને કહ્યું: "તો હવે લગીરે વખત ન ગુમાવો. ચાલો, મને અહીંના માજી પોલિસ–અધિકારીને ત્યાં આણુ લઈ જાઓ. હું રસ્તામાં તમને મારા કામની વિગત કહીશ."

કદાચ આ સ્ત્રી મને મૂર્ખ તો નહીં બનાવતી હોય, એવી શંકા પલભર મને ઉપજી; પણ હવે આનાકાની કરવી નકામી હતી. મેં તરતજ કપડાં પહેરી લીધાં. તે સ્ત્રીએ મારા સ્નેહી તરફ ફરીને તેનું નામ જાણી લીધું અને તે બાદ તેને કહ્યું કે: "આ રાજ્યના મર્હૂમ રાજાના સોગંદ દઇને હું તમને કહુ છું કે, હું અહીં આવી હતી અને આ ગૃહસ્થ સાથે ગઇ છું એવી વાત તમે કોઇને મોઢે કોઇપણ સંજોગોમાં કહેશો નહીં. એનો બદલો તમને પાછળથી મળશે."

મેં પણ મારા સ્નેહીને ખાસ આગ્રહ કર્યો કે, કાંઈ નહીં તો મારા પોતાના લાભને ખાતર એટલે કે હું અહીંનો પોલિસ–અધિકારી થઇ શકું તે ખાતર આ વિશ્વાસનો ભંગ પ્રાણ જતાં પણ કરીશ નહીં. તેણે વફાદાર રહેવા ખાત્રી આપી.

બાદ અમો ઝડપથી શહેરના આડા અવળા રસ્તાઓએ થઇને સ્ટેશને જઇ પહોંચ્યા. એ બાઇ એક દીર્ઘદૃષ્ટિવાળી અને બડી હિમ્મતવાન હતી, એની ખાત્રી મને એ વખતે થઇ. પ્લેટફોર્મ ઉપર એક ટ્રેન ઉપડવાની તૈયારી હતી. ખુલ્લી રીતે પ્લેટફોર્મ ઉપર ન જતાં તેણે પ્લેટફોર્મથી જરાક દૂર એક ગરનાળું આવેલું હતું, તેનો રસ્તો લીધો અને ઇશારતથી મને ચૂપ રહેવા તથા પાછળ ને પાછળ આવવા કહ્યું. ગરનાળા ઉપર થઇને તે પ્લેટફોર્મની સામી બાજુએ ગઇ અને ટ્રેનમાં બીજા વર્ગના ડબ્બામાં પાછલી બાજુએથી ચઢી ગઇ. મેં પણ તેમ કર્યું.

હું જેવો ડબ્બામાં દાખલ થયો કે, તરતજ ટ્રેનની સિસોટી વાગી અને ટ્રેન ઉપડી!

પરિચ્છેદ ૨૧.

રાવબહાદુરની હકીકત.

ગત પરિચ્છેદમાં અમારા ચતુર વાચકવૃન્દ વાંચ્યું છે કે, ડિટેક્ટિવ હીનેન્દ્રરાય હંસની શોધ માટે આબુ ખાતે રાવબહાદુર મણિધરપ્રસાદને ત્યાં ગયો છે. રાવબહાદુર બ્રિટિશ પોલિસ ખાતાનો નિવૃત્ત થયેલો અમલદાર છે. જે અસલ હંસ તેણે મુંબાઇમાં ચોરબજારમાંથી મેળવ્યો હતો તેનાં દર્શન તેણે ડિટેક્ટિવને કરાવ્યાં છે પણ તેને ખબર આપી છે કે, તેમાંનો કાગળ તો કુન્દનપુર સ્ટેટના પોલિટિકલ એજંટને મેં મોકલી દીધો છે. ડિટેક્ટિવને તે પત્રની વિગત જાણવી હોવાથી તે પૂછે છે કે—મને તેની નકલ બતાવશો? એના ઉત્તરમાં રાવબહાદુર કહે છે કે, તે બતાવ્યા પહેલાં આ કામમાં હું કેમ પડયો એ જાણવાની તમારે જરૂર છે. રાવબહાદુર એ સંબંધી બનેલા બનાવની હકીકત ડિટેક્ટિવને કહે છે અને તેમાં ડિટેક્ટિવને પાછળની એક તુટેલી સાંકળનો અંકોડો પ્રાપ્ત થાય છે. તે અંકોડો, મર્હુમ મહારાજા સર રણવીરસિંહની બહેન વીરબાળા કે જે ગુમ થઈ હતી, તેને આ રાવબહાદુર સાથે થયેલા મેળાપનો છે. રાવબહાદુરે જણાવ્યા પ્રમાણે, કુન્દનપૂરના રાજમહેલમાં આગ લાગી તે રાત્રિના છેલ્લા ભાગમાં રાવબહાદુરે વીરબાળાને નાસતી જોઈ. પૂછપરછ પછી પરસ્પર પરિચય થતાં રાવબહાદુરને વિશ્વાસમાં લેવાના હેતુથી અને કુન્દનપૂરમાંથી તાત્કાલિક વદાય થવાના હેતુથી તેમજ આ રાવબહાદુર સંબંધી વધુ વિગતો જાણવાના હેતુથી તેની સાથે આબુ જવા માટે તે કુન્દનપૂરથી એક ટ્રેનમાં બેઠી.

વાચકવૃન્દને અહીં સુધી ગત પરિચ્છેદની વિગત વાકેફ છે. રાવબહાદુર મણિધરપ્રસાદે ડિટેક્ટિવ હીનેન્દ્રરાયને તે પછીની હકીકત નીચે મુજબ કહી:—

અમે ટ્રેનમાં બેઠાં તે બાદ એક બીજું સ્ટેશન આવતા સુધી બન્ને જણ ચૂપજ રહ્યાં. એ સ્ટેશનેથી તેણે મારી પાસે લારંગા હીલની બે ટીકીટો મંગાવી. વગર ટિકિટે મુસાફરી કરવા માટે ક્યાંયે પોતાની ધરપકડ ન થાય એ બાબતની તેની આ કાળજી મને ડહાપણભરેલી લાગી.

ટ્રેન આગળ વધી ત્યારે તેણે મને પૂછ્યું: "તમે મર્હુમ મહારાજાનાં અનેક વિશ્વાસપાત્ર કામોમાં ભાગ લીધો હોવાનું કહ્યું; તો કહેશો કે, તે કામો કિયાં હતાં?"

આ પ્રશ્ન મને ગુંચવણ ઉપજાવનારો થઇ પડયો. રાજરહસ્ય કાંઇ ગમે તેને કહી દેવાય નહીં. એ સ્ત્રી પોતાને મહારાજાની બહેન કહે છે, માટે તેજ તેની બહેન છે, એમ માની લેવું મને ઠીક લાગ્યું નહીં; એટલે મેં કહ્યું: "આપ માઠું લગાડશો નહીં. પારકાની ખાનગી વાતો કહેવાનો મને કશો અધિકાર ન હોવાથી હું આપને કશું કહી શકું તેમ નથી."

તેણે થોડી વાર ચૂપ રહ્યા બાદ પૂછ્યું: "તમે એ કહી શકશો કે આ પ્રદેશમાં તમારી નોકરી આજથી કેટલાં વર્ષ ઉપર હતી? અને તે વખતે ડેપ્યુટી પોલિટિકલ એજંટ કોણ હતા?"

આ બે સવાલમાંના છેલ્લા સવાલથી હું ચોંક્યો; કેમકે એમાં રહસ્ય હતું. મેં એ સવાલોના સાચા જવાબ આપ્યા: "આજથી લગભગ ૨૦ વર્ષ ઉપર હું આ પ્રદેશમાં હતો અને તે વખતે ડેપ્યુટી પોલિટિકલ એજંટ મિ. વિલ્કિન્સન નામે હતા."

"કોઈ શ્રીવદન શર્મા નામના શાસ્ત્રી અને અમૃત નામે દાસી સાથે એ દરમ્યાન તમને મુલાકાત થઇ હતી?"

વળી એ સવાલ પણ ચોંકાવનારો હતો. આ બાઇ શું જાણે છે અને કેવા બેતથી એ પૂછે છે તે જાણવાના હેતુથી તેના એ સવાલનો પણ મેં સાચો જવાબ દીધો: "હા"

તેણે પૂછ્યું: "હવે તમારા ખ્યાલમાં આવે છે કે, મર્હુમ મહારાજાના કિયા ખાનગી કામ સંબંધમાં હું આ પ્રશ્ન કરૂં છું?"

આનો સાચો જવાબ મેં હકારમાં દીધો.

તેણે પૂછ્યું: "ત્યારે કહો, તમે ચારે જણ કોઇ ગુપ્ત રાજકાર્યમાં સામેલ હતા કે નહીં?"

મેં જવાબ દીધો: "એ હું તમને જણાવી શકું નહીં. તમે કહો કે તમે શું જાણો છો? તમે જે કહેશો તે સત્ય બિના હશે, તો હું તેનો ઇન્કાર નહીં કરૂં."

તે ચૂપ રહી. હું પણ ચૂપ જ રહ્યો. ખરેજ, અમે બન્ને એક બીજાને કસતાં હતાં. હું જે રહસ્ય જાણું છું તેનાથી તે માહિત હોય એમ મને લાગ્યું; પણ એ રહસ્યનો સ્ફોટ થતાં રખેને કોઈ ભળતા આસામીને કહી દેવાય તો ઉલ્ટી પંચાત થાય એમ તેને લાગે છે, એ હું કળી શક્યો. મારે તો એ રહસ્યનો સ્ફોટ મારી મેળે તેને કરવાનોજ નહતો કેમકે તેજ મહારાજાની બહેન છે કે, કેમ એની મને ખાત્રી ન હતી.

તેની ચૂપકીદી લાંબો વખત રહી. એટલે મેં તેને પૂછ્યું: "તમે શું જાણો છો, એ કહી શકો તેમ નથી?"

"બેશક. તમારો પૂર્ણ પરિચય મેળવ્યા વિના નહીં."

"મારો પૂર્ણ પરિચય તો તમે કરેલા સવાલો ઉપરથીજ તમને થઇ ગયા છે, એની ખાત્રી તમારૂં હૃદય પૂરતું હશે. ઉપરાંત પરમાત્માના સોગંદ લઇ મેં વિશ્વાસભંગ નહીં કરવાની તમને ખાત્રી આપી છે, એજ પરિચય મને તો સૌથી વધુ પૂરતો લાગે છે."

તેણે ડોકું ધુણાવ્યું અને કહ્યું: "આપણે આબુ પહોંચીએ; માજી પોલિસ–અધિકારીને મળીએ; તે પછીજ આ સંબંધી વિશેષ વાતચીત કરીશું" તે પુનઃ ચૂપ રહી. તેની ચૂપકીદી નહીં તોડવાનો નિશ્ચય કરીને હું ગાડીની બારી બહાર જોતો રહ્યો. સ્ટેશનો એક પછી એક પસાર થયાં. પ્રાતઃ કાળ થયો પણ તેની ચૂપકીદી ચાલુ રહી. મારી અગત્ય હુ સમજતો હતો. મને ખાત્રી હતી કે, જો આ બાઇ રહસ્યથી વાકેફગાર હશે તો આબુ પહોંચ્યા પછી ખરો ખુલાસો થવાનોજ છે; એટલે મેં નરીકરાપણું બતાવવું ચાલું રાખ્યું. બે દિવસની કંટાળા ભરેલી મુસાફરી દરમ્યાન અમો વચ્ચે આ મુદ્દામાં એ પછી કાંઈ વાતચીત થઇ નહીં. આબુ પહોંચતાં કુન્દનપૂરના માજી પોલિસ–આધકારીને બંગલે હું એ બાઇને લઇ ગયો. અહીં મારો અને તે બાઈનો બન્નેનો એક બીજા વચ્ચેનો ભ્રમ ભાંગી ગયો. તે મહારાજાશ્રીની બહેનજ છે એવી ખાત્રી મારા મિત્રે મને કરાવી આપી અને હુંજ રાવબહાદુર મણિધરપ્રસાદ છું એવી ખાત્રી તેને કરાવી આપી. તે બાઇ બનાવટી નથી એનો ફક્ત એકજ પુરાવો પૂરતો થઇ પડયો. કુંતલપૂર–નરેશ સાવ જુના વિચારના રાજવી ન હોવાથી તેમના પત્નીનો ફોટોગ્રાફ તેમણે પડાવેલો હતો. તેની એક નકલ કુન્દનપૂરના માજી પોલિસ અધિકારીએ કુન્દનપૂરના રાજ મહેલમાં જોયેલી. એ સંસ્મરણને આધારે આ બાઈનું મુખારવિંદ જોઈનેજ તેણે મને ચોક્કસ ખાત્રી આપી કે, તે મહારાજાશ્રીનાં બહેન જ છે. અમો વચ્ચેનો આ ભ્રમ દૂર થયો એટલે વીરબાળાએ કહ્યું: "મણિધરપ્રસાદ, તમારા સોગંદની કિંમત હવે જ અંકાશે."

મેં તેની મારી થાબડી. તેણે જવાબમાં કહ્યું કે: "તમે મને રહસ્ય કહ્યું નહીં તેથી ઉલ્ટો તમારા પ્રત્યેના મારા માનમાં વધારો થયો છે. વારૂ. હવે તમારા અસલ સવાલનો જવાબ આપું છું કે, હુ શું જાણું છું."

મારા બોલવાની વાટ જોયા વિનાજ તેણે પ્રશ્ન કર્યો "કહો, ૨૦ વર્ષ ઉપર તમે મહારાજાશ્રીનાં ગુપ્ત–લગ્નમા સાક્ષી હતા?"

કુન્દનપૂરનો માજી પોલિસ–અધિકારી આ સવાલ સાંભળીને ચકિત થયો અને પૂછવા લાગ્યો: "શું મહારાજાશ્રીએ ગુપ્ત–લગ્ન કર્યાં હતાં?"

હવે મારી અગત્ય વધી ગઇ. મેં હસીને કહ્યું: "હા. માત્ર હું જ નહીં પણ મિ. અબ્રહામ આરબુથ, અમૃતદાસી અને લગ્ન કરાવનાર પુરોહિત શ્રીવંદન શર્મા પણ તેના સાક્ષીઓ હતા. લગ્ન રીતસર આર્યવિધિથી થયાં હતાં અને તેને લગ્નનો કરાર મુંબાઈની હાઇકોર્ટમાં રજીસ્ટર્ડ કરાવેલો હતો."

વીરબાળાએ કહ્યું: "કુન્દનપૂર રાજ્યના એક સામાન્ય ભરાશીઆ નામે સેજકજીની તે કન્યા હતી અને તેનું નામ ઉમાદે હતું––"

"બરાબર છે" મેં કહ્યું: "રજીસ્ટર્ડ કરારપત્રમાં એ બધું લખેલું છે. પણ હવે એ શા કામનું થઇ પડશે?"

"કેમ? હવે જ તે કરારપત્રની અગત્ય છે."

"નહીં" મેં કહ્યું: "કમનસિબ બિચારી ઉમાદે! તે તો અપુત્ર મરી ગઇ છે! એટલે એ કરારપત્રનો કાયદેસર લાભ હવે કોઇને શી રીતે મળી શકે તેમ છે?"

વીરબાળાએ જવાબ દીધો: "અહીંથી તમારી બિન માહિતગારી શરૂ થાય છે."

"શું ત્યારે એ કરારપત્રથી કોઇને લાભ થાય તેમ છે?"

"હા. ઉમાદેના પુત્રને અને મહારાજાશ્રીના ખરા વારસને."

"ઉમાદેને વળી પુત્ર જ કયારે હતો?"

તે ચૂપ રહી અને પછી ગંભીરતાથી બોલી: "મણિધરપ્રસાદ, તમારૂં કામ અહીંથી શરૂ થાય છે. મેં તમને લેવરાવેલા સોગંદ અહીંથી તમારે પાળવાના છે. કહો, હુ તમને કેટલીક ગંભીર અને સત્ય હકીકત કહું તે પછી તમે ડિટેકિટવ તરીકે અમુક કામ હાથમાં લઇ કુન્દનપૂર રાજ્યની સેવા બજાવશો?"

કુન્દનપૂરના માજી પોલિસ–અધિકારીએ તેને કહ્યું: "બેશક, રાવબહાદુર તો એવા કામ માટે લાયક છેજ. આપ બેફિકર રહો અને જે વિશ્વાસુ કામ સોંપવું હોય તે એમને સોંપો. મારી તબિયત કમનસિબે ખરાબ છે, એટલે લાચાર છું; નહીંતર હું પણ એમાં તમને મદદગાર થઇ પડત."

મારા મિત્રે આ મુજબ ખાત્રી આપ્યા પછી વીરબાળાએ મને જણાવ્યું કે: "મહારાજાએ ગુપ્ત લગ્ન કર્યા પછી ઉમાદેને પુત્ર થયો હતો અને તે પુત્ર અમૃત નામની દાસીને સોંપવામાં આવ્યો હતો. અમૃત તેને

લઇને ક્યાં ગઈ છે, એ જાણવામાં નથી. એ બન્નેને શોધવાનું કામ તમારે કરવાનું છે.”

બાદ તેણે એ કામમાં મદદ રૂપ ‘રૂપેરી રાજહંસ’ થઈ પડશે એમ જણાવી, એ રાજહંસ કેવો છે, પોતાના હાથમાં તે કેવી રીતે આવ્યો હતો; પોતે તેમાંની હકીકત કેવી રીતે વાંચી લીધી હતી અને તે બાદ તે હંસ કેવી રીતે ગુમ થયો; આપને અને વીરબાળાને થયેલી મુલાકાતમાં શી વાતચીત થઈ; જાલિમસિંહે કેવા ધમપછાડા એ રાજહંસ મેળવવા માટે કર્યા એને લગતી તમામ હકીકત મને કહી અને ઉમેર્યું કે: “જાલિમસિંહનું જંગલીપણું અને આ સવાલમાં સગપણની પણ પરવા નહીં રાખવાની તેની પાશવી વૃત્તિનો અનુભવ મેળવ્યા પછી મેં એક વિશ્વાસુ દાસી મારફત મહેલમાંથી ગુમ થવું પસંદ કર્યું છે. હું એવા નિર્ણયથી નીકળી પડી છું કે, સાચા ગાદીવારસની શોધ કોઇપણ ઉપાયે કરવી અને તેને ગાદીએ બેસાડવો. આમાં જો કે ડિટેક્ટિવ હીનેન્દ્રરાય ખૂબ મહેનત કરે છે પણ જાલિમની પ્રકૃતિ જોતાં એ બે વચ્ચે ટક્કર ચાલતી હોય તે દરમ્યાન જુદી દિશામાંજ ચૂપકીદીથી અને જાલિમની જાણબહાર આ કાર્ય કરવું એ વધારે બહેતર છે, એમ મને લાગ્યું છે. મને વિશ્વાસ રહે છે કે, ઇશ્વર મને મદદગાર થશે; કારણ કે, રાજહંસની જે વિગત હીનેન્દ્રરાય કે જાલિમ જાણતા નથી તે હું પહેલી જાણવા પામી છું. વળી મર્હુમ મહારાજાના ગુપ્ત લગ્નના સાક્ષી તરીકે તમારો મેળાપ અચાનક મને થઇ ગયો છે. માટે હવે તમે આ કામ માથે લ્યો. પણ એમા ડિટેક્ટિવ હીનેન્દ્રરાય સામે અથડામણ નહીં કરવાની તમારે ખાસ કાળજી રાખવી અને જો સંજોગવશાત્ તમારો અને તે બુદ્ધિશાળી પુરુષનો ભેટો થાય તો જેટલું તમે જાણતા હો તેટલું તેમને કહી તેમની સલાહ મુજબ કામ કરવું. આપણા સૌના લાભનો આ મુદ્દો નોંધી રાખજો.”

હું આ બધી વિગત સાંભળી આભો બની ગયો. બેશક મારી સમક્ષ મારી બુદ્ધિ અજમાવવાનું એક વિશાળ ક્ષેત્ર રજુ થયું. પણ એમાં કેટલું બધું જોખમ છે અને કેટલી બધી ગુંચવણો છે એ નિહાળીને હું આનાકાનીમાં પડયો; ત્યાં ગાઢ મિત્ર માજી પોલિસ–અધિકારીએ મને ઉત્સાહ આપનારાં કથન કહ્યાં અને આ કામ માથે લઇ વિજય મેળવવા જણાવ્યું. પરિણામે હું કબૂલ થયો. ‘કેસ’ની તમામ વિગતોની નોંધ મેં કરી લીધી.

અમોએ ત્રણેએ તે બાદ મસલત કરી; અને વીરબાળાએ થોડાક રોજ અહીં આબુમાં રહેવું એવો નિર્ણય કર્યો. એજ દિને સાયંકાલે અચાનક મારે એક અગત્યના ખાનગી કામે મુંબાઇ જવાની જરૂર ઉભી થઇ. વીરબાળા આબુમાં રોકાઇ અને હું મુંબાઇ ગયો. ત્યાં રેલ્વે સ્ટેશન ઉપર આપનું જાહેરનામું મેં જોયું. તેમાંની ઇનામની હકીકત મારા જોવામાં આવી. મેં એ જાહેરનામાની વિગત મારી નોંધપોથીમાં ટપકાવી લીધી અને તે બાદ શહેરમાં જઇ, મારૂં જે ખાનગી કામ કરવાનું હતું તે કરીને મેં એવી કલ્પનાથી ચોરબજારમાં લટાર મારી કે રાજહંસ કદાચ ચોરાઇને મુંબાઇમાં તો કોઇને ત્યાં વેચાવા નહીં આવ્યો હોય! જુની કારીગરીની વસ્તુઓની ખરીદીનું બહાનું કાઢી, એકકે એક દુકાન મેં ખૂંદવા માંડી; કેટલીક ખરીદી કરી પણ ખરી; અને એમાં કર્મ ધર્મ સંજોગે સેવકની મહેનત સફળ થઈ! ઉસ્માનની દુકાને આ હંસ જોયા પછી મેં તમો લોકોને થાપ આપવા માટે પણ રાજ્યના હિત માટે બનાવટી રાજહંસની યુક્તિ કરી અને છેવટે સાચો રાજહંસ મેળવીને હું ગુપચુપ અહીં પાછો ફર્યો. અહી આવી મારી કામગિરીની વાતથી મેં વીરબાળાને વાકેફ કરી. આ કામ પાર ઉતર્યું તેમાં ઇશ્વરની ગેબી મદદ હોવાનું જણાવીને તે ખુશ થઇ ગઇ. બાદ એ હંસમાંનો કાગળ પોતે જાતે લઇને કુન્દનપુરના પોલિટિકલ એજંટને મળવા ગઇ. સાથે મારો પત્ર રાખ્યો અને એનો જવાબ મેં આપને બતાવ્યો તે મુજબ પોલિટિકલ એજન્ટે બારોબાર મને આપ્યો. એ પછી વીરબાળાએ મને ખબર કહેવરાવી કે, હું હવે મારા પોતાના રાજ્યમાંજ ગઇ છું.”

આ હકીકત કહ્યા બાદ રાવબહાદુરે હીનેન્દ્રરાયને કહ્યું: “એ પછી, ડિટેક્ટિવ સાહેબ, આપનો તાર મને મળ્યો અને આપનાં પોતાનાં દર્શન થયાં.”

“પણ મને રાજહંસમાના કાગળનાં દર્શન ન થયાં, તેનું શું?” ડિટેક્ટિવે સામો પ્રશ્ન કર્યો.

“ઢોળાયલા દૂધપર રૂદન કરવું શા કામનું સાહેબ?” રાવબહાદુરે કહ્યું: “એ કાગળની અક્ષરે અક્ષર નકલ હવે હું આપને બતાવું છું.” એમ કહી રાવબહાદુર મણિધરપ્રસાદ પુનઃ પેલા મેજ નજદીક ગયો અને તેના એક છુપા સંચમાંથી તેણે એક કાગળ બહાર ખેંચી કાઢયો. એ કાગળ ખુલ્લો કરીને તે ડિટેક્ટિવની નજદીક આવ્યો અને તેના હાથમાં મૂકીને હસતો હસતો તેના મોં ઉપરના ભાવો નિહાળવા લાગ્યો. મજકુર પત્રમાં નીચેનું લખાણ ડિટેક્ટિવે વાંચ્યું:

પરિચ્છેદ ૨૨.

હંસમાંનો કાગળ.

"હું કુન્દનપૂરનો મહારાજા રણવીરસિંહ આ લખાણથી ખબર આપું છું કે, જગત આજ સુધી મને કુંવારો રાજા ધારે છે તે મુજબ હું કુંવારો નથી. મેં ઈ. સ. ૧૮ ...માં મુંબાઇ ખાતે એક છુપું લગ્ન કરેલું છે.

"એક વખત હું સાદા વેશે મારાં ગામડાંઓની મુલાકાતે એકલો નીકળ્યો હતો. તેવામાં મોહરીઆ ગામના ગામડામાં જઇ ચઢયો. તેના નાનકડા તળાવને આરે એક ખૂબસુરત કન્યા પાણી ભરતી મારા જોવામાં આવી. મેં એની પાસે જઈ પાણી માગ્યું અને તેણે પાયું. મારા હૃદયમાં ત્યારથી એને માટે ચીનગારી જાગી. એ કન્યા પાણી ભરીને ગઇ તેની પાછળ હું ગયો. તે જે મકાનમાં પેઠી તેની એંધાણી યાદ રાખી મેં ગામના મુખી પાસે જઇ પૂછપરછ કરી. તપાસમાં માલુમ પડયું કે, સેજકજી નામે એક વૃદ્ધ ગરાશીઆનું તે એકનું એક અનુપમ રત્ન નામે ઉમાદે છે. હજી તેનાં લગ્ન થયેલાં નથી. એ કન્યાનો પ્રેમ જીતવા મેં નિશ્ચય કર્યો. તે દિવસે હું મારા પાટનગરમાં પાછો ફર્યો અને પછી મે દરરોજનો એક આંટો તે ગામમાં મારવાનો નિયમ રાખ્યો. સુભાગ્યે એ નિર્દોષ બાળા અને મારી વચ્ચે પ્રેમ જાગૃત થયો. દરમ્યાન ભાગ્યનો સુયોગ કહો કે પછી ગમે તે કહો; પણ તેનો પિતા મરણ પામ્યો. કન્યાને મે એવે વખતે માગણી કરી કે હું રજપૂત છું અને તારો હાથ ગૃહણ કરવા ખુશી છું. મારૂં અને તેનું હૃદય એક થયેલું હોવાથી તેણે સંમતિ આપી. મેં તરતજ શું કરવું એની વ્યવસ્થા કરી લીધી. સામાન્ય રીતે જેમ ગમે તેની સાથે બીજા રજપૂતો લગ્ન કરી લે છે, તેમ એક રાજાથી નથી થતાં. તેને ખાસ ખાનદાન કન્યા અમુક અમુક રાજકારણોથી પરણવી પડે. આ તો એક સાધારણ કુળની કન્યા હતી. જો એને હું જાહેર રીતે પરણું તો મારે અમુક રાજાઓની કન્યાઓને માટે તેમને નિરાશ કરવા પડે અને ઉલ્ટું વેર બંધાય એ અલગ. પિરણામે મેં ગુપ્ત–લગ્નનો નિર્ણય કર્યો.

"મારે અને તે વખતના ડેપ્યુટી પોલિટિકલ એજંટ મિ. વિલ્કિન્સનને ગાઢ મિત્રતા હતી. મેં તેની સલાહ લીધી અને તેણે મુંબાઇમાં લગ્ન કરવા અભિપ્રાય આપ્યો. કન્યા સાથે હું મુંબાઇ ગયો. મિ. વિલ્કિન્સન તેમજ એક દેશી બ્રિટિશ પોલિસ–અમલદાર નામે મણિધરપ્રસાદ અમીધરપ્રસાદ મજમુંદાર કે જે મિ. વિલ્કિન્સનનો વિશ્વાસુ દેશી માણસ હતો, તે પણ મારી સાથે રહ્યા. કન્યાને મુંઝવણ ન ઉપજે તે માટે અમૃત નામે એક દાસીને પણ મેં સાથે રાખી. મુંબઇમાં જઇને એક શ્રીવદન શર્મા નામે વિદ્વાન બ્રાહ્મણની મારફત આર્ય વિધિથી મેં ઉમાદે સાથે લગ્ન કર્યાં. મિ. વિલ્કિન્સન એક દીર્ઘદર્શી અધિકારી હતો. તેની સલાહથી એ લગ્નનો એક કરારપત્ર ધારાશાસ્ત્રીઓ મારફત તૈયાર કરાવવામાં આવ્યો અને મારાં લગ્ન યોગ્ય ધર્મવિધિથી થયા હોવાથી સાચાં લગ્ન છે એમ ઠરાવવા માટે મુંબાઇની હાઇકોર્ટમાં તે રજીસ્ટર્ડ કરાવવામાં આવ્યો. ઉમાદેને મારૂં નામ મેં ગુપ્ત કહ્યું હતું પણ કરાર પત્રમાં સાચી વિગતો લખી. એમાં એક મુખ્ય બાબત અમે દાખલ કરેલી કે; ઉમાદેને જો મારાથી પુત્ર ઉત્પન્ન થાય તો તે મારો ગાદીવારસ રહે. અમો સહુએ તે કરાર પત્રમાં સહીઓ કરી અને ઉમાદે તથા અમૃત ભણેલાં નહોવાથી તેમનાં અંગુઠાનાં નિશાન તેમાં કરાવ્યાં. આજ પણ બ્રિટિશ અદાલતમાં તે રજીસ્ટર્ડ પત્ર મોજુદ છે.

"આ લગ્ન પછી હું, ઉમાદે અને અમૃત જુદાં જુદાં શહેરોને પ્રવાસે ગયાં. અધિકારીઓ મારા રાજ્યમાં પાછા ફર્યા. એક દોઢ વર્ષના અરસામાં ઉમાદેને પુત્ર પ્રસ્ગ્યો. કમનસિબે તે સુન્દરી સુવાવડમાંજ મરણ પામી. હુ હતાશ થઈ ગયો. અમૃત દાસીએ મને હિંમત આપી. ખુલ્લી રીતે મારા પુત્રને મારા રાજ્યમાં લઇ જવા મેં વિચાર કર્યો ત્યારે અમૃતે જણાવ્યું કે, 'મહારાજ, રાજવાડાની ખટપટોમાં આ કુલ ઉછેરવું મુશ્કેલ થઈ પડશે. કોઇ તેના પર અકાળે કુહાડી મારશે અને આપ નહીં જાણતા હો એવા અનેક પ્રપંચો રચશે.' મને એ ઉપરથી સલામત માર્ગ એ લાગ્યો કે, અમૃત પાસે તેને ઉછેરવે અમૃતે પુત્રનું પાલન કરવા માથે લીધું. એને મેં બહુ સારી રકમ આપી. તે બાદ તેને છોડીને હું મારા પાટનગરમાં આવ્યો.

"અનેક વર્ષો આ વાતને વહી ગયાં છે. દરમ્યાન મે બીજું લગ્ન નથીજ કર્યું. અમૃત અને મારો પુત્ર હયાત છે. તેઓ હાલમાં કયાં છે તે હું જાણતો નથી પણ એટલું જાણું છું કે, તે છોકરાનું મોં બરાબર મારા જેવુંજ છે. તેમજ તેના જમણા હાથ ઉપર અમૃતે 'સ્વસ્તિક'નું છુંદણું છુંદાવ્યું છે.

"હું જ્યારે આ લખું છું ત્યારે મારા હૃદયમાં પશ્ચાત્તાપની લાગણી ઉભરાઇ આવે છે કે, માનસિક નબળાઇથી મેં છુપાં લગ્ન કેમ કર્યાં ? ઉમાદેના અવસાન પછી અમૃતને મેં મારો પુત્ર સોંપ્યો તેમાં જો કે તે પુત્ર માટે કાળજીનો હેતુ હતો તોપણ હવે મને લાગે છે કે, તેને યુવરાજ તરીકે મારે જાહેર કરવો જોઇએ.

"આથી આ લખાણદ્વારા હું જાહેર કરું છું કે-ઉપલી બે નિશાનીઓવાળો અમૃત પાસેનો યુવક મારો પુત્ર છે અને તે મારો ગાદીવારસ છે. અમૃત છેક છેલ્લી કોઇ મહારાજા સાથે પરદેશ ગઇ હતી. ત્યાર પછી તે ક્યાં છે, તે હું જાણતો નથી; પણ મારા અવસાન પછી જેઓને હાથ આ લેખ આવે તેઓને હું ધાર્મિક પ્રતિજ્ઞા આપી વિનતિ કરું છું કે-જો સત્ય અને ધર્મને તમે ચ્હાતા હો, તો મારા તેજ પુત્રને મારી ગાદી આપશો.

"હું કુંવારો છું એમ જગ જાણે છે તેથી મારો નાનો ભાઇ જાલિમસિંહ રાજ્યગાદી માટે ઉત્સુક રહેશે તેમજ તે લેવા પ્રયત્નો કરશે; પણ તેના કરતાં મારા પોતાના સંતાન પર મારો પ્રેમ વધુ હોય એ કુદરતી છે; તેથી મારું ફરમાન છે કે, જાલિમસિંહને વાર્ષિક રૂ. ૨૫ હજારની આમદાનીવાળાં વતન મારા રાજ્યમાંથી અલગ કાઢી આપીને મારું રાજ્ય તો મારા ગાદીવારસ પુત્રને જ આપવું. રણવીરસિંહ. તા. ૮-૫-૧૮..."

ડિટેક્ટિવ દીનેન્દ્રરાય આ પત્ર વાંચી રહ્યો એટલે રાવબહાદુરે કહ્યું: "કહો, સાહેબ, આપ આ પત્ર સંબંધી શું ધારો છો ?"

"હજી આપણે અંધારામાં ઘણા બાથોડીઆં મારવાનાં રહ્યા છે, એમ આ પત્ર વાંચ્યા પછી લાગે છે."

"એમાંની કેટલીક બાબતોમાં હજી હું પ્રકાશ પાડી શકું તેમ છું." રાવબહાદુરે કહ્યું.

"કઈ બાબતો ?"

"દાસી અમૃતને હું દીઠે ઓળખું છું."

"તમે ૨૭ વર્ષ ઉપર મહારાજાશ્રીનાં લગ્ન વખતે તેને જોયેલી તે ઉપરથીજ કહો છો ને ?"

"હા."

"તમે એ પછી કોઇવાર તેને જોયેલી ?"

"ના. જી. હું લગનના કરારપત્રના રજીસ્ટ્રેશન પછી મિ. વિલ્કિન્સન સાથે પાછો ફર્યો તે બાદ તે મારા જોવામાં આવી નથી. પરંતુ તેને હજી પણ હું ઓળખી શકું—"

"જો તેનો ચહેરો બદલાઇ ગયો ન હોય તો—"

"ચહેરો બદલાયો હોય કે નહીં પણ તેને ઓળખી વાનું બીજું સાધન પણ મોજુદ છે. એનો ભાઇ—"

"તે કોણ ?"

"હરલમ નામનો મહારાજાશ્રીનો એક જુનો ખવાસ-"

ડિટેક્ટિવને આ ખવાસ કોણ તેનો ખ્યાલ આવ્યો. એ તેજ ખવાસ હતો કે જે મહારાજાનો ખાસ વિશ્વાસુ ખવાસ હતો; જેણે હંસ મહારાજાને ખૂબ વહાલો હોવાનું જણાવીને મહારાજાના મૃત્યુની રાત્રે રાજમહેલમાં આગ લાગી ત્યારે તે હંસ આગમાંથી બહાર કાઢયો હતો; જે તે બાદ હોસ્પિટલમાં બિમાર પડયો હતો; ત્યાંથી નાઠો હતો; હંસની જેણે ફરીથી ચોરી કરી હતી; જેને અને જાલિમને ઝપાઝપી થયાની વાત વીરબાળાએ પોતાને (ડીટેક્ટિવને) કહી હતી. ડિટેક્ટિવને યાદ આવ્યું કે-જાલિમ સાથે ઝપાઝપી થવા બાદ હરલમને વીરબાળાના એક બીજા માણસ સાથે ઝપાઝપી થઇ હોવાનું અને હરલમે તે માણસને લોહીલુહાણ કર્યો હોવાનું તેને કહેવામાં આવ્યું હતું. પરંતુ એ બનાવ પછી હરલમનો કાંઇ પત્તો નથી ! એ ખવાસને બિનજરૂરી માણસ લેખીને ડિટેક્ટિવે તેની તપાસ ચલાવી નહતી.

ડિટેક્ટિવે રાવબહાદુરને પૂછયું: "એ હરલમ ક્યાં છે ?"

"તે કુન્દનપૂરમાંજ હશે—"

ડિટેક્ટિવે ડોકું ધુણાવ્યું અને કહ્યું: "હશે અને 'નહીં હોય' કે એવાં કાંઈ અનુમાન મારે જોઇતાં નથી. તમે પોતે એના સંબંધી કાંઇ જાણો છો ?"

"ના જી."

"હરલમ અમૃતનો ભાઇ થાય, એ તમે શી રીતે જાણ્યું ?"

"એ હું મૂળથી જાણું છું. મુંબઇમાં અમે ગયા ત્યારે અમૃત સાથેની કેટલીક વાતો દરમ્યાન મેં એ વાત જાણી હતી."

"જો કે એ હકીકત અગત્યની છે તોપણ અત્યારે તે આપણને કશા ઉપયોગમાં આવે તેમ નથી. જે અગત્યના સવાલો આ પત્ર વાંચ્યા પછી આપણી સમક્ષ ઉઠે છે, તે એ કે, અમૃત હયાત છે કે કેમ ? જો હોય તો તે ક્યાં છે ? રાજકુમારનું શું થયું ? મહારાજાના અવસાનની ખબર તેને થઇ છે કે કેમ ? અને જો તે ખબર તેને થઇ હોય તો તે રાજકુમારનો દાવો કેમ આગળ કરતી નથી ? અને રાજકુમારને કેમ ખુલ્લો પાડતી નથી ?"

રાવબહાદુરની મુખમુદ્રા હવે ગંભીર બની. તે ઉપરથી ડિટેક્ટિવે તેને કહ્યું: "તમે ગંભીર બન્યા, એ જોઇને હું તમને ધન્યવાદ આપું છું. બોલો, હવે તમારી શી ઇચ્છા છે ? આ દાસીની શોધનું કામ તમે માથે લ્યો છો કે હું ચાલુ રાખું ?'

"હું એ કામ આપની સાથે રહીને કરવા તૈયાર છું. આપ આમાંથી નિવૃત્ત થાઓ તો મારી મૂળ મહત્વાકાંક્ષા પાર ન પડે."

ડિટેક્ટિવ હસ્યો અને બોલ્યો: "રાવબહાદુર સાહેબ, તમારી મહત્વાકાંક્ષા કુન્દનપૂરના પોલિસ–અધિકારી થવાની છે; ખરૂં ને?"

"હા. એજ મારી મહત્વાકાંક્ષા છે."

"તમે મહારાજાની ખાનગી વાતનું રહસ્ય જાળવવા ઉપરાંત મહારાજાની બહેનની આબરૂ જાળવી છે તથા રાજહંસ શોધી આપીને પોલિટિકલ એજંટને તેમાંની વિગત મોકલી આપી છે, તેને લીધે કુન્દનપૂરના પોલિસ–અધિકારી–પદ માટે સર્વાંશે લાયક ઠરી ચૂક્યા છો. ઉપરાંત તમારી આગલી નોકરી પણ ધ્યાનમાં લેવા જોગ છે. વારૂ. આવતી કાલે સહવારમાં આપણે બન્ને અહીંથી કુન્દનપૂર જવા ઉપડીશું અને ત્યાં પહેલવહેલું કાર્ય આ નવીન પદ તમને અપાવવાનું હું કરીશ. એ પદ ઉપર તમે ગોઠવાશો તેથી મારી શોધમાં મને કેટલીક ઓર સહાયતા મળી શકશે, એ ચોક્કસ છે."

"બેશક, હું આપને દરેક સહાય આપીશ."

"એની મને ખાત્રી છે. આપણે હવે નિદ્રાદેવીના ખોળામાં પડીએ; પણ તે પહેલા બે સવાલોના જવાબ હું માગું છું. પ્રથમ તો એ કે, મિ. વિલ્કિન્સન હાલ ક્યાં છે?—"

"તેઓ બ્રિટિશ નોકરીમાંથી નિવૃત્ત થઇ ત્રણેક વર્ષ ઉપર ઈંગ્લાંડ ગયેલા છે. મારે ને તેમને હજી પત્રવહેવારનો સબંધ છે."

"વારૂ; બીજો પ્રશ્ન એ કે, અમૃત કિયા રાજા સાથે વિલાયત ગયેલી તે તમે જાણો છો?"

"ના. જી. વસ્તુસ્થિતિ એ છે કે, મહારાજાશ્રીનાં ગુપ્ત–લગ્ન પછી મને આ બાબતમાં કાંઈ જાણ કરવામાં આવેલી નહીં. હું જે રહસ્ય જાણતો હતો તે પવિત્રપણે મેં ગુપ્ત રાખ્યું અને ચારેક વર્ષ બાદ મારી બદલી બીજા બ્રિટિશ જીલ્લામાં થઇ."

ડિટેક્ટિવે એક નવો પ્રશ્ન પૂછયો: "લગ્ન કરાવનાર પુરોહિત શ્રીવદન શર્મા હાલ ક્યાં હશે?"

"તે પણ હું જાણતો નથી. મારો ને તેનો ફરી કદી મેળાપ થયો નથી. તેમજ તે હયાત છે કે કેમ તે હું જાણતો નથી."

"એ પુરોહિત વૃદ્ધ હતો કે જુવાન? આજ વીસ વર્ષ સુધીમાં તે જીવતો રહી શકે એવો હતો કે?"

"હા. તે જુવાન અને સશક્ત હતો. જો કોગળીઉ પ્લેગ કે ઈન્ફ્લ્યુએન્ઝા જેવા ચેપી રોગનો ભોગ થઇ પડયો ન હોય તો તે હયાત હોવા સંભવ છે."

"હવે એકજ પ્રશ્ન બાકી રહે છે" ડિટેક્ટિવે કહ્યું.

રાવબહાદુર હસીને બોલ્યો: "આપે ફક્ત બે સવાલ પૂછવાના કહ્યા હતા છતાં એક ત્રીજો વધારાનો પૂછયો અને પાછો હજી એક રહી ગયો કહો છો, એનો જવાબ નહીં આપું."

"એ આ બાબતને લગતો નથી. તમને પોતાને લગતો છે."

"સમજ્યો." રાવબહાદુરે કહ્યું: "આપ એમ પૂછવા માગતા લાગો છો કે, માતુશ્રી વીરબાળાની સાથે હું કુન્દનપૂર કેમ ગયો નહીં અને અહીં શા માટે રોકાયો?—"

"હા. એજ સવાલ છે."

"મેં એ બાબત તમને કહી નહીં તેનું કારણ એ કે, એમાં મારી એક નાસીપાસીની અને મિથ્યા પ્રયત્નની તવારિખ સમાઇ જાય છે. છતાં આપ તે પૂછો છો તો કહું છું. હુ મુંબાઇથી રાજહંસ સાથે પાછો ફર્યો તે દિવસે મારા બંગલામાં આવતી વખતે બસો કદમ દૂર આવેલા એક બંગલામાં મેં એક બાઇને અને એક યુવકને પેસતાં જોયાં. મને એ બાઇ અમૃત દાસી હોય એવો ભાસ થયો. અને તેની સાથેનો યુવક કોઈ રાજકુમાર હોય, એમ લાગ્યુ. એ બેનો પત્તો મેળવવામાં હું જ ભાગ્યશાળી નીવડયો, એમ મેં માની લીધું. મેં એ બંગલામાં કોણ રહે છે અને આ બે અહીં ક્યાંથી, એ વિષે મારી મેળેજ બરાબર તપાસ કરવાનો અને જો ખરેખર તેઓ અમૃત દાસી અને કુન્દનપૂરનો ગાદીવારસ હોય તો વીરબાળાને તેમજ આખા જગતને ચકિત કરવાનો ઈરાદો રાખીને તાત્કાલિક ચૂપકીદી ધારણ કરી. મેં અહીં આબુમાં થોડાક રોજ રોકાવા ધાર્યું. હંસમાંનો કાગળ ટ્રેનમાની મુસાફરીમા મેં બરાબર વાંચી લીધો હતો તે વીરબાળા સાથે ફરીવાર વાચ્યો અને વીરબાળાને કુન્દનપૂરના પોલિટિકલ એજન્ટ પાસે પહોંચવાની અધીરાઇ હોવાથી મારા એક પત્ર સાથે મેં તેને એકલી જવા દીધી. એના જવા પછી બીજે દિવસે મેં એક વૃદ્ધ નોકરનો વેષ લીધો. નોકરી રહેવાને બહાને હું તે બંગલામાં ગયો. પૂછપરછ ઉપરથી મને માલુમ પડયું કે, વિશાળગઢનો મહારાજા તેમાં રહે છે. માંદગીને લીધે તે હવાફેર સારૂ આવેલો છે. તેનું કુટુંબ, તેનાં સંતાનો વગેરે તેની સાથે છે. મેં નોકરીનું સાટું ત્યા ગોઠવી દીધું. નોકર તરીકે બંગલામાં બધે ફરવાની મને તક મળી. એ દરમ્યાન એ દાસીનો મેળાપ કરવા મેં યત્ન કરી જોયો. પણ તે તો બડી મગરૂર જણાઇ. ખુદ રાણીનીજ તે માનીતી દાસી હોવાથી અને રાજકુંવરની ધાત્રી હોવાથી બીજા નોકર ચાકરો સાથે છુટથી ભેળાતી નહીં. મેં તેનું નામ જાણી લીધું. તેનું નામ કાશી હતું. કદાચ તેણે નામ બદલ્યું હશે, એમ માની લઇને તેની પૂરી પિછાન કરવા હું થોભ્યો. થોડાક દિવસ પસાર થયા બાદ તે જ્યારે સાંજને છેડે એકલી બંગલા બહાર ગઇ ત્યારે હું તેની

પાછળ ગયો અને ધીમે રહીને તેની પાસે જઇને મેં પૂછ્યું: "મને ઓળખ્યો છો કે?" તેણે કહ્યું: "હા. તું તો અમારો નવો નોકર છે! કેમ, મારું શું કામ છે?" મેં કહ્યું: "એક પાછલી વાતચીત તાજી કરવી. તો ખ્યાલમાં આવશે કે, મુંબાઇમાં આપણે એક છુપાં લગ્નમાં ભેગાં થયાં હતાં." આ સાંભળીને તેણે પૂછ્યું: "એમ કે? આપણે એક છુપાં લગ્નથી ભેગાં થયાં હતાં? એ લગ્ન મેં અને તેં કર્યું હતું; ખરૂંને? બહુ સારી વાત! વારું, શું હવે મને તું તારા ભેગી રાખવા માગે છે?!" મેં કહ્યું: "નહી. નહીં. મારી મશ્કરી ન કરો." તેણે કહ્યું: "તને આ મશ્કરી લાગતી હોય તો તારે રસ્તે પડ. નાહક મારી સાથે વાત કરવા શેનો આવ્યો છે?" મેં કહ્યું: "કોઈ છુપા-લગ્ન સંબંધી ખરી વાત જાહેર કરવાનો હાલમાં વખત આવ્યો છે. જો ગંભીરતાથી તમે વાત કરો તો હું તમને મદદ કરું." તેણે પૂછ્યું: "પણ લગ્ન કોનાં, તે તો તું કહેતો નથી." મેં કહ્યું: "તમેજ સંભારી કાઢો." તેણે જવાબ દીધો: "મેં તો કહ્યું ને કે, તારાં ને મારાં લગ્ન થયાં હતાં! જો હવે મને અહીંના જેવી બાદશાહીમાં રાખવા જેટલાં નાણાં તારી પાસે હોય તો બતાવ કેટલાં છે? એ પછી ચાલ, હું તારી સાથે આવું."

હું ખરેખર ગૂંચવણમાં પડયો. આ દાસીનું મોં તો અમૃત જેવું હતું અને છતાં તેનું બોલવું વિચિત્ર કેમ હતું, એ મને સમજાયું નહીં. તેની આગળ સાચો ભેદ શી રીતે ખોલાય? આખરે કોઇ બીજી રીતે તેના સંબંધી માહિતી મેળવી લેવા નક્કી કરી મેં કહ્યું: "તું તો મશ્કરીજ કરવા માગે છે, એટલે તારી સાથે વાત કરવી નકામી છે." આમ કહી હું ચાલવા લાગ્યો; એટલે તે સ્વગત ગણગણી: "મુઓ ચરકેલ! ઘઇડો થયો છે તોયે દાનત તો ભ્રષ્ટ લાગે છે! પણ નાણાંની વાત કરી એટલે કેવો ચૂપ થઈ ગયો?" તેના આ શબ્દો મેં સાંભળ્યા. અને હું કેવળ ભ્રમમાં કુટાયો છું એમ મારી ખાત્રી થઇ. એજ રાત્રે એણે તો નોકર ચાકરો આગળ મારી ફજેતી કરી. તેણે તેઓને બધાને કહ્યું કે, "મારી સાથે છુપું લગ્ન કર્યું છે એમ આ બુઢ્ઢાજી કહે છે અને લગ્નના હક્ક ભોગવવા માગે છે! પણ દાઢી-બળ્યા પાસે નાણાં નથી એટલે શું કરે? જો પૈ-પૈસો ઉઘરાવીને તમે એને સુબલક નાણાં એકઠાં કરી આપો તો બિચારાની ઇચ્છા પાર પડે!" માત્ર આમ કહીને તે અટકી નહીં; પણ એક ધોકેણું લઇને તે તો મને મારવા તૈયાર થઇ. એટલે હું નાઠો. અને તે વખતે અચાનક એક ખ્યાલ આવ્યો કે, જતાં જતાં એક વાર પેલા રાજકુંવરની મુલાકાત લેવી અને તેને હાથે 'સ્વસ્તિક'નું છુંદણું છે કે નહીં તેની તપાસ કરવી. આ ઇરાદાથી મેં તો બંગલામાંજ નાસવા માંડયું. તે મારી પાછળ પડી અને તેની પાછળ નોકરો પણ પડયા. નાસતાં નાસતાં રાજકુંવરના ખંડનાં બારણાં મેં ખુલ્લાં જોયાં. તરત જ તેમાં હું પેસી ગયો અને તેનાં બારણાં બંધ કરી દીધાં. રાજકુંવર એ વખતે એક ખુરશીમાં બેઠો બેઠો વાંચતો હતો. તેણે મને જોઇને પૂછ્યું: "શી આફત છે?" મેં જવાબ દીધો: "નામદાર, તમારી દાસી ચાંદનીને અને મારે તમારા સંબંધમાં તકરાર થઇ તેથી તે મને મારવા માટે મારી પાછળ પડી છે." રાજકુંવર હસ્યો અને બોલ્યો: "શી તકરાર થઇ છે?" મેં કહ્યું: "તે કહે છે કે આપ ગોરા છો પણ આપના જમણા હાથના ખભા ઉપર કાળું છે તેથી બદસુરત ગણાઓ!" હું કહું છું કે, "કાળું હોય તોયે બદન નીચે ઢંકાઈ જાય એટલે રાજકુમાર બદસુરત ન કરે 'હા'ની ને 'ના'ની તકરાર. વાત વધી પડી છે એટલે એ ગુસ્સે થઇને મને મારવા આવી છે." રાજકુંવર ખૂબ હસ્યો અને બોલ્યો: "જા, જઇને એને મારા તરફથી કહે કે, એ જુઠ્ઠી છે. પછી તું એને મારા તરફથી બે ચાર લાપટો લગાવી દે." મેં કહ્યું: "પણ નામદાર, મારી પોતાની ખાત્રી થયા વિના હું તેને શી રીતે જુઠ્ઠી કહી શકું?" તે પુનઃ હસ્યો અને કહેવા લાગ્યો: "તમારી તકરારે મને રમુજ ઉપજાવી છે. લે હું તને ખાત્રી કરાવું. ચાલ, મારું બદન ખોલ." મને ઠીક લાગ મળ્યો. મેં તેનાં કેડ સુધીનાં કપડાં ખોલી નાંખ્યાં અને જમણો હાથ ખુલ્લો કરીને બરોબર નિહાળ્યો. છેક તેના હાથના પ્હોંચાથી તે ખભા સુધી કાંઇપણ ચિહ્ન મારા જોવામાં આવ્યું નહીં. તેણે પૂછ્યું: "કેમ, હવે તને ખાત્રી થઇને?" મેં તેના હાથને ચુંબન કરીને કહ્યું: "આપની કૃપા થઇ, નામદાર. હવે હું દાસીની રેવડી દાણાદાણ કરીશ." મેં તેને તેનાં કપડાં બરાબર પહેરાવી દીધાં: અને બારણું ખોલતા પહેલાં કળના કાણામાંથી બહાર નજર કરી કે, દાસી વગેરે ત્યાં ઉભાં છે કે નહીં? મને કોઇ ત્યાં ઉભેલું જણાયું નહીં. બારણું ઉઘાડીને હું બહાર આવ્યો. નોકર ચાકરો છાનામાના એક બાજુ સંતાઇ રહ્યા હતા. જેવું મેં બારણું બંધ કર્યું કે, તેઓએ મારે મોઢે કપડું બાંધી દીધું અને મને સૌ ઉંચકીને રસોડા નજીકના નોકરોના ઓરડામાં લઇ ગયા. મારા મોં ઉપરનું કપડું ખોલી નાંખીને દાસીએ મને કહ્યું: "બોલ બઢ્ઢાજી, મને તારી ... કહે અને ફરીથી કોઇવાર મારી છેડછાડ કરવા નહીં આવવાના સોગંદ ખા—નહીંતર તારાં હાડકાં પાંસળાં છુટાં કરી નંખાવું છું!" મારે તેમ કર્યા સિવાય છુટકો નહોતો. મેં કહ્યું: "માફી, હવેથી તને કદી બોલાવીશ નહીં. મને માફ કર" તે સગર્વ કહેવા લાગી: "જો, આજ તો માફ કરું છું પણ હવે પછી બીજીવાર આવી છેડ કરીશ તો નોકરીમાંથીજ કઢાવી મૂકીશ." આમ કહીને ધોકેણું નાંખી દઇને તે ચાલતી થઇ. હું તેજ રાત્રે મળસ્કામાં વહેલો ઉઠીને પસાર થઇ ગયો અને મારા બંગલામાં પાછો આવ્યો. ફરીથી મેં એ વિરાળગઢના રાજાના બંગલામાં પગ મૂક્યો નથી. હું કુન્દનપૂર જવાના બેતમાં હતો તેવામાં ડિટેક્ટિવ સાહેબ, આપનો તાર મને મળ્યો એટલે પછી હું રોકાઇ ગયો."

ડિટેક્ટિવ હીરેન્દ્ર આ કથની સાંભળીને ખૂબ હરખે અને બોલ્યો: “બેશક, તમારી આ નાસીપાસીની અને ફજેતીની કથા છે, પણ તેમાં રાજકુંવર આગળ તમે ચાલાકી વાપરીને તેનો હાથ જોઈ લીધો, એમાં તમારી ફત્તેહ સમાયલી છે. અનેક સંજોગોમાં આપણને નિરાશા તો થાય પણ તેમાં આપણે સમયસૂચકતા ન વીસરવી જોઇએ. તમે એ રાજકુંવર વિષે સમયસૂચકતાથી ખાત્રી કરી લીધી, એ ઠીક કર્યું છે. દાસીનું મોં અમૃત જેવું હોવાનો તમારો ભ્રમ હશે. બાકી, જો તે ખરેખર તે દાસી હોત તો ‘ક્ષુપ્ત લગ્ન’ એ શબ્દથીજ તે ચોંકીને તમારી સાથે સાચી વાત કરવા તત્પર થાત. અસ્તુ. હવે આ ગુંચવાયલું કોકડું કુન્દનપૂર જઇને ત્યાંથી ઉકેલવાનો યત્ન આપણે કરીશું. દરમ્યાન આજની રાત માટે જય જય.”

ડિટેક્ટિવ એમ કહીને ખુરશીમાંથી ઉભો થયો. રાવ બહાદુરે રાજહંસ ટ્રંકમાં મૂકી તે ટ્રંક એક કબાટમાં મૂકી દીધી. બાદ પાકીટમાં કાગળીઆં મૂકી દીધાં; અને જે મેજમાંથી મૂળ તે પાકીટ કાઢેલું તેમાં મૂકી દીધું. પોતાના ચાંદની પેટી પણ તે મેજમાં મૂકી અને મેજના જે છુપા સંચમા હંસમાંનો કાગળ અગાઉ મૂકેલો તે પુનઃ ત્યાં મૂકી દીધો. આ તમામ ચીજો ‘પેક’ કરી દીધા બાદ મેજ અને કબાટનું કુંચીઓનું ઝુમખું પોતે પહેરેલા ઓવર કોટમાં નાંખીને તેણે ડિટેક્ટિવને કહ્યું: “ચાલો, સાહેબ હવે આપણે સુઇ જઇશું. આપને આ દિવાનખંડના ડાબી બાજુના ઓરડામાં સુવાનું છે. હું આ જમણી બાજુના ઓરડામાં સુઇશ.”

તે ડિટેક્ટિવને ડાબી બાજુના ઓરડામાં લઇ ગયો.

જેવા તે બન્ને જણ એ ઓરડામાં પેઠા કે તરતજ દિવાનખંડમાંના એક કબાટ પાછળથી કાળા બુરખામાં વીંટળાયલી એક વ્યક્તિ બહાર નીકળી અને ડાબી બાજુના જે ઓરડામાં રાવબહાદુર સુવા જનાર હતો, તેમાં જતી રહી!

ડિટેક્ટિવને તેના સુવાના ઓરડામાં મૂકી દિવાનખંડમાં પાછા ફરી રાવબહાદુરે એક ઘંટડી વગાડી નોકરને બોલાવ્યો અને ડિટેક્ટિવનાં નાસ્તાનાં વાસણો તેની પાસે ઉપડાવી, તેને વરદી આપી કે, “સહવારમાં પાંચ વાગ્યામાં ઉઠવાનું છે. તે પહેલાં ઉઠજે અને હું જાગ્યો ન હોઉં તો જગાડજે.”

નોકરના જવા બાદ દિવાનખંડની દીવાબત્તી ગુલ કરીને, પોતાના સુવાના ઓરડામાં જઇ, તેની પણ દિવાબત્તી બુઝાવી તે સુઇ ગયો.

જાનકીનાથ જાણતા નહોતા કે, તેમના રાજસિંહાસનસ્થ થવાની પ્રભાતે શું થવાનું છે?

રાત્રિના બીજા પ્રહરમાં આબુમાં અધ્ધિધરપ્રસાદના બંગલામાં અલગ અલગ ઓરડાઓમાં સુતેલાં ડિટેક્ટિવ અને અધ્ધિધરપ્રસાદ પણ જાણતા નહોતા કે, એ રાતની બીજી પ્રભાતે તેઓ શી નવી વાત જાણવાના હતા?

તેઓ સુવા ગયા ત્યારે થોડીકવાર સુધી તો ડિટેક્ટિવ સુખદ વિચાર તરંગોમાં જાગૃત રહ્યો. રાજહંસ સુરક્ષિત રહ્યો છે અને તેમાંનો કાગળ પોલિટિકલ એજંટને સ્વાધીન થયો છે, એ ઉપરાંત વીરબાળા પણ આખરે પોતાના રાજ્યમાં, જાલિમસિંહ તરફની કોઇપણ જાતની કનડગત વિના પહોંચી ગઈ છે તેમજ તેનું કુન્દનપૂરના રાજમહેલમાંથી છુપી રીતે વદાય થવાનું કૃત્ય બરાબર પોતાની (ડિટેક્ટિવની) ધારણા મુજબ હતું—એ બધા બનાવોથી તેણે કાંઇક સંતોષ મેળવ્યો અને કુન્દનપૂરમાં ગયા પછી ત્યાંની હકીકતથી વાકેફ થઇને નવો માર્ગ પકડવો, એમ ધારીને તે નિદ્રિત થઈ ગયો.

રાવબહાદુર પણ પોતાનો ડિટેક્ટિવ સાથે મેળાપ થવા માટે, પોતાની કામગિરીની વિગત તેને કહેવા માટે તથા હવે કુન્દનપૂરમાં પોલિસ–અધિકારીનું પદ પોતાને જ મળશે, એ માટે હર્ષાન્વિત થતો નિદ્રાદેવીને આધીન થયો.

લગભગ ત્રણેક કલાક વીત્યા બાદ જ્યારે સર્વત્ર શાન્તિ છવાયલી હતી અને બંગલામાં કોઇપણ જાગૃત નહોતું ત્યારે રાવબહાદુરના પલંગ નીચેથી બુરખામાં લપટાયલી વ્યક્તિ બહાર નીકળી! તેના હાથમાંની વીજળીની ચોરબત્તીમાંથી તેણે તે ખંડમાં પ્રકાશ ફેંક્યો. રાવબહાદુર ઘસઘસાટ ઉંઘતો હતો. તેને ઘોરણ બોલતાં હતં. બુરખાવાળી વ્યક્તિએ પોતાના ખિસ્સામાંથી એક શીશી બહાર કાઢી; ચોરબત્તી જમીનપર મૂકી દીધી; એક રૂમાલમાં તે શીશીમાંના પ્રવાહીનાં ટપકાં પાડયાં અને શીશી પાછી પોતાના ખિસ્સામાં મૂકી દઇને રાવબહાદુરના નાકે એકદમ રૂમાલ દાબી દીધો. સહેજ તરફડાટ અને પછી તદ્દન શાન્તિ!

બુરખાવાળી વ્યક્તિએ ચડપ દઇને રાવબહાદુરે પહેરેલા ઓવરકોટમાંથી કુંચીઓનું ઝુમખું બહાર કાઢયું. ચોરબત્તી હાથમાં લઈને ધીમે પગલે તે બારણા નજદીક આવી; તે ખોલીને દિવાનખંડમાં પ્રવેશી; જે મેજમાં રાવબહાદુરે કાગળીઆં મૂક્યાં હતાં, તે મેજ ખોલ્યું; તેનો છુપો સંચ ખોલ્યો; તેમાંથી ‘હંસમાંનો કાગળ’ કાઢી લીધો; બત્તીના પ્રકાશમાં તે બરાબર જોઇને ખિસ્સામાં મૂકી દીધો; પુનઃ સંચ બંધ કરી, મેજ વાસી દઈ, કબાટ પાસે જઇ, એક કુંચીથી કબાટ ખોલી તેમાંની ટ્રંક ઉઘાડી અને “રાજહંસ” બહાર કાઢી કબાટ વાસી દીધું.

હવે બુરખાવાળી વ્યક્તિએ ઉપરના કપડાને ગાંઠોથી મજબુત બાંધી દીધું અને ફરીથી રાવબહાદુરના શયનખંડમાં જઇ તેના ઓવરકોટમાં હલ્કેથી કુંચીઓનું ઝુમખું મૂકી દઇને દિવાન ખંડની એક બારી આગળ આવી, તેણે આમ તેમ નજર કરી તો બારી જમીનથી બહુ ઉંચી ન જણાઇ. એકદમ તે બહાર સરકી પડી અને આસ્તે કદમે દરવાજા તરફ ગઇ. પલકમાં દરવાજાપર ચઢીને, લટક સલામી કરતેક ને તે પસાર થઇ ગઇ!

પરિચ્છેદ ૨૩.

નં. ૧૨૮ ની મહેનત.

રાવ બહાદુરના મકાનમાંથી રાજહંસ અને તેને લગતો કાગળ લઇને રાત્રિને વખતે પલાયન થઇ ગયેલી કાળા બુરખાવાળી વ્યક્તિ કોણ અને તેનું શું થયું એ જાણવા માટે આતુર વાચકવૃન્દનું લક્ષ તે રાત્રિની પહેલાંની બીજી થોડીક બનેલી ઘટનાઓ તરફ દોરવાની જરૂર છે. પરિચ્છેદ ૧૭ માં મુંબાઇના પોલિસ કમિશનરને ડિટેક્ટિવ હીનેન્દ્રરાય સાથે વાતચીત થઈ છે, જેમાં ડિટેક્ટિવ, ઉસ્માન અને ખુદાબક્ષને મુંબાઈના ગંદા લત્તામાં ઉઠાવી જનાર બદમાશો પાસેથી રૂા. ૨૦૦ની બનાવટી નોટો નીકળવાથી પોલિસ કમિશનરે તે નોટો બનાવનાર કોણ છે, તેની તપાસ કરવાનું બીડું ઝડપ્યું છે. ડિટેક્ટિવ રાજહંસની મૂળ તપાસ માટે જનાર હોવાથી પોલિસ કમિશનરને આ ફણગાની તપાસ અલગ કરવા દેવામાં આનાકાની કરતો નથી.

તે દિવસે કોરોનરની અદાલતમાંથી ઉસ્માનના નોકર રમજુની લાશ ઉપરની તપાસ ૬ વાગે પૂરી થઇ તે બાદ આબુ ખાતેથી તારનો બીજો સંદેશો આવ્યો અને તે ઉપરથી શંકાશીલ બની પોલિસ કમિશનર વડી તાર ઓફિસે ગયો; ત્યાં તેને ડિટેક્ટિવનો મેળાપ થયો; તારના સંદેશા લેનાર કલાર્ક ઉપર ડિટેક્ટિવે 'હિપ્નોટિઝમ' કરી બનાવટી તારને લગતું જાલિમનું કારસ્થાન પકડી પાડી, કલાર્કને નિર્દોષ ઠરાવ્યો અને રાતના ૯॥ વાગ્યાની ટ્રેનમાં તે આબુ જવા ઉપડયો—એ વાંચકવૃન્દના જાણવામાં છે.

બનાવટી નોટોની તપાસનું કામ સોંપવા માટે નં. ૧૨૮ ના છુપી પોલિસના સિપાઇને પોલિસ કમિશનરે પસંદ કર્યો. વાચકવૃન્દ આ સિપાઇની ચાલાકીઓથી માહિત છે; જે પરિચ્છેદ ૧૫ અને ૧૬ માં વર્ણવાયેલી છે.

પોલિસ કમિશનરે નં. ૧૨૮ ને રૂબરૂમાં બોલાવવા ડેપ્યુટી પોલિસ કમિશનરને જણાવ્યું એટલે તેણે ખબર આપી કે: "સાહેબ, આપ તાર-ઓફિસે હતા ત્યારે એ સિપાઇ તો ઇન્સ્પેક્ટર મિ. યુસફખાન સાથે આબુ જવા ૯॥ ની ટ્રેનમાં ઉપડી ગયો છે."

"આબુ જવા? શા માટે?"

"સહાડા આઠ-પોણા નવને શુમારે તેણે કોલાબા સ્ટેશનેથી ટેલીફોન કર્યો હતો કે, રમજુના ખુનના મુકદ્દમાનો બદમાશ ખુની અને બનાવટી નોટોની ગડમથલ કરનાર બદમાશ હાથ લાગે તેમ છે; માટે કોઇ ઇન્સ્પેક્ટરને મોકલો. તાત્કાલિક મારી સાથે મિ. યુસફખાન ઇન્સ્પેક્ટર બેઠા હતા, તેઓએ તે કામ માથે લીધું અને ગયા. ટ્રેન ઉપડવાની તૈયારી વખતે મને બીજો ટેલીફોન મળ્યો. તેમાં રૂા. ૧૦૦ ની બનાવટી નોટ ટીકીટ લેવા જતાં તેજ આદમી પાસેથી મળ્યાની અને એ સંબંધમાં એની કેટલીક હીલચાલની વધુ દેખરેખ રાખવાની જરૂરની વાત જણાવીને પોતે બન્ને આબુ જાય છે, એવી ખબર મને અપાઇ."

પોલિસ-કમિશનરે સહેજ વાર વિચાર કરી જોયો અને પછી પોતે જાતેજ સ્ટેશન ઉપર આ બાબતમાં તપાસ કરવા જવા માટે બીજા બે ઇન્સ્પેક્ટરો સહિત મોટરમાં બેસીને ગયો.

ટીકેટ ઓફિસમાં જતાં બુકિંગ-કલાર્ક અને કેટલાક ટીકેટ-કલેક્ટરો તેમજ રેલ્વે પોલિસના સ્ટેશન ઉપરની ફરજના ઇન્સ્પેક્ટર વગેરે ટોળે મળીને કાંઇક ચર્ચા કરતા તેના જોવામાં આવ્યા. પોલિસ કમિશનર તેઓ પાસે જતાં તેઓ સર્વ અદબથી તેને સલામને કરીને ઉભા રહ્યા અને તેમની ચર્ચા અટકી ગઈ. પોલિસ કમિશનરે એક ખુરશીમાં બેસી પૂછપરછ કરી. ૯॥ ની ટ્રેન વખતનો બુકિંગ-કલાર્ક કોણ હતો, બનાવટી નોટને લગતો શો કિસ્સો બન્યો હતો અને એમાં કેવાં કૌતક થયેલાં, એ તેણે જાણવા માગ્યું.

બુકિંગ-કલાર્કે આગળ આવીને જણાવ્યું: "શુમારે ૮। વાગે મેં ટીકટો આપવી શરૂ કરી. ચારેક જણ ટીકટો લઇ ગયા પછી એક પાંચમો સુરતી પાઘડીવાળો, અને કાળાં ચશમાંવાળો 'જેન્ટલ મેન' રૂા. ૧૦૦ ની નોટ આપીને ખરેડી સ્ટેશનની ટીકેટ માગવા લાગ્યો. મારી પાસે તેનું છુટું પરચુરણ નહતું. તેથી તેને બીજે ક્યાંકથી લઈ આવવા અથવા છેક છેવટ સુધી થોભવા મેં કહ્યું. તેણે રોફ માર્યો કે, "એમ કાંઈ કોઈ ગૃહસ્થને તમે ઉદ્ધત જવાબ આપી શકો નહીં. તમારે મને હમણાંજ ટીકેટ આપવી પડશે.' કુદરતી રીતે મને તેથીગુસ્સો આવ્યો. મેં જરાવાર તેના તરફ નિહાળીને જોયું અને પછી જવાબ દીધો: "કોઇ જાતનો રોફ અહીં નહીં ચાલે, મિસ્ટર. મારી પાસે પરચુરણ નથી." તેણે કહ્યું: "મને લિખિત જવાબ આપો." આ તો કોઇ જબરો રોશી લાગે છે, એમ જોઈને મેં તેને કહ્યું: "મિસ્ટર, બીજા પેસેન્જરોને ખોટી ના કરો. મેં કહ્યું તેમ કરો અને જો ના રૂચતું હોય તો સ્ટેશન માસ્તર પાસે જઈ ફરીઆદ કરો." તેણે કહ્યું: "હું નહીં જઉં.

અહીંજ ઉભો રહીશ. ટીકેટ નહીં આપો ત્યાંસુધી હું ખસવાનો નથી." મારે ડોકાબારી બહારના પોલિસમેનની મદદ માગવી પડી—"

"સબૂર, એ પોલિસમેન કોણ હતો? તે ક્યાં છે?" પોલિસ કમિશનરે પૂછ્યું.

"હું હતો સાહેબ" એમ કહીને એક પોલિસમેન આગળ આવી સલામ કરી ઉભો રહ્યો.

તેના પટા ઉપર નં. ૧૨૫૮ હતો. તે જોઇને પોલિસ કમિશનરે તેને પૂછ્યું: "વારૂ. તમે શું કર્યું, નં. ૧૨૫૮?"

"મેં" નંબર ૧૨૫૮ બોલ્યો: "તે ગૃહસ્થને વિનય પૂર્વક કહ્યું: 'મિસ્ટર, આમ આવો. તમને બધો બંદોબસ્ત કરી આપું'. તે 'લાઇન'માંથી બહાર આવ્યો. એ અગાઉ એક બનાવ બનેલો તે આપને જણાવવાની જરૂર છે. સી. આઇ. ડી. નં. ૧૨૯ એક પોર્ટરના વેષમાં મારી પાસે આવીને વાતે વળગ્યો હતો. તેણે વાતવાતમાંથી મને ખબર આપી હતી કે, કોઈ અજાણ્યા જવાર માણસની હું શોધમાં છું. ટિકેટ-કલેકટરોને મેં ઝાંપા ઉપર ખબર આપી દીધી છે કે, અજાણ્યા તરફનાં સ્ટેશનોની ટીકેટવાળાઓ તેઓ પાસે આવે એટલે તેમને જરાકવાર રોકીને મને અહીંથી બોલાવવો. તે પોતે ટીકેટની બારી આગળ ટીકેટ લેનારાઓ ક્યાં ક્યાંની ટીકેટો માગે છે તે, મારી સાથે વાત કરતાં કરતાં બરાબર સાંભળતો રહ્યો હતો. આ સુરતી ગૃહસ્થને બુકિંગ-કલાર્ક સાથે બોલચાલી થઇ તે પોતાના કાન સરવા રાખીને તેણે સાંભળી હતી અને તેણે મને સૂચવી દીધું હતું કે, એને નરમાશથી બહાર બોલાવી લાવ; એટલે પછી હું યુક્તિપૂર્વક એની ખબર લઈશ. આ ઉપરથી જ્યારે બુકિંગ-કલાર્કે મારી મદદ માગી ત્યારે મેં ધીરેથી સુરતી ગૃહસ્થનો હાથ ઝાલી વિનય સાથે તેને ઉતારૂઓની હરોળમાંથી બહાર આણ્યો. એટલે બનાવટી પોર્ટરે તેને પૂછ્યું: "સાહેબ, આપને ક્યાંની ટીકેટ જોઇએ છે? લાવો, પૈસા. હું લાવી આપું."

તેણે કહ્યું: "પણ આ એક સાધારણ પગારદાર કારકુનનો રોફ તો જુઓ? ઉતારૂઓ સાથે આવું હલકાપણું રાખવાનું શું વડા રેલ્વે સત્તાવાળાઓએ આ લોકને ફરમાવ્યું છે?"

પોર્ટરે કહ્યું: "સાહેબ, જવા દો ને એ પંચાત. એ તો મિજાજી જ છે. પણ આપને હું બધી સગવડ કરી આપીશ. લાવો, પૈસા."

તે ગૃહસ્થે કહ્યું: "મારી પાસે ૧૦૦ની નોટ છે."

"આપને જવું છે ક્યાં?" પોર્ટરે પૂછ્યું.

"બોરડી."

"અહો! ત્યારે તો ૧૦૦ની નોટનું પરચુરણ એની જ પાસેથી હું આપને અપાવું છું. અને આપની ટીકેટ પણ! સાહેબ, અમારે બેનું કાંઇ ધારજો."

"બેશક, એ તો વહેવારની વાત છે. તમને બન્નેને હું સારી બક્ષિસ આપીશ."

"ઘણું જીવો, મહેરબાન" એમ તે પોર્ટર બોલ્યો. બાદ સુરતી ગૃહસ્થે રૂા. ૧૦૦ની નોટ તેના હાથમાં મૂકી.

"સાહેબ, બીજા વર્ગની કે ત્રીજાની?"

"ત્રીજાની"

"આપ પ્લેટફોર્મમાં પધારો. બુકિંગ-ઓફિસ બહાર ઉભા રહેજો. હું અંદર જઇને નોટ વટાવી લાવીશ. ખરી વાત એમ છે કે, સાહેબ, બધાએ આશા રાખે."

"પણ આમ દમદાટીથી વાત કરીને?"

"એજ કેટલાકની મૂર્ખાઈ હોય છે ને, સાહેબ? અમે આપની સાથે વિનય રાખ્યો; તો આપે મહેરબાની કરવા આપની મેળેજ ઈચ્છા બતાવી! કેટલાક આવી રીત નથી લઇ શકતા, એજ એમની નાદાની! ચાલો, સાહેબ, અંદર આવો" મને આંખ મારીને તે પોર્ટર તે આદમીને પ્લેટફોર્મમાં લઇ ગયો—"

"નં. ૧૨૫૮, તમે તે પછી પ્લેટફોર્મ બહાર રહેલા કે?" પોલિસ-કમિશનરે પૂછ્યું.

"હા, સાહેબ."

"ત્યારે પ્લેટફોર્મની અંદર ગયા પછી પોર્ટર બુકિંગ-ઓફિસમાં ગયો હશે. બુકિંગ-કલાર્ક એને લગતી હકીકત આગળ ચલાવે."

"આ પોલિસમેને તે માણસને ખસેડયો તે પછી હું બીજા ઉતારૂઓને ટીકેટો આપતો હતો દરમ્યાન—" બુકિંગ કલાર્કે કહ્યું: "પોર્ટર ઓફિસની અંદર આવ્યો. પોતાનો છુપી પોલિસનો બિલ્લો મને બતાવીને તેણે કહ્યું: 'તમારે જે માણસની સાથે રકઝક થઇ તે બદમાશ હોવાનો મને શક છે. આ પોર્ટરના વેષમાં તેની ટીકેટ લાવવા માટે હું તેની પાસેથી રૂા. ૧૦૦ની નોટ લઇ આવ્યો છું. હવે એ તપાસી આપો કે, નોટ બનાવટી છે કે સાચી? મને વહેમ છે કે, તે બનાવટી હોવી જોઈએ.' મને આથી જરાક આનંદ થયો કે, 'ઠીક, એ માણસ લાગમાં આવ્યો છે.' મેં તરતજ બીજા બે કલાર્કોને બોલાવ્યા અને અમે નોટ તપાસવા માંડી. પોર્ટરની શંકા સાચી પડી. અમો સૌનો એજ અભિપ્રાય થયો કે—'નોટ બનાવટી છે.' મેં પોર્ટરને કહ્યું: "પકડાવી દે એને. પછી બીજી વાત."

પોર્ટરે કહ્યું: "હું એને ઓફિસની અંદર લાવું છું." તે બહાર ગયો અને પેલા ગૃહસ્થને અંદર લઇ આવ્યો.

મેં તેને જોતાંજ કહ્યું: "મિસ્ટર, સફાઇ મોટી મોટી મારો છો. પણ આ તમારી નોટ તો બનાવટી છે! આવી બદમાશી! પોર્ટર, બોલાવી લાવ પોલિસને; અને એકદમ

આ ખિસ્સાને ચોંપી દે કે જેથી ફરીવાર ખોટા ચેક બનાવતાં ભૂલી જાય !"

એ માણસે જરીયે પણ ગભરાયા વિના પોતાના ખિસ્સામાંથી એક કાર્ડ કાઢીને મારા હાથમાં મૂકતાં કહ્યું: "તમે કોની સાથે વાત કરો છો, એનું તમને ભાન હોય એમ જણાતું નથી."

તેણે જે કાર્ડ આપ્યું તેમાં નીચેનું શરનામું છાંપેલું હતું:

'જુગલરાય જમીયતરામ દવે.

બી. એ; એલએલ. બી;

બાર-એટ-લૉ;

દિવાન, મહેન્દ્રપૂર સ્ટેટ."

હું પલભર તેના તરફ જોઈ રહ્યો. પોર્ટરે મારા હાથમાંથી કાર્ડ લઈને વાંચ્યું અને તેને કહ્યું: "તમે ગમે તે હો, સાહેબ, પણ આ બનાવટી નોટ તમે મને ટીકેટ લાવવા માટે આપી છે કે નહીં? મારે તમને પકડાવવા જોઈશે."

"જા, જા, નાદાન" તે ગૃહસ્થે કહ્યું: "તું એક મજુર ક્રિયા પુરાવાથી કહી શકે તેમ છે કે આ નોટ મેં તને આપી છે? એ નોટ મારી છે જ નહી. તું ક્યાંકથી ચોરી લાવ્યો હોય, તે માટે હું જવાબદાર નથી."

તેણે મારા તરફ વળીને કહ્યું: "જુઓ, પકડાવવાની બાબતમાં બહુ અગમચેતીથી બોલજો. એક સ્ટેટના દિવાનને બસ તમે થોડાક જણુ એકઠા થઇને ગમે તેમ પકડાવવા તૈયાર થાઓ એ કાંઇ રમત વાત નથી! મને સ્ટેટના અગત્યના કામે જતો અટકાવશો તો તેમાં તમે સ્ટેટના કામમાં દખલગિરી કરવા માટે જોખમદાર ઠરશો. વળી કાયદાની તમને ખબર નથી. સ્ટેટની પ્રજાને બ્રિટિશ હદમાં પકડવા માટે ખાસ વૉરંટ જોઇએ, જેને 'એક્સ્ટ્રાડીશન વૉરંટ' કહે છે. તમારી પાસે તે નથી."

"પણ તમે આ નોટ આપતાં પકડાયા છો!"

"શી રીતે? ખુદ તમે મને તે નોટ આપતાં જોયો છે?"

"તમે મને આ જ નોટ આપીને બારી આગળથી ટીકેટ લેવા આવ્યા હતા."

"નહીં. એ નોટ નહતી. મેં તમને રા. ૧૦૦ ની નોટ કઇ બતાવી હતી, તેનો પુરાવો આપું?" એમ કહીને તેણે પોતાના ખિસ્સામાંથી એક નોટ-બુક કાઢી અને તેમાં એક નોટનો નોંધેલો નંબર, બતાવી કહ્યું: "જુઓ, એ નંબર અને આ નંબર એકજ છે કે?"

મેં તે જોયો તો તે જુદોજ નંબર હતો. તેણે કહ્યું: "બીજો પુરાવો. જે નોટ મારી પાસે છે, તેની પાછળ એક સફેદ અંગ્રેજ પેઢીનો સિક્કો છે. બતાવું?" તેણે નોટબુક ખિસ્સામાં મૂકી દઇ, પાકીટ બહાર કાઢયું અને તેમાંથી રૂ. ૧૦૦ ની ચલણી નોટ બહાર કાઢી પાછળનો ભૂરી શાહીનો સિક્કો બતાવ્યો: "એબટ એન્ડ એડમંડ-હામ. કમીશનમર્ચન્ટસ, ટ્રેડમેકર્સ અને આઢતીયર્સ, ફોર્ટ બોંબે" એ નોટ પોતાના હાથમાં રાખીને જ તેણે તેનો નંબર બતાવી કહ્યું: "જુઓ, આ તેજ નંબર છે, જેની નોંધ મારી નોટમાં છે. હવે નાહક એક પોર્ટરના કહેવા ઉપરથી માત્ર મારે ને તમારે સહેજ બોલાચાલી થઇ તેનું વેર રાખીને તમે ભરમાઇ જાઓ, એ ગૃહસ્થને છાજતું નથી, મારા મિત્ર." તેણે નોટ ખિસ્સામાં મૂકી દીધી.

હું બનાવટી પોર્ટર તરફ જોઇ રહ્યો. તે મને ચૂપ રહેવા નિશાની કરી ચાલતો થયો. બાદ તે ગૃહસ્થે મને કહ્યું: "વારુ; હવે જ્યારે ૧૦૦ રૂપીઆની નોટ સંબંધમાં તકરાર થઈ છે, ત્યારે મારી નોટ હું મારી પાસેજ જાળવી રાખીશ. જો કે મને તે વટાવવાની ખાસ જરૂર હતી તોપણ હવે તે નહીં વટાવું અને તમને, મારા મિત્ર, રોકડા રૂપીઆ જ આપીશ. વારૂ. મને ખરેડીની બીજા વર્ગની એક ટીકેટ મારા માટે અને બીજી ટીકેટ ત્રીજા વર્ગની મારા નોકર માટે આપો."

એની બોલવાની ઢબ; એણે આપેલું પોતાનું કાર્ડ અને રૂ. ૧૦૦ની નોટ સંબંધમાં એણે મને આપેલા પુરાવા પછી હું તો ઠંડોગાર બની ગયો હતો. કદાચ છુપી પોલિસના માણસની કાંઈ ગેરસમજ અથવા ભૂલ થવા સંભવ હોવાનુ ધારીને મેં તો રીતસર તેના રોકડા રૂપીઆ લઇને રીતસર તે ખખડાવીને અમદાવાદની બે ટીકેટો તેને આપી અને ત્યાંથી ખરેડીની ટીકેટો લઈ લેવા સૂચવ્યુ, ટીકેટો લઇને મને તેણે કહ્યું: "મારૂં કાર્ડ તમારી પાસે છે. આ બાબતમાં મને પૂછાવવું હોય તો જરૂર પૂછાવજો. અમદાવાદ હું એક દિવસ રોકાઇશ. તે પછી ખરેડી જઈ એક બે બીજી જગ્યાએએ જઇને તે પછી હું મારા સ્ટેટમાં જ જવાનો છું." તે ચાલતો થયો.

૦। કલાક થયો ત્યાં નં. ૧૨૮ પાછો આવ્યો અને બોલ્યો: "મેં અમારા ઇન્સ્પેકટર મિ. યુસફખાનને બોલાવ્યા છે. તેઓ આવે છે. પણ પેલા દિવાન સાહેબ ક્યાં?"

મેં જવાબ દીધો: "તે રોકડા રૂપીઆ આપીને અમદાવાદની એક બીજા વર્ગની અને એક ત્રીજા વર્ગની એમ બે ટીકેટો લઇને ગયા!"

"બે ટીકેટો કેમ?"

"બીજી એના નોકર માટે એણે માગી."

"પણ તમે એને જવા કેમ દીધો?"

"તો ભલા માણસ, તું એને નહીં પકડતાં જતો રહે અને હુ ટીકેટો આપવાનું કામ પડતું મૂકીને એની ચોકી કરૂ, એ તે કાંઇ બને? એ ટ્રેનમાંજ હશે. પકડાવવો હોય તો તારા ઈન્સ્પેકટર આવે એટલે પકડાવજે."

"મારે જે કરવાનું હશે તે હું કરીશજ ને?" તે એમ કહી, રૂા. ૧૦૦ ની બનાવટી નોટ પોતાના હસ્તક લઈ મારી ઓફિસમાંથી ગયો. બાદ ટ્રેન ઉપડવાનો વખત થયો ત્યારે તે ટેલીફોન કરવા ગયો હતો ત્યાંથી વળતાં મારી પાસે આવ્યો અને બોલ્યો: 'એ બદમાશજ છે. હું ઇન્સ્પેક્ટરને બોલાવવા ગયો તે તકનો લાભ લઈને એણે વેશપલ્ટો કરી દીધો લાગે છે. બીજા વર્ગના ડબ્બામાં તે છે જ નહીં. ત્રીજા વર્ગની ટીકિટ તેણે પોતાને માટેજ લીધી હોવી જોઇએ. કોઇ સાધારણ વેશપલ્ટો કરીને તે ત્રીજા વર્ગમાં બેઠો હશે. એક જણપર અમારા ઇન્સ્પેક્ટર સાહેબને શક પડ્યો છે. અમે તેનો પીછો પકડીએ છીએ. જરૂર એને પકડી પાડીશું.' બાદ તે ટ્રેઇનમાં બેસી ગયો અને ટ્રેઇન ઉપડી. એ પછીની કાંઈ હકીકત અમો કોઇના જાણવામાં નથી."

"જે સુરતી ગૃહસ્થે પોતાને મહેન્દ્રપુરના દિવાન તરીકે જણાવ્યો તે કેવો હતો?"

"બાંધી દડીનો; ખૂબસુરત અને તદ્દન જુવાન; આશરે ૨૯–૩૦ વર્ષ નો."

"આંખ?"

"આંખે કાળાં ચશ્માં હતાં એટલે બરાબર દેખાતી ન હતી; પણ બોલવામાં ઘણોજ ચપળ અને લગીર પણ ગુંચવણનાં ચિન્હ મોં પર કે વાણીમાં જણાતાં ન હતાં."

"બેશક, તે એજ હોવો જોઇએ; જેની શોધમાં અમે છીએ."

પોલિસ કમિશનરે તે બાદ ઘડીઆળ તરફ જોયું. ૧૧ માં ૧૦ મીનીટ કમ હતી.

તેણે બુકિંગ-ક્લાર્કને પૂછ્યું: "હવે પછી ટ્રેન ક્યારે ઉપડે છે?"

"૧૧ ને ૫ મીનીટે"

"ત્યારે તો પૂરતો વખત છે." એમ કહી પોલિસ ઇન્સ્પેક્ટરે તેને જણાવ્યું: "સાંભળો. ત્રણ જગ્યાએ હું લખી આપું તે તારના સંદેશા મોકલાવો." તેણે પહેલો સંદેશો નીચે પ્રમાણે લખ્યો: "પ્રાઇવેટ સેક્રેટરી, મહારાજા, મહેન્દ્રપુરસ્ટેટ, તમારા સ્ટેટના દીવાન સાહેબ હાલમાં ક્યાં છે? તેમનું નામ અને એંધાણીઓ લખી મોકલો. તારથી જવાબ આપો–પોલિસ કમિશનર, મુંબાઈ."

બીજો સંદેશો સુરતના સ્ટેશન માસ્તર ઉપર નીચે મુજબ લખવામાં આવ્યો:—"યુસફખાન ઇન્સ્પેક્ટર ટ્રેનમાં હશે. તેઓને મળો અને તેમને મારા તરફથી ખબર આપો કે શકદારને અધવચ્ચ ક્યાંયે ન પકડશો. તે ખરેડી થઇને આબુ જશે. તમે ઠેઠ આબુ જાઓ. ત્યાં એનો બારિક પીછો પકડો. આબુથી બહાર જાય તો રોકો. દરમ્યાન ઇન્સ્પેક્ટર વિનોદરાય ઝાલા આબુમાં 'એક્સ્ટ્રાડીશન વૉરંટ' સાથે ત્યાંના પોલિસ–અધિકારીને ત્યાં તમને મળશે. જરૂરી સૂચનાઓ ઝાલાને અપાઇ છે. સ્ટેશન માસ્તર, યુસફખાનને તમે સંદેશો કહો કે કેમ તેનો જવાબ આપો—પોલિસ–કમિશનર, મુંબાઈ"

ત્રીજો સંદેશો નીચે મુજબ હતો: "દિવાન, કુન્દનપૂર સ્ટેટ, મર્હુમ મહારાજાના નાના ભાઈ જાલિમસિંહ માટે એક "એક્સ્ટ્રાડીશન વોરંટ" જોઇએ છે. એક ખૂન માટે તથા વેશપલ્ટો કરી બનાવટી તારનો સંદેશો મોકલવા માટે તેમજ બનાવટી ચલણી નોટો વાપરવા માટે સંગીન પુરાવાઓસર અમે તેમને પકડવા માગીએ છીએ. વોરંટ લેવા માટે મારા તરફથી ઇન્સ્પેક્ટર વિનોદરાય ઝાલા નં. ૨૫ જાતેઆવે છે. તેમની નિશાનીઓ: ઘઉંવર્ણો; લાંબો ચહેરો. લાંબુ નાક. પહોળી સ્વચ્છ કાળી આંખો. મારા સહી સિક્કાનો પત્ર અને એક્સ્ટ્રાડીશન વૉરંટ માટેની રીતસર માગણીની અરજી તેમની પાસે હશે. બનતી તાકીદે વોરંટ આપશો—પોલિસ–કમિશનર–મુંબાઇ"

આ ત્રણે સંદેશાઓ તારથી રવાના કરવામાં આવ્યા તે દરમ્યાન પોતાની સાથે આવેલા ઈન્સ્પેક્ટર વિનોદરાય ઝાલાને કેટલીક સૂચનાઓ તેણે આપી. અને એ બાદ પોલિસ કમિશનરના સિક્કાવાળા બે કાગળો પોતાના ખિસામાંથી કાઢી વૉરંટ માટેની અરજી અને કુન્દનપૂરના દિવાન ઉપરનો ઝાલાની ઓળખાણનો પત્ર લખ્યો.

એ વખતે ૧૧ ના ટકોરા પડ્યા. પોલિસ–કમિશનર અને ઇન્સ્પેક્ટરો બુકિંગ ઓફિસમાંથી ઉઠ્યા. વિનોદરાય ટ્રેનમાં બેઠો. વિશેષ જરૂરી સૂચનાઓ જે કાંઇ આપવાની હતી, તે ટ્રેન ઉપડતાં સુધી પોલિસ–કમિશનરે આપ્યા કરી.

ટ્રેન જવા પછી પોતાની મોટરમાં બેસતાં, સાથેના ઇન્સ્પેક્ટરને પોલીસ–કમિશનરે કહ્યું: "મહેન્દ્રપુરનો દિવાન નક્કી ઠરે, તો ૧૦૦ વસા ઝાલા મારફત શકદાર આપણી ધારણા મુજબ પકડાશે."

પરિચ્છેદ ૨૪.

"ધૂળ પર લીંપણ !"

"એઓ મવાલી, તેરી ટીકટ કહાંકી હય ?"

ચાલતી ટ્રેનમાં આંટરોડ સ્ટેશન આવવાની તૈયારી હતી તે વખતે પહેલવાની બાંધાના પોલિસ ઇન્સ્પેક્ટર યુસુફખાને પહાડી અવાજે અને ડોળા કકડાવતાં એક મેલા પોષાકના દાઢીવાળા મવાલીને પૂછ્યું.

"બરોડાકી" મવાલીએ જવાબ આપ્યો.

"બસ? બરોડા તકકી હય? ચલ, દીખાવ"

ઈન્સ્પેકટરના હાથમાં તેણે ટીકટ મૂકી. નં. ૧૨૮ નો છુપી પોલિસનો સિપાઇ તેની સાથે હતો. બન્ને જણ ટીકી ટીકીને ટીકટ તપાસવા લાગ્યા. તે એક ગદી થઇ ગયેલી ટીકટ હતી. વચ્ચે ભાંગી ગયેલી પણ હતી. તેની પાછલી બાજુ તપાસતાં તારીખ ભુંસાયલી જણાતી હતી. નં. એકસોઅઠ્ઠાવિસે ઇન્સ્પેકટરના કાનમાં કાંઇક કહ્યું.

"બદમાશ, યે તો જુની ટીકટ હય !"

"જુની હય? ભૂલ હુઇ. મેરી પાસ નયી હય." એમ કહીને મવાલીએ એક બીજી ટીકટ આપી. તેણે ખિસ્સામાંથી ટીકટ કાઢી એટલે એક કાગળીઉં જમીનપર પડી ગયું. ૧૨૮ મા નંબરે તે ઉઠાવી લીધું. તે કાગળીઉં જોતાંજ તેના આશ્ચર્યનો પાર રહ્યો નહીં ! તે બસો રૂપીઆની ચલણી નોટ હતી ! મવાલીએ તેના હાથમાંથી તે ઝુંટવી લેવા યત્ન કરતાં કહ્યું "અમે લાવ, મેરી નોટ !"

ટીકટ જોવામાં પ્રવૃત્ત થયેલા ઇન્સ્પેકટરનું ધ્યાન તે તરફ ગયું. ૧૨૮ મા નંબરે મવાલીને પૂછ્યુંઃ "એ કહાંસે લાયા ?"

"મેરી હય."

"સબૂર" એમ કહી ઇન્સ્પેકટરે તે હાથમાં લીધીઃ "યે નોટ રાત–કમાઇકી લગતી હય ! તેરા જેસા મવાલી પાસસેં ઇતની બડી રકમકી નોટ નીકલે, ઉસકા માયના કયા? શકકી બાત હય. ખિસ્સાકાતરૂ સાહબ, કીસકે ખિસ્સે પેં તરાપ ડાલી હય ?"

"દેખો, સા'બ. લંબી ચોડી બાતોં મત કરો. યે નોટ મેરી હય. તુમકો યે લેનેકી કુચ્છ જરૂરત નહી."

ઇન્સ્પેકટર તેના સામે ટગર ટગર જોઇ રહ્યો. એકદમ તેણે તેની દાઢી ખેંચી. એ દાઢી ખોટી હતી. તરતજ નીકળી પડી. "કયોં ?" એક ધબ્બો તેની પીઠપર લગાવીને ઈન્સ્પેકટરે પૂછ્યુંઃ "યે કયા ?! કાલી ડગલીવાલેકો ભી તુમ ચતરાને મંગતે હો ?!"

ડબ્બામાંના સૌ ઉતારૂઓ આશ્ચર્યચકિત થઇ ગયા. "પકડી લ્યો મિસ્ટર એને" એક ઉતારૂએ ઇન્સ્પેકટરને કહ્યું. "કેવો લુચ્ચો ! ખોટી દાઢી પહેરીને કેવો ડાહ્યો ડમરો થઈને બેઠો હતો ?" એક બાઈએ ટીકાકરી.

આંટરોડ સ્ટેશન આવી પહોંચ્યું. મવાલીનું કાંડું પકડીને તેને ટ્રેનમાંથી ઉતારવામાં આવ્યો. ધક્કા મારી મારીને તેને સ્ટેશનપરના એક બાંક આગળ લઈ જવામાં આવ્યો. દાઢીની પેઠે તેની મૂછ પણ બનાવટી હોવાનો શક પડતાં તે ખેંચવામાં આવી. તે નીકળી પડી !

"અહો ! આ તો જબરો વેશપલ્ટો લાગે છે !" સિપાઇએ ટીકા કરીઃ "પણ ચહેરો આ નહોય !"

"હોય કે નહીં. હાથ આવેલો આ શિકાર છોડીને હું કાંઈ તારી પેઠે રખડવા માગતો નથી. ચલાવ, એની બારીક ઝડતી શરૂ કરી દે." ઇન્સ્પેકટર યુસફખાને નં. ૧૨૮ ને કહ્યું.

અને ઝડતી લેતાં તો કંઈ કંઇ અવનવું આ મવાલી પાસેથી મળી આવ્યું ! તેની ટોપીના પડમાંથી ચાર વધુ નોટો નીકળી ! તેના એક બૂટનાં તળીઆંમાંથી બે હીરા નીકળ્યા ! બીજા બૂટના તળીઆમાંથી એક મોતીની માળા નીકળી ! તેની કેડે બાંધેલા એક પટામાંથી કેટલાંક ઝીણાં હથીઆર મળ્યાં.

"સલામ, સા'બ" ઇન્સ્પેકટરે કરડાગીમાં હસીને આ બધી વસ્તુઓ તેને બતાવતાં કહ્યુંઃ "આપ જેસા અચ્છા આદમીકો તકલીફ દેની પડતી હય, ઇસ લિયે માફ કરના; હાં !"

તે મવાલીએ કાંઇ ઉત્તર દીધો નહીં.

"સાહેબ, હું જે આદમી વિષે કહેતો હતો, તે આ નથી. એની પાસેથી તો અમદાવાદની ટીકટ નીકળવી જોઇતી હતી ! એનું મોઢું ગોરૂં હતું. આના જેવોજ જુવાન અને બાંધી દડીનો ખરો; પણ આ નહી."

"તો તું તેની તપાસ માટે ચઢી બેસ. આ પંખેરૂ ને એને લાયક પીંજરમાં પૂર્યા પછી જ હું બીજી બાબત પર ધ્યાન આપીશ" યુસફખાને કહ્યું.

"આપનું કહેવું ખરૂં છે. પણ મને એકાદ ઈન્સ્પેકટરની મદદની જરૂર છે."

તેઓ બે આ મુજબ વાતમાં રોકાયા હતા, ત્યાં મવાલી લાગ જોઇને નાઠો. ટ્રેન ચાલવા માંડતી હતી.

"પકડો. પકડો" એવા પોકાર ઇન્સ્પેક્ટરે કર્યા. સ્ટેશન પરના ગૃહસ્થો, પોર્ટરો, ટીકટ ઇન્સ્પેક્ટરો, સૌનું ધ્યાન તે તરફ ગયું. દોડાદોડી થઇ રહી. ટ્રેન પાસે મવાલી પહોંચે એટલામાં તો તેને બે-ચાર જણે પકડી લીધો. ઇન્સ્પેક્ટર પાસે તેને લઇ જવામાં આવ્યો. ટ્રેન ચાલુ થઇ.

નં. ૧૨૮ ને ચટપટી થઈ ગઇ. આ તેનો શકદાર નથી. બીજા કોઇક વેશમાં હોવો જોઇએ. તેણે આ ટ્રેન-માંજ જવું જોઇએ. ચાલતી ટ્રેનના એક ડબ્બાની પગથી પર તે ચઢી ગયો. તે ડબ્બાનું બારણું ખોલીને જેવો તે અંદર પેઠો કે, તેમાંના એક ઉતારૂએ તેને પ્રશ્ન કર્યો: "શેની ધાંધળ છે, નં. ૧૨૮?"

"અહો! ડિટેક્ટિવ સાહેબ, ઠીક થયું કે, હું અચાનક આપનાજ ડબ્બામાં આવ્યો!" તેની સામેની બેઠક ઉપર જગ્યા લેતાં નં. ૧૨૮ બોલ્યો.

"વારૂ; શી હકીકત છે?"

આ પ્રશ્ન કરનાર ડિટેક્ટિવ હીનેન્દ્રરાય હતો કોલાબાથી ઉપડેલી નં. ૯ ની જે પેસેંજર ટ્રેનમાં આ સિપાઇ બેઠો હતો, તેમાંજ ડિટેક્ટિવ આબુ જવા માટે બેઠો હતો. સિપાઇનો અને તેનો આ પહેલાં કોલાબા ઉપર ભેટો થયો હતો. મહેન્દ્રપૂરના દિવાનની શોધ માટે આ સિપાઇ જ્યારે બીજો વર્ગ તપાસવા આવ્યો હતો, ત્યારે ડિટેક્ટિવ સાથે તેને પહેલીવાર મુલાકાત થઇ હતી. તેઓની અચાનક આ ફરી ભેટ થઇ.

"સાહેબ, આપની કલ્પના ખરી પડી." સિપાઇએ કહ્યું: "યુસફખાન સાહેબને જે આદમીપર શક પડયો તે આપણો શકદાર ન નીકળ્યો. જો કે તેની પાસેથી બનાવટી નોટો અને બીજા ચોરીના દાગીના નીકળ્યા તોપણ તે કોઇ જુદોજ મવાલી છે. આપણો શકદાર શું આ ટ્રેનમાં નહીં હોય?"

"ના." ડિટેક્ટિવે દ્રઢતાથી જવાબ દીધો.

આશ્ચર્યચકિત થઇને ૧૨૮ મા નંબરે પૂછયું: "ત્યારે તે ગયો ક્યાં? શું શહેરમાં પાછો ગયો હશે? ઇન્સ્પેક્ટરને ટેલીફોન કરવા જવામાં મેં ગફલત કરી, તેને પકડી લીધો હોત અને તે પછીજ ટેલીફોન કર્યો હોત તો ઠીક થાત."

"તમો લોકોની આવી ધાંધળ મને બિલકુલ પસંદ નથી. જ્યારે એક ડિટેક્ટિવ અમુક કેસ પાછળ હોય ત્યારે તેની સલાહ વગર તમે લોકો આડું પગલું ભરો, એ કેસ બગાડી નાંખવા જેવું થઇ પડે છે. મેં તને કોલાબા પરજ શું કહ્યું હતું? તે તમો લોકોના હાથમાં નહીં આવે, એ મારૂં કહેવું હતું કે?"

"એ સાચું પડયું, સાહેબ. પણ તેને હવે શોધવો ક્યાં અને કેવી રીતે?"

ડિટેક્ટિવના મોં પર સ્મિત છવાયું. પોતાના હાથમાંના રેલ્વે ટાઇમ-ટેબલનું ખુલ્લું પાનું નં. ૧૨૮ ને બતાવતાં ડિટેક્ટિવે પૂછ્યું: "એમાં જો. કાઠીઆવાડ મેઇલ કોલાબાથી કેટલા વાગે ઉપડે છે?"

"૯ ને ૫ મિનિટે," સિપાઇએ તેમાં જોઇને જવાબ દીધો.

"મહેન્દ્રપૂરના કહેવાતા દિવાન સાહેબ તેમાં પસાર થઈ ગયા!"

"હેં?! આ ટ્રેન ઉપડતાં પહેલાં?!"

"ચોક્કસ તે તેમાં બેસીને ગયો. તું ટેલીફોન કરાવવા ગયો તેનો લાભ લઇને તે બુકિંગ ઓફિસમાંથી નીકળીને આ બાજુ આવ્યો હતો. હું આ ડબ્બામાં તે વખતે મોં આડું છાપું રાખીને બેઠો હતો. મને તેણે જોયો કે નહીં તે હું કહી શકતો નથી. પણ મેં તેને બરાબર જોયો. આ ટ્રેનના બીજા ડબ્બાના બારણામાં થઇને તે પાછલી બાજુ ઉતરી પડયો અને સામેના પ્લેટફોર્મ પરથી તરતજ ચાલતી શરૂ થયેલી કાઠીઆવાડ મેઇલના ડબ્બામાં પાછલી બાજુના બારણામાંથી દાખલ થઇ ગયો!"

"આપ તેની પાછળ કેમ ન પડયા?"

"કારણ કે, તેનો મેળાપ ફરીથી મને થવો જ જોઇએ, એવી મને ખાત્રી છે."

"પણ તે કાઠીઆવાડ મેઇલમાં કાઠીઆવાડ તરફ જતો રહેશે તો?"

"નહીં. તે આબુ જ જશે. તેની જે ધારણા છે, તે હું કલ્પી શકું છું. જે મારે જાણવું છે, જે મારે લેવું છે, તેના પરજ તેની ચોટ છે. જો, સાંભળ,"–ડિટેક્ટિવે ટાઈમ ટેબલ તેના હાથમાંથી લઇને કહ્યું: "આબુમાં તે મારા કરતાં ૭ કલાક ને ૧૨ મિનિટ વહેલો પહોંચશે. કાઠીઆવાડ મેઇલ સહવારે ૭-૨૫ વાગ્યે અમદાવાદ પહોંચશે. ત્યાંથી ૮-૩૫ વાગ્યે દિલ્હી મેઇલ ઉપડે છે. તેમાં બેસીને તે સીધો આબુરોડ સ્ટેશને ૧-૪૦ વાગ્યે પહોંચશે."

"અને આપણે?"

"આપણી ટ્રેન બરાબર ૯-૪૦ વાગ્યે કોલાબાથી ઉપડી. અમદાવાદ આપણે કાલે બપોરે ૨-૩૫ વાગ્યે પહોંચીશું. ત્યાંથી ૩-૨૦ વાગ્યે દિલ્હી એક્સપ્રેસ ઉપડે છે. તેમાં બેસીને રાતના ૮-૫૨ વાગ્યે આબુરોડ પહોંચીશું."

નં. ૧૨૮ નો સિપાઇ નિરાશ થઇ ગયો. ડિટેક્ટિવે તેને કહ્યું: "ચાલાક જુવાન, નિરાશ ન થઇશ. તારી ચાલાકીનો પરિચય મને અત્યાર અગાઉ થઇ ચૂક્યો છે. તું જબરો મહેનતુ છે. તારે માટે મેં કેટલુંક ઉપયોગી કામ તૈયાર રાખ્યું છે."

" ફરમાવો, સાહેબ " સિપાઇ બોલ્યો: " આપ જેવા મહાન્ પુરુષના તાબામાં કામ કરવું એમાં હું મારું સદ્‌ભાગ્ય સમજું છું. "

" તારું નામ શું, ભાઇ ? "

" ચન્દ્રવદન "

" શું તું બ્રાહ્મણ છે ? "

" સેવક એ જાતિમાં જન્મ્યો છે. "

" જે જાતિમાં જન્મવાનું તને માન છે, તે જાતિને જોઇતા ગુણો તારામાં છે, એ હું જોઇ શક્યો છું. વારુ; જો ઇશ્વરેચ્છા હશે તો આ કેસમાંથી તારા ભાગ્યનો સિતારો ચળકશે. "

" તો તે માટે જન્મોજન્મ હું આપનોજ ઋણી રહીશ. "

" પણ મારી સાથે કામ કરવામાં જીવની દરકાર નહીં રખાય. "

" કબૂલ છે, કામગિરી ફરમાવો અને કસોટી કરો, સાહેબ. "

" વારુ; સાંભળ " એમ કહીને ડિટેક્ટિવે તેને શું શું કરવાનું હતું તે સમજાવી દીધું.

ટ્રેન પાછલી રાતના ૩ ને ૪૫ મિનિટે વલસાડ સ્ટેશને પહોંચી. તે વખતે એક નવો બનાવ બન્યો. એ સ્ટેશનેથી પોલિસ ખાતાનો એક ઇન્સ્પેક્ટર સ્ટેશન માસ્તર સહિત વાતચીત કરતો ડિટેક્ટિવવાળા ડબ્બા આગળ આવ્યો અને તેનું બારણું ઉઘાડીને તેમાં બેઠો. ટ્રેન ૩–૫૨ મિનિટે ઉપડી તે દરમ્યાન જે થોડીક વાતચીત તે બે વચ્ચે થઇ તે ડિટેક્ટિવ અને ચન્દ્રવદન બન્નેના સાંભળવામાં આવી; જેથી તેઓની નિદ્રા ઉડી ગઇ. ઇન્સ્પેક્ટર સ્ટેશન માસ્તરને શાબાશી આપતો હતો અને એક રાજાના ગાદીવારસને લગતી ખટપટ માટે પોતાને જેમ બને તેમ વધારે જલદીથી કુન્દનપૂર સ્ટેટમાં પહોંચી જવું છે, એમ જણાવતો હતો. જલ્દીથી પહોંચવા માટેજ સ્પેશીઅલ ઇંજીનની વ્યવસ્થા આંટરોડ સ્ટેશનેથી કરવી પડી. આંટરોડથી વલસાડ સુધીનાં તમામ સ્ટેશનોના માસ્તરોને અને ખાસ કરીને વલસાડના સ્ટેશન માસ્તરને તારના સંદેશા મોકલવા પડયા, એમ તે કહેતો હતો. તેવામાં ૩–૫૨ થતાં ટ્રેન ઉપડી.

ઇન્સ્પેક્ટરે તે ડબ્બામાં જગ્યા લીધી. એટલે ચન્દ્રવદનને ઈસારો કરીને ડિટેક્ટિવ પોતાના મોં ઉપર શાલ ઓઢીને સુઈ રહ્યો. ચન્દ્રવદને ઇન્સ્પેક્ટરને પૂછ્યું: " ઝાલા સાહેબ ? આપ અહીં ક્યાંથી ? "

ઇન્સ્પેક્ટરે તેના સામે જોયું અને આશ્ચર્યથી સવાલ કર્યો: "તું આ ડબ્બામાંજ છે કે, નં. ૧૨૮ ? તારા સંબંધી તમામ વિગત કોલાબા ખાતેથી અને આંટરોડ ખાતે યુસફખાન પાસેથી મેં જાણી છે. તેં જબરું વિલક્ષણપણું બતાવ્યું છે. "

" માત્ર હું એકલો આ ડબ્બામાં નથી પણ એક મહાન બુદ્ધિશાળી પુરુષ પણ આ ડબ્બામાં છે. " ચન્દ્રવદને એમ કહીને ડિટેક્ટિવના મોં ઉપરની શાલ ખસેડી.

" ઓહો ! " ઇન્સ્પેક્ટરે કહ્યું: " આપ આ ટ્રેનમાં છો; છતાં અમારે શ્રમ વેઠવો પડે છે એ આપની કીર્તિને— "

" કલંક રૂપ છે; ખરુંને ? " હીનેંદ્રરાયે હસીને સામો પ્રશ્ન કર્યો અને કહ્યું: " પણ જાણે મારા કરતાં વધારે વહેલા તમે ગુન્હેગારોને હાથકડી પહેરાવી દેશો, એમ માની લઇને મારામાં અવિશ્વાસ રાખીને, તમે લોકો આપમેળે દોઢડાહ્યા થાઓ, તેનું યે કલંક મારા ઉપરજ; ખરું ને ? "

" એમ કેમ, મહેરબાન ? " ઇન્સ્પેક્ટરે પૂછ્યું.

" હું આ ટ્રેનમાં જનાર હતો, એ પોલિસ–કમિશનર સાહેબ જાણતા હતા. મેં તેમને એ પણ કહ્યું હતું કે, મારે કોઇ માણસની મદદની જરૂર નથી પણ તે છતાં તમારું ખાતું ઉપરાઉપરી માણસો કેમ છોડવા લાગ્યું છે ! "

" સંજોગો જોતાં શું આપને તે વ્યાજબી લાગતું નથી ? આ નં. ૧૨૮ ની તકલીફથી તો આપ માહિત હશો જ. "

" એના કહેવાથી મેં તે જાણી છે. પણ તેમાં સંજોગો અસાધારણ તાકીદના હોવાનું મને કાંઇ લાગ્યું નથી. "

" તે હું આપને સમજાવું. " એમ કહીને ઇન્સ્પેક્ટરે પોતે શી રીતે વલસાડ આવ્યો અને શા માટે આવ્યો તેની વિગત ડિટેક્ટિવને કહી.

ગત પરિચ્છેદમાં પોલિસ કમિશનરે ૧૧–૫ વાગ્યે કોલાબા સ્ટેશનેથી વિનોદરાય ઝાલા નામના જે ઇન્સ્પેક્ટરને વદાય કર્યો હતો, તેજ આ ઇન્સ્પેક્ટર હતો. ૧૧–૫ ની ટ્રેન તે રાત્રે યાત્રાનાં થોડાંક સ્થળોએ જવા માટે રવાના કરવામાં આવેલી એક ટ્રેન હતી એમ તે ટ્રેનમાં બેઠા પછી એ ઇન્સ્પેક્ટરને માલુમ પડયું હતું. તે ટ્રેન મારફત ધારેલે વખતે કુન્દનપૂર બહુજ મોડા પહોચાય અને ત્યાંથી આખુ બીજે દિવસે ન જઇ પહોંચાય એમ વિનોદરાયને લાગ્યું. આંટરોડ સ્ટેશન આવતાં તેણે યુસફખાને પકડેલા મવાલીની હકીકત જાણી. એ માણસ તે શકદાર નથી કે જેની શોધ પોલિસ–ખાતું કરે છે એવું જાણ્યા પછી અને નં ૧૨૮ પેસેંજર નં. ૭ ડાઉનમાં ગયો છે, એ જાણ્યા પછી તે આંટરોડ સ્ટેશને ઉતરી ગયો. તેણે વિચાર કર્યો કે, એક ખાસ સ્પેશીયલ ઇંજીન જોડાવીને જો પોતે જાય અને તે ઇંજીનને બીજાં સ્ટેશનોએ અટકાવ્યા વિના

બરોબર સરળતાથી અને સહીસલામતીથી સંભાળપૂર્વક પસાર કરવામાં આવે, તો જે દોઢ-પોણા બે કલાકનો અધવચનો ગાળો છે, તે દૂર કરી શકાય અને એકાદ સ્ટેશને નં. ૭ ની પેસેંજરને પકડી શકાય.

આંટરોડના સ્ટેશન માસ્તરને પોતાના વિચારથી તેણે વાકેફ કરતાં તેને જરૂરી સગવડ કરી આપવા તેણે કબૂલ્યું. લગભગ ૧૧ ને ૩૫ વાગ્યે એક ખાસ ઈંજીન તૈયાર થયું. સ્ટેશન માસ્તરે વખતની ગણત્રી કરીને ઇંજીન-ડ્રાઇવરને એવી સૂચના આપી કે ૩ ને ૧૦ મિનિટે વલસાડ જઇ પહોચાશે. ૩-૪૪ મિનિટે નં. ૭ પેસેંજર ત્યાં પહોંચીને ૩-૫૧ મિનિટે ઉપડે છે; એટલે ઇન્સ્પેક્ટરને તે ટ્રેનમાં દાખલ થવા માટે પુષ્કળ વખત મળશે. સ્ટેશન માસ્તરે અધવચના દરેક સ્ટેશને આ ખાસ ઈંજીનને લગતી ખબરના તારના સંદેશા મોકલ્યા, જેમાં કોઇ રીતનો અકસ્માત થવા પામે નહીં તેની કાળજી રાખવા તથા આ ઇંજીનને નિર્વિઘ્ને સ્ટેશનો આગળથી પસાર થવા દેવા ખાસ સૂચના આપી. કલાક અને મિનિટોની ગણત્રી અને સામી આવતી ટ્રેનોના વખતની ગણત્રીનો ખ્યાલ પણ તે સૂચનાઓમાં આપવામાં આવ્યો.

આ બધી કાળજી પછી ઇન્સ્પેક્ટર ઝાલાને લઇને ઉપડેલું ખાસ ઈંજીન ધારેલે સમયે વલસાડ આવી પહોંચ્યું અને ધારેલી ટ્રેનમાં વિનોદરાય ઝાલા બેસી શક્યો.

ડિટેક્ટિવે આ હકીકત સાંભળીને કહ્યું: "સત્તાવાળાઓએ તકલીફ તો ભારે ઉઠાવી; પણ ધૂળ ઉપર લીંપણ જેવી!"

"એમ કેમ?" ઇન્સ્પેક્ટરે પૂછ્યું: "ડિટેક્ટિવ સાહેબ, કિયાં કારણો અને આધાર ઉપરથી આપ આમ કહો છો?"

ડિટેક્ટિવનું શાન્ત સ્મિતભર્યું વદન ઉઘડે નહીં ત્યાં સુધી તેના કથનનું રહસ્ય શી રીતે જાણી શકાય?

પરિચ્છેદ ૨૫.

ગુરખાધારી કોણ?

પોલિસ-ઇન્સ્પેક્ટર વિનોદરાય ઝાલાએ આંટરોડથી વલસાડ સુધી ખાસ ઇંજીનમાં આવ્યાની હકીકત ડિટેક્ટિવને કહી ત્યારે તેણે 'ધૂળપર લીંપણ!' એવી જે ટીકા કરી તેનું રહસ્ય શું એવું વિનોદરાયે પૂછતાં ડિટેક્ટિવ શાન્ત વદને ઘડીભર મંદહાસ્ય કરી રહ્યો. દરમ્યાન ચન્દ્રવદને કહ્યું: "ડિટેક્ટિવ સાહેબ, સમુદ્રમાં ડૂબકી મારીએ તો કાંઇ ને કાંઇ મળ્યા વગર રહેતું નથી. તે મુજબ અમારૂં ખાતું ગુન્હેગારોના મહાસાગરમાં ડૂબકી મારે તો નાનો કે મોટો ગુન્હેગાર મેળવ્યા વગર રહેજ નહીં!"

"યુસફખાન ઇન્સ્પેક્ટરે પકડેલા મવાલી ઉપરથી તું એમ કહે છે; ખરૂંને?"

"હા, સાહેબ; મૂળ ગુન્હેગારને ન પકડયો તો કદાચ તેના ફણગારૂપ આ ધરપકડ નહીં નીવડે એની શી ખાત્રી?"

"એ માટે હાલ તુર્ત હું કાંઇ અભિપ્રાય આપી શકું નહીં. મારો તો મુદ્દો એટલોજ છે કે, તમે લોકોએ આ બધું ધાંધળ કર્યું ન હોત તો નભી શકત. હું એ ગુન્હેગારને અવશ્ય પકડી શકીશ એમાં શંકા નથી; પણ તેને હું પકડું તે પહેલાં આબુમાં મારે કેટલુંક જાણવાનું છે."

"વારૂ;" ઇન્સ્પેક્ટર વિનોદરાયે કહ્યું: "ધારો કે, અમે ધૂળ પર લીંપણ કર્યું; પણ હવે આપ એનો કાંઇ માર્ગ સૂચવો છો?"

"બેશક; મારી સલાહ માગો તો હું હમેશાં તમારી ખિદમતમાં હાજર છું." ડિટેક્ટિવે હસીને જવાબ દીધો: "તમે કુન્દનપૂર જવા નીકળ્યા છો, તો ભલે જાવ. ખાસ વોરંટ લઇ આબુ આવી પહોંચજો. દરમ્યાન શું કરવાનું છે તે મેં આ ચન્દ્રવદનને સમજાવી દીધેલું છે."

એ પછી તેઓ બીજી ત્રીજી વાતોપર ચડયા. સવારના ૫-૫૮ વાગ્યે સુરત સ્ટેશન આવી પહોંચ્યું. ત્યાંનો સ્ટેશન માસ્તર મુંબાઇના પોલિસ કમિશનરના તારના સંદેશા મુજબ, યુસફખાનને શોધતો માલુમ પડયો. ઇન્સ્પેક્ટર વિનોદરાયે તેને સમજાવ્યું કે, યુસફખાન આંટરોડ ઉતરી પડેલો છે પરંતુ તેની કામગિરી સારી માલુમ પડે છે. સંદેશો તેને સોંપવામાં આવ્યો. પરિચ્છેદ ૨૩ ની હકીકત વાચકોને વિદિત છે. પોલિસ કમિશનરે યુસફખાનને ગુન્હેગારની અધવચ ધરપકડ નહીં કરવા અને ઠેઠ આબુ જવા તેમજ વિનોદરાય ત્યાં જઇ પહોંચનાર છે, તેને મળવા તારના સંદેશામાં સૂચના આપી હતી. આ

તેજ સંદેશો હતો. સુરત સહવારને વખતે ટ્રેન પહોંચે અને ૨૫ મિનિટ રોકાય તેથી પોલિસ-કમિશનરે સગવડને ખાતર સુરત સ્ટેશને સંદેશો મોકલ્યો હતો.

એ સંદેશો વાંચીને ડિટેક્ટિવને હસવું આવ્યું. વિનોદરાય તેના તરફ જોઇ રહ્યો.

ડિટેક્ટિવે કહ્યું: "જુઓ, તમારૂં ખાતું ઉપરી અમલદારોના હુકમની પણ કેવી અવગણના કરે છે !"

"મુસલમાન અંકલેશ્વર ઉતરી પડયો તેથી આપ આમ કહો છો ને ?"

"ઉતર્યો એટલું જ નહીં; પણ તેણે મવાલીને પકડયો તેથી !"

"અજાણપણામાં એટલીયે હુશિયારી વાપરવાનો શું એક ઇન્સ્પેક્ટરને હક્ક ન હોઇ શકે ? ધારો કે તેને પકડયો ન હોત, તો તે ટ્રેનમાં વધુ બદમાશી ન કરત કે ?'

"હું ક્યારે એ સંબંધી ટીકા કરૂં છું ? હું તો ફક્ત સાચી હકીકત દર્શાવું છું."

૬-૨૩ વાગ્યે સુરતથી ડિટેક્ટિવવાળી ટ્રેન ઉપડી ત્યારે ચન્દ્રવદન સુરત સ્ટેશને ઉતરી ગયેલો હતો. ડિટેક્ટિવની સૂચના મુજબ તેની કામગિરી સુરતથી શરૂ થતી હતી. વડોદરા આવતાં વિનોદરાય પણ તે ટ્રેનમાંથી ઉતરીને કુન્દનપૂર તરફ વદાય થયો.

રાતના ૮ ને ૨૦ થતાં ડિટેક્ટિવ આબુ પહોંચ્યો. તે જે વખતે પહોંચ્યો તે વખતે તેનું સર્વ ધ્યાન રાવબહાદુર મણિધરપ્રસાદને મળવામાં અને તેની પાસેથી હંસને લગતી વિગત જાણી લેવામાં રોકાયલું હતું. જાલિમસિંહને ગમે ત્યારે પકડી શકાશે, એ તેના મનની ચોક્કસ વાત હતી; છતાં ચન્દ્રવદનને તેણે એ બાબતમાં કેટલીક સૂચનાઓ આપી મૂકેલી હતી. ડિટેક્ટિવનો નિયમ હતો કે-પોલિસ ખાતાની મદદ કોઇ બાબતમાં તે કદી પણ પહેલવહેલી લેતો નહી. ઘણીવાર તે ખાતાને તે પોતાની ઇચ્છાથી વાકેફ પણ કરતો નહીં; કારણ કે, એથી ધાંધળ વધે છે, અને ગુન્હેગાર ચેતી જાય છે, એવો તેને અનુભવ હતો. પરિણામે આબુ પહોંચીને તેણે ત્યાંના પોલિસ-અધિકારીને ફક્ત જુજ જરૂરી સવાલો કરીને રાવબહાદુરના મકાનની માહિતી તેની પાસેથી મેળવી લીધી. ત્યાં પહોંચીને તે શું શું જાણી શકયો, એને લગતી સર્વ હકીકત પરિચ્છેદ ૨૦-૨૧-૨૨માં અગાઉ આવી ગઇ છે.

અત્રેથી પરિચ્છેદ ૨૨ ના અંતિમ ભાગના બનાવનું અનુસંધાન અમારા વાચકવૃન્દ માટે શરૂ થાય છે. કાળા બુરખાવાળી એક વ્યક્તિ, રાવબહાદુરના મકાનમાંના કબાટમાંથી નીકળીને રાવબહાદુરને બેભાન બનાવીને, હંસ તથા તેમાંનો કાગળ લઇને પસાર થઇ ગઇ છે. રાત્રિના ત્રીજા પ્રહરને અંતે અને ચોથાની શરૂઆતમાં આ બનાવ બન્યો છે.

તે વ્યક્તિ રાવબહાદુરના બંગલાથી થોડેક દૂર ગઇ કે તરતજ એક ઝાડીમાંથી એક તીણી સિસોટીનો અવાજ સંભળાયો. તે બાદ એક વ્યક્તિએ બહાર નીકળી બુરખાધારીની સામે પોતાના બન્ને હાથમાંની બે રિવોલ્વરો ધરીને કહ્યું: "હાથ ઉંચા કર-નહીં તો જાનથી ગુઓ સમજજે."

બે રિવોલ્વરોની સામે થવાની કોની મગદૂર હોય ? બુરખાવાળી વ્યક્તિએ હાથ ઉંચા કર્યા. તેની બગલમાંથી એક પોટલી નીચે પડી ગઇ. રિવોલ્વરવાળી વ્યક્તિએ તે લેવા યત્ન કર્યો નહીં; પણ પૂછયું: "બીજુ કાંઇ ચોર્યું છે કે ?"

"હા, એક કાગળ છે."

"હાલ્યા ચાલ્યા વિના હાથ ઉંચા રાખીને જ કહે કે, તે કયાં છે ?"

"મારા બૂટના તળીઆમાં."

"હં...હું નીચે પડું એટલે મારી નજર ચૂકવીને કાંઈ નવી બેતબાજી રમવાનો ઇરાદો લાગે છે; ખરૂં કે ? પણ ફિકર નહીં; હમણાંજ મદદ આવી લાગશે—"

તેણે એક રિવોલ્વર જમીનપર નાંખી દઇ તેના ઉપર પગ મૂકી દીધો. બુરખાધારીની છેક નજદીક જઈ તેની છાતી ઉપર બીજા હાથમાંની રિવોલ્વરની નળી ધરી રાખી; અને છુટ્ટા હાથનો અંગુઠો અને પહેલી આંગળી પોતાના મોઢામાં નાંખીને એક તીણી સિસોટી બજાવી. એના જવાબમાં એક સામી તીણી સિસોટી સંભળાઇ અને તરતજ રાવબહાદુરના બંગલાનો દરવાજો ઉઘડયો. એમાંથી એક જણ દોડતો દોડતો ત્યાં આવી પહોંચ્યો. બુરખાવાળી વ્યક્તિના ઉંચા થયેલા હાથ તેણે મજબૂતાઇથી પકડી લીધા. બુરખાધારીની છાતીપર રિવોલ્વરની નળી સજ્જડ ધરી રાખવામાં આવી.

"આપ વખતસર આવી પહોંચ્યા સાહેબ."

"તારી તીણી સિસોટીએ મને ઉંઘમાંથી જાગૃત કર્યો. હું જાગીને બહાર પડયો ત્યાં બીજી સિસોટી સંભળાઇ એટલે આ તરફ દોડી આવ્યો."

"એનો હવાલો હવે આપ લઇ લ્યો—"

"એને બંગલામાં લઇ ગયા પછી."

આ વાતચીત કરનાર ડિટેક્ટિવ હીનેન્દ્રરાય અને નં. ૧૨૮ નો સિપાઇ ચન્દ્રવદન હતા. બંગલામાંથી દોડી આવનાર ડિટેક્ટિવ હતો અને ઝાડીમાંથી નીકળનાર ચંદ્રવદન હતો. બુરખાધારી વ્યક્તિનું કાંડું જોરથી ઝાલીને રાવબહાદુરના બંગલાના દરવાજા તરફ ડિટેક્ટિવ તેને ઘસડી ગયો. બુરખાધારી વ્યક્તિની બગલમાંની કાગળની પોટલી અને રિવોલ્વર સાથે ચન્દ્રવદન તેમની પાછળ ચાલ્યા

અંદરના ભાગમાં જઈ પહોંચ્યા બાદ ચન્દ્રવદને દરવાજો પુનઃ બંધ કરી દીધો. બુરખાધારીને દિવાનખંડમાં લઇ જઇને દિવાબત્તી કરવામાં આવી. એક ખુરશી પર તેને બેસાડીને તેના મોં ઉપરનું કાળા કપડાનું ઢાંકણ ખોલવામાં આવ્યું.

"ઓહો ! આ તો મહેન્દ્રપૂરના દિવાન સાહેબ !" ચન્દ્રવદને કહ્યું.

"નહીં. કુન્દનપૂર સ્ટેટના મહારાજા સાહેબના નાના ભાઇ અને બ્રિટિશ સલ્તનતના નામદાર શહેનશાહના હિંદી હજુરીઆ શ્રીમાન જાલિમસિંહજી ! ખરૂં કે નહીં, મહાશય ?"

આ પ્રશ્ન જેને પૂછવામાં આવ્યો તેની આંખોમાંથી અત્યારે આગના તણખા ઝરતા હોય એવો દેખાવ થઇ રહ્યો હતો.

"રહેવા દો." ડિટેક્ટિવે તેને કહ્યું: "આપનું 'હિપ્નોટિઝમ' બીજા કોઇ માટે રહેવા દો ! ભૂલી ગયા ? આવા ખેલો મારી આગળ બચ્ચાંસહી છે ! અને એક વાત લક્ષમાં રાખો. જો ડાહ્યા હો તો હવે પછી આવો ખેલો ઉપર 'તમામ શુદ' એવું પાટીઉં લગાવી દો, મહાશય !"

એની આંખોમાંના તણખા બંધ પડી ગયા. ડિટેક્ટિવે ચન્દ્રવદનને પૂછ્યું: "આ મહાશયપર તેં જબરી ચોટ રાખી જણાય છે. એ નીકળ્યા ક્યાંથી ?"

"તેઓ મહાશય આ બંગલામાંથીજ નીકળ્યા !"

"એમ ?"

"આપ અહીં ભરાઇ પેઠેલા કે શું શ્રીમાન્ ?" ડિટેક્ટિવે જાલિમસિંહને પૂછ્યું. તેણે કાંઇ જવાબ દીધો નહીં.

"તેઓ શુમારે આઠના અરસામાં આ બંગલામાં આ વેશમાં જ પેઠા હતા, સાહેબ" ચન્દ્રવદને કહ્યું: "હું સુરતથી આપની સૂચના મુજબ મોટરમાં બેસીને ખૂબ ઝડપથી અહીં બપોરે આવી પહોંચ્યો હતો. આ શ્રીમાનની ટ્રેન તેજ વખતે આવી પહોંચી હતી. મેં આ શ્રીમાનની પૂંઠ ઠેઠ સ્ટેશનેથી પકડી. તેમણે આખો દિવસ અહીં તહીં લટારમાં ગાળ્યો પણ જ્યાં રાત પડી અને અંધારૂં થયું કે તરતજ પોતે અંધારાનો લાભ લઇને આ બંગલામાં ઘુસી ગયા ! હું બહાર ઝાડીમાં છુપાઈ રહ્યો હતો—"

"ત્યારે તો તેં મને પણ બંગલામાં ઘુસતો જોયો હશે !" ડિટેક્ટિવે પૂછ્યું.

"હા જી. મારી છુપાવાની જગ્યાએથી મેં આપને બંગલાની અંદર જતા જોયા હતા-ઘુસતા નહીં !" ચન્દ્રવદને હસીને જવાબ દીધો:

"મને આ ખબર આપી નહીં ?"

"આપને જાણ કર્યા વિના કાંઇ ચાલાકી બતાવવાનો મને તરંગ થઇ આવ્યો, તેથી !"

"એમ ? ઠીક !" એમ કહીને ડિટેક્ટિવે જાલિમસિંહ તરફ જોઇને તેને પૂછ્યું: "આપ આ મકાનમાં ક્યાં છુપાયલા હતા અને આપે શું કર્યું તે કહેવા કૃપા કરશો ?"

જાલિમસિંહે ડોકું ધુણાવ્યું.

જે પોટલી જાલિમસિંહ પાસેથી મળી હતી તે ડિટેક્ટિવને આપીને ચન્દ્રવદને સૂચવ્યું: "એમની કામગિરી આમાંથી નહીં જણાય, સાહેબ ?"

તે પોટકીની ગાંઠ છોડતાં તેમાં 'રૂપેરી રાજહંસ' જોવામાં આવ્યો !

ડિટેક્ટિવે ચન્દ્રવદનને કહ્યું: "જા, પેલા જમણી બાજુના ખંડમાં જઇ રાવબહાદુરને જગાડી આવ."

ચન્દ્રવદન, રાવબહાદુરના સુવાના ખંડમાં જઇ તરતજ બહાર આવીને એક રૂમાલ ડિટેક્ટિવના હાથમાં મૂકીને બોલ્યો: "રાવબહાદુરને ક્લોરોફોર્મથી આ રૂમાલ વડે બેભાન કરવામાં આવ્યા છે !"

"આટલી બધી નાદાની ?!" ડિટેક્ટિવે ક્રોધભરી દૃષ્ટિથી જાલિમસિંહને પૂછ્યું અને પોતાની પાસેથી તેણે એક શીશી કાઢીને ચન્દ્રવદનને આપતાં કહ્યું: "ફીકર નહીં. જા, એમને આ સુંઘાડ. તેઓ એકદમ શુદ્ધિમાં આવશે."

ચન્દ્રવદન અંદર ગયો તે દરમ્યાન ડિટેક્ટિવે જાલિમના કોટનાં ખિસ્સાંમાં હાથ નાંખીને કહ્યું. "કહો સાહેબ, તસ્કર વિદ્યાનો પ્રયોગ બીજી કઇ ચીજોપર અજમાવ્યો છે ?"

અને એ સવાલ પૂછી રહેતામાં તો જાલિમનાં ખિસ્સાંમાંથી તેના હાથમાં એક કાગળ આવ્યો. તેણે તે બહાર કાઢીને જોયો તો તે તેજ પત્ર જણાયો કે જે રાવબહાદુરે 'હંસમાંનો કાગળ' કહ્યો હતો અને જે પોતાના દેખતાં જ મેજના છુપા સંચમાં મૂક્યો હતો !

"હવે સમજાયું" ડિટેક્ટિવે કહ્યું: "ક્યાંક છુપાઇ રહીને તમો નામદારે અમારી વાતો સાંભળી હશે—હીચલાલ જોઈ હશે અને અમો સુઈ ગયા તે પછી આપે રાવબહાદુરને બેશુદ્ધ કરી આ તફડંચી વિદ્યાનો પ્રયોગ અજમાવ્યો હશે ! પણ કેવી રીતે ? આવવા દો, એ બેને; આપશ્રીને જરીકે તસ્દી આપ્યા વિના હું આપના પ્રયોગોનું બ્યાન કરીશ."

રાવબહાદુરને શુદ્ધિમાં લાવીને ચન્દ્રવદન બહાર લાવ્યો. ડિટેક્ટિવે રાવબહાદુરને પૂછ્યું: "આપની કુંચીઓ ક્યાં છે ?"

પોતાના ખિસ્સામાંથી તે કાઢી આપતાં તેણે કહ્યું: "આ રહી."

કબાટ અને મેજ તે કુંચીઓ વડે ઉઘાડવામાં આવતા રાજહંસ અને તેમાંનો કાગળ એ બન્ને તેમાં નહોતાં !

"હવે સમજાયું." ડિટેક્ટિવે કહ્યું: "રાવબહાદુરને બેશુદ્ધ કરીને આ કુંચીઓ વતી કબાટ અને મેજ ખોલવામાં આવ્યાં છે અને આ બે ચીજો કાઢી લઇને કુંચીઓ પાછી તેમના ખિસ્સામાં મૂકી દેવામાં આવી છે ! પણ જાલિમસિંહજી ! તે પહેલાં આપનું સ્થાન ક્યાં હતું તે શોધી આપું કે ? ચન્દ્રવદન, એમના પર બરાબર નજર રાખજે. એમના પગ છુટ્ટા છે."

"કંઇ વાંધો નહી, સાહેબ. જે પગ મારી નજર બહાર ગતિ કરતા હોય છે તેઓ પર મારા હાથ ધડાધડ ગોળીબાર જ કરે છે !" ચન્દ્રવદને જવાબ દીધો.

ડિટેક્ટિવે ચોરબત્તીથી જાલિમનાં પગનાં બૂટનાં તળીઆં તપાસ્યાં અને પછી તેની છાપને આધારે રાવબહાદુરના ખંડ તરફ જઇ તેણે પગલાંની શોધ ચલાવી. ઘડીકમા તે અંદર ગયો; ઘડીકમાં બહાર આવ્યો, ઘડીકમાં કબાટ અને મેજ તરફ ગયો; પાછો તે ઓરડામાં ગયો અને ત્યાંથી બહાર આવી તે દિવાનખંડમાના એક કબાટ પાછળ ગયો. ત્યાંથી બહાર આવીને તેણે જાલિમસિંહના બુરખાની પછવાડે ચોરબત્તી ધરીને રાવબહાદુરને કહ્યું: "જુઓ, રાવબહાદુર સાહેબ, પેલા કબાટની પછવાડેની આસમાની રંગવાળી દિવાલમાં જે ઘસારો પડેલો છે, તેની છાપ આ બુરખાપર ચોંટેલી છે કે નહીં ?"

રાવબહાદુર જાલિમસિંહના બુરખાપર વળગેલી રંગની કીરચો જોઇને કબાટ પાછળની ભીંત જોઈ આવ્યો અને બોલ્યો: "આપનું કહેવું બરાબર છે."

ડિટેક્ટિવે કહ્યું: "આ શ્રીમાન્ તે કબાટની પાછળ ભરાઇ રહ્યા હતા અને ઠેઠ આઠ વાગ્યાથી બે કે ત્રણ વાગ્યા સુધી ભીંતને અઢેલીને ભરાઇ રહે, તેને પરિણામે ભીંતનો રંગ તેમના કાળા બુરખાને લાગે એમાં નવાઇ નથી !"

"ભારે ચાલાક ચોર લાગે છે !" રાવબહાદુરે ટીકા કરી: "પણ આપની આગળ એની ચાલાકી રદ્દ બાતલ જ !"

"તમે હવે શું કરવા માગો છો ?" એકદમ જાલિમસિંહે કડક સ્વરે ડિટેક્ટિવને પૂછ્યું.

ડિટેક્ટિવે શાન્તિથી જવાબ દીધો: "બહુજ દિલગીરી સહિત મારે તમને જણાવવું પડે છે કે, હું તમને "એક્સ્ટ્રાડીશન વોરંટ"ને આધારે મુંબાઇના પોલિસ સત્તાવાળાઓને સોંપી દઇશ. સહવાર પડે એટલી વાર. ત્યાં સુધી અમે જાગૃત રહી, તમારી સાથે ગપ્પાં હાંકીશું."

"દીનેન્દ્રરાય, શા માટે મારી આબરૂ પર હાથ નાખો છો ?"

"આપ શ્રીમાનની 'આબરૂ'! હં...હં..." ડિટેક્ટિવ ખડખડાટ હસતાં બોલ્યો: "બનાવટી નોટો વાપરનાર, રમજુ નામના નિર્દોષ માણસનું ખૂન ઝેરી વીંટીથી કરનાર, મને અને બીજા બેને મોટરમાં ઉઠાવી જઇ મવાલીઓ મારફત મારી નંખાવવા યત્ન કરનાર, તાર-ઑફિસના ક્લાર્કને 'હિપ્નોટિઝમ'થી હેરાન કરી, બનાવટી તારના સંદેશા મોકલનાર અને રાવબહાદુરના મકાનમાંથી હંસની ચોરી કરી જનાર આપ શ્રીમાનની 'આબરૂ'! વાહ ! એ આબરૂનાં ગાન તો દેવો સ્વર્ગમાંથી ગાય છે !! અને આપની આ બધી આબરૂભરી કામગિરી તો બ્રિટિશ હદમાંની છે. પણ તે પહેલાંની એટલે કે મહારાજાશ્રીના મરણપ્રસંગથી માંડીને મુંબાઇ જતાં સુધીની યશસ્વી કામગિરી પર મારે હજી પ્રકાશ ફેંકવો બાકી છે. તે પ્રકાશથી ત્રિલોક આપની પ્રશંસા કરશે !!! શ્રીમાન્, આપે મહારાજાના ખાતના બિછાના પર—"

"સબૂર ! દીનેન્દ્રરાય, મેં ચાહે તે કર્યું પણ હું એક રાજવી છું—"

"મારા મિત્ર ! શું તમે એમ ધારો છો કે, એ હું ભૂલી ગયો છું ? મેં તમને અહીં એકાન્ત બંગલામાં શા માટે ઘેર્યા છે, એ કલ્પી શકો છો ? કોલાબા ઉપરજ હું તમને બરાબર પકડી શકું એવી તક મળી હતી પણ અહીં આવવા દીધા. રાજકુળમાં તમે જન્મ્યા છો, તેનોજ લાભ મેં તમને આ રીતે આપ્યો છે."



પરિચ્છેદ ૨૬.

એક કાર્ય પતવ્યું.

જાલિમ અને ડિટેક્ટિવનો સંવાદ આગળ ચાલ્યો. જાલિમે પૂછ્યું: "રાજા તરીકે મારી સ્થિતિ ધ્યાનમાં લીધાનું કહેવા છતાં પણ તમે તો મને મુંબાઇના સત્તાવાળાઓને સોંપવાના છો!"

"ત્યારે શું મારે તમને છોડી દેવા જોઇએ? વિચાર કરો, મહાશય, આટલાં બધાં આપનાં પાપીષ્ટ કૃત્યોનો બદલો આપની ધરપકડમાં ન આવે તો બીજું શું થાય?"

"બીજો કોઇ માર્ગ નથી? મારી આબરૂ એટલે હું શું કહેવા માગું છું તે તમે નથી સમજી શકતા?"

ડિટેક્ટિવ હસ્યો અને બોલ્યો: "સમજ્યો! શ્રીમાન્! જગતની આંખો આપના તરફ ન ખેંચાય એવું આપ ઇચ્છો છો, ખરૂં ને? પણ લાચાર છું કે, એવો કોઈ માર્ગ મારા હાથમાં નથી. પોતાની સત્કીર્તિથી આપના વડીલ બંધુએ જગતની આંખો પોતાની તરફ માનથી આકર્ષી; પણ દુર્ભાગ્યે આપ તે માર્ગને અનુસરી શક્યા નહીં, તો હવે અપયશ સિવાય બીજો કોઈ માર્ગ આપને માટે રહ્યો નથી!"

"એક છે" ચન્દ્રવદને કહ્યું: "પણ તે રાજકુળનાં શૂરવીર સંતાનોને યોગ્ય નથી."

"ચાલાક જુવાન," ડિટેક્ટિવે કહ્યું: "આપણે જપાનમાં વસતા નથી."

"જપાન! હ...ત્યાંનો રિવાજ મારા ખ્યાલમાં આવ્યો!" જાલિમસિંહે નિસાસો નાંખ્યો.

ડિટેક્ટિવે કહ્યું: "મહાશય, જપાનમાં જેને 'હારાકારી' કહે છે તે માર્ગ હું આપને લેવા દઈ શકું નહીં. બ્રિટિશ રાજ્યનું પોલિસ ખાતું ગુન્હેગારોને પોતાના કબજામાં કદાપિ આપઘાત કરવા દઇ શકે નહીં."

નજદીકના મેજપર પોતાની હાથકડીઓવાળા હાથ જોરથી પછાડીને તે ઉપર માથું ઉંધું રાખીને જાલિમસિંહ સ્વગત ગણગણ્યો: "હા નસિબ!"

ડિટેક્ટિવ અને ચન્દ્રવદન એક બીજા તરફ અર્થસૂચક દ્રષ્ટિથી જોઇ રહ્યા. ચન્દ્રવદને ડિટેક્ટિવને કાનમાં પૂછ્યું: "ઢોંગ કે સાચું?"

ડિટેક્ટિવે તેને ચૂપ રહેવા ઇશારત કરીને કહ્યું: "શ્રીમાન્ જાલિમસિંહજી! આપે અનેક અન્યાયી અને અવિચારી પગલાં ભરવામાં કશી કચાશ રાખી નહુતી. આપનું છેક છેલ્લું પગલું જુઓ. કબાટ પાછળ છુપાઈ રહી અમારી વાતો સાંભળી; હંસની વિગત જાણી, તેમ છતાં તમે તે હંસ અને તેમાંનો કાગળ ઉઠાવી ગયા! આત્મા વિનાનો દેહ ઉપાડી જતા હો, એવી રીતનું આપનું એ પગલું હતું. જો યાદ ન હોય તો યાદ આપું છું કે, આ કાગળની તમામ હકીકત કુન્દનપૂર સ્ટેટના પોલિટિકલ એજંટને રોશન થઈ ચૂકલી છે. તો પછી તમે એ શું કરવા માટે લઇ જતા હતા?"

જાલિમે મોં ઉંચું કર્યું અને કહ્યું: "મારો હક્ક શું લૂંટાઇ જવા દેવો? ડૂબતો માણસ પણ તરણું ઝાલવા યત્ન કરે છે!"

"પણ તે કેવળ અફળતાને માટેજ! આપ હક્કની વાત કરો છો ત્યારે હવે મને સમજાય છે કે, આ બંની ચોરી આપે શા ઇરાદાથી કરી હોવી જોઇએ?"

"શો ઈરાદો?"

"કહું?" ડિટેક્ટિવે કહ્યું: "તમે ભાવિ રાજકુમાર સબબે કોઇ ગડમથલ કરવાના ઉદ્દેશથી આ બે વસ્તુઓ ઉઠાવી જતા હતા. કોઈક પણ કાવત્રું, કોઇપણ યુક્તિથી તમે કરવા ચૂકત નહીં. પરંતુ સારૂં થયું કે, આ મારો જુવાન દોસ્ત ચન્દ્રવદન તમને હંફાવી શક્યો. અસ્તુ. હવે મારી વાત સાંભળો. તમે મને નમ્યું આપવા માગો છો કે, પુનઃ કોઇ બાંધલ કરવા ચાહો છો?"

"દીનેન્દ્રરાય" કરૂણસ્વરે જાલિમસિંહ બોલ્યો: "તમારો તર્ક ખરો છે. પરંતુ મને સમજાતું નથી કે, મારે હવે શું કરવું? મેં એટલું તો જોયું કે, મારા દરેકે દરેક યત્નમાં તમે યમદૂતની માફક મને હંફાવ્યો છે અને પાછો પાડયો છે. એક વખત મારૂં દિલ તમારી બુદ્ધિ માટે તમારા તરફ આકર્ષાય છે; પણ બીજી વખત તમારા પર–તમારી આખી પોલિસ ફોજપર મને તિરસ્કારની લાગણી ઉપજે છે. ઘડીકમાં મને એમ થાય છે કે, કોઇપણ ઉપાયે મારૂં ધાર્યું મારે કરવુંજ અને ઘડીકમાં નિરાશાને લીધે વૈરાગ્યવૃત્તિ આવી જાય છે. ખરેજ, હાલ તો હું મુંઝાઈ ગયો છું."

તે પાછો બે હાથ વચ્ચે ઉંધું માથું નાંખીને પડયો.

ડિટેક્ટિવે જોયું કે, એક વખતનો મદોન્મત્ત સિંહ હવે પિંજરવશ થતાં મુંઝાઈ રહ્યો છે; અને આનાકાનીના પ્રવાહમાં પડયો છે. તેને પીગળાવવા માટે અને તેને તદ્દન નરમ બનાવી દેવા માટે તેણે કહ્યું: "જાલિમસિંહજી! મારી પહેલી ચેતવણી વખતથીજ તમે

ગેલ્યા હોત તો અત્યારે તમને નિરાશા અનુભવવી ન પડત. તમારા નિર્દોષ અને હેતાળ વડીલ બંધુ મર્હુમ મહારાજાશ્રીના મરણપથારી ઉપરના તમારા પ્રત્યેના પ્રેમભર્યા શબ્દો જો તમે લક્ષમાં રાખ્યા હોત; તમારા આખા જીવનમાં તેમણે તમારા ઉપર કરેલા અનુગ્રહો તમે ખ્યાલમાં રાખ્યા હોત, તો અત્યારની લાચાર હાલતમાં તમે મૂકાયા નહોત—"

જાલિમે મોં ઉંચું કર્યું. તેની આંખમાંથી અશ્રુબિન્દુ ટપકતાં હતાં.

"દીનેન્દ્રરાય," તે ગળગળે સાદે બોલવા લાગ્યો: "મારા એ વડીલ બંધુની અથવા તેમના પ્રત્યેની મારી મૂર્ખાઇની યાદ હવે મને ન દેવરાવો. મારા જીવનને મેં એ ઘડીએ અત્યંત અવિચારીપણાથી ઉંડા ખાડામાં ધકેલી દીધું એ માટે મને અપાર પશ્ચાત્તાપ થાય છે. મેં હતભાગીએ રાજ્ય મેળવવાના પાગલપણામાં મારા પૂજ્ય વડીલ બંધુનું વ્હાલ વિસારી દીધું, એ મારી મોટામાં મોટી હિમાલય જેવડી ભૂલ થઇ! પ્રભુ! પ્રભુ!"

"જો તમારો ખરા દિલનો આ પશ્ચાત્તાપ હોય" દીનેન્દ્રરાયે ગંભીર સ્વરે કહ્યું: "તો ન્યાયદેવીની દયા મેળવવાનું તમારા માટે શક્ય છે."

"શી રીતે?" જાલિમે પૂછ્યું.

ડિટેક્ટિવે કહ્યું: "તમારાં દરેકે દરેક કૃત્યનો શુદ્ધ હૃદયનો અને પશ્ચાત્તાપથી ભરપૂર લિખિત એકરાર કરો. પરિણામોની જે ભયાનક ઉગ્રતા અત્યારે દેખાય છે તે તમારા એકરારથી ઘણે અંશે નમ્ર બનશે."

"ઠીક. ખડીઓ, હોલ્ડર અને કાગળ લાવો. હું એકરાર લખી આપું છું." જાલિમસિંહે જવાબ દીધો.

રાવબહાદુરે લખવાનાં સાધનો લાવી આપ્યાં.

જાલિમસિંહે કહ્યું: "પણ હું લખીશ શી રીતે?" તેણે પોતાના હાથમાંની હાથકડીઓ ડિટેક્ટિવને બતાવી.

"તમે બોલો અને હું લખું. હાથકડીઓ તો કાઢી શકાય નહીં, મહેરબાન!" ચન્દ્રવદને કહ્યું.

"બેશક. એ રસ્તો ઠીક છે. એકરાર પર આપ સહી કરશો એટલે બસ થશે." ડિટેક્ટિવે કહ્યું.

"પણ હું આ બેના દેખતાં મારો એકરાર કરવા માગતો નથી."

"વળી પાછા લચકયા કે? શ્રીમાન્, હવે આપ આપની મુનસરી મુજબ વર્તવાના વિચારો માંડી વાળો તો વધારે સારું. અત્યાર સુધી આપ સ્વતંત્ર હતા. હવે સ્થિતિ પલટાઇ છે. જે વિનય કે શિષ્ટાચાર આપ મારામાં જોવા ચ્છો તે કાળી ડગલી વાળાઓમાં આપને ભાગ્યેજ દેખાશે; અને તે વખતે જો વધુ પસ્તાવું પડે તો મને દોષ દેશો નહીં."

ડિટેક્ટિવની આ સાફસાફ વાતોની અસર, સકંજામાં સપડાયેલા અને પરિસ્થિતિથી લાચાર બનેલા જાલિમપર થયા વિના રહી નહીં.

"હા, જેમ તમે કહો તેમ." એટલું કહીને તેણે એકરાર લખાવવો શરૂ કર્યો.

જાલિમસિંહનો એકરાર જ્યારે લખાઈ રહ્યો અને તેના ઉપર તેણે સહી કરી ત્યારે તેના હાથમાંથી હોલ્ડર લેતાં લેતાં ચન્દ્રવદને ઝડપથી તેની આંગળી ઉપરની વીંટી કાઢી લીધી, અને ડિટેક્ટિવના હાથમાં મૂકતાં કહ્યું: "સાહેબ, આ પુરાવો તો બાકી રહી જાય છે!"

ડિટેક્ટિવે સ્મિત કર્યું. જાલિમ ટગર ટગર જોઇ રહ્યો.

"ખેર, એની ચપળતા માટે ખેદ ન કરશો," ડિટેક્ટિવે કહ્યું: "એમાંનું ઝેર આપ ચૂસો નહીં, એટલા માટે સાવચેતી લેવાની જરૂર હતી." વીંટી અને એકરારનાં કાગળીઆં પોતાના ખિસ્સામાં મૂકી દેતાં ડિટેક્ટિવ પુનઃ બોલ્યો: "આ એકરારમાં તમે તમારાં તમામ કર્તુકોનો ચોખ્ખો હિસાબ આપ્યો છે, તે માટે હું તમારો આભારી છું. આ એકરારને પરિણામે ન્યાયાલય મારફત આપની 'આબરૂ' આપની ઈચ્છાનુસાર જળવાય, એવો પ્રબંધ નિઃશંક થઇ શકશે."

પ્રાતઃકાળના લગભગ ૬॥ ને શુમારે આબુનો પોલિસ–અધિકારી કેટલાક પોલિસ સિપાઇઓ સહિત રાવબહાદુરને બંગલે આવી પહોંચ્યો. કુન્દનપૂર સ્ટેટમાંથી ખાસ વોરંટ લઇને આવી પહોંચેલો વિનોદરાય પણ તેની સાથે હતો. જાલિમસિંહને પકડવાના સંબંધમાં ડિટેક્ટિવની સલાહ લેવા તેઓ આવ્યા હતા. તેમને ખબર નહોતી કે, જાલિમ પકડાયો હશે. ડિટેક્ટિવે જાલિમસિંહને પકડયો છે એ જોઈને વિનોદરાય આશ્ચર્યચકિત થઇ ગયો અને બોલ્યો: "આખરે તમે તમારૂં વચન પાળ્યું અને મારી તકલીફ બચાવી!"

ડિટેક્ટિવે જવાબ વાળ્યો: "પોલિસ–કમિશનર સાહેબને કહેજો કે નં. ૧૨૮ ની ચાલાકીઓનો આમાં ઘણો મોટો હિસ્સો છે; અને હું હાલ તુર્ત તેને મારી સાથે રાખવા માગું છું."

ખાસ વોરંટની રૂઇએ જાલિમસિંહને આબુથી મુંબાઇ લઈ જવાનું ઠર્યું.

તેને પોલિસ સિપાઇઓના પહેરા નીચે રાવબહાદુરના બંગલામાંથી રેલ્વેસ્ટેશને લઇ જવામાં આવ્યો.

આબુરોડથી ૭-૨૫ વાગ્યે વિનોદરાયના વડપણ નીચે પોલિસ–સિપાઇઓના જાપ્તા વચ્ચે જાલિમસિંહ સહિત દિલ્હી એક્સપ્રેસ ઉપડી.

ડિટેક્ટિવે આ રીતે એક કાર્ય પત્યા પછી બીજા તરફ લક્ષ દોડાવ્યું. એ કાર્ય કુન્દનપૂરના ભાવિ ગાદીવારસની શોધનું હતું. એની પ્રાથમિક તપાસ માટે કુન્દનપૂર જવાની જરૂર હતી.

તે, ચન્દ્રવદન અને રાવબહાદુર તેજ દિવસે સાયંકાલે કુન્દનપૂર જવા ઉપડી ગયા.

પરિચ્છેદ ૨૭.

અંધારી રાતે ધરપકડ.

"વ્હાલા મિત્ર, તમારી કારકીર્દીમાં આ એક મોટી એબ કહેવાય!"

"શી મારા વ્હાલા મિત્ર એબટ?"

"બનાવટી નોટોના પ્રસારની!"

"એમ? તમને એનો અનુભવ થયો?! કઈ રીતે?"

"આજ બપોરના મારી દુકાને એક દેશી ગૃહસ્થ આવ્યો હતો. તેણે મારે ત્યાંથી રૂા. ૧૦૦ ની કિંમતનો એક ઈંગ્લીશ પોષાક ખરીદ્યો હતો. એના બદલામાં એણે રૂા. ૫૦૦ ની બનાવટી નોટ મારા માણસને આપી હતી, જેની છુટી રૂા. ૧૦૦ ની દરેક એવી ચાર સાચી નોટો તેને આપવામાં આવી હતી—"

"સબૂર, એ માણસનો દેખાવ કેવો હતો?"

"દેશીઓના જેવો કાળો નહીં પણ સહેજ ગોરો—જો કે આપણા જેટલો નહીં. ઉમ્મર આશરે ૨૫. ગોળમટોળ મ્હોં, અને ધાટીલું શરીર."

"બસ. એ એજ!"

"શું તેને તમે ઓળખો છો? અને છતાં પણ આવું બીચારાપણું ચાલવા દો છો?"

"મારા વ્હાલા મિત્ર, શાન્ત થાઓ. તમોને કરવામાં આવેલી છેતરપીંડીનો અમે બરોબર બદલો લઈશું."

આ વાતચીત "ગ્રાંડ ઓપેરા હાઉસ" માં રાત્રિના શુમારે ૧૧॥ વાગ્યે મુંબાઈના પોલિસ કમિશનર અને "એબટ એંડ એડમંડહામની કંપની" વાળા મિ. એબટ વચ્ચે થતી હતી. પરિચ્છેદ ૨૩ માં જણાવ્યા મુજબ, પોલિસ કમિશનર કોલાબા સ્ટેશનેથી વિનોદરાય ઇન્સ્પેકટરને કુન્દનપૂર જવા વદાય કરીને જ્યારે પોતાના વડા મથકે આવ્યા ત્યારે તેના હાથમાં મિ. એબટ તરફથી એક ચિઠ્ઠી મૂકવામાં આવી હતી, જેમાં એક બનાવટી નોટના કાવતરા વિષે સલાહની તાકીદે જરૂર છે, માટે 'ગ્રાન્ટ ઓપેરા હાઉસ' માં મળવું, એવું જણાવ્યું હતું. ચિઠ્ઠી વાંચીને પોલિસ કમિશનર તરતજ 'ગ્રાન્ડ ઓપેરા હાઉસ' માં આવ્યો હતો, જ્યાં મિ. એબટ સાથે તેને ઉપલી વાત થતી હતી. મિ. એબટને તેણે શાન્ત થવા કહ્યું; પણ તે વધારે ગુસ્સે થઈને બોલ્યો: "તમે એ માણસને ઓળખોછો તો પછી તે તમારો ખાસ મિત્ર હોવો જોઈએ અને તેથીજ તમે તેને એકદમ પકડતા નથી!"

પોલિસ—કમિશનરે જવાબ દીધો: "જો ગુન્હેગારો અમારા મિત્ર હોય તો પછી સદ્‌ગૃહસ્થો અમારા દુશ્મનો હોય! અને દુશ્મનોની સલાહ સદ્‌ગૃહસ્થોએ શા માટે લેવી જોઈએ?"

મિ. એબટ આ જવાબથી ચકિત થઈ ઘડીભર ચૂપ રહ્યો. પોલિસ-કમિશનરે કહ્યું: "વાત એમ છે કે ગુન્હેગાર છટકી ગયો છે અને મારા માણસો તેની તપાસમાં છે. જો તમે મારામાં વિશ્વાસ મૂકતા હો, તો એક બે સવાલનો જવાબો મને આપો. જે બનાવટી નોટ તમારી પાસે આવેલી, તે ઇંગ્લીશ પોષાક ખરીદનાર દેશી ગૃહસ્થનીજ હતી, એમ તમે શા ઉપરથી કહો છો?"

"કારણ કે રૂા. ૫૦૦ ની એ એકલીજ નોટ આજ મારી દુકાનમાં આવી છે."

"આ બાબતની ખબર મને તમે હમણાંજ કેમ આપી? તે નોટ તમને મળી ત્યારે કેમ મને ટેલીફોન કર્યો નહીં?"

"નોટ બનાવટી છે, એવી ખબર મને દશ વાગેજ પડી. મારે ત્યાં નવા માલનો કેટલોક જથ્થો આવેલો હતો એટલે માણસોને રાતના ત્રણ કલાક ખાસ બોલાવ્યા હતા. દિવસનો વકરો અમે દશ વાગે મેળવી લેવા ઠરાવ્યું હતું. એ મુજબ મેળવતાં મેળવતાં આ પાંચસોની નોટ કેશીઅરે મને આપી ત્યારે તે નોટ તદ્દન નવી હોવાથી મેં તેમાંની સાલ તપાસી તો ૧૯૨૦ માલુમ પડી. એટલી પાછલી સાલની નોટ તદ્દન કોરી કકડતી કેવી રીતે કોઈ માણસ તરફથી આવે, એવી શંકા કરીને મેં કેશીઅરને ઉધડો લીધો અને આવી ભારે રકમની નોટ લેતા પહેલાં બહુ વિચાર કરવો જોઈએ એમ જણાવ્યું. તરતજ તમે મને સાંભર્યા. મેં તમારે ત્યાં એક બાજુ આ નોટ સાથે મારા ભાગીદારને દોડાવ્યો અને બીજી બાજુ આ નોટ કોની પાસેથી અને કેમ મળી તે સંભારી કાઢવા કેશીઅરને જણાવ્યું. ત્યારે મને તેના તરફથી ઈંગ્લીશ પોષાક ખરીદનાર દેશી જુવાનની હકીકત કહેવામાં આવી. ૧૦॥ ને શુમારે મારો ભાગીદાર પાછો આવીને તમે વડા મથકે નથી એમ કહેવા લાગ્યો. પણ તમારા હાથ નીચેના બીજા અમલદારો સાથેની મસલત ઉપરથી તેણે પક્કી ખાત્રી મેળવ્યાનું કહ્યું કે-આ નોટ સાચી નથી. આ ઉપરથી મેં તમારા ઉપર ચિઠ્ઠી લખી અને તમારી ઓફીસે આવો તે બાદ મને અહીં મળો, એમ જણાવ્યું-"

પોલિસ-કમિશનરના ખ્યાલમાં હવે આવી ગયું કે બપોરે તાર ઓફિસમાં તાર કરાવવા જાલિમસિંહ ગયો તે પહેલાં તેણે આ દુકાનમાંથી બનાવટી નોટ વટાવીને ઇંગ્લીશ પોષાક ખરીદ્યો હશે. કોલાબા ઉપર તેણે બુકિંગ કલાર્કને જે ખરી નોટ બતાવી અને જેમાં એબટ અને એડમંડહામની કંપનીનો સિક્કો હતો, તે આ પરાક્રમનું પરિણામ જ !

તેણે મિ. એબટને હસ્તકથી બનાવટી નોટ લીધી અને આવતી કાલે સહવારે આ કાવતરાના ગુન્હેગારોને પકડી આપવાનું વચન તેને આપીને પોતે તરતજ વડા મથકે પાછા ફર્યો; જ્યાં બનાવટી નોટોના સંબંધમાંજ કાંઇક વધુ પ્રકાશ પડયો.

ગ્રાંટરોડ સ્ટેશનેથી યુસફખાન ઇન્સ્પેકટરે જે મવાલીને પકડયો હતો, તેને તે વડા મથકે ઘસડી લાવ્યો હતો. તેની પાસેથી કુલ પાંચ બનાવટી નોટો, તે ઉપરાંત બે હીરા, મોતીની માળા અને ખિસ્સા કાતરૂઓને ઉપયોગી હથીયાર મળ્યાં હોવા સંબંધીની તમામ હકીકત પોલિસ કમિશનરે જાણી. આ મવાલી પાસે ગુન્હાનો એકરાર કરાવવા યુસુફખાન ઘણું મથતો હતો, પણ તે મોઢામાંથી એક પણ શબ્દ કાઢતો ન હતો. પોલિસ-કમિશરે તેના બીજા શાગીર્દો કોણ છે, તેનો પતો તેનીજ પાસેથી મેળવવા માટે જબર દસ્તીના ઉપાયો લેવા ફરમાશ કરી દીધી. પોલિસ ખાતું જ્યારે ઉગ્ર બને છે ત્યારે ભલભલો અઠંગ અને કડક બદમાશ પણ તેના સકંજામાંથી છટકવાની મગદૂર કરી શકતો નથી, એ જાણીતું છે.

એકરાર માટે જ્યારે આ મવાલીને પોલિસનાં માણસોએ ખૂબ સતાવ્યો ત્યારે અર્ધા કલાકના અરસામાં તેની પાસેથી કેટલીક બાતમી મળી શકી.

ભાયખલા ઉપર એક ગલીમાં નાના સરખા એકાન્ત મકાનના બારણા પર આશરે ૧૨ાા ને શુમારે એક પહેલવાન દારૂડીઆએ ત્રણ ટકોરા માર્યા. એ ટકોરા પડયા પછી થોડીકવારે તે મકાનના બારણાની ઉપલી બાજુએથી લાકડાની એક ચોખંડી ડગળી ખસી અને ચોખંડું બાકોરૂં પડયું. બે આંખો તેમાંથી બહાર જોતી માલુમ પડી. દારૂડીઆએ પોતાની એક આંગળી ઉંચી કરી; એટલે બાકોરૂં બંધ થઇ ગયું અને બારણું ઉઘડયું. ઉઘાડનારે બહાર ઉભેલાને ધીમે સ્વરે પૂછ્યું: " કયા હે ? '

દારૂડીઆએ પોતાના ખિસ્સા ઉપર હલ્કેથી પોતાના હાથની થાપટો મારી. તેને અંદર દાખલ કરવામાં આવ્યો.

આશરે ૦ાા કલાક વીત્યો પણ તે બહાર આવ્યો નહીં. બે આદમીઓ તે પછી તેજ મકાન આગળ આવ્યા. માંહોમાંહે મસલત કરીને તેમાંના એકે તે મકાનના બારણા ઉપર ત્રણ ટકોરા મારતાં તે ઉપરની લાકડાની ચોખંડી ડગળી ખસી. ટકોરા મારનારે એક આંગળી ઉંચી કરતાં બારણું ઉઘડયું. ઉઘાડનારે આંગળી ઉંચી કરનારને કહ્યું: " કૌન હો તુમ ? કયા કામ હે ? "

" દાઉદખાન, મુઝે નહીં પિછાનતા કયા ? " આંગળી ઉંચી કરનારે કહ્યું.

"હં. હં. કરીમ !" ઉઘાડનારે જવાબ દીધો. "દૂસરા કોન હે ? "

" નગદ ઘરાક ! "

" ફજરમેં આઓ. અબ તો કુચ્છ નહીં હો ન 1

" દાઉદ, ઐસા તો નહીં હો સકે. મુઝે પૈસેકી જરૂરત હે ઓર ઈન્કે પર કુચ્છ બડી મુશીબત ફજરમેં આ‌ વાલી હય. કામ તો અભી કરના ચઈએ."

" તું અકેલા આ. દૂસરા નહીં. "

" યાર, મેરી બાત સમજ. ઇધર આ... .." એમ કહીને આગળી ઉચી કરનાર જેને કરીમ તરીકે સંબોધ વામાં આવ્યો હતો, તેણે બારણું ઉઘાડનાર દાઉદનો એક હાથ ઝાલીને જરાક બહાર ખેંચ્યો. બન્ને વચ્ચે રકઝક થઇ અને એ રકઝક દરમ્યાન કરીમ જોડેના નાગરે પોતાના હાથમાં રાખેલો એક દંડો ઉચકીને દાઉદના માથામાં ફટકાર્યો. દાઉદ જમીન પર પટકાઇ પડયો એક દમ તીણી સીટી વાગી; અને જાણે કીડીનું દર ઉભરાઇ ગયું હોય તેમ બહારની બાજુએથી આસપાસથી કેટલાક માણસો દોડી આવ્યા. એ મકાનમા સૌ પેઠા.

થોડીવારે રિવોલ્વરોના બાર તેજ મકાનમાંથી સંભળાયા પછી હાથકડી પહેરાવેલા સાત માણસોને તે મકાનમાંથી એકે એકે બહાર કાઢવામાં આવ્યા. તે દરેક માણસની આસપાસ બબ્બે જણ તેમનાં કાંડાં પકડીને ચાલતા હતા. તેમાંના બે ત્રણ જણ લોહીલુહાણ થયેલા જણાતા હતા.

એક બંધ મોટર-ખટારામાં તેઓને બેસાડવામાં આવ્યા. એ ખટારો જવા બાદ આ મકાનને સીલ કરવામાં આવ્યું અને પાંચ માણસો હાયમા રિવોલ્વરો રાખી, બહારના ભાગમાં ફરતા રહ્યા.

બંધ મોટર-ખટારો વડા પોલિસ મથકે જઇને ઉભો રહ્યો. તેમાંના બન્દીવાનોને બહાર કાઢી અંદર લઇ જવામાં આવતા હતા ત્યાં એક મોટર ગાડી આવી પહોંચી, જેમાંથી સાદા પોષાકવાળા સખ્શો ઉતર્યા. એજ મોટરમાંથી પેલો દારૂડીઓ જે ૧૨ાા ને શુમારે પેલા મકાન આગળ ગયો હતો અને ૦ાા કલાક સુધી બહાર નહોતો નીકળ્યો તે તેમજ કરીમ અને તેની સાથેનો સખ્શ પણ હતા.

પોલિસ કમિશનર તેઓની રાહ જોતોજ વડા મથકે બેઠેલો જણાયો. રાતના ૧ાા વાગ્યાનો શુમાર હતો, છતાં તેણે પોતાની આંખ મીંચી નહતી.

હાથકડીઓવાળાઓને પોલિસ કમિશનર રૂબરૂ ઉભા કર્યા બાદ પહેલવાની દાઢીઆએ આગળ આવી, ટટ્ટાર ઉભા રહી, પોલિસ ઢબે સલામ કરીને કહ્યું: "સાહેબ, બનાવટી નોટો પાડનારા આ સાત સખ્શો છે. ભાયખલા ઉપર તેમનું મકાન અમે કબજે કર્યું છે, જેમાં તેમનું કારખાનું આવેલું છે. ગ્રાંટરોડપરથી પકડાયલા તેમના ગોઠીઆ મવાલી કરીમ સાથે અને પોલિસના ૨૫ માણસો સાથે આપની પાસેથી ગયા પછી કરીમે બતાવેલી રીત મુજબ એ કારખાનામાં હું દાખલ થયો. આ સાતે સખ્શો મારી આસપાસ વીંટળાઈ વળ્યા અને હું કોણ છું, કોના કહેવાથી આ મકાનમાં આવ્યો વગેરે પૂછવા લાગ્યા. મેં તેઓને જણાવ્યું કે, અગાઉ હું અહીં તમારી પાસેથી ખોટી નોટો લઈ ગયો છું તેઓએ મને ખૂબ ટીકીટીકીને જોયો અને પછી સોદો કરવા માગ્યો. મેં હજારની સાચી નોટો આપી તે બદલ તેઓએ મને ૨૫૦૦ ની બનાવટી નોટો આપી. મેં જણાવ્યું કે, ઓછી કેમ? એક હજારના બદલામાં ૩૦૦૦ આપવાનો તમારો નિયમ છે ને? તેઓએ એના જવાબમા મારી સામે રિવોલ્વરો ધરી. હું ચૂપ થઇને જ્યા બહાર નીકળવા ગયો કે, તેઓ મારી ઉપર તુટી પડયા. મને કેદ કરી લીધો. મારી હસ્તી નાબૂદ કરવાનો તેમનો ઈરાદો હતો, તેટલામા તો, પોલિસની પાસે આવીને તેઓને પકડી લીધા. તાબે થતા તેઓએ ખૂબ તકલીફ આપી તેઓને ઘાયલ કરીને પણ અમે પકડયા. તેઓના કારખાનામા તમામ પ્રકારની નોટો બનાવવાનાં સાધન છે. પુષ્કળ બનાવટી નોટો પણ અમોને મળી છે."

"યુસફખાન" પોલિસ—કમિશનરે કહ્યું: "તમે સારી સેવા બજાવી છે. આ લોકોને કાચી જેલમાં નાખો અને તમો પાસેથી વધુ હકીકતો મેળવો કે, આવી બીજી કોઇ સોનેરી ટોળીઓ આ શહેરમા મોજુદ છે કે કેમ?"

પોલિસ કમિશનરે તેને પોતાની પાસે બોલાવી કાગળના એક ટુકડામા નીચેની લીટીઓ લખીને વંચાવી: "જાલમસિંહે આ લોકો પાસેથી નોટો મેળવેલી કે કેમ તેની હકીકત મેળવી આપો."

"અર્ધા-પોણા કલાક બાદ" એવો જવાબ તે કાગળ માંજ લખીને યુસફખાન આ બધા પકડાયલાઓને વડા મથકની કાચી જેલની કોટડીઓમાં લઈ ગયો.

પોલિસ-કમિશનર પાસે બરાબર ૩ વાગ્યે યુસફખાને આવીને રિપોર્ટ કર્યો કે: "આપે માગેલી હકીકત મળી છે. જાલિમસિંહનું જે વર્ણન આપણે જાણીએ છીએ તે આ લોકોને વર્ણવીને, પૂછપરછ કરતા એમ માલુમ પડે છે કે, જાલિમસિંહ ઇંગ્લાંડથી આવીને મુંબઈમાં રહેલો તે દરમ્યાન એક તવાએફને ત્યાં ...ીના ઉપરી અશરફખાનનો અને તેનો મેળાપ ...વસ સુધી ગયા કર્યો હતો. એ દરમ્યાન સહર્ષ તવાએફના વખાણનારાઓ તરીકે તેઓ બન્ને કટ્ટર હરીફ બની ગયા. એક ગાણા માટે જાલિમસિંહ દશ રૂપીઆ આપે તો અશરફખાન પંદર આપે. જાલિમ ૨૫ આપે તો અશરફ ૫૦ આપે. એમ કરતાં કરતાં છેલ્લે દહાડે એટલે ત્રીજે દહાડે તો જાલિમ પાસેનું તમામ રોકડ નાણું ખુટી ગયું એટલે સુધી હરિફાઈ વધી પડી. જાલિમ મુંઝાયો પણ તવાએફ તેની મદદે ચઢી. તેના તરફથી તેને કુલ રોકડા ૮ હજાર રૂપીયા આ ત્રણ રાત દરમ્યાન મળ્યા હતા. આવો શોખીન તાલેવંત અને અશરફખાન માંહોમાંહે દુશ્મન બની કદાચ એક બીજાના જાન લે, તેના કરતાં તેઓને મિત્ર બનાવ્યા હોય તો ઠીક એમ વિચારીને તેણે તેઓ વચ્ચે સલાહ કરાવી.

"જાલિમે પોતાને એક મોટા જાગીરદાર તરીકે જણાવ્યો અને પ્રસંગ આવ્યે પોતાની જાગીર પર અશરફખાનને લઇ જશે, એવું વચન આપ્યું. દરમ્યાન પોતાને કાંઇ રોકડની જરૂર જણાવી બદલામાં પોતાના શરીર પરના આશરે ૫૦૦૦ ની કીંમતના કેટલાક દાગીનાઓ તેણે અશરફખાનને આપવા માંડ્યા. અશરફખાને તેને ૧૦ હજારની ખોટી નોટો આપી અને દાગીના પોતાને હસ્તક રાખ્યા. એ નોટો બનાવટી છે એવી ખબર જાલિમને નહતી. પણ એક સ્થળેથી તેને રૂ. ૧૦ ની એક નોટ સંબંધમાં તેવું કહેવામાં આવ્યું ત્યારે પાછો તે તવાએફને ત્યાં અશરફખાનને મળ્યો. તેણે દાગીના પાછા લેવા તથા નોટો પાછી આપવા માગી. એ વખતે અશરફખાને જાલિમને ખરી વિગત કહી. તમામ નોટો જાલિમને બનાવટીજ આપવામાં આવી છે એવું કબુલ કરીને તેણે જણાવ્યું કે, "તે તમારા ફાયદા માટે આપી છે. જો સાચી નોટો જોઇતી હોય તો ૩ ખોટીના બદલામાં ૧ સાચી આપું." ખોટા ૧૦૦૦૦ ના બદલામાં જાલિમને ફક્ત ૩૩૩૩ ની સાચી નોટો મળે તેમ હોવાથી તેણે ખોટી નોટો પોતાને હસ્તક રાખવી પસંદ કરી. પણ અશરફખાન સાથે વધુ સાટું એવું કર્યું કે, જ્યારે જરૂર પડે ત્યારે હજી પણ વધુ ૫૦૦૦ ની બનાવટી નોટો જાલિમને અશરફખાને આપવી અને કુલ્લ સાચી ૫૦૦૦ની નોટો જાલિમ અશરફખાનને આપે ત્યારે દાગીના પાછા લઈ જવાનો જાલિમને હક રહે. આ મુજબ બન્નેએ કબુલાત કરી લીધા બાદ ફરીથી જાલિમ સહિત અશરફખાનનો મેળાપ થયો નથી."

"ત્યારે ડિટેક્ટિવ હીનેન્દ્રરાયનું અનુમાન કંઈક અંશે ખરૂં પડયું!" પોલિસ કમિશનરે ટીકા કરી: "જાલિમસિંહે ઈંગ્લાંડથી આવીને કુન્દનપૂર જતાં અધવચગાળે મુંબાઇમાંથી બનાવટી નોટો મેળવેલી હશે, એવું ડિટેક્ટિવે અનુમાન કર્યું હતું. વારૂ. જાલિમના દાગીના હજી અશરફખાન પાસે છે કે, ઇન્સ્પેક્ટર?"

"થોડાક છે" યુસફખાને કહ્યું: "અને થોડાક વેચી નાંખવામાં આવ્યા છે."

" આપણે તે તમામ એકઠા કરવાના છે. માટે જ્યાં જ્યાં વેચાયા હોય ત્યાંથી તે આવતી કાલે મેળવો."

પોલિસ કમિશનર તે રાત્રે ૪ વાગે પોતાને મકાને જઇને સુતો. બીજે દિવસે છુપી પોલિસની તપાસને પરિણામે અશરફખાનની ટોળીના બીજા કેટલાક શાગીર્દો પણ પકડાયા અને જ્યાં જ્યાં જાલિમના દાગીના વેચાયા હતા, ત્યાંથી પણ તે મેળવવામાં આવ્યા.

પકડાએલી ટોળીને તેજ દિવસે માજીસ્ટ્રેટ રૂબરૂ રજુ કરીને સજા કરાવવામાં આવી. બનાવટી નોટોના કારખાનાના સામાનનો અને નોટોનો નાશ કરવામાં આવ્યો.

મહેન્દ્રપુર રાજ્ય તરફથી એ દિવસે તેને તારનો લાંબો સંદેશો મળ્યો, જેમાં દિવાન સાહેબ બહાર ગામ ગયેલાજ નહીં હોવા વિષે તેમજ તેમના ચહેરા વિષે વિગતો હતી.

જાલિમસિંહના ચહેરા કરતાં ખરા દિવાનનો ચહેરો તદ્દન જુદોજ હતો. આ સમાચાર જાણ્યા પછી પોલિસ કમિશનરને ચોક્કસ ખાત્રી થઇ કે, બુકિંગ-કલાર્ક આગળ નકલી દિવાન તરીકે જાલિમસિંહજ રજુ થયો હતો.

તે દિનની સાયંકાળ પછી પોલિસ-કમિશનરનું સઘળું ધ્યાન કેવળ એ જાણવા માટેજ રોકાઇ રહ્યું કે-જાલિમસિંહનું શું થયું? વિનોદરાય ઝાલા અથવા તો ડિટેકિટવ તરફથી એ સંબંધમાં કાંઇ પ્રકારના સમાચાર જાણવાની ચટપટી તેને દરેક પળે થઈ રહી.

પરિચ્છેદ ૨૮.

ફરીથી કુન્દનપૂરમાં.

" મને ચોક્કસ ખાત્રી છે કે, પાસેના જંગલમાં આવેલી ઝાડીઓમાં એ ક્યાંક રહે છે."

" તો તમે તેને પકડી શક્યા કેમ નથી?"

" કારણ કે, એ ઝાડીઓમાં ખૂબ તપાસ કરવા છતાં કોઇ હાથ આવતું નથી."

" ત્યારે તે ત્યાં નહીં હોય."

" એમ તો હું ન જ કહું. કારણ કે મેં જાતે બે વાર તેને તે ઝાડીઓમાં અલોપ થતો જોયો હતો અને તેની પાછળ હું ગયો ત્યારે બન્નેવાર અકસ્માતને લીધે મારે પાછા ફરવું પડયું."

" શા અકસ્માત થયા હતા?"

"એક વાર એક મોટું ઝાડ ધસી પડયું હતું. મે માણસો દ્વારા તે જગ્યા સાફ કરાવીને તપાસ શરૂ કરી હતી; પણ કાંઇ પત્તો લાગ્યો નહતો. બીજીવાર હું તેની પાછળ ઝાડીમાં પેઠો એટલે તરતજ મારા પગ આગળ એક ગોળો આવીને પડયો હતો અને હું બેશુદ્ધ થઇ ગયો હતો."

આ વાતચીત ડિટેકિટવ હીનેન્દ્રરાય અને કુન્દનપૂરના સેનાપતિ વચ્ચે ચાલતી હતી.

કુન્દનપૂરમાં આવી પહોંચીને ડિટેકિટવ હીનેન્દ્રરાયે શરૂઆતના બે ત્રણ દિવસ ત્યાંની વસ્તુસ્થિતિ તપાસવામાં ગાળ્યા હતા; જેમાં તેને એમ માલુમ પડયુ કે, પોલિટિકલ એજટે કુન્દનપૂરનું રાજ્યતંત્ર બ્રિટિશ એડમિનિસ્ટ્રેશનથી કામચલાઉ ચલાવવા માંડયું હતું. એડમિનિસ્ટ્રેટર તરીકે, હાલ તુર્ત ત્યાંના દિવાન કૃષ્ણશંકરને નીમ્યો હતો. વળી તેને એવી ખબર મળી હતી કે, રાજ્યના કેટલાક ભાયાતોએ આ ગોઠવણ સામે વિરોધ બતાવ્યો હતો. તેઓ તો જાલિમસિંહનેજ ગાદીવારસ તરીકે માનતા હતા. તેઓ તરફના કેટલાક પ્રતિનિધિઓએ પોલિટિકલ એજંટને અત્યાર સુધીમાં ખૂબ વખત મળીને એવું કહ્યા કર્યું કે, ભાવિ ગાદીવારસ બીજો કોઇ છે જ નહીં અને અમારી નામરજી છતાં બીજા કોઇને બેસાડશો તો અમે તેનું શાસન માનીશું નહીં.

પોલિટિકલ એજંટ એક ચાલાક અમલદાર હોવાથી તેણે તેઓનું સાંત્વન કર્યું હતું અને " જો જાલિમસિંહને રજુ કરો તો તેની સાથે વાતચીત કરીને હું તેના સબંધી ઘટતો નિર્ણય કરૂં" એમ તેઓને જણાવ્યું હતું.

ભાયાતોને માટે જે બાબત મુશ્કેલ હતી તેજ પોલિટિકલ એજંટે તેમને કહી હતી કારણ કે, જાલિમસિંહને તેઓ રજુ કરે એ સહેલું નહતું. ભાયાતો સાથે પોલિટિકલ એજંટને છેલ્લી વાતચીત થઇ ત્યારે તો જાલિમસિંહ મુંબાઇમાં કાવતરાં કરતો હતો અને કુન્દનપૂરના કોઇપણ રહીશ સાથે તેને કાંઇ પત્રવહેવાર કે સંદેશા વહેવાર નહોતો. એટલે તે ક્યાં છે, એની ખબર કુન્દનપૂરમા કોઇને નહતી.

ભાયાતો પોલિટિકલ એજંટનું કહેવું માન્ય રાખીને તેનાથી છુટા પડયા બાદ ફરીથી તે સાહેબ પાસે આવ્યા નહતા. દરમ્યાન 'રૂપેરી રાજહંસ'માંનો કાગળ વીરબાળા મારફત પોલિટિકલ એજંટને મળ્યો અને એને લીધે એના હાથ મજબૂત થયા. તેણે ભાયાતોને પોતાની પાસે બોલાવ્યા અને મર્હુમ રાજાનો ગાદીવારસ બીજો કોઇક છે, એ

વાત કહી. કાગળની તમામ વિગત તેણે તેઓને કહી નહીં. તેમજ ગાદીવારસ કેવો છે તેની નિશાનીઓ પણ પૂરી પાડી નહીં. ફક્ત કાગળ બનાવીને તેનો સાર કહ્યો. બાયાતો તે સાંભળીને એવું કહીને ગયા હતા કે, "અમે એ ગાદીવારસ શોધી લાવીશું."

જ્યારે વિનોદરાય આલા કુન્દનપૂર ખાતે જાલિમસિંહ માટે ખાસ વોરંટ લેવા આવ્યો ત્યારે પોલિટિકલ એજંટ અને એડમિનિસ્ટ્રેટર કૃષ્ણશંકર જાલિમસિંહનાં મુંબાઈ ખાતેના તમામ કાવતરાથી માહિતગાર થઇ ચૂક્યા હતા.

જાલિમસિંહ, હવે આ ગાદી માટે લાયક રહ્યો નથી એની પક્કી ખાત્રી પોતાના દિલમાં કરીને તેઓએ ગાદી વારસની શોધની કોશિશ કરી હતી. પોલિટિકલ એજંટે ઇન્ગ્લાંડ ખાતે મિ. વિલ્કિન્સન ઉપર એક પત્ર લખ્યો હતો અને કુન્દનપૂરના ગાદીવારસ વિષે તે કાંઇ જાણતો હોય તો ખબર આપવા જણાવ્યું હતું. એ પત્રના જવાબની રાહ જોવાતી હતી.

ડિટેકિટવ કુન્દનપૂર આવીને આ હકીકત જાણ્યા પછી એ ત્રણ જુદીજ બાબતોમાં તપાસ કરી. પ્રથમ તેણે એ શોધવા યત્ન કર્યો કે, અમૃત દાસી હાલ ક્યાં છે? તે દાસી મર્હુમ મહારાજાના અવસાન પૂર્વે પાંચ વર્ષ ઉપર કોઈક રાજા સાથે ઈંગ્લાંડ ગઇ હતી. એ રાજા કોણ? અને તે હજી ઈંગ્લાંડમા જ છે કે આ દેશમાં પાછો ફર્યો છે? આ પ્રશ્નોના ખુલાસા માટે પોલિટિકલ એજંટ મારફત તેણે મુંબાઈ સરકારના 'પાસપોર્ટ' ખાતામાં એવી તપાસ કરાવી કે પાંચ વર્ષ ઉપર કિયા કિયા રાજાઓ પરદેશ ગયા હતા? તેઓની સાથે કોણ કોણ હતાં? અને અત્યાર સુધીના તેમાના કિયા રાજા પાછા ફર્યા હતા? ક્યારે? ફરીથી તેઓ ગયા હોય અને પાછા ફર્યા હોય તો તેની વિગત–આ બધી હકીકત મુંબાઇ સરકારના 'પાસપોર્ટ' ખાતામાથી ઉતારીને આઠેક દિવસના અરસામાં મોકલી આપવામાં આવશે, એવો તારનો સંદેશો પોલિટિકલ એજંટને મળ્યો હતો.

મજકુર હકીકત આવી પહોંચે તે દરમ્યાન ડિટેકિટવે સેનાપતિ પાસેથી રાવબહાદુર મણિધરપ્રસાદને પોલિસ–અધિકારીનો 'ચાર્જ' અપાવવા પોલિટિકલ એજંટ પાસેથી મંજુરી મેળવી લીધી. એ મુજબ તે જ્યારે સેનાપતિ પાસે રાવબહાદુર સહિત ગયો ત્યારે અચાનક એક જુના ગુન્હેગાર સંબંધી વાતચીત નીકળી.

પરિચ્છેદ ૧૩ માં આવી ગયેલી હકીકત યાદ કરવા વાચકવૃન્દને અમારી વિનતિ છે. ચીખલ ગામની ધર્મશાળામા કુન્દનપૂરના મર્હુમ મહારાજાનો ખાનગી મંત્રી શાર્દુલરાય, મર્હુમ મહારાજાની બહેન વીરબાળાને બદલે એક દાસીને લાવ્યો હતો અને ત્યાથી દાસી નાસી ગઇ એટલે તે પણ તેને શોધવાને બહાને જતો રહ્યો હતો. એ શાર્દુલરાયને પકડવાનું કામ સેનાપતિને સોંપાયું હતું. તેના સંબંધમાં એક બે વધુ હકીકતો એ પણ જણાયલી છે કે, જાલિમસિંહનો તે મળતીઓ હતો. જાલિમસિંહના કારોબારમાં દિવાનપદ મેળવવાનાં સ્વપ્ન તે સેવી રહ્યો હતો અને એ માટે તેણે જાલિમસિંહના કહેવા મુજબ એક બનાવટી કાગળ તૈયાર કરીને તેમાં હીનેન્દ્રરાયની ખોટી સહી કરી હતી.

આ પ્રકરણને મથાળે ડિટેકિટવ અને સેનાપતિ વચ્ચે ચાલેલી જે પ્રશ્નોત્તરમાળા આપી છે, તે ઉપર્યુક્ત શાર્દુલરાય સંબંધેજ છે.

ડિટેકિટવની ગેરહાજરી દરમ્યાન સેનાપતિએ પોલિસ અધિકારી તરીકે ચલાવેલી તપાસમાંથી તારવેલી એ બાતમી હતી. શાર્દુલરાય ગુમ થયા બાદ બે દિવસ સુધી તો સેનાપતિને તેની કશી ભાળ મળી ન હતી પણ ત્રીજે દિવસે તેની પાસે કુન્દનપૂરનાં કેટલાક રહીશો એવી ફરિયાદ લાવ્યા હતા કે, શહેર પાસે આવેલાં જંગલની ઝાડીઓમાં ભુતાવળ હોય એમ જણાય છે. રાત પડયા પછી ત્યાં હમેશાં વિચિત્ર બનાવો બનતા રહે છે. જે લોકો ત્યાં જાય છે, તેઓને કોઇવાર કાળી આકૃતિઓ તો કોઇવાર સફેદ આકૃતિઓ ઝાડીઓમાંથી બહાર આવીને બીવરાવે છે અને કોઇક કોઇકવાર તો લોકોનાં ખિસ્સાં ખાલી કરાવે છે! આ ફરિયાદ ઉપરથી સેનાપતિએ તે ઝાડીઓમાં તપાસ કરવાનું માથે લીધું હતું.

દિવસના ભાગમાં તેણે ઝાડીઓમાં પુષ્કળ સિપાઇઓની મદદથી તપાસ ચલાવી જોઇ હતી પણ કાંઇજ શક પડતી બાતમી તેને મળી નહતી. એ પછી તેણે રાત્રે તપાસ કરાવી હતી. તેમાં સિપાઇઓને લોકોની પેઠેજ બીવરાવ્યામાં આવ્યાથી તેઓ કશો અગત્યનો અહેવાલ પૂરો પાડી શકયા નહતા. સિપાઇઓને આ અનુભવ મળ્યાથી તેણે શહેરમાં એવી જાતનો ઢંઢેરો ફેરવ્યો કે, રાત પડયા પછી એ જંગલ તરફ કોઇએ જવું નહીં. તે ઝાડીઓમાં ખરેજ કોઇ બદમાશો હશે તો તેઓ ઉપલા ઢંઢેરાથી બેફામ બનીને બહારના ભાગમાં કાંઇક નવી હીલચાલ કરશે, એવી તેની માન્યતા હતી. તે પોતે કાળો ઝભ્ભો નાંખીને રાત્રિને વખતે તે ઝાડીઓ આગળ બહુજ સાવચેતીથી તપાસ કરતો રહ્યો. તેની તપાસની પહેલી રાત્રિએ તેના જોવામાં આવ્યું કે, મધ્યરાત્રિ પછી ઝાડીઓમાં કાળા બુરખાવાળી આકૃતિઓ બહારથી આવવા માંડી હતી. લગભગ અર્ધાકલાકને શુમારે એ આકૃતિઓ બારની સંખ્યામાં થઇ હતી. પણ ઝાડીઓમાં પેઠા પછી તે અલોપ થઇ ગઈ હતી. લગભગ બે કલાક વીત્યા પછી તે આકૃતિઓ ઝાડીમાંથી બહાર આવી હતી અને આડી અવળી વિખરાઇ ગઇ હતી. આમાંની એક આકૃતિનો પીછો સેનાપતિએ પકડયો હતો. તે આકૃતિ જે રસ્તે જતી હતી તેજ રસ્તે તેને શક પડે નહીં એવી રીતે જતાં સેનાપતિને માલુમ પડયું હતું કે ચીખલ ગામમાંજ તે પેઠી હતી અને એક મકાનમાં દાખલ થઇ હતી.

ભુતાવળનો લોકોને પડેલો વહેમ ખોટો છે પણ નક્કી કોઇક બદમાશો કોઇક બૂરા હેતુથી એ ઝાડીઓમાં ભેગા થાય છે, એમ સેનાપતિને આ આકૃતિની હીલચાલ ઉપરથી ખાત્રી થઈ. બીજે દિવસે સહવારમાં જ ચીખલ ગામના તે મકાનમાં તે ગયો કે જેમાં રાત્રે તેણે પેલી આકૃતિને પેસતાં જોઇ હતી. એ મકાનમાં એક ગામડીઆનું કુટુંબ વસતું હતું પણ તેમાં એક ઓરડીમાંથી તે કુટુંબથી નિરાળી એક વ્યક્તિ નીકળી. તે કોઈ જ નહીં પણ શાર્દુલરાય હતો. સેનાપતિ તેને પકડવાની તૈયારીમાં હતો એટલામાં તેણે તેના પગ આગળ એક ગોળો ફેંક્યો જે જમીન સાથે પછડાતાં તેમાંથી ધુમાડા નીકળ્યા અને તેને પરીણામે સેનાપતિ બેભાન થઇ ગયો.

શાર્દુલરાય તે બાદ ત્યાંથી પસાર થઇ ગયો. સેનાપતિ જ્યારે હોંશમાં આવ્યો ત્યારે ગામડીઆ કુટુંબને ધમકાવીને પૂછતાં તેણે એ હકીકત જાણી કે, હરરોજ રાતના તે આ મકાનમાં આવે છે અને અહીં રહેવા બદલ સારી રકમ આપે છે. દિવસના ભાગમાં તે શું કરે છે કે શું નહીં, એની જાણ આ ગામડીઆ કુટુંબને નહતી. સેનાપતિએ તે પછી ઝાડીઓ પાછળ પોતાનું ધ્યાન રોક્યું. અને બે વખત શાર્દુલરાય સાથે તેને ભેટો થયો પરંતુ બન્ને વખતે તેને જે નાઉમેદી મળી તે તેણે ડિટેક્ટિવને કહી.

આ સાંભળીને ડિટેક્ટિવે તેને જણાવ્યું કે, "હવે તમારૂં અધૂરૂં કામ હું પૂરૂં કરીશ."

પરિચ્છેદ ૨૯.

વિધિએ 'આબરૂ' ઢાંકી !

એ પાંચમા દિવસની બપોર હતી કે જ્યારે કુન્દનપૂરમાં આવ્યા બાદ ડિટેક્ટિવ હીનેન્દ્રરાય ટપાલમાં આવેલાં છાપાંઓ વાંચતો હતો. 'ઈવનિંગ ન્યુઝ' પત્રમાં એક રેલ્વે અકસ્માતની ભયાનક વિગત વાંચીને તે ચોંક્યો. એ ખબર નીચે મુજબ હતીઃ-

એક ગજબનાક રેલ્વે અકસ્માત.

મેઇલ સાથે માલગાડીની અથડામણ.

સેંકડો ઉતારૂઓનાં કમનસિબ મોત.

"ગઇ તા. ૨૫મીએ અમદાવાદથી મુંબઈ તરફ જતી ગુજરાત મેઇલે ગોથાજ નામે એક સ્ટેશન છોડયા પછી તેને એક ભયંકર અકસ્માત નડયો હતો. સામેથી આવતી એક માલગાડી સાથે તે અથડાઈ હતી અને પરિણામે બન્નેના ડબ્બાઓ ભાંગીને ભૂકો થઈ ગયા હતા તથા મેઈલના ઉતારૂઓમાંના લગભગ દરેક ઘવાયા હતા અને મરણ પામ્યા હતા.

વધુ તપાસમાં એમ જણાય છે કે, ગુજરાત મેઇલના ડ્રાઇવરે આ અકસ્માત થતો અટકાવવા ઘણી કાળજી લીધી હતી પણ કમનસિબે તેનો ઉપાય ચાલ્યો ન હતો. માલ ગાડીના એંજીન ડ્રાઇવરે ખૂબ દારૂ પીધો હતો અને તેને ગીજા સ્ટેશનેથી માલગાડી હાંકવા પરવાનગી નહી આપવા છતાં પણ દારૂના નીશામાં સાથીઓ સહિત લડવાડ કરી તેણે માલગાડી ચાલુ કરી હતી. નીશાની ધૂનમાં તેણે માલ ગાડીની ગતિ વધારી દીધી હોય અને કોઇ પણ જાતની ચેતવણીઓ ઉપર ધ્યાન નહીં આપતાં એંજીન બેફાટ હાંકી મૂકયું હોય અને તેને પરિણામે આ અકસ્માત થવા પામેલો હોય, એવું અનુમાન કરવામાં આવે છે.

ગુજરાત મેઇલમાં આશરે ૭૦૦ ઉતારૂઓ હતા; જેમાં એક હિંદુ વરરાજાની જાનનાં લગભગ ૧૫૦ માણસો હતાં. ઉપરાંત એક બે મિલમાલેકો, જાણીતા દેશભક્ત મિ. અતુલચંદ્ર વિદ્યાભારતી, મુંબાઈવાળા જાણીતા ધારાશાસ્ત્રી મિ. હરમોહન દીક્ષિત, એક બ્રિટિશ સનદી નોકર મિ. સોર્ટી વગેરે પણ બીજા વર્ગના ડબ્બાઓમાં હતા.

એક રાજવંશી કેદીને મુંબાઇના એક પોલિસ-ઇન્સ્પેકટરે આબુથી પકડેલો અને કેટલાક ગુન્હાઓ માટે તેને મુંબાઇ લાવતા હતા. તેઓનો પણ અકસ્માતમાં ખુરદો થઇ ગયેલો માનવામાં આવે છે.

નજદીકનાં સ્ટેશનોએથી બચાવ માટે તાબડતોબ રેલ્વે સત્તાવાળાઓ આવી લાગ્યા હતા. પુષ્કળ મજુરો પણ મોટાં સ્ટેશનોએથી બોલાવવામાં આવ્યાં છે. સખ્ત આંચકાને પરિણામે પાટા ઉપરથી ઘણા ડબ્બાઓ ગબડી પડયા છે. ઘણાક ડબ્બાઓ ભાંગી ગયા છે અને તેમનાં કાટમાલ નીચે બિચારાં નિર્દોષ ઉતારૂઓ કચડાઇ મુઆં છે. દટાઇ મુએલાં ઉતારૂઓને બહાર કાઢવાનું કામ શરૂ કરવામાં આવ્યું છે. વત્તી ઓછી ઇજા પામેલાઓ અને બચેલાંઓ અત્યાર સુધીમાં ફક્ત ત્રણ-ચાર જણ મળી આવ્યાં છે.

રેલ્વે વહેવાર અટકી પડયો છે. આ રેલ્વે અકસ્માતથી રેલ્વે કંપનીને આર્થિક નુકશાન ઘણું થશે તે તો ઠીક પણ સેંકડો કુટુંબોને આઘાત થશે. જેઓ માર્યા

ગયાં છે તેઓને પોતાના વ્હાલાં વતનથી જુદા પડતી વખતે અને મેઇલમાં બેસતી વખતે ખ્યાલ સરખો પણ નહીં હોય કે તેમની આ લોકની મુસાફરીની તે છેલ્લી રાત હતી. માર્યાં ગયેલાંઓ તરફ સૌની દિલસોજી ખેંચાઈ છે.

મુંબાઇથી વડા રેલવે અમલદારો ખાસ સ્પેશીઅલ મારફત અકસ્માતવાળી જગ્યાએ જવા ઉપડી ગયા છે. અમારો એક ખાસ પ્રતિનિધિપણ તે સ્થળે જવા ઉપડ્યો છે. જેમ જેમ આ સબંધમાં વધુ ખબરો મળશે તેમ તેમ અમે તે પ્રકટ કરતા રહીશું."

આ ખબરમાં રાજવંશી કેદીને લગતી જે વિગત હતી તે વાંચીને ડિટેક્ટિવ ખાસ ચોંક્યો હતો. એ રાજવંશી કેદી બીજો કોઈ નહીં જાલિમસિંહ જ ! તેણે પોતાની યાદદાસ્ત તાજી કરી. તેને કુન્દનપુર આવ્યાને પાંચ દિવસ થયા છે. આજ તા. ૩૦ મી છે. તા. ૨૫ મીએ સહવારે આબુથી વિનોદરાય જાલિમસિંહને લઇને ઉપડેલો તે સાંજે અમદાવાદ પહોંચેલો અને ત્યાંથી ગુજરાત મેઇલમાં તે બેઠા હોવો જોઈએ.

" જાલિમ ! જાલિમ ! આખરે વિધિએ તારી "આબરૂ" ઢાંકી !" હીનેન્દ્રરાય સ્વગત ગણગણ્યો: " ન્યાયાસન આગળ ઉભા રહેવામાં અને જગતને મોઢે ચવાઇ જવામાં તને, તારાં કાળાં કૃત્યો પછી, શરમ આવી હતી. આપઘાતનો ઈરાદો પણ તેં કર્યો હતો. વિધિએ તારી મુરાદ પાર પાડી તારાપર આભાર કર્યો છે ! "

ડિટેક્ટિવ એક મોટરમાં બેસીને કેંપમાં પોલિટિકલ એજન્ટને બંગલે ગયો. તે અમલદાર પણ આ અકસ્માતની ખબર વર્તમાનપત્રમાં વાંચીને તાજુબ થઇ ગયો હતો. તેનું ધ્યાન પણ " રાજવંશી કેદી " વાળા ફકરા તરફ ગયું હતું.

" આપણને મુંબાઇના પોલિસ કમિશનર તરફથી આ વિષે કેમ કાંઈ ખબર મળી નહીં હોય ? " પોલિટિકલ એજન્ટે ડિટેક્ટિવને પૂછ્યું.

" હું ધારૂં છું કે, તેમને ચોક્કસ ખબર મળશે એટલે તરતજ તેઓ આપણને તેની વિગત મોકલશે. અકસ્માત ભયંકર હોવાથી ઉતારૂઓનાં શબ શોધી કાઢવામાં હજી તો કેટલીયે મુશીબત સત્તાવાળાઓને ઉઠાવવી પડતી હશે."

" બેશક એ સમજી શકાય છે. પણ આપણા ગુન્હેગારનું શું થયું, એની આપણે તપાસ કરવી જોઈએ. મેં એટલા માટેજ તમને બોલાવ્યા છે."

" ઈવનિંગ ન્યુઝે મેળવેલી ખબર સત્તાવાળાઓ તરફનીજ હોય, એવું મારૂં અનુમાન છે. એ ખબર ઘણે ભાગે સાચી હોવી જોઇએ—"

" તો તેની લાશ આપણે મેળવીએ અને અહીં લાવીએ, એ મને સારો રસ્તો જણાય છે."

" મારે ત્યાં જવું એમ આપ સૂચવતા લાગો છો, સાહેબ."

" હા. એ ગુન્હેગાર હતો પણ રાજવંશી હતો અને મોતે તેનાં પાપની સજા તેને કરી દીધી છે. મરેલા તરફ ન્યાય પણ કડક નથી થતો. "

ડિટેક્ટિવ વિચારમાં પડી ગયો. બે ત્રણ મિનિટ બાદ પોલિટિકલ એજન્ટે પૂછ્યું: " તમે હાલમા અહીંથી જાઓ તો કાંઇ નુકશાન છે ? "

" હું અને ચન્દ્રવદન બન્ને પેલી ઝાડીઓવાળા બનાવ પાછળ રોકાયલા છીએ. અમને એ બનાવ આ રાજ્યના ગાદીવારસ સામેના કાવતરા રૂપ લાગ્યો છે—"

" એમ ? રાજકુમારનો પત્તો ઝાડીઓવાળા બદમાશોએ મેળવ્યો છે ? "

" એની ખબર હજી અમે મેળવી નથી પરંતુ જે કાળી આકૃત્તિઓ શાર્દુલરાયની સાથે સામેલ છે, તેમાંનો મોટો ભાગ આ રાજ્યના ભાયાતોનો છે—"

" ઓહો ! અજબ જેવું છે ! "

" આપ સાહેબને તેઓ જે વચન આપી ગયા છે કે, 'ગાદી વારસનો પત્તો અમે મેળવીશું' તે વચન કદાચ પાળવા માટે તેઓ ઇંતેજાર હશે ! સાચો નહી તો કોઇ ખોટો રાજકુમાર તેઓ ઉભો કરશે એમ લાગે છે ! ગમે તે હોય; અમે કાવતરાના સ્ફોટની લગભગ નજદીક છીએ; એટલે અમારી અહીંની ગેરહાજરી હાલ તુર્ત નુકશાનકારક છે. "

હવે પોલિટિકલ એજંટ વિચારમાં પડ્યા. તરતજ ડિટેક્ટિવે કહ્યું: " પણ મરનારનું શબ ઓળખીને મેળવી શકે, એવા આ રાજ્યમાં આપણા ઘણાક માણસો છે. દાખલા તરીકે, સેનાપતિજી, નંદનાથ—"

" હં. એ ઠીક માર્ગ તમે બતાવ્યો. સેનાપતિને હું છુટા કરી શકું નહી પણ નંદનાથને આ કામ સોંપીએ તો–

" સોના જેવું ઉત્તમ, સાહેબ. એ એક ચાલાક અને બુદ્ધિવાન રાજસેવક છે. મરનારને પૂરેપૂરો ઓળખે છે અને મને તે એક-બે વખત ઠીક ઉપયોગી થઇ પડ્યા હતો. "

" ત્યારે હવે એમાં કશીજ ઢીલ નકામી છે. અત્યારેજ તેને અકસ્માત વાળી જગ્યાએ મોકલો. મિ. કૃષ્ણશંકરને તમે મળીને ખબર આપો કે, નંદનાથને છુટો કરે. તેને લાશ મેળવવાનો પરવાના-પત્ર પણ અપાવો. લાગતા વળગતા સત્તાવાળાઓ પાસેથી એ પત્ર મારફત તેને લાશ મળી શકશે. ઉપરાંત, મુંબાઇના પોલિસ કમિશનરને તમે તારના સદેશાથી આ બાબતની ખબર પૂછાવો. "

" પહેલી બાબતમાં હું આપના હુકમ મુજબ બંદોબસ્ત કરૂં છું અને બીજી બાબતમાં એટલે કે પોલિસ કમિશનરને કરવાના તાર સંબંધમાં મારી એવી સૂચના છે કે, અકસ્માતવાળે સ્થળે પણ કદાચ તેઓ ગયા હોય એ સંભવિત હોવાથી તે જગ્યાએ પણ બીજો સંદેશો ગોઠવો."

" તેમાં કાંઈ વાંધો નથી. તમારી ઇચ્છા હોય તેમ કરો."

ડિટેક્ટિવ ઉઠયો અને સલામ કરીને જતો હતો તેવામાં પોલિટિકલ એજંટે કહ્યું: " બાયાતો સંબંધમાં તમને વધુ પત્તો મળે કે તરતજ મને ખબર આપશો ને?"

" એમાં શો શક, સાહેબ?" એટલુંજ કહીને ડિટેક્ટિવ રવાના થયો.

પરિચ્છેદ ૩૦.

રાજકુમારની શોધમાં.

એ દિવસે સાયંકાળે ડિટેક્ટિવ કાઇકની રાહ જોતો રાજ મહેમાન મંદિરમાં આંટા ફેરા મારી રહ્યો હતો તેવામાં ચન્દ્રવદન આવી પહોંચ્યો.:

" કેમ, કાંઇ નવીન ?" ડિટેક્ટિવે પૂછયું.

" ઘણા નવીન સમાચાર હું લાવ્યો છું. આપે વર્ત્તમાનપત્રો વાચ્યાં?"

"એ તો જુના સમાચાર છે. તને સોંપેલા કામનું શું?"

" આપની કલ્પના સાચી પડી છે. હું બરાબર અણીના મોકાપર ત્યાં જઇ ચઢયો હતો. મેં તેને શોધી કાઢયો. આજ તેની સાથે વાતચીત કરી. એ તેજ છે."

" ચોક્કસ?!"

" હા. દાસી તો બે વર્ષ ઉપર ગુજરી ગઇ છે પણ તેની ડોકમાંના એક માદળીઆથી તથા બીજી હકીકતોથી એ તેજ છે એનો સંપૂર્ણ પુરાવો મળી રહે છે."

" તો ચાલ, આપણે વખત નહીં ગુમાવીએ. આપણે પોલિટિકલ એજંટ પાસે જઇએ. દરમ્યાન રસ્તામાં મને કહેવાય તેટલી વિગત કહેજે." તેઓ મોટરમાં બેસીને કંપમાં પોલિટિકલ એજંટને બંગલે ગયા; તે દરમ્યાન ડિટેક્ટિવને ચન્દ્રવદને કેટલીક વિગત કહી.

" સાહેબ, અમે રાજકુમારનો પત્તો મેળવ્યો છે." પોલિટિકલ એજંટ રૂબરૂ જતાં ડિટેક્ટિવે પ્રથમ વાકય ઉચ્ચાર્યું.

" એમ? ક્યાં છે તે?"

" મર્હુમ મહારાણાનાં બહેન વીરબાળાને ત્યાં."

પોલિટિકલ એજંટ આશ્ચર્યચકિત મુદ્રાથી ડિટેક્ટિવ તરફ જોઇ રહ્યો. ડિટેક્ટિવે ચન્દ્રવદનને ઇશારો કર્યો એટલે તેણે કહેવા માંડયું:

" નામદાર પોલિટિકલ એજંટ સાહેબ, ગઇ કાલે પ્રાતઃકાળે સહવારમાં મને હીરેન્દ્રરાય સાહેબે ફરમાવ્યું કે, કૌંતલપૂરમાં એક જણનું મોં મર્હુમ મહારાજાને સહેજ મળતું આવે છે, એવો મને શક છે. તેથી તું તેની પાસે જા. તેમણે મને એ જુવાનનું નામ કહ્યું હતું કે જેની પાસે જઇને મારે પૂછપરછ કરવાની હતી. તેનાં માબાપ કોણ છે, તેનું જન્મસ્થાન શું છે, તેના જમણા હાથ ઉપર સ્વસ્તિકનું છુંદણું છે કે નહીં, એ વિષે મારે હકીકત મેળવવાની હતી. એ મુજબ, હું એક મોટરમાં બેસીને છ વાગ્યે અહીંથી ગયો. ત્યાં ત્રણ કલાકમાં પહોંચ્યો. મને ત્યાં જતાં એક ઘણાજ ગમગીની ભરેલા ખબર સહુથી પહેલાં એ મળ્યા કે, મહારાજાનાં પત્ની વીરબાળા બહુજ બિમાર છે. પરમદિવસે તો તેઓ કૈલાસવાસી થશે, એવી બીક ઉપજી હતી. તેઓ જે દિવસથી મુસાફરીએથી પાછાં ફર્યાં તેજ દિવસથી સખ્ત 'ટાઈફોઈડ' તાવથી પટકાઇ પડયાં છે. આ માંદગીને પરિણામે રાજના નોકરોમાં એક જાતનું ચિંતાનું વાતાવરણ ફેલાયલું છે—"

" મને તો આ ખબર કોઈએ જણાવ્યા નથી" પોલિટિકલ એજંટે કહ્યું.

" એનું કારણ હું જાણતો નથી. પણ મહારાજા પોતે તદ્દન ઢીલા બની ગયા છે. પોતાની પત્નીની બિમારીથી તેઓ પાગલ જેવા ફરે છે અને રાજના તમામ મોટા અમલદારોને રાતદિવસ પોતાની નજદીકજ રાખે છે.'

"સારવાર માટે શી વ્યવસ્થા છે?"

"અમદાવાદ અને વડોદરાથી ત્રણ બાહોશ ડાક્ટરોને બોલાવ્યામાં આવ્યા છે; અને પાંચ નર્સો રાખવામાં આવી છે. તેઓએ આઠ દિવસ ઉપર મુંબાઈથી એક ડાક્ટરને પણ મસલત માટે બોલાવ્યો હતો. આજ સહેજ સારું છે; અને ડાક્ટરો હિમ્મતવાળા છે."

"વારૂ. તમે ત્યાં આ ખબર સાંભળ્યા પછી શું કર્યું?"

"મેં રાજમહેલ પાસે જઇ એક પહેરાવાળાને એક ચિઠ્ઠી લખીને આપી, જેમાં જે રજપૂત યુવકને મળવાનું હતું તેને સંબોધીને મેં લખ્યું કે, 'હું ડિટેક્ટિવ હીનેન્દ્રરાય તરફથી આવ્યો છું. થોડીક પૂછપરછ કરવાની છે. ફક્ત દશ મિનિટ ફાજલ પાડી મળી જશો.' એ ચિઠ્ઠી અંદર ગયા પછી અર્ધા કલાકે એક યુવક બહાર આવ્યો. ચિઠ્ઠી કોણે આપી એવી પૂછપરછ કરતાં હું તેને મળ્યો. મેં તેની સાથે એકાંત માગી. એ ઉપરથી તે પગપાળો મારા સાથે ચાલ્યો. રાજમહેલ પાસેના એક મકાનમાં તે મને લઇ ગયો અને કહ્યું: 'આ મારું મકાન છે. સ્વસ્થતાથી બેસો અને બોલો: જે મહાપુરુષે તમને અહીં મોકલ્યા છે, તે હાલ ક્યાં છે અને તેમણે મને શી ફરમાશ કરી છે?'

ડિટેક્ટિવ કુન્દનપૂરમાં આવી પહોંચ્યાનું તેને મેં જણાવ્યું. એ બાદ મેં તેનો જમણો હાથ જોવા માગ્યો. તેણે પોતાની બાંય ઉંચી ચઢાવી. તેના હાથની કોણીના આગલ્યા ભાગમાં 'સ્વસ્તિક'ની એક સુન્દર આકૃતિ છુંદવામાં આવેલી મેં જોઈ! મેં તેને પૂછ્યું: "આ નિશાની તમે કિયા તીર્થક્ષેત્રમાં પડાવેલી?" તેણે કહ્યું: એ મેં પોતે પડાવેલી નથી. મારા બાળ પણમાં પાડવામાં આવેલી છે. મેં પૂછ્યું: એનો કાંઇ હેતુ હશે? તેણે જવાબ દીધો: એનો અમુક હેતુ હોવાનું મારી મર્હુમ ધાત્રીએ મને કહ્યું હતું. મેં પૂછ્યું: 'મર્હુમ ધાત્રી?!' તેણે કહ્યું: "બીજા કોઇને હું આ વિષે કશાજ સવાલ કરવા દઉં નહીં; પણ તમે એક એવા ગૃહસ્થ તરફથી આવેલા છો કે જેના પ્રત્યે મને અનહદ માન છે અને જેનો એકેક બોલ હું આજ્ઞા સમાન લેખું છું તેથી હું તમને એ વિષે કહેતાં ખચકાતો નથી. વાત એમ છે કે, હું કોઇક ઉંચા રાજપૂત કુળમાં જન્મેલો છું. પણ કોઈ નહીં જણાયલાં કારણોસર મને એક ધાત્રીએ ઉછેર્યો હતો. મારી ડોકમાં એક માદળીઉં છે. તેમાં મારાં માતપિતા સંબંધે અને આ 'સ્વસ્તિક' સંબંધે હકીકત લખેલી છે–" મેં પૂછ્યું: "એ માદળીઉં આપે નથી ખોલ્યું? જો હરકત ન હોય તો મને બતાવશો?" તેણે કહ્યું: "આજ તે ખોલવાનો હું ઇરાદો રાખતો હતો. સહવારથી મેં એકાન્ત અને ફુરસદ મેળવવા ચાહી હતી પણ મહારાણીશ્રીની માંદગીથી અવકાશ મેળવી શક્યો નહતો. તમારી ચિઠ્ઠી મળી એટલે મને બહાનું જડયું. ૦। કલાકની રજા મેળવીને હું નીકળી પડયો છું. મને બરાબર એકવીસમું વર્ષ આજે બેસે છે. બે વર્ષપર મારી ધાત્રી કૈલાસગઢમાં મરણ પામી ત્યારે પોતાની મરણપથારી પરથી મારી પાસેથી તેણે બે વચન લીધાં હતાં. એક એ કે, મારે આ માદળીઉં ૨૧ મા વર્ષની વર્ષગાંઠને દિવસેજ ખોલવું–તે પહેલાં નહીં. બીજું વચન તેણે મારી પાસેથી એ માગી લીધું હતું કે, મારા હાથપરનું છુંદણું મારે આજના દિવસ પહેલાં ચાહી ચલાવીને કોઇને બતાવવું નહીં કે તે કાઢી નાંખવા કોશિષ કરવી નહીં. એક રજપૂત તરીકે મેં એ વચન પાળ્યાં છે. જો ગઇ કાલે તમે મારી પાસે આવ્યા હોત અને આ વિષે કાંઇ જાણવા માંગ્યું હોત તો હું તમને ધસીને સાફ ના પાડી દેત." મેં કહ્યું: "ત્યારે હું ઠીક મોકાસર આવ્યો. મને ડિટેક્ટિવ સાહેબે આપના જન્મસ્થાન અને બાલપણની વિગતો મેળવવાજ મોકલ્યો છે." "એમ?!" તેણે પૂછ્યું: "તેઓ એ વિષે કાંઈ જાણે છે?" મેં જવાબ દીધો: "એની મને ખબર નથી પણ અમુક અનુમાન કરીને તેમણે મને મોકલ્યો છે. આપને આજ માદળીઉં ખોલવાનુંજ છે તો હવે એ વિગત માલુમ પડશે."

"બેશક" એમ કહીને તેણે પોતાની ડોકમાંથી માદળીઉં કાઢ્યું. એ એક સોનાનું માદળીઉં હતું. એક ઈંચની લાંબી અને અર્ધા ઈંચના વ્યાસની ગોળ ભુંગળી રૂપે તે માદળીઉં હતું. પોતાની કટાર વતી તેણે તેનો એક છેડો ખુલ્લો કર્યો. તેમાંથી એક કાગળ નીકળ્યો અને એ વાંચતાં તે પોતે તેમજ હું બન્ને અજાયબ થયા. તેમાં નીચેનું લખાણ હતું:

"આ માદળીઉં પહેરનાર બાળક કુન્દનપૂરના મહારાણા રણવીરસિંહનાં કાયદેસર પત્ની ઉમાદેની કુખે ઉત્પન્ન થયેલો યૂવરાજ છે. મહારાણાએ આ પુત્રને ગાદીવારસ તરીકે કબૂલ રાખ્યાનો દસ્તાવેજ મુંબાઇની વડી અદાલતમાં છે. એનું નામ એના પિતાએ પાડ્યું નહતું. મેં એનું નામ યશપ્રતાપસિંહજી પાડયું છે. પણ તેને જગપ્રતાપસિંહ તરીકે ઓળખવાનું ઠરાવ્યું છે. તેની મુખ્ય બે નિશાનીઓ છે. જમણા હાથે સ્વસ્તિકનું છુંદણું છે અને તેનું મોં મહારાણાને મળતું છે.

લી. દાસી અમૃત."

પરિચ્છેદ ૩૬.

જગપ્રતાપનું બાળપણ.

કુન્દનપૂરના પોલિટિકલ એજંટ અને ડિટેક્ટિવ દીનેન્દ્ર-રાયને આનન્દવદને કહેવા માંડયુંઃ "આ માદળીઉં મેં અને જગપ્રતાપે વાંચ્યા પછી અમે બન્ને પારાવાર આશ્ચર્યમાં ડૂબી ગયા. મેં તેને કહ્યુંઃ "હવે આપશ્રીના હિતેચ્છુઓ જેમ ફરમાવે તેમ આપ વર્ત્તશો તો અવશ્ય કુન્દનપૂરની ગાદી આપને મળશે." મેં તેને આમ કહ્યું તોપણ તે શુંઢમુંઢ જેવો બેસી રહ્યો. મેં પૂછ્યુંઃ "આમ કેમ? શા વિચારમાં છો?" તે બોલ્યોઃ "શું મારામાં એક મહાન રાજવીના પાયતખ્તપર બેસવાના ગુણો હશે? મારી લાયકાત શી?" મેં જવાબ દીધોઃ "આપ એ બાબતમાં કશી આનાકાની કરો નહીં. આપમાં શું છે યા શું નહીં, એ બધું આપના હિતેચ્છુઓ તપાસશે. દરમ્યાન આપ શી રીતે ઉછર્યા, અને આપનાં ફોઇના રાજ્યમાં કેવી રીતે આવ્યા એની વિગત કહેશો?"

તેણે નીચે મુજબ હકીકત કહી. "હું ૧૭ વર્ષનો થયો ત્યાં સુધી મુંબાઇમાં મારી એ ઉછેરનાર ધાત્રી અમૃત સાથે રહેતો હતો. હું તેને મારી સગી માતા જાણતો હતો અને તે પણ હમેશાં મને 'પુત્ર' તરીકે જ બોલાવતી. મારા પર ખૂબ વ્હાલ રાખતી અને મને જરાકે ઉની આંચ આવવા દેતી નહીં. અમે વાલકેશ્વર પર આવેલા એક નાના સરખા બંગલામાં રહેતાં. મને દરેક પ્રકારનું શિક્ષણ આપવામાં આવ્યું હતું. હું મુંબાઇની એલ્ફીન્સ્ટન હાઇસ્કુલમાં ભણતો હતો—"

"હાઇસ્કુલમાં આપની જાત અને નામ શાં રખાયાં હતાં?" મેં પૂછ્યું.

"મારી જાત મૂળથી રજપૂત તરીકે જણાવવામાં આવી છે. હાઇસ્કુલમાં મારૂં હાલનું નામ જગપ્રતાપ અને પિતાનું નામ રણભદ્રસિંહ રખાયું હતું. હું ૧૭ વર્ષે મેટ્રીકની પરીક્ષામાં પાસ થયો. અમારી પરીક્ષા થઈ ગયા પછી મારા જીવનમાં એક સુન્દર પ્રસંગ બન્યો. અમારી હાઇસ્કુલના વિદ્યાર્થીઓએ એમ્પાયર થીએટરમાં એક કોન્સર્ટ ભજવ્યો. એમાં એક રાજકુમાર તરીકે મારો મુખ્ય પાઠ હતો. મારા પાઠથી શ્રોતાઓ ઘણાજ ખુશ થયા. તેઓએ મને તાળીઓ ઉપર તાળીઓથી વધાવી લીધો. એ કોન્સર્ટ ખલાસ થયા બાદ મારા હેડમાસ્તરે મને ખબર આપી કે, પ્રેક્ષકોમાંનાં એક રાજકુટુંબનાં રાણી તને મુલાકાતે બોલાવે છે. હું તરતજ તેમની સાથે ગયો. મને તે રાણીએ અભિનન્દન આપ્યું અને કહ્યુંઃ "તમે જાતે કોણ છો? નામ શું છે?" મેં કહ્યુંઃ "રજપૂત. મારૂં નામ જગપ્રતાપસિંહ" તેણે ટીકા કરી. "ઓહો! નામ તો ઘણું સરસ છે!" તેણે મારૂં કુળ પૂછ્યું. મેં કહ્યુંઃ "મારી માતા હયાત છે. પિતા ગુજરી ગયા છે" મારી માતા પણ પ્રેક્ષકોમાં હતી તેનો અને રાણીનો મેં મેળાપ કરાવ્યો. બાદ તે બે જણે કાંઈક વાત કરી અને કોન્સર્ટ માંથી અમો તેઓને બંગલે ગયાં. એ રાણીની સાથે તેની ૧૩ વર્ષની એક પુત્રી હતી. અને એક બે બીજા અમલદારો હતા. અમે તેને બંગલે ગયાં તે પછી રાણી અને અમૃત કેટલોક વખત ખાનગીમાં વાતો કરતાં રહ્યાં. દરમ્યાન હું અને તે રાણીની પુત્રી તથા તેના અમલદારો વાતોચીતો કરતા રહ્યાં. એ રાજકુમારી મારી સાથે બહુ બહુ વાતો કરતી હતી અને તેના આગ્રહથી મારે મારો સ્વાંગ ફરીથી તેના અને અમલદારોના દેખતાં ભજવી બતાવવો પડ્યો. તે રાત્રે અમે તેને બંગલે સુઇ રહ્યાં. બીજે દિવસે અમૃતે મને ખબર આપી કે "આપણે વિલાયત જવાનું છે." કારણ પૂછતાં તેણે કહ્યુંઃ "આ મહારાણી તને સાથે લેવા માગે છે. એમની રાજકુમારીના 'કંપેનીઅન' તરીકે તેઓ તને રોકવા માગે છે. તારો અભ્યાસ તેમની કૃપાથી તું આગળ વધારી શકીશ." મને એથી આનંદ થયો. અમે ચોથે દિવસે તે બાદ વિલાયત જવા ઉપડયાં. એ મહારાણી કૈલાસગઢના રાજાની પત્ની હતી. તેનું નામ મીનાક્ષી હતું. અને તેની રાજકુમારીનું નામ સુવર્ણલતા હતું. વિલાયતમાં અમે છ માસ રહ્યાં. તે દરમ્યાન મને અને રાજકુમારી સુવર્ણલતાને બન્નેને એક શિક્ષક ભણાવતો હતો. વિલાયતમાં અમે માત્ર પુસ્તકીયા શિક્ષણ ન લીધું. બીજુંયે લીધું. ઘોડેસ્વારી, સાઇકલ અને મોટર ચલાવવાનું, હોડીઓ ચલાવવાનું, તીરંદાજી, બંદુકનાં ગોળીબાર વગેરે વગેરે શિક્ષણ પણ અમે મેળવ્યાં. મારી સાથે રાજકુમારી સુવર્ણલતાને પણ એજ તમામ જ્ઞાન આપવામાં આવ્યું. રાણી મીનાક્ષીને પેટ કોઇ પુત્ર નહતો. ફક્ત એકલી આ સુવર્ણલતા રાજકુમારી હતી. એ રાજકુમારીને એક રાજકુમાર જેવી રીતેજ ઉછેરવામાં આવતી. તેને પોષાક કેવળ એક સ્રીના જેવો નહીં પણ પુરુષ જેવોયે પહેરાવવામાં આવતો. ઘોડેસ્વારી, બંદુકના ગોળીબાર વગેરે વખતે તો તે ખાસ પુરુષનો પોષાક પહેરતી અને એ પોષાક તેને એવો સરસ લાગતો કે, ભાગ્યેજ કોઈ તેને સ્રી છે, એમ કહી શકે. છ માસ બાદ અમે કૈલાસગઢ પાછાં આવ્યાં ત્યાં આવતા મને માલુમ પડયું કે મહારાજાને એક બીજી

રાણી પણ છે; અને તેનેયે કાંઈ સંતાન નથી. રાજકુટુંબ માંનું સૌ કોઇ મને માનની દૃષ્ટિથી જોતું. અમૃતનું પણ બહુજ સારૂં માન રાજકુટુંબમાં જાળવવામાં આવતું.

"બે વર્ષ વહી ગયા. વળી પાછું અમારે ઈંગ્લાંડ જવાનું થયું. એ વખતે મહારાજા પણ સાથે હતા. મને યાદ છે કે, મિ. વિલ્કિન્સન નામના એક અંગ્રેજ સહિત અમારો મેળાપ એ સફરમાં થયો હતો. તેણે હિંદમાં એકવારના ડેપ્યુટી પોલિટિકલ એજન્ટ તરીકે પોતાને જણાવ્યો હતો. અમે ઘણીવાર તેને ઘેર જતાં અને તે અમારા મુકામે આવતો. અમારી સાથે રમતગમતમાં તે એક જુવાનની માફક ભાગ લેતો અને ઘણીજ પ્રેમળતાથી મારી સાથે તે વર્તતો. અમે દરિયા કિનારે નહાવા જતાં; હોડીઓમાં સહેલ કરતાં; અને શિકાર માટે પણ અમો ત્રણે સાથે જતાં. અમો થોડાક માસ ત્યાં રહ્યા બાદ મહારાણી મીનાક્ષીને એક પુત્રનો પ્રસવ થયો અને રાજકુટુંબમાં તેથી ઘણોજ આનંદ પ્રસરી રહ્યો. બેએક માસ વધુ વીત્યા પછી અમૃત માંદી પડી. એની એ માંદગી પ્રાણઘાતક નીવડી. એનો મરણકાળ સમીપ આવ્યો ત્યારે એણે મને પોતાની પાસે એકાન્તમાં બોલાવ્યો અને કહ્યું: "તું એક ઉચ્ચકુળનો રાજપૂત છે. તારી માતા હયાત નથી પણ પિતા હયાત છે. પણ તે કોણ છે એ હું કહી શકું તેમ નથી. મને તે કહેવાની પરવાનગી નથી. પરંતુ તું કોણ છે એ મહારાણી મીનાક્ષીને મેં કહ્યું છે તેમજ મિ. વિલ્કિનસન પણ જાણે છે. તું કોઇને તે વિષે પૂછીશ નહીં અને પૂછીશ તોયે તેઓ તને કહેશે નહીં. તારી ઈચ્છા તારા પિતા કોણ છે તે જાણવા તલસી રહે એ કુદરતી છે. પણ તે તું બરાબર ૨૧ વર્ષનો થશે ત્યારે તારા કોટમાંના માદળીઆથી જાણીશ. તારી ૨૧ મી વર્ષગાંઠને દિને તે ખોલજે એટલે તને તરત સમજાશે કે તું કોણ છે? તારો માર્ગ એ વેળા તું આપોઆપ સરળ કરી શકીશ અને ઇશ્વરઈચ્છા હશે તો તારૂં ભાગ્ય ખીલશે." તેણે એ પછી મારી પાસે એ સોગંદ લેવરાવ્યા કે જે મેં અગાઉ કહ્યા છે. માદળીયું ૨૧ મે વર્ષેજ ખોલવું અને 'સ્વસ્તિક' ની નિશાની કોઇને ખાસ બતાવવી નહીં. મને એ વેળા યાદ આવ્યું કે, એ નિશાની તો બે જણે ખાસ જોએલી છે! દરિયા કિનારે હું મિ. વિલ્કિન્સન અને સુવર્ણલતા સાથે નહાવા જતો ત્યારે ફક્ત નહાવાનાં સ્વેટર્સ પહેરીને અમે નહાતાં હોવાથી મારા હાથ ખુલ્લા રહેતા અને ત્યારે એ નિશાની દેખાતી. મિ. વિલ્કિન્સને મને કદાપિ એ નિશાની માટે કાંઇ પૂછ્યું નહતું પણ રાજકુમારીએ એકવાર પૂછ્યું હતું ત્યારે તે અસલથી હોવા વિષે મેં તેને જવાબ દીધો હતો. અમૃતને તેની મરણ પથારી ઉપર મેં એ વાત કહી ત્યારે તે બોલી: "તેની કશી ચિન્તા નથી. પણ હવે પછી કોઇને બતાવતો નહીં. મિ. વિલ્કિન્સનને તારી હકીકતથી મેં વાકેફ કર્યા છે તેથી જ તેઓ તારા પરિચયમાં આવ્યા છે. એ તો તારા ખાસ શુભેચ્છક છે. તેમણે તારી નિશાની જોઇ છે તેમાં ચિન્તા નથી પણ રાજકુમારીએ જોઇ છે તો તેની જિજ્ઞાસાને તારા ૨૧ મા વર્ષ સુધી શાન્ત રાખવા કહેજે. બાદ તેણે મને એક વાત કહી. તે સાંભળી મને આશ્ચર્ય અને આનંદ ઉભયે થયાં."

અમૃતે કહ્યું: "તને આજસુધી કૈલાસગઢની રાજગાદી અપાવવાની મારી બધી તજવીજ હતી, પણ મહારાણીને હવે પુત્ર પ્રસવ્યો છે એટલે એ અભિલાષ નિરર્થક છે પરંતુ મહારાણી તને સુવર્ણલતા સાથે પરણાવશે એ તો નિઃસંશય છે. એમને અને મારે આ સંબંધી વાતચીત થયેલી છે. તમો ઉભય એક બીજા માટે લાયક છો. તમો ઉભય વચ્ચે પ્રેમ છે. તમારી ચેષ્ટાઓ પણ એ પ્રકારની છે. હું અને મહારાણી તે જાણીએ છીએ. તેમના તરફથી કશું તમારાં બેનાં લગ્નમાં વિઘ્ન આવશે નહીં. પણ ૨૧ મા વર્ષે તું બરાબર જાહેર થયા બાદ તારાં લગ્ન થશે. માટે તારા જીવનને આજ જેવું ઉચ્ચ અને ચારિત્ર્યમાં નિષ્કલંક રાખ્યું છે તેવું જ રાખજે. પણ મારી તને સલાહ છે કે, મારા મરણ બાદ કોઇને તારા ઉપર વેરઝેર ઉપજે નહી તે માટે તું આ રાજકુટુંબથી છુટો થઇ જજે. સુવર્ણલતા માટે તારો પ્રેમ ભલે કાયમ રાખજે પણ તું કૈલાસગઢની રાજગાદી માટે યત્ન કરતો હોવાનો રજમાત્ર શક મહારાણીને ઉપજે નહીં તે માટે બહેતર છે કે, તારે હિંદમાં જઇ કોઇ રાજ્યમાં સારી જગ્યાએ ઓદ્ધો લેવો અને ૨૧ મા વર્ષે તો તું તારી યોગ્ય જગ્યાએ જઇ શકીશ. જરૂર હોય તો મિ. વિલ્કિન્સનની સલાહ લેજે."

બાદ તે મરણ પામી.

"એક માસ બાદ જ્યારે મહારાજા હિંદમાં પાછા ફર્યા ત્યારે હું પણ હિંદ આવ્યો. ત્યાંથી વદાય થતી વખતે મિ. વિલ્કિન્સનની સલાહ મેં માગી કે, તમે કોઇ રાજમાં મને ગોઠવી આપશો? તેણે મને તરત જ કૌતલપૂરના મહારાજા ઉપર ભલામણપત્ર આપ્યો અને તે પત્ર મને મહારાજાના એ. ડી. કાં. તરીકે જગ્યા મેળવવામા ઘણો જ કીંમતી થઇ પડયો. બે વર્ષથી હું આ સ્થાન પર છું હવે આ માદળીઆની વિગત જોતાં તમે કહો તેમ વર્તવા હું તૈયાર છું."

ચન્દ્રવદને પોલિટિકલ એજંટ અને ડિટેક્ટિવને કહ્યું: "આ વિગત તેની પાસેથી જાણ્યા બાદ મેં તેને જણાવ્યું કે: 'હાલ તુર્ત તો તમારા કોઇ ઘણાં બિમાર છે એટલે તમારી આ વિગત અહીં કોઇને કહેતા નહી. દરમ્યાન હું ડિટેક્ટિવ સાહેબને મળી આવું છું અને તેઓ જેમ સૂચવશે તેમ હું તમને ખબર આપીશ'. એણે ચૂપ રહેવા કબૂલ્યું છે અને હું આપની પાસે આવ્યો છું. હવે આપને જે યોગ્ય લાગે તે કરો."

પરિચ્છેદ ૩૨.

ભોંયરામાં સપડાયો !

કુન્દનપુરનો ભાવી ગાદીવારસ જગપ્રતાપ છે એવી હકીકત ચન્દ્રવદન જાહેર કરી રહ્યો તે બાદ પોલિટિકલ એજન્ટે કહ્યું: "આ બાબતમાં વિચાર કરી જોવા આપણે અવકાશ લેવો જોઇશે. આવતી કાલે સહવારે જગપ્રતાપને તમે મારી રૂબરૂ લાવજો. એ પછી શું કરવું તે હું જણાવીશ."

પોલિટિકલ એજન્ટની આ પ્રકારની સૂચના ડિટેક્ટિવને ગેરવાજબી લાગી નહીં. તે જાણતો હતો કે, રાજ્યોને લગતા ખટપટી મામલામાં પૂર્ણ સાવધાનીથી ખાત્રી કર્યા પછી જ પગલાં લેવાય.

તેણે પોલિટિકલ એજન્ટ પાસેથી વદાય માગી.

તે અને ચન્દ્રવદન બહાર નીકળ્યા પછી ડિટેક્ટિવે તેને સૂચના આપી: "આપણે આજ મધ્ય રાત્રે એક જબરા સાહસમાં પડવાનું છે. આવતી કાલે સહવારે સાહેબ આગળ જગપ્રતાપ હાજર થાય, તે પહેલાં તેના માર્ગમાંના સર્વ કાંટા આપણે સાફ કરવાનાં છે."

"શું આપ સાહેબે ડિટેક્ટિવનો ધંધો છોડી દીધો છે?" ચન્દ્રવદને પૂછ્યું: "અને ખૂન—"

ડિટેક્ટિવે હસતા હસતા તેનાં મોં ઉપર હાથ દાબીને કહ્યું: "હું ખૂની છું; પણ કોનો? અન્યાયનો, અપરાધનો, પાપનો! મને ખાત્રી છે કે, આજ રાત્રે એ જાતનાં ખૂન હું કરીશ."

"તો તેમાં મારો આપને ટેકો છે. આજ્ઞા ફરમાવો."

પોતાના ઘડીઆળમાં જોઇ ડિટેક્ટિવે કહ્યું: "અત્યારે ૭ ને ૩૫ થઇ છે. હું તને બતાવું તે ઝાડીઓ આગળથી આપણે છૂટા પડીશું. તું મોટરમાં વદાય થજે અને સેનાપતિ પાસે જઈ સૂચવી દેજે કે, બરાબર ૧૨ ને ટકોરે ૧૦૦ ઘોડેસ્વાર સૈનિકો સહિત તે મજકુર ઝાડીઓ આગળ આવી પહોંચે. સેનાપતિને આ ખબર આપીને તું ફરીથી મોટરમાં બેસી શહેરના દરવાજા સુધી આવજે અને ત્યાંથી પગપાળો અહીં આવી પહોંચજે. તમંચો અને કાળો બુરખો ભૂલીશ નહીં. આપણા મેળાપની નિશાની કુતરાનો અવાજ."

"સાહેબ, કાંઈક વધુ ખુલાસો?" ચન્દ્રવદને પૂછ્યું.

"એજ કે, મારામારીનો મામલો સંભવિત છે. પકડાવાની અને પરિણામે માર્યા જવાની પૂરતી તક છે!"

"ત્યારે તો હતો વા પ્રાપ્સ્યસિ સ્વર્ગ—"

"જો, પેલી ઝાડીઓ આવી-"

"હં. જોઇ."

"એ ઝાડીઓમાં ૧૨ વાગ્યા પહેલાં મારા ધારવા પ્રમાણે કોઇ આવી પહોંચનાર નથી. હું એકલોજ હોઈશ. તેની અંદરનો ભેદ તું આવી પહોંચ્યા પછી જાણીશ." એમ કહીને ડિટેક્ટિવે મોટર હાંકનારને મોટર થોભાવવા સૂચના કરી. ક્ષણેકમાં તે મોટરમાંથી કુદકો મારી ઉતરી પડ્યો.

મોટર મારફત જતાં જતાં ચન્દ્રવદને જોયું કે, ડિટેક્ટિવે પોતાના કોટ નીચેથી કમ્મરે વીંટાળેલો એક કાળો ઝબ્બો બહાર કાઢ્યો અને તે ઓઢી લઈને તે ઝાડીઓ તરફ ગયો.

સાયંકાળ વીતી ચૂકી હતી. શહેરમાં અને બહાર જ્યાં જ્યાં વસ્તી હતી, ત્યાં દીવાઓ થયા હતા. પણ ઝાડીઓ આગળ અંધારૂ હતું. વીજળીની બેટરીનો પ્રકાશ તેમાં પડ્યો. એક હાથમાં રિવોલ્વર અને બીજા હાથમાં બેટરીવાળો કાળા બુરખાધારી ડિટેક્ટિવ ધીમે પણ મક્કમ પગલે ઝાડીઓની અંદર પ્રવેશ કર્યો. પ્રકાશ ઉંચે, નીચે અને આસપાસ ફેંકાતો રહ્યો. વચ્ચે વચ્ચે જમીનપર તે પોતાના પગ અહીં તહીં પછાડતો રહ્યો. આસરે ૫૦ ફીટ તે પહોંચ્યો હશે તેવામાં ઝાડી બહાર વાત સંભળાઇ; "લ્યો, પાછું આજ ભૂત દેખાયું!"

"ઓ બાપરે!" એવી બીજી કારમી ચીસ પડી.

ડિટેક્ટિવે બેટરીનો પ્રકાશ એકદમ ગુલ કરી દીધો અને જે જગ્યાએ તે ઉભો હતો, ત્યાંજ થોભી ગયો. પાંચેક ક્ષણ વીત્યા પછી એ જગ્યાએ પગ ઠોકી જોતાં 'એ જગ્યા પોલી છે' એવો ડિટેક્ટિવને શક ઉપજ્યો. તે જમીન પર સુઇ ગયો. જમીન સરસા કાન માંડી તેણે હાથથી જમીનને મુક્કીઓ મારી. અનુમાન ખરૂં પડ્યું. તેણે અંધારામાંજ કામ શરૂ કર્યું.

શહેરના મોટા ઘડીઆળમાં જ્યારે ૮ ટકોરા વાગ્યા ત્યારે ડિટેક્ટિવની મહેનત સફળ થઇ. જે જમીન પોલી હતી તેની નીચે કોઇ ભોંયરૂં હોવાનો તેને શક ઉપજ્યો હતો. એ ભોંયરૂં ખોલવા માટે તે અંધારાના ભાગમાં તજવીજ ચલાવી રહ્યો હતો; પણ સંપૂર્ણ સાવધતાથી. એક હાથમાં રિવોલ્વર રાખીને બીજા હાથમાં તેણે એક મોટું

ચપ્પુ પકડ્યું હતું અને એ ચપ્પાથી તેણે જમીન પર ટકોરાઓ પાડવાનું આરંભ્યું હતું. સાથે સાથે પગવતી આસપાસ ફીટના વિસ્તારમાં એકેક એક ઈંચ જમીનને દબાવતો જતો હતો કે ક્યાંક એ ભોંયરૂં ઉઘડવાની ચાંપ દબાય છે ખરી?

૯ ના ટકોરા પડ્યા કે, એક ઝાડના થડ પર ડિટેક્ટિવનો હાથ ગયો અને જ્યાં ટકોરા પૂરા થયા કે તરતજ એ જગ્યાએ ચાંપ દબાતાં ભોંયરા ઉપરનું ઢાંકણુ ખુલ્લું થઈ ગયું. લગભગ ત્રણ સમચોરસ ફીટનું એ ઢાંકણુ હતું. ચપ્પુ ખિસ્સામાં મૂકી દઈને ડિટેક્ટિવે અંધારામાંજ તે ભોંયરામાં ઉતરવા માંડ્યું. તેને માલુમ પડ્યું કે, તે ભોંયરામાં ઉતરવા માટે પગથીઆં હતાં. આશરે પાંચ પગથીઆં ઉતરીને તેણે બેટરીનો પ્રકાશ પાડ્યો. તે જોઈ શક્યો કે, તે એક વિશાળ લંબચોરસ ભોંયરૂં હતું.

એ ભોંયરાના અવલોકન માટે હજી તો ડિટેક્ટિવ બત્તી ફેરવી નીચી કરે છે ત્યાં અંદરથીજ કોઇકે પડકાર કર્યો: "કુણ સે? નિશાની આલ! ચ્યમ આલતો નથ્ય?"

ડિટેક્ટિવે આ ભોંયરામાં કોઈ હોવાનું ધાર્યું નહતું. તે ગભરાયો પણ ફક્ત એક સેકન્ડ માટે! એ બાદ તેણે બત્તીનો પ્રકાશ, બરાબર જે તરફથી અવાજ આવ્યો હતો તે તરફ ફેંક્યો. બુકાનીઓ બાંધેલા અને માથે ફાળીઆ વીંટેલા બે માણસો ઉભા હતા. તેઓ બન્નેના હાથમાં એકેકી ડાંગ હતી. ચન્દ્રવદનને પોતે કહેલા શબ્દો યાદ આવ્યા. 'મારામારીનો મામલો!' પણ તે હિમ્મત હારે એવો નહતો.

તેણે ડાબા હાથમાં ઉંચે ઉંચે બીજા હાથમાંની રિવોલ્વર તેઓ સામે બત્તીના પ્રકાશમાં તાકીને મોટે અવાજે કહ્યું:

"નિશાની જોઇએ છે? ડાંગો મૂકી દઈને આમ આવો; નહીતર ગોળીબારથી વીંધાઇ જશો."

તેઓ ઉભા રહ્યા. લગીરે હીલચાલ કરી નહીં.

"આવો છો કે નહીં? તમને ચેતવણી આપી દીધી છે. હવેની જોખમદારી મારે માથે નહીં."

એના જવાબમાં સામેના માણસોમાંથી એક જણ ડાંગ ઉગામીને તેના તરફ આવવા લાગ્યો. "બીજો કેમ નથી આવતો?" ડિટેક્ટિવે પૂછ્યું. ત્યાં તો જે ડાંગ સાથે ઉભો રહ્યો હતો, તેણે પોતાનો પગ જમીન પર અફળાવ્યો, ભોંયરાના બાકોરા આગળથી તો દાદરનો છેડો જમીનપર પડ્યો અને તેની સાથે ભોંયરાનું ઢાંકણુ બંધ થવા ઉપરાંત ડિટેક્ટિવ દાદર ઉપરથી ગબડી પડ્યો. આ અચાનક બનાવ બન્યો ત્યારે પણ ડિટેક્ટિવ પોતાની સમયસૂચકતા ચૂક્યો નહીં. પડતાં પડતાં તેણે બત્તી પોતાના હાથમાં જોરથી પકડી રાખી તથા પોતાની રિવોલ્વરનો ઘોડો દાબીને તેમાંથી ગોળીબાર કરી દીધો.

પણ એની સમયસૂચકતા વ્યર્થ નીવડી; કારણ કે, એજ વખતે ભોંયરાની એક દિવાલમાંના ફાનસમાં દીવો થયો. તે જ્યાં પડ્યો હતો ત્યાંની જમીનનો પથ્થર જરાક હાલ્યો. હાલવા બાદ એકદમ ઉલટી ગયો અને ડિટેક્ટિવ એક અંધારા ખાડામાં ગબડી ગયો.

"રામ રામ, બત્તીવાળા ભાય, રામ રામ!" એવો કરડાગીમાં ઉચ્ચારાયલો સ્વર ડિટેક્ટિવને કાને અથડાયો. ઉપરાઉપરી બે જગ્યાએ પડવાથી ડિટેક્ટિવને બેસવાની જગ્યાએ વાગ્યું અને દુઃખાવો થવા લાગ્યો. થોડીકવાર શાન્ત રહીને તેણે જ્યાં પોતે પડ્યો હતો ત્યાં બત્તીનો પ્રકાશ ફેંક્યો. આશરે એક ફીટની સમચોરસ બંધીઆર જગ્યામાં તે પડ્યો હતો. પહેલીવાર જ્યાં પડ્યો ત્યાં પથ્થર હતા; પણ આ જગ્યામાં પથ્થર નહતા.

તે ધીમે રહીને ઉભો થયો અને ગણગણ્યો: "ગોળી બાર ખાલી ગયા હોય એમ જણાય છે અને બુકાની વાળાઓ પસાર થઇ ગયા લાગે છે!! ચિન્તા નહીં."

આમ તેમ તેણે ફાંફાં મારવા માંડ્યાં કે કોઇ ઉપાયે બહાર નીકળાય છે ખરૂં? પણ આ જગ્યામાં તો ફક્ત ચાર દિવાલો; ઉપર છત અને નીચે જમીન સિવાય બીજું કાંઈ જણાતું નહતું. ઉપરની છત લગભગ એક વાંસ પૂર ઉંચી હતી.

ડિટેક્ટિવે રિવોલ્વર ખિસ્સામાં મૂકી દઇ પોતે જે જગ્યાએ પડ્યો હતો તેની બરોબર સીધમાં જમીનપર બત્તી એવી રીતે મૂકી કે જેથી તેનો પ્રકાશ છત ઉપર પડે. બાકોરાવાળી જગ્યા એ છે, એવી એંધાણી આ મુજબ રાખીને ડિટેક્ટિવે દિવાલો કેવી છે તે તપાસવા માંડ્યું. પોતાના ખિસ્સામાંથી ચપ્પુ કાઢીને તેણે તેની અણી એક દિવાલમાં ખોસી. ચુનો તેમાંથી ખરી પડ્યો અને એક બાકોરૂં પડ્યું.

"દમ વિનાની દિવાલ છે!" તે ગણગણ્યો: "અર્ધી કલાકની અંદર તેની આરપાર જઇ શકાય પણ બનવા જોગ છે કે, તેની પાછલી બાજુએ નક્કર જમીન હશે. ભોંયરૂં અને તેની અંદર આ ભોંયરૂં હોવાથી જમીનના ઉંડાણમાંજ સેવક પડ્યો છે. એટલે આરપાર જવાનો વિચાર માંડી વાળવો; અને ઉંડાણમાંથી ઉંચાણમાં જવા મનસુબો ધારવો."

ચપ્પાવતી તેણે દિવાલમાં ખાસ્સું એક વેંત જેટલું બાકોરૂં પાડ્યું. એ પછી તેનીજ સીધમાં એક બીજું; અને પોતાનો હાથ ઉંચે જઇ શકે એટલે દૂર એક ત્રીજું પાડ્યું. પહેલાં બાકોરા માંહેલા એકમાં પોતાનો એક પગ મૂકીને તેણે પોતાનો હાથ ઉંચા બાકોરામાં નાંખ્યો અને તે બાકોરામાં ટેકવેલા હાથના બળથી ઉંચા થઇ તેણે પોતાનો બીજો પગ પહેલા પગની સીધમાંના બાકોરામાં મૂકી દીધો. તરતજ તેનો છુટ્ટો હાથ કામે લાગી ગયો.

જોતજોતામાં પહેલાં અને બીજા બાકોરાંની અધવચમાં બે નવાં બાકોરાં તેણે પાડયાં અને ચપ્પુ દાંત વચ્ચે પકડીને તેણે બન્ને હાથ ઉપલા એકજ બાકોરામાં રાખીને ખૂબ બળ કરીને પોતાના બન્ને પગ અધવચના બન્ને બાકોરામાં મૂકી દીધા. અદ્દકડો ટીંગાઈ રહ્યો હોય, એવી સ્થિતિમાં થોડીવાર તે રહ્યો. જમણો હાથ બાકોરામાંથી કાઢીને દાંત વચ્ચેનું ચપ્પુ તેમાં પકડી તે ગણગણ્યો:

"ચાલો, આટલે ઉંચે તો અવાયું છે! હવે વધુ ઉંચે પ્રગતિ કરીએ."

જેટલે ઉંચે હાથ જઈ શકે તેટલે ઉંચે તેણે ખોદકામ પુનઃ શરૂ કર્યું. એ નવું બાકોરું પડી ચૂકયું તેવામાં-

'ફટાક' અવાજ સાથે ઉપરની છતનો પથ્થર ઉલ્ટાઈ ગયો. છતમાંથી બત્તીનો નવો પ્રકાશ તે જગ્યામાં પડયો!

પરિચ્છેદ ૩૩.

પ્રપંચીઓની ધરપકડ !

"ડિટેકિટવ સાહેબ ! આવી પહોંચ્યા છું."

ભોંયરાનો પથ્થર ઉલ્ટાઈને બત્તીનો પ્રકાશ પડયા બાદ ઉપરથી અવાજ આવ્યો અને એ અવાજ ડિટેકિટવે દોસ્તનો પારખ્યો.

"કોણ ચંદ્રવદન?" તેણે પૂછયું.

"હા જી. આપની પાસે દોરી છે કે?"

એનો જવાબ આપવાને બદલે ડિટેકિટવે દિવાલ પરથી જમીન પર પડતું મૂકયું. તેણે પોતાનું ચપ્પુ ખિસ્સામાં મૂકી દઇને પોતાની કમ્મરેથી એક પાતળી પણ મજબુત દોરની દોરી કાઢી. તેનો છેડો ઉપર ફેંકીને તેણે કહ્યું: "ઝાલજે!"

એ છેડો ઝાલવામા આવ્યો. પોતાની વિજળીની બેટરી બંધ કરી ખિસ્સામાં મૂકી ડિટેકિટવ લટકતી દોરી વતે ઉપર ચઢી આવ્યો અને જુએ છે તો માત્ર ચન્દ્રવદન જ નહીં પરંતુ તેની સાથે રાવબહાદુર અને એક કેદી થયેલો બાયાત પણ હતા!

"બીજો કોઇ પણ પકડાયો છે કે?" ડિટેકિટવે પૂછયું.

"ના જી.".

"ત્યારે" ડિટેકિટવે કહ્યું: "વખત ગુમાવવામાં સાર નથી. આની સાથેનો બાયાત બીજાઓને બોલાવવા ગયો હોવો જોઇએ. તેઓ હમણા જ આવી લાગશે."

રાવ બહાદુરને ડિટેકિટવે જરાક આઘો લઇ જઇને ધીમેથી કાઇક સૂચનાઓ આપી અને એ સાંભળ્યા બાદ તે ત્યાં થોભ્યો નહીં. દાદર નજદીક દિવાલમાનું એક અટ્ટન દાબતાં ભોંયરા ઉપરનું ઢાંકણ ખુલી ગયું અને તે બહાર પડયો.

ડિટેકિટવ ચન્દ્રવદન તરફ વળીને બોલ્યો: "આ લોકો આજ રાતના જે કાવતરૂં કરનાર છે, તેથી તું માહિત છે કે?"

"નહી," ચન્દ્રવદને કહ્યું: "હું આપના કહેવા મુજબ સેનાપતિને ત્યાંથી તુરતજ પાછો ફર્યો અને ઝાડીઓ આગળ આવ્યો ત્યારે આ બુરખા વિનાના પણ બુકાની બાંધેલા ગામડીઆને મેં ત્યાં ડાગ સહિત ઉભો જોયો. કદાચ આપે પોપાક બદલ્યો હશે, એમ ધારી લઇને મેં કુતરૂં ભસવાનો અવાજ કર્યો. પણ આ ગામડીઆ તરફથી કાંઈ સામો જવાબ નળ્યો નહીં. હું ગુંચવાયો. જવાબ મળ્યો નહીં ત્યારે તો જરૂર કોઇક બીજો આસામી હશે, એમ મેં માની લીધું. તો પછી આપનું શું થયું હશે? કદાચ ને આપની હીલચાલ પકડાઈ ગઇ હોય એમ ધારી લઇને મેં આ માણસને તાબે કરવા નિશ્ચય કર્યો. સાવચેતી તરીકે એકવાર ફરીથી કુતરૂં ભસતું હોય એવો અવાજ મેં કર્યો. પણ તેનોયે જવાબ ન મળ્યો! બસ હવે મારે કાંઇ આનાકાની કરવાની હતી જ નહીં. ધીમે રહીને હું તે માણસની પાછળ ગયો. મેં જોરથી તેના પર તુટી પડી તેની ડાંગ છીનવી લઈને દુર ફેંકી દીધી. મારે ને તેને ઝપાઝપી ચાલી. એટલામાં કોઇક ત્રીજો માણસ અમને અથડાયો. બત્તી સળગી અને જોઉં છું તો રાવબહાદુર! પરસ્પર અમે એક બીજાને ઓળખી ગયા. બન્નેએ મળીને આ ગામડીઆને મ્હાત કર્યો. હાથકડી પહેરાવી દીધી. 'આપ કયાં છો?' એ વિષે તેને પૂછપરછ કરતાં તેણે પગમ તો કાંઇ ઉત્તર આપ્યો નહીં; પણ મેં તેને દમ

દાટી દીધા કે, "યાદ રાખજે. ૦। કલાકના અરસામા લશ્કર આવી પહોંચશે. અમે તારાં અને તારા સાક્ષીઓનાં કાવતરાંથી વાકેફ છીએ. બધાને પકડી પકડીને ગોળીબારથી ઉડાવી દઇશું."

રાવ બહાદુરે પોલીસ-અધિકારી તરીકે પોતાની ઓળખાણ તેને આપી અને કહ્યું કે, જે માણસને અમે શોધીએ છીએ તે બ્રિટીશ રાજનો એક મોટો ડિટેક્ટિવ છે. તેને જો કાંઈ ઇજા પહોંચશે તો સમજજે કે આ દુનિયામાં તું જીવતો રહીશ નહીં. જ્યારે અમે તેને આ મુજબ ખબર આપી ત્યારે તેણે કહ્યું: "એ ડિટેક્ટિવ છે? મહારાજા મરણ પામ્યા, ત્યારે આવ્યા' તા, તે જ?" મેં હા પાડી. તે તરતજ કરગરી પડયો અને બોલ્યો: 'બાપજી, મને માફી આપો એટલે હું તમને બતાવું કે તેઓ ક્યાં છે?" મેં કહ્યું: "પહેલાં બતાવ. પછી બીજી વાત," તે અમને આ ભોંયરામાં લાવ્યો; ભોંયરાના બટનોના ભેદ અમને બતાવ્યા અને પછી આપને અમે બહાર કાઢયા."

ડિટેક્ટિવે તે માણસ તરફ વળીને પૂછયું: "તારી સાથેનો માણુસ ક્યાં છે અને તું કોણ છે?"

"બાપજી," તે બોલ્યો: "હું તમને નામથી ઓળખું છું. દીઠે બરાબર ઓળખતો નથી. મારૂં નામ હરસમ-"

ડિટેક્ટિવે એકદમ તેનું કાંડું પકડીને તેને તમાચો લગાવી દીધો અને કહ્યું: "મહારાજાનો એક વખતનો વિશ્વાસપાત્ર ખવાસડો! આખરે તું જ વિશ્વાસઘાતી નીવડયો?! નાદાન! તારાં બધાં કારસ્થાનની મને ખબર છે. મૂરખ! તારી સ્ત્રીએ તને ખૂબ સમજાવ્યો હતો છતાં તને સાન આવી નહીં? પણ હવે અમે તને આ કાવતરામા ભાગ લેવા માટે બરાબર સ્વાદ ચખાડીશું. તારો સાથીદાર બીજા બધાને બોલાવવા ગયો છે ને?"

"હા. બાપજી" હરસમે કહ્યું: "પણ હું બધા ગુન્હા કબુલી દેવા તયાર છું. મને ખબર નહીં કે, તમે બધું જાણતા હશો."

"તમે લોકો આજ રાતના શું કરવાના છો તેની રજેરજ વિગતથી હું વાકેફ છું.' ડિટેક્ટિવે કહ્યું: "જાલિમસિંહના ૧૫ વર્ષના પુત્રને તમે લોકો આજ રાતના તમારા રાજા તરીકે સ્વીકારવાના છો ને?! જાલિમસિંહના પત્ની પણ અહીં આવનાર છે, એવું તારી સ્ત્રી મારફત તમને બધાને કહેવામાં આવ્યું છે ને?—"

હરસમ ચમક્યો. "તમ તો બધુંય જાણો છો!!"

"ફક્ત જાણું છું એમ નથી પણ તેની સામેનાં પગલા પણ લઇ ચૂકયો છું." ડિટેક્ટિવે કહ્યું: "બળવો જગાડવો, અશાન્તી ફેલાવવી, અને તમારે માનીતો રાજા લાવવો, આ બધી જે લીલાલહેર બાબાતોએ, તેં અને શાહુકારોએ કરી છે, તેના હું ફેંસલો ઉરાડી દઇશ. સૈનિકોના ગોળીબારથી તમો સૌના શરીરના રાઇ રાઇ જેવા ટુકડા થશે!"

ચન્દ્રવદન તરફ વળી તે ડિટેક્ટિવ બોલ્યો: "ચન્દ્રવદન, મારૂ દોરડું આના શરીરપર વીંટાળી દે અને એના મો ઉપર રૂમાલ બાંધી દે. તે બાદ હું એક કામ પતવી દઉં અને આપણે આ ભોંયરા બહાર જતા રહીશું."

"બાપજી, મને ન જકડો-ના બાંધો." હરસમે કહ્યું: "જો હવે હું તમને દગો દઉં તો મને સો બ્રહ્મહત્યાનું પાપ."

"તુ ગમે તે કહે; પણ આ કટોકટ વખતે તારા પર હું વિશ્વાસ રાખી શકું નહીં. છતાં હાલ તુર્ત મારો માણુસ જેમ કરે છે તેમ કરવા દે. બહાર પછી ગયા હું જોઇ લઈશ કે કેટલા પ્રમાણમાં તારાપર વિશ્વાસ રાખવો."

ચન્દ્રવદને હરસમને આખે શરીરે દોરડાના બંધ વીંટાળ્યા. બાદ તેના મો પર રૂમાલ બાંધી દીધો. ડિટેક્ટિવે પોતાને જે ભોંયરામાં કેદ કર્યો હતો તે ભોંયરા નજદીક જઇ તેમા પોતાનો ઝભ્ભો જરાક છૂટો કરીને નાંખ્યો. અને ફાનસ નજદીક આવી બટન દબાવતાં ભોંયરાનો પથ્થર સીદ્ધો સપાટ થઇ ગયો. તેણે કહ્યું: "આનું કારણ તું સમજ્યો કે, ચન્દ્રવદન?"

"હા જી" ચન્દ્રવદને કહ્યું: "તેઓ આપ નામદારને આ ભોંયરામાં શ્વાસોશ્વાસ વિના રૂંધાઇને મરી ગયેલા સમજે એમ બતાવવા આપે આમ કર્યું. પણ તેઓ અંદર ઉતરશે તો પોલ પકડાઇ જશે!"

"એની ચિન્તા નહીં. એ દરમ્યાન તો નજદીકની નદીમાથી પુષ્કળ પાણી વહી ગયુ હશે!" ડિટેક્ટિવે હસીને ટીકા કરી.

તેઓએ હરસમના બન્ને બાજુના દોરના છેડા પોતાના હાથમાં લીધા. અને ભોંયરા બહાર આવીને શહેરની સામી બાજુએ ઝાડીઓની પાર તેઓ નીકળ્યા.

દશેક મિનિટ વીતી એટલામા તે ભોંયરામાં પગ ભીઆ આવવા લાગ્યા. તેમાના એકે બીજાને પૂછ્યું:

"પગુભા, હરસમ અહીં પણ નથી! ક્યાં ગયા હશે?"

"ઇ જવાનો હતો કોકને બોલાવવા ગયા હશે. બાકી, હું તમને બધાને બોલાવવા આવ્યો ત્યારે ઇ બહાર ઉભો'તો ઇ ચોક્કસ."

"હાં...કદાચ તમે કહો છો એ બનવા જોગ છે. તમે પેલા પકડેલા માણુસને ભોંયરામાં રાખ્યા છે કે?"

"હોઉવે. મારો બેટો નાનકી બંદુકડી બતાવતો'તો; હોંકે સારદગાસહ? પણ હવે ઈ રૂંધાઇને મરી ગ્યો ન હોય તો મારા બાપના હમ!"

તેઓએ બટન દાબીને પથ્થર ઉઘાડ્યો અને અંદર નજર કરી. ડિટેક્ટિવની અગમચેતી તેમને આબાદ છેતર

નારી નીવડી. ફાનસના અજવાળામાં તેઓએ બુરખાનો લોચો જોયો અને માંહોમાંહે કહેવા લાગ્યા: "મરી ગયો! જરૂર રૂંધાઇને મરી ગયો!" "ચાલો, એક કાશ ગઇ !"

"નહીં. આપણે એમને એમ કાંઇ ધારી લેવું જોઇએ નહીં. કદાચ થોડોક જીવ એનામાં હોય. માટે ખાત્રી કરો. અંદર ઉતરી એને લઇ આવો." શાર્દૂલરાયે કહ્યું.

બહારના ભોંયરાનો દાદર છૂટો કરવામાં આવ્યો અને બે જણ અંદર ઉતર્યાં. જ્યાં તેઓ બુરખાને હાથ અરાડે છે કે ચમક્યા! "દગો! દગો!" તેઓ બોલી ઉઠ્યા. "આ તો ફક્ત ઝભ્ભોજ છે!" શાર્દૂલરાય ફાનસ સાથે અંદર ઉતર્યાં અને તેના અજવાળામાં તેણે જોયું કે–ભોંયરામાં કોઇ નથી. ફક્ત બુરખોજ છે.

તેઓ ત્રણે ઉપર આવ્યા. દાદર તેની અસલ જગ્યાએ મૂકી દેવાયો. પથ્થર સીધો બનાવી દેવાયો. શાર્દૂલરાયનું મો ગંભીર બની ગયું. તે બીજાઓને કહેવા લાગ્યો: "જબરો દગો થયો લાગે છે. એ આવનાર માણસ કોણ હતો? અને ગયો ક્યાં? વળી હરભમ પણ કેમ અહીં જણાતો નથી?" તેના અવાજમાં ગંભીરતા હતી; ચિંતાતુરતા હતી; અકળામણ હતી; કોઇ અણધાર્યા ભયની બ્હીક હતી.

"આવો, આવો, આપણે બધા નિરાતે બેસીને વચ્ચાર કરીએ. અકળાયે શું વળે?" એમ કહીને એક જણ બધાને ભોંયરાની વચ્ચોવચ્ચ લઇ ગયો. બધા જમીન પર બેઠા. ધીરે ધીરે બીજાઓ પણ આવવા લાગ્યા. શાર્દૂલરાયે ભોંયરાની બીજી છુપી જગ્યાઓ જોઇ. ત્રણ દિવાલોમાં અમુક અમુક જગ્યાએ બટન દાબતાં ત્રણ હાટીઆં ખુલ્લાં થયાં. પણ તે ત્રણે ખાલીખમ હતાં! એમાં કાંઈ જ ભરાયલું નહતું! તે નિરાશ અને વધુ ચિંતાતુર બન્યો. લગભગ ૦। કલાકે કુલ્લ ૧૧ જણ આવી ગયા. એટલે શાર્દૂલરાય બોલ્યો: "આપણે બધા ફક્ત હરભમ વિના એકઠા થઇ ગયા છીએ; ખરૂં ને? આપણી નિશાનીઓ બતાવો અને મ્હોં ખુલ્લા કરી દો."

સર્વેએ એક હાથ ઉપર બીજો હાથ મુકી ચોકડીની નિશાની કરી. અને પોતપોતાનાં મોં ખુલ્લાં કર્યાં. શાર્દૂલરાયે પણ તેમ કરીને સૌનાં મ્હો બરાબર નિરખ્યાં. બાદ કહ્યું: "પણ હરભમડો કયા?"

"જહાનમની ખાડ મેં ગયો! ઇ એકનો એક સવાલ ચ્યારના શું કરી રહ્યા સો, મારા ભઇ!" પથુભાએ કહ્યું: "આપણું કોમ પતવો કની? એટલે થીઙ્?"

"પણ શી રીતે પતવું?" શાર્દૂલરાયે કહ્યું: "મહારાણી અને આપણા બાલરાજા તો બરાબર ૧૨ વાગ્યે આવનાર છે."

"આ ભજેશંગને મોકલો તે જઇને ઇ બેયને રામાલાને આંહિ લયેઈ આવે—"

તે આમ બોલી રહ્યો એટલામાં ભોંયરૂં ઉઘડ્યું. અને દાદર પર બુકાનીવાળો હરભમ દેખાયો. તેણે પ્રપંચીઓની નિશાની–એક હાથ ઉપર બીજો હાથ મૂકતી ચોકડી–કરી. તે એકલો જ ન હતો. તેની સાથે બીજી બે બુરખાધારી વ્યક્તિઓ હતી અને તેઓએ પણ હરભમની જેમ પોતાના હાથની નિશાનીઓ કરી હતી. સૌ ઉભા થઇ ગયા.

હરભમ અને બુરખાધારી વ્યક્તિઓ ધીમે ધીમે આગળ વધી. તેઓ નજદીક આવતાં હરભમે કહ્યું: "લાવ્યો છું. મહારાણી અને આપણા બાળ મહારાજાને લાવ્યો છું."

"હું કહેતો'તો કને? નકકોમા સારદળ ભઈ ઉતાવળા થે રીઆ'તા" પથુભાએ કહ્યું: "જુઓ, હરભમડો તો આ બેઉને લાવવા ગ્યો'તો. ઠીક બજાવી, હરભમ!"

"એમનાં મોઢા ખુલ્લાં કરાવો." શાર્દૂલરાયે કહ્યું.

હરભમે કહ્યું: "મહારાણીનું મોં આપણા દેખતાં શી રીતે ખુલ્લું થાય? એમનો ઓઝલ આ બધા એમના વડીલ ભાયાતો આગળ કદી ખુલે કે?"

"પણ એજ મહારાણી છે, એમ શા ઉપરથી માનવું?"

"મારામાં તમને અવિશ્વાસ છે?" હરભમે પૂછ્યું.

"જે આદમીને ભોંયરામાં પૂર્યો હતો તે છટકી ગયો છે; એટલે જે અહીં આવે તે દરેકનાં મોં સાવચેતીની ખાતર ખુલ્લાં કરાવ્યા શિવાય છુટકો નથી. બોલો, પથુભા શું કરવું છે?"

"મહારાણી બુરખો કાઢી નાખીને ઘુંઘટ ભલે રાખે. આપણામોંથી વનેશંગ મહારાણી કરતાં ઉમ્મરમાં નોનો સે. રોણીનું મોઢું ફક્ત ઇ એકલો જોઇને ખાત્રી કરી લયેશે તો બશ છે."

જે વ્યક્તિને મહારાણી તરીકે હરભમે બતાવી હતી, તે હવે ફાનસ આગળ જઇને ઉભી રહી. હરભમ ભોંયરાની વચ્ચે જઇને ઉભો રહ્યો અને ત્રીજી બુરખાધારી વ્યક્તિ ફાનસની સીધમાં સામી બાજુએ જઇને ઉભી રહી.

તરતજ ફાનસ પાસેની વ્યક્તિએ સીટી બજાવી. તેજ વખતે, તેણે, હરભમે, અને ત્રીજી બુરખાધારી વ્યક્તિએ–ત્રણે જણે પોતાના બન્ને હાથમાં અકેકી રિવોલ્વરો સહિત પ્રપંચીઓના ટોળાને પડકાર કર્યો: "હાથ ઉંચા કરો. તાબે થાઓ."

સૌ આભા બની ગયા અને તેઓ વિશેષ આભા તો એ જોઇને બન્યા કે, દાદરપરથી સંખ્યાબંધ સૈનિકો ખુલ્લી તલવારો સાથે આવીને તે ભોંયરામાં જમા થઈ ગયા! તેઓની મોખરે આવનારા બે જણ–સેનાપતિ અને શાવ-

બહાદુર મણિધરપ્રસાદ-પાસે વિજળીનો પ્રકાશ પાડતી બત્તીઓ હતી.

પ્રપંચીઓ નરમ ઘેંશ જેવા થઇ ગયા. તેઓએ પોતાના હાથ કચારનાયે ઉંચા કરી દીધા હતા. ફાનસ પાસેની વ્યક્તિ આગળ આવી. બુરખો ખુલ્લો કરીને તેણે હુકમ આપ્યો. "સૌને હાથકડી કરી દો."

શાર્દુલરાય એ વ્યક્તિને જોઇને ગભરાયો. "અરે! આ તો ડિટેક્ટિવ હીનેન્દ્રરાય!" તે બોલી ઉઠયો.

"વિશ્વાસઘાતી મંત્રી! હું તે જ હીનેન્દ્રરાય છું, જેના હાથની બનાવટી સહી તમે કરી હતી, સમજ્યા? તમારો એ ગુન્હો, આ રાજદ્રોહી પ્રપંચ આગળ, બેશક, કાંઇ જ વિસાતમાં નથી."

દશ મિનિટના અરસામા તે અગીઆર અને બારમા હરલમને પણ દશકલાઓ પહેરાવીને ભોંયરા બહાર કાઢવામાં આવ્યા. સૈનિકોની ટુકડી વચ્ચે તેઓને રાખીને સેનાપતિ તેઓને લઇ ગયો.'

જ્યારે તે બધા ત્યાંથી ગયા, ત્યારે ત્રણ વ્યક્તિઓ ઝાડીમાથી બહાર પડી ધીમે ધીમે વાતચીત કરતી ચાલવા લાગી. એ ત્રણ ડિટેક્ટિવ, ચન્દ્રવદન અને રાવબહાદુર હતા.

રાવબહાદુરે પૂછ્યું: "હરલમપર આપ શી રીતે વિશ્વાસ રાખી શકયા?"

"એમાં જીવ સટોસટ સોદો હતો." ડિટેક્ટિવે કહ્યું: "તમને મેં સાવધાનીથી સૈનિકો સાથે શહેરની સામી બાજુએ ઝાડીઓ પાછળ આવવા કહેલું. તે મુજબ તમે આવી લાગ્યા એટલે મને હિમ્મત આવી. ભોંયરામાં ગયા બાદ હરલમ કદાચ દગો દે, કદાચ અમને ઠાર કરે, તો પણ અમારૂં વેર લેનાર તમે તો મોજુદ હતા જ ને? એટલે મારા જીવની દરકાર કર્યા વિના મેં હરલમ પર વિશ્વાસ મૂકીને પ્રપંચીઓને છેતર્યા. મહારાણી તરીકે હરલમે મને ઓળખાવ્યો. અને ચન્દ્રવદનને નવા બાલ-રાજા તરીકે ઓળખાવ્યો. તમે સૌ વખતસર આવી પહોંચ્યા તેથી કામ સાંગોપાંગ પાર ઉતર્યું."

"પણ આ લોકો આજે અમુકજ પ્રપંચ માટે એકઠા થનાર છે એ બાતમી આપે શી રીતે મેળવી?" રાવ બહાદુરે પૂછ્યું.

ડિટેક્ટિવે હસીને જવાબ દીધો: "એ લાંબી કથા છે. ચાલો, મારી સાથે રાજ મહેમાન મંદિરમાં. ત્યાં હું તમને આ પ્રપંચીઓના કારસ્થાન શાં શાં હતાં, તેથી વાકેફ કરૂં."

પરિચ્છેદ ૩૪.

ઘટસ્ફોટ!

રાજમહેમાન મંદિરે ગયા પછી ડિટેક્ટિવે રાવબહાદુરે અને ચન્દ્રવદનને કહેવા માંડયું: "સેનાપતિ પાસેથી, રાવબહાદુર સાહેબ, તમને પોલિસ અધિકારીનો હોદ્દો સોંપાવ્યા પછી, બે ત્રણ દિવસ દરમ્યાન જે હકીકતો મેં જાણી હતી તે ઉપર મનન કરી જોઇને ઝાડીઓમાં ધાંધળ કરનારા ભાયાતો હોવા જોઈએ, એમ મેં અનુમાન કર્યું. શાર્દુલરાયનો ભેટો સેનાપતિને બે વખત થયેલો, એટલે તે પણ તેઓમાં સામેલ હોવો જોઇએ એ તો મેં નિર્વિ-વાદ ધારી મૂકયું. આ લોકોનો પત્તો ઝાડીઓમાંથી મેળવવા કરતાં ગામમાંથી મેળવવો વધારે સહેલો થઇ પડશે, એમ નક્કી કરીને મેં ગામમાં ભાયાતોનાં ઘરો આગળ વેશ પલટીને ભ્રમણ શરૂ કર્યું. કુલ્લ દશ ભાયાતોનાં મકાનો, જુદાં જુદાં માણસોને પૂછપરછ કરીને શોધી કાઢયાં અને તેઓનાં નામની યાદી કરી લીધી."

ડિટેક્ટિવે પોતાના ખિસ્સામાંથી એક યાદી કાઢીને રાવબહાદુરના હાથમાં મૂકી અને આગળ ચલાવ્યું: "આ લોકોનાં મકાનો ઉપર રાતની વખતે બારીક નજર રાખતાં એક રાત્રે એક ભાયાતને તેના ઘરમાંથી નીકળીને એક બીજા મકાનમાં મેં પેસતો જોયો. એ ભાયાતના મકાનથી મજકુર મકાન બહુ છેટું નહતું. જે ભાયાતોનાં મકાનો મેં જોયેલાં તેમાંનું તે મકાન પણ નહતું. ત્યારે કોઇક બીજાનું હોવું જોઇએ. એમાં જઈને આ ભાયાત શું કરે છે, તે મારે જાણવું હતું. તેથી હું મજકુર મકા-નની પાછલી બાજુએ ગયો. તેના મજલા ઉપરની એક બારી મને ખુલ્લી દેખાઇ. હું તે મકાન પર ચઢીને બારીમાં દાખલ થયો. જોઉં છું તો તે એક માળીઉ હતું. જેમાં કેટલોક ડાકડમાળ પડયો હતો. મકાનને મજલો નહતો. પણ એક મોટા વિશાળ ખંડવાળું તે મકાન હતું.

માળીઆમાંથી મેં નીચે નજર કરી તો ઝગઝગાટ એક દીવો બળતો હતો અને જમીન પર પાથરેલી એક જાજમમાં ચાર પાંચ માણુસો અને એક સ્ત્રી બેઠેલી હતી ! શું હું કોઈ અનીતિ–ગૃહમાં આવ્યો હોઈશ ? એવી શંકા મને થઈ. પણુ ના, તે શંકા ખોટી પડી. હું અનીતિ–ગૃહમાં આવ્યો ન હતો. પરંતુ હરભમ ખવાસના ઘરમાં આવ્યો હતો, જ્યાં ભાયાતો એકઠા મળીને રાજદ્રોહનો પ્રપંચ કરતા હતા. તેઓની વાતચીતમાંથી મેં એવી વિગત એકઠી કરી કે જે સ્ત્રી ત્યાં બેઠી હતી તે હરભમ ખવાસની વહુ હતી. તેને તેઓ જાલિમસિંહની પત્ની પાસે જવા અને ભાયાતો તરફથી એક સંદેશો કહેવા આગ્રહ કરતા હતા કે–"ભાયાતો જાલિમસિંહનું કુળ રાજગાદી પર આવે એમ ઇચ્છે છે. તેથી તેમના ૧૫ વર્ષના પુત્ર હમીરસિંહને બાલરાજા તરીકે સ્થાપવા અને આપને રાજમાતા તરીકે રાજકારોબાર આપવા ઇચ્છે છે. આપ સંમતિ આપશો એટલે અમે એ કામ કેવી રીતે પાર પાડવું તેની વ્યવસ્થા કરીશું." તેઓ આ સંદેશો હરભમની વહુ સાથે મોકલવા ચ્હાતા હતા; પણુ તે વિરોધ કરતી હતી. તે કહેતી હતી કે, "મારા ખાવિંદની સારી જિંદગી મર્હુમ મહારાણુાના એક વફાદાર અને વિશ્વાસુ હજુરીઆ તરીકે વીતી છે. જીવતાં કદી તેણે મહારાણુાને દગો દીધો નથી તો હવે તેમના મરણુ બાદ આવો દગો ન રમાય." આ રકઝક ચાલતી હતી ત્યાં બીજા પાંચ–સાત જણુ તે મકાનમાં આવી લાગ્યા. એમાંના એક જણુને બધાયે વચ્ચોવચ્ચ બેસાર્યો. તેણે મોટું પાઘોટું બાંધ્યું હતું. તેને દાઢી હતી. તેણે પોષાક ભાયાતોના જેવો પહેર્યો હતો. તેણે બેસીને સવાલ કર્યો: "શું ચાલે છે ?"

ડિટેક્ટિવે રાવબહાદુરને કહ્યું: "એનો અવાજ મને પરિચિત લાગ્યો. એક વાર એક માણુસનો અવાજ સાંભળ્યા પછી હું તે કદી ભૂલતો નથી. મને ભ્રાન્તિ થઇ કે, એ શાર્દુલરાય હશે અને સત્તાવાળાઓના હાથમાં પકડાવાય નહીં માટે વેષપલટામાં હશે. મારી ધારણા ખરી પડી. તેના પ્રશ્નના જવાબમાં તેને એકજાણે "સારદારસાહેબ" એ નામથી સંબોધીને હરભમની વહુના વિરોધની વાત કહી. એટલે તેણે તેને સમજાવવા માંડી: "જો, તારી એકલીના વિરોધ ખાતર આટલા બધાનું હિત બગાડ નહીં. આપણે વર્ત્તમાન કાળ ધ્યાનમાં રાખવો જોઇએ. ભૂત કાળ નહીં. અત્યારે વસ્તુસ્થિતિ એ છે કે, જો નવો કોઇક અજાણ્યો ગાદીવારસ ગાદીએ આવશે તો જાલિમસિંહના જેટલા સાથીદાર હશે તે બધાએના બાર વાગી જવાના ! એ નીતિની નજરે ખરો હોય તો વાંધો નથી પણુ મહારાજાએ કોઇકની સાથે પ્રેમમાં પડી અનીતિ કરી તેમાંથી ઉત્પન્ન થયેલો એ કોઈ છોકરો રાજગાદી ભોગવે એ ઠીક નહીં. જાલિમસિંહજી રાજવી છે. તેઓ અત્યારે ક્યાં છે તે અમે જાણુતા નથી. પણુ તેમના પુત્રને ગાદી આપીશું એટલે તેઓ જ્યાં હશે ત્યાંથી અહીં આવી લાગશે અને ખરી રીતે તેઓ પોતે રાજા થશે. હું દિવાન થઇશ. આ ભાયાતોના વડા મુખ્ય સેનાપતિ થશે. તારા ધણીને એક સારી જાગીર આપીને નાનો ઠાકોર બનાવીશું અને બીજા સૌને મુબલક નાણાં, જમીન, ખેતરો વગેરે મારફત અમન ચમન અને મોજશોખનાં સાધન મળી રહેશે. આટલા બધા લાભ આ સૌને થશે તે ફક્ત તારી એકલીની મહેરબાની અને ચાલાકીથી થશે. માટે અમારૂં ભવિષ્ય ન બગાડ. શાસ્ત્રો પણુ કહે છે કે, સૌનો લાભ સરતો હોય આપણે નીતિનિયમોને તિલાંજલિ આપવી !"

હરભમની વહુએ કહ્યું: "આવું કોઇ સાસ્તર કહેતું હોય એમ મને ખબર નથી પણુ તમે બધા જ્યારે આગ્રહ કરો છો અને મારો ખાવિંદ પણુ તમારી જોડે ભળ્યો છે છે ત્યારે હું એકવાર પાસો અજમાવી જોઉં છું."

આમ કહીને તે ત્યાંથી ગઇ. તે દરમ્યાન આ લોકો પોતાના ઉજ્જવળ ભવિષ્ય સંબંધી કંઈ કંઈ તરંગો રચતા રહ્યા. હું તે બધા સાંભળતો રહ્યો અને મનમાં હસતો રહ્યો.

એક કલાક બાદ હરભમની વહુ પાછી આવી અને તેણે કહ્યું કે–મહારાણીએ લગભગ 'હા' પાડી છે પણુ ચોક્કસ જવાબ કાલે આપવા કહ્યું છે. સો વસા એ જવાબ 'હા' માંજ મળશે. 'ત્યારે આપણે બધા કાલે આ વખતે અહીં એકઠા થઇશું.' એમ કહીને તેઓ વિખરાઇ ગયા. હું પણુ તે મકાનમાંથી બારી વાટે બહાર ઉતરી પડયો.

બીજે દિવસે હું હરભમના ઘર આગળ વેશ પલટીને લટાર મારતો રહ્યો. તે જ્યારે ઘરમાંથી બહાર ગયો ત્યારે મેં તેમાં પ્રવેશ કર્યો અને તેની સ્ત્રીને મારી ઓળખાણુ આપીને પૂછ્યું: "શું જાલિમસિંહનાં પત્નીએ ખરેખર પોતાના પુત્રને રાજા બનાવવા સંમતિ આપી છે ?' મારા પ્રશ્નથી તે ગભરાઇ અને પૂછવા લાગી: 'તમે એ શા ઉપરથી જાણ્યું ?' મેં તેને કહ્યું કે "હું ગમે તે રીતે જાણી ગયો છું. તમારાં સૌનાં આ કારસ્થાન નભશે નહીં. ઇશ્વર તેમાં રાજી થશે નહી. એ સિવાય, મેં આ ખટપટ જાણી છે એટલે સાહેબની મારફત ભેંડો ફોડી નાંખીશ તથા તારા ધણીને અને તને નાક કાન કાપીને ઉંધે ગધેડે બેસાડી આખા ગામમાં ફેરવીશ !" તેણે કહ્યું: "પણુ તમે શા ઉપરથી કહો છો કે, હું આમાં ભળી છું ? તમને મહારાણીના ખરા જવાબની ખબરજ ક્યાં છે ? હું અને મહારાણી જ તે જાણીએ છીએ." મેં કહ્યું: "તેં દીધેલો જવાબ જો ખરો ન હોય તો હું ખુદ મહારાણી પાસે જઇ તેમણે શો જવાબ દીધો છે, તે જાણી આવીશ. મારે તો મર્હુમ મહારાણુાની મરણુપથારી ઉપરનું વચન સાર્થક કરવું છે. નિમકહરામીપણું કે વિશ્વાસઘાત કરવો નથી." તે આંખમાંથી ક્રોધની જવાળા છોડતી બોલી: "હું જાતે ખવાસ છું પણુ મરેલાંને કદી વિશ્વાસઘાત કરતી નથી. અને આ દાખલામાં કરો

નથી.” આનો અર્થ શો ? એ હું સમજી ન શક્યો. તેણે કહ્યું: “મહારાણીનો ખરો જવાબ જાણવો છે ?” મેં હા પાડી. તેણે કહ્યું: “મને વચન આપો કે, મારા ધણીને કાંઈજ સજા આ ખટપટમાં થશે નહીં તો હું તમને મહારાણીનો જવાબ તેમનેજ મોંઢેથી સંભળાવું અને પછી મેં શી રમત આ લોકો સાથે માંડી છે તે કહું.” મેં તેને એ વિષે આશ્વાસન આપ્યું. તે મને પોતાની સાથે જાલિમસિંહની પત્નીના મહેલે લઇ ગઇ. મહારાણીની પરવાનગી મેળવીને તેણે મને મહેલમાં દાખલ કરાવ્યો.

એમાં દાખલ થતાં મને ખ્યાલ પણ નહતો કે, હું એક આર્ય રમણી અને શુદ્ધ રજપૂતાણી પાસે જાઉં છું. મને ખબર નહતી કે, એક બદમાશની પવિત્ર અને પુનિત પ્રકૃતિની પત્ની આગળ હું જાઉં છું. હરસમની વહુ મારફત જાલિમસિંહની પત્ની રૂબરૂ હું ગયો ત્યારે તેણે મને કહ્યું: “દીનેન્દ્રરાય ! તમે અહીં આવ્યા હશો, એ હું જાણતી નહતી. મારાં નણંદ વીરબાળાને તમારામાં જેટલો વિશ્વાસ છે તેટલો મને પોતાને પણ તમારામાં છે. તમે જેમ સત્ય અને ન્યાયને ચાહો છો તેમ હું પણ ચાહું છું...”

મેં કહ્યું: “આવાં વેણ સાંભળીને મને આપના પ્રત્યે પૂજ્યતા ઉત્પન્ન થાય છે.”

તેણે કહ્યું: “મારાં ખોટાં વખાણ ન કરશો. પણ તમારી અનુભવી બુદ્ધિ વડે મને કહેજો કે, મેં ભાયાતોને આપેલો જવાબ વ્યાજબી છે કે નહીં ?”

“શો જવાબ ?” મેં પૂછ્યું.

“મેં તેમને કહેવરાવ્યું છે કે, હું એક રજપૂતાણી છું. સાચી રજપૂતદુહિતા કદી અનીતિ ન કરે; કદી અન્યાયનો સાથ ન કરે; કદી પારકા હક્ક પર તરાપ ન મારે. હું આ કાવત્રામાં સામેલ થવા ના પાડું છું.”

આ જવાબ સાંભળી હું તો ચકિત જ થઇ ગયો. મને નક્કી લાગ્યું કે, આમાં ઈશ્વરનો ગેબી હાથ છે. નવીન રાજાનું ભાગ્યપરિબળ છે. જાલિમસિંહની પત્નીનાં વખાણ હું મનમાં કરતો હતો તેવામાં તેણે આગળ કહેવા માંડયું: “દીનેન્દ્રરાય ! આ દાસીએ મને મારા નીતિના માર્ગથી ચળાવવા યત્નો કરી જોયા છે પણ તે ફાવી નથી. તે મને કહેતી હતી કે, નવા ગાદીવારસ તરીકે અને મહારાણાના પુત્ર તરીકે મારા કુમારને ગોઠવવામાં આવશે. દુનીયા જાણશે નહીં કે આ અનીતિ કરવામાં આવી છે.’ પણ મેં તેને જવાબ દીધો કે, “જગત જાણે નહીં એવી રીતે કદાચ તમે આ કાવત્રું કરશો તો પણ જગતનો પ્રભુ વિશ્વનો નાથ–તો તે જાણશે જ.” તેણે મને મારા પતિ નારાજ થશે એવી દમદાટી દીધેલી. મેં તેને જવાબ દીધો કે: “જે કામમાં વિશ્વનો નાથ રાજી થાય તેમાં મારા સ્વામીનાથની નારાજીની મને પરવા નથી. અમે રજપૂતાણીઓ મિરાંબાઇનો આદર્શ ધ્યાનમાં રાખીએ છીએ. મહાન પ્રભુને ખાતર કદાપિ અમારા પ્રભુનો કોપ વહોરવો પડે તો તે સહન કરવા સદા તૈયાર જ રહીએ છીએ.”

ડિટેક્ટિવે રાવબહાદુરને કહ્યું: “આ આદર્શ રજપુતાણીનાં દર્શન કરવા માટે હું મને પોતાને ભાગ્યશાળી માનવા લાગ્યો. મેં ઘણા રજવાડા જોયા છે. પણ આવી રજપુતાણીનાં દર્શન તો મને આ વખતે પહેલાંજ થયાં. મેં તેને નીતિના આ માર્ગે દૃઢ રહેવા માટે ધન્યવાદ આપ્યો અને જે બાબત મેં જાણી છે, તે સંબંધમાં ઘટતી તજવીજ કરવા તેને વચન આપ્યું. બાદ હરસમની સ્ત્રીને મેં ધમકાવીને પૂછ્યું કે–“ હવે તારી રમત શી છે તે કહે; અને મહારાણીને તેં આવા આવા સવાલો કરીને શા માટે અનીતિને માર્ગે ચઢાવવા ચાહ્યાં ? ”

તેણે હસીને જવાબ દીધો: “મે તેમની કસોટી કરી જોવા આ બધા સવાલો કર્યા હતા. આ સવાલોનો જે છેવટનો મક્કમ ‘ના’ નો જવાબ મને મળ્યો તે પછી હું પોતેજ પલટાઇ ગઇ. એમનો દાખલો હું શા માટે ન લઉં ? મારો ધણી મારાથી નારાજ થશે તો પણ હું શા માટે તેની સામે પડીને નીતિના માર્ગને વળગી ન રહું ?’ આવા સવાલો મારા અંતઃકરણને પૂછીને મે આખરે નિરધાર કર્યો કે: બસ રાજકુળને વફાદાર રહેવું; પણ મેં એ વફાદારી કાવત્રા સામે કાવત્રાથી બતાવવા ઠરાવ્યું. કાવત્રાખોરો કેટલે સુધી ધાંધળ કરે છે, એની કસોટી કરી જોવા માટે મેં તેઓને મહારાણીનો ખોટોજ જવાબ કહ્યો કે, તેમણે ‘હા’ પાડી છે. હવે આમાં મારી મતલબ એ છે કે, તેઓ શું કરે છે તે જાણી લેવું અને છેક છેવટે અમારા સેનાપતિજીની મદદ લઇને તેઓને બધાને પકડાવવા. મહારાણીજીને મેં આ બેત કહ્યો, ત્યારે, પ્રથમ તો, મારા આ બેતને તેઓ કબૂલ થયાં ન હતાં પણ તેમણે પાછળથી હા પાડી છે, એ તેમને પૂછવાથી તમે ખાત્રી કરી શકશો.”

મેં જાલિમસિંહની પત્ની તરફ જોયું એટલે તેણે ‘હા’ પાડી. મેં કહ્યું: “એમાં કશી ચિન્તા કરવા જેવું નથી. હું હવે આ બાબતમાં હરસમની વહુ સાથે સર્વ ગોઠવણ કરીશ અને તેની મારફત આપને વારંવાર ખબર પહોંચાડતો રહીશ.”

હું અને હરસમની વહુ મહેલમાંથી વદાય થયાં. બાદ તે રાત્રે જ્યારે સૌ ભાયાતો હરસમને ત્યાં એકઠા થયા ત્યારે હરસમની વહુએ રાણીનો ચોખ્ખો હકાર કહી સંભળાવ્યો. હું પહેલી રાતની માફક માળીઆમાં જ ભરાઇ પેઠો હતો.

તેઓએ તે બાદ પોતાની યંત્રણા રચી. ત્રીજે દિવસે ઝાડીઓવાળા ભોંયરામાં મધ્યરાત્રે સૌએ મળવું. ત્યાં હરસમની વહુએ મહારાણી અને બાલ મહારાજાને લાવવા.

સો ભાયાતોએ તેમને વફાદાર રહેવાની પ્રતિજ્ઞા લેવી. એ બાદ બીજે દિવસે એકદમ જઇને મહેલનો કબજો લઇ લેવો; નવો રાજા જાહેર કરવો અને લોકોને ઉશ્કેરીને સત્તાવાળાઓની સામે થવું.

ડિટેક્ટિવે રાવબહાદુરને કહ્યું. " આ મંત્રણા રચીને તેઓ સર્વ ત્યાંથી વિખુટા પડયા. તેઓએ ભોંયરામાં મળવા ઠરાવેલો દિવસ આજનો હતો અને તમે જાણો છો તેમ, તેઓની પહેલીજ મુરાદ આપણે બર આવવા દીધી નથી. "

" સાહેબ, આપની ચાલાકીનું આ પરિણામ છે. " રાવબહાદુરે કહ્યું.

"જગપ્રતાપના તપોબળનું અને કુન્દનપૂરના મર્હુમ રાજવીના પુન્યનુંજ કેવળ આ પરિણામ છે." ડિટેક્ટિવે જવાબ દીધો.

" જગપ્રતાપના તપોબળનુંએટલે? "

" એ હકીકત ચન્દ્રવદન જાણે છે. તમારે પણ જાણવી હોય તો કાલ સહવારે પોલિટિકલ એજંટને ત્યાં ૭ વાગે આવશો એટલે જાણશો. "

પરિચ્છેદ ૩૫.

તુટેલી સાંકળના અંકોડા.

બીજે દિવસે સહવારમાં ડિટેક્ટિવ પોલિટિકલ એજંટને ત્યાં ગયો અને ચન્દ્રવદનને જગપ્રતાપને બોલાવવા મોકલી ત્યાં લાવવા જણાવ્યું. એ બન્નેના જવા બાદ રાવબહાદુર રાજમહેમાન મંદિરે આવી પહોંચ્યો પણ તેઓને ત્યાં ન દીઠાથી તેણે એક બીજો રસ્તો લીધો. તે તુરંગમાં પહોંચ્યો અને ત્યાં પોલિસ અધિકારી તરીકે તેણે ચાહુંલરાય, ભાયાતો, હરલમ વગેરેની હકીકતો નોંધવાનું આરંભ્યું.

સાહેબ પાસે જઇને ડિટેક્ટિવે જ્યારે ભાયાતોની ધરપકડની હકીકત તેને કહી ત્યારે તે ચકિત જ થઈ ગયો અને તેને ધન્યવાદ આપવા લાગ્યો કે, "તમે ઘણી સ્ફુર્તિથી આ કાવતરૂં પકડી પાડીને રાજને બચાવ્યું છે."

ડિટેક્ટિવે પોતાની ફરજ સિવાય પોતે વિશેષ કાંઇ કર્યું નથી, એવું જણાવ્યું. તે ભાયાતોને લગતી હકીકત કહી રહ્યો ત્યાર પછી ચન્દ્રવદન જગપ્રતાપને લઇને આવી પહોંચ્યો.

સાહેબે તેને પહેલો પ્રશ્ન એ પૂછયો કેઃ " કૌંતલપૂર નરેશનાં પત્ની બિમાર હોવાની ખબર મને કેમ નથી કહેવરાવી? "

તે આ સાંભળીને આશ્ચર્યચકિત થયો. તેણે કહ્યુંઃ " અમે દર બીજે કે ત્રીજે દિવસે આપને એક સ્વાર સહિત ખબર કહેવરાવતા રહ્યા છીએ અને એના જવાબમાં આપના તરફથી વારંવાર અમોને દવા બહુ જ સારી રીતે કરતા રહેવાની સૂચનાઓ મળતી રહી છે, એ આપ કેમ વિસરી જાઓ છો?"

" ત્યારે શું હું ખોટું બોલું છું? "

ડિટેક્ટિવે આ ઉપરથી જણાવ્યું કે,:'આમાં જરૂર અધ-વચ્ચ કાંઇક કાવત્રું થયું હોવું જોઇએ અને એ કાવત્રા માટે ભાયાતોની ટોળી જવાબદાર હોવી જોઇએ.'

" તેઓનો હેતુ આ કાવત્રામાં શો હોવો જોઇએ? "

" રાક્ષસી વિનોદ! અથવા પરસ્પર વેર ઝરાવી ફાટફુટ પડાવવાનો કે બે પક્ષના મન ઉંચા કરાવવાનો હેતુ હોવો જોઇએ. "

" એ બાબતમાં આપણે તપાસ કરવી જોઇશે. "

" એ હું મારે માથે લઉં છું'" ડિટેક્ટિવે જણાવ્યું.

સાહેબે જગપ્રતાપના હાથ ઉપરનું સ્વસ્તિકનું ચિહ્ન તપાસ્યું. તેનો અને સદ્દગત મહારાજાનો ફોટોગ્રાફ સરખાવ્યા. એનું હૃદય એમ કહેવા લાગ્યું કે, અવશ્ય આ ખરો રાજકુમાર હોવો જોઇએ. પણ એને એક શંકા રહી. ડિટેક્ટિવને આ યુવક જ રાજકુમાર છે, એવો શક શી રીતે ઉત્પન્ન થયો? અને પહેલે જ સપાટે તેનો શક, લગીરે અડચણ વિના, શી રીતે પુરવાર થયો? આ શંકા દીનેન્દ્રરાય સમક્ષ સાહેબે જાહેર કરી એટલે તેણે હસીને કહ્યુંઃ "નાની નાની બાબતોનું પણ સૂક્ષ્માવલોકન કરવા હું ચૂકતો નથી અને કોઇ પણ પ્રસંગે કાંઈ નવું હું જોઉં છું ત્યારે તે લક્ષ તળેથી કાઢી નાંખતો નથી. જગપ્રતાપનો મેળાપ સૌથી પહેલાં મને ભીલપ્રદેશ અને કુન્દનપૂર વચ્ચેના રસ્તામાં મોટરમાં થયો હતો. ત્યારથી જ તેના મ્હોંનું સદ્દગત્ મહારાજા સાથેનું સરખાપણું મારા ધ્યાનમાં રહ્યું હતું. એ પછી રાજમહેમાન મંદિરમાં મારા ઉપર હુમલો થયો ત્યારે જગપ્રતાપ મને બચાવવા માટે તમંચા સાથે અને અને પોતાનાં માણસો સાથે આવી પહોંચ્યો ત્યારે તેનું પોતાનું ધ્યાન નહીં હોય પણ મારૂં ધ્યાન તેણે બદમાશો સામે ધરી રાખેલા તમંચાવાળા તેના હાથ તરફ ગયું હતું. એ વખતે રાત્રે સુવાના વેષમાં તે મારી મદદે ધસી આવ્યો હતો. ફક્ત એક સુંથણું, એક અર્ધી બાંયનું ગંજીફરાક અને એક ઝભ્ભો તેણે પહેર્યા હતાં. તેના ઝભ્ભાની બાંયો

કાણી સુધી સીવેલી હતી અને બાકીનો ભાગ લટકતો હતો કે જેવો બટન વિનાનાં ખમીસની બાંયને લટકતો ભાગ હોય છે. તેણે તમંચો ધરી રાખ્યો હતો ત્યારે તેના ઝભ્ભાનો મજકુર લટકતો ભાગ નીચે લબડતો હતો અને તેનો હાથ કોણી નીચેના ભાગથી ખુલ્લો રહી ગયો હતો. એ વેળા તેમાંના 'સ્વસ્તિક'ના ચિન્હે મારૂં ધ્યાન ખેંચ્યું હતું. બદમાશો પકડાયા પછી જગપ્રતાપ મારી સાથે લગભગ પોણો કલાક કે એક કલાક વાતો કરતો બેઠો હતો. તે દરમ્યાન મને તેના મ્હોંની રેખાઓ તપાસવાનો અવકાશ મળ્યો હતો. હું ચિત્રકામ બહુ સારી રીતે જાણું છું. એક માણુસનું મ્હો બરાબર લક્ષમાં રાખીને તેની ગેરહાજરીમાં હું તેના મ્હોની આકૃતિ કાઢી આપી શકું છું. મુંબાઈના પોલિસ કમિશનર આગળ જાલિમસિંહનું મો મેં બરાબર એના જેવું જ એ રીતે કાઢી આપ્યું હતું. મારી પ્રકૃતિ મુજબ મેં જગપ્રતાપના મુખની રેખાઓનો પણ અભ્યાસ કરી લીધો. એ પછી જ્યારે હંસમાંના કાગળની વિગત રા. બા.ને ત્યાં મેં જાણી ત્યારે મારો શક તદ્દન ખરો છે, એમ મેં મારા મનથી નક્કી કરી લીધું. રાવબહાદુર આગળ કે બીજા કોઇની આગળ મારી શંકા મેં જાહેર કરી નહીં. પણ 'કુન્દનપૂર ગયા પછી રાજકુમારની તપાસ કરીશું' એમ કહ્યા કર્યું.

ચન્દ્રવદનને હું મારી સાથે લાવ્યો તેનું કારણ એટલું જ કે તે છોકરો ચાલાક છે અને વિશ્વાસુ છે; એટલે હું બીજા કામમાં રોકાયો હોઉં તો આ કામમાં તે મને ઠીક ઉપયોગી થઇ પડે. અહીં આવ્યા પછી મેં તેને એ કામમાં યોજ્યો અને આખરે મારી ધારણા ખરી પડી"

જગપ્રતાપ આ સાંભળીને આશ્ચર્યચકિત થઈ ગયો. તે બોલ્યોઃ "ત્યારે આપે મારા બેફામપણાનો લાભ લીધો?"

"પણ તે તમને હિતકારક નીવડયો કે નહીં?"

"એ નક્કી કરવાનું કામ સાહેબનું છે."

"મેં ૯૮ ટકા નિશ્ચય કર્યો છે." પોલિટિકલ એજન્ટે કહ્યું: "જે હકીકતો મળી છે તે ઉપરથી જગપ્રતાપ ગાદીવારસ હોઇ શકે એમ હું માની લઉં છું. ફક્ત બે બાબતો ઉપર હજી મારે તપાસ કરવાની રહે છે. મિ. વિલ્કિન્સન આ બાબતમાં પૂરેપૂરા માહિતગાર જણાય છે. તેઓનો જવાબ આપણને મળે ત્યાં સુધી હું થોભી જઈશ. સિવાય, કૌંતલપૂરની મહારાણી પાસેથી હું એ જાણવા ઇચ્છું છું કે, બે વર્ષ સુધી તેની સમિપ આ યુવક રહ્યો તે દરમ્યાન તેને કાંઇ શક ઉપજ્યો હતો કે કેમ અને તેણે અત્યાર સુધી આ બાબતમાં જે કાંઇ રસ ધરાવ્યો અને અપૂર્વ હિમ્મતથી ગુમ થવું પસંદ કર્યું તે આ યુવકને ખાતર કે કોઈ બીજાની ખાતર?"

"એટલે આપણે હાલ તુર્ત થોભી જવું જોઇશે?" ડિટેકિટવે પૂછ્યું.

"મિ. વિલ્કિન્સનનો મને જવાબ મળે ત્યાં સુધી ચોક્કસ આપણે થોભી જઇશું. દરમ્યાન, મેં કહ્યું તેમ, જગપ્રતાપને ગાદીવારસ તરીકે માની લેવામાં મને ખાસ કાંઇ આનાકાની નથી."

જગપ્રતાપે સાહેબને નમન કર્યું.

એ બાદ ડિટેકિટવે બાયાતોના એકરાર મેળવવા જવા ઈચ્છા દર્શાવી.

જગપ્રતાપ એક આખો દિવસ રોકાવાની પરવાનગી લઇને કૌંતલપૂરથી આવ્યો હતો. વીરબાળાની તબિયતની ભયંકરતા હવે દૂર થઇ હતી અને તે સુધારા ઉપર હતી, એવું તેના કહેવાથી માલુમ પડયું. તે, ડિટેકિટવ અને ચન્દ્રવદન શહેરમાં આવ્યા અને બારોબાર તુરંગમાં પહોંચ્યા; જ્યાં રાવબહાદુર અને સેનાપતિ બન્ને જણને ગુન્હેગારોની હકીકતો મેળવવા યત્નો કરતા તેઓએ જોયા.

તેઓને માલુમ પડયું કે–હરસમ સિવાય બીજાઓ પોતાના મ્હોંમાંથી એક પણ શબ્દ બહાર કાઢતા નહતા; જેથી રાવબહાદુર હરસમની હકીકત લખી લેતો હતો અને સેનાપતિ બીજા ગુન્હેગારોને ફાંસલાવતો હતો. ડિટેકિટવે તેઓને ચકિત કરનારી એક વાત જાહેર કરી દીધીઃ "તમે લોકો જે જાલિમસિંહ માટે મહેનત કરો છો, તેની શી હાલત થઇ છે, તે તમને ખબર છે? તે રેલ્વે અકસ્માતમાં કચડાઇ મુઓ છે અને એને લગતી ખબર છાપાંઓમાં પ્રકટ પણ થઇ ચૂકી છે! તમે એમ ધારતા હશો કે તમારા મોંમાંથી એક પણ હરફ તમે બહાર નહીં કાઢો તો હું કશું જાણી શકીશ નહીં. પરંતુ તમો જાણતા નથી કે, તમારી પ્રપંચી મસલતો જે વખતે થઈ તે વખતે તે જાતે સાંભળનાર હું હરસમના ઘરના માળીઆમાં બેઠો હતો! તમને ક્યાં ખ્યાલ છે કે–ખુદ જાલિમસિંહની પત્ની જ તમારી ખટપટો જાહેર કરી દેવા ન્યાયાસન સમક્ષ હાજર થનાર છે? ચૂપ રહેવું હોય તો ભલે ચૂપ રહો; નવીન મહારાણા યશપ્રતાપસિંહજીના ન્યાયાસનને તમો સંબંધમાં સાચા પુરાવાઓ મળશે અને તમો સૌ ફાંસીને લાકડે લટકશો, એ ચોક્કસ છે."

ડિટેકિટવે રેલ્વે અકસ્માતને લગતું છાપું મંગાવી શાર્દુલરાયના હાથમાં મૂક્યું. સરદાર ગયો! સરદારની સ્ત્રી જ ખુદ સામે પડી! હરસમ કુટયો! તેની સ્ત્રી પણ કુટી! પ્રપંચીઓને પોતાની પરિસ્થિતિ સમજાઇ. તેઓએ સર્વેએ કાવતરામાં પોતપોતાના હિસ્સાને લગતા એકરાર કરવા કબૂલ કર્યું.

જ્યારે સંપૂર્ણ હકીકત લખાઇ રહી ત્યારે તેમાંથી શાર્દુલરાય વિષે ડિટેકિટવને જે હકીકત જાણવાની હતી તે નહતી; આથી ડિટેકિટવે તેને એ વિષે પૂછપરછ કરી. બારીક પૂછપરછને પરિણામે તે શાર્દુલરાય પાસેથી નીચેની બાબતમાં ખુલાસો મેળવી શકયો. શાર્દુલરાયે, જાલિમસિંહના કહેવાથી જે બનાવટી પત્ર લખ્યો હતો, તે માટે

ડિટેક્ટિવ ધારતો હતો તેમ, ખાનગી ખાતાની ઓફિસમાં કાવતરૂં થયું નહતું. શાર્દુલરાય મહારાજાનો ખાનગી મંત્રી હતો એટલે તે ઘણીકવાર ઓફિસના કાગળો પોતાને ઘેર લઇ જતો અને પાછા લાવતો. ઓફિસનું એક વધારાનું ટાઇપરાઇટર પણ તેણે પોતાને ઘેર રાખી મૂક્યું હતું; જેના ઉપર ઘણીવાર તે કામકાજ ઘેરથી પણ કરી લેતો. કાગળો લાવવા લઇ જવામાં કેટલાક તેને ઘેર પડી રહેતા અને ઓફિસની ફાઈલમાં નાંખવામાં આવતા નહતા. જ્યારે જાલિમસિંહે તેને પોલિટિકલ એજંટને ડિટેક્ટિવને નામે અરજી કરવા જણાવ્યું (કે જે હકીકત પરિચ્છેદ ૧૩ માં આવી ગઇ છે) ત્યારે તેને ત્યાં પડી રહેલા કેટલાક પત્રોમાં ડિટેક્ટિવ હીનેન્દ્રરાયનો એક પત્ર હોવાનું શાર્દુલરાયને યાદ આવ્યું હતું. એ પત્ર ડિટેક્ટિવ અગાઉ ઝવેરાતની ચોરી સંબંધમાં કુન્દનપૂર આવ્યો હતો ત્યારનો લખાયલો હતો. એ પત્રમાંની ડિટેક્ટિવની સહીને આધારે તેણે તેની બનાવટી સહી કરી હતી અને પત્ર લખવામાં તેણે ઓફિસના તે ટાઇપરાઇટરની મદદ લીધી હતી કે જે તે પોતાને ઘેર વાપરવા માટે કામમાં લેતો હતો. આ પત્ર સંબંધમાં તેણે સેનાપતિને એમ કહ્યું હતું કે—કાગળ તૈયાર રાખીને હું બારીએ ઉભો હતો ત્યાં ગોળ વિસામામાંથી બે વ્યક્તિઓ નીકળી અને તેમની પાછળ હું પડયો વગેરે. પણ એ હકીકત જુઠી હતી. પત્ર સંબંધમાં તેણે પોતે કાંઇક વધુ પગલું પણ ભરી દીધું હતું. એ પગલું ભરવા જાલિમસિંહે તેને ફરમાવ્યું નહતું પણ જાલિમસિંહને ખુશ કરવા તેણે પોતાની બુદ્ધિથી તે પગલું ભર્યું હતું; જેથી સેનાપતિ આગળ તેણે એ પગલાનો ઉલ્લેખ કર્યો નહોતો—જાલિમસિંહને રૂબરૂમાં જ તે એ વિષે કહેવા માગતો હતો. એ પગલું શું? જે વેળા જાલિમ અને સેનાપતિ, ડિટેક્ટિવ પર રાજમહેમાન મંદિરમાં હુમલો કરવામાં રોકાયા હતા તે વેળા શાર્દુલરાય, ડિટેક્ટિવ હીનેન્દ્રરાયનો વેષ ધારણ કરીને સાઇકલ ઉપર મુસાફરી કરીને પોલિટિકલ એજંટને બંગલે પહોંચ્યો હતો અને ત્યાં જઇને તેણે તેના સેક્રેટરીને જગાડીને પત્ર તેને આપ્યો હતો. પોલિટિકલ એજંટના સેક્રેટરીને તેણે મળસ્કામાં ૫ વાગ્યાને શુમારે પત્ર આપ્યો હતો. તેજ દિવસે ૭ વાગે—બે કલાક પછી—પોલિટિકલ એજંટ મુંબાઇથી આવ્યો હતો; એટલે તેની ગેરહાજરીમાં તેના સેક્રેટરીને પત્ર આપ્યા બાદ પોતાને ઘેર આવીને ડિટેક્ટિવનો વેષ કાઢી નાંખીને શાર્દુલરાય બારીએ ઉભો હતો. પાંચેક મિનિટ તે ઉભો હશે એટલામાં ગોળ વિસામા આગળથી બે સ્ત્રી આકાર નીકળ્યા અને તેમાંના એક સહિત તે તરતજ ચીખલ ગામ તરફ વદાય થઈ ગયો. જાલિમસિંહનો અને તેનો આ રીતે મેળાપ ન થયો તે ઠેઠ અદ્યાપિ પર્યંત થયો નહનો. પોલિટિકલ એજંટે શાર્દુલરાય ગુમ થયા પછી આ બાબતમાં જે તપાસ દિવાન મારફત કરાવી હતી તેમાંથી આ વિષે કશો નવો મુદ્દો કોઈ શોધી શક્યું નહતું. શાર્દુલરાયને ઘેર જપ્તી કરવામાં આવતાં ઓફિસના કાગળો, ટાઇપરાઇટર વગેરે મળી આવ્યાં હતાં તે જપ્ત કરવામાં આવ્યાં હતાં. શાર્દુલરાયને આ જપ્તીની ખબર પડતાં તે છુપાયલો રહ્યો હતો. અને ભાયાતો સાથે કાવતરામાં સામેલ થયો હતો. કુન્દનપુરના સત્તાવાળાઓ તેને શોધવાની મહેનત કરતા હતા પણ તે અત્યાર સુધી પકડાયો નહતો. હવે તે પકડાયો અને ડિટેક્ટિવે તેની પાસેથી એકરાર મેળવ્યો; એટલે મજકુર આખાયે કાવતરાની સાંકળના તુટેલા અંકોડાનો મેળ મળી રહ્યો.

હરભમના એકરારમાંથી ડિટેક્ટિવને તે આટલા વખત સુધી ક્યાં હતો, એ જાણવાનું મળ્યું. વીરમાળાએ મોકલેલા નોકર સાથે (પરિચ્છેદ ૭) તેને ઝપાઝપી થઈ અને તેમાં તેણે તે નોકરને લોહીલુહાણ કર્યો ત્યાર પછી રસ્તે જતા એક મવાલીએ હંસ લઇ લીધો હોવાથી અને તે મવાલી પસાર થઇ ગયો હોવાથી હરભમને હંસ જડયો નહીં. આથી નિરાશ થઈ તે પોતાને ઘેર આવતો હતો ત્યાં નજીકનાજ તેના પાડોશી પ્રથુસા ભાયાતે તેને જોયો. હરભમ પોતે પણ એ વખતે થોડોક ઘવાયલો હતો એટલે પોતાના ઘરમાં તે ગયો ત્યારે તેની પાછળ પ્રથુસા પણ ગયો. પ્રથુસા રાજ્યનો ભાયાત હતો અને જાલિમસિંહનો તરફદાર હતો. જાલિમસિંહને આણુ વર્તાવવાની સલાહ આપનાર એજ હતો. હરભમને તેણે તેની આ હાલત વિષે પૂછપરછ કરી. રાજમહેલમાં આગ લાગી તે વખતે જીવસટોસટ તેણે તેમાંથી હંસ મેળવ્યાની તેમજ તે પછી તે હંસ માટે થયેલી ઝપાઝપીની વાત કહીને હરભમે બળાપો કર્યો કે—"આટઆટલી મહેનત છતાં આખરે મને જશ ન મળ્યો!" પ્રથુસાએ તે પરથી તેને કહ્યું: "મરેલાંનો પક્ષ લેવાથી કદી જશ ન મળે! જશ તો જીવતાં અપાવે" હરભમે, જીવતાં લુચ્ચાં હોવાં વિષે કહ્યું અને રૂા. ૧૦૦ની બનાવટી નોટો જાલિમસિંહે પોતાને આપી હતી એમ કહ્યું ત્યારે પ્રથુસાએ કહ્યું: "તને એટલા રોકડા રૂપીઆ જાલિમસિંહજી તરફથી ગણી આપું, પછી છે કાંઇ? જાણી જોઈને ખોટી નોટો એ આપે નહીં. કાંઇક ભૂલ થઇ હશે." પ્રથુસાએ તત્કાળ પોતાના ઘરમાંથી રોકડા રૂપીઆ લાવીને હરભમને ગણી આપ્યા અને એ બાદ તેણે તેને અનેક લાલચો આપીને જાલિમસિંહનો પક્ષ કરવા જણાવ્યું. આંખની શરમ આખરે નડી. મર્હુમ મહારાણા જીવતા હતા ત્યાં સુધી કદી તેમને બેવફા નહીં થયેલો હરભમ પોતાના પાડોશી પ્રથુસાની આંખની શરમથી પલટાઇ ગયો અને એ બાદ ભાયાતોનાં કાવતરાંમાં સામેલ થયો. ડિટેક્ટિવે જ્યારે રૂા. ૧૦૦૦ નું ઇનામ કાઢયું ત્યારે હરભમ તેની પાસે હંસ સંબંધમાં જવા માગતો હતો પણ પ્રથુસાએ તેને રોકી રાખ્યો હતો અને એ પછી તે આ લોકો સહિત ભળેલો રહી, ઉગતા સૂર્યની—જાલિમસિંહની—તરફેણમાં કામ કરતો હતો.

વીરબાળાની માંદગીના સંદેશાનો અટકાવ કરવાના સંબંધમાં ડિટેક્ટિવને આ મુજબ એકરાર મળ્યો: બલિમસિંહજીનાં કાર્યોમાં તે અંતરાય રૂપ બની હતી તેમજ શાર્દુલરાયને તેણે દાસી મારફત છેતર્યો હતો. આમ તે ખટપટી તરીકે જણાયાથી તેની માંદગી દરમ્યાન બલિમસિંહ વિરૂદ્ધની ખટપટ માલુમ પડે તો તે જાણી લેવાના ઇરાદાથી તેમજ આવી ખબર સાહેબને મળે નહીં તો સાહેબ કોતલપૂર રાજ્યપર ગુસ્સે થતાં તે બન્ને વચ્ચે ખટરાગ જાગે, જેને પરિણામે અંધાઘુંધીથી કાંઇક લાભ ઉઠાવવાના ઈરાદાથી પ્રપંચીઓએ જે સ્વાર સૌથી પહેલો સંદેશો પોલિટિકલ એજંટ ઉપર લઈ જતો હતો તેને ઝાડીઓ આગળ પકડ્યો હતો. સુભાગ્યે તે સ્વાર બાયાતોમાંના એકનો ખાસ પરિચિત અને મિત્ર માલુમ પડ્યો હતો; જેને પરિણામે પોલિટિકલ એજંટ પાસે એકે સંદેશો નહીં પહોંચવા દઇને અધવચથીજ તેના જવાબો અપાયા હતા. એમાંથી અવ્યાપિપર્યંત બલિમસિંહના લાભનું કાંઈ તત્ત્વ બાયાતોને મળી આવ્યું ન હોતું અને હવે જ્યારે પોલિટિકલ એજંટને જાણ થઇ ગઇ ત્યારે તો કાવત્રાખોરો પોતેજ ખુલ્લા પડી ગયાથી એ કાવત્રું તદ્દન નિષ્ફળ નીવડયું હતું.

ડિટેક્ટિવ જે વિગતોથી વાકેફ હતો, તે ઉપરાંત આ એકરારો મારફત વધુ વિગતો જાણ્યા પછી બોલી ઉઠ્યો: "હવે આ રાજ્યના નવીન રાજાને સિંહાસને ચઢવાનો માર્ગ તદ્દન નિષ્કંટક થઈ ગયો છે."

પરિચ્છેદ ૩૬.

છેવટ.

ધરપકડને પાંચેક દિન વીત્યા પછી શાર્દુલરાય અને બાયાતો ઉપર રીતસર મુકદ્દમો ચલાવવામાં આવ્યો અને તેમાં તેઓને રાજદ્વારી પ્રપંચ કરવાના ગુન્હાસર પાંચ પાંચ વર્ષની સખ્ત કેદની સજા કરવામા આવી. બાયાતોના ગરાસ રાજ્ય તરફથી જપ્ત કરવામાં આવ્યા. ફરસમ રાજ્ય તરફનો સાક્ષી બન્યાથી તેને એક વર્ષની સારી ચાલચલગતની જામિનગિરી સાથે અને દરરોજ પોલિસ અધિકારી રૂબરૂ હાજરી આપી જવાની શરતે છૂટો મૂકવામાં આવ્યો.

આઠ દિન વહી ગયા પછી મુંબાઇના 'પાસપોર્ટ' ખાતા તરફથી છેલ્લા પાંચ વર્ષ દરમ્યાન ઈંગ્લાંડ ગયેલા અને હિંદ આવેલા રાજાઓની સવિસ્તર યાદી આવી પહોંચી. કૈલાસગઢના મહારાજા સંબંધી જગપ્રતાપે જે વિગત કહી હતી તે આ યાદી જોતાં ખરી ઠરી. બે ત્રણ વખત તેનું અને તેના કુટુંબનું આવવું-જવું એમાંથી પુરવાર થયું.

મુંબાઇની હાઇકોર્ટ તરફથી કુન્દનપૂર-નરેશના લગ્નનો રાજીસ્ટર્ડ થયેલો કરારપત્ર પણ આવી પહોંચ્યો, જેમાં લગ્નને લગતી જે વિગત રૂપેરી રાજહંસમાંના કાગળમાં જણાવી હતી તે લખેલી જણાઇ.

મિ. વિલ્કિન્સન તરફથી પોલિટિકલ એજંટના પત્રના જવાબમાં તારનો સંદેશો આવ્યો કે, 'હું તમામ હકીકત જાણું છું. કોતલપૂરના એ. ડી, સી, જગપ્રતાપને પૂછપરછ કરશો. દરમ્યાન વળતી મેઇલ સ્ટીમરમાં હું હિંદમાં આવી પહોંચું છું."

બે એક દિવસ વધુ વીત્યા તેવામાં નંદનાથ કે જેને રેલ્વે અકસ્માત સંબંધમાં તપાસ માટે મોકલ્યો હતો, તે આવી પહોંચ્યો. તેનું મુખ ઝંખવાયેલું હતું. અને તે એકલોજ આવ્યો હતો. "કેમ આમ?" તેને ડિટેક્ટિવે પૂછ્યું.

જવાબમાં તેણે મુંબાઇના પોલિસ કમિશનર તરફનો પત્ર ડિટેક્ટિવના હાથમાં મૂક્યો. તેનો મજકુર નીચે મુજબ હતો:

"વ્હાલા મિત્ર, મને જણાવતાં ઘણો ખેદ થાય છે કે, ઘણી મહેનત લઇને તપાસ કરવા છતાં રેલ્વે અકસ્માતમાંથી જે રાજવંશીની લાશની જરૂર હતી, તે મળી આવી નથી. ઇન્સ્પેક્ટર વિનોદરાય ઝાલા અને તેની સાથેના પોલિસ સિપાઇઓની લાશો મળી આવી છે.

ટ્રેનનો કાટમાળ રજેરજ ફેંદીને રેલ્વે પાટા સાફ કરવામાં આવ્યા છે. ઉતારૂઓમાંથી શરૂઆતમાં ચાર જણ ઘવાયલી હાલતમાં મળ્યાં હતાં. તે બાદ ધીમે ધીમે શોધ કરતાં વધુ ૧૫ જણ ખૂબ ઘવાયલી હાલતમાં મળ્યાં હતાં તેઓને નજદીકના સ્ટેશને લઇ જવાયાં હતાં અને તેમાંથી કુલ્લ છ સિવાય બાકીનાં ગુજરી ગયા છે. એમાંથી કોઇમાં રાજવંશી કેદી નહતો. સિવાય ટ્રેનના જે તમામ નિર્દોષ ઉતારૂઓ અકસ્માત વેળાજ એકદમ છૂંદાઇને મરી ગયા હતા તેઓની લાશો અમોએ એકઠી કરી હતી. જેમનાં સગાં વહાલાંઓ મજકુર સ્થળે આવ્યાં હતાં તેઓને તે લાશો પૂરી ઓળખાણ બાદ સોંપી દેવાઈ હતી અને બાકીની લાશોમાં અમે ઘણીજ બારિકાઇથી, તમારા તરફથી મોકલવામાં આવેલા મિ. નંદનાથ સાથે ત્રણ-ચાર વખત તપાસ કરી હતી છતાં પણ એ કેદીની લાશ મળી નથી.

મિ. નંદનાથ માને છે કે, કદાચ તે ઘવાયલી હાલતમાં પણ છટકી ગયો હોય. એ અનુમાન પર હાલ

તુર્ત મેં વિચાર ચલાવ્યો નથી. મે તો હાલ તુર્ત આ અકસ્માતમાં તેનું મોત થયાની નોંધ કરી છે. જો તમોને મિ. નંદનાથના અનુમાન પર વજન આપવું દુરસ્ત લાગતું હોય તો તમો તેની તપાસ માથે લઇ શકશો. અમો રાત દિવસ ખડે પગે આ અકસ્માત વાળી જગ્યાએ ભૂખ તરસ ઉજાગરા અને સો કષ્ટ સહન કરતા હાજર રહ્યા છીએ. આવા અકસ્માતો ભવિષ્યમાં ન બને એમજ અમો ઇશ્વર પાસે માગીએ છીએ.

એ રાજવંશી કેદી જેણે બ્રિટિશ હદમાં ખૂબ ગુન્હા કર્યા હતા, તેને ન્યાયાસન આગળ રજુ કરવાની મને ઘણી ઉમેદ હતી. તમોએ તેમાં તમારાથી બનતી ઘણી મદદ મને કરી છે. એમાં જે કાંઇ સારૂં પરિણામ નીપજ્યું તેનો યશ તમને ઘટે છે અને જે કાંઇ બૂરૂં થયું તે માટે કુદરત આગળ આપણી લાચારી સિવાય બીજું કાંઇ કહેવાનું રહેતું નથી. તમો મુંબાઇ આવો ત્યારે મળશો."

આ પત્ર વાંચીને ડિટેક્ટિવ દિગ્મૂઢ બની ગયો. નંદનાથે કહ્યું: "સેંકડો લાશોની ઓળખાણ તેઓનાં સગાંવહાંલાઓએ આપી, સેંકડોની ઓળખાણ તેઓનાં શરીરપરનાં કાગળીઆંમાંથી મળી. પણ આપણો રાજવંશી ન મળ્યો એ શું અજાયબી નથી?"

ડિટેક્ટિવે ગંભીર મુખમુદ્રાથી કહ્યું: "એ આદમી એવો નટખટ હતો કે જેને માટે હું એમ સાંભળું કે, તે હવામાં ધૂમાડો થઇને આકાશમાં ઉડયો અને ત્યાંથી પાછો મનુષ્ય–આકાર લઇને પૃથ્વીપર આવ્યો, તો મને જરાકે અજાયબી લાગે નહીં! સંભવિત છે કે, તે નાઠો હોય. જો ખરેજ તેમ બન્યું હોય તો હજી જગત્માં એક એવો ગુન્હેગાર વિદ્યમાન છે કે જે જીવતો રહે તો અનહદ્ ત્રાસ વર્ત્તવા સંભવ છે. તેના ભૂતકાળના ગુન્હાઓ માટે તો બેશક તેને ફરીથી સપડાવી શકાય તેમ છે. કારણ કે–" પોતાના ખિસ્સામાંથી તેણે જાલિમનો એકરારપત્ર કાઢીને કહ્યું: "આ રહ્યો તેના ગુન્હાઓનો ખુદ તેનીજ સહીનો એકરાર–પત્ર–"

"આપ તે જાહેરમાં મૂકી દો."

"મને આ રાજ્યના હિતમાં તે ઠીક લાગતું નથી. પોલિટિકલ એજંટને પણ મે તે વંચાવ્યો નથી. કારણ જો હું એ જાહેર કરૂં તો એમાંથી કુન્દનપૂરના રાજવીના મૃત્યુ સંબંધી એક કલંક–કથા બહાર આવે. એથી રાજ્યમહેલમાં વસતાં સૌ કુટુંબીઓમાં વેરઝેર પ્રસરી રહે અને ખુદ જાલિમસિંહના કુટુંબપર ન ભુંસાય એવું મ્હેણું ચઢીને તેના તરફ તિરસ્કારની નજરથી જોવામાં આવે. હવે જ્યારે સર્વત્ર મંગલ પ્રવર્ત્તવાનાં ચિન્હો જણાય છે; અને ચોપાસ શાન્તિ જેવું દેખાય છે ત્યારે આ એકરાર–પત્ર હું મારા ખાનગી કાગળોમાંજ રાખીશ."

"અને જાલિમસિંહ સંબંધી—"

"સત્તાવાર નોંધ હાલ તુર્ત આપણે માન્ય રાખવી પડશે કે, અકસ્માતમાં તેનું મોત થયું છે. હવે ભવિષ્યમાં શું બનશે કે શું નહીં, એ કહેવા કોણ સમર્થ છે?"

"આપ એ સંબંધી તપાસ નહીં ચલાવો?"

"મિત્ર, અમો ડિટેક્ટિવોને કેવી જંજાળોમાં ક્યારે પડવું પડે છે, એનો ખ્યાલ તમને ક્યાંથી હોય? અમે કોઇ તપાસ આપમેળે માથે લેવાની ફુરસદજ મેળવી શકતા નથી. ભવિષ્યની વાત ભવિષ્યનેજ સોંપવી ઠીક છે." ડિટેક્ટિવે એમ કહીને જાલિમનો એકરારપત્ર પોતાના ખિસ્સામાં મૂકયો. બહારથી એ ખિસ્સાપર ધીમેથી બે ત્રણ થાપટો મારીને તેને ઉદ્દેશીને તે સ્વગત બોલ્યો: "ગુપ્ત રહેલા પત્ર! હાલ તુર્ત તું ગુપ્તજ રહેજે. તારો મૂળ જનક જ્યારે પણ બહાર આવે, ત્યારે તેનાં ચરિત્રનાં ગાન તું મુક્તકંઠે ગાજે!"

* * * *

એક માસ વીત્યા પછી કુન્દનપૂર રાજ્યમાં આનંદનું એક અઠવાડીઉં આવી લાગ્યું. એ અઠવાડીઆમાં આનંદનાં ત્રણ કારણો હતાં. કુન્દનપુર રાજ્યના નવીન મહારાણાનું લગ્ન; તેમનો રાજ્યાભિષેક, અને ભીલ–પ્રદેશમાં જ્યાં કુન્દનપુરના સદ્ગત મહારાણાનો અગ્નિ–સંસ્કાર થયો હતો, ત્યાં એ પ્રતાપી નૃપતિના સંસ્મરણ રૂપે કૌંતલપુર–નરેશે બંધાવવા ધારેલા 'વિશ્રામ મંદિર' નો પાયો નાંખવાની શુભ ક્રિયા.

નવીન રાજા કોણ છે? તે એજ કૌંતલપુરનો એ. ડી. સી. જગપ્રતાપ જેનું ખરૂં નામ યશપ્રતાપસિંહજી છે. એ નવીન મહારાણાના આ ગાદી ઉપરના હક્કની સાબિતી ઓમાં મિ. વિલ્કિન્સનના ઇંગ્લાંડથી આવવાને પરિણામે સબળ ટેકો મળ્યો છે. પોલિટિકલ એજંટે તેની મદદથી સરકારમાં લખાણ કરવાથી સરકારે યશપ્રતાપસિંહજીના હક્ક માટે સંપૂર્ણ સંતોષ બતાવીને રાજ્યાભિષેકની પરવાનગી આપી છે.

અને એનું લગ્ન કોની સાથે? વાચકવૃન્દને એ હવે સાગ્યેજ કહેવું પડશે. કૈલાસગઢની રાજકુંવરી સુવર્ણલતા સાથે તેનું લગ્ન થનાર છે કે જેની સહિત તેને પ્રેમ હતો. મિ. વિલ્કિસન દીર્ઘદૃષ્ટિ વાપરીને પોતાની સહિત તેને ઈંગ્લાંડથી લાવ્યો છે અને એ ઉભયે પ્રેમીઓ એકવાર ફરીથી મળીને પોતાનાં લગ્નની ઉમેદ પૂરી પાડનાર છે.

રાજ્યમાં આ મંગળમય પ્રસંગો નિમિત્ત દેશ દેશાવરથી ખુબ મહેમાનો આવવા માંડયા છે. જ્યાં જુઓ ત્યાં ખુશ ખુશાલી વ્યાપી રહી છે અને નવીન રાજદંપતી માટે સંતોષ અને પ્રેમનું વાતાવરણ વ્યાપી ગયું છે.

શુભ મૂહૂર્ત્તમાં ભીલ–પ્રદેશમાં મોટા ઠાઠમાઠથી 'વિશ્રામ-મંદિર' નો પાયો નખાયો અને એ પ્રસંગે સદ્ગત મહારાણાની બહેન વીરબાળા જેઓ પોતાની પ્રાણઘાતક માંદગીમાંથી સાજાં થયાં હતાં તેમણે ખાસ હાજર રહી એક ભાષણ કર્યું. એ ભાષણમાં પોતાના ભત્રીજા સંબંધમાં એ ફોઇએ ઉલ્લેખ કરતાં કહ્યું હતું કે: મારા રાજ્યમાં એ. ડી. સી. તરીકે તે નોકર રહ્યો ત્યારે મને તેના સંબંધમાં શંકા ઉઠી નહતી પણ 'રૂપેરી રાજહંસ' આંના કાગળની વિગત જાણ્યા પછી તેના વિષે શંકા ઉઠી

હતી. એક–બે વખત મેં તેનો જન્મ વૃત્તાંત જાણવા માગ્યો હતો; હાથ પણ જોવા માગ્યો હતો; પણ તેણે તે કહ્યો ન હતો અને 'મારાં ૨૧ વર્ષ પૂરાં થતાં કહીશ' એવું આશ્વાસન દીધું હતું. તેને ખાતર નહીં પણ મારા સદ્‌ગત ભાઇના મોતના બિછાના ઉપરની ઇચ્છા અમલમાં મૂકવાને ખાતરજ મેં આ સબંધમાં શ્રમ ઉઠાવ્યો છે: મારા સદ્દગત બંધુનો આત્મા એથી રાજી થયો હોવો જોઇએ અને તેના આશીર્વાદથી જ મારી જીવલેણ બિમારીમાંથી હું પાછી ઉઠી છું."

શ્રીમાન યશપ્રતાપસિંહજી અને શ્રીમતી સુવર્ણલતાનાં લગ્ન, નક્કી થયેલી શુભ તિથિએ મહેમાનોની ભવ્ય હાજરી વચ્ચે થયાં. એ પ્રસંગે હાજર રહેલાઓમાં મિ. વિલ્કિન્સનને બે જણની ગેરહાજરી માટે દુઃખ થયું અને એ દુઃખ તેણે પોતાની નજદીક બેઠેલા અને આ પ્રસંગે ખાસ આવેલા મુંબાઈના પોલિસ–કમિશનર આગળ જાહેર કરતાં કહ્યું: "આજનો પ્રસંગ બેશક આનંદમય છે; પણ આ પ્રસંગમાં મને પોતાને ઔર આનંદ નવીન મહારાજની મર્હુમ ધાત્રી અમૃતની હાજરીથી ખાસ ઉપજ્યો હોત કે જે બિચારીએ પોતાના મરણ સુધી અડગ વફાદારી અને અત્યંત વહાલ એના પ્રત્યે દાખવ્યું હતું. બીજા જે એકની ગેરહાજરી મને સાલે છે તે મુંબાઇમાં મર્હુમ મહારાજાનાં ગુપ્ત લગ્ન કરાવનાર શાસ્ત્રી શ્રીવદનશર્માની છે. આ દાખલામાં જેણે પિતાનાં લગ્ન કરાવ્યાં તેજ પુત્રનાં લગ્ન કરાવનાર હોત તો બહુ યોગ્ય થઇ પડત."

"એ શાસ્ત્રી કેમ આવી શકયા નથી ?"

"કારણ મોતે તેને રોકી રાખ્યો છે. હાઇકોર્ટના દસ્તાવેજમાંના તેના શરનામા ઉપરથી ડિટેક્ટિવ મિ. દીનેન્દ્રરાયના મદદનીશ મારફત તપાસ કરાવવામાં આવી હતી ત્યારે તે આજથી ત્રણેક વર્ષ ઉપર ગુજરી ગયાનું માલમ પડયું છે; અને તેથીજ મને આ પ્રસંગે એની ગેરહાજરી દુઃખદાયક લાગી છે."

"મૃત્યુ હમેશાં હરેક દાખલામાં એવાં દુઃખ ઉપજાવે છે. પણ આપણો એમાં કાંઇજ ઉપાય ચાલી શકતો નથી."

* * * *

કુન્દનપૂરનો ત્રીજો મંગળ પ્રસંગ શ્રીમાન યશપ્રતાપસિંહજીના રાજ્યાભિષેકનો હતો. એ પ્રસંગે દબદબાભર્યા દરબાર વચ્ચે પોલિટીકલ એજંટે એક ટૂંકું ભાષણ કરીને બ્રિટિશ સરકાર તરફથી નવીન રાજાને આ ગાદી આપવાનો હુકમ વાંચી સંભળાવ્યો અને રાજ્યની લગામ લેવા બાદ નેક વર્તને અને યશસ્વી જીવન ગાળવાનો સુન્દર બોધ આપ્યો.

રાજપુરોહિત તરફથી નવીન મહારાણાને રાજતિલક કરવામાં આવ્યું અને તેમણે પોલિટિકલ એજંટના ભાષણના જવાબમાં સરકારનો આભાર માની 'પ્રજાનું હિત' એજ પોતાની રાજકારકીર્દીનો મુખ્ય મંત્ર રહેશે, એવું વચન આપ્યું. ભાષણની ભવટે એનાથી ડિટેક્ટિવ સંબંધી ઉલ્લેખ કર્યા સિવાય રહેવાયો નહીં. તેણે જણાવ્યું કે:–"ડિટેક્ટિવ દીનેન્દ્રરાયનું સ્થાન મારા હૃદયમાં અનેરૂં છે. રૂપાથી રસેલા ધાતુનો એક રાજહંસ કે જે હાલ મારા રાજમહેલમાં છે, તેની મારફત આ રાજ્યપરનાં ભયંકર આફતનાં વાદળાં ટળ્યાં છે એમ આજ સૌ માને છે પણ હું તો મારા મનથી એમજ માનું છું કે–ડિટેક્ટિવ દીનેન્દ્રરાય પોતેજ રૂપેરી રાજહંસ છે; કારણ કે, તેમણે હંસના જેવુંજ–દૂધ અને પાણી છૂટાં પાડવાનું મિત્ર અને શત્રુઓ ખુલ્લા કરી દેવાનું–કામ પોતાની અપૂર્વ બુદ્ધિથી અને અથાગ મહેનતથી કર્યું છે. એક હંસે આપણા પુરાણકાળમાં નળરાય અને મહાસતી દમયંતીનાં લગ્ન કરાવ્યાં હતાં. ડિટેક્ટિવ દીનેન્દ્રરાય જેઓ આધુનિક કાળના રૂપેરી રાજહંસ છે, તેમની મહેનતથી આ રાજ્યમાં એક એવું મંગલ સપ્તાહ આવી લાગ્યું છે કે જેમાં ત્રણ ત્રણ મંગલ કાર્યો થયાં છે. ડિટેક્ટિવનો હું જેટલો આભાર માનું તેટલો ઓછો છે."

આખા દરબારે પાંચ મિનિટ સુધી તાળીઓના ગગડાટથી આ ભાષણ વધાવી લીધું અને એ દરમ્યાન સૌની નજર, મહારાણાએ કહેલા એ રૂપેરી રાજહંસ તરફજ અનન્ય પ્રેમળ લાગણીઓ સહિત ઢળી રહી.

મિ. વિલ્કિન્સને ડિટેક્ટિવને જવાબ આપવા ઉઠવા ઘણાંયે પ્રયત્નો કર્યાં પણ તેણે મક્કમપણે ના પાડયા કરી કહ્યું કે–"હું કોઇ જાહેર વકતા નથી. અમો ડિટેક્ટિવોએ તો જેમ બને તેમ વાણીપર સંયમ કેળવવો જોઇએ." નજદીક બેઠેલા રાવબહાદુર અખિલપ્રસાદને ડિટેક્ટિવે પૂછયું: "કેમ ખરૂંને રાવબહાદુર સાહેબ ?"

"શું, સાહેબ ?"

"ડિટેક્ટિવોએ પોતાની હુશીઆરી લબલબ ચલાવવી નહીં જોઇએ ને ?"

"પહેલાં મારો એમાં મતભેદ હતો. પણ આણુમાં મારા મકાનમાં ડિટેક્ટિવ તરીકે હુશીઆરી લબલબાવતાં એક ચોર બધું સાંભળી ગયો અને મને બેશુદ્ધ કરી ગયો, તે પછી મેં ડિટેક્ટિવો માટે મૌનવ્રત એ સૌથી પહેલી લાયકાત ઠરાવી છે."

"તો હવે તમે સારા ડિટેક્ટિવ થઇ શકશો, સાહેબ" ચન્દ્રવદન કે જે તેની બાજુમાં બેઠો હતો તેણે ટાપશી પૂરી ડિટેક્ટિવે નાકપર આંગળી અરકાડી.

દરબારમાં નજરાણાંનો વિધિ થઈ રહ્યા બાદ નર્તકીનાં નૃત્યગાન થયાં અને દરબાર વિખરાયો.

* * * *


એજ દિને સાયંકાલે સંપૂર્ણ માનપાન સહિત અને મહેનત બદલ યથેચ્છ બદલો મેળવીને ડિટેક્ટિવ, ચન્દ્રવદન સહિત, કુન્દનપૂર સ્ટેશનેથી મુંબાઇ જવા વદાય થયો. તેની ટ્રેનમાંજ મુંબાઇનો પોલિસ–કમિશનર હતો.

કુન્દનપૂર રાજ્યપરની આફતો દૂર કરી પોતાનું કર્તવ્ય બજાવી વદાય થતા ડિટેક્ટિવ સહિત, અમે પણ અમારા ચતુર વાચકવૃન્દથી વિખુટા પડીશું.

સમાપ્ત.

સ્વદેશી બનાવટ.   મધરલેન્ડ પેટન્ટ.   સ્વદેશી બનાવટ.

કોલ્ડ સ્ટાર્ટર ક્રુડ ઑઇલ એન્જીન.



આ એન્જીનો અમોએ ઇન્ડીઆમાં તૈયાર કરેલાં છે અને આ એન્જીનો બીજાં એન્જીનો કરતાં ઘણાં મજબુત અને ટકાઉ છે અને કીંમતમાં પણ ઘણાં કીફાયત છે અને બળતણમાં ઘણાં કરકસરવાળાં છે. આશા છે કે બીજાં એન્જીનો ખરીદ કરતા પહેલાં સ્વદેશી સાહસને ઉત્તેજન આપશો.

☞ આ એન્જીનની બનાવટ માટે અમદાવાદ ખેતીવાડી પ્રદર્શનમાંથી સોનાનો ચાંદ મળ્યો છે

મીસ્ત્રી મંગળદાસ જેઠાભાઈ આયર્ન એન્ડ બ્રાસ ફેકટરી

દરીઆપુર ચકલા, અમદાવાદ (ઇન્ડીયા.)